Registered No. B. 525.

वीर सम्वत् २४३२. ॐ विक्रम सम्वत् १९६२

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हरैल्ड.

V... No. 1. पुस्तक २, नम्बर १.

January 1906. जनवरी सन १९०६.

*Conducted by,*
GULABCHAND
DHADDA
M. A.
JAIPUR.

*Published by,*
THE JAIN (S.)
CONFERENCE
...ICE.
BOMBAY.

संपादक—गुलाबचंद ढड्ढा एम. ए.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

Annual Subscription with postage Re. 1

वार्षिक मूल्य डाकका मूल समेत सिर्फ रु. १.

## विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| બાબુ પનાલાલ જૈન હાઈસ્કુલ અને દવાખાનું. | ૧ | श्री संघको प्रार्थना. .... .... | २१ |
| શ્રીજૈનધર્મ વિદ્યાપ્રસારક વર્ગનો ત્રિવાર્ષિક રીપોર્ટ. | ૪ | નામદાર દેશી રાજાઓ અને જીવહિંસા. | ૨૩ |
| ચોથી કૉન્ફરન્સમાં ચર્ચવાના વિષયો.... ... | ૬ | બંગાળામાં સર્વથી નિર્દય ધંધો. ... | ૨૪ |
| શ્રી બનારસ યશોવિજયજી જૈન પાઠશાળા.... | ૧૦ | ગ્રંથાવલોકન ... ... ... ... | ૨૬ |
| પૂજ્ય મહાત્મા દાદાભાઈ નવરોજી.... ... | ૧૨ | વર્તમાનચર્ચા ... ... ... ... | ૨૬ |
| पाटणमें चोथी कान्फरन्स. .... .... | १४ | નવીન સમાચારસંગ્રહ. ... ... | ૨૯ |


# આ પત્ર અને તેના ગ્રાહકો.

ગ્રાહક બંધુઓ, એટલું તો સર્વ સુજ્ઞ જનોને વિદિત હશે કે માસિકનો મુખ્ય આધાર લવાજમ પરજ છે. નવા વર્ષનો આ પ્રથમ અંક છે, તેથી વર્ષ પૂરૂં થતું હોવાથી સર્વ ગ્રાહકોને લવાજમ મોકલી આપવા નમ્ર વિનંતિ છે. આ કામ શુભ ખાતાનું છે અને કૉન્ફરંસ ફંડની આ માસિક પાસે મોટી રકમ લેહેણી ખેંચાય છે અને તેથી જો કોઈ ગ્રાહકો લવાજમ મોકલવામાં ઢીલ કરશે તો તેઓ શુભ ખાતાના દેવાદાર રહેશે. વળી કેટલાક ગૃહસ્થો થોડા અંક રાખી બીજા અંક નહિ મોકલવા લખે છે તો તેવા ગૃહસ્થોને નમ્ર વિનંતિ છે કે કૉન્ફરંસ ફંડના દેવાદાર રહેવાને બદલે જેટલા અંક રાખ્યા હોય તે દરેકના ૨ આના લેખે મોકલી દેવા કૃપા કરવી. ગયા વર્ષમાં માસિક બહાર પાડવામાં થોડી ઘણી ઢીલ થઈ છે, પણ હવે પછી તે બરાબર નિયમસર કાઢવા ગોઠવણ કરી છે. ગ્રાહકો પોતાનું લવાજમ જેમ બને તેમ જલદી વગર ઢીલે મોકલી દેશે, એમ આશા રાખીએ છીએ.

# यह पत्र और उसके ग्राहक.

प्रियवर ग्राहक भाईओ, सब सज्जन महाशयोंको मालूम है कि महावार पत्रका तालुक उसके मूल्यके साथ है. दुसरा वर्षका यह प्रथम अंक होनेसे ग्राहकोसे निवेदन है कि गतसालका मूल्य शीघ्रतासे भेजवानेकी कृपा करें. यह कार्य शुभखाते के तालुकका है, और कोन्फरंस फंडकी एक बडी रकम यह पत्रपर लेहेणी पडती है. इस लिये यदी कोई ग्राहक मूल्य भेजनेमें प्रमाद करेगा तो वह शुभखाता के देनदार होंगें. बाजे ग्राहक चंद महीनोंके अंक रखनेके बाद आयंदाको नये अंक नही भेजनेकें लिये लिखते हैं इसलिये ऐसे महाशयोंको चाहिये कि फी अंक दो आनेके हिसाबसे उनका मूल्य भेजनेकी कृपा करें ताकि वे साहबान शुभखाताके करजदार नही रहेंगें. प्रथम सालमां यह पत्र प्रसिद्ध होनेमें कभी २ देर हुई है, परं भविष्यमें वो ठीक समय पर प्रसिद्ध करनेका प्रबंध किया गया है. उमेदकी जाती है कि सब ग्राहक महाशय मूल्य अति शीघ्रतासे भेजनेकी कृपा करें. ज्यादा क्या लिखें?

## ॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसार निरास लालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

**અર્થઃ**—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.

The Jain Swetamber Conference Herald.

Vol. II.] *January* 1906. [No. I.

# બાબુ પનાલાલ જૈન હાઈસ્કૂલ અને દવાખાનું.

લક્ષ્મી ચળ છે એવું સમજી તેનો સદુપયોગ કરનાર શ્રીમાન ગૃહસ્થો પ્રમાણમાં બહુ થોડા છે. મુંબઇ જેવા અતિશય ખર્ચાળ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગને જે મુશ્કેલીઓ પડે છે તેનો ખ્યાલ સોનારૂપામાં રમેલ બાળકો કેવી રીતે જાણી શકે? સાધારણ સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં આવી સાધારણ સ્થિતિને ભૂલી નહિ જતાં તે વર્ગના માણસોને બની શકતી સહાય કરવી એજ મનુષ્યત્વ છે, એજ ખરો દયાધર્મ છે, એજ શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાનું પાલન છે. પાટણના રહીશ બાબુ પનાલાલ પૂરણચંદ (જૈનો અત્યારસૂધી પનાલાલ પુનમચંદજ જાણતા હતા.) કે જેઓ આજથી આશરે સાત વર્ષપર દેહમુક્ત થયા હતા તેમણે છેલ્લે પ્રસંગે વીલ કરી રૂ. ૮૦૦૦૦૦ ની બાદશાહી સખાવત કરવાનું પોતાના પુત્રો અને ટ્રસ્ટીઓને ફરમાવ્યું હતું. પારસીઓ સખાવતમાં અને તે પણ ખરા પ્રકારની સખાવતમાં પહેલે નંબરે આવે છે. હિંદુઓની જેમ અલમસ્ત આળસુઓને રૂષ્ટપુષ્ટ બનાવવાની ખોટી સખાવત પ્રમાણમાં તેઓ થોડી કરે છે. સર જમશેદજી, સર દીનશાજી પીટીટ અને માનવંત મરહુમ શેઠ જમશેદજી તાતાની અઢળક સખાવતો કરતાં બાબુ પનાલાલની સખાવત જરા ઓછી છે તો પણ જૈનોમાં હાઇસ્કૂલ—કેળવણી—જ્ઞાનના કામમાં, અને ગરીબ સ્વધર્મીબંધુઓને ઔષધની મફત મદદ આપવાની બાબતમાં આ તેમનો દાખલો અનન્ય છે, અનુકરણીય છે, પ્રશસ્ય છે. તેમણે ધર્મના બીજા ક્ષેત્રોમાં પણ

શુભ વ્યય કર્યો છે, પણ એક સાથે આવા ઉત્તમ કામમાં આવડી મોટી રકમ ખર્ચનાર કોઇ બીજો જૈનબંધુ દૃષ્ટિગોચર થતો નથી. તેમણે કરેલી બીજી સખાવતોમાં પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના દેરાના જીર્ણોદ્ધારમાં ખર્ચેલ રૂ. ૧ા લાખ તથા પાલીતાણે યાત્રાળુ ભાઇઓ માટે બંધાવેલી ધર્મશાળા મુખ્ય છે. આ પ્રમાણે સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે કે તેમણે સાતે ક્ષેત્રોમાં યથાશક્તિ ઉત્તમ વ્યય કર્યો છે. હાઇસ્કૂલ અને દવાખાનું ઘણી ઉત્તમ સેવા બજાવશે તેમાં સંશય નથી.

મકાન ત્રાંબાકાંટાપર મધ્યમાં આવેલું હોવાથી જૈનભાઇઓને બહુજ પાસે પડશે એમ આશા છે. મકાન ઉત્તમ બાંધણીનું છે. તેપર જમીનની કીમત સુદ્ધાં રૂ. ૨૦૦૦૦૦ ખર્ચાયા છે. મકાનને ટોચે મોખરે મયૂરવાહની વીણાધારી સરસ્વતીદેવીનું કોતરકામ મનને આનંદ પમાડે તેવું છે. મયૂરવાહની એ એવું સૂચક હોય તો ના નહિ, કે વિદ્યા લેવા માટે આસન કોમળ અને આછું જોઇએ, ગાદી તકીઆપર બેસી વિદ્યા મેળવવી મુશ્કેલ છે. વીણાધારી એ અર્થમાં કદાચ હશે, કે વિદ્યા સંગીત સાથે બહુ ત્વરાથી અને સારી રીતે અસર કરી શકે છે. મકાન ઉત્તમ બંધાયું છે, એમ તો કહ્યા વિના ચાલતું નથી.

ઉપર જણાવેલી રૂ. ૮, લાખની સખાવત રૂ. ૯૦૮૦૦૦ની વ્યાજસહિત થઇ છે. તેમાંથી રૂ. ૨,૦૦,૦૦૦ જતાં બાકી રૂ. ૭ા લાખ આશરે નિભાવ ફંડ તરીકે ટ્રસ્ટીઓએ જુદા રાખ્યા છે, અને તેના વ્યાજમાંથી ખર્ચની વ્યવસ્થા કરવા ધારી છે. યોજના બહુ ઉત્તમ છે, ગરીબ ભાઇઓને કાંઇ દાન આપીએ અને પાછું તેને બીજેથી દાન લીધાજ કરવું પડે તેના કરતાં તેને એવી શક્તિ આપીએ કે જેથી તે પોતાનો નિર્વાહ ચલાવીશકે તે જેમ ઉત્તમ છે, તેવીજ રીતે કોઈ પણ સંસ્થા કાઢતી વખત તેના નિભાવ માટે કંઇ રકમ જૂદી કાઢી રાખવી ઉત્તમ છે. એવી નિભાવની રકમ કાઢી ન શકાય ત્યાં સુધી વિચારી જવું ઉત્તમ છે.

મુંબઇ ઇલાકાના નામદાર ગવર્નર લૉર્ડ લૅમીંગ્ટનને હાથે આ હાઇસ્કૂલ ઉઘાડવાનું મુહૂર્ત તા. ૯ જાન્યુઆરી ૧૯૦૬ ના રોજ સાંજના ૫ નું હતું. તે પ્રમાણે તે નામદારે મકાન ખુલ્લું મુકયુંછે. ખુલ્લું મૂકતી વખત મરહુમ ગૃહસ્થના સગાંઓએ જે વિશેષ ઉદારતા બતાવીછે, તે પણ ઉત્તમ પ્રકારની છે. જ્ઞાનદાન સમાન બીજું દાન નથી. ભાઇ જીવણલાલ, ભગવાનલાલ તથા મોહનલાલ પન્નાલાલ એ ત્રણેએ મળી રૂ. ૨૫૦૦૦, રૂ. ૫૦૦૦ બાબુ પનાલાલની વિધવા બાઇ પાર્વતી તરફથી, ચુનીલાલ પનાલાલ તરફથી રૂ. ૧૫૦૦, અમીચંદ પનાલાલ તરફથી રૂ. ૧૦૦૦ તથા રૂ. ૧૦૦૦ બાબુસાહેબના ભાઈ નાનકચંદ પૂરણચંદ તરફથી એ પ્રમાણે રૂ. ૩૩૫૦૦ ની સખાવત કર્યાનું જાહેર થયું છે. એ સખાવતનો શું પ્રકાર થશે તે હવે પછી જણાવવામાં આવશે. તથા બાઈ કેશરબાઈ તે બાબુસાહેબની પુત્રીના તરફથી તેમની પુત્રીના સ્મરણાર્થે રૂ. ૨૦૦૦ એવી સરતે આપવાનું જાહેર થયું છે કે તેના વ્યાજમાંથી સ્કૉલરશિપ આપવી. સ્કૉલરશિપ, ઉપરના ગરીબ વિદ્યાર્થીઓને આપવા સંબંધી સરત થાય તો ઉત્તમ થાય. આ હાઇસ્કૂલમાં ગરીબ તથા મધ્યમ વર્ગના છોકરાઓજ આવવાનો વિશેષ સંભવ છે તોપણ એવું જોવામાં આવ્યુંછે કે કોઈ કોઇ વખતે શ્રીમાનો ઉપલી પદવીએ આવતાં તેમને સ્કૉલરશિપ મળેછે, તો તેથી કંઈ તેઓને ખાસ ઉત્તેજનની જરૂર ન હોવા છતાં ભર્યામાં ભરાય છે, જ્યારે બીચારા ગરીબ વિદ્યાર્થીને ઉત્તેજનની જરૂર હોયછે તે રહી જાયછે. સ્કૉલરશિપની આ બાબત વિષે અમારો કંઈ આગ્રહ નથી, પણ માત્ર વિચારવાજોગ સૂચના છે. બાકી રૂ. ૩૩૫૦૦ જે કામમાં બહુજ જરૂર હોય તેમાં વાવરવાનું ધ્યાનમાં રાખવા ટ્રસ્ટીઓને વિનંતિ છે. ભરતીમાં ભરતી નહિ કરતાં જ્યાં ખરી જરૂર હોય ત્યાંજ—હાઇસ્કૂલ અથવા દવાખાનાની કોઇ ઉપયોગી બાબતમાં—ખરચવા સૂચના છે. આપણા શાસ્ત્રમાં દાનવિષે એવું કહેલું સાંભળ્યું છે કે સીદાતા ક્ષેત્રમાંજ દાન કરવું અને તે પછી

જે સંસ્થાને જરૂર હોય તે સંસ્થાને મદદ કરવી. આ સંસ્થાને દરેક પ્રસંગે યાદ કરવા, મુંબઈના—અને હિંદના—આખા સંઘને નમ્ર વિનંતિ છે. ખાતું બહુ ઉત્તમ છે, મદદને પાત્રછે. જે યતિઓ, દાનનો ખરો પ્રકાર શીખી શકીએ તેજ, પણ પ્રમાણમાં, પ્રમાણમાં તરશે. પ્રથમ વર્ષ પૂર્ણ થયે સરકારી ઇન્સ્પેક્ટર પાસે પરીક્ષા લેવરાવી આંટલી યોગ્યતા લાગે તો, તે મદદની પ્રાર્થના પણ યોગ્યજ છે. આંદ્દને લીધે શિક્ષકોને કામ કરવામાં સારો ઉત્સાહ રહેશે.

આ સંસ્થાથી અમુક દરજ્જે ભિન્ન પણ જૈનોને લાભ કરતી માંગરોળ જૈનસભા તરફથી ગોઠવાયેલી, ફ્રી, ધાર્મિક શિક્ષણવાળી ફોર્ટ હાઈસ્કૂલની એક શાખા પાયધુણીપર અત્યાર સુધી ગયા પાંચ વર્ષથી ચાલતી હતી, અને તેથીપણ જૈન બંધુઓને ઘણો ફાયદો છે. તેમાં આ હાઈસ્કૂલનો વધારો થયેલો જોઈ અમને અતિશય આનંદ થાયછે. આવી સંસ્થાઓને અનુમોદવી, એવી ઉત્પન્ન કરાવવાની ઇચ્છા ઉત્પન્ન કરવી એજ કૉન્ફરન્સનું ખરૂં કર્તવ્ય છે.

ભાવનગર સંસ્થાનમાં કેળવણી ખાતામાં જોવામાં આવ્યું છે કે દરેક ગામોમાં સ્કૂલ કમીટી હોય છે. તે કમીટીને સ્કૂલની તપાસ કરવાનો, સુધારા સૂચવવાનો તથા વ્યવસ્થા ઉત્તમ રાખવાની સૂચના આપવાનો સામાન્ય અધિકાર હોય છે. એવીજ કોઈ સ્કૂલ કમિટી **જૈન ભાઈઓનીજ** નીમવા નમ્ર સૂચના છે. આથી શિક્ષકો તથા વિદ્યાર્થીઓને ખંત તથા ચીવટ રહેશે. કમિટીના ગૃહસ્થોમાં વધુ સંબંધ જોડાશે.

જ્ઞાનપ્રાપ્તિ એ મનુષ્ય જીવનનું ઉત્તમમાં ઉત્તમ સાર્થક છે. શિક્ષકનો ધંધો સર્વોત્તમ છે. પરંતુ આસીસ્ટંટોને પોતાની સાથે જેમ બને તેમ નીકટ સંબંધમાં રાખવા અને તે રીતે વિદ્યાર્થીઓમાં પણ સંપની ઇચ્છા ઉત્પન્ન કરવા નમ્ર સૂચના છે.

મકાન ખુલ્લું મૂકનાર નામદાર ગવર્નર લૉર્ડ લૅમીંગ્ટનના ભાષણનો અગત્યનો સાર નીચે પ્રમાણે મનન કરવા જેવો છેઃ—

"એ ખરેખર બહુજ અજાયબ જેવું છે કે જૈનો, જેઓનો પૂર્વનો ઇતિહાસ બહુ ઉત્તમ છે, અને જેઓ હાલ પણ દયા માટે અને ખરી ઉદારતા માટે અતિશય પ્રસિદ્ધ છે, એટલુંજ નહિ, પણ જેઓ મનુષ્યજાતિ ઉપરજ દયા બતાવીને નહિ અટકતાં મૂગા પ્રાણીઓ તરફ પણ દયા બતાવેછે, તેઓએ અત્યારસુધી આવી સંસ્થા કાઢી નહિ! મેં પહેલીજ વખત જાણ્યું છે કે હિંદુસ્થાનમાં તેઓ જે જગ્યા અસલ રોકતા હતા તેમાંથી તેઓ ધીરેધીરે પાછળ હઠતા જાય છે. હું જૈનકોમને અતિશય ઉદ્યોગી તથા સખાવતના કામોમાં ખરેખર બહુજ ઉદાર ગણતો આવ્યો છું. જો જૈનકોમની સ્થિતિ કોઈરીતે પણ આગળ વધે તેમ હોય તો તે કોમે પોતાનાં બાળકોની કેળવણીમાટે પૂર્ણ સંભાળ રાખવાથીજ વધી શકશે. મફત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જે લાભ મળ્યા છે તે તેઓ સમજશે. અને તેનો સારો ઉપયોગ કરશે. શિક્ષકોએ માત્ર છોકરાઓનાં મનજ કેળવવાનાં નથી, પણ તેઓનું વર્તન પણ ઉત્તમ બનાવવાનું છે. હાલ આખી દુનિયામાં એ તો સાધારણ રીતે સ્વીકારાયલો નિયમછે કે ધાર્મિક શિક્ષણવિના ખરી કેળવણી મળી શકેજ નહિ. તે વિનાની ઉત્તમમાં ઉત્તમ કેળવણી નકામી છે."

ભાષણનું સાર [illegible] ઉપરના સારાંશમાં છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓનું વર્તન ઉત્તમ કેવી રીતે બનાવવું એ [illegible] સવાલ છે. બિચારો શિક્ષક આખો દિવસ અને આખીરાત દરેક છોકરાની સાથે અને [illegible] નહિ, પણ જે પાંચ કલાક તે વિદ્યાર્થીઓની સાથે રહે. તેટલો વખત તેમની નજરે શિક્ષક [illegible] ઉત્તમ લાગવું જોઈએ કે જેથી મોટપણે પણ તેઓ ભૂલે નહિ. બાળકોનાં

સહાયક, ઉપસહાયક તથા લાઇફ મેમ્બરો મદદ કરેછે. આનંદના સહાયક રૂ. ૫૦, મધુકરના રૂ ૨૫, આનંદના ઉપસહાયક રૂ ૫૦, મધુકરના રૂ. ૨૫, આનંદના લાઇફ મેમ્બર રૂ ૨૫ અને મધુકરના રૂ. ૧૫ આપે છે. આનંદ અને મધુકરના લેખો લખનારાઓનાં નામો પરથી જણાય છે કે જામનગરના વતની, ચતુર્થ વ્રતધારી અને સરલ પંડિત લાલન, મુનિ કર્પૂરવિજયજી, મુનિ રત્નવિજયજી, ગિરધર હેમચંદ, નારણજી અમરશી, ચુનીલાલ વર્ધમાન, સાકરચંદ માણેકચંદ, ચંદ્રકાચંદ્ર, કુંડલાકર, વિગેરે છે. બન્ને માસિકોના બદલામાં ૨૩ માસિકો આવેછે એ પણ આનંદની વાત છે. આનંદ ભુવન લાઇબ્રેરીમાં ૬૦૦ પુસ્તકો છે, જુદા જુદા ગ્રહસ્થો તરફથી રૂ. ૨૮૨ પુસ્તકાલયને ભેટ થયા છે. અને આખરે પુસ્તકાલય બોર્ડીંગ શાળાને ભેટ કરવામાં આવ્યું છે. આનંદ ભુવનને ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીમાં રજીસ્ટર કરવામાં આવ્યું છે, તે પણ સારૂં કર્યું છે. વર્ગ તરફથી જે માનપત્રો અપાયાં છે તેમાં સર્વથી પ્રથમ પાલીતાણાના મરહુમ નામદાર ઠાકોર શ્રી સર માનસિંહજીનું નામ છે. આ વાંચીને માનપત્ર આપવામાં કોમને કેટલું નુકશાન થયું છે તે યાદ કરતાં અમને અતિશય ખેદ તથા ગ્લાનિ થાય છે. અમે ગઈ ગુજરી યાદ કરવા માગતા નથી. પરંતુ માનપત્ર કેવા પુરૂષોને આપવું એ પ્રથમથીજ નિર્ણયની જરૂર છે, બહુ દીર્ઘદૃષ્ટિની અને વિચારની જરૂર છે. મરહુમ ઠાકોર સાહેબે જોઇએ તેવી સગવડ કરી આપી હોય તો પણ માનપત્ર આપવું, આપીને જુદાં જુદાં પત્રોમાં પ્રસિધ્ધ કરાવવું અને તે દ્વારા નામદાર સરકારને જણાવવું કે જૈનોને નામદાર ઠાકોર સાહેબ સગવડ કરી આપે છે અને જૈનો તેમને ચાહે છે, એ બાબત બહુ ગંભીર, ધર્મને અને તીર્થને નુકસાન કરનારી અને ઘણા શાંત સુશીલ જૈનબંધુઓને દુઃખવનારી થઇ પડી હતી. આ બાબત અત્ર ચર્ચવાનો અમારો આશય એટલોજ છે કે આપણી અંગત સગવડ માટે નામદાર ઠાકોર સાહેબે જોઇએ તેવું કર્યું હોય તો પણ કંઇ એવું પગલું લેવું ન જોઇએ કે જેથી તીર્થ અને ધર્મને હાનિ પહોચે. આ વિચાર દર્શાવવામાં અમારો શુભ આશયજ છે. કૉન્ફરન્સના પ્રમુખ રાય બહાદુર બદ્રીદાસજી, શેઠ વસનજી ત્રિકમજી તથા શેઠ ખેતશી ખીઅશીને માનપત્ર આપવામાં યોગ્યને યોગ્ય સન્માનજ મળ્યું છે અને મંડળે ફરજ બજાવી છે.

આ વર્ગ હસ્તક ચાર ખાતાંઓ છે. વર્ગ નિર્વાહ ફંડ ખાતામાં પ્રસિદ્ધ થતાં પુસ્તકોના દર ફારમે રૂ ૧ જમે કરવામાં આવે છે. સદુપયોગ ખાતામાં ભરાયેલાં નાણામાંથી વિદ્યાર્થીઓને ઇનામ, ગરીબ શ્રાવક ભાઇઓને મદદ, તથા બીજાં સત્કાર્યો થાય છે. જીવદયા ખાતામાંથી પાલીતાણાની પાંજરાપોળમાં ખોડાં ઢોરો તથા ઘેટાં વિગેરેની બરોબર સંભાળ લેવાય છે કે નહિ, તેની તપાસ રાખવા એક માણસનો પગાર આપવામાં આવે છે. ઉદ્યોગવર્ધક ખાતામાંથી ગરીબ શ્રાવકોને ધંધે લગાડવામાં આવે છે તથા જૈન બાળકોને હુન્નર ઉદ્યોગ શીખવા માટે સાહિત્યો પૂરાં પાડવામાં આવે છે. ચારે ખાતાંનો આશય ઉત્તમ છે. સદુપયોગ ખાતામાં આવક રૂ ૪૩૪ ની થઇ છે જ્યારે ખર્ચ માત્ર રૂ ૩ા. થયો છે. ઉદ્યોગ વર્ધક ખાતામાં પણ આવક રૂ ૪૮ થઇ છે જ્યારે ખર્ચ માત્ર રૂ. ૬ થયો છે. આ બન્ને બાબતો વિષે માત્ર એટલુંજ કહેવાનું કે એ બન્ને ખાતાંઓ માટે કયાં ખર્ચવું એ સવાલ થઇ શકે તેમ નથી. માટે જેમ બને તેમ એ રકમો વાપરવી ઉત્તમ છે. સંઘરી રાખવી ઉત્તમ નથી. છેવટે અમે આ વર્ગને ફતેહ ઇચ્છીએ છીએ.

---

# ચોથી કૉન્ફરન્સમાં ચર્ચવાના વિષયો.

ચોથી કોન્ફરન્સ પાટણ મુકામે ફાગણ શુદ બીજથી મળશે. તે પ્રસંગ બહુજ આવકાર દાયક હોવા સાથે આપણી કોમની ભવિષ્યની સ્થિતિપર મજબૂત અસર કરનારો છે, અને આખી

કોમની દૃષ્ટિ તે તરફ સ્વાભાવિક રીતે ખેંચાએલી રહે છે. આ વખતની કોન્ફરંસના પ્રમુખ તરીકે **શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઈ. ને** પસંદ કરવામાં આવ્યાછે. તે પસંદગી યોગ્ય સ્થાનકે ઉતરી છે. ખરી અગત્યતા આ પ્રસંગે ક્યા વિષયોપર ચર્ચા કરવાની છે તે પર રહે છે. આ વખતે પાટણના સુજ્ઞ વિદ્વાનોએ કુંકુમ પત્રિકા સાથે સૂચના રૂપે કેટલાક વિષયો ચર્ચવા વિચાર બતાવ્યો છે તેથી તેજ ભૂમિકાપર આપણે વિચાર ચલાવીએ.

અગ્રપદે '**કેળવણી**' નો વિષય આવેછે અને તે પ્રમાણે તેને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. અમે વારંવાર જણાવ્યું છે કે જ્યાંસુધી કેળવણીની બાબતમાં યોગ્ય બંદોબસ્ત કરવામાં આવશે નહિ ત્યાંસુધી સર્વ સવાલો નકામાછે. જ્યારે જૈનભાઈઓ કેળવણી લઈ પોતાની ફરજ સમજશે ત્યારે જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર, હાનિકારક રિવાજોનો ત્યાગ વિગેરે કોન્ફરંસના લીસ્ટપર દેખાતા સર્વ વિષયોમાં પોતાની મેળેજ સુધારો થઈ જશે. એ સંબંધમાં પછી કાંઈ પણ ભાષણ કે ઉપદેશની આવશ્યકતા રહેશે નહિ. અમારૂં પોતાનું આધીન મત તો એટલે દરજ્જે છે કે કોન્ફરંસમાં કેળવણીનો વિષય એકલોજ ચર્ચવામાં આવે તો પણ કોન્ફરંસનો હેતુ પાર પડે. કેળવણીના વિષયને પ્રાધાન્ય આપવામાં આવે છે એ નિઃસંશયછે, છતાં પણ એ વિષયપર હજુ બહુ બોલાવાની જરૂર છે. સ્થાને સ્થાને લાઇબ્રેરી, ગામે ગામમાં ધાર્મિક કેળવણીની સંસ્થા, યુનિવર્સિટીમાં સ્કોલરશિપ, ભાષણોની શ્રેણીઓ અને ધાર્મિક શોધખોળ વિગેરે વિગેરે અનેક પ્રકારે કેળવણીને મદદ થવાની જરૂર અમે જોઇએ છીએ અને તે હકીકત શ્રોતાના મનપર ઠસાવવાની જરૂર છે. તેટલા માટે આ અગત્યના વિષયને એક આખો દિવસ આપવામાં આવશે એમ આશા છે. જાપાનના શાસનમાં ફરમાવ્યું છે કે "મારા આખા રાજ્યમાં અભણ માણસને ધારણ કરનાર એક પણ ગામકે શહેર ન રહેવું જોઈએ" એજ શાસન દરેક જૈનની બાબતમાં ખરૂં પડતું જોવાની શરૂઆત એકદમ કરી દેવી જોઇએ. આ બાબતપર બની શકે તેટલા વિદ્વાન વક્તાઓ ચુંટવા અને વિષયને સર્વ દિશાએથી સર્વ અપેક્ષાએ ચર્ચવાની અમે ભલામણ કરીએ છીએ.

બીજો વિષય જીર્ણમંદિરોદ્ધારનોછે. એ સવાલ જુનોછે, અને તેને માટે ફંડની જરૂર છે. બાકી દરેક વરસે એ સવાલ લેવાની જરૂર રહેતી નથી. એને માટે છેવટે એક સમુચ્ચય ઠરાવ ( Omnibus Resolution ) મૂકવો અને તેમાં આ ઠરાવપર જરા વિવેચન કરવું. મારવાડ વિગેરે જગાએ એ બાબતમાં બહુ કરવાની આવશ્યકતા છે. પૈસા એકઠા કરવાનીજ જરૂરછે. પ્રાચીન પુસ્તકોદ્ધારની બાબતમાં જેસલમીરમાં થએલા કામ માટે સંતોષ બતાવવો અને અલભ્ય ગ્રંથો છપાવવા અથવા છાપી કરાવવા ભલામણ કરવી એજ અશેષ કર્તવ્ય છે. જો બની શકે તો એ બાબતમાં એક કમીટી નીમવી અને નહિતો એ ઠરાવને પણ સમુચ્ચય ઠરાવોમાં લઈ જવો.

જૈન પુસ્તકોને અંગે અને કેળવણીના વિષયને અંગે સૂચના કરીએ છીએ કે એવી જૈન સેંટ્રલ લાઇબ્રેરી જેમાંથી સર્વ પ્રકારના જૈનપુસ્તકો છાપેલાં અને લખેલાં લભ્ય થાય, એવી મધ્યબિંદુ ગણાતા કોઈ શહેરમાં સ્થાપવાની ખાસ જરૂર છે. વિદ્વાનોને એથી સગવડ થશે અને સર્વ અમુલ્ય વસ્તુઓ જળવાઈ રહેશે. આ સૂચનામાં પણ મોટા ખરચનો સવાલ છે અને તે બની શકે તેવો છે તેથી તે બાબતમાં એક નાની કમીટી નીમી તેઓનો રિપોર્ટ લેવાની ગોઠવણ કરવાની જરુર છે.

ચોથો વિષય વાંચનમાળાને લગતો છે. ધાર્મિક કેળવણીની ખામી સ્પષ્ટ દેખાય છે અને તેમાં સુધારો કરવા સારૂ યોગ્ય ગ્રંથોની જરૂર છે. કેટલાક લોકો ચાલુ સરકારી વાંચનમાળાને બદલે જૈન માળા દાખલ કરાવવા માંગે છે. આ વિચાર પુસ્તકપર કે ભાષણમાં શોભે છે, પણ તેને વહેવાર રૂપ આપવા સારૂ જે અસાધારણ વિદ્વત્તાની જરૂર પડે છે તેવા વિદ્વાનો આપણી કોમમાં હાલ જોવામાં આવતા નથી. અમે કોઇ પણ બાબતપર તેલ રેડવા ઇચ્છતા નથી, પણ વસ્તુસ્થિતિના ખરા ભાન વગર કેટલીકવાર શક્તિનો નકામો ઉપયોગ થાય છે તે બચાવવાની જરૂર

છે. પાઠશાળાઓ તથા કન્યાશાળાઓમાં ચલાવવા માટે યોગ્ય ગ્રંથોની જરૂર છે અને તે સારૂ વિદ્વાનવર્ગની કમીટી નીમી તે કાર્ય પૂરા પૈસા ખરચી તૈયાર કરાવવા અમે ભલામણ કરીએ છીએ. જૈન વર્ગમાં સાક્ષરો ઉત્પન્ન થશે ત્યારે વાચનમાળા બનાવશે, અત્યારે તો ધાર્મિક શિક્ષણું સારૂ દ્રવ્યાનુયોગ તથા ચરણકરણાનુયોગના સાદા પણ ઉંચા જ્ઞાન સાથે આનંદી કથાનુયોગનું મિશ્રણ કરીને આકર્ષણીય ગ્રંથો બહાર પાડવાની જરૂર છે. કોઇપણ ચોકસ ઠરાવપર આવવા પહેલાં કોન્ફરન્સ આ બાબતમાં પણ એક નાની કમીટી નીમી રિપોર્ટ માંગશે તો વધારે ચોકસ કામ થશે. પાંચમો વિષય શિલાલેખોનો છે. એ નવીન પણ સારો વિષય છે. એ સંબંધમાં કોન્ફરન્સે હવે કાંઇ કરવું જોઇએ. ઇનામ આપી વલ્લભીપુર તથા બીજા પ્રાચીન ખંડેરોની શોધખોળ કરાવવી જોઇએ. આ બાબતમાં **Wilson Philological Lectureship** વિલ્સન સાહેબની શોધખોળ બાબતમાં ભાષણમાળા જેવી એકાદ ભાષણમાળા પણ ઉઘાડવાની જરૂર છે. જેથી શોધક બુદ્ધિના માણસો પ્રયાસ કરી ઘણી હકીકત અજવાળામાં લાવશે. આ ઉપરાંત શોધખોળ કરનારને બીજી રીતે પણ ઉત્તેજન આપવાની જરૂર છે. જ્યાં સુધી ઇતિહાસની મદદથી જૈન ધર્મની પ્રાચીનતા સ્થાપવામાં આવશે નહિ ત્યાં સુધી નવીન સંસ્કારથી અભ્યાસ કરેલા મનપર તે મોટું માન ઉત્પન્ન કરશે નહિ તેથી એ બાબત ધર્મભાવના દૃઢ કરવામાં અને તેને પોષવામાં બહુ ઉપકારી થઇ પડશે. આ એક સામાન્ય લાભ છે તે ઉપરાંત બીજા પણ અનેક લાભ છે જે વિચાર કરવાથી સહજ જણાઇ આવે તેવા છે.

છઠ્ઠો વિષય જીવદયાનો છે. જૈન ધર્મનો પાયો અહિંસા ઉપર બંધાયલો છે તેથી આ વિષય બહુ અગત્યનો છે. તે બાબતમાં યોગ્ય વિચાર કરીને કાંઈ બંધારણ બાંધવાની બહુજ જરૂર છે. હાલમાં આપણી પાંજરાપોળો ચાલે છે તે અસલના ધારણ પ્રમાણે ચાલે છે તેમાં સમયાનુસાર ફેરફાર કરવા ઉપરાંત પ્રાણીઓ ઉપર નિર્દયતા અટકાવવા માટે યોગ્ય જગાએ અરજીઓ, માંસાહારી લોકોમાં ફળાહારથી થતા ફાયદાને ચોપાનીયા ઉપરાંત આ વિષયો બાબત આપણે હવે હાથપર લેવાની જરૂર છે. બનતાં સુધી કાગળપર શોભે એવા ઠરાવો કરવાને બદલે હવે કેટલીક બાબતોમાં વ્યવહારૂ રીતે કામ કરવાનો વખત આવી લાગ્યો છે. **જનાવરની વિરાધનાથી બનેલી ચીજો** ન વાપરવા માટે કોન્ફરંસ ભલામણ કરે તેજ બસ છે. અશક્ય ત્યાગ શિવાય વિચારવંત જૈન એવી વસ્તુને અડે પણ નહિ.

સાતમો ઠરાવ મુનિ કોન્ફરન્સનોછે. સંસારના ત્યાગી, વસ્તુતઃ રાગદ્વેષ રહિત, નિરભિમાની અને સંસારપર ઉપકાર કરવાની નિષ્કામવૃત્તિથી જીવન અર્પણ કરવાવાળા નિસ્પૃહી મુનિઓનું મંડળ મળવું અશક્યજ ધારવામાં આવે એ પંચમકાળનો પ્રભાવ છે, કેટલાક કારણથી બીજી કોન્ફરંસ વખતે એક નિયમ કરવામાં આવ્યોછે કે મુનિમહારાજ સંબંધી વિષયો આપણે લેવા નહિ અને ભાષણ કરનારે તેઓના સંબંધમાં કાંઈ બોલવું નહિ. આ નિયમ બહુજ ડહાપણથી ઘડવામાં આવ્યો છે અને હાલ તુરત આ ઠરાવ છોડી દેવાનું અમે ડહાપણ ભરેલું ધારીએ છીએ, એના કારણો લખવાની જરૂર લાગતી નથી. આ ઠરાવનો અમલ સાધુઓની વિચારણા અને આપણી સ્થિતિ સુધારવાની ફરજના ખ્યાલઉપર રાખવો વધારે અનુકૂળ પડશે.

આઠમો ઠરાવ શુભખાતાઓના હિસાબ બહાર પાડવા બાબતનો છે. એને ટુંકામાં પતાવી દેવા જોઇએ. અથવા સમુચ્ચય ઠરાવમાં લઈ જવો જોઇએ. એ બાબતમાં આગેવાન, દેરાસર તથા તીર્થના ટ્રસ્ટીઓનું ધ્યાન ખેંચવું જોઇએ. આ સબંધમાં એક **"તીર્થરક્ષક કમીટી"** જેવી સંસ્થા કરવાની જરૂરછે. આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓનેજ એ કમીટીમાં ફેરવી નાખવા જોઇએ, અથવા તેઓસાથે બીજાને જોડવા જોઇએ. આ કમીટી સર્વ તીર્થની દેખરેખ રાખવાને હમેશા તૈયાર રહે. દીગંબર ભાઇઓએ એવી એક સંસ્થા ઉભી કરી છે અને તેથી બહુ લાભ થયો છે એમ કહેવાય છે. આ બાબત સબ્જેક્ટસ કમીટી ધ્યાનપર લેશે.

નવમો ઠરાવ સ્વધર્મી ભાઇઓને આશ્રય અપવા માટેનો છે. તેમાં ત્રીજો પેટા મુદો પરદેશગમનના સવાલ સાથે સંબંધ ધરાવેછે. કેટલાક ઠરાવો એવા હોય છે કે કાગળપર અમુક હદસુધી પહોંચ્યા પહેલાં મૂકવાથી વાત બગડી જાય અને બગડી ગયેલી વાત ઠેકાણે આવતાં વરસો લાગે. આ ઠરાવ એવા પ્રકારનો છે કે જો તેમાં મમત થઈ જાય તો જે સવાલની બાબતમાં અત્યારે સંતોષકારક સ્થિતિ આવે છે તે ઉલટાઈ જાય. તેટલા માટે આ બાબતમાં કાંઇપણ ઠરાવ કરવાની જરૂર નથી એવો અમારો આધીન મત છે. નિરાશ્રિત જૈનોના સવાલને અંગે માબાપ વગરના બાળકોમાટે મુંબઈ જેવા શહેરમાં **'ઓરફનેજ' ( નિરાશ્રિતાલય )** સ્થાપવાની જરૂરછે. આ વરસે આ સવાલ ઉપાડી લેવામાં આવે તો ઠીક પડશે, મુખ્ય મુદ્દે નિરાશ્રિતની બાબતમાં કાંઇપણ બંધારણની જરૂરછે. અશક્ત કે વૃદ્ધને મદદ આપવા ઉપરાંત બીજા માણસોને યોગ્ય ધંધે ચડાવવા સારૂ બંદોબસ્ત કરવો જોઇએ. આ સવાલ સ્થાનિક સેક્રેટરીઓ ઉપાડી લે એવા બંધારણવાળી યોજના મૂકવી ઠીક થઈ પડશે.

દશમો ઠરાવ લવાદીથી ચુકાદા કરવાનો છે જે પેપરપર શોભેછે. આપણા હાથમાં સત્તા ન હોવાથી જીતનાર તેનો લાભ લેવા ખુશી થાય પણ હારીજનાર અંતે કોર્ટનો આશ્રય લેછે. આ બાબત સૂચના કરવીજ બસછે, કારણ કે કોર્ટમાં જવામાં વખત અને પૈસાનો ભોગ થાય છે તે લોકો સમજે છે અને બનતા સુધી પંચથી પતાવવાની વેતરણ કરે છે.

અગ્યારમો ઠરાવ હાનિકારક રીત રીવાજો બંધ કરવાનો છે. સાંસારિક સ્થિતિ સુધર્યા વગર દેશની કે કોમની ઉન્નતિ થવાની નથી એ નિર્વિવાદ જેવું છે. છતાં રિવાજોમાં ફેરફાર કરવા માટે કેળવણી—ઉંચા પ્રકારની કેળવણી--અને ખાસ કરીને સ્ત્રી કેળવણીની પ્રથમ જરૂર છે. જ્યાં સુધી લોકો પોતાની મેળે ફરજ સમજી સુધારા કરવા નીકળે ત્યાં સુધી આપણે સૂચના કરવી એ કામ સારૂ છે. બાકી ખરૂં કામ તો કેળવણીના પ્રચારથીજ થશે. રીવાજોમાં પાંચમી સૂચના જૈનધર્મની કન્યા અન્યકોમને નહિ આપવા માટેની સૂચના છે. આવી રીતે કન્યા આપવાનું ક્ષેત્ર ઘટાડવાની સૂચના છે ત્યારે જૈન કોમમાં અરસપરસ કન્યા આપવાની પણ સૂચના કરવી જોઇએ. કાંઇ નહિ તો શ્રીમાળી, ઓશવાળ વગેરે પોતપોતાનામાં સર્વત્ર વ્યવહાર કરે એવું તો થવુંજ જોઇયે. આટલી સુચના વધારવાની જરૂર છે, કારણ કે અસલના વખતમાં દુર દેશમાં વ્યવહાર વધારવાથી કન્યાને દેશવટો મલવા જેવું થતું હતું જ્યારે હાલમાં કાઠીઆવાડ ગુજરાતને વ્યવહારના સાધન ઘણાં વધી ગયાં છે. બાકી બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય, રડવાકૂટવા વિગેરે હસવો માટે તો બેમત જેવું છેજ નહિ. બારમો ઠરાવ સ્વધર્મી બાંધવોમાં કુસંપ દુર કરી ઐક્યતા કરવા માટેનો છે. આ ઠરાવનો હેતુ શું છે તે સમજી શકાતો નથી. પણ આપણા ભાઇઓ અને સ્થાનકવાસી જૈનો વિગેરેમાં ઐક્યતા વધારવાની સૂચના કરવાની હોય તો ઠરાવ આદરણીય છે અને તેને વહેવારૂ રૂપ કેવી રીતે આપવું તે વિચારવા યોગ્ય છે. હાલમાં કેટલીક જગોએ બન્ને કોમ વચ્ચે નપસંદ કરવા લાયક ટંટા દેખાય છે—થાય છે તે અટકાવવા માટે બન્ને પક્ષના આગેવાનોની એક વગવાળી કમીટી નીમવાની યોગ્યતા બાબત વિચાર કરવો જોઇએ. આ ઠરાવ વધારે યોગ્ય શબ્દોમાં અને પ્રૌઢભાષામાં લખી વિચાર ચલાવવો એ સારૂ છે.

તેરમો ઠરાવ લોકલ ઇન્ડસ્ટ્રી ( સ્થાનિક ઉદ્યોગ ) ને ઉત્તેજન આપવાનો છે અમારા અનુભવ પ્રમાણે કોન્ફરન્સ એ વિષયને અડી શકે નહિ. આપણે એ સવાલ લેવાની અગત્યતા પણ નથી અને લેવો હોય તો તેને ધાર્મિક આકારમાં લઇ શકાય. બાકી તે કોન્ફરન્સના અંગમાં સમાઇ શકતો નથી.

ચઉદમો ઠરાવ પર્વ દિવસે રજા મેળવવા અરજી કરવાનો છે.

પંદરમો ઠરાવ પ્રાંતિક કોન્ફરન્સ ભરવાની અગત્યતા ઠસાવવા માટે છે જે સારો છે.

સોળમો ઠરાવ કૉન્ફરન્સનું બંધારણ મજબૂત કરવા માટેનો છે, જે બહુજ અગત્યનો છે. સોળમા ઠરાવપર વિચાર કરી બંધારણ મજબૂત કરવું જોઇએ. એ બાબતમાં અમે અગાઉ ઘણું લખ્યું છે તેથી અંત્ર પિષ્ટ પેષણ કરતા નથી.

છેવટે અમે જણાવીએ છીએ કે હવે કમીટી વિગેરે નીમી વહેવારૂ કામ કરવાની બહુ જરૂર છે અને ઠરાવોજ વહેવાર રૂપ લેવાય તેવા કરવા અમે સબજેક્ટસ કમીટીને ભલામણ કરીએ છીએ. કૉન્ફરન્સથી મહા લાભ છે એ નિઃસંશય છે. પ્રયાસ સફળ છે, કામ કરી ધર્મનો ડંકો વગાડવા અમે સ્વધર્મી બંધુઓને આગ્રહ કરીએ છીએ. મૌક્તિક.

# શ્રી બનારસ યશોવિજયજી જૈન પાઠશાળા.

આ પાઠશાળા બનારસમાં આશરે અઢી વર્ષથી સ્થાપન થઈ છે. તેમાં પહેલાં ૭ મુનિરાજ અને ૧૦ વિદ્યાર્થી જે ગુજરાતમાંથી પગે ચાલીને ત્યાં ગયા હતા, તેઓ અભ્યાસ કરતા હતા. ગુજરાતથી બનારસ સુધીના તેમના એ પ્રવાસમાં તેમને ઘણી મુશ્કેલી નડી હતી. વચ્ચે શ્રાવકોની વસ્તિજ ન હોય એવાં ગામો આવતાં ત્યારે આહાર માટે પણ વિચાર થઈ પડતો. એક ચાલુ કામ ઉપાડી લેવું તેમાં જે સરલતા છે, તેવી સરલતા નવુંજ કામ માથે લેવામાં અને પાર ઉતારવામાં હોતી નથી. પરંતુ માથે લીધેલું કામ ખરી ખંત અને શુદ્ધ નિષ્ઠાથી પાર પાડવામાંજ મનુષ્યત્વ છે. દિનપરદિન પાઠશાળાનું કામ વધતું ગયું; મકાનની મરામત તથા વેચાણ લેવા માટે દ્રવ્યની સહાયપણ જ્ઞાતિહિત સમજનાર શ્રીમાન શેઠોએ સારીરીતે કરી. પાઠશાળા તરફથી "શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા" પણ છપાવવાનું કામ ચાલે છે. આ ગ્રંથમાળામાં હાલસુધી નીચે પ્રમાણે પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. ઉજમણા—ઉદ્યાપન—પ્રસંગે ચંદરવા, તોરણ, પૂઠીઆ તથા એવો બીજો ભપકો દેખાડનાર, જ્ઞાનની સમૃધ્ધિ બહુજ ભપકાથી જાળવનાર, જે સાધનોમાં પૈસા ખર્ચાય છે તે આવા જ્ઞાનગ્રંથોને સહાયમાં ખર્ચવામાં આવે તોજ જ્ઞાન જળવાઈ રહેવા સંભવ છે. પુસ્તકોનાં નામ "સિધ્ધ હૈમ લઘુવૃત્તિ, (૨) લિંગાનુશાસન (૩) પ્રમાણ નય તત્વાલોક અલંકાર (૪) ગુર્વાવલિ (૫) રત્નાવતારિકા. આ પાંચ પુસ્તકો સંસ્કૃત છે. આ પુસ્તકો છપાવવાનું તથા પ્રુફ તપાસવા વિગેરેનું કામ મુનિરાજ શ્રી ઇંદ્રવિજયજી કરે છે. (૧) ક્રિયા રત્ન સમુચ્ચય (૨) સ્તોત્ર સંગ્રહ (૩) સિધ્ધ હૈમ અષ્ટાધ્યાયી એ ત્રણ સંસ્કૃત પુસ્તકો હાલ છપાય છે. હાલ પાઠશાળામાં ૫૨ વિદ્યાર્થી અને ૪ મુનિરાજ છે મુનિમહારાજો (૧) ધર્મવિજયજી (૨) ઇંદ્રવિજયજી (૩) મંગલવિજયજી અને (૪) વલ્લભવિજયજી ત્યાં હાલ વિરાજે છે. આ ઉપરાંત (૧) અમીવિજયજી (૨) કીર્તિવિજયજી (૩) મોહનવિજયજી એ ત્રણ મુનિમહારાજો જે તેમની સાથે હતા તેઓ હાલ ત્યાંથી બીજે વિહાર કરી ગયેલ છે. કળિકાળ સર્વજ્ઞ શ્રીમાન હેમચંદ્રાચાર્યનું બનાવેલ "સિધ્ધહૈમ લઘુવૃત્તિ" જેવું મુશ્કેલ અને કઠણ વ્યાકરણ પણ કેટલાક વિદ્યાર્થીઓએ પૂરું કર્યું છે, તથા હાલ તેઓ ન્યાય મંજૂષા તથા હીરસૌભાગ્યકાવ્યં વિગેરેનો અભ્યાસ કરે છે. આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંત જ્યાં આપણી વસ્તિ બહુ ઓછી છે, જે આપણા પૂજ્ય તીર્થંકરોની ઘણી કલ્યાણક ભૂમિઓ ધરાવે છે, અને જ્યાં વિહાર કરી ભૂલી જવાયેલા જૈન સાધુનું ઉત્તમ ચરિત્ર કેવું હોઇ શકે તે બતાવવાની ખાસ જરૂર હતી, ત્યાં અત્યંત શ્રમ લઇને આ કામ ઉઠાવવામાં આવ્યું છે તે અતિશય સ્તુતિપાત્ર છે. મુનિરાજ શ્રી ધર્મવિજયજી બનારસ આસપાસના ગામોમાં ઉપદેશ દેવા વિચરે છે અને તે ઉપદેશની અસરથી કેટલાક લોકોએ માંસાહાર કરવો છોડી દીધો છે. અત્યાર સુધી આપણા પૂજ્ય મુનિરાજે વ્યાખ્યાનશાળામાં જે વ્યાખ્યાનધારાઓ ચલાવે છે, તેનાથી આ

પ્રયાસ અમુક અંશે નૂતન, સ્તુત્ય તથા અનુકરણીય છે. પરધર્મીઓ આપણા ધર્મની ખૂબી અને ઉત્તમતા જોઈ જૈન થાય એ સર્વોત્કૃષ્ટ છે, પરંતુ પરધર્મિઓ આવી બાધા લે, એ પણ એક આડકતરીરીતે જૈન ધર્મનો વિજય ડંકો છે. બનારસમાં બ્રાહ્મણો પણ માંસાહાર કરે છે, અને તેઓમાંના થોડાએકને મુનિમહારાજના ઉપદેશની અસર થવાથી તેઓએ માંસાહાર ત્યાગ કર્યો છે. કાશીમાં ઘણા ઘાટો છે, અને તેમાંના એક " ભદેણી " ઘાટપર જીવહિંસા થતી હતી, તે મુનિરાજના પ્રયાસથી બંધ થઇ છે. આવા ધાર્મિક કાર્યો શાંતિથી કરાવવાં એમાંજ સાધુપણાનું—મનુષ્યજીવનનું—સાફલ્ય છે. ઉપદેશપધ્ધતિ ફેરવવા સંબંધી—અમુક અંશે રીત બદલવા સંબંધી—બાબતપર સાધુવર્ગનું લક્ષ નમ્રરીતે ખેંચીએ છીએ. ગઇ કાર્તિક વદ ૪ ચોથે તે જીલ્લાના કલેકટર મી. રમાશંકર મિશ્ર, એમ. એ. પાઠશાળાની મુલાકાતે પધાર્યા હતા. આ ગૃહસ્થ રૂ. ૧૩૦૦ ના માસિક પગારથી ગાજીપૂર જીલ્લાના કલેકટર છે. જાતે બ્રાહ્મણ છે. અસલનો સમય એવો અંધ મમત્વનો હતો કે મારૂં તેજ સારૂં અને બીજાનું જોઇએ તેવું સારૂં તો પણ કંઈ નહિ. હાલ ઇંગ્લિશ કેળવણીના પ્રતાપે અને ઉત્તમ અસર તરીકે એ સ્થિતિ અમુક અંશે બદલાઈ ગઈ છે. પરધર્મનું પણ જે ઉત્તમ હોય તે ખુલ્લા દિલથી કબૂલ કરવું એ હાલના ઇંગ્રેજી રાજ્ય અમલ દરમ્યાનની એક ઉત્તમ ખૂબી છે. બ્રાહ્મણધર્મ અને જૈનધર્મને મધ્યકાળમાં કેવો નિકટ સંબંધ હતો, તે તો ઇતિહાસવાચકોને સારીરીતે વિદિત છે! પરંતુ કલેકટરની પદવીના એક બ્રાહ્મણ આપણી આ એક પુરી પાઠશાલાને વખાણતા જોઇ અમને અતિશય હર્ષ થાય છે. આ ગૃહસ્થ બે વર્ષ પછી નોકરીમાંથી વાનપ્રસ્થ થવા સંભવ છે. તેઓની ઇચ્છા એમ છે કે વાનપ્રસ્થ થવા પછી હું મારૂં જીવન પાઠશાળાનેજ અર્પીશ. અમને અત્યારે ઇંગ્લિશ અને દેશી વાનપ્રસ્થ જીંદગી ગાળવાનો પ્રસંગ, અને તેનો તફાવત યાદ આવી જાય છે. આપણા દેશમાં ૫૫ વર્ષ તો ઉમરની આખર જેવું ગણાય છે, જ્યારે વિલાયતમાં ૭૫ વર્ષે પણ દેશસેવા માટે ખડા રહેલા મુંબઇ ઇલાકાના આગલા ગવર્નર સર જેમ્સ ફરગ્યુસન અને હિંદના પૂજ્ય પ્રતાપી વાઇસરૉય લૉર્ડ રીપન જેવા અનેક દેશભકતો છે. ધાર્મિક ક્રિયાઓ આવશ્યક છે, પહેલા પગથીઆ સમાન છે, કોઇરીતે વિસારવા જેવી નથી. પરંતુ દેશસેવા, પરોપકાર, જ્ઞાતિશ્રેય એ પ્રકારે તેટલાજ ઇષ્ટ છે. હાલમાં શાંત, દાંત, ધીર મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી જેઓ વલ્લભીપુરના રહીશ છે, અને મૅટ્રીક્યુલેટ છે, તેઓ શ્રી બનારસ આ પાઠશાળાના કામમાં બની શકતી સહાય આપવા ત્યાં વિચર્યા છે. જેવીરીતે ખ્રિસ્તીઓનાં મિશનો દેશના સર્વ ભાગોમાં જૂદા જૂદા પથરાઇને, તેઓની માન્યતા પ્રમાણે, જનકલ્યાણનાં કાર્યો કરે છે, તેવીજ રીતે જૈનો, સાધુઓ, અને દરેકને માટે આ ઉત્તમ મિશન છે. જ્ઞાનદાન બહુ ઉત્તમ અને ઉચિત દાન છે. તે દેવાથી આત્માનું ખરૂં શ્રેય થાય છે. આ પાઠશાળાનો મુખ્ય ઉદ્દેશ વિદ્વાનો તૈયાર કરવાનો તથા સંસ્કૃત ભાષાની વૃધ્ધિ કરવાનો છે. પાઠશાલામાં ઉદાસી સાધુઓ, સન્યાસી તથા બ્રાહ્મણોપણ અભ્યાસ કરે છે. અમુક અંશે આપણા ધર્મપર તેઓની શ્રધ્ધા વધે તેમાં નવાઇ જેવું નથી. વર્ષમાં બે વખત પરીક્ષા લેવાય છે. પહેલી છમાસિક પરીક્ષા પંડિતવર પદ્મનાભ શાસ્ત્રીજીએ લીધી હતી. બીજી છમાસિક એટલે પ્રથમ વાર્ષિક પરીક્ષા ત્યાંની કિવન્સ કૉલેજના અધ્યાપક સુપ્રસિધ્ધ પંડિત, ન્યાયરત્ન, તર્કવાગીશ પંડિત સીતારામ શાસ્ત્રીજીએ લીધી હતી. ત્રીજી શ્રીમાન્ મહામહોપાધ્યાય પંડિતઅગ્રણી શિવકુમાર શાસ્ત્રીજીના શિષ્ય પંડિત રઘુનંદન શાસ્ત્રીએ લીધી હતી, ચોથી શ્રીમન્ મહામહોપાધ્યાય સર્વતંત્રસ્વતંત્ર સ્વામી રામમિશ્ર શાસ્ત્રીએ લીધી હતી. છેલ્લી એટલે પાંચમી પરીક્ષા તેમના શિષ્ય પંડિત શ્યામસુંદરાચાર્ય વૈશ્યે લીધી હતી. આ છેલ્લા પરીક્ષક ગૃહસ્થ પરીક્ષાના પરિણામથી એટલો બધો સંતોષ પામ્યા કે પોતાના પદરથી તેમણે ઇનામો વહેંચ્યાં, એટલુંજ નહિ પણ એવો ઉત્તમ શેરો કરી ગયા છે કે "મને આશા છે કે ૫—૬ અથવા ૯—૧૦ વર્ષમાં જૈનોમાં આશરે ૧૦૦ પંડિતો ઉમન્ન થશે." આ પાઠશાળામાં પંડિત અંબાદત્ત શાસ્ત્રી વાણીશજ્ન શાસ્ત્રી, અને હરનારાયણ શાસ્ત્રી, એ પ્રમાણે ત્રણ તો બ્રાહ્મણ પંડિતો શિક્ષકો છે. આ ઉપરથી અમે થોડાક અનુમાનો ઉપર આવીએ છીએ. કાશીના ધુરંધર પંડિતો આપણી પાઠશાળામાં આવ

ચરીતા લે, એટલે દરજ્જે સભ્ય અને કૃપાળુ બન્યા છે. ઉત્તમનો સંગ હમેશાં ઉત્તમ પરિણામજ લાવે છે, અને તે અનુસાર આચાર પંડિત શિરોમણિઓનો સંગ ન્યાય અને વ્યાકરણ, છંદ અને સાહિત્યમાં ભણેલાને અમુક પદવીઓ ઉપર ચડાવે એ તદ્દન સંભવિત છે. આપણી પાઠશાળાની પરીક્ષા લઈ શકે એવા ધુરંધર આચાર્ય અથવા મુનિરાજ ત્યાં હાજર નથી એ દિલગીરી. આ વિષયને અંતે અમારી એટલીજ પ્રાર્થના છે કે કૉન્ફરન્સનું એક અંગ—જીર્ણ પુસ્તકોદ્ધાર—આ અને આવી પાઠશાળાઓની ફતેહથીજ અમુક અંશે ફળીભૂત થશે. શ્રીમાન ગૃહસ્થોને શ્રીનો લાવો લેવા આ ઉત્તમ સંસ્થા છે. તીક્ષ્ણ બુધ્ધિશાળી પણ ગમે તે સ્થિતિના—શ્રીમાન યા ગરીબ—વિદ્યાર્થી માટે આ ઉત્તમ સંસ્થા છે. આત્મઅર્પણ કરવા માટે આ પાઠશાળા જેવી બીજી સંસ્થાઓ થોડી છે.

---

# પૂજ્ય મહાત્મા દાદાભાઇ નવરોજી.

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु**
**लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्**
**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा**
**न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः**

સકળ હિંદમાં જો કોઈ મૂર્તિ નિઃસ્વાર્થ, ફરજ સમજીને, દેશની દાઝમાં ભસ્મ થતી હોય તો આ વિષયના નાયક, વડોદરાના માજી દિવાન, એલ્ફીન્સ્ટના કૉલેજના એક વખત પ્રોફેસર, તથા હિંદના સાચા પ્રતિનિધિ મી૰ દાદાભાઈ નવરોજીજ છે. આ ગ્રહસ્થનો એકનો એક પુત્ર ગત થયો છે, આશાનું કંઇ કિરણ રહ્યું નથી, છતાં જેના હૃદયમાં દેશ તરફની ફરજ એજ જીવન સાફલ્યનું લક્ષ્યબિંદુ હોય એવા મહાત્મા કયા માણસને પૂજ્ય ન હોય? આ વખતની ઈંગ્લંડની ચુંટણીમાં એંશી વર્ષની ઉમરે હિંદનું શ્રેય કરવા પાર્લમેંટમાં દાખલ થવા તેમણે જે ઉમેદવારી કરી હતી, તે આપણા કમનસીબે નિષ્ફળ ગઇ છે, તે માટે અમે અમારો ખરા હૃદયનો શોક પ્રદર્શિત કરીએ છીએ, અને ઇચ્છીએ છીએ, કે ભવિષ્યમાં તેઓ ફતેહમંદ થઈ પાર્લામેંટમાં આપણું શ્રેય કરે. પાર્લામેંટની બહાર રહીને પણ તેઓ આપણી—હિંદની—સેવા મૂંગે મોઢે બજાવ્યા જાય છે, અને તે તો જીવનપર્યંત તેઓ બજાવતા રહેવાનાજ, પરંતુ પાર્લામેંટમાં દાખલ થવાથી વિશેષ લાભ કરી શકત એ નિઃસંશય છે. જેવી રીતે ઇંગ્લંડની પાર્લામેંટ બધા સુધરેલા દેશોની પાર્લામેંટની માતા સમાન છે, તેવીજરીતે આખા હિંદુસ્તાનમાં દૃષ્ટાંત લેવા જેવી નૅશનલ કૉંગ્રેસ છે. આ કૉંગ્રેસ તરફ દાદાભાઈ અનહદ ચાહ ધરાવે છે, તેનેજ દેશના ઉધ્ધારનું ઉત્તમ સાધન ગણે છે, અને કૉંગ્રેસના હિત માટે પોતાના પદરથી પણ ખર્ચ કરે છે. મતલબ કે અર્થની વાત આવતાં છટકી જતા નથી, પણ શક્તિઅનુસાર તે મદદ પણ કરે છે, એકવીશમી બેઠક આ વર્ષ બનારસમાં થઈ હતી, તે વખત પૂજ્ય દાદાભાઈએ એક સંદેશો કૉંગ્રેસના પ્રેસીડંટ ઑનરેબલ પ્રોફેસર ગોખલેપર મોકલ્યો છે, જેમાં કૉંગ્રેસ દેશના ઉધ્ધાર માટે આવશ્યક છે, એમ સ્પષ્ટ જણાવ્યું છે. ઉત્તમમાં ઉત્તમ મગજનો આ અભિપ્રાય તદ્દન ફેરવી ન શકાય એવો છે. કૉંગ્રેસની દલીલ આપણી કૉન્ફરન્સને પણ લાગુ પડે છે. તેમણે મોકલેલા સંદેશામાંની કેટલીક બાબતો આપણને પણ ઉપયોગી હોવાથી તેનો સારાંશ નીચે આપીએ છીએઃ—"કૉંગ્રેસ થવા પહેલાં આપણે આપણી સ્થિતિ બરોબર જાણતા નહોતા. કૉંગ્રેસે આંખા" દેશના સર્વ વર્ગો, સર્વ ધર્મો, સર્વ જ્ઞાતિઓ વચ્ચે દૃઢ ઐક્ય કર્યું છે. કૉંગ્રેસ સ્વતંત્ર બ્રિટિશ શહેરીઓ તરીકેની ફરજો આપણને સમજાવે છે અને બ્રિટિશ

પ્રજામત કેવીરીતે કેળવવો અને આપણી માગણીઓ આપણને કેવીરીતે મળે તેનો રસ્તો સૂને બતાવે છે. ઐક્યવિના આપણા સઘળા પ્રયત્નો નકામા જશે. જે કોઇ માણસ આપણામાં ભંગાણ પડાવે અને આપણી શક્તિઓને નિરાશ કરે અથવા મંદ કરી નાખે તે પોતાના દેશનો ખરેખરો અશુભેચ્છકજ છે. આપણી આગળ જે અસંખ્ય મુશ્કેલીઓ પડી છે તે જોતાં, આપણામાં ભંગાણ પડે એ આપણને કોઇ રીતે પાલવે તેમ નથી. હિંદીવાનોએ અંગત અને ખાસ સંબંધી મોટા ભોગો આપવા માટે નિશ્ચય કરવો જોઇએ, ઇન્ડીયા, દરેક પક્ષને એક વાજીંત્ર હોય છે તેમ, વિલાયતમાં હીંદી કમીટી અને હિંદી કામનું ખરેખરૂં શસ્ત્ર અને હેતુ છે, અને તે તેવીજ રીતે રહેવું જોઇએ. હું બહુજ ખુશી થયો છું કે આ વખતની કોંગ્રેસ સાથે સોશ્યલ કૉન્ફરન્સ તથા ઔદ્યોગિક કૉન્ફરન્સ પણ ભરાવાની છે. મારી સલાહ તો એજ છે કે કદી નિરાશ થતા નહિ અથવા નાહિંમત થતા નહિ, પણ તદન એકત્ર થઇને ચલાવ્યાજ જાઓ. સુખ આવેકે દુઃખ આવે તો પણ કદી વિશ્રામ લઇને—વિરામ પામીને—બેસશો નહિ, પણ જ્યાંસુધી સ્વરાજ્યની જીત મેળવાય ત્યાંસુધી ગમે તે ભોગે ખાંતથી મંડ્યા રહેજો." પંચાવન વર્ષના હિંદના ખરેખરા લાંબા અદ્વિતીય અનુભવી સ્વદેશભક્ત શિરોમણી, દેશદીપક શેઠ દાદાભાઈના આ શબ્દો સોનાના મૂલના છે. વધારે મનન કરવાથી વધારે રહસ્ય સમજાય તેવા છે, કોઇપણ સંસ્થા પોતાની ધારેલી મુરાદ કેવી રીતે પાર પાડી શકે તેનો રસ્તો બતાવનાર શુભ ભોમીયો છે. કેટલીક બાબતો કોંગ્રેસ અને આપણી કૉન્ફરન્સને સામાન્ય છે, તેનું વિવેચન કરતા નથી. પણ બીજી બાબતો વિવેચન યોગ્ય છે. આપણી કૉન્ફરન્સે આપણી જ્ઞાતિઓ વચ્ચે અદૃશ્ય રીતે પણ દૃઢતર બંધન કર્યું છે, એ નિર્વિવાદ છે. કોંગ્રેસને બ્રિટિશ પ્રજામત કેળવવાનો છે, આપણે આપણો જૈન પ્રજામત કેળવવાનો છે. કૉન્ફરન્સ હેરૈલ્ડ પણ ઇન્ડીયાની માફક એક વાજીંત્ર છે. ખામીઓ બતાવવી અને સુધારા સુચવવા એ ફરજ છે, પણ લાંબું થઇ સુઇ જાય એમ ભવિષ્ય ભાખવું એ કામને નુકસાનકારક છે. એ વાજીંત્રને જેમ બને તેમ સબળ બનાવવું એ દરેક જૈનની ફરજ છે. કૉન્ફરન્સ થવાથી આપણી ડીરેકટરી ચોકસ થશે. તેને અંગે આપણે અત્યાર સુધી સાંભળતા આવ્યા છીએ કે આપણી વસ્તિ પંદર લાખની છે, તે બાબત નિશ્ચય થશે, દેરાસર ૩૬૦૦૦ છે, સાધુજીઓ આશરે ૩૦૦ છે, સાધ્વીજી કેટલી છે તે ચોકસ જાણતા નથી, પ્રતિમાજી કેટલાં છે તે પણ ચોકસ જાણતા નથી. વળી આપણામાંથીજ કોઇ કોઇ કહે છે કે આપણી વસ્તી તો માત્ર ૭-૮ લાખની છે. આ બધી બાબતો ચોકસ થશે. તે થવા પછી કઇ દિશામાં કામની જરૂર છે તે નક્કી થતાં, હાલ કૉન્ફરન્સ ભરીને જૈન ઉદયનો પાયો નખાયો છે, કામ શરૂ થશે અને આપણા પૂર્વજો જે કરી ગયા છે, જે જાળવી રાખવાને આપણે આપણા પૂર્વજો તરફ માનની લાગણીને ખાતર બંધાયા છીએ, પણ જે વિષે અજ્ઞાન હોવાથી આપણે કંઇ કરી શક્યા નથી, તે કરશું અને જૈનોદયનાં પગથીઆં ચડતા જઇશું. કરેલું જાળવી રાખવું એ ગંભીર ફરજ છે, તેમાં ભૂલ કરવી એ દોષપાત્ર ગુન્હો છે. આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે કૉન્ફરન્સ અને તેનું વાજીંત્ર હેરૈલ્ડ બન્ને ઉપયોગી છે. જૈન તરીકે આપણી શી ફરજો છે તે કૉન્ફરન્સ સૂચવે છે અને સમજાવે છે. મતફેર તો માણસો વચ્ચે, પક્ષો વચ્ચે અને પ્રજાઓ વચ્ચે પડે. પણ તે મતફેરનો ઉપયોગ અંગત બાબતમાંજ કરવાનો છે, સાર્વજનિકમાં નહિ. ધારો કે બે માણસોને વિરોધ પડ્યો, તો તે બન્ને જણાને એક બીજાનું બગાડવા ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. પરંતુ તે સામા માણસનુંજ બૂરૂં થાય એવું હોય તો તો ઠીક, પણ તે સામા માણસનું બૂરૂં કરતાં કોઇ સંસ્થાનું બૂરૂં થાય એમ થવું ન જોઇએ. હિંદના ઇતિહાસમાં પૃથુરાજ અને જયચંદનો દાખલો બહુ કરૂણારસિક છે, દેશની અને સંસ્થાની, જ્ઞાતિની પડતી કેવી રીતે થઇ તે બતાવે છે. ચડતી કરવી હોય તો જયચંદની જેમ નહિ વર્તવું. તાત્પર્ય એજ છે કે દરેક માણસે વેરલેવા

ઇચ્છતી વખતે—પૂરૂં કરવા ઇચ્છતી વખતે—સંસ્થાને અડચણ ન થાય એ ખાસ ધ્યાન રાખવું. સૂત્રનો એક તાંતણો શરીર ઢાંકી શકતો નથી. છૂટા છૂટા ૧૦૦૦ તાંતણા પણ જેવી જોઇએ તેવી સારી રીતે શરીર ઢાંકી શકતા નથી. પણ તેજ જો વણાય—એકત્ર થાય—તો કેવું સરસ કામ બજાવી શકે છે! શરીરનું જરાપણ છિદ્ર બહાર દેખાવા દેતા નથી. તાંતણા એના એ છે! પણ એકત્ર થયા છે. પારસી, નાગર વિગેરે કોમો એકદિલીથી—કોમનું ભલું થઇ શકે ત્યાં સુધી તેમજ કરવું એવી વૃત્તિથી—કેવું સરસ બજાવી શકે છે તે સુવિદિત છે. માટે એકત્રતા—ઐક્ય—વિના કોઇની સિદ્ધિ નથી. જૈન બંધુઓ, ધ્યાન રાખજો. પૂજ્ય દાદાભાઇએ, ભંગાણ પાડનારાને અશુભેચ્છક કહ્યા છે, તે ધ્યાનમાં રાખશો. શારિરીક અને ધન સંબંધી યથાશક્તિ ભોગો વિના કોઈ કોમ કે દેશ વધ્યો નથી. એ ઇતિહાસ અવલોકનારને સહજ સમજાય તેવું સત્ય છે. કોન્ફરન્સ જેવા અતિ આવશ્યક મંડળને ધન સંબંધી ભોગવિના નિભાવવું તદન અશક્ય છે. આપણું લાક્ષણિક પ્રદર્શન પણ કોન્ફરંસનો પ્રતાપ છે. હમેશની પરિચિત વસ્તુઓ આપણને થોડી નવાઇ ઉપજાવે પણ એ શુભ બી કેવાં શુભ ફળો આપશે, એ અનુભવજ દેખાડશે. માત્ર નવકાર મંત્ર સિવાય બીજું કંઇ નહિ જાણનાર ગામડાના ગરીબ જૈન બંધુઓ આ ચીજો જોશે, ખપમાં લેવા બનતો યત્ન કરશે, ધર્મ સમજશે, બીજા જૈન વેપારીઓને ફાયદો કરશે. આત્મભોગવિના કોઇપણ કાર્યની સિદ્ધિ નથી એવા દૃષ્ટાંતરૂપ દાદાભાઇના શબ્દો વારંવાર યાદ કરવા વિનવીએ છીએ.

---

# पाटनमें चोथी कॉन्फरन्स.

अब पाटनमें चोथी कॉन्फरन्स का जलसा शीघ्रही होनेवाला है. दिन नियत कर देने पर चोहो हजार वरस का समय क्यों न दिया जावे नियत किया हुवा समय आही जाता है. हमारे पाटन निवासी सज्जनोंनें जबसे इस जलसा की तारीख मुकर्रर हुई है, अथाग परिश्रम उठाकर हरतरहका बंदोबस्त जैसा कि चाहिये कर लिया रहापहा अब करते जाते हैं गरजकि पाटनमें इस महा सभाका जलसा किसी तरह न्यून नही होगा. पाटनके संघनें साक्षात वीरपुरुष धर्म वीर सेठ वीरचंदजी दीपचंदजी सी. आई. ई. को प्रमुख स्थान पर चुन कर अपनी चतुराई को भली प्रकार दिखलादी है. क्यौंकि सेठ वीरचंदजीमें विद्या और दोलत दोनोंके गुण मोजुद है. लक्ष्मी और सरस्वती एक जगह बास कर रही है. आशा की जाती है कि उक्त सेठजीके प्रमुखपणांमें कॉन्फरन्स का कामकाज ठीक तौरपर चलेगा.

क्यूंकि कॉन्फरन्स एक कौमी जलसा है जिसमें हरतरहके प्रतिनिधियों का शामिल होना जरूरी है. इस लिये हमारी सकल संघसे प्रार्थना है कि जिस तरह बम्बई की कॉन्फरन्स मे हिंदुस्थान के कुल प्रान्तोंके सेठ साहूकार जोहरी, वकील, डाक्टर वगैरह अच्छी संख्यामें पधारे थे उसही तरह इस कॉन्फरन्समें भी जरूर पधारेंगे; क्यौं कि यह काम कुल समुदाय का है, किजो समुदायकी सहायतासेही पार पडसकता है.

प्रथम कॉन्फरन्स के प्रमुखपदको जोधपुरनिवासी महता बखतावरमलजीनें धारण किया था परन्तु उसके बाद बम्बई और बडोदा की कॉन्फरन्सोंमें वे शामिल नहीं हुवे इसही तरह

पर कलकता निवासी राय बहादुर बदरीदासजी मुकीम बम्बई की कॉन्फरन्सके प्रमुख थे परन्तु बडोदाकी कॉन्फरन्समें शामिल नहीं हुवे. इन दो प्रमुखों की नजीर लीजावे तो कहा जासकता है कि बडोदा कॉन्फरन्स के सभापति मुर्शिदाबाद निवासी राय बहादुर बुद्धिसिंहजी भी शायदही पाटन कॉन्फरन्स में पधारें. इस बात पर विचार करते हुवे. हमकी अफसोस होता है कि जिन सज्जनों पर हिंदुस्थान का संघ विश्वास करके अपना नायक बनावें और प्रमुख पदकी महान अलभ्य इज्जत देवें वह सज्जन उस पदको प्राप्त करके फिर उस संघ की आयंदा सेवा न करें. जिन को एक दफे इस तरहकी आबरू मिल चुकि है उनको हर वक्त संघ की सेवामें हाजर रहनाही उचित है. हम आशा करते हैं, कि हमारे ऐक्स प्रेसिडेंटस जुरूर पाटनके जलसेमें शरीक होवेंगे.

बम्बईके जलसेमें गुजरात, मालवा, राजपुताना के और पञ्जावके जिस कदर आगेवान और प्रतिष्ठित श्रावक पधारे थे उतने बडोदामें शामिल नहीं हुवे और अगर इसही नजीरपर खयाल किया जावे तो जितने बडोदामें पधारे उतने पाटनमें नहीं पधारेंगे अगर ऐसाही हाल रहा तो कोई समय ऐसा आवेगा कि जिस वक्त ऐसे सज्जन बिल्कुल कम नजर आवेंगे. हम अपने आगेवान प्रतिष्ठित सज्जनोंसे प्रार्थना करते है कि इस कॉन्फरन्स में काम काज चलानेमें उनको हरवक्त कटिबद्ध रहकर संघकी सेवा करनाही उचित है. हम विश्वास करते हैं कि हमारे सेठ साहूकार पाटन जरूर पधारेंगे.

अन्य प्रतिनिधियों की संख्याभी इस जलसेमें जियादा होना चाहिये क्यौं कि पाटन यह प्राचीन शहर है कि जहांपर कलिकाल सर्वज्ञ श्री हेमचन्द्राचार्यनें कुमारपाल राजाको जैनी बनाकर जैनधर्म का उद्योत किया था, जहांपर सैंकडों प्राचीन मनोहर मन्दिर और सहस्रों सुंदर जिन बिम्ब मौजुद हैं. यह वह स्थान है कि जहांपर पूर्वाचार्योंने अपूर्व ग्रंथोंके भंडार स्थापन करके हम लोगों के वास्ते अमुल्य विरासत छोडे हैं, इस जलसे के साथ पाटन में इन प्राचीन भंडारोंका ऐगजीबीशन होगा कि जिससे अपने शास्त्रों की महत्वता अपने धर्म की सचावट मालूम होसकती है और यह भी देख सकते हैं कि उन पुस्तकोंकी क्या हालत है, उनकी हिफाजत कैसे होसकती है, उनके ज्ञानका लाभ हमको किस तरह मिलसकता है गरजाकि पाटन कॉन्फरन्ससे पुस्तकोद्धारकी और ज्ञानके प्रचारकी पूरी नींव लगसकती है. ऐसे शुभ कालमें हरखास व आम को शामिल होने की उत्कंठा होनी चाहीये.

श्वेताम्बर कॉन्फरन्स की कार्यवाहीनें ढुंढीया समाज कोभी अपनि सम्प्रदाय की कान्फरन्स करनकी उत्कंठा दिलाई कि जिससे उनकी कॉन्फरन्सभी मोरबीमें उन्ही तारीखों में होगीकि जिन तारीखोंमें अपनी कॉन्फरन्स पाटनमें होगी बहतर होता कि दोचार रोजके आगे पीछे इन कॉन्फरन्सों का जलसा होता और हरेक समाज के अनुय.यों को एक दूसरे

के जलसेमें शामिल होकर सुधारे और इतफाकका मोका मिलता—परन्तु हिन्दुस्थानमें जोतिष बलवान है दोनों समाजोंनें इनही दिनोंके श्रेष्ट समझकर अपने जलसे मुकर्रर करदिये—अब संभव है कि दोनों समाजोंके समझदार मनुष्य जोतिषियोंसेभी जियादा बलवान निकलकर कॉन्फरन्सके पहिले या पीछे परस्पर मिलकर इत्तफाक पैदा करें—घरकी फूट घरको खाती है, आपसमें कट कट मरनेसे खुदकी ही हानी होती है पूर्व कालमें एसी लडाईयें हो चुकी है परन्तु उनका परिणाम कुछ ठीक नही निकला है अब समय ऐसा नाजुक आ गया है कि जिसमें इत्तफाक की बडी भारी जरूरत है. हम आशा करते है कि दोनूं समाजके समझदार मनुष्य आपसमें मिलकर जरूर किसी अच्छे विचारपर आवेंगे कि जिससे भविष्य कालमें कुछ बहतरी की सूरत पैदा हो.

ढुंढियावों का जिकर करते हुवे हमको दिगाम्बर समाज परभी जुरूर ध्यान देना चाहिये. हमारे जलसों की जैसे दिगाम्बर समाजमेंभी सालाना जलसे होते हैं और समाज के सुधारे बधारे पर पूरा विचार किया जाता है. जैन यङ्ग मैन्स एसोसिएशन की यह कोशिश है कि श्वेतांम्बरों दिगाम्बरों में जो नाइतफाकी हो रही है वह मिटादी जावे और दोनों फिरकोंमें सम्प बढाया जावे. समयानुसार यह कोशिश बहुत ठीक है और इस इत्तफाक के बढनेका प्रथम जरिया यहही है कि एक फिरके की समाज के जलसेमें दूसरे फिरके को समाजवाले अवश्य शामिल हों चुनान्चि इस आखरी जलसे दिगाम्बरियोंमें श्वेताम्बरी शामिल हुवेथे इसही तरह दिगम्बर सम्प्रदाय वालों को चाहिये कि श्वेताम्बरियोंके जलसे में शामिल होकर आपसमें इत्तफाक बढावें.

अबतकके जलसों में देखा गया है कि तीन दिन या चार दिन जलसेमें विविध विषयोंपर विचार चलता है. अछे २ वक्ता भाषण देते हैं. श्वेताम्बरोंके दिलोंको अपनी तरफ खेंच लेते हैं परन्तु सिवाय सुनने सुनाने के कोई समय ऐसा नियत नही किया जाता है कि जिसमें एकठे होकर उन बातोंपर विचार कि जिनके सबबसे तीन दिन के जलसे का काम आयंदा साल भर तक ठीक चलता रहे. पाटन कॉन्फरन्सके समय इस कार्यपर अवश्य ध्यान देनेका मोका है. हमारा प्रथम कर्तव्य यह है कि हम आयंदा का प्लेन सोचें और उसके मुवाफिक महासभाका काम चलावें. चारों जनरल सेक्रेटरीयों को काम करते हुवे एक अरसा होगया उनके कामपर गौर करके फेरफार करना मुनासिब है, हर सज्जनको चाहीये कि इस विषयपर पूरा तय्यार होकर आवे और आयंदा इस तरहका रस्ता पसंद करे.

आयंदा कोन्फरन्सका जलसा किस जगह हो यह बात अगरचे सबसे पीछे लीगई है परन्तु सबसे अवल गोरतलब है—कॉन्फरन्सके खैरखुवाहों को इस बातपर अवश्य ध्यान देकर इसका निर्णय पहिलेसे ही करना उचित है.

## जैसलमेर भंडार.

जो जो रंग जैसलमेर के पुस्तक भंडार की टीप करने में पेश आये हैं उनसे वांचकवृंद नावाकिफ नही है उनको यहांपर फिर रंगना बेमोका है–टीप हो जानेके बाद कई शर्तें जीर्णोद्धारमें फसाई गई उनकोभी कबूल करनेपर भंडार नही खोलागया पंडित बदस्तूर मोजूद रहा और खत किताबत बराबर चलती रही–आखिरकार शेठ चांदमलजी रतलामवालों की पूरी सहायतासे भंडार खोला गया है पुस्तकोंके लिखनेवालोंको नागोरसे जैसलमेर भेजा गयेहैं उद्धारका काम जारी हो गया है–इसखुशीमें शेठ चांदमलजीनें किलाके मन्दिरमें सतरह भेदी पूजन खूब ठाठ माठसे कराई जिसमें जैसलमेर दरबार और रियासतके दीवान और ओहदेदार सब पधारेथे सम्पूर्ण पूजा सुनते रहे, दरबारने आते आते दोनूं दफे श्रीजिन प्रतिमाके दरशन किये और अपनि खुशी प्रगट की–अब आशा है कि शहरके पुस्तक भंडारों की टीपका कामभी शीघ्र जारी हो जावे.

---

श्री.

## कार्यवाही जैन यङ्ग मैन्स एसोसिएशन आफ इंडिया
## दिगम्बर जैन महासभाके सालाना जल्सा की

जो सहारनपुरमें ता. २५ से २९ दिसम्बर १९०५ तक हुए.

**सभापति मानकचन्दजी हिराचन्दजी का स्वागत का वृत्तांत**

ता. २५ दिसम्बर को सहारनपुरके स्टेशनपर ठीक ७॥ बजे प्रातःकाल गाडी आई. ष्टेशनके प्लेटफार्मपर अनुमान ४० प्रतिष्ठित पुरुष स्वागतके अर्थ उपस्थित थे जिनमें से मुख्यपर बाबु जुगमन्दिरदास रईस नजीबाबाद बाबु जुगमन्दिरलाल एम. ए. एडीटर जैन गजट इंग्रेजी, बाबु चेतनदास बी. ए. मंत्री जै. य. मै. एसो., लालाखूबचन्द सहारनपुर निवासी निमन्त्रणदाता महासभा, बाबु चन्दूलाल वकील सेक्रेटरी रिसेप्शन कमेटी, बाबु बदरीदास रईस सहारनपुर सेक्रेटरी रिसेप्शन कमेटी, बाबू सुलतानसिंह वकील मेरठ, बाबू शीतलप्रसाद लखनऊ निवासी एडीटर हिन्दी जैन गजट, बाबू बनारसीदास एम. ए. एल. एल. बी. जनरल सेक्रेटरी महासभा, बाबू चन्द्रसेन इटावानिवासी मेम्बर जैन कालिज डेपुटेशन पार्टी, बाबू अजितप्रसाद एम. ए. एल एल. बी. लखनऊ, बाबू अर्जुनलाल सेटी बी. ए. मनेजर जैन महाविद्यालय, बाबू मालीलाल कासलीवाल, बी. ए. मन्त्री जैनविश्वदत्त मित्रमंडल जयपुर, मिष्टर जैन वैद्य जयपुर, बाबू ईश्वरीदास हिसार निवासी, बाबू नियामतसिंह हिसार, इनके अतिरिक्त ४ वा ५ रईस सहारनपुर और भी थे, महाविद्यालय के ५ विद्यार्थीभी थे. गाडी

प्लेटफार्मसे ५० कदम आगे ठहरी इसका सर्वको भागकर शीघ्रही उनके उतरनेके पहिले पहुंचना पडा; सबसें आगे बाबू सुलतानसिंह थे. उनने स्वागत किया, और गाडीके बराबरही एक कालीन बिछाया गया उसपर सभापति साहेब आनकर खड होगए. प्रथम महाविद्यालयके विद्यार्थियोंने उनके शुभागमन के हर्षमें लिखित अभिनन्दन पत्र गाया और बाबू अर्जुनलाल सेठी बी. ए. मेनजर जैन महाविद्यालयने अभिनन्दनपत्र जो एक रेशमी रुमालपर मुद्रित था एक मोठे कागजके तख्तेपर लगाहुवा सभापति साहबके भेट किया. इसके बाद बाबू चन्दुलाल वकीलने एड्रेस हिन्दीमें कहा और एक माला जो गोटेकी बनाई गई थी सभापति साहबको पहनाई. बाबू ईश्वरीदासने इंग्रेजीमें सभापति साहबकी प्रशंसा की. बाबू जुगमन्दिरलाल एम. ए.न जैन यङ्ग मन्स् एसोसिएशनकी ओरसे अंग्रेजीमें धन्यवाद दिया. मिष्टर जैन वैद्यने हिन्दीमें उनकी प्रशंसा की. इनके उत्तरमें सभापति साहबने सभापति किए जाने की गौरवता प्रगट की, और अपने कुल कर्त्तव्यों व कार्योंको केवल आत्माका धर्मही बताया, और कोई प्रशंसनीय सार्थ न बताया. इस तरह अपनी न्यूनता प्रगट की. पश्चात् बाबू बनारसीदासने सभापति साहबसे सर्व प्रतिष्ठित पुरुषोंकी भेट कराई. ष्टेशनसे प्लेटफार्मसे लेकर बाहरतक लाल खारवा बिछाया गया कि जिस पर होकर सभापति साहब गुजरे, ष्टेशनके बाहर हाथी ( जिसपर चांदीका गोल होदाथा ) पर सभापति व उनकी तीन छोटी २ पोतियां सवार हुई. सवार होते वक्त मेरटकी वाजेवालोंकी कम्पनीने सलामी दी. हाथीपर सभापति साहबके पीछे लाला खूबचन्द बैठे और बाबू गोवर्द्धनदास और ईश्वरीदास दोनुं चांदीकी छडी लिए हाथीकी पीठ परही सवारहुए. जिस समय सभापति साहब ष्टेशनसे बाहर आए ष्टेशनके बाहरभी १०० तथा १२५ आदमी मौजुद थे. और गाडीयोंकी घूमधामका अजब समाथा. सबसे आगे मेरठ कंपनीका बाजा था. उसके पीछे सभापति साहबका हाथी और उसके पीछे गाडियां और रथों की कतार दूरतक थी. इस प्रकार शहरमेंसे होकर सभापति साहबके डेरे तक बडी घूमधाम से वेलायेगये.

**२५ वि॰ ष्वग्क जैन यङ्ग मेन्स एसोसिएश- नके जलसेका वृत्तांत**

सभामडप लम्बाई चौडाईमें अनुमान ५ हजार आदमियोंके लिये काफी था. उसके दक्षिणमें उत्तर पूर्व करते हुवे एक मिटीका ऊंचा स्थान ( Dais ) बनाया गया था. उसपर कालीन बिछाया गया. और सभापतिसाहब के लिये कुर्सी लगाई जिससे आगे एक मेज रखी गईथी. एसोसिएशनकी ओरसे पांच प्रतिष्ठित पुरुष सभापति साहबके डेरेपर १॥। बजे लाने वास्ते गए और सभापति साहब २॥। बजे सभामें पधारे इनके आगमनसे पहिले उरमड जिला पंजाब की भजनमंडली हारमोनियमपर अनुमान १ घंटेसे भजन गारहीथी. कार्य जलसा ३॥। बजे प्रारंभ हुवा.

१ बाबू जिनेश्वरदास देहली निवासीने मङ्गलाचरण पढा.

२ बाबू मानकचन्द मनेजर जैन गज़ट इंग्रेजीने सेठ साहबके सभापति नियत कि-एजाने का प्रस्ताव पेश किया. बाबू चेतनदास बी. ए. ने उनका समर्थन किया. सभापति साहबने प्रेसीडेंशीयल एड्रेस पढा. आशय यह था.

मैं अंग्रेजी बिलकुल नहीं जानता हूं और एसोशिएशनके मेम्बर्स अधिकांश अंग्रेजीसे अविज्ञ नहीं इस कारण अंग्रेजीसे अविज्ञ को सभापति का आसन मिलना अधिक गौरवता है. इस एसोसिएशननें जो अबतक कार्य किए है प्रशंसनीय है. इंग्रेजी शिक्षितोपर जो धार्मिक शिक्षा न पाने का आक्षेप किया जाता है वह अब दूर होजावेगा. एसोसिएशनको चाहिए के इंग्रेजी शिक्षाके साथ धार्म्मिक शिक्षाकाभी प्रबन्ध करै. श्वेताम्बर और दिगम्बर जैनियों के मेल बढनेका उपाय सोचना और उनको क्रिया द्वारा पालन करना इसका मुख्य उद्देश है इसका प्रस्ताव महा सभामेंभी किया जाना अयोग्य नहीं.

जैनग्रंथों का विश्वविद्यालयोंमें दाखिल किएजानेका आन्दोलन हो रहाहै. एसोसिएशन की इस विषयपर जोर देना चाहिए. इससे सहसा जैन धर्मका प्रचार होसक्ता है. जैन ग्रंथोंका तर्जुमा अंग्रेजीमें किए जानेका प्रबन्ध और वैजिटेरियन किताबों का हिंदीमें अनुवाद होने का प्रबन्ध एसोसिएशनको करना चाहिए.

काठियावाड में जैनधर्मका प्रचार कम है इस कमीके पूरा करनेका खयाल भी एसो-सिएशनको चाहिए. ( २० मिनिट ).

३ तत्पश्चात् बाबू चेतनदास सेक्रेटरीने सालियाना रिपोर्ट पढी ( ३२ मिनीट ).

४ बाबू जुगलकिशोरने धर्मशिक्षापर व्याख्यान दिया. ( २८ मिनीट. )

५ बाबू जुगलकिशोर का समर्थन मिष्टर जैन वैद्यने उत्तम प्रकारसे किया ( १३ मिनीट. )

६ बाबू चेतनदास सेक्रेटरीने मेडल्स ( Medals ) जिन २ महाशयोंने जिस २ हेतु दिएथे प्रदान किए. और इसके उपरांत आगामी वर्षमें जिन २ को इनाम व मैडल्स प्रदान करनार्थी अपना अभिप्राय प्रगट किया इन सबमें अत्यंत प्रशंसनीय १०, रु. मासिककी छात्रवृत्ति तीन वर्षके लिएथी जो बाबू फूलसिंह रईस ( Executive Engineer ) ने जापान जाकर विद्या सीखनेवालेको प्रदान कीथी कि जिसके लिए बाबू मानकचन्द खंडवा निवासीने जापान जाकर विद्या सीखना स्वीकार किया और इस उत्तम कार्यपर मि. जैन वैद्यने सभामें प्रस्तावकर सर्व सम्मतिमें बाबू फूलसिंह को "जैनभूषण" का पद प्रदान किया.

७ बाबू अजित प्रसाद एम. ए. एल. एल. बी. ने धार्मिक शिक्षाके अभावपर व्याख्यान दिया. जिसका आशय यह था कि मुख्य २ शहरोंमें जैन बोर्डिंग हाउस होना चाहिए कि जहांपर धर्म शिक्षा दीजाय और एक १०, रु. मासिककी स्कालरशिप उस विद्यार्थी को देनेका इकरार किया जो एन्ट्रेन्स पास करनेके पश्चात् सेन्ट्रल हिंदूकालेज बनारसमें पढे

और साथही स्याद्वाद पाठशालामें धार्मिक शिक्षाभी पावे और वहां रहे और स्वाध्याय प्रतिदिवस जैन शास्त्रोंकी एक घंटा कियाकरे.

इसके बाद ५½ बजे जलसा बर्खास्त हुवा.

सभापति साहब जलसेमें १॥ बजे पधारे.

ता. २६ दिसेम्बरके जलसेका वृतान्त.

१ बाबू अजित प्रसादने मङ्गलाचरण पढा.

२ मगनबाई सुपुत्री शेठ मानकचन्दजी सभापतिनें स्त्री शिक्षापर व्याख्यान दिया जिसका आशय यह था कि स्त्रियोंका मेलोंमें बडा कर्तव्य होता है और ये वास्तवमें किसतरह समय व्यतीत करती है इसके अर्थ उत्तम प्रकार शिक्षाकि आवश्यकता और इसके गुण कहे. स्त्रीगणमें कन्या विधवा आर सौभाग्यवती तीनोंका कर्तव्य भले प्रकार बताया. और इस व्याख्यानका असर स्त्रीगणपर बहुत हुवा. ( ३० मिनीट. )

३ बाबु जुगमन्दिरलाल एडीटर जैन गजेटने भी स्त्रीशिक्षापर व्याख्यान दिया जो ५ भागोंमें विभक्त था.

१ औरतों की तालीम सब हिस्सोंमें जरूरत मानी गई है.

२ जैनियोंके मतमें जाबजा विद्या सीखनेकी हिदायत है.

३ हमारे मतको, हमारी कोमको और हमारे चालचलनको ज्यो पढी लिखी औरते फायदा पहोंचा सक्ती हैं और तरह नहीं पहुंच सक्ता.

४ हमारे यहां स्त्रीशिक्षा ने तरकी क्यों नहीं पाई इसका कारण.

५ औरतों को तालीम देने के लिए क्या क्या जरिये हमे काममें लाना चाहिये. ( ३० मिनिट. )

४ श्रीमती कालीचरणकी मातानें मगनबाईका समर्थन किया एक और स्त्रीनें भी इनके पश्चात् कुछ कहना चाहाथा परन्तु समय न होनेके कारण नहीं कह सकी.

५ बाबू अर्जुनलाल सेठी बी. ए. नें श्रीमती मगनबाईकी प्रशंसा की और एसोसिएशन या महासभासे प्रार्थीहुए कि इनको ५०, रु. का सोनेका मैडल दिया जावे कि और स्त्रियोंको भी उत्तेजन हो.

६ बाबू मानकचन्दने भी मगनबाईका समर्थन किया अधिक यह था कि उन्होने क्रियामें लानेके दो मुख्य कारण बताये.

१ अपनी स्त्री और माताओंको अवश्य शिक्षा दिलाई जावे.

२ एसोसिएशनका कर्तव्य है कि अध्यापिका पैदा करें और इसके वास्ते स्कालरशिप नियत होना चाहिए.

७ इसके पश्चात् बहुतसे मैडल्स और स्कालरशिप्सस् दी गई.

७ इस कार्य के पश्चात् बाबू चेतनदासने एक ट्रेक्ट कमेटी कायम किए जानेका प्रस्ताव पेश किया. बाबू बाबूलाल साहिब मुरादाबादनिवासीने इनका समर्थन किया. उसमें सभापति लालाजीयाराम एम. ए. नियत किए गये और ११ मेम्बरोंकी कमेटी नियतकी गई.

८ बाबू अजितप्रशादने प्रस्ताव किया कि मुख्तलिक सुबेजात हिन्दकी विश्वविद्यालयों को तहरीक दीजावे कि उनके मुख्तलिक इम्तिहानोंमें जैन पुस्तकें और शास्त्र शामिल किए जावे अर्थात् अंग्रेजी के साथ २ संस्कृत की जैन मतकी कितावें अवश्य शामिल कीजावे.

९ मि० लठे मुम्बईनिवासीने इनका समर्थन किया, और प्रस्तावपास किया गया और एसोसिएशनकी तरफसे कोशिश किया जाना तै पाया.

१० सेठ हीराचन्दजी नेमीचन्दजी सोलापूरवालोंने प्रस्ताव किया कि जेलमें जैनियोंकी संख्या अलग नहीं की जाती अर्थात् एडमिनिस्ट्रेशन रिपोर्टमें जैनी और बोद्ध सब एक खातेमें लिखे जाते हैं इससे जैनियोंकी गणना बहुत मालुम होती है. इस कारण एसोसिएशनको इसकी कोशिश करना चाहिए की जैनियोंकी गणना अलगही लिखी जावे सरकारसे दर्खास्त करनेपरही यह काम होसकेगा.

११ बाबू सुलतानसिंह मेरठवालोंने इसका समर्थन किया और यह निश्चित हुवे कि सभापति साहबकी औरसे गवर्नमेंट के जनरल सेक्रेटरी से इस विषयमें लिखत पढत होगी.

१२ बाबू अजित प्रशादने प्रस्ताव पेश किया कि हमारे शाहनशाह हिन्दके शहाजादे जो आजकाल हिंदुस्तानकी यात्रा कर रहे हैं उनकी खितमतमें महासभाको औरसे मुबारिक-बादिका तार दिया जावे. बाबू चेतनदासने इसका समर्थन किया और प्रस्तावपास किया गया.

४॥ बजे जल्सा पूर्ण हुवा इस प्रकार जैन यङ्ग मैन्स एसोसिएशनका वार्षिक अधिवेशन समाप्त हुवा.

---

# श्री संघको प्रार्थना.

श्री परम पूज्य श्री १००८ श्रीसकल चतुरविध श्रीसंघ समस्त भारतखंडवासी की सेवामें प्रफुल्लितगात्र होकर प्रगट करता हुं की ईस सेवकका प्रस्थान डग (राज झालरा पाटन मुलक मालवा) में है. यहांपर मंदीर २ है जिसमें मंदीर प्रथममें श्री आदेश्वर भगवान विराजमान है और मंदिर दुसरेमें श्री पदम प्रभुजी विराजमान है, और यहांपर कुलवस्ती ओसवाल श्रावकों की १०० धर के अंदाज है; जीसमें मंदिर मार्गीआम-नाके कूल घर ३१ के अंदाज है जीस में खासकर दोनों मंदीरोंकी देखरेख व पूजा प्रक्षाल सेठजी गणेसदासजी नेमीचन्दजी ढढ्ढा मालीक मिलापचंदजी व मोतीलालजी जमनालाल

बेदमुता व गुलाबचंदजी गिरधारीलालजी गांग करते हैं. उक्त सरदार धर्मके पुरे रागी और रुचि रखनेवाले हैं. अतिआनन्दका अवसर है की मुनीमहाराज श्री १००८ श्री चमन-विजयजी महाराज विहार करते करते पधारे और एक मासतक ठेरकर धर्म उपदेश दिया और प्रगट कीयाके ग्राम पडासली कीतनी दूर है वहांपर पुराणा मंदीर और प्रतिमाजी हैं ऐसा सुनने में आया है सो मेरी इच्छा जात्रा करनेकी है तब उक्त महाशयो सहित श्री मुनी महाराजने अन्दाजन श्रावकों २९ सहित आनंद से चैत्रमास शुक्लपक्षमें जात्रा की. ग्राम पडासली नामसे प्रसिद्ध है ( प्रगणा रामपुरा ) राज हुल्कर सरकार इन्दोरका है यहांपर प्राचीन संप्रती राजाके वक्तका बनाहुवा मंदीर मोजुद है जीसमें श्री १००८ श्री तीर्थंकर महाराज श्री ऋषभदेव स्वामी की प्रतिमाजी वीरसंमत ६८८ के सालकी प्रतिष्ठा कीये हुवे विराजमान है. बींब अति मनोहर और चमत्कारिक है यहांपर पुजन हमेसासे एक ब्राहमण साधारण रितसे करताथा. पश्चात् उक्त मुनी महाराजने ईस तिर्थ की प्रथम जात्रा करके अपनी आत्माको बहोत प्रफुल्लित कीया और प्रगट कीया के यहांपर हमेसा मेला होना चाहिये ऐसा विचार करके और तीन दीन मुकाम करके ग्राम रुनीजेकी तरफ विहार करगये तत्पश्चात मुनी महाराज श्री १००८ श्री तीर्थविजयजी व रामविजयजी ग्रामानुग्राम विहार करके डगमें पधारे और ५ दीन मुकाम करके धर्म उपदेस देकर प्रगट कीया की मेने श्री पडासलीजी प्राचीन तिर्थ श्रवण करनेमे आया है सो मेरी भी इच्छा जात्रा करनेकी है और उस स्थानपर मेला कायम करनेकी इच्छा है तव उस वक्तमें सोहा गुलाबचंदजी गीरधरलालजी गांग के वहांपर बाईके विवाहपर रुनीजा भानपूर गंगधार वगेराके श्रावक महेमान आये थे वह सब श्रावक व उक्त ग्रामके सब श्रावक व्याख्यानमें मुजुदथे उसी वक्तमें सलाह होकर आसपास के ग्रामोंमे चीटीये देकर मीती आसाड वुद ४ की जात्रा का ठराव कीया और ईन्द्र धुवजभी तयार कराया और सामान वगैरे का ईन्तजाममी ग्राम रुनीजाके श्रावकोने करना स्वीकार करके सब सामान इकट्ठा करादिया था. ततपश्चात् मिती आसाड वुद २ को बीहार करके श्रीपडासलीजी पधारे. आसाड वुद ४ के ८ बजे उसवक्त उक्तमुनी महाराजने देरासरजीमें पधारकर दरशन कीये और ईस्तुति करके प्रगट कीया के जैसी मेने महेमा सुनी थी वैसीही तिर्थभूमी है. बादमें रात्रीमें आरतीभी आनंदसे हुई और बाद आसाड वुद ५ को ८ बजे तक कुलजात्री श्रावक श्राविका अंदाजन २००० के एकत्रीत होगये थे ऊसवक्तमें व्याख्यान व पुजनका आनंदमी अछा रहा और व्याख्यानमें समस्त श्रीसंघकी सलहासे मीति फालगुन सुदी ९ का मेला हमेसा के लिये मुकर्रर करके सब जात्रीको प्रगट करदिया. बादमें श्रीजीकी भेट हुई और जलजात्राकी त्यारी कराई गई उसवक्तमे महात्मा हुकमीचंदजी महाराज को ग्राम पीपलीनसे सराबगीयोके मन्दीरकी लाई हुई सोनेकी पालखी व चांदीके चवर छडी सजाये गये थे. और पंचतीर्थीजीके प्रतिमा विराज-

मान करके अति आन्दसे जलस्थानके निकट संनातर पुजन व [illegible]
उस वक्त के आनंदका वर्णन करनेकी मेरी शाक्ति नही है. ईस वठाठसे उक्त मुनी महाराजने जात्राकी. कुल रु. ११०० के अन्दाज मंदीरमें आया वह रुपीया खजीनेमें सहा सुरंजमलजी गुलाबचंदजी के यहापर जमा हैं और अव मेरी प्रार्थना यह हें कें ईस तिर्थकी सकल संघने जात्रा कर के जीवन सफल करना चाहीये और देव द्रवको बढाकर ईस तीर्थका जीरणोद्धार कराना चाहीयें ईससे धर्मकी उन्नती और आतमाका कलियाण होगा इति.

**नोट**—ईसतीर्थके जीर्णोद्धारमें कोनफंसकी तरफसे भी कोसीस करना चाहिये. मिती पोष वद १३ दीतवार संवत १९६२.

प्रगट कर्ता आपका सेवक,

**श्रावक चुनीलाल नाथुलाल.**

ओसवाल छोटेसाथ ( डग ).

राजझालावाड, मु. मालवा ईस्टेसन उजेन व मंदसोर.

---

# નામદાર દેશી રાજાઓ અને જીવહિંસા.

અમને જણાવતાં અતિ હર્ષ થાય છે કે કાઠીઆવાડમાં આવેલ પહેલા વર્ગના રાજ્યકર્તા, સાહિત્ય અને વૈદકના ખાસ શોખીન, પ્રજાનું શ્રેય કરવામાં તત્પર, નામદાર ગોંડલના ઠાકોર સાહેબ સર ભગવતસિંહજી જી. સી. એસ. આઈ; એલ. એલ્. ડી. એમણે પોતાનું રાજ્ય કે જેનું ક્ષેત્રફળ આસરે ૭૦૦ માઈલ છે, અને જેની વસ્તી આસરે ૨ લાખ જેટલી છે, તેમાં હાલ એવો ઠરાવ, પોતાના રાજ્યના ગેઝેટ મારફતે, બહાર પાડયોછે કે ઘેટાંનાં બચ્ચાં અથવા લવરડાંને, તેઓ અમુક ઉમરના થાય ત્યાં સૂધી કોઈ ભરવાડ, રબારી અથવા તેમને પાળનારાએ છૂટા મૂકી દેવાં નહિ. જે કોઈ રખડતાં મૂકી દેશે તે દોષપાત્ર છે, અને તેને માટે અમુક શિક્ષા ફરમાવી છે. આવી જાતના જીવદયાના હુકમો અત્યારસૂધી પાલણપુર, રાધનપુર, બજાણા, જામનગર તથા ગોંડલમાં નીકળેલા જાણવામાં આવ્યા છે. પહેલાં ત્રણે મુસલમાન રાજ્યો છે, પરંતુ જામનગરના ભગીરથ પ્રયાસી દોશી કરશનજી જગજીવનની ખાસ મહેનત અને ઉત્સાહથી એ મુસલમાન રાજ્યોએ આવી જાતના ઠરાવો બહાર પાડી પોતાના તથા પ્રજાના આત્માનું અમુક અંશે શ્રેય કર્યું છે, તથા દેશની આર્થિક ઉન્નતિમાં પણ મદદ કરી છે. આપણા દેશમાં ૮૦ ટકા માણસો એક યા બીજી રીતે ખેતીપર આધાર રાખેછે. તેથી ગાયો, બળદોને બચાવવા એ સૌથી અવશ્યનું કર્તવ્ય છે. સંવત ૧૯૫૬ ના દુકાળમાં અમદાવાદ ખાતે એક યુરોપીયને ચામડાનું કારખાનું કાઢ્યું હતું, અને તે વખતે સંખ્યાબંધ જનાવરોના ચામડાં ત્યાં, રૂપિયાની લાલચે જીવતાં જનાવરોને મારીને પણ, લાવવામાં આવ્યાં હતા. એ પ્રમાણે

એ વર્ષમાં હજારો બળદો, ભેંસો તથા ગાયો ઘાસ પાણીવિના કમોતે મરીગયાં હતાં. દેશની ખેતીને તેથી અતિશય ધક્કો પહોંચ્યો હતો. તેમાંથી જરા જરા ટટાર થવાનો સમય આવેછે, પણ હજી ઉપરા ઉપરી ખરાબ વર્ષો આવવાને લીધે ખેતીનો આપણો દેશ ટટ્ટાર થઇ શકયો નથી. બળદો ખેતીને માટે તથા ગાયો દૂધ, દહીં, છાશ, ઘી, તથા બીજા પૈષ્ટિક પદાર્થોમાટે ખરેખર ઉપયોગી છે. અનાજ, દેહના નિભાવ અર્થે અને દૂધ વિગેરે, પુષ્ટિમાટે આવશ્યક છે. એવા પ્રાણીઓની હિંસા થતી અટકાવવામાં આપણે આપણુંજ શ્રેય કરીએ છીએ. જે દેશી રાજાઓ જીવહિંસા થતી અટકાવેછે તે વસ્તીનુંજ ખરી રીતે શ્રેય કરે છે. વસ્તી બિચારી અજ્ઞાન હોવાથી પોતાનું ખરેખરૂં હિત અહિત સમજી શકતી નથી, તેથી અજ્ઞાનને લઈને જીવહિંસા કરે, પણ દીર્ઘ દ્રષ્ટિ રાજ્યકર્તાઓએ હિંદને માટે તો ખેતીનાં ઉપયોગી ઢોરોમાટે તથા ઘેટાં, કે જેઓ ઉન ઉત્પન્ન કરી આપી એક નવો ધંધો આપેછે, તેવાં પશુઓના રક્ષણમાટે ખાસ કાયદા બાંધવા જોઇએ. આવો પ્રયાસ મી. કરશનજીએ ભાવનગરમાં કર્યો હતો, પણ તેનું પરિણામ આવ્યું કંઇ જાણ્યું નથી. તો નામદાર ભાવનગર નરપતિને તથા બીજાહિંદુ મુસલમાન સર્વ રાજ્ય-કર્તાઓને અમારી નમ્ર પ્રાર્થના અને ભલામણ છે કે તેઓએ પોતાની પ્રજા તથા પોતાના હિત અર્થે ( પ્રજાના હિતમાંજ પોતાનું હિત સમાયલું છે. ) આવા પ્રાણીરક્ષક કાયદાઓ બાંધવા મહેરબાની કરવી. નામદાર ઈંગ્રેજ સરકાર તો માંસાહારી હોવાથી, તથા યુરોપની સર્વ પ્રજાઓની માફક જીવદયાની બાબતમાં ઓછું સમજતી હોવાથી આપણે તેની પાસેથી આવા કાયદાની આશા રાખવી એ ફોકટ છે. પણ દેશી રાજ્યકર્તાઓની આ પહેલી ફરજછે, તે તેઓ ધ્યાનમાં લેશે. મુસલમાનો ગોમાંસ ખાયછે અને કોઇ કોઇ પ્રસંગે ગમતથી પણ તેઓ હિંદુભાઇઓનાં દિલ દુખવી ગોવધ કરવા હઠ લે છે. આજના વિષયના નાયક ઠાકોર સાહેબ સર ભગવતસિંહજી તેજ દ્રઢરાજા છે, કે જેણે પોતાની હકુમતમાં આવેલા ધોરાજી નામના ગામમાં ( જ્યાં મુસલમાનોનું અતિશય પરિબળ છે ત્યાં ) ગોવધની મનાઇનો ઠરાવ બહાર પાડયો હતો. મુસલમાન ભાઇઓ આ પ્રમાણે વર્તશે કે નહિ તે એક ગંભીર સવાલ હતો, કારણકે ધોરાજીના મુસલમાનો આખા હિંદના મોટા વ્યાપારી અને શ્રીમાન છે. પણ નામદાર ઠાકોર સાહેબે તે બાબતમાં ઈંગ્લંડની પ્રીવી કાંઉસીલમાંથી છેવટનો એવો ચુકાદો મેળવ્યો કે ઠાકોર સાહેબના ઠરાવની આડે અમે આવી શકતા નથી, તેથી પરિણામ બહુ શુભ આવ્યું હતું. અજ્ઞાન રૈયત પોતાનું હિત ન સમજે, તો પણ દેશી નૃપતિઓએ દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરી આ બાબતમાં પ્રજાહિતમાટે ઠરાવો બહાર પાડવા જોઇએ. નામદાર ગોંડલ ઠાકોર સાહેબને તેમના આ ઠરાવ માટે અમે મુબારકબાદી આપીએ છીએ, અને તેમનો દાખલો લેવા હિંદુ મુસલમાન સર્વ રાજ્યકર્તાઓને વિનવીએ છીએ.

---

# બંગાળામાં સર્વથી નિર્દય ધંધો.

મનુષ્યમાત્રે કંઈ પણ ઉદ્યમ કરી પેટનિર્વાહ કરવો જોઇએ. જીવહિંસા રહિત ધંધો સર્વોત્તમ છે. પણ હાલના સમયમાં તદ્દન જીવહિંસા રહિત ધંધા બહુ થોડા છે. હાથથી

એ વર્ષમાં હજારો બળદો, ભેંસો તથા ગાયો ઘાસ પાણીવિના કમોતે મરીગયાં હતાં. દેશની ખેતીને તેથી અતિશય ધક્કો પહોંચ્યો હતો. તેમાંથી જરા જરા ટટાર થવાનો સમય આવેછે, પણ હજી ઉપરા ઉપરી ખરાબ વર્ષો આવવાને લીધે ખેતીનો આપણો દેશ ટટાર થઇ શકયો નથી. બળદો ખેતીને માટે તથા ગાયો દૂધ, દહી, છાશ, ઘી, તથા બીજા પૌષ્ટિક પદાર્થોમાટે ખરેખર ઉપયોગી છે. અનાજ, દેહના નિભાવ અર્થે અને દુધ વિગેરે, પુષ્ટિમાટે આવસ્યક છે. એવા પ્રાણીઓની હિંસા થતી અટકાવવામાં આપણે આપણુંજ શ્રેય કરીએ છીએ. જે દેશી રાજાઓ જીવહિંસા થતી અટકાવેછે તે વસ્તીનુંજ ખરી રીતે શ્રેય કરે છે. વસ્તી બિચારી અજ્ઞાન હોવાથી પોતાનું ખરેખરૂં હિત અહિત સમજી શકતી નથી, તેથી અજ્ઞાનને લઇને જીવહિંસા કરે, પણ દીર્ઘ દૃષ્ટિ રાજ્યકર્તાઓએ હિંદને માટે તો ખેતીનાં ઉપયોગી ઢોરોમાટે તથા ઘેટાં, કે જેઓ ઉન ઉત્પન્ન કરી આપી એક નવો ધંધો આપેછે, તેવાં પશુઓના રક્ષણમાટે ખાસ કાયદા બાંધવા જોઇએ. આવો પ્રયાસ મી. કરશનજીએ ભાવનગરમાં કર્યો હતો, પણ તેનું પરિણામ આવ્યું કંઇ જાણ્યું નથી. તો નામદાર ભાવનગર નરપતિને તથા બીજાહિંદુ મુસલમાન સર્વ રાજ્યકર્તાઓને અમારી નમ્ર પ્રાર્થના અને ભલામણ છે કે તેઓએ પોતાની પ્રજા તથા પોતાના હિત અર્થે ( પ્રજાના હિતમાંજ પોતાનું હિત સમાયલું છે. ) આવા પ્રાણીરક્ષક કાયદાઓ બાંધવા મહેરબાની કરવી. નામદાર ઇંગ્રેજ સરકાર તો માંસાહારી હોવાથી, તથા યુરોપની સર્વ પ્રજાઓની માફક જીવદયાની બાબતમાં ઓછું સમજતી હોવાથી આપણે તેની પાસેથી આવા કાયદાની આશા રાખવી એ ફોકટ છે. પણ દેશી રાજ્યકર્તાઓની આ પહેલી ફરજછે, તે તેઓ ધ્યાનમાં લેશે. મુસલમાનો ગોમાંસ ખાયછે અને કોઇ કોઇ પ્રસંગે ગમતથી પણ તેઓ હિંદુભાઇઓનાં દિલ દુખવી ગોવધ કરવા હઠ લે છે. આજના વિષયના નાયક ઠાકોર સાહેબ સર ભગવતસિંહજી તેજ દૃઢરાજા છે, કે જેણે પોતાની હકુમતમાં આવેલા ધોરાજી નામના ગામમાં ( જ્યાં મુસલમાનોનું અતિશય પરિબળ છે ત્યાં ) ગોવધની મનાઇનો ઠરાવ બહાર પાડયો હતો. મુસલમાન ભાઇઓ આ પ્રમાણે વર્તશે કે નહિ તે એક ગંભીર સવાલ હતો, કારણકે ધોરાજીના મુસલમાનો આખા હિંદના મોટા વ્યાપારી અને શ્રીમાન છે. પણ નામદાર ઠાકોર સાહેબે તે બાબતમાં ઇંગ્લંડની પ્રીવી કાંઉસીલમાંથી છેવટનો એવો ચુકાદો મેળવ્યો કે ઠાકોર સાહેબના ઠરાવની આડે અમે આવી શક્તા નથી, તેથી પરિણામ બહુ શુભ આવ્યું હતું. અજ્ઞાન રૈયત પોતાનું હિત ન સમજે, તો પણ દેશી નૃપતિઓએ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી આ બાબતમાં પ્રજાહિતમાટે ઠરાવો બહાર પાડવા જોઇએ. નામદાર ગોંડલ ઠાકોર સાહેબને તેમના આ ઠરાવ માટે અમે મુબારકબાદી આપીએ છીએ, અને તેમનો દાખલો લેવા હિંદુ મુસલમાન સર્વ રાજ્યકર્તાઓને વિનવીએ છીએ.

---

# બંગાળામાં સર્વથી નિર્દય ધંધો.

મનુષ્યમાત્રે કંઈ પણ ઉદ્યમ કરી પેટનિર્વાહ કરવો જોઇએ. જીવહિંસા રહિત ધંધો સર્વોત્તમ છે. પણ હાલના સમયમાં તદન જીવહિંસા રહિત ધંધા બહુ થોડા છે. હાથથી

માણસ કામ કરી શકે તે કરતાં સંચાથી અતિશય વધુ કામ ઉતરતું હોવાથી સંચાઓ વગર ચાલી શકે એમ લાગતું નથી. મીલ, જીન, પ્રેસો, વિગેરેમાં ઉના પાણીના હોજોમાં હજારો જીવની વિરાધના થાય, તથા તે સંચાઓ માટે ચરબી વાપરવી પડે એ ખરૂં, પણ હાલના જમાનામાં સંચાથી કામ કરનાર દેશો અતિશય ફાવી શકે છે. જ્યારે હાથે કામ કરનારને બહુ મુશ્કેલી પડી જાય. આટલે સૂધી તો કંઈક ઠીક છે. જો કે આપણા શાસ્ત્રમાં તો પંદર કર્માદાનમાં આ સંચાઓનો સમાવેશ થઈ જાય છે, પરંતુ જમાનાની જરૂરીઆતને લીધે બીજો ઉપાય નથી. બીજા ધંધાઓ સાથે મરી ગયેલાં જનાવરોના ચામડાનો વેપાર એ પણ એક ધંધો છે, અને તે આપણા શાસ્ત્ર પ્રમાણે નિષિદ્ધ છે, પરંતુ તેથી પણ ખરાબ હકીકત એ બહાર આવી છે કે જીવતાં જનાવરોનું ચામડું ઉતરડી તે વેચવા માટે બંગાળામાંથી અમેરિકા જાય છે. કેવો નિર્દય ધંધો! અસલના વખતમાં રાજાની ખફા કોઈ માણસપર ઉતરતી તો તે તેની ચામડી ઉતરડાવી નખાવતો. અસલના હિંદુ રાજ્યો કરતાં ઇંગ્રેજી રાજ્યઅમલમાં જીવહિંસા તો ઘણીજ છે, કારણ કે તેઓને માંસનો નિષેધ નથી, અને તેઓનું જોઈને આ દેશમાંના કેટલાક દેશીઓ પણ ભ્રષ્ટ થયા છે. પરંતુ જીવતાં જનાવરની ચામડી ઉતારવાનું કારણ તો એમ સમજાય છે કે એવાં ચામડાંનો ભાવ વધારે ઉપજે છે! પૈસાખાતર પંચેંદ્રી જનાવરોની ચામડી જીવતાં ઉતારતાં પણ અચકાતા નથી એ પંચમકાળનું અતિ ધૃષ્ટ હૃદય છે. કલકત્તાના આ વેપારીઓ અમેરિકા ચામડાં ચડાવે છે અને અમેરિકાના વેપારીઓના લક્ષમાં આ વાત આવતાંજ તેઓએ તે બાબત પોતાનો તિરસ્કાર જાહેર કરી કલકત્તાની જાનવરોપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળીપર પત્ર લખ્યો છે. બંગાળમાં મુઝફરપુર જીલ્લામાં આ ધંધો ખાસ કરી ચાલતો કહેવાય છે અને બંગાળાની સરકારનું ધ્યાન પણ તે તરફ ખેંચવામાં આવ્યું છે. કૉન્ફરન્સ જીવદયાના પેટામાં આ વિષે ઠરાવ પસાર કરી નામદાર બંગાળ સરકાર તરફ મોકલી આપે તો યોગ્ય થાય. બીજું એ સૂચવવાનું કે કલકત્તા, મુર્શિદાબાદ વિગેરે બંગાળના શ્રી જૈનબંધુઓ તરફથી સ્થાનિક દિલગીરીના ઠરાવો બંગાળના નામદાર લેફટેનન્ટ ગવરનરપર જવા જોઈએ, કે જેથી તેમના હૃદયમાં વાત ઉતરે. અમેરિકાથી જે પત્ર આવ્યો છે તે ન્યુયૉર્કથી મોરોકો મૅન્યુફેક્ચરર્સ એસોસીએશનનો આવેલ છે. બંગાળ પ્રાંતમાંના આ બકરાં બીજા પ્રાંતોનાં બકરાં કરતાં કદે નાનાં હોય છે અને તેથી તેનું ચામડું થોડા ઇંચ વધુ લાંબું થશે એમ ધારી આ જીવતાં ચામડાં ઉતારવામાં આવે છે. ખરેખર તો એવાં ચામડાં નકામાં અને નાની કીંમતનાં છે તો પણ ખોટા ખ્યાલથીજ આ નિર્દય કામ થાય છે. આ કામ માટે ઉપલી એસોસીએશને રૂ. ૨૨૯૧ ની હુંડી પણ બીડી છે. માંસાહારી અમેરિકનોમાં પણ દયા છે, તેનો આ દાખલો બહુ ઉત્તમ છે. આ બાબતમાં કોન્ફરન્સને તથા સ્થાનિક રહેવાસીઓને અમારી ઉપરની પ્રાર્થના છે. આ કામ તદન બંધ કરનાર, કરાવનાર બહુ પુણ્યનો ભાગી થશે. જીવન આ એકલુંજ નથી, પણ આવતા ભવ માટે બી જેવું છે તે લક્ષમાં રાખવા જેવી બાબત છે.

લઈ જાય તો એ સમસ્ત પુણ્ય મેળવી શકાય છે. ઉચ્ચ જીવ બહુ થોડા હોય છે, સામાન્ય ઘણા હોય છે. જીવની પરીક્ષા બહારના પહેરવેશથી, સુઘડતાથી અથવા ભભકાથી થઈ શકતી નથી. એ પરીક્ષા તો અનુભવેજ આત્મે આત્મા અથવા સર્વજ્ઞજ કરી શકે. આ શ્લોક શ્રીમદ્ સોમપ્રભાચાર્યના સિંદૂર પ્રકરમાંથી લેવામાં આવ્યો છે. શ્રીમદ આચાર્ય સંઘને કેટલો બધો પૂજ્ય ગણેછે? ઉપર કહી ગયા પ્રમાણે સામાન્ય અને તેથી પણ ઉતરતા દરજ્જાના ઘણા સ્વામીભાઈઓ હોય છે. તેઓ પણ સંઘ તરીકે પૂજ્ય છે. તેઓને પણ ગણતરીમાં લેવાના છે. વિશેષ સંઘ કેવો છે, કે તેની ઇચ્છા સંસારના ત્યાગની છે. આપણામાંના ઘણાઓને સંસારમાં અનેક પ્રસંગોએ કડુ અનુભવ થતાં વિરાગદશા ઉત્પન્ન થઈ જાય છે, છતાં સ્વામી વિવેકાનંદ કહે છે તે પ્રમાણે સંસારી મનુષ્યનું જીવન **કર્તવ્ય** કર્યાથીજ ફળીભૂત થઈ શકે; ઉપર પણ એજ હેતુથી લખાયું છે કે મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે. મુક્તિના સાધન માટે સાવધાન ક્યારે થઈ શકાય? ઉચ્ચ વિચારો, પવિત્ર શબ્દો અને શુદ્ધ વર્તન, શ્રાવકનાં બાર વ્રત, ચાર ભાવના, તથા પ્રભુ પાસે અત્યંત નમ્રતા, વિગેરે બની શકે ત્યારેજ મુક્તિના સાધનનો રસ્તો બની શકે છે. આચાર્ય સંઘની પૂજા કરવાનું લખે છે તે આવા આવા ગુણો સંઘમાં છે એમ સ્વિકારીનેજ લખે છે. સંઘે—સંઘની દરેક વ્યક્તિએ—બની શકયા પ્રમાણે ઉપર દર્શાવેલું પાળવા યત્ન કરવો, એમાંજ વ્યક્તિની—સમષ્ટિની—સંઘની પૂજ્યતા છે. કોઇ પણ સ્થળને તીર્થ ક્યારે કહેવાય? આગળ આવી ગયેલા અતિ ઉત્તમ પરમાણુઓ જ્યાં નિવાસ કરી રહ્યા છે, તે સ્થળનેજ તીર્થ કહેવાય, સંઘમાં એવા ઉત્તમ પરમાણુઓ છે એમ માનીનેજ શ્રી તીર્થંકર મહારાજ શ્રી સંઘને તીર્થરૂપ ગણે છે. સમહને કદી પણ તિરસ્કારવાનો નથી. સમૂહની શક્તિ અજબ છે. ઉપર કહેલા અનેક ગુણોવાળોજ સંઘ છે. વ્યક્તિમાત્ર એટલે સંઘ. દરેક વ્યક્તિએ પોતાથી બની શકયા પ્રમાણે ઉચ્ચ સ્થિતિમાં આવવા યત્ન કરવો, અને સંઘને દીપાવવો એજ ફરજ છે. કોન્ફરન્સ એ ગામેગામોના સંઘનો સમુચ્ચય છે, મહાસંઘ છે.

**કમીટીના મેંબરો અને ફી**—ભાવનગરમાં ચાલતી કન્યાશાળા એક કરતાં વિશેષ કારણને અંગે દૃષ્ટાંતરૂપ છે. તે કન્યાશાળા એક સ્ત્રીની ઉદારતાથીજ સ્થપાયલી છે. સ્ત્રીઓ જે પ્રકારની સખાવત કરે છે, તેના કરતાં સ્ત્રી કેળવણી માટેની સખાવત અતિ ઉત્તમ પ્રકારની છે, એમ સ્ત્રીઓ સમજે, એ આ આગળ વધતા જમાનાની શુભ નિશાની છે. નામદાર સરકાર હસ્તક ચાલતી કન્યાશાળાઓમાં પણ સ્ત્રીશિક્ષકો મેળવતાં કેટલી મુશ્કેલી પડે છે, અને સ્કૂલોનાં પ્રમાણમાં સ્ત્રીશિક્ષકો કેટલી બધી ઓછી છે તે અનુભવજ કહી શકે. ભાવનગર ઉજમબાઈ કન્યાશાળામાં આવી સ્ત્રી શિક્ષકો મળી શકી છે, એ પણ જ્ઞાતિના શુભ નસીબજ છે. કારણ કે, આપણી જ્ઞાતિમાં સ્ત્રીઓ થોડીઘણી ભણેલી હોય છે, પરંતુ તેઓમાંથી શિક્ષકનો ધંધો પસંદ કરવા કોઇને તયાર કરવી એ અતિશય વિકટ કામ છે. આ કન્યાશાળા તે બાબતમાં પણ નસીબદાર નીવડી છે. કન્યાશાળાની વ્યવસ્થા માટે એક વ્યવસ્થાપક કમીટી છે. કોઈ લાઈબ્રેરી, સ્કૂલ, વિગેરેમાં મેમ્બર અથવા વિદ્યાર્થીની ફી હોય, પરંતુ એક લેખપરથી હમણા જણાય છે કે ત્યાંની વ્યવસ્થાપક *કમીટીમાં જે માણસો મેમ્બર થવા ઉમેદવારી કરે તેણે ફી રૂ. ૧ આપવા તૈયાર થવું જોઇએ.* અમે આ નિયમનું વાસ્તવિકપણું સમજી શકતા નથી. વ્યવસ્થાપક કમીટીના મેંબરો આ વિષેનો ખુલાસો બહાર પાડશે એમ આશા છે.

**સ્ત્રી અને પુરૂષો:**—કોઈ કોઈ લેખકો એવો સવાલ ઉઠાવે છે કે શ્રાવિકા એ સૌથી અગત્યનું સંઘનું અંગ હોવા છતાં તેને છેલ્લું શા માટે મૂકવામાં આવતું હશે? શ્રાવક કરતાં સાધુ જીવન અતિશય ઉચ્ચ, પવિત્ર, શતગણું ઉત્તમ છે. સાધુ એ પહેલું અંગ તદન વાસ્તવિક છે. " પુરૂષ અને સ્ત્રી " નામના પુસ્તકમાં અતિશય સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે કે પુરૂષનું અને સ્ત્રીનું શરીરનું બંધારણ તદન જુદાજ નિયમોપર છે. સ્ત્રીનું શરીર કોમળ છે, પુરૂષનું

ખડતલ છે. સ્ત્રીની પ્રકૃતિ નરમ છે, પુરૂષની ઉગ્ર છે. હાલ એમ પણ વાંચવામાં આવ્યું છે કે અતિશય ઉચ્ચ અભ્યાસક સ્ત્રીઓની જનનેંદ્રિયને એટલી બધી હરકત, મગજપર અતિશય બોજાને લીધે, થાય છે કે તેઓ ગર્ભધારણ માટે નાલાયક થઈ પડે છે. આ પરથી સમજી શકાશે કે જેવી રીતે એમ. એ. જેવા ઉચ્ચ અભ્યાસ માટે પુરૂષ લાયક છે, તેવી રીતે સ્ત્રી લાયક નથી. મતલબ કે જ્ઞાનપ્રાપ્તિ માટે, ન્યાય અને તત્વજ્ઞાન જેવા ગહન વિષયો માટે સ્ત્રીઓ મહેનત કરે તો કદાચ પુરૂષ સાથે હરીફાઈ કરી શકે, પણ તેમ કરવા જતાં સ્ત્રી તરીકેની એમની જે ખાસ ફરજ—માતા થવાની—તેને માથે મૂકાયેલી છે, તેમાં તેણી નિષ્ફળ જશે. વસ્તીનો વધારો થતો જાય છે, અને આપણે એક નહિ પરણીએ તો વસ્તીનો વધારો અટકવાનો નથી, એવો ખ્યાલ થવોજ ન જોઇએ. દરેક વ્યક્તિએ પોતાની ફરજ બજાવવાની છે. જે ભૂલશે તે પોતાને તથા આસપાસનાને હેરાન કરશે. આ પરથી જોઇ શકાશે કે સાધ્વી કરતાં સાધુ, અને શ્રાવિકા કરતાં શ્રાવકનું પદ ઉચ્ચ છે, કારણ જ્ઞાનપ્રાપ્તિ માટે વિશેષ યોગ્યતાને લીધેજ.

**મુનિપ્રયાસઃ**—મુનિરાજ શ્રી મણિવિજયજી થોડા સમયપર જામનગર વિરાજતા હતા અને ત્યાં નિવાસ દરમ્યાન ઘણા સ્વામી ભાઇઓને તેમણે કારજ કરવાની બાધા આપી છે. ત્યાંથી વિહાર કરતાં વાંકાનેર પધાર્યા હતા. અને ત્યાંપણ સંઘના મોટા ભાગને કન્યાવિક્રયની તથા ચાળીશ વર્ષની ઉમરથી ઓછી ઉમરે ગુજરી ગયેલાનું કારજ નહિ કરવા બાધા આપી હતી. આ પરથી કેટલાંક અનુમાનો કુદરતીરીતે નીકળે છે. મુનિરાજો એકલું વ્યાખ્યાન વાંચે, તેથી તેઓની ફરજ સંપૂર્ણ થતી નથી, પરતું આવીરીતે અઢાર પાપ સ્થાનકના જે વિભાગમાં હાલ ચાલતા કુરીવાજો ગણી શકાય, તે વિભાગ વિષે વ્યાખ્યાન ચાલતાં તે કુરીવાજનું પણ હૃદયભેદક વર્ણન આપવાની જરૂર છે. એવી રીતે ચાલુ બાબતો વિષે સાંભળતાં જનવૃત્તિ વિશેષ જાણવા તત્પર થશે, અને દૃઢ છાપ પડતાં, સમજણ સહિત જ્ઞાન મળતાં, પોતાની ભૂલ જોઈ, સમજી, સુધારવા યત્ન કરશે. બીજું જોઇએ તેવો શુદ્ધ શ્રાવક ઉપદેશ કરે, તોપણ તેનીજ સાથના દરજ્જાના સાધુજીના ઉપદેશ કરતાં તેની અસર ઓછી થશે. આવા કુરીવાજો કાળક્રમે કેળવણીની અસરથી ધીમે ધીમે જાત એ ખરૂં, પણ તે જતાં દરમ્યાન અતિશય નુકશાન થાત, તે થતાં રહી ગયું છે, અને તેના કારણિક મુનિરાજ શ્રીમદ્મણિવિજયજી છે. ઉપદેશાત્મક સાધુજીવન અતિ ઉચ્ચ છે. સર્વ સાધુ મુનિરાજોએ આવા યોગ્ય ફેરફારો કરાવી આર્થિક, માનસિક વિગેરે લાભો કરવા એજ પ્રાર્થના છે.

**નૂતન સંસ્થા**—કાઠીયાવાડમાં આવેલ ગોહેલવાડના એક જૈનબંધુએ એમ ઇચ્છા જણાવી છે કે મુંબઇ અભ્યાસ કરવા આવતા અથવા ધંધો શીખવા આવતા જૈન ભાઇઓ માટે રહેવાની બહુજ અગવડ છે. હાલના જમાનામાં જે ધંધાઓ શીખવાથી ભવિષ્યમાં સારો લાભ થાય એવા ધંધા શીખવા ઇચ્છતા ગરીબ જૈન ભાઇઓ, જેઓ પાસે પૈસાની ખેંચ હોય, તેઓને અમુક વ્યાજે નાણા ધીરવા પણ તેઓ ઇચ્છે છે. આ પ્રમાણે રહેવાની અગવડવાળાને રહેવાની તથા પૈસાની અગવડવાળાને પૈસાની સગવડ થઈ રહેશે. વળી આ ગ્રહસ્થ સારા વસીલાવાલા માણસ હોવાથી પાંચ ભાઇઓ માટે કોઈ જગ્યાએ વેપારમાં ભલામણ પણ કરી શકે ખરા. ધંધો અથવા શોર્ટ હન્ડ, ટાઇપ રાઇટીંગ, એકાઉન્ટન્સી—લેનારને આ પ્રમાણે ભલામણ પણ વગર માગી મળી શકશે. અમે આ સંસ્થાને ફતેહ ઇચ્છીએ છીએ અને આશા રાખીએ છીએ કે અમુક ભોગ આપવા પડે તો તે આપીને પણ ધારેલી સંસ્થાને પાર પાડવા તેઓ કોઇરીતે પાછા નહિ હઠતાં દૃઢ રહેશે.

**બાધિત વસ્તુઓ.**—એક પત્રમાં એવું લખાયું છે કે ચામડાનાં પૂઠાં, પીછાંવાળી ટોપીઓ, હાથીદાંત, કચકડાના ચૂડા વિગેરે નહિ વાપરવા કૉન્ફરન્સે ઠરાવ તથા ભલામણ કરીછે તે યોગ્ય છે, પરંતુ હીંગ, કસ્તુરી, ગોચંદન વિગેરે ચીજો નહિ વાપરવા કૉન્ફરંસ ઠરાવ કરે તે જરા હદ કરતાં વિશેષ

લાગે છે, અને એવી રીતે નામોની સંખ્યા વધાર્યા જઈશું તો ક્યાં પાર આવશે? મતલબ કે — રીતે નામો આપવાની જરૂર નથી. અમારો અંગત અભિપ્રાય તો એ છે કે જે ઠરાવો અમલમાં મૂકી શકાય તે કર્યા કામના; બીજા કાગળપર શોભે પરંતુ વ્યવહારમાં રતિભાર પણ નકામા ઠરાવો કરવા કામના નથી. કાઠીઆવાડ અને ગુજરાતમાં હાથીદાંત બંધ થયો છે? બંધ થાય એવી આશા હાલ રખાશે ખરી? કસ્તુરી બહુ થોડા માણસો વાપરે છે, તે બંધ થઈ શકે ખરી. પણ હીંગ, જે જૈનોમાં સામાન્ય ઉપયોગની છે તે બંધ કરવી શકય લાગે છે? નામ તો આપવાં ઉત્તમ છે, એમ અમારૂં માનવું છે, કારણ કે તેથી સંઘના ધ્યાનમાં રહે કે ફલાણી વસ્તુઓ નિષિદ્ધ છે.

**સ્વાર્પણ.**—હિંદુસ્તાનમાં ગૃહસ્થ અને યાચક વર્ગ એવા બે મુખ્ય વિભાગો દરેક પંથમાં છે. આથી યાચક વર્ગ ઉદરનિર્વાહ જેટલું મેળવી બાકીનું જીવન જનસમુહના કલ્યાણ અર્થે અર્પી શકે. જૈન સિવાય બીજા પંથો અને કોમોમાં કાં તો યાચક વર્ગ ધનની ઇચ્છાવાળો થયો છે અથવા તો ઉદરનિર્વાહ મેળવીને લોક કલ્યાણ કરવાની ઇચ્છા રહિત થયો છે. આપણા પવિત્ર મુનિરાજોને પૈસાની ઇચ્છા નથી, અને પોતાની ફરજ–વ્યાખ્યાનદ્વારા લોકોને ઉપદેશી જનહિત કરવાની–બજાવે જાયછે. ઉદરનિર્વાહ જેટલું મેળવી પોતાની ઉત્તમોત્તમ શક્તિ આપવી એ એક જાતનું સ્વાર્પણજ છે. પુણાની ફરગ્યુસન કોલેજમાં એવા દક્ષિણી પ્રોફેસરો ઉદરનિર્વાહ જેટલો પગાર લઇ કામ કરનારા પણ છે કે, જેની જોડી માત્ર ગણીગાંઠી જગ્યાએજ જડી શકે તેમ છે. લાહોરનું ગુરૂકુળ પણ અસલ આર્યાવર્તના ગુરૂકુળ જેવું–સ્વાર્પણવાળું છે. વિદ્યાર્થીને કંઈ ફી વિગેરે આપવાનું નહિ, પણ જતી વખત શક્તિ હોય તે પ્રમાણે આપે. આવુંજ એક ગુરૂકુળ સંયુક્ત પ્રાંતોમાં બંધાયુનું છે અને ત્યાં બ્રહ્મચારી રૂદ્રદતજી સ્વાર્પણથીજ કામ કરેછે. આપણા જૈનબંધુઓમાંથી જે કોઈ આવો આત્મભોગ, આત્માર્પણ, કરવા માગતું હોય તેને માટે પનાલાલ જૈન હાઇસ્કૂલ તથા યશોવિજયજી જૈન પાઠશાળા, બનારસ, છે.

**બાળબોધ લિપી**--હિંદુસ્થાનમાં જૂદી જૂદી ભાષાઓ એક ક્યારે થઈ જશે અથવા થઈ શકશે એ એક ગંભીર સવાલ છે, પરંતુ એક લીપી હોય તો ગમે તે ભાગનો માણસ ગમે તે દૂરમાં ભાગનું લખેલું વાંચી શકે. આવા ઉદાર હેતુથી કોઇ કોઇ માણસો બાળબોધ લિપિમાંજ લખે છે. ભાષા રસજ્ઞ માણસો એવું લખે એ તો ઠીક પરંતુ સંયુક્ત પ્રાંતોમાં આવેલા સહારનપુરના એક વેપારી લાલા શાદીરામે પોતાના ચોપડાઓમાં, પત્રમાં વિગેરે બધી જગ્યાએ બાળબોધજ લખવા નિશ્ચય કર્યો છે, અને તે પ્રમાણે હાલ લખે છે.

**સ્ટાંડર્ડ ટાઈમ**—મુંબઈ ઇલાકામાં અને મુંબઈ શહેરમાં સર્વ સરકારી ઓફીસો, બેંકો, રેલ્વે તથા ટપાલ અને તાર ઓફીસ, પોર્ટટ્રસ્ટ વિગેરેમાં નામદાર સરકારના હુકમ અનુસાર તા. ૧ જાનેવારીથી સ્ટાંડર્ડ ટાઇમ—મુંબઈ ટાઇમથી ૩૯ મીનીટ વેહેલો અને લંડન ટાઇમથી ૫॥ કલાક પાછળ ટાઇમ—દાખલ થયો હતો. પરંતુ મુંબઇ મ્યુનિસીપલ કોરપોરેશનમાં પડેલા મત ઉપરથી જણાય છે કે ૩૧ વિરૂદ્ધ ૩૦ મતે તેણે સ્ટાંડર્ડ ટાઇમ સ્વીકાર્યો છે. કોરપોરેશનના બંને જૈન મેંબરોએ દરખાસ્ત વિરૂદ્ધ મત આપ્યો હતો. એક માણસે બીજાને પૂછ્યું, કે અમુક વખતે અમુક દીવસે કોઇના નસીબમાં મૃત્યુ હોય અને ઘડીઆળો તો ૩૯ મીનીટ વહેલી થઈ ગઇ તો એટલું આયુષ્ય ઓછું થઈ ગયું ને? કોઇ જવાબ દેશો?

---

# નવીન સમાચારસંગ્રહ.

**મૂર્તિઓ**—નામદાર પ્રિન્સ ઓફ વેલ્સના હિંદના પ્રવાસ દરમ્યાન તેમની સાથે ગયેલા "જામેજમશેદ" ના ખબરપત્રીએ એવી ખબર તે પત્રમાં આપી હતી કે

ગ્વાલીયરમાં ખડકમાં કોતરેલાં જૈનોનાં સંખ્યાબંધ રાક્ષસી બાવલાં છે. એક બાવલું તો ૫૭ ફીટ ઉંચું છે. નેમનાથજીનું બાવલું ૩૦ ફીટ ઉંચુ છે. એક બાવલાના માથાનો મોગલ શહેનશાહ બાબરે નાશ કર્યો છે (ખંડિત કર્યું છે.) અને જે ભાગો જીર્ણ થઈ ગયા છે તે રંગીન પ્લાસ્ટરથી દુરસ્ત કરાય છે, વિગેરે. આ સંબંધમાં "મુંબઈ સમાચાર" માં જે ચિત્રો આવ્યા હતા તે પરથી જણાય છે કે તે મૂર્તિઓ આપણી નહિ પણ બૌદ્ધોની લાગે છે. જૈન અને બૌધમૂર્તિમાં બહુ ફેર નહિ હોવાથી તે ખબરપત્રીને માલૂમ પડયું નહિ હોય.

બોર્ડીંગ—માંગરોળના મુંબઈમાં રહેતા ભાઈઓ વધુ જાગૃત છે એમ તો લાગે છે. હમણા વળી શેઠ અમરચંદ તલકચંદ માંગરોળમાં જૈન બોર્ડીંગ કાઢવા પ્રયાસ કરે છે એમ સાંભળ્યું છે. બોર્ડીંગ એ અમુક અંશે અસલના ગુરૂકુલો છે. એવા ગુરૂકુલોની બહુજ આવશ્યકતા છે. આ બોર્ડીંગનું કામ જેમ બને તેમ જલદી હાર પડો, એમ ઇચ્છા છે.

કોલેજ—દિગંબરી ભાઈઓએ બનારસમાં જેવી રીતે યશોવિજયજી પાઠશાળા છે તેવીજ રીતે સ્યાદ્વાદ પાઠશાળા કાઢી છે. અને વિશેષમાં ઇંગ્રેજી—સંસ્કૃત કોલેજ પણ ઉઘાડી છે.

સખાવત—મુંબઇ કચ્છી દશાઓશવાળ જૈન બોર્ડીંગમાં હાલ રૂ. ૧૨૫૦૦ ની સખાવત થઈ છે. કચ્છીભાઇઓનો આ પ્રયાસ બહુ સ્તુત્ય છે.

સ્થાનકવાસી કોન્ફરન્સ—આ કોન્ફરન્સ પણ પાટણની કોન્ફરન્સના દિવસોએજ ભરવા નક્કી થયું છે. ડેલીગેટોની ફી રાખી નથી. વીઝીટરોની ફી ખુરસીનો રૂ૦ ૧ તથા બાંકડાનો રૂ૦ ાા રાખ્યો છે. વિશેષ સ્થાનકવાસી ભાઇઓની એમ ઇચ્છા જણાણી છે કે આપણી અને તેમની વચ્ચે જે બીન જરૂરી મતભેદ હોય તે દુર કરવા. આ માટે પહેલી સૂચના તેઓની એવી હતી કે પાટણ અથવા મોરબી એ બે કોન્ફરંમાંથી એકની મુદત જરા આગળ પાછળ લઈ જવી. પણ તેમ બની શકે તેમ ન હોવાથી એમ સંભવ છે કે અમદાવાદ અથવા કોઈ બીજા મુકામે બને પક્ષના મુખ્ય માણસો મળી નિવેડો આણશે.

સમેતશિખરજીનો સંઘ—તા૦ ૧૫ મીએ અત્રેથી સુરતી, નગરી તથા ગુજરાતી ભાઇઓનો એક સંઘ (આશરે ૨૦૦ માણસ) શ્રીઅંતરિક્ષ પાર્શ્વનાથજી તથા સમેત શિખરની જાત્રાએ ગયો છે. ચંપાપુરી, પાવાપુરી, રાજગ્રહી, વિશાલા, કાશી વિગેરે આપણાં પ્રાચીન પવિત્ર સ્થળોએ પણ સંઘ જનાર છે લક્ષ્મી મેળવવી એજ એકલો જીવનનો હેતુ નથી. પણ મેળવ્યા પછી પવિત્ર સ્થળો નિહાળી, ત્યાંના ઉત્તમ પરમાણુઓ લેવા યત્ન કરવો એ પણ એક હેતુ છે. અતિ પ્રવૃત્તિમાન મુંબઇનિવાસી બંધુઓએ આ કામ ઉત્તમ નિર્ધાર્યું છે.

રાજદ્વારી માન—નામદાર ઇંગ્રેજ સરકાર તરફથી હમણાજ રાવબહાદુરનો ખીતાબ પામેલા શેઠ નગીનદાસ ઝવેરચંદને મસ્કતના નામદાર સુલતાન તરફથી તથા ઓમાનના ઇમામ તરફથી આરબ ઘોડાની સુંદર જોડીની ભેટ મલી છે. રાજ્યદરબારમાં બની શકતો વગવસીલો રાખવો બહુ કામનો છે. જે કામ લક્ષ્મી કરી શકતી નથી તે સંબંધ કરી શકે છે.

**દાકતર ત્રિભુવનદાસની યાદગિરી**—જુનાગઢના માજી ચીફ મેડીકલ ઓફીસર, કાઠીયાવાડમાં આંખના સર્વોત્તમ દાક્તર, તથા ગિરનારજીના વ્યવસ્થાપક મરહુમ દાક્તર ત્રિભુવનદાસ મોતીચંદ શાહના સ્મરણાર્થે અત્રેની ગ્રાંટ મેડીકલ કૉલેજના વિદ્યાર્થીઓ તરફથી ઉભા કરવામાં આવેલા ફંડમાં રૂ. ૫૦૦ ] ભરાયા છે.

બોર્ડીંગ—જૈન બોર્ડીંગો અત્યાર સુધી ભાવનગર, મુંબઈ, એ બે સ્થળોએ કોલેજના વિદ્યાર્થીઓ માટે જાણવામાં છે. પરંતુ તે બન્ને નામનાં બોર્ડીંગો છે. બોર્ડીંગ એટલે ભોજનગૃહ. તેવી રીતે તે બન્ને ભોજનગૃહ નથી. પણ માત્ર લોજીંગ એટલે રહેવાના સ્થળ છે. આપણામાં કંઈ સાધન નહોતું તેના કરતાં આટલું એ ઠીક છે. આવું એક બોર્ડીંગ પેથાપૂર પ્રાંતિક કોન્ફરન્સ વખતે સ્થાપવામાં આવેલા ફંડમાંથી અમદાવાદમાં ઉઘાડવામાં આવ્યું છે. આ ફંડમાં રૂ. ૨૦૦૦ ભરાયા હતા. આ બોર્ડીંગ પાંચકૂવા પાસે નવા દરવાજાને રસ્તે આવેલા રણછોડલાલ કપૂરચંદના મોટા ડેલામાં છે, અને તેને માટે એક વ્યવસ્થાપક કમીટી નીમવામાં આવી છે.

કાળધર્મ—પૂર્વાશ્રમમાં પાટણનાજ વતની પન્યાસ ધર્મવિજયજીના શિષ્ય મુની સિદ્ધિવિજયજી પાટણમાં કાળધર્મ પામ્યા છે.

હાઈસ્કુલ અને દવાખાનું—બાબુ પનાલાલ હાઇસ્કૂલમાં આશરે ૨૪૦ વિદ્યાર્થીઓની જૈનની સંખ્યા થઈ છે. દવાખાનાનો લાભ દરરોજ આશરે ૫૦ માણસો લે છે.

**માંગરોળ જૈનસભા હાઈસ્કુલ**—બાબુ પનાલાલ હાઈસ્કૂલ થતાં હવે આ હાઈસ્કૂલની જરૂર નથી એમ ધારી તે કાઢી નાખવા અને તેને બદલે કયા ઉત્તમ ખાતામાં એ રૂપિયા ખર્ચવા તે સંબંધી નિર્ણય કરવા મળેલી મેનેજીંગ કમીટીએ તથા જનરલ સભાએ એવો ઠરાવ કર્યો છે કે કન્યાશાળા ઉઘાડવી. મેનેજીંગ કમીટીએ બહુ વિચારપૂર્વક કામ કર્યું હશે, પણ અમને લાગે છે કે એક વર્ષ પનાલાલ હાઇસ્કૂલનું કામ હાર પડ્યા પછી નિર્ણય કર્યો હોત તો બહુ સારૂં થાત.

ડંખ.—સાપના અને વીંછીના ડંખમાટે શેરડીનો સરકો સર્વથી ઉત્તમ ઈલાજ ગણાયો છે.

**હૉસ્પીટલ.**—મુંબઈમાં રહેતા માંગરોળના વણિકો અને તેમાં ખાસ કરી જૈનો વેપાર ધંધામાં ઠીક આગળ પડતા છે, તેઓને જણાયું કે તેમની જન્મભૂમિમાં હોસ્પીટલની અગત્ય છે. તેથી ૬ માસપર એક ફંડ ઉઘાડવામાં આવ્યું હતું અને તેમાં દર માસે રૂ. ૨૫૦ થી ૩૦૦ ભરાતાં તેઓએ હોસ્પીટલનો પાયો માંગરોળના નામદાર શેખસાહેબને હાથે નખાવવાનો નિશ્ચય કર્યો. માંગરોળ શ્રીમાળી સમાજ તરફથી માંગરોળના શ્રીમાળી વણિક બંધુઓને ઉંચા પ્રકારની કેળવણી મફત મળ્યે જાય એવી ગોઠવણ થઇ છે, અને તે પાંચ વર્ષથી સંતોષકારક રીતે ચાલે છે. દેશમાં દવા અથવા વૈદક મદદ મુંબઈના જેવી મોંઘી નથી હોતી તો પણ ગરીબ ભાઈઓને આટલી મદદ પણ બહુ ઉત્તમ છે. જણાયછે કે, માંગરોળના દવાખાનામાં સગવડ થઈ શકે તે કરતાં વિશેષ દરદીઓ આવતા હશે, અને તેથી આ દવાખાનાની જરર માલૂમ પડી છે દાકતર તરીકે ભાવનગરના રહીશ ઠકર કેશવલાલ વિઠ્ઠલદાસ એલ. એમ. એન્ડ. એસ ને નીમવામાં આવ્યા છે. હાલ તુરત આ હોસ્પીટલની મદદ ત્રણ વર્ષમાટે છે દવાખાનું દશા શ્રીમાળી વણિક કોમ માટે છે. નામદાર દરબારશ્રીએ સુયાણી માટે કરેલી બલામણ ઉત્તમ છે. સંસ્થાનના દવાખાનામાં

# ગોદરેજ અને બાઇસ.

## તીજોરીઓ, તાળા, તથા કળ બનાવનાર.

**ગેસ કંપનીની પાસે, પરેલ—મુંબઇ.**

ગોદરેજ અને બાઇસના કારખાનાનાં માલેક ઇંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળના વરાળનાં ઇન્જીનથી ચાલે છે. ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી ત્રીજોરીઓની માફક હોવા છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીયા સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથે વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના ૫ ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવેથી મોકલવામાં આવશે

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી આવી ગમે એવી વેલાતી ત્રીજોરીમાં હોતી નથી

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઇનામ, સોનાના ચાંદ મલ્યાછે.


---

**प्रिय बिरादर भाई रामलाल कंचनलालजी जनरल मर्चेन्ट,**

**खंडवा जिनेंद्र.**

जिल्द १ डायरीकी पहुंची मैंने इसको देखा, अपने जैन कोमपर बडा भारी उपकार किया है. एसी उमदा डायरी जिसमें ज्योतिषकी जरूरी बातें, डांकघर, तारघर और रेलवे की जरूरी हिदायत कानूनी कारवाई की वह बातें जो रोज जाना सबको काम पडता है सब कुछ लिख दिया है. जैन यात्रा का ब्यौरा एसा सिल सिलेवार लिखा है जो यात्रीयोंके बडे कामकी डायरी हो गई. जैन धर्मकी एसी २ बातें प्रगट कर दी जो त्रिसीयों शास्त्रके मथनसेभी मालूम होना असंभव था. कीमतभी मेहनतसे बहुत कम है. जैन सम्वतकी एवज वीर निर्वाण सम्वत या महावीर निर्वाण सम्वत लिखा जाता तो बहतरथा. हमारा धर्म अनादि निधन है. आगें ख्याल रखना. इसकी कदर करना उत्साह बडाना हमारा कर्तव्य है. मैं उपहार धन्यवाद सहित कबूल करताहूं.

आपका,

डिप्टी चम्पतराय—कानपूर.

ता. २३—१२—१९०९.

Registered No. B. 525.

वीर सम्वत् २४३२. ॐ [illegible] सम्वत् १९६२

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हैरल्ड.

Vol. 2, No. 2. पुस्तक २, नम्बर २.

February 1906. फेबरवरी सन १९०६.

Conducted by, GULABCHAND DHADDA M. A. JAIPUR.

Published by, THE JAIN (S.) CONFERENCE OFFICE. BOMBAY.

संपादक—गुलाबचंद ढढ्ढा एम. ए.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

Annual Subscription with postage Re. 1

वार्षिक मूल्य डाकका मूल समेत सिर्फ रु. १.

First make yourself worthy and then expect reward is a teaching full of truth and common sense. Let us start with this axiom and solve our mother-land problem by means of its analysis. Politics, political status, discussion and speechifying on matters political and beggary for political gifts will never furnish you with those entities which make life worth living, embellish your career and secure you a wished-for reward. They are attempts of a child yet not strong enough to stand on its legs to cross the bridge and you know the result. Pity that our intelligent and shrewd brethren have so misdirected their energies and waste their brain in controversies not in the least beneficial to themselves or their country. They are mistaking cause, for effect. It is our social side that, when properly watched and improved will make us worthy to expect those political rewards which our leaders are trying to obtain. That their efforts are doomed to hopeless failure needs no demonstration. May God, if He is, reclaim these way-laid honest folks. Taking it for granted then that our mind and body, our relations with other human beings must first be placed on a sound and satisfactory footing, we must know the means which make these results sure. Reader, imagine for a moment what will make you brave, kind, noble, courteous, sympathetic, increase your information, widen your feelings, regulate your intelligence and shape your wit, foster in you qualities of honesty, truth and unity and finally make you a citizen happy at home and abroad, if you can imagine that, you have won the mark. If not, you are plunged in a mire beyond recovery. Our answer is "Education" in its widest significance. Perhaps it requires a little explanation. Education includes education received at the institutions appointed for the purpose and education received in the world at large. Now, the first kind of education implies male and female education and the second kind necessitates foreign travels. But notwithstanding that education is within our reach, if the soil on which the seed is sown is not sufficiently fertile, no trees will sprout up. Similarly, if our boys and girls are not in a fit condition to receive that high training and reap its advantages it is as good as worthless. For this purpose stoppage of infant marriages and boy marriages is a salutary and much needed reform. This gained moves us a mile farther. We thus see that eliminating male education which, however, requires no preaching, female education, freedom for travels and stopping of intant marriages are the only reforms which stare us in the face and call for immediate introduction. No other reforms are necessary. Others will care for themselves. If you will consider well, you will, I trust, agree in my views. I know there are many religions scruples and superstitions of tremendous force besetting our path but against a resolute will and determinate attack they must vanish as an apparition. Logically then our analysis of "make

yourself worthy" comprises these three elements and when you have literally made yourself worthy, its consequent reward, political status, affluence, independence, liberty and equality are sure to follow as day follows night and night the day.

---

## આર્ય તનુજોના ક્રૂર ઘાતકી રીવાજની એક જબરી સાંકળ.

# કન્યાવિક્રયં.

( લખનાર—શા. મહાસુખરામ લક્ષ્મીચંદ, બી. એ. બહીયલ તાલુકે દેહગામ. )

શાર્દૂલવિક્રીડિત.

કન્યાવિક્રય જે કરે ધન લઈ, પાપી પૂરો જાણવો,<br>
બુદ્ધિહીન મનુષ્ય તે ક્રુર અતિ, લોભી પૂરો માનવો;<br>
અંતે એ ચંડાલને દુઃખ પડી, નર્કે ધસીજાય છે,<br>
વિષ્ટામાંસ સમાન વિક્રય તણો, પૈસો નકી થાય છે.

આર્ય ગૃહસંસારના સામ્રાજ્યમાં, ઉત્તમ મકાનમાં પણ સૂંડલે અને સૂપડે જે અધમ દુર્ગંધ સેવાય છે, કન્યાઓનો નષ્ટપ્રાય વ્યાપાર ચાલે છે તે બીજમાં વૃક્ષરૂપે વૃદ્ધિને પામેલ ફળનો કડવો સ્વાદ આર્ય તનુજો ચાખી કુદરતના કાનુનોપર કુહાડો મારી અપરાધી બને છે; ઘાતકી માબાપોની ઘાતકી વર્તણુકની વકીલાત-ઉત્તમ ન્યાયાધીશના દેવાલયમાં શોભે, પરંતુ મુખત્યાર રૂપે પણ ન્યાયનીતિના સિદ્ધાન્તપર પગ મુકનાર પંચ અને પુત્રીના માબાપો પ્રત્યે મારી દલીલ રજુ કરવી ગુન્હા ભરેલી નથીઃ—

કોઈ પણ વસ્તુ દ્રવ્ય આપીને લેવી તેનું નામ ક્રય ( क्रय ) કહેવાય છે. અને કોઈ પણ વસ્તુ દ્રવ્ય લેઈને વેચાતી આપવી તેનું નામ વિક્રય ( विक्रय ) કહેવાય છે. તેથી ધાન્યવિક્રય, ઢોરવિક્રય, અને ગુલામવિક્રયના જેવોજ બલ્કે તે સર્વેને કુરતામાં હંફાવનાર અને પાણી ભરાવનાર કન્યાવિક્રય છે.

આ ફાની દુનીઆમાં, સર્વ મનુષ્યો યથામતિ સુખને માટે પરિશ્રમ કરે છે, જેમકે—

સૌ સંસારી ધન મેળવવા, કરે જવાની માંહ્ પ્રયત્ન,<br>
પછી પુત્રને સોંપી ખટલો, નિવૃત્તિ પામે તજી યત્ન.

તેમાંનાં કેટલાંક તો પૈસો પૈદા કરવો અને તેનો સંગ્રહ કરવો એમાંજ સુખ માને છે. તેવી વૃત્તિવાળાં કેટલાક તો પોતાના બાળકોને વેચીને પણ પૈસો મેળવવાને ચૂકતાં નથી. આ વૃત્તિ તદન અધમ છે. આપની ઉત્તમ સમાજને કલંક લગાડનારી છે. " અહિંસા પરમો ધર્મઃ " માનનારા સ્વધર્મ રક્ષકો ! માણસ એ બીજી વસ્તુઓની માફક વેચવા સાટવાં કે વ્યાપારની વસ્તુ નથી. શાસ્ત્રકારોએ કન્યાવિક્રયની સ્પષ્ટ મના કરેલી છે. દીકરીના પૈસા ખાવા લઈ તેનું દાન કરવું એ દાન નથી પણ વિક્રય છે. જે વસ્તુનું દાન કરવામાં

આવે તેના દામ હોય નહિ. પૈસા લઈને વસ્તુ આપીએ તે વેચાણ આપી કહેવાય અને વેચેલી વસ્તુઉપર વેચનારનો પછી કંઈ હક નથી એટલે કે તે વેચાણ લેનારની થઈ, તેથી તેનું દાન આપી શકાય નહિ. એટલે પૈસા લઇને દીકરી આપવી તે કન્યાદાન નથી પણ કન્યા વિક્રય છે. હવે નીચેપ્રમાણે જ્યાં જાહેરાત લીલામ થતું હોય.

" પદાર્થ, પશુ, પંખી તણી થાય હરાજી જેમ;
" કન્યાવિક્રય મનુષ્યની, કરે ખુવારી તેમ;

ત્યાં પરણવું તે શું ? પ્રેમ તે શું ? અને લગ્ન તે શું ? તેની યથાસ્થિત બૂઝ તો કયાંથીજ હોય ! અફસોસ ! પ્રેમની પવિત્ર દોરી માબાપોએ તોડી નાંખી છે, હવે પ્રેમને બંધન છે. પ્રેમ પૈસે મળે છે અને બીજા ગોથાં ખાય છે. શી પ્રેમની બલીહારી ! આર્યાવર્તની અદભુત લીલામાં હવે પ્રેમ ઉપર પીસ્તાલીશ ટકાનો ટોટો પડયો છે. પ્રેમ પરહસ્તે વેચાય છે. પૈસાવડે ખરીદાય છે. પ્રીતિવિના પરસ્પર તનમન અર્પાતું નથી જેમકે:—

રસ ઐકય વણ મન ઐકય નહિ—એ સૂત્ર શીખવ્યું તે દિને,
મન ઐકય વણ નહી મિત્રતા પ્રભવે ગુરૂજી કો રીતે.

અને તેથીજ દમ્પતી ( સ્ત્રીપુરૂષના જોડાની ) જેવી ગાઢ મિત્રતા થવી જોઇએ તેવી થતી નથી. જેમ કે:—

અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દમ્પતી,
વિનિમય કરે નિજ રસ તણો, ઉર ઊર આગળ ઉઘડી;
સંસાર સ્વાર્થ અભિન્ન થાતાં, ભેદનું કારણ નહિ,
સ્ત્રીપુરૂષની તેથીજ સઊમાં મિત્રતા ઉત્તમ કહી.
જ્યાં પ્રેમની થાતી નથી કીંમત ત્યહાં એકે ઘટી,
નવ થોભવું, નહીં લોભવું, સૌંદર્યતા હોએ કદી;
ઉંડા હૃદયમાં જે જડાયે, પ્રેમ નીકળે નહિ કદી,
નિત્ય રહે વળતું હૃદય, તે સ્નેહમાળા જ્યાં પડી.
જે સ્વધર્મ માટે પ્રેમ લે ને, દે ખરે તે વેઠ છે,
અંતઃકરણમાં લાગણી જે પ્રેમની તે શ્રેષ્ટ છે;
જ્યાં લાગણી આત્મા મહીં, બહુ હોય પ્રેમીને સદા,
બહુ થાય છે દ્રઢ પ્રેમ તે તો, તુટશે નહીં તે કદા.

---

પ્રસાદી પ્રેમની વિના જગત્ સઊ વ્યર્થ હું જાણું,
મળે નાણું મળે ટાણું, મળે પ્રેમ પરમાણું.

હવે લગ્ન ( लग्न ) એ મનુષ્ય યોજના નથી, પણ ઇશ્વરી આજ્ઞા છે. લગ્ન તે કાયદાનો કરાર નથી પણ પ્રભુની પ્રેરણાથી જન્મ પામેલા સ્ત્રીપુરૂષના પવિત્ર પ્રેમની ગ્રંથી છે. જેમકે-

લગનગાંઠ છે સંસાર જગમાં—પુરણ પવિત્ર બહુ સારે.
આદમ જાતની વસ્તી વધવા—ફરજ મેલી કિરતારે;

લગ્નગાંઠ બીજ માનવી હાલત, ગણાએ અરધી અધુરી,
લગનગાંઠ જો હોતે નહિ તો માનવી હાલત જાનવરી
નરનારનું જોડું બનવા-ખુદાવંદની છે રાજી.
વરૂ ધીરેલા ચાલુ રાખજ્ઞા-માંડીએ ઉત્તમ બાજી
લગ્ન જલથી મોહબત જુની-મરણ ઘડી તક રહે તાજી
પાજી પાપી તેજ માનવી, નાખે બાજી એ ભાંજી.

લગ્ન ગાંઠથી નરનાર બેઊ-બને છે સુખ દુઃખના સાથી
એક વિના છે બીજું નકામું-દુઃખી ડોલતું ને ભ્રાંતિ

અરેરે! તે લગ્નરૂપી પવિત્ર પ્રેમની ગ્રંથી ( ગાંઠ ), હવે કન્યાવિક્રય કરનારાંઓએ ખેચી પાડી નાંખી છે. અને તેથી કરીનેજ આર્ય સંસારમાં ' આર્યે, દેવી, પ્રિયા એવ શબ્દો વપરવાને બદલે ' અલી, રાંડ ' વિગેરે ઉદગારો નીકળે છે, હવે આસુર લગ્નનો અહીં પ્રચાર થયો છે. અને તેથી આફ્રીકાનો ગુલામ બારો આપણે અહીં પ્રત્યક્ષ જોઇએ છીએ ને અનુભવીએ છીએ. કન્યાઓના કાળરૂપી કંટક પુરૂષો, કે જેઓ ઘાતકીપણે કન્યાના કાંધપર કુહાડો મારી, કમર કસી, દીકરી દોકડે વેચવા તૈયાર થાય છે. અને બીજાઓને સાથે લેવા તત્પર રહે છે તેઓમાં મૂર્ખત્વની પ્રતિમા-ઊસ્તાદથી પણ નિર્મૂળ થતી નથી. દીકરીના પૈસા વડે મોજ શોખ ઊડાડી મફતના મલીદા ખાનાર, સંતાનનું સત્યાનાશ વાળનાર, રાંક પુત્રીને સંકષ્ટમાં નાંખનાર, લક્ષ્મીની લલુતામાં મનુષ્ય જીવન નષ્ટ કરનાર,પુત્રીનું સર્વસ્વ લુંટી લઇ તેની જીંદગી અકારી કરનાર, શૌર્યામૃત સ્વદેશનું ગુમાવનાર, મોંઘા મનુષ્ય અવતારની કીંમત નહીં સમજનાર, રક્ષણ કરવાનો દાવો ચલાવી ભક્ષણ કરવાનું ધારનાર, શરમને સાતમા સ્થાનપર ચઢાવી આપનાર, સ્વાર્થમાં સારૂં નરસું નહીં પરખનાર, કન્યાવિક્રય કરનારાઓને માટે નર્કનું દ્વાર પણ ઉઘાડું નથી, પણ યમદુતો તેમને પાતાળમાં પધરાવશે, કુંભીપાકમાં કયાં નાંખશે, રૌરવ નર્કમાં હોમશે, એવું શાસ્ત્ર પણ પોકારી પોકારીને કહે છે. જેમ કે:—

कन्याया विक्रयो नैव कर्तव्यः क्वापि केनचित् ॥
ब्राह्मणेन विशेषेण यत्कर्ता याति रौरवं ॥

એટલે કન્યાવિક્રય કોઇએ કરવો નહિ કારણ કે કન્યાવિક્રય કરનાર તમામ રૌરવ નર્કના અધિકારી થાય છે. પરંતુ શાસ્ત્રને પણ સૂતું મુકનાર, પૈસા લેવાના આપ્ત પ્રાપંચિક મોહથી,કે કુળાંગાર કહેવાતા કુપુત્રોના વર્તનથી કન્યાવિક્રય કરીને, કજોડું કરીને કન્યાનું બળિદાન કરનાર કાલાં ઘેલાં માબાપો, કન્યા વેચી તેમના લોહી માંસનું ભક્ષણ કરી રક્ષણ પણાનો દાવો કરે છે. એમના વેચાણના પૈસે વિવાહ માલે છે, અને નાતજાતને મિષ્ટાન પાન આપી વાહવાહ બોલાવરાવવાનું ધારે છે. ધિક્કાર છે તે પાપી માબાપોને જેથી જનમંડળ ભ્રષ્ટ થઇ, નષ્ટપ્રાય થઈ ગયોછે, થતો જાયછે અને થશે. એમની મૂર્ખાઇ ભરેલી રૂઢીઓથી આર્યદેશ પરતંત્રતા રૂપી બેડીમાં પડયો છે, અને તેથીજ ધર્મને નામે ધતીંગ ઉભાં થયાંછે, ગારૂડી વિદ્યાનો ઠગવ્યાપાર ચાલુ થયો છે. પૈસો ઉસરડી લીધા પછી સારૂં મૂહુર્ત જોવરાવ

વવાનું શું પ્રયોજન છે? દુ:ખતો ચોરીમાંથીજ કંકણ દોરાએ બાંધી આપેછે, ચોરીબાંધી ચોરી કરાવેછે, દીકરીના પૈસા લેતાં અચકાતા નથી, ત્યારે નકામાં ઢોંગ કરી બોડું માથું કરી તેના ઘેર જમતાં ( અરે પોતાનું પેટ ભરતાં ) શરમાવાનું શું પ્રયોજનછે? આસુર લગ્ને આબરૂદાર અને ગરીબને એક લાકડીએ ચલાવવાનો માર્ગ શોધ્યો છે કન્યા વેચનાર કાઠી આવાડી કાછીઆ નથી, પણ દીલ્હી, મુંબઈ કે સુરતના કાછીઆ જેવાછે, ઘડી તો શું પણ એક પળનો પણ ઉધારો તેમના આગળ ચાલતો નથી. ફક્ત વેચાણમાંજ ફેરફાર-માત્ર બજાર ખુલ્લો ભરાતો નથી. આફ્રિકાના ગુલામઆરામાં તો જંગલી લોકો પરાયાં મનુષ્યને વેચેછે; પણ તેથી ચઢે તેવો જુઓ આ આર્યદેશનો ધર્મ ધારો કે જ્યાં માબાપ પોતેજ પોતાનાં બાળકોને વેચેછે, ગાય ઘોડાની પેઠે સાટાં પેટાં કરેછે, માલ પ્રમાણે મૂલ અંકાય છે; બેલ બે દાંતે-જોવાયછે; પ્રીતિનાં સાટાં બદલે માલનાં સાટાં થાયછે ત્યાં ખોટ શામાટે ખમે? પુત્રીનો જન્મ ખોટનો કે વટાવનો ગણાયછે. કન્યાવિક્રય કરનારાઓ પુત્રીનો જન્મ વટાવનો ગણેછે. ને તેને નોટ ( હુંડી ) ની માફક વટાવેછે, તેનો આંક મૂકાયછે, ભાવ બંડાયછે, અને વધઘટ લેવાયછે તેમાં બ્રાહ્મણો દલાલો થાયછે. ધર્મને નામે ધોળે દહાડે ધાડ પડેછે, વેચાણ ખત લખાયછે, પૈસામાટે પુત્રીઓ વેચાયછે, ભારોભાર જોખાયછે, સાટાંનો સટ્ટો થાય છે, અને પૈસામાટે પ્યાર વેચાયછે, પ્યાર ખરૂં જોતાં બીજાનો વેચાયો નથી, અને વેચાય છે તો પ્યાર પ્યારનું કામ કરતો નથી. દીકરીઓનું હાથે કરી દુર્ભાગ્ય કરનાર, પારકે પૈસે ભાગ્યવંત થવા ઇચ્છિનાર ક્રૂર માબાપો, કન્યાની કેડ ન કચરો, લાડકવાયીપુત્રીનો ભવ ન બગાડો, પુત્રીની દીનતાવાળી દલીલોપર વિચાર કરો, દયા દર્શાવો, વેચવા ન કહાડો, કસાઇને ન આપો, પાપી પૈસાના પ્રપંચમાં રમાતી રમતો ન રમો લોકલજ્જાનો ડર રાખો, અને દીકરીને ચિતાની અંદર ન સૂવાડો; આંખો ઉઘાડો, આસપાસ નજર કરો, દીકરીના પૈસા લેનારની કેવી સ્થિતિછે તે તપાસો, તેમને અન્ન અને દાંતનેપણ વેર થયા, થોડા દિવસ ઉજળું ઉજળું ફક્ત દૂધજ દેખાયુંછે. તે પૈસે કોઈની હવેલીઓ થઈ નથી. થઈ હશે તો તેનું કોઈ ભોગવનાર નહિ હોય, અગર ખાનાર નહિ હોય એટલે કે તેનું નિર્વંશ જાયછે અને જો માણસ હયાત હશે તો તેમને અન્ન અને દાંતને પણ વેર થયા હશે. ભૂખના ભડાકા પડતા હશે. માટે યાદ રાખજો કે " દીકરીના દોકડા ને પૂરનાં લાકડાં કદી કામ આવે નહિ, " આ દુનિયામાં નામ રહેશે. પણ નાણાં રહેવાનાં નથી " માટે હાડ હાડ ન થાઓ, કીર્તિની કલગી ઝાંખી ન પાડો. સ્ત્રીધનવડે જીવવું એ અતિ પાપ છે, આપત્તિસમયે ચામડાંમાં ભરેલું પાણી પીવું એ કેટલીક રીતે માંસખાવા તુલ્ય છે તેમજ કન્યાવિક્રયછે; કન્યાનું દ્રવ્ય લેનાર માતા તેનું કાળજું કોરી ખાયછે, પિતા માથું ખાયછે, ભાઇઓ તેના હાથ પગ ખાયછે અને મંડપમાં જનારાં રૂધિર પાન કરવાવાળાંછે.

વળી મનુ, પારાશર વિગેરે સ્મૃતિકારો આગળ ઉપર અધર્મી પ્રજા થશે એમ જાણી અગમચેતીથી કન્યા વિક્રયના મહા પાપોના માટે થોડું ઘણું પણ લખી ગયા છે-જુઓ મહાત્મા મનુ કહે છે કે:—

आददीत न शूद्रोपि । शुल्कं दुहितरं ददन् ॥
शुल्कं हि गृह्णन् कुरुते । छन्नं दुहितृविक्रयम् ॥ १ ॥

અર્થાત શુદ્રેપણ દીકરીને પરણાવીને તેનું મૂલ્ય ન લેવું જોઇએ, તો પછી દ્વિજ, ક્ષત્રી અને વૈશ્યથી તો લેવાયજ કેમ ?

સજ્જનો આપણામાં કન્યાવિક્રય નામના દુષ્ટ રીવાજ રૂપી અસુરે પ્રથમ પગ પેસારો ન્હોતો કર્યો; પણ આપણા વડીલોએ કન્યાને વિધવાપણું પ્રાપ્ત થાય તો પાછળથી ગુજરાન ચલાવવાને હરકત ન પડે, તેનામાટે એ કન્યાના નામની રકમ (પલ્લું) ત્રાહિતના ત્યાં, અથવા કન્યાનીપાસે આપી મૂકતા તેના બદલે હવે અધર્મી લોકોએ પલ્લાને બદલે ગલ્લું ચલાવવા માંડ્યું છે. સીતા–દમયંતી–શકુંતલા ઇત્યાદિ કન્યાઓના માબાપોએ તેમની સંભાળ લેનારાઓનોજ સ્વયંવર રચી કન્યાઓને ઇચ્છિત પ્રેમની વસ્તુ શોધી લેવા દીધોછે. તેમ કરનાર સ્ત્રીઓ અને તેમના માબાપોએ આ પુરાતન કાળની પવિત્ર ભૂમિઉપર પોતાની કીર્તિધ્વજ કેવી ફરકાવી છે, તેનાં ધવળ મંગળ અહર્નિશ આપણે ઉચ્ચારીએ છીએ.

૨. વળી કન્યાવિક્રય કરનારા કન્યાવિક્રય કર્યાછતાં કન્યાદાન આપવા સંકલ્પ કરેછે તેથી ઈશ્વરને પણ ઠગેછે. કન્યાદાન કરતી વખતે તમે સંકલ્પ કરો છો કે–મ્હારા જે સમસ્ત પિતૃલોકો અસદ્‌ગતિને પામેલા હોય, તેમના ઉદ્ધારને અર્થે, અને સ્વર્ગ પામવાને અર્થે આ વરને હું મારી કન્યા અર્પણ કરૂં છું. એ પુણ્યના પ્રભાવે કરીને સારી બાર પેઢી પ્રથમની અને બાર પેઢી હવે પછીથી થનારી, તેને પવિત્ર કરવા માટે; તેમ મારા પોતાના આત્માના કલ્યાણને અર્થે પરમેશ્વરની પ્રીતિ મેળવવા સારૂ આ કન્યાદાન હું કરૂં છું.

વળી પ્રતિજ્ઞા કરીને એવું પણ કહો છો કેઃ—" સુવર્ણનાં આ ભૂષણોએ કરીને યુક્ત એવી જે આ કન્યા તે વિષ્ણુરૂપ જમાઇને બ્રહ્મલોકની પ્રાપ્તિને અર્થે હું અર્પણ કરૂંછું " અરે! કન્યાવિક્રય કરનાર કન્યાઓના માબાપો! તમે કન્યાદાન કરતી વખતે ખોટો ઢોંગ શામાટે કરોછો? શું સંકલ્પ કર્યાપ્રમાણે પિતૃઓના અને તમારા ઉદ્ધારને માટે કન્યાનું દાન કરોછો? કે તમારા પૈસાના સ્વાર્થને માટે તેનું ગાય, ઊંટ, ભેંશ, ઘોડાની પેઠે જાહેરાત રીતે લીલામ કરોછો? અરે શું બ્રહ્મલોકની પ્રાપ્તિને માટે તેને અર્પણ કરોછો?–કે તેના સખત શ્રાપ લેવાને માટે તેનો પ્રાણઘાત કરોછો? અરે તમે સૂર્ય ચંદ્રને અગ્નિ દેવતાને સાક્ષી રાખી ખોટી પ્રતિજ્ઞા કરોછો? અરે! અરે ખોટી પ્રતિજ્ઞા કરનારાઓ! તમે ઈશ્વરને પણ ઠગો છો. શું તમારી ઠગાઇથી ઈશ્વર અજ્ઞાત (અજાણ્યો) છે? એમ સમજતા હો તો તમારી મોટી ભુલ છે. ઉંડા ભોંયરામાં અંધારા ઓરડામાં કે હજાર હાથના કુવામાં ઉતરીને પણ જે કુકર્મો કરશો તે ઈશ્વર જાણે છે; કારણકે તે સર્વ વ્યાપક છે. માટે તમે વિચાર કરોકે એક ઠગાઇના કૃત્યસાટે–અથવા ખોટો દસ્તાવેજ બનાવ્યાના ગુન્હામાટે–અથવા પ્રતિજ્ઞાઉપર ખોટી હકીકત જાહેર કર્યાના ગુન્હામાટે–ન્યાયની કોર્ટ સખત શિક્ષા કરેછે! તો અદલન્યાયી ઈશ્વર તમને શિક્ષા કર્યાવગર કેમ રહેશે? આ પણ આપણી પડતીનું એક કારણ છે. અભાગીઆઓ! તમને રીબાવીને ઇશ્વર અઘોર નર્કમાં નાંખીને સાપ અને વીંછી પાસે છુંદાવશે! ધિક્કાર છે તમને હજારવાર ધિક્કાર છે! આ લોક અને પરલોક બનેમાં દુઃખી થવાનો ભય દૂર કરીને પણ તમે કાળાં કૃત્યો કરે જાઓછો. જુઓ! રાજા સગરને કન્યાદાનના પુણ્યપ્રભાવે કરીને

સાર્વભૌમરાજ્ય પ્રાપ્ત થયું હતું. અને તેથી કરીને ફરી ઉગ્ર તપકરી સાઠ હજાર ( ૬૦૦૦૦ ) કન્યાઓ માગવાનો પ્રયત્ન કર્યો હતો અને એટલા બધા પુણ્યથી તે ઇંદ્રાસન લેશે એવો ભય ઈંદ્રને ઉત્પન્ન થવાથી અવળી વાણીને પ્રેરી ૬૦૦૦૦ દીકરાની માગણી કરાવી હતી. જેની કથા ભાગવત પુરાણમાં મોજુદછે. આવી રીતે કન્યાદાન કરવાથી અનહદ પુણ્ય થાય છે! અરે તે પૂજનીક પુરાણ સાંભળવાને તમે ખોટો ઢોંગ કરી બેસોછો-સાંભળોછો-તે છતાં પણ તે કુકર્મો કર્યા-જાઓછો; અને તેવાં કુકર્મો થતાં અટકાવતા નથી. તેઓને ઇશ્વરે કેમ શિક્ષા ન કરે? તેઓ કુંભીપાક જેવા નર્કના અધિકારી કેમ નહિ થાય ?

૩. કન્યાવિક્રયથી તમારી પુત્રીઓ જીંદગીપર્યત દુ:ખ ભોગવી અંત:કરણ કકળાવાથી જે શ્રાપ દેછે તે તમારી પડતીનું ત્રીજું કારણ છે. કારણકે વગર તકસીરે ગાયજેવી ગરીબડી બાળાને દુ:ખ દેવાથી શ્રાપપણ જલદી લાગેછે. ગૃહસૂત્ર ( શાસ્ત્ર ) માં કહ્યું છે કે: **कन्याकोपः कुलद्रव्य प्रहाराणं ।** એટલે કંન્યાનો જે કોપ તે કુળ તથા દ્રવ્યનો નાશ કરનાર છે. તમારા સ્વાર્થે આગળ બાળાઓના સુખદુ:ખનો લગીર પણ વિચાર તમે કરતા નથી. પૈસાના તેજમાં તણાઈ જઈ, તેનું હિત લગીર પણ તમે જોતા નથી તમે ધોળે દિવસે લુંટનાર લુંટારાઓછો ! અરે લુંટારાઓ તો જરાક ઓળખાણ પડતાં શરમીંદા થઈ લુંટ્યા-વિના ચાલ્યા જાયછે, અને તમે તો ધોળેદહાડે તમારી પુત્રીઓનેજ લુટો છો. મ્હારી ભુલ થાયછે કે હું તમને લુંટારા કહું છું. તમે તો લુંટારાઓના પણ સરદાર છો. કારણ કે લુંટારાઓ તો પોતાનાં બાળકને લુંટતા નથી અને લુંટ કર્યા પછી મ્હોડું સંતાડતા છુપાઈ જાય છે અને તમે તો તમારી બાળકીઓનેજ લુંટી નફ્ફટ થઈ પૈસાદારનો ડોળઘાલી મોટા સાહુકાર થઈ ફરોછો.

જેમ કસાઈઓ, ચંડાળો અને માંસાહારી મનુષ્યો, અજા, ગાય ઈત્યાદિ પશુઓને શામાટે ઉછેરેછે? મોટાં કરી આખરે તેમનો ઘાતકી પણ નાશ કરવા માટે! તમે તમારી બાળકીઓને શામાટે ઉછેરી મોટી કરોછો? જીવતાં દુ:ખનું દાનદઈ અંધારા કુવામાં તે રત્નને પથ્થરસાથે પટકાવામાટે ? અરે! તમારી પુત્રીઓને જન્મપછી અમુલ્ય ખજાનાથી તથા શ્રીમતી મહારાણીસાહેબના કોહીનૂરથી-હીરાથી પણ વધારે જતન કરોછો-તે શું અંતે તેનું જાહેરાત રીતે લીલામ કરવામાટે ?

હા! તમારી કસાઈની સાથે સરખામણી કરતાં મને કેટલી દીલગીરી થાયછે તે હું જાણુંછું-અને બીજો એક ઈશ્વર જાણે છે. અરે! હું તો કસાઈનું ઉદાહરણ આપું છું. પણ બીજાઓ તો કન્યાવિક્રય કરનારને કસાઈ કરતાં પણ અધિક અધમ ગણે છે. કન્યાવિક્રય તો કસાઈ પણ કરતો નથી. કસાઈ તો પશુઓને એકી ઝટકે ઠેર મારે છે, પણ તમે તો થોડે થોડે રીબાવીને ઠેર મારો છો; પ્રાણીઓમાં સૌથી ઉત્તમમાં ઉત્તમ મનુષ્ય જાત છે અને તેથી ઉતરતા વર્ગના પશુ છે. કસાઇઓ તો મૂર્ખાઇ ભરેલા વિચારોથી પોતાનો ધંધો માનીને પશુઓને મારે છે. અને તમે તો તમારૂં કર્તવ્ય નથી એમ સમજ્યા છતાં પણ સંહાર કરો છો. કસાઇઓ જેનો સંહાર કરે છે તે તેમનાં સંતાન નથી. પોતાના સંતાનને તો તે પાળે છે. અને તમે તો તમારા બાળકોનોજ ઘાણ વાળો છો. શાસ્ત્ર પણ કહે છે કે:—

व्याघा श्रेष्ठ मनुष्याणां । कन्याविक्रय कारिणाम् ॥
ते निर्दयाः परेष्वेव । पुत्रादिषु दयापरा ॥ १ ॥

એટલે જે માણસ કન્યા વેચે છે તેના કરતાં પારધી હજાર દરજ્જે સારો; કારણ કે તે બીજા પ્રાણીઓને માટેજ નિર્દયતા વાપરે છે. પણ પોતાના બાળક ઉપર તો દયા રાખે છે. વળી તે એટલો દયાળુ છે કે તે એકદમ પ્રાણ લેછે. અને કન્યાવિક્રય કરનાર તો રીબાવી રીબાવીને મારે છે. અરે શ્રેષ્ઠ કુળમાં જન્મેલા આર્યો! તમે કોણ છો? તમારા પૂર્વજો કોણ હતા? તે કેવા સદગુણી હતા? કેવા પરાક્રમી હતા? કેવા સમર્થ હતા? કેવા પુન્યશાળી હતા? તમે હાલ અધમ દશાને પહોંચ્યા છો! તમે હાલ નીચ કરતાં ઉતરતા નીવડયા છો? તમે હવે દંભી અને ઢોંગી થયા છો? તમે ઇશ્વરને ઠગનારા પાકયા છો? તમારા કપાળ માં જે ટીલાં છે? તે આવા સંજોગોમાં તમારે એમ સમજવાનું છે કે તમારા કાળા કૃત્યોની સજાના ડામ છે. એમ ફોગટ ટીલાં કરનારને શું સ્વર્ગનો દરવાજો મળશે કે મોક્ષનો દરવાજો? પાપી પુરૂષોને પ્રવેશ કરાવવાને એ દરવાજા નથી એ પાપીની આ વાતો જાણી સ્વર્ગદ્વાર બંધ થઇ ઉપર બંબાતી તાળાં દેવાશે. તથા વજ્રની ભારે ભોગળો ભીડાશે. એટલુંજ નહિ પણ એવા અધર્મીઓને પાછા પછાડી પાતાળમાં અઘોર નર્કમાં રીબાવી રીબાવીને ઠાર કરશે.

દીકરી અને ગાય–જ્યાં દોરે ત્યાં જાય–બિચારી નિર્દોષબાળાઓને લૂલા, લંગડા ખોડા, બોબડા, બહેરા કે આંધળાની સાથે પણ પરણાવતાં આથડો ખાતા નથી. દીકરીનું દ્રવ્યહરણ કરી તેને જીંદગી સુધી ટુકડા માગતી કરનારને–વિદ્વાનો અને સજ્જનો– ચંડાળ કહે–કસાઇ કહે કે અઘોર કર્મ કરનાર પાતકી કહે તેના સામી આપણે કઈ દલીલ કરી શકીશું?. તેઓ બિચારી અબળાઓનો–નિર્દોષ બાળાઓનો–કુમળા પુષ્પનો–શો ઇલાજ ચાલે? આખી જીંદગી સુધી દુઃખ ભોગવી માબાપોને અંતઃકરણપૂર્વક શ્રાપ દેવો. વિના અપરાધે દેહાત દંડ દેનાર માબાપોને ઈશ્વર તરફથી કંઈ ઓછી શિક્ષા મળતી નથી. ઈશ્વરના કોપે–અને તમારી બાળાઓના શ્રાપે અને તમારાં કુકર્મોથી તમારી પાયમાલી થઈ છે, અને થશે.

વળી સ્વર્ગ (સ્વર્ગ) નર્ક (નર્ક) વિષે વિદ્વાનોનું પણ એજ મત છે કે:—જે માણસ પોતાની ફરજ સમજીને તે અદા કરે છે તેનું સ્થાન તે સ્વર્ગ (स्वर्ग) છે. અને જે માણસ કન્યાવિક્રય કરીને—ચોરી કરીને–કોઇના જાનમાલને નુકશાન કરીને રૂશ્વત લઈને જે દ્રવ્ય મેળવે છે તે મનુષ્યનું રહેઠાણ તેજ નર્ક (नर्क) છે.

એક એવી પણ વાર્તા મારા સાંભળવામાં આવી છે કે:—એક બાળકની પ્રાપ્તિમાટે એક અજ્ઞાન માતુશ્રીએ માંસ ભક્ષણ કરવાની બાધા રાખેલી, તે બાધાના બંધમાંથી મુકત થવાને તેને માંસ ખાવાનું જરૂરનું લાગ્યું. એટલે એક પંડિતની સલાહ લેતાં તેણે શાસ્ત્રથી ખાતરી કરી આપી કે:—કન્યાવિક્રયથી પૈસો મેળવનારને ત્યાં જમવું અને માંસ ભક્ષણ કરવું એ બેમાં કાંઈ તફાવત નથી. તે ઉપરથી તેણે તે ઈલાજ કામે લગાડયો— આ હકીકત તમને શલ્યરૂપ લાગશે. પૃથ્વીદેવી માગ આપે તો પૃથ્વીમાં ઉતરી પડીએ એવું કહેવરાવશે; પણ બંધુઓ હવે પશ્ચાતાપ નકામો છે. ભૂલ્યા ત્યાંથી ફરીને ગણો, બે બાજુઓ તપાસી જુઓ, તમારી જીંદગી ધૂળધાણી થતાં બચાવો. (અપૂર્ણ.)

# सामाजिक उन्नतिकी सफलता और वृद्धिकी रीतीयां.

( महता अमृतसिंह—नाथद्वारा—मेवाड. )

श्रीजैन श्वेताम्बर कान्फरन्स हरैल्ड मेरेपास जबसे यह प्रचलित हुवा है—बराबर आता है और जो जो लेख इसमें सामाजिक उन्नति यानि जैन धर्मकी उन्नतिके बारेमें उपदेशयुक्त दरशाये जाते हैं—और जो जो रीतियें इस धर्मके फेलावके बारेमें विद्वान व धार्मिक पुरुषोंकी सम्मतिसे जाहिर की जाती है इन सब बातोंको सोचकर में यह आशा करता हूं कि यह जैन धर्म जो एक प्राचीन धर्म है और जिसमें किसी प्रकारकी आशंका नहीं है बहोत शीघ्र उन्नति प्राप्त करेगा और अपने भाई इस धर्मको अपना मुख्य अंग समझकर इसपर पूरे तौर अमल करेंगे और फिर किसी प्रकारका विघ्न उत्पन्न नहीं होगा.

## सामाजिक उन्नतिकी सफलता और वृद्धिकी रीतियां.

सामाजिक धर्मकी वृद्धिके लिये अति धार्मिक, विद्वान और बुद्धिमान पुरुषोंकी आवश्यकता है—उन बुद्धिमान पुरुषोंको उचित है कि सोच विचारके साथ निष्पक्ष और स्वार्थरहित होकर अहर्निश जाति उन्नतिकी साधारण रीतियां सोचते रहें. यह नहीं की थोडेसे अनभिज्ञ युवा अवस्थावाले लौकिक लालसाओंसे भरे हुवे किसी समयमें एकत्र होकर व्याख्यान दे लें वा नेत्र मंदकर तोतेकी भांति याद की हुई प्रार्थना करलें और समझलें की यहही सामाजिक उन्नति है.

सामाजिक उन्नतिके लिये जितने साधन सहित विद्वान, सच्चे उत्साही और पूर्ण पराक्रमी अधिक एकत्र होते हैं उतनीही अधिक सफलता होती जाती है. सामाजिक उन्नतिकी सफलताके हेतु यहभी आवश्यक समझना चाहिये कि एक पब्लिक ओपिनियन अर्थात् सार्वजनिक लोकमत स्थापित कीया जावे—पब्लिक ओपिनियन जितनी बलवान की जावेगी और उसका जितना आदर किया जावेगा उतनीही भले प्रकारसे सामाजिक उन्नति होसकेगी और इसके द्वारा असंख्य लाभ प्राप्त होंगे.

पब्लिक ओपिनियनको दृढ करनेकी साधारण रीति यह है कि जब कोई मनुष्य, वह, चाहे कैसेही छोटे पदका क्यों नहो, कोई उत्तम काम करे तो उसका पूरा सन्मान कीया जावे, इससे ओरोंकोभी वैसेही कार्य करनेकी वान्छा होगी और जब कोई मनुष्य वह चाहे कैसाही बडा क्यों नहो, कोई अनुचित काम करे तो तुरंत उसके लीये कोई ऐसा प्रबंध सोचा जावे कि जो उसके धन, अधिकार, पहुंच, रायादिके प्रभाव परभी उसको लज्जित करनेवाला हो. परन्तु वह प्रबंध ऐसाभी नहो जिससे वह पुरुष सदैवके लीये निर्लज्ज हो जावे. इस प्रकार प्रारंभमेंही पकड होनेसे प्रत्येक प्रतिष्ठित मनुष्यकोभी भय रहेगा

ओर वह चाहे जितने बडे पदवाला क्यों नहो सामाजिक उन्नतिके नियमोंके विरुद्ध काम करनेका साहस न करसकेगा और सारी जातीमें कोई बुराई न फैल सकेगी.

यदि प्रारंभमें बडे मनुष्योंके अनुचित कामोंसे यह समझकर आंख चुराई जाती है कि सर्व लोगोंके सामने *उनकी बुराई होगी वा वे बडे मनुष्य अलग हो जावेंगे तो सामाजिक* उन्नतिको हानि होगी और छोटे पदवालोंकी उत्तम सेवाओंसे यह विचार कर आंखें फेरली जाती हैं कि उनका अधिक नाम होनेसे वे प्रतिष्ठित पुरुषोंसे बढ जावेंगे जिससे वे प्रतिष्ठित पुरुष अप्रसन्न होंगे तो उत्तम सेवा करनेवालोंका मन मुरझा जाता है और उनका निरादर देखकर दूसरे मनुष्यभी निरुत्साही हो जाते हैं. वृद्धि नहि होने पाती, सत्पराक्रम नष्ट हो जाता है. और पबलिक ओपिनियन निर्बल और निकम्मी हो जाती है.

सामाजिक उन्नतिमें अत्यन्त गुणवान और दीर्घदृष्टि मनुष्य होने चाहिये और प्रत्येक व्यवहारमें उनको सत्यता, न्याय और निष्पक्षताके साथ वादविवाद करना चाहिये. अपनी सम्मति निर्भयतासे देना, औरोंकी सम्मतिको सोच विचार और धीरजसे सुनना, पंचायतकी व्यवस्थाको मानलेना, पबलिक ओपिनियनके नामको बढाते रहना, उसको सदैव दृढ करना, और उसका आदर करते रहना, यह सब बातें सामाजिक उन्नतिकी सफलता और वृद्धिकी रीतें हैं. सामाजिक उन्नतिरूपी वृक्षको धनरूपी जलसे जितना अधिक सींचा जाता है, उतनाही दृढ और हराभरा होकर अधिक फलदायक होता है !—अतिशुभम्.

---

# क्या श्वेताम्बर और दिगम्बर जैन समाजमें संप हो शकता है ?

पाठक! इस प्रश्नको सुनकर एकदम चोंक मत पडो. ज्ञानदृष्टीको खोलकर जरा विचार करो और आपने अपने रोबरू २५०० वर्ष पहिले के समय को खडा करके उसकी सैर करो तो मालूम होगा कि इस भर्तखंडमें एक महान चमत्कारी मूर्ति परोपकारार्थ देश विदेशमें भ्रमण कर रही है, और अपने अखंड ज्ञानद्वारा तीनों कालोंके कृत्योंको जानकर भव्य जीवोंको अपने वचनामृतद्वारा निबोध रही है. उस समय स्वभावि प्रतिपक्षी जीवोंने अपना अपना बैर छोड कर एक दूसरे के साथ मित्र होकर उस उत्तमोत्तम उपदेशनाका पान कर के चिंतित फल पाया है. उस एक सूर्यके तेजसे तारामंडल ढका हुवा था. उस केवल ज्ञान के प्रकाशसे अन्य ज्ञानों को उत्तेजन मिलता था. तुच्छ बुद्धि के कारण जो संशय उत्पन्न होता था उस को फौरन निराधार होताथा. उस दीपक से अज्ञान तिमिर दूर होताथा. परंतु अफसोस काल गिरता

हुवा है यह अपनी महिमा दिखलाये बगैर नही रह शकता है. केवल ज्ञान बंद हो गया पीछे छद्मस्त महात्मावोंको संशय उत्पन्न होने लगे उनका समाधान करनेवाला नजर नहीं आया, जब स्वकपोल कल्पित अर्थ लगाकर, अपना मतलब सिद्ध किया. श्रीमहावीर स्वामीके ६०९ वर्ष पश्चात् अर्थात् विक्रम सम्वत १३९ में उस एक जैन समाजके २ टुकडे हुवे और उस वक्तसे श्वेताम्बर और दिगाम्बर २ फिरके अल्हदा अल्हदा नजर आने लगे. पानीका स्वभाव है कि जरा छिद्र पानेसे पहाड क्यों नहो तोड डालता है. इसही तरह जब किसी बातपर भ्रान्ती पड कर रायका इखतिलाफ हो जाता हैं तो आयंदा उसका फरक जियादाही बढता जाता है, अगर भाग्यही अच्छा हो तो टूटे हुवे के संधि लग सकति है.

श्वेताम्बर और दिगाम्बर सम्प्रदाय वालोंमें कुछ मोरूसी विरासतके तकासमें का कोई झगडा नही है क्यों कि यद्यपि इन दोनों के मूहिसे अल्ला एकही है तो भी जब कृष्ण सूरीके समय में दिगाम्बर सम्प्रदायके मन्दिरमें श्वेताम्बर और श्वेताम्बर सम्प्रदायके मन्दिरमें दिगाम्बरका जाना अपवित्रताका कारण समझने लगे—अगर इसही बातपर मामला खतम हो जाता तोभी खुशीकी बात थी परन्तु इस अवसर्पिणी काल को तो अपना पूरा जोर दिखलाना था और दोनों फिरकोंके जैनियोंमें परस्पर विवाद होना था इस लिये एक मजबूत पाया झगडेका तीर्थक्षेत्रोंकी मालकियत के बाबत खडा किया गया. श्वेताम्बरियोंने अपना कदीमी कबजा छोडना नही चाहा, दिगाम्बरीयोंने अपने पैर जमानेमें कमी न रखी—जब जिसका मोका आया गालिब हो बैठा. यहां तककि मन्दिर और कब्जा दर किनार पवित्र मूर्तियोंपर झगडा चलने लगा. सिद्ध क्षेत्रमें हजारों मंदिर श्वेताम्बरीयोंके होते हुवे समयपाकर एक मन्दिर दिगाम्बरियोंकाभी कायम किया गया. गिरनारपर दोनों फिरकों के मंदिर कायम हुवे—जहां बस न चला उसही मन्दिर और मूर्तिको दोनों फिरके मानने लगे. रिषभ देवजी (केसरियानाथजी) के दरशन करनेको दोनों सम्प्रदायवाले जाते है हालांकि इन्तजाम और कब्जा श्वेताम्बरियोंका है इसही तरह श्रीफलोधी पार्श्वनाथ के उत्सवमें मन्दिर, प्रतिमा और इन्तजाम श्वेताम्बरियोंका होने परभी दोनों सम्प्रदाय के मनुष्य शामिल होकर उत्सव करते हैं. जब मक्षीजीकी तरफ नजर डाली जाती है तो हृदय फटता है. दोनों आमनाय वालोंनें अपने २ पक्षको पुष्ट करने की गरजसे आपसमें खूब लढाई की राजदरबारमें फरयादी हुवे और उस पवित्र प्रतिमा के साथ गुडियोंका खेल मचाया. कितने बडे अफसोस की बात है कि उसही प्रतिमाके प्रतिदिन नेत्र लगाये जाकर फिर उखाडे जावें. बहतर होता कि कोई एक सम्प्रदाय अपने दावेको छोड देती और दूसरी सम्प्रदाय उस प्रतिमाको अपने असूल के मुवाफिक पूजती—परन्तु मानका छाया कब टूट सकताथा—असातना होनेपर भी लढाई कब बंद होसकति थी ?

जब घरमें ही फूट हो तो दूसरेसे लडनेके वास्ते कब सम्प होसकता है ? और खास करके उस हालतमें कि जब जहालत का बाजार गरम हो यवनोंके समयसे हमारी विद्या नष्ट हुई, ईर्षा, कषाय बढगई, खोटे रीति रिवाज जड पकड बैठे कि जिनसे इस न्याय सम्पन्न ब्रिटिश राज्यमें भी हमारा छुटकारा पाना कठिन माद्धम होता है. आजकलके नोशिक्षित जैनियोंका यह खयाल है कि इस कुसम्पकी जड बुढे कुपढ जैनी हैं जब उनका जौर हट जावेगा नई रोशनीके जवान जैनियोंका जमाना आवेगा दोनों सम्प्रदायोंमें सम्प होजावेगा— इस बातके सुबूतमें आर्य समाजियोंके साथ जो मुकादमा चला और उसमें दोनों फिरकों के जैनियोंने जो इतफाक दिखलाया, पेश किया जाताहै. इस के सिवाय जैन यङ्ग मैन्स एसोसिएशन का खास मनशा यह ही है कि किसी तरह दोनों फिरकोमें इत्तफाक हो और हालके जमानेमें दोनों फिरकोंके महासभावोंके मुख्य सज्जनोंकाभी विचार इसही तरफ है. जाहिरा-बातोंसे उम्मेद होसकती है कि इनदोनों फिरकोमें बहुत जल्द इत्तफाकहो, परन्तु अफसोस इस बातपर आता है कि लोगोंके दिखलाने के लिये तो हमारी कोशिश यह हो कि हम हित बढाना चाहें और खानगी तौरपर एक दूसरे कि जड काटते हुवे दरेग नकरें. हमारी एसी दुरंगी विद्वतासे इकरंजी मूर्खता अच्छी.

पालीताणाके मर्हूम ठाकुर साहेबने जूता पहने हुवे सिद्धगिरीपर चढकर जो पवित्र स्थानकी अशातनाकी वह दोनों फिरकों के मन को पूरा पूरा दुखानेवाली थी. इसही खयालसे जैन गजेट के सम्पादक महाशयनें इसबारे में कुछ गवर्मेंटसे ठाकुरसाहेब मर्हूमके खिलाफ अर्ज करनेकी तदबीर सोचीथी और श्वेताम्बरियोंके साथ हमदर्दि दिखलानेका उपाय घडाथा परन्तु दूसरी तरफसे ठपका दिया गया और पालीताणा के राजा के खिलाफ कारखाई करनेसे इस गरजसे रोका गया कि " कृपासे है " और इसही कारण श्वेताम्बरियों का प्रयत्न दिगाम्बरी प्रतिमा और मन्दिर को अपने कबजेमें करलेनेका " निष्फल " गया. जबकि इस तरहपर राजाओं की दिगाम्बरी है कि दोनों समाजमें सम्प होजावेगा ? और क्याजबे एक प्रान्त के समजदार विद्वान् दिगाम्बरी श्रावक की तरफसे दूसरे प्रान्तके दिगाम्बरी श्रावक को श्वेताम्बरीयों के निसबत एसे २ बुरे शब्दोंमें सूचना दीजावे कि जिनको हम कागजपर लाना मुनासिब नही समझते तो क्या यह उम्मेद हो सकती है कि इन दोमों समाजोंमें इस समय कुछ इतफाक हो सकता है ?

समजदारों के वास्ते इशारा काफी है. अगर दिगाम्बरी श्रावक समुदाय श्वेताम्बरी समुदाय के साथ इतफाक करना चाहती है तो हाथीके दांतों के बर्तावको छोडकर साफ दिलसे काम करें तो विचारे हुवे फलकी प्राप्ति हो सकति है.

---

# विलायती भ्रष्ट खांड ( शारकर. )

( लेखक–शोभागमल हरकावंट—अजमेर. )

अहो जैन धर्मानुयायों! जरा अपने धर्म्मकी ओर तो दृष्टीको फैलाओ और उन अभक्ष पदार्थोंका स्मर्ण करो कि जिनको जैन सिद्धान्तोंमें सर्व्वथा निषेध की हैं. अब जरा इस बिलायती खांड ( शारकर ) की तरफ ध्यान देवो तो वहभी सर्वथा अभक्ष है. बिलायती खांड जिसको मोरस खांडभी कहते हैं. चुकन्दर, आलूकी मांडी तथा एक तरहसे खिजूरके वृक्षके फलों आदि पदार्थोंसे बनाई जाती है और उसके साफ करनेमें कैसी २ घृणित, अपवित्र और भ्रष्ट चीजें काममें लाई जाती हैं जैसे,—बैलका खून, हड्डीका कोयला और आंडेकी सफेदी इत्यादिक. क्या ऐसी चीजोंके नाम मात्रहीके सुननेसे आप लोगोंके चित्तमें उक्त खांडकी तरफ घृणा उत्पन्न न हुई होगी और क्या हृदय कम्पायमान हुए बिना रहे होंगे? यदि आप लेशमात्रभी जैन धर्म्ममें रुचि रखते हो अथवा जैनियोंके सतसंगी हो तो मैं आशा करता हूं कि इस बिलायती भ्रष्ट खांड ( शारकर ) को ओर मुख तो दूर रहा बल्कि दृष्टिभी न करोगे और धार्मिक तथा सांसारिक कृत्योंमें कदापि व्यवहार न करोगे.

अब इस विलायती भ्रष्ट खांडके साफ करनेमें जो २ घृणित और अभक्ष पदार्थ काममें लायें जाते हैं उनके सच्चे प्रमाणोंके हेतु निम्न लिखित अंग्रेजी लेखोंकी नकलें लिखी जाती हैं जिनके पढने तथा सुननेसे हृदयका सन्देह तुरन्तही क्षणभरमें दूर होजायगा.

---

A few opinions of European Doctors regarding foreign sugar extracted from reliable English books;—

Sugar thus cleansed is well prepared for the next refining process, which consists in putting it into a large square copper-cistern along with some lime-water, ( a little bullock's blood, and from 5 to 20 per cent of bone black.)

Other refiners use both the blood and finings with advantage.

Bone black is now very frequently employed by the sugar refiner.

When the blowing up cistern is charged with sugar, finely gronnd bone black, and blood, the mixture must be passed through a proper system of filters etc, etc. see Dictionary of Arts, manufactures and mines 3rd edition by Doctor Vre London 1846, Page 1205 etc.

Cylinders of wrought or Cast Iron, varying in diameter from 5 to 10 feet, and in height from 10 to 30, having a perforated false bottom a couple of inches above the true one, are filled with granulated animal charcoal.

One ton of charcoal is sometimes used to purify two tons of sugar; and in at least one refinery, when inferior sugar is operated on, two tons of charcoal serve for one ton of sugar. In most provincial refineries about one ton of charcoal is used to one of sugar etc., etc. :—

See Dictionary of Arts, manufactures and mines 6th Edition by Doctor Vre London 1867 Pages 829 etc., etc.

Now as it is the albumen of the blood only which assists in clarifying the sugar--solution, and not the blood itself, it would be far better that albumen alone, as white of egg, should in all cases be employed.

Blood is a fluid compounded of fibrine albumen, and a variety of salts and effete substances, its use therefore in the manufacture of lump-sugar, is not merely disgusting, but is calculated to prove injurious to the health.

The sugar refiner will tell us that the whole of the blood employed is removed by the process of filteration adopted. This is not the case, however, as may in general be readily proved by dissolving a few knobs of lump-sugar in a large wire-glass of warm water, and subjecting the sediment which usually falls into the bottom, to microscopic examination and chemical analysis; the first shows that the sedimentary matter consist of angular flocculi, taking the form of the interstices of the crystals and the second, that is composed of coagulated albumen.

The only considerable advantage derived from the use of blood, is its cheapness; but when not merely cleanliness but health is concerned, the question of economy ought not to be entertained for one moment.

We have now adduced incontestable evidence of the impure condition of the majority of brown sugar, as imported into this country, and particularly as vended to the public. These impurities prevail to such an extent, and are of such a nature–consisting of live animal culae or acari, sporules of fungus, starch, grit, woody–fibre, grape–sugar etc. that we feel compelled, however reluctantly, to come to the conclusion that the brown sugar of commerce in general, is in a state wholly unfit for human consumption.

..... ...One portion of our advice to the public must therefore be, not to purchase the inferior brown sugars of the shops etc, etc, see food and its aduleration by Doctor Hassel London 1855 Page 17, 31 etc, etc.

Grape sugar is a low sugar, deficient in sweetening powers, therefore it is evident that by admixture with grape sugar that of the cane must be greatly depreciated in value.

Doctor Pereira states that brown sugar is extensively adulterated with sugar prepared from the potato stock as well as with that made from

Sago-flour (these substances are anologous with grape-sugar). Potato-sugar is manufactured at Staford, in Essex. It is claming and wants that sparkling crystalline appearance possessed by West India Sugar, is much less sweet than the latter, and possesses a bitter, somewhat unpleasant taste.

Every investigation that has been made into the colouring matters used by confectioners for the adornment of their sweetmeats has invariably ended in the discovery of poisons of the most destructive and deadly nature etc., etc, see Tricks of Trade London 1856 Pages 42, 43, 44, 45, etc.

---

# કોન્ફરન્સના ઉપદેશકનો પ્રવાસ.

કોંન્ફરન્સના ઉપદેશક મી. ટોકરસી નેણસીના જાવરા તથા મંદસોરના પ્રવાસ તથા કાર્યસિદ્ધિ વિષે અમે ડીસેંબરના અંકમાં જણાવી ગયા છીએ. આ વખતનો તેમનો પ્રવાસ તથા પ્રયાસ ફળીભૂત થયા છે, એમ નીચેની હકીકતો પરથી વાચકને સ્પષ્ટ થશે. તેમના પ્રવાસના પત્રોપરથી સારભૂત નીચલી હકીકત અમે તારવી કાઢી છે.

**મંદસોર.** તા૦ ૨૨-૧૨-૦૫—અહિંથી ૪। ગાઉ દૂર વાઈ નામના ગામમાં પાર્શ્વનાથજીનું મંદિર છે. ત્યાં વાર્ષિક પૂજા મહોત્સવપર આસપાસના ગામોના માણસો પણ આવ્યા હતા. મંદિર પ્રાચિન છે. બિંબ ચક્ષુ ટીલા રહિત હતા, મંદસોરથી મંગાવી ચડાવ્યા છે. ત્યાં બે ગરીબ જૈનબંધુઓના ઘર છે. વ્યવસ્થા મંદસોર હસ્તક છે. માર્ગમાં બોતલગંજ નામે નાના ગામમાં એક જીર્ણ ઘરમાં પધરાવેલ પ્રાચિન મંદિરની એક પ્રતિમા તથા ચાંદમલજી શેઠે બાંધવું શરૂ કરેલ પણ અપૂર્ણ નવું મંદિર જોયું.

**પ્રતાપગઢ.**—તા૦ ૨૪-૧૨-૦૫ મી. લક્ષ્મીચંદ ઘીયાએ બહુ પ્રયાસ લીધેલ છે. મી. ઘીયા, જે માળવાના પ્રાંતિક સેક્રેટરીછે તેમણે પોતાના વિભાગમાં કોન્ફરન્સનો આશય વિગેરેમાટે એક હેન્ડબીલ છપાવ્યુંછે (જે વિષે ટુંક હકીકત ડીસેંબરના અંકમાં નવીન સમાચારમાં અમે લીધેલી છે.) અને તેવી રીતે હેન્ડબીલ છપાવી ફેલાવવા પ્રાંતિકસેક્રેટરીઓ કોશિષ કરે તો કોન્ફરન્સનો આશય અમુક અંશે પાર પડે. વાઈનું તીર્થ પ્રાચિન છે અને બિંબ સંપ્રતિરાજાનું ભરાવેલ છે. મંદસોર શહેરમાં સ્થપાયેલ પાઠશાળાનું નામ "આત્મારામ જૈન પાઠશાળા" રાખ્યુંછે. ઉપર જણાવેલ બોતલગંજ ગામમાં જે ઘરમાં પ્રતિમાજી છે ત્યાં પાણી પડેછે અને આશાતના બહુ છે (આ આશાતનાને અંગે શેઠ ચાંદમલજીને અમારી નમ્ર પ્રાર્થના છેકે ચોરાશી લક્ષ યોનિમાંથી મનુષ્ય અવતાર અનેક જન્માંતરે આવી શકેછે, તેમાં પણ આર્યદેશ, શ્રાવક કુળ, ઉત્તમ શરીર અને દ્રવ્ય એ બધાં સાધનો મળવાં દુર્લભ છે. એ બધાં મળ્યા પછી પરમોપકારી, જગત ત્રાતા, પૂજ્ય તીર્થંકરની પ્રતિમા, છતી શક્તિએ, આમ આશાતનામાં રહે એ કોઇપણ રીતે ઇષ્ટ નથી, કર્મબંધ કરનાર છે. માટે મહેરબાની કરી આ આશાતના ટાળવા યત્ન કરશો.)

**પ્રતાપગઢ.**—તા૦ ૨૬-૧૨-૦૫—મી. ધીયાના બગીચામાં તમામ જૈનોની સભા રાત્રે થઈ. ૨૦૦ ગૃહસ્થો તથા ૫૦ સ્ત્રીઓ હાજર હતી. કોન્ફરન્સના હેતુ તથા કાર્યમાટે ૨ કલાક ભાષણ ચાલ્યું. કોન્ફરન્સના હેતુ પાર પાડવા અત્રે એક કમીટી નીમાઈ.

પ્રતાપગઢ.—તા૦ ૨૮-૧૨-૦૫ અત્રે નીચે પ્રમાણે ઠરાવો થઈ સહીઓ થઇ ગઇ છે:—

૧ શ્રીજૈન શ્વેતાંબર સભા, પ્રતાપગઢ, સ્થાપન કરવી. આ સભા દર પખવાડીએ મળશે. જાદી જાદી જ્ઞાતિઓના આગેવાનો સહિત ૩૩ જણની કમીટી નીમાઈ.

૨ સભાના સુકૃત ભંડારમાટે માણસ દીઠ ચાર આના આપવા. વધારે આપે તે તેની ખુશી.

૩ કોઈ સ્વામી ભાઇને ત્યાં ખુશી, સાદી વિગેરે પ્રસંગો આવે ત્યારે સભાના ૨ જણાએ તેને ત્યાં જવું અને તે આપે તે સ્વીકારવું.

૪ કોઈ પ્રસંગે દારૂખાનું ફોડવું નહિ.

૫ જૈનવિધિ મુજબ લગ્ન કરવાં.

૬ પરદેશી સાબુ અને મીણબત્તી, ( ચરબીવાળાં હોવાથી ) જાનવરોના પીછાવાળી ટોપીઓ તથા ચામડાનાં પૂઠાં વાપરવાં નહિ.

૭ મોરસ સાકર કોઈએ વાપરવી નહિ અને વેપાર કરવો નહિ. બનારસી ખાંડજ વાપરવી. ગામની એક જાહેર સભામાં પણ વ્યાખ્યાનદ્વારા સાબુ, મીણબતી, ખાંડ વિગેરે પરદેશી ચીજો ન વાપરતાં સ્વદેશી ચીજો વાપરવાના ઠરાવો કરાવ્યા હતા.

બીજી એક આપણી મીટીંગમાં નીચલા ઠરાવો થયા.

૧ છોકરા છોકરીનાં લગ્ન ૧૧ વર્ષ પહેલાં કરવા નહિ.

૨ પચાસ વર્ષ પછી પુરૂષે લગ્ન કરવું નહિ.

૩ એકવીશ વર્ષસૂધીના મૃત્યુ પાછળ જમણવાર કરવું નહિ.

૪ મૃત્યુ પાછળ દીવડાનો રીવાજ બંધ કરવો.—દીવડો=પ્રત્યેક દીવાળીએ મૃત્યુ પાછળ રોવા જવાનો રીવાજ.

કંદોઇઓને બોલાવી પરદેશી ખાંડ ન વાપરવાનો ઠરાવ કરાવ્યો અને સહીઓ લીધી. પ્રતાપગઢમાં મી. ધીયાએ તથા તે રાજ્યના મુખ્ય અધિકારી માજી કામદાર મનાલાલજી ભાયાવતે, ગાંધી દેવરાજજી તથા ત્યાંની સ્થાનિક કમીટીના સભાસદોએ અમારા ઉપદેશકને જે સગવડ, સરલતા ઉત્સાહુસાથે કરી આપી છે, તે બાબત અમે તેમનો આભાર માનીએ છીએ. થયેલા ઠરાવો અમલમાં મૂકવા, જીલાના નાના ગામોમાં તે સંબંધે પ્રયાસ કરવા અમે તેમને આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ.

ઉપદેશક મી. ટોકશી લખે છે કે માત્ર કોઇ એક ચોકસ ભાગમાંજ વારંવાર કોશિષ કરાય—આખું વર્ષ ચોકસ વિસ્તારજ સોંપાય—એવા મિશનથીજ ધારેલા હેતુ પાર પડી શકશે.

સીતામૈ.—તા. ૭-૧-૦૬. અહીં ત્રણ સભાઓ થઈ. થયેલ ઠરાવ નીચે પ્રમાણે:—

૧ દર મહિનાની પહેલી તારીખે સભા ભરાશે. સભામાં કોરમ ૭ મેંબરની ગણાશે.

૨ જૈન વિધિ મુજબ લગ્ન કરવાં.

૩ દારૂખાનું ફોડવું નહિ. ફટાણાં ગાવાં નહિ.

૪ કન્યાશાળા સ્થાપન કરવી.

૫ કન્યાનાં લગ્ન ૧૧ વર્ષથી ઓછી ઉમરે કરવાં નહિ.

૬ પીસ્તાળીશ વર્ષ ઉપરાંતના વરને કોઈએ કન્યા આપવી નહિ. તેમ તેવા માણસે લગ્ન કરવાં પણ નહિ.

૭ એકવીશ વરસનાં મૃત્યુ પાછળ કારજ કરવું નહિ.

૮ મોરસ ખાંડ, સાબુ, મીણબત્તી, ચામડાનાં પૂઠાં, પીછાંવાળી ટોપીઓ વિગેરે વાપરવું નહિ.

૯ સુકૃત ભંડારનો પા રૂપિયો દરવરસે આપવો.

૧૦ શ્રીચૌરીપર પંચાયતની મોટા સાથ ઓશવાળોએ લાગાના રૂ. ૧૧ દેવા.

૧૧ દરેક ખુશીની રસોઈ પ્રસંગે શ્રીમંદિરજીનો લાગો ગોળપર રૂ. ૧, સાકરપર રૂ. ૨, શીરાપુરીપર રૂ. ૨॥, માલપુવાપર રૂ. ૩, લાડુપર રૂ. ૪ અને પકવાન પર રૂ. ૫, દેવા.

૧૨ નાવારસ જૈન બાળકો તથા વિધવાઓની પરવશી કરવી.

૧૩ કન્યાવિક્રય કરવો નહિ.

ઉપરના ઠરાવોમાં સહુની સહીઓ થઈ ગઈ છે.

સીતામોહ તા. ૫-૧-૦૬ દરબાર સાથ મુલાકાત થઈ. તેઓ વિદ્વાન અને સુધારા તરફ દિલસોજ છે. દર અઠવાડીએ જાતે ભાષણ આપે છે. નિયમિત સભા ભરાય છે. પરદેશી ખાંડપર મણે રૂ. ૨ જગાત નાખી છે.

મંદસોર તા. ૮-૧-૦૬, પાઠશાળા બેની સ્થાપના થઈ.

# પાટણ કોન્ફરન્સના પ્રમુખ

## શેઠ વીરચંદ દીપચંદ. સી. આઈ. ઈ. જે. પી. નું જન્મચરિત્ર.

હાલની કોન્ફરન્સના પ્રમુખ શેઠ વીરચંદ દીપચંદ. સી. આઈ. ઇ. વીશાશ્રીમાળી જ્ઞાતિના છે. તેઓનો જન્મ અમદાવાદ જીલ્લાના આણંદ તાલુકાના ગોધાવી નામના ગામમાં સંવત ૧૮૮૯ ના માગશર શુદી ર તા. ૨૪ નવેંબર ૧૮૩૨ શનિવારના રોજ થયો હતો. આ ગોધાવી ગામ બી. બી. સી. આઇ. રેલવેના સાણંદ સ્ટેશનથી પૂર્વમાં એક માઈલ દૂર આવેલું છે. તેનું નામ પાંડવોના વખતમાં "ગઉધાવી" એવું હતું પરંતુ પાછળથી અપભ્રંશ થઈ ગોધાવી કહેવાવા લાગ્યું છે એમ દંતકથા છે. અગાઉના વખતમાં હાલની માફક સ્થળે સ્થળે કેળવણી આપવાને સાધન નહોતાં. તેથી જગનકુશળ નામના ગોરજી કે જેઓ ગોધાવીમાં તે વખતે રહેતા હતા, તેમની પાસે શેઠ વીરચંદ ભાઇએ ફક્ત ધાર્મિક કેળવણી સંપાદન કરી હતી, અને લગભગ ૧૭ વરસની ઉમર સુધી તેઓને ગોધાવીમાંજ રહેવું થયું હતું. પરંતુ સંવત ૧૯૦૬–૦૭ ઇ. સ. ૧૮૪૯–૫૦ ના અરસામાં તેઓનું અમદાવાદમાં આવવું થયું હતું. જ્યાં ઇંગ્રેજી તથા ગુજરાતી ભાષાનો સારી રીતે અભ્યાસ કરી પોતાને વચમાં મળતી નવરાશનો સદઉપયોગ કર્યો હતો. અમદાવાદના સુપ્રસિદ્ધ નગરશેઠ હેમાભાઇના સેક્રેટરી તરીકે શેઠ દલપતભાઈ કામ કરતા હતા તેમના સમાગમમાં શેઠ વીરચંદભાઇનું પ્રસંગોપાત આવવું થયું. અને ક્રમે કરીને શેઠ હેમાભાઇને તેમની બુદ્ધિ અને ગુણોની પીછાન થવાથી ઇ. સ. ૧૮૫૭ માં અમદાવાદની મ્યુનિસિપાલીટીમાં રૂ. ૨૪ ના દરમાયાથી ઇન્સ્પેકટરની જગ્યા અપાવી હતી. પરંતુ મ્યુનિસિપાલીટીમાં એક મહિનો અને ૨૧ દીવસ નોકરી કરતાં થયા તેટલામાં તો તે બંધ પડી ગઈ. અને તેથી શેઠ હેમાભાઇએ તેમને મુંબઈમાં શેઠ વખતચંદ ખુશાલચંદના નામથી પોતાની તે વખતે જે પેઢી ચાલતી હતી ત્યાં મોકલવા ઇચ્છા બતાવી જે શેઠ વીરચંદભાઈએ ઘણી ખુશીથી સ્વીકારી લઈ શેઠ હેમાભાઈ તરફથી પોશાક મેળવી ઈ. સ. ૧૮૫૭ સં. ૧૯૧૪ ના જેઠ મહિનામાં મુંબઈ આવ્યા. આ સાલમાં હિંદુસ્તાનમાં મોટો બળવો ફાટી નીકળ્યો હતો. જેના ખબર શેઠ વીરચંદભાઇને પહેલવહેલા સુરતને તાપી નદીમાં મળ્યા હતા. હાલ જે પ્રમાણે રેલ્વેના સાધન છે, તેવા તે વખતે નહિ હોવાથી અમદાવાદથી સુરત સુધી પગરસ્તે અને સુરતથી મુંબઈ સુધી આગબોટમાં આવવું પડ્યું હતું.

શેઠ વીરચંદભાઇને મુંબઈમાં આવ્યાને થોડો વખત થયો તેટલામાં તો શેઠ હેમાભાઈ સ્વર્ગવાસ થયા. અને તેમની ગાદી ઉપર શેઠ પ્રેમાભાઈ બીરાજ્યા. શેઠ પ્રેમાભાઇને મયાભાઈ કરીને જ્યેષ્ઠ પુત્ર હતા. તેઓ ખાનગી રીતે સટ્ટાનો મોટો વેપાર કરતા હતા અને તે પોતાની પેઢીએ નહિ નોંધાવતાં મુંબઈમાં બીજી પેઢીઓ મારફત ચલાવતા હતા. જેમ કરવું શેઠ વીરચંદભાઈની નજરમાં જોખમ ભરેલું જણાયાથી તેમણે શેઠ પ્રેમાભાઈ તથા મયાભાઇને તેના ગુપ્ત દોષો જાહેર કર્યા જેના પરિણામમાં સેઠ મયાભાઇએ પોતાનો

તમામ વેપાર શેઠ વીરચંદભાઈના હસ્તક સોંપ્યો અને તેમ કરવાથી શેઠ પ્રેમાભાઈએ શેઠ મયાભાઈનો વેપાર પોતાની પેઢીમાં નોંધવા પરવાનગી આપી. શેઠ વીરચંદભાઈએ શેઠ મયાભાઈના તરફથી સારી રીતે કામ કરીને સંતોષ આપ્યો હતો.

ઈ. સ. ૧૮૬૦ માં અમેરિકા દેશમાં Slave Trade "ગુલામના વેપાર" બાબતમાં ઉત્તર અને દક્ષિણ વિભાગો વચ્ચે મહાન લડાઈ જાગી હતી. મેશર્સ સ્ટર્ન હૉબટ કમ્પની વાળા મી. સ્ટર્ન અમેરિકાથી કેટલોક માલ ભરીને મુંબઇ આવેલા જેમણે પહેલ વહેલા આ લડાઈના ખબર શેઠ વીરચંદ ભાઈને યોગ્ય જાણી ગુપ્ત રીતે આપ્યા અને જણાવ્યું કે આ લડાઈ જાગવાથી અમેરિકા દેશમાં રૂનો પાક બીલકુલ આ વરસમાં થશે નહિ. જેથી હિંદુસ્તાનના રૂનો ભાવ જરૂર વધશે. આ પ્રમાણેની તેની વખતસરની અને યોગ્ય સલાહ શેઠ વીરચંદ ભાઇને મુનાસબ જણાયાથી રૂના તૈયાર માલ અને વાયદાના વેપારની બે કમ્પનીઓ તેમણે ઉભી કરી. તૈયાર માલના વેપારમાં મી. સ્ટર્ન, શેઠ મયાભાઈ, શેઠ જેસીંગભાઈ હઠીસંગ તથા શેઠ કરશનદાસ માધવદાસ મળી ચાર ભાગીદારો હતા, અને વાયદાના વેપારમાં શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ અને બાકીના ઉપર જણાવેલા ગૃહસ્થો મળી તેમાં પણ ચાર ભાગીદારો હતા. આ કંપનીઓએ તૈયાર માલનો મોટો જથ્થો ખરીદ કર્યો તેમજ વાયદાનો પણ મોટો વેપાર કરી સારી રકમ પેદા કરી હતી.

શેઠ વીરચંદભાઇના આ પ્રમાણેના સાહસમાં ફતેહ થવાથી શેઠ વખતચંદ ખુશાલચંદની પેઢીનો તમામ વહીવટ શેઠ પ્રેમાભાઇએ એમના હાથમાં સોંપી દીધો. તેજ વખતે શેઠ કરશનદાસ માધવદાસના નામની આ કંપની ચાલુ કરવામાં આવી હતી. જેમાં શેઠ કરશનદાસ, મયાભાઈ, શેઠ મગનભાઈ હઠીસીંગ અને શેઠ વીરચંદભાઇ મળી ચાર ભાગીદાર હતા. આ કંપનીને સ્ટોર પીગટ કમ્પનીની એજન્સી મળી હતી. જેમાં સારી રીતે પેદાશ થઇ હતી. આ અરસામાં મરહુમ ઓનરેબલ મી. ઝવેરીલાલ ઉમયાશંકર યાજ્ઞિક પોતાનો અભ્યાસ પૂરો કરી બહાર પડ્યા અને તેમનું લક્ષ વેપારી લાઇનમાં જોડાવા માટે દોરાયું અને તેથી શેઠ વીરચંદભાઇની મદદ માગી. શેઠ વીરચંદભાઈનો સ્વભાવ કુદરતી રીતેજ કોઈને પણ પોતાથી બની શકતો ઉપકાર કરવાને ઉત્સુક હોવાથી તેમણે મી. ઝવેરીલાલની દરખાસ્ત સ્વીકારી તેમના નામથી કંપની ચાલુ કરાવી પોતાનો ભાગ તેમાં રાખ્યો. આ કંપનીને ગ્રીવ્ઝ કૉટનની ભરૂચ મિલની તથા નુપ કમ્પનીની એજન્સીઓ મેળવી આપી અને તેમાં સારી રકમ પેદા થઈ હતી પરંતુ કેટલાએક કારણોને લઇને તા. ૧ ફેબ્રુઆરી સન ૧૮૬૫ થી નુપ કમ્પનીની એજન્સીના કમીશનમાં ફક્ત પોતાનો ચોથો ભાગજ રાખી શેઠ વીરચંદભાઇને બીજો ભાગ છોડી દેવાની જરૂર જણાઈ હતી અને થોડા વખત પછી તો તેઓ શેઠ કરસનદાસ માધવદાસ તથા મી. ઝવેરીલાલ વાળી બંને કમ્પનીઓમાંથી સદંતર નીકળી જઈને છુટા થઈ ગયા હતા.

ઈ. સ. ૧૮૬૫ ની સાલ મુંબઈ શહેરના માટે એક ઘણીજ ઈતીહાસિક લેખાય છે. તે સાલમાં મુંબઈમાં શેરનો મોટો સટો ચાલ્યો હતો. જેના પરિણામમાં મુંબઈમાં લગભગ ૬૦ કરોડ રૂપીયાનું નુકસાન અડસટવામાં આવ્યું હતું. હજુ પણ આ

બનાવને Share-mania-ના નામથી ઓળખવામાં આવે છે. શેઠ વીરચંદભાઈને જો કે Share-mania-માં ઘરનો વેપાર નહોતો તો પણ બધા શેહેરની સાથે તેમને પણ આથી ખમવું પડયું હતું.

ગીરગામ બેકરોડ ઉપર આવેલા ચીના બાગના નામથી ઓળખાતા ભવ્ય મકાન કે જેમાં હાલ શેઠ મોરારજી ગોકળદાસના જયેષ્ઠ પુત્ર શેઠ ધરમસીભાઈ રહે છે ચીના બાગ પ્રથમ શેઠ પ્રેમાભાઈની માલકીનો હતો. જે તેમણે તે શેઠ કરસનદાસ માધવદાસને વેચ્યો હતો અને તેમના તરફથી છેવટ શેઠ મોરારજી ગોકળદાસને વેચવામાં આવ્યો હતો, અને તેથી શેઠ મોરારજીએ તે લીધા પછી પોતાનો વસવાટ ત્યાં કર્યો હતો, આ ચીના બાગની દક્ષિણ તરફ જે નાનો બંગલો આવેલો છે, તેમાં શેઠ વીરચંદભાઈ રહેતા હતા. અને આ પ્રમાણે શેઠ મોરારજીના તેઓ પડોસી હોવાથી બંને ગ્રહસ્થો એકબીજાના સહવાસમાં આવ્યા અને પ્રસંગોપાતના કામકાજથી એક બીજાની મિત્રાચારી વધતી જતી હતી.

શેઠ વીરચંદભાઈને મુંબઈમાં આવ્યાને લગભગ પાંચ વરસ થયા હતા તેટલામ તો તેઓ ઓરીયન્ટલ સ્પીનીંગ, ગ્રેટ ઈસ્ટર્ન સ્પીનીંગ, માણેકજી પીટીટ અને ભરૂચ મીલના ડાયરેકટરનો જોખમી હોદો મેળવવા પામ્યા હતા. ઉપરાંત બોન્ડેડ વેર હાઉસ અને બેન્ક ઓફ ઈંડીયાના ડાઈરેકટર તથા મુંબઈ પાંજરાપોળના મેનેજર તરીકે પણ તેમની નીમણુક થઇ હતી. અને આ પ્રમાણે આટલા ટુંકા સમયમાં તેઓ જાહેર પ્રજાનો વિશ્વાસ મેળવી શકયા હતા એટલુંજ નહિ, પણ આ હોદાઓને લગતી ફરજો તેમણે ઘણીજ યોગ્ય રીતે બજાવી હતી.

શેઠ મોરારજી ગોકળદાસ બોમ્બે એન્ડ પર્શ્યા સ્ટીમ નેવીગેશન કમ્પની વિગેરેના ડાઈરેકટર હતા. અને તે અરસામાં મીલ ઉદ્યોગ તરફ તેમનું લક્ષ ખેંચાયું હતું. તેઓએ શેઠ વીરચંદભાઈની સલાહથી કેટલીક મીલોના શેરો લીધા અને તેમાં તેમને ઘણો સારો ફાયદો થવાથી શેઠ વીરચંદભાઈના ઉપર તેમને પ્રતીતિ આવી એટલુંજ નહિ પણ તેમના દુરઅંદેશીપણા અને તેમની વિશાળ બુદ્ધિ વિષે શેઠ મોરારજીને સારો અભિપ્રાય બંધાયો.

ઈ. સ. ૧૮૭૦ ની સાલમાં શેઠ મોરારજી, શેઠ ખટાઉ મકનજી તથા લક્ષ્મીદાસ ખીમજી વિગેરેએ મળીને એક જુટ મીલ ખરીદ કરી. પરંતુ તેમા પછીથી ઘણો એક ફેરફાર કરી તેને કાપડ સુતરની મીલમાં ફેરવી નાંખવામાં આવી અને તેને "મોરારજી મીલ" નું નામ આપવામાં આવ્યું. આ પ્રમાણેનો ફેરફાર કર્યા પછી તે મીલ શેઠ મોરારજી તથા ખટાઉ મકનજી બંને જણા વચ્ચે રહી. આ મીલનું કામ ચાલુ થય પછી થોડા વખત પછી એટલે ઇ. સ. ૧૮૭૪ ના અરસામાં શેઠ મોરારજી તથા ખટાઉ મકનજીએ " મંગળદાસ મીલ " જેને હાલ યુનાઇટેડ સ્પીનીંગ કહેવામાં આવે છે, તે ખરીદી લીધી. આ પ્રમાણે બે મીલો થવાથી બંને ભાગીદારો એકેક મીલ સુવાંગ પોતાના ભાગમાં રાખીને ભાગીદારીમાંથી છુટા થઇ ગયા અને " મોરારજી મીલ " શેઠ મોરારજીએ પોતાના પાસે આવ્યા પછી શેઠ વીરચંદભાઇને પોતાના ભાગી-

દાર તરીકે તેમાં ફરીથી લીધા અને તેજ સાલમાં તેમણે પોતાનું વીલ કરેલું તેમાં શેઠ વીરચંદભાઇને ટ્રસ્ટી તરીકે નીમ્યા હતા.

આજ વરસમાં એટલે ઇ. સ. ૧૮૭૪ માં શેઠ મોરારજીએ બીજી મીલ કરવા ઈરાદો જણાવી શેઠ વીરચંદભાઈને સોલાપુર મોકલ્યા અને તે મીલનો વહીવટ શેઠ વીરચંદ ભાઇને સંભાળવાનો હતો. શેઠ વીરચંદભાઇએ ત્યાં જઈને રેલ્વે તથા કનાલ વચ્ચેની જમીન પસંદ કરી મીલ બાંધવાનું કામ શરૂ કરવાથી ગરીબ લોકોને ઘણી મજુરી મળી, અને દુકાળનું સંકટ કેટલેક દરજે ઓછું થવામાં તેનાથી મદદ મળી. અને આ કામ ઘણું ઉપયોગી થઈ પડ્યું. શેઠ વીરચંદભાઈ લગભગ પાંચ વરસ સોલાપુરમાં રહ્યા અને મીલને સારા પાયા ઉપર લાવી મુકી.

ઈ. સ. ૧૮૭૮ માં શેઠ મોરારજી ગોકળદાસ, વિશ્રામ માવજી, શેઠ જેરામ નારણજી, રણછોડદાસ નરોત્તમદાસ અને શેઠ વીરચંદભાઈના ભાગમાં મળીને 'મહાલક્ષ્મી' નામની ત્રીજી મીલ લેવામાં આવી. અને આ પ્રમાણે મોરારજી મીલ, સોલાપુર મીલ અને મહાલક્ષ્મીનો વહીવટ પંચ્યાળામાં મૂકવામાં આવ્યો. આ પ્રમાણે ટુંકા વખતમાં શેઠ વીરચંદભાઈ ત્રણ મીલોમાં ભાગીદાર થયા હતા અને તેથી સારી આવક તેમને પ્રાપ્ત થવા માંડી હતી.

ઈ. સ. ૧૮૭૫—૭૭ માં સોલાપુરમાં પડેલા દુકાળ વખતે શેઠ વીરચંદભાઈ સોલાપુરમાં હાજર હતા. તે વખતે ભાવનગર રાજ્યના એડમીનીસ્ટ્રેટરના હોદ્દાઉપરથી આવેલા મી. પરસીવલ સાહેબ કલેકટર હતા. દુકાળની અસરથી રૂ. એકની સાત શેર પ્રમાણે જુવારનો ભાવ થઇ ગયો અને દીવસે દીવસે સોંઘવારી વધતી જતી હતી. આ પ્રમાણે થયું જોઇને મી. પરસીવલ સાહેબે ડેપ્યુટી કલેકટર ખા. બ. દારાશા ડોસાભાઈ મારફત વેપારી લોકોને કહેવરાવ્યું કે જો તેઓ ભાવ વધારી આપશે, અને દુકાળીયા લોકો ભૂખે મરતાં તેમની દુકાનો લુટી જશે તો સરકાર તેનું રક્ષણ કરશે નહીં. આ પ્રમાણે વેપારી લોકોને કલેકટર સાહેબનો હુકમ સંભળાવ્યા પછી ડેપ્યુટી કલેકટરે મીલમાં જઇ શેઠ વીરચંદભાઈને પણ તે ખબર આપ્યા. શેઠ વીરચંદભાઈને આ ખબર મળવાથી તેમાં રહેલું જોખમ જોઇ શકયા અને તેમણે તરતજ કલેકટર સાહેબ પાસે જઇને આ પ્રમાણે કરવાથી દુકાળીયાને લાભ થવાને બદલે ઊલટા ભુખે મરીજશે. માટે પોતે કરેલો હુકમ રદ કરી તેમનું રક્ષણ સરકાર કરશે. અને તેમની મરજી મારફ ભાવથી વેચવા આપવાની છુટ આપવા દલીલ કરી તેમના મનમાં ઉતાર્યું. આ પ્રમાણે કલેકટર સાહેબે છુટ આપવાથી વેપારી લોકોએ તરતજ ભાવ ચડાવી દીધા અને સારી રીતે કમાવાની લાલચમાં પોતાના ગજા ઉપરાંત બહાર દેશાવરથી ખરીદ કરાવી અનાજ સોલાપુરમાં મંગાવ્યું.

બીજી તરફથી શેઠ મોરારજીએ સોલાપુરના દુકાળ માટે ધર્માદાફંડ ઊઘાડી તેમાં મુબઈમાંથી પૈસા ભરાવી ત્યાં મોકલવા શરૂ કર્યા અને ત્યાંની મીલમાં ધર્માદાફંડના હિસાબે મીલમાં દુકાન ઊઘાડી બહાર દેશાવરથી અનાજની ખરીદ શરૂ કરી મંગાવવા માંડયું. અને પડેલા ભાવે અગર તેનાથી સસ્તા ભાવે વેચવાનો રીવાજ શરૂ કર્યો. જેથી ઘણા લોકો આ ધર્માદા દુકાનેથી અનાજ લેવા લાગ્યા. અને તેથી કરીને વેપારી લોકોનું

અનાજ ખપી શકયું નહિ. વળી તેમણે બહારથી મંગાવેલું અનાજ મોંઘા ભાવથી આવેલું હોવાથી સસ્તું વેચાઈ શકે તેમ નહોતું અને બીજી તરફથી માલના નાણા ભરવાની તાકીદ થવાથી છેવટે તેમને પણ સસ્તો ભાવ કરવાની જરૂર પડી. અને તેના પરિણામે દુકાળીયા લોકોને ઘણોજ ફાયદો થયો. જો વેપારી લોકોને ભાવની વધઘટ કરતાં અટકાવવામાં આવ્યા હોત તો તે લોકો અનાજ લાખો મણ મંગાવત નહી. એટલુંજ નહી પણ અનાજ બીલકુલ મળી પણ શકત નહી. અને જેથી લાભ કરવાને બદલે ઊલટી હાની થાત. મી. પરસીવલ સાહેબને શેઠ વીરચંદ ભાઇએ તે વખતે જે સલાહ આપી હતી તેની ખરી કીંમત પાછળથી તેઓ કરી શકયા. અને શેઠ વીરચંદભાઈના દુરઅંદેશીપણા અને અગાધ બુદ્ધિ માટે ઘણી પ્રશંસા કરી. આ પ્રમાણે લાકડાવાળાઓએ પણ ભાવ વધારીને ખાંડી ૧ નાં રૂ. ૧૬ કર્યા જેથી શેઠ મોરારજી ગોકુળદાસની કમ્પની તરફથી મીલમાં લાકડાનો જે જથ્થો સંગ્રહ કરી રાખવામાં આવ્યો હતો તે દસ રૂપીયાના ભાવથી વેચવો શરૂ કરી બીજી લાકડાની ખરીદ દેશાવરમાં ચાલુ રાખી તે ભાવને પણ વધવા દીધો નહિ. આવી રીતે નુકશાન ખમીને પણ લોકનું સંકટ ઓછું કરવામાં શેઠ મોરારજીએ તથા વીરચંદભાઇએ મહેનત અને મદદ કરેલી હોવાથી નામદાર સરકારે શેઠ મોરારજીને સી. આઇ. ઈ. નો વીતાબ બક્ષી કદરપીછાણી હતી. જયારે શેઠ વીરચંદભાઈને માટે તા. ૨૪ ડીસેંબર ૧૮૭૬ ના સરકારી ગેઝેટમાં લખાણ કરીને તેમજ તા. ૧ જાનેવારી ૧૮૭૭ ના રોજ મેરીટનું સરટીફીકેટ આપી તેમની સેવાની કદર બુઝી હતી. શેઠ વીરચંદભાઈએ કમ્પનીની મીલમાં ઓરફનેજ કરી ન માબાપાં છોકરાંછોકરીઓને ત્યાં રાખ્યા હતા. અને ઈ. સ. ૧૮૭૯ માં શેઠ વીરચંદ ભાઈ મીલના કામ પ્રસંગે કલકત્તા તરફ જઇ આવ્યા પછી સોલાપુર કલેકટર મી. સ્પ્રાઈના કહેવાથી ઓરફનેજના છોકરાછોકરીઓ મોટી ઊમરના હોવાથી તેમને મીલના ખરચે પરણાવી દેવામાં આવ્યા હતા.

ઈ. સ. ૧૮૭૯ માં શેઠ વીરચંદભાઇને સોલાપુરના સીનીઅર એસીસ્ટંટ જડજની કોરટમાં એસેસર નીમવામાં આવ્યા હતા. તેજ સાલમાં સોલાપુર મ્યુનીસીપાલીટીના મેંબર નીમાયા હતા. અને બીજાજ વરસે તેઓ મ્યુનીસીપલ કમીશનર થયા હતા શેઠ મોરારજી નામદાર ગવર્નરની ધારા સભાના મેંબર નીમાયા હતા. ઈ. સ. ૧૮૮૦ માં કાબુલ કંદહારની મોટી અફધાન લડાઇ થઈ હતી તેમાં માર્યા ગયેલા સીપાઇઓની વિધવા તથા છોકરાઓને મદદ કરવા માટે સોલાપુર કલેકટર મી. સ્પ્રાઈએ ફંડ ઉઘાડ્યું હતું તેમાં શેઠ વીરચંદભાઈને મેંબર નીમવામાં આવ્યા હતા. અને તેજ સાલમાં સોલાપુર ઓરફનેજ જે મીલમાં ઉઘાડ્યું હતું તેના છોકરા તથા છોકરીઓ મોટી ઉમરના હોવાથી મી. સ્પ્રાઈના કહેવાથી મીલના ખરચે પરણાવી દેવામાં આવ્યા હતા. આ પ્રમાણે બન્ને શેઠ મોરારજી તથા વીરચંદભાઇ લોકોપયોગી કામમાં મદદ કરવા પોતાથી બનતું કરી રહ્યા હતા તેવામાં શેઠ મોરારજીનો જુજ માંદગીના પરિણામે તા૦ ૧૬ અકટોબર સન ૧૮૮૦ ના રોજ કૈલાસવાસ થવાથી શેઠ મોરારજીના કુટુંબ અને શેઠ વીરચંદભાઇ ઉપર એક અણધારેલી આફત આવી પડી. અને તેથી શેઠ વીરચંદભાઇને સોલાપુર

દાર તરીકે તેમાં ફરીથી લીધા અને તેજ સાલમાં તેમણે પોતાનું વીલ કરેલું તેમાં શેઠ વીરચંદભાઇને ટ્રસ્ટી તરીકે નીમ્યા હતા.

આજ વરસમાં એટલે ઇ. સ. ૧૮૭૪ માં શેઠ મોરારજીએ બીજી મીલ કરવા ઇરાદો જણાવી શેઠ વીરચંદભાઇને સોલાપુર મોકલ્યા અને તે મીલનો વહીવટ શેઠ વીરચંદ ભાઇને સંભાળવાનો હતો. શેઠ વીરચંદભાઇએ ત્યાં જઇને રેલ્વે તથા કનાલ વચ્ચેની જમીન પસંદ કરી મીલ બાંધવાનું કામ શરૂ કરવાથી ગરીબ લોકોને ઘણી મજુરી મળી, અને દુકાળનું સંકટ કેટલેક દરજે ઓછું થવામાં તેનાથી મદદ મળી. અને આ કામ ઘણું ઉપયોગી થઈ પડયું. શેઠ વીરચંદભાઈ લગભગ પાંચ વરસ સોલાપુરમાં રહ્યા અને મીલને સારા પાયા ઉપર લાવી મુકી.

ઈ. સ. ૧૮૭૮ માં શેઠ મોરારજી ગોકળદાસ, વિશ્રામ માવજી, શેઠ જેરામ નારણજી, રણછોડદાસ નરોત્તમદાસ અને શેઠ વીરચંદભાઈના ભાગમાં મળીને 'મહાલક્ષ્મી' નામની ત્રીજી મીલ લેવામાં આવી. અને આ પ્રમાણે મોરારજી મીલ, સોલાપુર મીલ અને મહાલક્ષ્મીનો વહીવટ પંત્યાળામાં મૂકવામાં આવ્યો. આ પ્રમાણે ટુંકા વખતમાં શેઠ વીરચંદભાઈ ત્રણ મીલોમાં ભાગીદાર થયા હતા અને તેથી સારી આવક તેમને પ્રાપ્ત થવા માંડી હતી.

ઈ. સ. ૧૮૭૫—૭૭ માં સોલાપુરમાં પડેલા દુકાળ વખતે શેઠ વીરચંદભાઈ સોલાપુરમાં હાજર હતા. તે વખતે ભાવનગર રાજ્યના એડમીનીસ્ટ્રેટરના હોદ્દાઉપરથી આવેલા મી. પરસીવલ સાહેબ કલેકટર હતા. દુકાળની અસરથી રૂ. એકની સાત શેર પ્રમાણે જુવારનો ભાવ થઇ ગયો અને દીવસે દીવસે મોંઘવારી વધતી જતી હતી. આ પ્રમાણે થયું જોઇને મી. પરસીવલ સાહેબે ડેપ્યુટી કલેકટર ખા. બ. દારાશા ડોસાભાઈ મારફત વેપારી લોકોને કહેવરાવ્યું કે જો તેઓ ભાવ વધારી આપશે, અને દુકાળીયા લોકો ભૂખે મરતાં તેમની દુકાનો લુટી જશે તો સરકાર તેનું રક્ષણ કરશે નહીં. આ પ્રમાણે વેપારી લોકોને કલેકટર સાહેબનો હુકમ સંભળાવ્યા પછી ડેપ્યુટી કલેકટરે મીલમાં જઇ શેઠ વીરચંદભાઈને પણ તે ખબર આપ્યા. શેઠ વીરચંદભાઈને આ ખબર મળવાથી તેમાં રહેલું જોખમ જોઇ શકયા અને તેમણે તરતજ કલેકટર સાહેબ પાસે જઇને આ પ્રમાણે કરવાથી દુકાળીયાને લાભ થવાને બદલે ઊલટા ભુખે મરીજશે. માટે પોતે કરેલો હુકમ રદ કરી તેમનું રક્ષણ સરકાર કરશે. અને તેમની મરજી માફક ભાવથી વેચવા આપવાની છુટ આપવા દલીલ કરી તેમના મનમાં ઉતાર્યું. આ પ્રમાણે કલેકટર સાહેબે છુટ આપવાથી વેપારી લોકોએ તરતજ ભાવ ચડાવી દીધા અને સારી રીતે કમાવાની લાલચમાં પોતાના ગજા ઉપરાંત બહાર દેશાવરથી ખરીદ કરાવી અનાજ સોલાપુરમાં મંગાવ્યું.

બીજી તરફથી શેઠ મોરારજીએ સોલાપુરના દુકાળ માટે ધર્માદાફંડ ઊઘાડી તેમાં મુબઇમાંથી પૈસા ભરાવી ત્યાં મોકલવા શરૂ કર્યા અને ત્યાંની મીલમાં ધર્માદાફંડના હિસાબે મીલમાં દુકાન ઊઘાડી બહાર દેશાવરથી અનાજની ખરીદ શરૂ કરી મંગાવવા માંડયું. અને પડેલા ભાવે અગર તેનાથી સસ્તા ભાવે વેચવાનો રીવાજ શરૂ કર્યો. જેથી ઘણા લોકો આ ધર્માદા દુકાનેથી અનાજ લેવા લાગ્યા. અને તેથી કરીને વેપારી લોકોનું

અનાજ આપી શક્યું નહિ. વળી તેમણે બહારથી મંગાવેલું અનાજ મોંઘા ભાવથી આવેલું હોવાથી સસ્તું વેચાઈ શકે તેમ નહોતું અને બીજી તરફથી માલના નાણા ભરવાની તાકીદ થવાથી છેવટે તેમને પણ સસ્તો ભાવ કરવાની જરૂર પડી. અને તેના પરિણામે દુકાળીયા લોકોને ઘણોજ ફાયદો થયો. જો વેપારી લોકોને ભાવની વધઘટ કરતાં અટકાવવામાં આવ્યા હોત તો તે લોકો અનાજ લાખો મણ મંગાવત નહી. એટલુંજ નહી પણ અનાજ બીલકુલ મળી પણ શકત નહી. અને જેથી લાભ કરવાને બદલે ઊલટી હાની થાત. મી. પરસીવલ સાહેબને શેઠ વીરચંદ ભાઇએ તે વખતે જે સલાહ આપી હતી તેની ખરી કીંમત પાછળથી તેઓ કરી શકયા. અને શેઠ વીરચંદભાઈના દુરઅંદેશીપણા અને અગાધ બુદ્ધિ માટે ઘણી પ્રશંસા કરી. આ પ્રમાણે લાકડાવાળાઓએ પણ ભાવ વધારીને ખાંડી ૧ નાં રૂ. ૧૬ કર્યા જેથી શેઠ મોરારજી ગોકુળદાસની કમ્પની તરફથી મીલમાં લાકડાનો જે જથ્થો સંગ્રહ કરી રાખવામાં આવ્યો હતો તે દસ રૂપીયાના ભાવથી વેચવો શરૂ કરી બીજી લાકડાની ખરીદ દેશાવરમાં ચાલુ રાખી તે ભાવને પણ વધવા દીધો નહિ. આવી રીતે નુકશાન ખમીને પણ લોકનું સંકટ ઓછું કરવામાં શેઠ મોરારજીએ તથા વીરચંદભાઇએ મહેનત અને મદદ કરેલી હોવાથી નામદાર સરકારે શેઠ મોરારજીને સી. આઇ. ઈ. નો વીતાબ બક્ષી કદરપીછાણી હતી. જ્યારે શેઠ વીરચંદભાઇને માટે તા. ૨૪ ડીસેંબર ૧૮૭૬ ના સરકારી ગેઝેટમાં લખાણુ કરીને તેમજ તા. ૧ જાનેવારી ૧૮૭૭ ના રોજ મેરીટનું સરટીફીકેટ આપી તેમની સેવાની કદર બુઝી હતી. શેઠ વીરચંદભાઈએ કમ્પનીની મીલમાં ઓરફનેજ કરી ન માબાપાં છોકરાંછોકરીઓને ત્યાં રાખ્યા હતા. અને ઈ. સ. ૧૮૭૯ માં શેઠ વીરચંદ ભાઈ મીલના કામ પ્રસંગે કલકત્તા તરફ જઇ આવ્યા પછી સોલાપુર કલેકટર મી. સ્પ્રાઈના કહેવાથી અરફનેજના છોકરાછોકરીઓ મોટી ઊમરના હોવાથી તેમને મીલના ખરચે પરણાવી દેવામાં આવ્યા હતા.

ઈ. સ. ૧૮૭૯ માં શેઠ વીરચંદભાઇને સોલાપુરના સીનીઅર એસીસ્ટંટ જડજની કોરટમાં એસેસર નીમવામાં આવ્યા હતા. તેજ સાલમાં સોલાપુર મ્યુનીસીપાલીટીના મેંબર નીમાયા હતા. અને બીજાજ વરસે તેઓ મ્યુનીસીપલ કમીશનર થયા હતા શેઠ મોરારજી નામદાર ગવર્નરની ધારા સભાના મેંબર નીમાયા હતા. ઈ. સ. ૧૮૮૦ માં કાબુલ કંદહારની મોટી અફઘાન લડાઇ થઈ હતી તેમાં માર્યા ગયેલા સીપાઇઓની વિધવા તથા છોકરાઓને મદદ કરવા માટે સોલાપુર કલેકટર મી. સ્પ્રાઈએ ફંડ ઉઘાડ્યું હતું તેમાં શેઠ વીરચંદભાઈને મેંબર નીમવામાં આવ્યા હતા. અને તેજ સાલમાં સોલાપુર ઓરફનેજ જે મીલમાં ઉઘાડયું હતું તેના છોકરા તથા છોકરીઓ મોટી ઉમરના હોવાથી મી. સ્પ્રાઈના કહેવાથી મીલના ખરચે પરણાવી દેવામાં આવ્યા હતા. આ પ્રમાણે બન્ને શેઠ મોરારજી તથા વીરચંદભાઇ લોકોપયોગી કામમાં મદદ કરવા પોતાથી બનતું કરી રહ્યા હતા તેવામાં શેઠ મોરારજીનો જુજ માંદગીના પરિણામે તા૦ ૧૬ અકટોબર સન ૧૮૮૦ ના રોજ કૈલાસવાસ થવાથી શેઠ મોરારજીના કુટુંબ અને શેઠ વીરચંદભાઇ ઉપર એક અણધારેલી આફત આવી પડી. અને તેથી શેઠ વીરચંદભાઇને સોલાપુર

છોડી મુંબઈમાં આવવાની ફરજ પડી. આ પ્રમાણે થવાથી તેમને સોલાપુર મ્યુનીસીપાલીટીના કમીશનરનો હોદ્દો છોડવો પડયો અને ત્યાંની મ્યુનીસીપાલીટીએ તેમણે બજાવેલી કીંમતી સેવાની પીછાણમાં તારીખ ૪-૧-૮૧ ના રોજ એક ખાસ ઠરાવ કરી આભાર માન્યો હતો.

શેઠ મોરારજી ગુજરી ગયા તે વખતે તેમના બન્ને પુત્રો શેઠ ધરમસી તથા શેઠ નરોત્તમદાસ નાની ઉમરના હતા. શેઠ મોરારજીએ પોતાનું વીલ કર્યુ હતું તેમાં શેઠ સોરાબજી શાપૂરજી બંગાલી-શેઠ નરોત્તમ જેરામ-શેઠ વીરચંદભાઇ શેઠ સુંદરજી પ્રેમજી અને શેઠ બાળાજી પાડુરંગને પોતાના ટ્રસ્ટી ઠરાવ્યા હતા જેઓ પૈકી શેઠ સોરાબજી તથા બાલાજીએ પાવર લીધો નહોતો. શેઠ મોરારજી ગુજરી જવાથી હવે તેમના કુટુંબ ઉપર દેખરેખ રાખી શેઠ મોરારજીની એસ્ટેટ સંભાળવાનો બોજો પણ શેઠ વીરચંદભાઇ ઉપર આવી પડયો. જે તમામ કામ તેમણે ખરા દીલથી બજાવ્યું. એટલુંજ નહીં પણ શેઠ મોરારજીના બંને પુત્રોને ઉંચી કેળવણી આપી-ગ્રહસ્થોને છાજતી તમામ ગુણોની તાલીમ અપાવી-અને તેમની મીલકતનો વહીવટ પણ સારી રીતે કર પોતાની ફરજ પ્રમાણિકપણાથી અદા કરી હતી જે બદલ તા. ૨૦-૨-૯૬ ના રોજ શેઠ ધરમસી તથા શેઠ નરોત્તમદાસે શેઠ વીરચંદભાઈના માનમાં ચીના બાગમાં મેળાવડો કરી બન્ને ભાઈઓએ તેમના વહીવટ અને કામથી સંતોષ માની માનપત્ર આપ્યું હતું અને જાહેર રીતે ઉપકાર માન્યો હતો. આ વહીવટ બંને ભાઈઓને ઈ. સ. ૧૯૦૦ માં શેઠ વીરચંદભાઇએ ઘણી આબાદાની ભરેલી રીતે સોંપી દીધોછે. ત્યારથી હજુ સુધી આ બંને ભાઇઓ તથા શેઠ મોરારજીના ધર્મ પત્ની પોતાના દરેક કામકાજમાં શેઠ વીરચંદભાઈની સલાહ અનુસાર ચાલવાનું પસંદ કરેછે.

શેઠ વીરચંદ ભાઇ. સન ૧૮૮૦ માં આખરે સોલાપુરથી મુંબઈ આવ્યા ત્યારથી નામદાર મુંબાઈ સરકારસાથે તેમનો સબંધ દીનપરદીન વધતો ચાલ્યો. ઈ. સ. ૧૮૮૧ માં હિંદુસ્તાનમાં વસ્તીપત્રક કરવાનું હતું તેમાં મુંબઇમાં વસ્તીપત્રક કરવાના કામમાં લોકોને માહીતી બરાબર નહી હોવાથી નામદાર મુંબઈ સરકારના અંડર સેક્રેટરીએ તા. ૪-૨-૮૧ નો લેટર લખી તેમની મદદ માગી હતી જે તેમણે મોટી ખુશીથી આપી હતી. તા. ૨૨ જુલાઈ ૧૮૮૧ ના રોજ સોલાપુરમાં વોટર વર્કસ ખુલું મુકવા માટે મુંબઈના તે વખતના ગવર્નર નામદાર સર જેમ્સ ફરગ્યુસન સાહેબ પધાર્યા હતા જે પ્રસંગે શેઠ વીરચંદભાઈ સોલાપુરમાં હાજર થયા હતા. અને તે નામદારને મીલમાં આમંત્રણ કરી તેમના હાથથી ઓરફનેજના છોકરાંઓને કપડા વહેચાવ્યા હતા. શેઠ વીરચંદભાઇને ઈ. સ. ૧૮૮૨ માં નામદાર મુંબાઈ હાઇકોર્ટના જ્યુરર તરીકે નીમવામાં આવ્યા. બીજે વર્ષે એટલે ઈ. સ. ૧૮૮૩ માં નામદાર સરકારે એમને જસ્ટીસ ઓફ ધી પીસ બનાવ્યા અને કોઈ પણ જાહેર કામકાજમાં નામદાર સરકાર તેમનો અભિપ્રાય લેવાનું કીંમતી ગણતી.

હિંદુસ્તાનમાં ઉપરા ઉપરી દુકાળ પડતા હોવાથી તે બાબતમાં નામદાર સરકારે દુકાળ કમીશન નીમ્યું હતું અને તે કમીશને દેશના જુદા જુદા ભાગોના અનુભવી-

ઓના અભિપ્રાય એકઠા કરી ઘણી લંબાણ તપાસ ચલાવી હતી. આ કમીશન હજુર પોતાનો અભિપ્રાય રજુ કરવા ગવર્નમેન્ટમાંથી શેઠ વીરચંદભાઇને ફરમાવવામાં આવવાથી તા. ૨ માર્ચ સને ૧૮૯૮ નો લેટર લખી ફેમીન કમીશનના સેક્રેટરી ઉપર મોકલાવી આપેલો હતો. અને તેમાં પોતાને થયેલા અનુભવની ઘણીજ કીમતી સૂચનાઓ કરી હતી.

ઈ. સ. ૧૯૦૦ માં નામદાર ઈંડીયા સરકારે ૧૮૯૯ ના આકટ મુજબ Arbitration થી કજીયાનો નીકાલ લાવવા તથા તે આખા હિંદુસ્તાનમાં લાગુ કરવા સંબંધી વિચાર કરીને તેમાં ઘટિત સૂચનાઓ કરવા અનુભવી ગૃહસ્થોના અભિપ્રાય માગેલા હતા. અને તે ઉપરથી નામદાર મુંબઈ સરકારે તા. ૩૧ આગષ્ટ ૧૯૦૦ ના લેટરથી શેઠ વીરચંદભાઇનો પણ અભિપ્રાય માગેલો હતો. જે ઘણાજ પુખ્ત વિચાર અને સરળતાથી તે નામદાર હજુર શેઠ વીરચંદભાઇએ રજુ કર્યો હતો.

નામદાર ગવર્નર લોર્ડ સેન્ડહર્સ્ટ સાહેબના વખતમાં મુંબઈમાં પ્લેગ સબબે કવારેંન્ટાઇન તથા તે સંબંધે લોકોને ઘણી અગવડો પડતી હતી. તે માટે તે નામદારના મોઢા મોઢ શેઠ વીરચંદભાઇ લોકો ઉપર ગુજરતી હાડમારી અને તેથી તેમને થતું દુઃખ જાહેર કરવા ચુકયા ન હોતા.

ઈ. સ. ૧૮૯૬–૯૭ માં પણ પાછો સોલાપુરમાં ભયંકર દુકાળ પડયો હતો અને આ વખતે પણ અગાઉના દુકાળમાં કરેલી ગોઠવણો મુજબ શેઠ લખમીદાસ ખીમજી તથા શેઠ મોરારજી ગોકળદાસની કમ્પનીએ મળીને સસ્તા ભાવથી અનાજ વેચવાની દુકાન ઉઘાડવાની શેઠ વીરચંદભાઇએ ગોઠવણ કરી, અને દુકાળમાંથી લોકોનું સંકટ ઓછું કરવા હજારો રૂપીયા ખરચ્યા. એટલુંજ નહીં પણ વણકર લોકોને પણ સુતર વિગેરેની મદદ આપી તેમનો બનાવેલો માલ પણ પાછો મીલમાંજ રાખી તે લોકોને પણ ભારે સંકટમાંથી બચાવ્યા હતા. જે બધી હકીકત નામદાર સરકારની જાણમાં આવતાં નામદાર મરહુમ મહારાણી વિકટોરિયા તરફથી તા. ૧ જાનેવારી સન ૧૮૯૮ ના રોજ સી. આઇ. ઇ. નો માનવંતો ખેતાબ આપી તેમની સેવાની કીંમત પીછાણી હતી.

ઈ. સ. ૧૯૦૩ ના જાનેવારી મહીનામાં નામદાર શહેનશાહ સાતમા એડવર્ડ તથા નામદાર શહેનશાહબાનુ અલેકઝાન્ડ્રાના રાજ્યાભિષેકના સંબંધમાં દીલ્હીમાં હિંદુસ્તાનના માજી વાઇસરાય લોર્ડ કર્ઝન સાહેબે મોટો દરબાર ભર્યો હતો. અને તેમાં હાજરી આપવા શેઠ વીરચંદભાઈને નામદાર સરકારે આમંત્રણ કરવાથી નામદાર સરકારના ઇજતને માન આપી પોતે ત્યાં હાજરી આપી હતી.

આ પ્રમાણે શેઠ વીરચંદભાઈ નામદાર તાજ તરફથી વફાદાર તરીકે વિશ્વાસ અને માન ધરાવે છે. અને તે પ્રમાણે મુંબઈ ઈલાકામાં ઈલકાબ મેળવનાર જૈનકોમમાં તેઓ અગ્રેસર ગણાયા છે.

સંવત ૧૯૫૬ ના પહેલા ભયંકર દુકાળ વખતે કાઠીઆવાડ, સુરત, અમદાવાદ જીલ્લાઓના કલેકટરો તથા ફેમીન ઓફીસરોએ શેઠ વીરચંદભાઇને તે ભાગોમાં પણ

મદદ કરવા માટે કહેવાથી તેમાં પોતા તરફથી તેમજ પોતે મહેનત કરીને પોતાના મિત્રો પાસેથી ઉઘરાણું કરી મદદ કરી હતી. ત્યાર પછી હમણાજ અમદાવાદમાં આવેલી મોટી રેલથી થઈ પડેલા લાચારોને મદદ કરવાના ફંડ માટે પણ તેમને મેમ્બરો નીમી અમદાવાદના કલેકટરે મદદ લીધી હતી જે કામમાં તેમણે સોલીસીટર ભાઈશંકર નાનાભાઈની સાથે મળીને ઘણીજ સરસ રીતે ફાળો મુંબઈમાંથી કરાવી આપ્યો છે એટલુંજ નહિ પણ સોલાપુરથી પણ તેમાં મદદ મંગાવી આપી છે કાંઇપણ જાહેર ફંડ અથવા તેવા બીજા ધર્માદાના કામોમાં શેઠ વીરચંદભાઇએ પોતાનો ફાળો આપવામાં કદીપણ પછાતપણું બતાવ્યું નથી. પંઢરપુરનો પૂલ બાંધવાના કામમાં, એદલજી ફરામજી લેપર હોમ, ગૌરક્ષામાં, લેડી ડંફ્રીન ઈન્સ્ટીટયુટમાં, હેમાભાઈ ઈન્સ્ટીટયુટમાં, ઑંબે બ્રેંચ રોયલ એશીયાટીક સોસાઈટીને, સોલાપુરમાં હેરીસ રીડીંગરૂમ અને જીમનેશીયમ વીગેરે ઘણાં ખાતાઓને પોતાથી બનતી રીતે મદદ આપીછે.

તેઓ પોતાની જ્ઞાતિમાં અગર તેવા બીજા જ્ઞાતિના ભાઈઓને ગુપ્ત રીતે મદદ આપે છે જૈન ધર્મના કેટલાક કીંમતી ગ્રંથો છપાવવાનું પોતે ખર્ચ આપેલું છે. ઘણા ગ્રંથકર્તાઓને મદદ આપી છે. અને તેવા બીજા ઘણી જાતના કામોમાં મદદ આપેછે. એટલુંજ નહિ પણ સોલાપુર પાંજરાપોળ તેમનીજ મહેનત અને પ્રયાસથી હસ્તીમાં આવવાનું કહીએ તો એમાં કશી અતિશયોક્તિ ગણાય નહિ. જીવ દયા માટે પણ ઘણી કાળજી રાખી પોતે મદદ કરેછે.

શેઠ વીરચંદભાઈ પોતાના આટલા બધા કામ ઉપર નજર રાખવા ઉપરાંત હજી સુધી એટલે લગભગ ૭૪ વરસની ઉમર થઇ છે છતાં કેટલા કામો પાછળ પોતાનું લક્ષ આપે છે અને મહેનત કરે છે તેનો વિચાર એટલાજ ઉપરથી આવી શકશે કે તેઓ, લગભગ સાત મિલોના ડાયરેકટર છે. સોલાપુર મીલ અને મોરારજી મિલના તેઓ એક્સ ઓફીશીયો ડાઈરેકટર છે. જ્યારે ગ્લોબ મીલ, સેન્ચરી મીલ, સરસપુર મીલ, અમદાવાદ ન્યુ એડવર્ડ મેન્યુફેકચરીંગ મીલના ડાયરેકટર છે. તેમજ નામદાર માઇસોરની સરકારે પોતાના તરફના ડાઇરેકટર તરીકે તેમને માઈસોર મીલ માટે નીમ્યા છે. ઉપરાંત માંડળ જીનીંગના ચેરમન છે. પોતે સ્પેશીયલ જુરર તરીકે ઘણા વખત સુધી કામ કર્યું અને હવે થોડો વખત થયા પોતાના ઉપરનો કામનો બોજો ઓછો કર્યો છે છતાં પણ લાલબાગના અને મુંબઈ પાંજરાપોળના ટ્રસ્ટી છે, તથા બહાર કોટ શ્રી શાંતિનાથજીના દેરાસરના મેનેજીંગ ટ્રસ્ટી છે. ઉપરાંત "ધી જૈન એસોશીએશન ઓફ ઈંડીયાના," "ધી વીરચંદ કરમચંદ જૈન યુનીયન રીડીંગ રૂમ અને લાઇબ્રેરી," તથા "મેવાડ જીર્ણોદ્ધાર સભા" ના તેઓ પ્રમુખ છે. ઘણાં વરસથી તેઓ કોનફરંસના જનરલ રેસીડંટ સેક્રેટરીનું મોટું કામ બજાવે જાય છે, તે ઉપરાંત તેઓ લંડનની કમરશીયલ ઈનટેલીજન્સ બ્યુરોના લાઇફ મેંબર છે, લંડનની આર્ટ સોસાઇટી અને રોયલ એશીયાટીક સોસાઈટી, બોમ્બે પ્રેસીડંસી એસોશીએશન, નેશનલ એસોશીએશન, સેનીટરી એસોશીએશન, પ્રીવેનશન ઓફ ક્રુએલટી ટુ ધી એનીમલ્સ વિગેરે મંડળોના મેંબર છે. તેઓ એક પણ મીટીંગ કે સભામાં હાજરી આપવામાં ચુકતા નથી.

પાલીતાણા, મક્ષીજી, સમેતશિખરજી વિગેરે મંદિરોના સંબંધમાં પડેલા વાંધાઓની પતાવટ કરાવવામાં પોતાથી બનતી જાતિ મહેનત લઇને તેઓની મદદ કરી છે. અને બનારસ જેવા દુર પ્રદેશમાં સંસ્કૃત કેળવણી જૈન બાળકો સારી રીતે લઇ શકે તેટલા માટે તેમના મિત્ર શેઠ ગોકળભાઈની સાથે મળીને એક ભવ્ય મકાન શ્રીમદયશોવિજયજી પાઠશાળાને વાપરવા માટે ખરીદી આપી તેના ખર્ચમાં પણ અમુક હિસ્સો પોતે આપે છે, તે ઉપરાંત સંવત ૧૯૬૧ ના વૈશાખ મહિનામાં પોતે જાતે ત્યાં જઈ તેની મુલાકાત લીધી હતી. અને તે વખતે શ્રીમદ્‌હેમચંદ્રાચાર્ય પુસ્તકાલય સ્થાપન કરી તેમાં તમામ રકમ પોતે આપી છે. અને તેમના પત્ની બાઈ ડાહીબાઇએ ત્યાં દેરાસર બંધાવવા માટે પણ સારી રકમ આપવાનું કબુલ કરેલ છે.

શેઠ વીરચંદભાઈને કેળવણી ઉપર ઘણી પ્રીતિ છે, અને કેળવણીની કીંમત તેઓ ઘણી સારી રીતે પીછાણી શક્યા છે. ઈ. સ. ૧૮૬૪ ની સાલથી પોતાની જન્મભૂમિ ગોધાવીમાં કેળવણીનું સાધન નહીં હોવાથી ત્યાં પ્રથમ તેમનું લક્ષ ખેંચાયું હતું. તેમણે કેળવણી ખાતા સાથે પત્રવ્યવહાર ચલાવી પોતે ખરચ આપવા તૈયાર થયા. જેથી તેજ સાલમાં ગોધાવીમાં ગુજરાતી નિશાળ ચાલુ કરાવી. ત્યાર પછી ઈ. સ. ૧૮૮૧ માં સપ્ટેંબર મહિનાની તા. ૧ ના રોજથી પોતે ખરચમાં ફાળો આપી ઇંગ્રેજી કલાસ તેમાં ચાલુ કરાવ્યો. અને ૧૮૮૩ માં પાછું ખરચ આપવું કબૂલ કરી તે જારી રાખ્યો. ઈ. સ. ૧૮૮૫ માં કન્યાઓને કેળવણી આપવાનું સાધન નહીં હોવાથી તે વાત ઉપર લક્ષ આપી એજ્યુકેશન ખાતાની સૂચના સ્વીકારી લેવામાં આવી. અને તે ઉપરથી તે ખાતાએ "વીરચંદ દીપચંદ ગર્લસ્કૂલ" એવું નામ આપી કન્યાશાળા ચાલુ કરી, આ વખતે હજુ બાળકીઓને કેળવણી આપવા માટે જોઇએ તેવું ઉત્તેજન ગોધાવીમાં જણાયું નહિ હોવાથી જે બાળા બરાબર હાજરી આપે તેને દર મહિને બબે આના પ્રમાણે આપવાની શેઠ વીરચંદભાઇએ ગોઠવણ કરી ઉત્તેજન આપ્યું, જે ગોઠવણ હજુ સુધી પણ અમલમાં છે. આ પ્રમાણે પોતાની જન્મભૂમિમાં છોકરાઓ માટે ગુજરાતી તથા અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ કરાવવાનું તથા બાળાઓ માટે કન્યાશાળા સ્થાપી ઘણુંજ ઉપયોગી અને લોકકલ્યાણનું કામ તેમણે કરી આપી આશીર્વાદ મેળવ્યો છે.

કેળવણીની ચાહના ઉપરાંત કેળવાયલા પુરૂષો તરફ પણ કુદરતી રીતે શેઠ વીરચંદભાઈની લાગણી સતેજ રહેતી. અમદાવાદમાં જ્યારે પોતે ભણતા હતા ત્યારે મી. કરટીસ નામના યુરોપીયન માસ્તરે તેમના તરફ માયાળુ લાગણી રાખેલી જેના બદલામાં શેઠ વીરચંદભાઈને પોતાને વખત મળતાં તેના છોકરાઓને વીલાયતમાં કેળવણી લેવા માટે પોતાના પદરથી ખર્ચ આપી કૃતજ્ઞતા બતાવી આપી હતી. વળી સોલાપુરની મીલમાં પણ કંપની તરફથી સ્કૂલ ઉઘડાવી કેળવણીનો ફેલાવો કરવાની બનતી દરેક જાતની કોશીશ કરી છે.

જૈન તત્વવેત્તા મરહુમ ગાંધી વીરચંદ રાઘવજી જેઓ અમેરિકાના ચીકાગોની ધર્મસંબંધી પાર્લામેંટમાં હાજર થયા હતા, તેમને પાછળથી લંડનમાં રહી બેરિસ્ટરની પરીક્ષા

પસાર કરવા માટે શેઠ વીરચંદભાઇએ એક મોટી રકમ તેને પોતાના પદરથી આપી હતી. એટલુંજ નહિ પણ મી. વીરચંદ રાઘવજી માટે તેમણે બીજી પણ ઘણી રીતે મદદો કરી આપી હતી. તેની માંદગી વખતે પણ પોતાને ત્યાંજ રાખીને સારી ચાકરી કરી હતી. પણ દુર્દૈવે આ જુવાન પુરુષનો અકાળ અંત આણ્યો.

અમદાવાદમાં. તેમણે ફ્રી રીડીંગરૂમ અને લાઇબ્રેરીની સ્થાપના કરીને વાંચનનો ફેલાવો થવા માટે ઘણી સગવડ કરી આપી છે. અને આ સંસ્થાનો ઘણા લોકો લાભ લેવા લાગ્યા છે. તેમના હાલના ધર્મપત્ની બાઈ ડાહીબાઇના નામથી જૈનપાઠશાળા સ્થાપી ત્યાં ધર્મનું તથા વ્યાવહારિક શિક્ષણ આપવામાં આવે છે.

શેઠ વીરચંદભાઈ માઇસોર, વડોદરા, જુનાગઢ, કચ્છ, ખંભાત, લીંબડી, પોરબંદર, ભાવનગર, લખતર, પાલણપુર વગેરે રાજ્યો સાથે સારો સંબંધ ધરાવે છે, અને કેટલાક રાજ્યોમાં પોતાની આ વગનો ઉપયોગ કરી દશરા જેવા દિવસોએ થતા વધ અટકાવવા બંદોબસ્ત કરેલો છે.

શેઠ વીરચંદભાઇને મરહુમ શેઠ વિશ્રામ માવજીએ પોતાના વીલમાં ટ્રસ્ટી નિમ્યા હતા. જેનો વહિવટ ઘણીજ અછી રીતે કરી તેમની પુંજીમાં પણ પોતાની કુનેહથી વધારો કરી મરહુમના પુત્ર શેઠ પુરૂષોતમ વિશ્રામને ૧૯૦૧ માં વહિવટ સોંપી દીધો. અને શેઠ પુરૂષોતમે શેઠ વીરચંદભાઈની આ કીંમતી સેવાબદલ મોટો જાહેર મેળાવડો કરી માનપત્ર આપી ઘણો ઉપકાર માન્યો હતો.

હાલમાં સોલાપુરમાં જે મીલ ચાલે છે, તે ઈ. સ. ૧૮૯૧ માં બળી જવાથી શેઠ વીરચંદભાઈને ફરીથી સોલાપુર જઈ ત્યાં રહીને ફરીથી તે મીલ બંધાવવી પડી હતી. અને તેજ મીલમાં લગભગ બીજી મીલ જેટલોજ વધારો હાલ કરવામાં આવે છે.

શેઠ વીરચંદભાઈને પોતાના ધર્મની બાબતની ઘણી લાગણી છે. અને તેઓ ઘણા જાણુ છે. તેની સાથે તેમના વિચાર પણ ઘણા ધડો લેવા યોગ્ય છે. સોલાપુરના કલેક્ટર મિ૰ સ્પ્રાઈ સ્વદેશ જતાં ઈ સ. ૧૮૮૭ ના અરસામાં તેના માનમાં આપેલી પાર્ટી વખતે શેઠ વીરચંદભાઇએ આપેલ ભાષણમાં બતાવેલા વિચારો—તેમજ બીજી જૈન શ્વેતામ્બર કોનફ્રંસ મુંબાઈ ખાતે મળી તેના સ્વાગત કમીટીના પ્રમુખ તરીકે તેમણે આપેલા ભાષણો ખાસ મનન કરવા યોગ્ય છે.

શેઠ વીરચંદભાઈને અમરચંદ અને લલુભાઈ કરીને બીજા બે ભાઇઓ હતા. અને માણેક અને દીવાળી કરીને બે બેહેનો હતી. જેઓ માંહેના અમરચંદ સંવત ૧૯૪૫ માં, લલુભાઈ ૧૯૧૭ માં, માણેકબા શેઠ વીરચંદભાઈ નાની ઉમરના હતા તે અરસામાં અને દીવાલીબા પણ તેવા સમયમાં ગુજરી ગયા છે. શેઠ વીરચંદભાઈના માતુશ્રી સં. ૧૯૧૦ માં એટલે શેઠ વીરચંદભાઈ પહેલવહેલાં મુંબાઈમાં આવ્યા તે પહેલાંજ ગુજરી ગયા હતા. અને તેમના પિતા શેઠ દીપચદ શેઠ વીરચંદભાઈ તરફનુ પૂર્ણ સુખ ભોગવી સં. ૧૯૪૧ ના ફાગણ સુદી ૨ ના રોજ ગુજરી ગયા છે.

શેઠ વીરચંદભાઈને બધી મળી ચાર સ્ત્રીઓ થઇ હતી. જેમાંનું પહેલું લગ્ન સંવત ૧૯૦૧ માં બાર વરસની ઉમરે, બીજું સં. ૧૯૧૨ માં, ત્રીજું ૧૯૨૩ માં અને

છેલ્લું સંવત ૧૯૨૭ માં એ પ્રમાણે થયા હતા. શેઠ વીરચંદભાઈને પહેલા લગ્નથી બે પુત્રો થયેલા જેમાંના એક નાની ઉમર માં ગુજરી ગયા હતા અને બીજા પુત્ર મિ૰ વાડીલાલ સં. ૧૯૧૨ માં જન્મ્યા હતા. બીજા લગ્નથી એક પુત્ર તથા એક પુત્રી થયા હતા. પરંતુ તેઓ પણ નાનપણમાં ગુજરી ગયા હતા. ત્રીજા લગ્નથી બે પુત્રો થયા હતા. તેઓ પણ નાની ઉમરમાં ગુજરી ગયા હતા. ચોથા અથવા છેલ્લા લગ્નથી છ પુત્રીઓ અને બે પુત્રો થયા જેમાંની ત્રણ પુત્રીઓ નાની ઉમરમાં ગુજરી ગઈ હતી. આ પ્રમાણે એકંદર ૭ પુત્રો અને ૭ પુત્રીઓ થયા હતા. પરંતુ શેઠ વાડીલાલ, ભોગીલાલ અને સારાભાઈ નામના ત્રણ પુત્રો તથા જાસુદ, મોતી અને રૂક્ષ્મણી નામની ત્રણ પુત્રીઓનું સુખ શેઠ જોઈ શકયા છે.

શેઠ વાડીલાલને તથા ભોગીલાલ અને સારાભાઈને સારી કેળવણી આપવા ઘણી મહેનત તેમણે લીધી છે. અને શેઠ વાડીલાલને સોલાપુર મીલના એજંટનું કામ સોંપી ત્યાં રાખેલ હતા, પણ દુર્દૈવે ઇ. સ. ૧૮૯૯ માં એકાએક નાની ઉમરમાં શેઠ વાડીલાલને પોતાના સપાટામાં લીધા. અને આ પ્રમાણેનો એક મોટો અને જબરો કારી ઘા શેઠ વીરચંદભાઈની વૃદ્ધાવસ્થામાં લાગ્યો જે પોતે હજુ સુધી પણ વિસરી શકયા નથી. શેઠ વાડીલાલ પોતાની પાછળ બે પુત્રો દલસુખ અને કાંતિલાલ તથા એક પુત્રી બેન સમરતને મુકી ગુજરી ગયા છે. દલસુખને પણ સારી કેળવણી આપીને સોલાપુર મીલ એજંટનું કામ સોંપી દેવામાં આવ્યું છે. જ્યારે કાંતિલાલ હજુ નાની ઉમરના છે.

શેઠ ભોગીલાલ પોતાના પિતા સાથે ધંધામાં જોડાયા છે. અને શેઠ સારાભાઈ હાલ બી. એ. ના કલાસમાં છે. ગઈ ઇનટરની પરીક્ષા તેમણે ફતેહમંદીથી પસાર કરીને ગીબ્જ પ્રાઇઝ મેળવ્યું છે. અને તેઓ પણ ઘણા બુદ્ધિશાળી છે. જેષ્ઠ પુત્રી બેન જાસુદને અમદાવાદમાં શેઠ લાલભાઈ ત્રીકમલાલ સાથે પરણાવવામાં આવ્યા હતા. જે બ્હેન ઈ. સ. ૧૮૯૬ માં ગુજરી ગયા છે. તેમની જગ્યાએ નાની પુત્રી બેન રૂક્ષ્મણીને પરણાવવામાં આવ્યા છે. અને તેમને રમણભાઇ નામનો એક ઘણોજ ચંચળ પુત્ર છે. બીજા પુત્રી બેન મોતીને અમદાવાદના ચાલીસ હજારા કુટુંબના શેઠ કેશવલાલ વીરચંદ સાથે પરણાવવામાં આવેલા હતા પરંતુ તેઓ પણ ઈ. સ. ૧૯૦૩ માં એક પુત્રી બેન લીલાવતીને મુકીને ગુજરી ગયા છે.

શેઠ વીરચંદભાઇ સ્વભાવે શાંત, ધૈર્યવાન અને નિખાલસ મનના છે. તેની સાથે તેમની પરોપકાર અને ઉદારવૃત્તિ છે. કોઇ પણ માણસ તેમની મદદ માગે છે, તેને પોતે નિરાશ કરતા નથી. અને પોતાના આશ્રિત માણસો તરફ તેઓ ઘણી કાળજી રાખે છે. તેઓ પોતે દોલતમંદ હોવા છતાં નિરાભિમાની છે અને ધર્મનિષ્ઠ છે.

તાત્પર્ય—ચોથી ( પાટણ ) કોનફરંસના પ્રમુખ શેઠ વીરચંદ દીપચંદનું જીવન ચરિત્ર બહુજ નવાઇ જેવા બનાવોથી ભરપૂર છે. દરેક માણસના જીવનમાં ઘણા બનાવો હોય છે પણ જો તે મોટો થાય તો તેના જીવનના બનાવો પત્ર ઉપર ચડે છે.

શેઠ વીરચંદને ભાગ્યશાળી પણ કહી શકાશે, કારણ કે પૂર્વ પુણ્યના યોગેજ ઉત્તમ આલંબન મળી શકે છે, અને ગુપ્ત રહેલી શક્તિઓ ઉત્તમ અવલંબનને લીધે વધારે

વિકાસ પામે છે. શેઠ હેમાભાઈ તથા મોરારજી ગોકુલદાસ સાથનો સંબંધ એ ઉત્તમ આલંબનજ હતા.

દરેક તકનો ઉપયોગ કરવો જોઇએ. ઇંગ્રેજીમાં કહેલું છે કે—

There is a tide in the affairs of man,
Which, taken at the full, leads on to fortune.

સાર—માણસના વ્યવહારમાં જેમ સમુદ્રમાં દર પખવાડીએ ભરતી આવે છે તેમ, અમુક અમુક વખતે ભરતી આવે છે. ભરતીમાં વહાણ હંકારવું બહુ સુગમ છે, તેવી રીતે જીવન વ્યવહારમાં સારી તકરૂપી ભરતી વખતે કામ કરવું બહુ સુગમ અને લાભ દાયક છે. જેમ સમુદ્રમાં ભરતી દર પખવાડીએ આવે છે, તેમ જીવનમાં લાભદાયક તક લાંબે અંતરેજ આવે છે. તે તકનો ઉપયોગ ન કરીએ તો નકામી ચાલી જાય છે, કાંઇ લાભ કરતી નથી. પણ ઉપયોગ કરીએ તો ભાગ્યશાળી બનાવી મૂકે છે. સન ૧૮૬૦ માં ઉત્તર અને દક્ષિણ અમેરીકાની લડાઈ થતાં રૂનો પાક ઓછો ઉતરશે, અને તેથી ખરીદવું લાભકારક છે એ સાહસિક વેપારી બુદ્ધિ શેઠને ઘણી લાભકારક થઈ પડી છે. ઉંચી કેળવણી વિના પણ સાહસિક વેપારી બુદ્ધિ મોટો ગુણ છે, તો તે સહિત કેટલો બધો ફાયદો કરી શકે ? સાહસિક વેપારી બુદ્ધિ વિના કોઈ પણ દેશ કે કોમની ચડતી નથી.

શેઠ મોરારજી ગોકુળદાસ સાથનો સંબંધ એક પડોશીની પ્રીત જેવો હતો. પણ તે કેટલો બધો વધારી શકાયો, તથા વધ્યા પછી કેવી પ્રમાણિકપણે નિભાવી શકાયો, મિત્રના દેહમુક્ત થવાથી સંબંધ તોડી નહિ નાખતાં, અથવા દાનત નહિ. બગાડતાં તેના ફરજંદોનું સારૂં કેવી રીતે થાય તે બાબત ધ્યાનપૂર્વક કેવી રીતે ઉત્તમ ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી શકાઈ વિગેરે વાતો લક્ષમાં રાખવા જેવી છે, શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીની બાળ અવસ્થામાં તેમની મિલકતનો ટ્રસ્ટી તરીકે વહિવટ કર્યો તે પણ આ પ્રકારનું પ્રામાણિકપણુંજ છે. દુનિયામાં અપ્રમાણિક માણસો થોડો ઘણો વખત ફાવી જાય છે એ ખરૂં, પણ અંતે તો ઉત્તમ ગુણોજ—આત્માની ખીલેલી શક્તીઓજ—ફાવી શકે છે, એ લગભગ નિશ્ચય જેવું છે. પ્રામાણિકપણું બહુજ ઉત્તમ સદ્ગુણ છે.

ત્રણ મીલમાં ભાગીદારી, સાત આઠ મીલમાં ડીરેકટરપણું, નિવાસસ્થાનની ધાર્મિક સંસ્થાઓમાં અગ્ર ભાગ, સરકાર તરફથી પણ ઉત્તમ માન એ બધું અર્થસૂચક છે. ભાગીદારી અને ડીરેકટરપણું એ વ્યવહાર કુશળતાનો પૂરાવો છે. ધાર્મિક સંસ્થાઓમાં અગ્ર ભાગ એ કોમનો વિશ્વાસ બતાવે છે, અને સરકાર તરફનું માન નિમક હલાલી તથા પ્રજોપયોગી કાર્યોની યાદગીરી છે, આવું ઉત્તમ જીવન ગાળવું એ બહુ થોડા માણસોના નશીબમાં સરજેલું હોય છે, મનુષ્ય જીવનમાં કંઈ કંઈ ખામીઓ તો હોય, કારણ કે સંપૂર્ણ પ્રશસ્ય જીવન તો તીર્થંકર જીવનજ છે, પરંતુ આવું શેઠ વીરચંદ જેવું જીવન ગાળવું એ પણ બહુ બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ તથા પુખ્ત મનની અપેક્ષા રાખે છે.

સન ૧૮૭૬-૭૭ માં સોલાપુરમાં ભયંકર દુષ્કાળ વખતે કલેકટરને સમજાવી વેપારની છુટ પાવવી, તેથી બહુ માલ આવવો, અને પરિણામે બજાર મંદા રહેવા એ વેપારી સૂક્ષ્મ અવલોકન શક્તિથી બિચારા મનુષ્ય બંધુઓને કેટલો ફાયદો થયો હશે, એનો ખ્યાલ થઈ શકે તેમ નથી. આ એક જાતની સર્વોત્તમ જીવદયા છે. તે પ્રસંગે તથા સન ૧૮૯૬-૯૭ માં સોલાપુરમાં ગરીબ દુકાળીઆંઓ માટે સસ્તા ભાવે અનાજ વેચવાની દુકાન કાઢવી એ પણ પ્રશસ્ય કાર્ય છે. ગોધાવીમાં—પોતાના વતનમાં—ગૂજરાતી સ્કૂલ, અંગ્રેજી સ્કૂલ તથા કન્યાશાળા કાઢવાથી મોસુફ શેઠે બહુ ઉત્તમ ભાતું સાથે બાંધી લીધું છે. મનુષ્ય જીવન એ એક મુસાફરીજ છે. ભાતું સાથે નહિ લેનારને ભૂખે મરવું પડે છે. બહુ પુણ્યના ઉદયથીજ મનુષ્યભવ મળી શકે છે. તે પણ વારંવાર આવી શકતો નથી અમદાવાદમાં ફ્રી રીડીંગરૂમ તથા બનારસમાં યશોવિજયજી જૈન પાઠશાળાની ઈમારત એ શેઠની સખાવતના ઉત્તમ નમુના છે. કેળવણી તથા ગરીબ ભાઈઓ—મનુષ્યો—ને જીવન નિર્વાહ આપવો એ ભાતુંજ છે. દાન—ગમે તે પ્રકારનું, ગમે તે હેતુથી ઉત્તમ છે. પરંતુ ફરજને ખાતર સખાવત થાય એ સર્વોત્તમ છે. એના સમાન બીજું કશું નથી. ગરીબ અનાથ જોડાંઓના લગ્ન કરાવી આપવા એ પણ વ્યવહાર દૃષ્ટિથી ઉત્તમ કાર્ય છે, પશ્ચિમના સુધરેલા કહેવાતા દેશોની જેવું સ્વચ્છંદી જીવન ગાળવા કરતાં જોડું થઇને ગૃહવ્યવહાર ચલાવવો સહુસ દરજ્જે ઉત્તમ છે. આખા હિંદમાં ધારાસભામાં બીરાજવાનું માન કોઇ પણ જૈનને મળ્યું હોય તો તે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈને મળ્યું હતું અને તેનાથી ઉતરતું બીજું માન—સી. આઈ. ઇ નું—આ બાજુ તરફ તો શેઠ વીરચંદનેજ મળ્યું છે. સોલાપુર મ્યુનિસીપાલીટીના મેમ્બર, કમીશનર, એસેસર, જુરર, જસ્ટીસ ઓફ ધી પીસ, દીલ્હી દરબારમાં હાજર થવાનું માન વિગેરે માન કોઈ પણ માણસને હર્ષ ઉપજાવે તેવાં છે. ફરજને ખાતરજ બજાવેલી ફરજ માટે મળેલા માનની ગણના કોઇથી થઈ શકે તેમ નથી, અતિશય ઉચ્ચ છે. મનુષ્ય જીવન ફરજથીજ ભરેલું છે, અને ફરજ એજ દૃષ્ટિ બિંદુ હોવું જોઇએ. મુંબાઈમાં પ્લેગથી થયેલી હાડમારી દૂર કરાવવા માટે લોર્ડ સેંડહર્સ્ટ પાસે પોતે તે વખતે જવું બહુ યોગ્ય અને કોમને ઉપકારક હતું આવા ઉપકારો કેમ ભુલી શકાય ?

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसंतः सन्ति संतः कियन्तः ॥

કુટુંબની બાબતમાં શેઠ સુખી હતા, પરંતુ આટલાં બધાં ફરજંદો અને તેમાં પણ વાડીલાલ જેવા પુત્રનું પરલોકગમન શેઠને માટે અતિશય ભારે થઇ પડે તે કુદરતીજ છે. પિતાને પ્રસન્ન કરવાથી પુત્રધર્મ પણ યોગ્ય બજાવ્યો છે. કોઈ વાચકને ચાર સ્ત્રીઓ બહુ મોટી સંખ્યા લાગશે. પરંતુ હિંદુ સંસારની આ બાબત કોઇ બીજે પ્રસંગે અમે સ્પષ્ટ કરીશું. શેઠ સારાભાઈનું ગીબ્જ પ્રાઈઝ સહિત ઈન્ટરમીજીયેટ પાસ થવું એને માટે એક વખત અમે લખી ગયા છીએ, છતાં ભાર મૂકીને કહી શકીએ છીએ કે ધનસંપત્તિવાળાએ જ્ઞાનમાં જેમબને તેમ વધુ વખત ગાળવો એના જેવું બીજું શ્રેયસ્કર એકે નથી.

આખું જીવનજ જ્યાં દૃષ્ટાંતરૂપ છે, ત્યાં કદાચ આ ટુંક તાત્પર્ય ઓછું લાગશે, પરંતુ અમને કહ્યા વિના ચાલતું નથી કે આવા ઉત્તમ પ્રમુખ મેળવવામાં પાટણ કોનફ્રરંસ ખરેખર નસીબદાર નીવડી છે. છેવટ અમારી શેઠને તથા જૈન કોમના બીજા શેઠો, મીલ માલેકો તથા ઓધેદારોને નમ્રપ્રાર્થના છે કે બની શકે ત્યાં સૂધી જૈન ભાઇઓને ઠેકાણે પાડવા—ચાકરી, ધંધા વિગેરેમાં—પ્રયાસ કરશો. ૭૪ વર્ષના આ વયોવૃદ્ધ પુરૂષને પરમાત્માની કૃપાથી લાંબું જીવન વહન થાય એવી અમારી અને સકળ સંઘની પ્રાર્થના છે.

---

# નવીન સમાચાર.

**નવી સભા**—માળવા જીલ્લામાં સૈલાના ગામમાં "શ્રી જૈનસભા" સ્થાપિત થઈ છે, અને તેના સેક્રેટરી તરીકે પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ શ્રીયુત કોઠારી હરિસિંહજી સાહેબ નીમાયા છે. દર મંગળવારે સભા મળવાનું નકી થયું છે.

અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગ શાળામાં શેઠ ચીમનભાઈ નગીનદાસે રૂ. ૩૦૦ તથા બીજા ભાઈઓએ રૂ. ૬૦ ભેટ આપ્યા છે.

પાટણ કોન્ફરન્સનો—મંડપ ૧૯૦ ફીટ લાંબો તથા ૧૮૦ ફીટ પહોળો થયો છે, પ્રદર્શન માટેનો મંડપ ૮૦ ફીટ લાંબો તથા ૫૦ ફીટ પહોળો થયો છે. આશરે ૮૦૦ ડેલીગેટો ચૂંટાયા છે. રજપુતાનામાંથી આશરે ૧૦૦ ડેલીગેટો આવવા સંભવ છે. રજપુતાના માળવા રેલ્વે તથા બી. જી. જે. પી. રેલ્વેએ ડેલીગેટો માટે કન્સેશન ટીકીટો આપવા કબૂલ કર્યું છે. આ તેમની મહેરબાની માટે અમે તેમનો ઉપકાર માનીએ છીએ.

શ્રી ગિરનારજી—પર્વતપરના દેરાસરમાંથી રૂ. ૫૦૦૦) આશરે ઘરેણાની ચોરી તદન ગુપ્ત સ્થળેથી થઈ છે. જાણભેદુ સિવાય આવી ચોરી થવી તદન અશક્ય છે. આગળ થોડાં વર્ષપર ગામના દેરાસરમાંથી રૂ. ૧૫૦૦૦ આશરેની ચોરી થઈ હ[illegible] તે પણ ગુપ્ત સ્થળેથી થઈ હતી. એક વખત ચોરી થઈ, તેની પૂરી સંતોષકારક તપાસ ન થવાથી ગુન્હેગારો વધુ લલચાયા હશે. તીર્થદ્રવ્યનું રક્ષણ કરવું એ ઉત્તમમાં ઉત્તમ અને અગત્યની ફરજ છે. તેને વિસારી મેલવાથી દેવદ્રવ્યની અપેક્ષાનું બહુ મોટું [illegible] છે. આ ચોરીનો પત્તો મેળવવા દરેક બની શકતી કોશિષ કરવા ટ્રસ્ટીઓ[illegible] વિનંતિ અને મજબુત ભલામણ છે.

મુનિરાજ શ્રી વીરવિજયજી—આ શાંત, ગુણી અને [illegible] વિહાર દરમ્યાન શ્રી ભાવનગર સંસ્થાનના કુંડલા ગામથી ચારેક ગાઉ દૂર ચારડી ગામમાં [illegible] આહીર ભાગદારોએ જીંદગીપર્યંત જીવહિંસા ન કરવા તથા મદ્ય ન પીવા કબૂલ [illegible] પ્રમાણે બાધા લીધી છે. ગાધકડાં, વંડા, ચ્યાવા, ધારડણી તથા કંઠારણામાં [illegible] ઉપદેશથી પાઠશાળાઓ સ્થપાઈ છે.

શ્રાવિકાશાળા—રાજકોટમાં પન્યાસ શ્રી લાભવિજયજીના પ્રયાસથી શ્રાવિકાશાળાનું સ્થાપન થયું છે.

---

# ગોદરેજ અને બાઇસ.

## તીજોરીઓ, તાળા, તથા કળ બનાવનાર.

ગેસ કંપનીની પાસે, પરેલ—મુંબઇ.

ગોદરેજ અને બાઇસના કારખાનાનાં માલેક ઈંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળના વરાળનાં ઇન્જીનથી ચાલે છે. ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી ત્રીજોરીઓની માફક હોવા છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીયા સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથે વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવેથી મોકલવામાં આવશે.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી. આવી ખુબી એવી વેલાતી ત્રીજોરીમાં હોતી નથી.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઈનામ, સોનાના ચાંદ મળ્યાછે.

---

હમણાંજ છપાઇને પ્રગટ થયો છે.

વડોદરા ખાતે મળેલી

# ત્રીજી

## શ્રી જૈન શ્વેતાંબર કોનફરંસનો

# રિપોર્ટ.

આ રીપોર્ટની થોડીકજ નકલો વેચવાને સારૂ છાપવામાં આવી છે. મુંબાઈમાં મળેલી બીજી કોનફરન્સના રીપોર્ટની માફકજ આ રીપોર્ટ તૈયાર કરવામાં આવેલો છે અને તેથી એ ઘણુંજ ઉપયોગી પુસ્તક છે. બહાર ગામથી મંગાવનારાઓને વી. પી. થી મોકલવામાં આવશે.

મુલ્ય ફક્ત રૂ. ૮—૧૦—૦.

મળવાનું ઠેકાણું—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ ઓફીસ.

કોલસા મોહોલ્લો—મુંબઈ.

# श्री फलोधि खाते मळेली
# पहेली
# श्री जैनश्वेतांबर कॉन्फरन्सनो
# रीपोर्ट.

आ रीपोर्टमां श्री जैन श्वेतांबर कॉन्फरन्स हस्तीमां केम आवी तथा तेने हस्तीमां लाववा माटे शुं शुं भगीरथ प्रयत्न करवामां आव्या ते वीगेरे तथा श्रीफलोधी तीर्थ खाते मळेली पहेली बेठकनो सविस्तर रीपोर्ट आपवामां आव्यो छे. मोहोटा बालबोध—जैनी टाईपथी उंचा कागळ उपर आ रीपोर्टने छापवामां आव्यो छे अने तेने सुंदर कपडाना मजबूत पुठ्ठाथी बांधेलो छे. बहार गामथी मंगावनारने वी. पी. मोकलवामां आवशे.

मुल्य फकत रु. ०—१०—०.

तैयार करनार:—मी. गुलाबचंदजी ढड्ढा. एम. ए. जैपुर.

मळवानुं ठेकाणुं:—श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफीस,—मुंबई.

---

# श्री मुंबईमां मळेली
# बीजी
# श्री जैन श्वेतांबर कॉन्फरन्सनो
# रीपोर्ट.

मुंबईमां भरायली बीजी श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्सनो रीपोर्ट त्यांनी रीसेप्शन कमीटीना रीपोर्ट सहीत तैयार छे. आ रीपोर्ट सुंदर ग्लेझ कागळ उपर बालबोध टाईपथी छापेल लगभग ४०० पानानुं कपडानां पुठ्ठानुं सुंदर पुस्तक छे. बीजी कॉन्फरन्समां बीराजेला डेलीगेटोनुं तथा ते वखते जुदां जुदां खातांओमां नाणा भरनारा गृहस्थोनुं लीस्ट, रीसेप्शन कमीटीनी जुदी जुदी सब कमीटीओना रीपोर्टो वीगेरे घणीज उपयोगी बाबतोथी भरपूर छे. जूज नकलो बाकी छे माटे वहेलो ते पहेलो. आ रीपोर्ट श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफीस तरफथी प्रगट करवामां आव्यो छे अने तेथी ते पडतर कींमतेज वेचवामां आवे छे.

बहारगामथी मंगावनाराओने वी. पी. थी मोकलवामां आवशे.

मुल्य फकत रु. १—१२—०.

मळवानुं ठेकाणुं:—श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफीस,
कोलसा मोहोल्लो—मुंबई.

Reg tereo No. B. 525.

वीर सम्वत २४३८ नैकम सम्वत १९६८

यन मन्थ पलकने

# Swetamber Conference HERALD.

MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.

# जैन श्वेताम्बर कॉन्फरन्स हेरेल्ड.

पुस्तक ८, नम्बर ३
मार्च सन १९०६

THE JA...
CONFERE...
OFFICE,
BOMBAY.

संपादक—गुलाबचन्द ढड्ढा एम. ए.

श्री जैन श्वेताम्बर कान्फरन्स ऑफिस, मुंबई.

Annual Subscription with postage Rs. 2.

वार्षिक मूल्य डाकका मूल सहित सिर्फ रु. २

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

અર્થ:—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે. વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઈ નથી. જેને તીર્થંકર મહારાજ પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સત્પુરૂષોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.

The Jain (Swetamber) Conference Herald.

Vol. II. ] *March* 1906. [ No. III.

## THE INDIAN NATIONAL CONGRESS.

With respect to the article "My India" appearing from the pen of Mr. Siray Mull B. A.; B. SC. of Udaipur we beg to state that the article was allowed to appear in "The Herald" simply because it came from a graduate of quite different views, about the regeneration of India. Not a single English article has appeared in these columns from any Jain Brother from Rajputana & so we deemed it advisable to publish the article for what it may be worth, and for shewing that some Jaina Educated men also have such notions. About the means for the regeneration of India we humbly differ from the views expressed by the said gentleman. We hold that all the institutions—political, social, religious and industrial—should work at the same time for the salvation of India. This view was rightly held by the late Hon. Mr. Justice Ranade also. Those who strive for political concessions are striving in no wrong direction; they also do it with a true aim and a noble heart. Be it far from the remotest idea of this monthly paper to attack or lessen the value of the work done by the Indian National Congress.

# मिस्टर ढड्ढाका प्रयास.

मिस्टर ढड्ढानें ग्रेज्यूऐट्स एसोसिएशनके नियमानुसार कोनफरन्स के प्रस्तावोंको अमलमें लानेकी गरजसे जगह जगह सभायें इकट्ठी करके भाषण देकर कन्या विक्रय छुडाकर जो जो ठहराव औसवाल, सरावगी, अगरवाले वगरह कोमोंसे कराये हैं वहनीचे मुजिबहैं:—

## १ टोरडी.

समस्त पञ्च महाजन जैनी वैश्नव कस्बा टोरडी तहसील व निजामत मालपुरानें मन्दिर श्रीजीमें इकठा होकर आजकल जो कन्याका दाम लेकर किसी जगह व्याह करनेका रिवाज होगया है उसपर विचार किया और जैन और वैश्नव धर्मशास्त्रके मुवाफिक कन्याका द्रव्य लैनेमें घोरान घोर पाप समझा इस लिये आजसेही हम कुल पञ्च महाजन श्रीजीके सामनें प्रतिज्ञा करते हैं कि हमारे १०० घर हैं उनमेंसे कोईभी महाजन बच्चा, गरीब हो या अमीर हो मर्द हो या औरत हो, कन्याका द्रव्य नहीं लेगा अगर कन्याका द्रव्य लेना गुप्ताउ या चोडे साबीत होजावे तो द्रव्य लेनेवाला जात पञ्चायति व्योहार नोता लावणेसे खारिज रहेगा—अगरवालोंमें रु. ३१) और ९१) परमपरासे नेगोंके लगते हैं और सराबकी, महेश्वरी और बीजाबरजीयोंके जो दाम नेगोंके कदीमसे लगते हु वह तो अपनी अपनी पञ्चायतिके रोबरू लेवेंगे बाकी कन्याके निमित छाने या चोडे कुछ नहीं लिया जावेगा अगर कोई मन बिगाड कर लेवेगा तो उसको जात बाहिर कर दिया जावेगा वह श्री परमेश्वरसे बेमुख होगा अगर कोई भाई गरीबीकी वजहसे नुकता आरा कुछ कम करेगा तो उसकी निन्दा जात बिरादरीवाले नहीं करेंगे और सब भाई आगे होकर पञ्च, पटैल, चोधरी सब मिलकर राजखुशी व्याह व नुकतावालेका काम सिरे पार उतार देवेंगे-यह ठहराव हमनें हमारी राजीखुशीसे सबने मिलकर परमेश्वरको हाजिर नाजिर समझ कर श्री नाजिमजी साहब श्री गुलाबचंदजी ढढ्ढा एम. ए. मालपुरके समझानेसे उनके रोबरू किया सो कुबूल और मंजूर है. इससे हम और हमारे जाये जामते फिरें फिरावें नहीं फिरें फिरावें तो धर्मसे और बच्चोंसे झूटे होवें, इस लेखको सबनें दस्तखत करके नाजिमजी साहबके सिपुर्द करदिया कि इसको महासभाके पत्रमें छपाकर प्रसिद्ध कर देवें और एक नकल इसकी पञ्चायति मन्दिरके भंडारमें रखी जावे मिति कार्तिक बुदि ७ शुक्रवार सम्वत १९६२ मुताबिक तारीख २० अक्टोबर सन १९०५ ई. दस्तखत समस्त पञ्च महाजनोंके बकलम रामनाथके दस्तखत रामकुंवार कामदार साबिकके कहे सारे भाईयोंके किये—-

**दस्तखतः**—-छगनलाल, फूंदालाल, गोरीलाल, रामप्रताप, शोबद्रय, गणेशलाल, रोडूलाल, गंगाधर, गणेशलाल, जसुलाल, मागीलाल, बखतावरलाल, रोडूलाल, गोवर्धन.

# २ डाबर कलां.

समस्त पञ्च सरावगी मोजे डावर कलां तहसील टोडारायसिंघ निजामत मालपुराके नें इकठे होकर नाजिमजी साहब श्री गुलाबचंदजी ढढ्ढाके रोबरू धर्मोपदेश सुन कर यह ठहराव किया कि जो दस्तूर पञ्चायतिके दीलसे लगता चला आता है वह दस्तूर तो बराबर पञ्च लेते रहेंगें बाकी लडकी की सगाई या व्याहके वक्त कोडा एकभी लेवेंगे नहीं. कने होगा जिस मुवाफिक कम जियादा काम किरावर करके बेटीका व्याह कर देवेंगा. अगर इस ठहराव के खिलाफ किसीका छाने या चोडे बेटीके रुपये लेना साबित हो जावेगा तो वह शख्स जब तक लिये हुवे रुपये श्री चंद्रा प्रभूजी के नहीं चढा देगा उस वक्त तक जात बाहिर रहेगा. यह हमने अपनी राजीखुशीसे किया, जिसकी पावदि रेंखग. मिति कार्तिक वदि १० सम्वत १९६२ मुताविक तारीख २३ अक्टोवर १९०५ ई. दस्तखत कनैह्यालका. दस्तखत:—गोरूलाल, चुनिलाल पटवारी, छगनलाल, विशनलाल, लखमीचंद, छीतरमल, जवाहरमल, हजारीलाल, लखमीचंद, बिशनलाल, मुशरफ, छोगालाल.

# ३ पनवाड.

आज मिति कार्तिक वदि ११ मंगलवार सम्वत १९६२ मुताविक तारीख १४ अक्टोबर संन १९०५ ई. समस्त पंच सरावगीयान, व औसवालान, व महेश्वरीयान, व बीजा बरजीयान, कस्बा पनवाड तहसील टोडा रायसिंघ निजामत मालपुरा राज्य सवाई जयपुरनें मंदिरश्री पार्श्वनाथजीमें एकठे होकर यह ठहराव किया कि लडकी के व्याह के वख्त या सगाई के वक्त जो पंचायति नेग कदीमसे लगाता हुवा चला आता है. वह तो पंचोंके रोबरू लिया जावेगा बाकी लडकी के निमित लोभ लालचसे आजकाल जो नया रिवाज लडकी के रुपये लेनेका थोडे दिनोंसे जारी हो गया है. उसको महापापका कारण समझ कर बुरा समझ कर हम लोग श्रीजीके मन्दिरमें बैठकर छोडते हैं और ईश्वरको हाजिर नाजिर समझ कर प्रतिज्ञा करते हैं कि हमारी पंचायतिमें कोई भाई इस तरहसे पंचायति नेगोंके सिवाय कन्याके निमित्त कोई पैसा नहीं लेगा, अगर किसीका अणसमझीसे पैसा लेना छाने या चोडे साबित हो जावेगा तो जब तक वह शख्स लिया हुवा रुपया श्रीजीके मन्दिर न चढा देवेगा उस वक्त तक वह शख्स पंचायति बाहिर रहेगा. अगर किसी भाईकी सरधा किरावर करने की न हो तो वह न करे हम लोग उसको बुरा नहीं कहेंगे बलकि अपने घरकी रोटी खाकर उस भाईके सब काममें मोजूद रह कर मदद देवेंगे यह ठहराव हमने अपनी राजी खुशीसे किया जिसके पाबंद रहेंगे, और एक नकल ईसकी पंचायति मदिरमें सनदन रहेगी और एक नकल सबके दस्तखति नाजिमजी साहब गुलाब-

चंदजीको दी जावे कि वह महासभाके पत्रमें छपा कर प्रगट करें. दस्तखतः—राजमल सोगाणी, हंसराज पटवारी, कुंजलाल, गोरीलाल, परेमसुख, हीरालाल, धन्नालाल, हीरालाल पाटणी, किशनलाल, भूरामल, नारायण, वृद्धिचंद, शिवलाल, भोगीलाल, बिहारीलाल, रामलाल, विशनलाल, लखमीचंद, गोगराज, मोलीलाल, कस्तूरचंद, मांगीलाल, मगनलाल, रामरतन, छोगालाल, मोतीलाल.

## पनवाडके मन्दिरमें सेवापूजाका बन्दोबस्त.

कसबा पनवाड तहसील टोडा रायसिंघ निजामत मालपुरा राज्य सवाई जयपुरके पंच औसवालानने नाजिमजी गुलाबचंदजी ढढ्ढाके उपदेशसे यह ठराव किया कि आज तक जो दोनों मन्दिरोंमें हम लोग आलश्य से सेवां पूजा नहीं करतेथे सेवगसे करातेथे सो अब हम सब लोग दोनों मदिरोंमें सेवा पूजा रोज मर्राह करते रहेंगे और केसर, चंदन, धूप, दीपका इन्तजाम पूरा पूरा रखेंगे यह शर्त हमनें धर्म समझकर श्रीजीको हाजिर नाजिर समझकर लिखदी जिस मुवाफिक पावंद रहेगे. सम्वत १९६२ मिति कार्तिक वदि ११— दस्तखतः—रामरतन नाभेडा, मांजीलाल हींगड, मगनलाल हींगड, रामलाल, लखमीचंद, गोगराज, मांजीलाल, कस्तूर मल.

---

### આર્ય તનુજોના ક્રૂર ઘાતકી રીવાજની એક જબરી સાંકળ.

## કન્યાવિક્રય.

( લખનાર—શા. મહાસુખરામ લક્ષ્મીચંદ, બી. એ. બહીયલ-તાલુકે દેહગામ. )

[ ગયા અંકથી પુરૂં. ]

૪. જ્યાં કન્યાવિક્રય પ્રવેશ કરે છે ત્યાં બાળલગ્ન પણ પ્રવેશ કરે છે અને તે પણ પડતીનું મજબૂત કારણ છે. કારણ કે, વખતે પુત્રી મોટી થતાં ગુજરી થશે, તો હુંડી ખોટી થશે—વેચવાનો હીરો પથ્થર થશે—આવા અધમ વિચારથીજ નાનપણમાં પોતાની બાળકીઓને એંશી વર્ષના વૃદ્ધ કે મૂર્ખ કે અપંગ સાથે પરણાવી દે છે. તેથી નિર્દોષ બાળાઓ જીંદગી પર્યંત દુઃખ ભોગવે છે.

પ્રખ્યાત ડાકટરોનો પણ અભિપ્રાય છે કેઃ—બાળલગ્નથી શારીરિક અવનતિ થાય છે, બાળકો અને બાળકીઓના શરીર ખરાબ થાય છે. નાનપણમાં ઋતુપ્રાપ્ત થઈ ગર્ભધારણ કરે છે—પણ કાચી વયને લીધે કાંતો ગર્ભપાત થાય છે,-કાંતો બાળક જન્મતાંજ મરી જાય છે અને જીવે છે તો દુર્બળ બની અંતે મરણ પામે છે, અને આવાજ કારણોથી વસ્તીમાં કમીપણું આવ્યું છે. સ્રીઓની તનદુરસ્તી બગડવી અને અકાળમૃત્યુ એ બાળલગ્નનું ભયાનક દુઃખ છે.

ઈ૦ સ૦ ૧૮૮૧ ના ભારતવર્ષીય ગવર્નમેન્ટના સેન્સસ રીપોર્ટના પાને ૧૪૭ માં મી૦ હાર્ડીએ લખ્યું છે કે—આ દેશમાં બાળકની સંખ્યા ઘણી છે, અને મરણની સંખ્યા તેનાથી પણ વધારે છે.

પ્રાચીન આયુર્વેદશાસ્ત્ર તથા સુશ્રુત ગ્રંથમાં પણ કહેલું છે કે યોગ્ય ઉમર સિવાય લગ્ન કરવાથી સંતાનની ઉત્પત્તિ થયાથી સંતાન ગર્ભમાંજ મરણ પામે છે. જો કદાચ તે જન્મે તો વધારે જીવતો નથી, જો તે કદાચ વધારે દિવસ જીવે તો દુર્બળ ઇન્દ્રિયવાળો રહે છે.

જેમ નાના છોડવાને મોર અને ફળ આવ્યાથી તે છોડવો નિસ્તેજ થઈ જાય છે, તેમજ બાલલગ્નથી બાળક અને બાળકીઓનાં શરીર બગડે છે. કેમકે કુદરત બાલવિવાહરૂપ મહાપાતકનો દંડ આપ્યાવિના રહેતી નથી. બાલવિવાહ એજ કલેશનું મોટામાં મોટું કારણ છે. તેથી બાળકોનું નિશાળોમાં જવું બંધ થાય છે. તેથી ઉત્તમ કેળવણી તેનાથી લઈ શકાતી નથી. અને ઈંદ્રિય સંયમની કેળવણીને બદલે નાનપણમાં પરસ્પરના સહવાસથી અસમાયિક ધાતુનો ક્ષય, જાગરણ વિગેરેથી તેઓનું ભેજું, સ્નાયુ, માંસની પેશી વગેરેની દુર્બલતા થાય છે. અને માથું દુખવું, માથું ફરવું, શિથિલતા વિગેરે ઉત્પન્ન થાય છે. ઢીંગલીના લગ્ન જેવાં બાળલગ્નથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વિગેરે ચારે પુરૂષાર્થો બગડે છે. અને જન્મારો "નિરર્થક" જાય છે. જેમ કેઃ—

"ઓ અજ્ઞાની, શી ઉતાવળ આવી છે સંભાળને;
ઢીંગલાઢીંગલી–પેઠે શું પરણાવવા માંડ્યા બાળને ?"　　ટેક.

બહુ ઉંડી પરસ્પર પ્રીત નથી, પણ ભપકાથી રહે રાજી અતિ;
સમજણ બીજી નથી બાળમતિ.　　　　ઓ અજ્ઞાની૦

જાણે નહિ દંપતિ ધર્મ દીલે, કેમ વર્તવું વહુની સાથ શીલે;
એ બાંધી દીધો બળદ ખીલે.　　　　ઓ અજ્ઞાની૦

હસતાં રમતાં ચડભડી પડે, મન મોટાં નહિ માટેજ લડે;
પછી મળે ન સ્વભાવ એજ વડે.　　　　ઓ અજ્ઞાની૦

બાળપણ લહાવો લેવા દો, બહુ રમત ગમતમાં રમવા દો;
નિશાળે ભણવા ગણવા દો.　　　　ઓ અજ્ઞાની૦

પછી ભણતર ઘેર ભણાય નહિ, પરદેશ વિશેષ વસાય નહિ;
એને વળતી નીકળાય નહિ.　　　　ઓ અજ્ઞાની૦

તનની હાલત બહુ બગડે છે, અંગે આળસુ રોગી રહે છે;
થોડે વર્ષે રસ્તો લે છે.　　　　ઓ અજ્ઞાની૦

તન મન ધન બગડ્યાં એમ ત્રણે, એળે અવતાર ગયો ન જાણે;
તે માત્ર લગ્નથી બાળપણે.　　　　ઓ અજ્ઞાની૦

ધર્મ, અર્થ, મોક્ષ, કામ થાય નહિ, એ ચાર પદાર્થ પમાય નહિ;
મિથ્યા જન્મારો જાય વહી. ઓ અજ્ઞાની૦
તે પાછાં ઝટ બાળક પ્રસવે, તે થાય વેંતીઆં હોય હવે;
નિર્માલ્ય કુરોગી કયાંથી જીવે. ઓ અજ્ઞાની૦

૫. વળી કન્યાવિક્રયના સંપ્રદાયથી જેવી રીતે બાળલગ્ન પ્રવેશ કરે છે તેવી રીતેજ વૃદ્ધલગ્ન કજોડાં તથા સાટાંતેખડાં પ્રવેશ કરે છે.

મિત્રો ! ૫૦ વર્ષની ઉમ્મર એ બાળલગ્નને અંગે ચિતામાં ખડકવા જેવી છે. ઇંગ્રેજ પ્રજા મજબુત છતાં ૫૦ વરસની ઉમ્મરે પેન્શન આપે છે—કારણ કે નોકરી કરી શકે તેવી શક્તિ રહેતી નથી. તો સંસાર માંડવાની તો શક્તિ શાનીજ હોય? આવાં મડાંને મીંઢળ બાંધવા તૈયાર થનારાઓ, હું કહું છું કે તમે પૈસાને લોભે તમારી પુત્રીઓનો ભવ બગાડો છો તેના કરતાં કુવામાં ફેંકી દેતા હો—ગળે ફાંસો દઈ મારી નાખતા હો—કે ગળથુથીમાં ઝેર પાતા હો—તો હજાર દરજ્જે સારૂં છે.

જો મન માન્યો પૈસો મળતો હોય તો પોતાની પુત્રી ભલે આઠ વરસની ન હોય અને તેનો પતિ ભલે ૬૦ વરસનો હોય અથવા પુત્રી ભલે ૧૬ વરસની હોય ને જમાઇ ભલે સાત વરસનો હોય—પુત્રી ભલે ભણેલી અને વિદ્વાન હોય—અને પતિ ભલે અજ્ઞાન અને મૂર્ખ હોય તેની દરકાર પૈસાના તેજમાં તણાઇ જનાર લેશ માત્ર કરતા નથી.

પુખ્ત વયે સ્વયંવર લગ્ન કરવાની પ્રશંસનીય રૂઢી લોભી માણસોને પસંદ ન પડી એટલે નિર્મૂળ કરી દીધી. કયાંથી પસંદ પડે? જ્યાં નાણાંનાં પોટલાં ઉસરડવાં હોય, બ્હોળા કુટુંબનું પૈટ ભરવું હોય જ્યાં લેણદારોનાં વ્યાજ ઓછાં કરવાં હોય, જેમ તેમ કરીને પોતાનુ નામ રાખવું હોય, ત્યાં પછી ગરીબડી ગાય જેવી દીકરીની દાઝ કોણ જાણે? ઉદ્યોગને નામે મીડું, વિદ્યાને નામે મીડું, સંપને નામે મીડું, અને દયા ધર્મને નામે સમૂળું મીડું વાળી બેઠેલા પિતાઓને પોતાની નિર્દોષ બાળકીઓ, ૫૦—૬૦ વરસના બૂઢાને પરણાવતાં—૭—૮ વરસના ટીચકુડીઆ નાદાન છોકરા જોડે પરણાવતાં શાનો વિચાર હોય છે કે હું જાણી જોઇને આ ગરીબડા પશુને ગળે છરી મૂકું છું? બાળપણમાં સ્નેહ કરે એટલે પછી તે બાપડાં બાળકોમાં સ્નેહ શાનો હોય? પતિધર્મ અને પત્નીધર્મ શું તે શી રીતે તેઓ સમજે? અને પછી એક બીજા સાથે મન પણ કેમજ મળે? અનેકાનેક ધિઃકાર હુજો એવા પિતાઓને કે જેઓ જાણી જોઇને પોતાની બાળકીઓનો સ્વાર્થ બગાડે છે.

વિદ્યા, વય, અને રૂપ ગુણનું જોડું જ્યાં હોય છે ત્યાં તે કજોડાથી પતિપત્નીમાં ખરો સ્નેહ થતો નથી; તેમ ઇન્દ્રીયસુખ પણ ઉત્તમ રીતે મેળવી શકતાં નથી, યુવતીની માનસિક વૃત્તિ વૃદ્ધ પતિની માનસિક વૃત્તિને મળતી આવતીજ નથી તેથી એક બીજાનાં મન મળતાં નથી. વૃદ્ધ સ્વામી ગમે તેટલો વિદ્યામાં તથા લક્ષ્મીમાં

ભરપૂર હોય, તોપણ જુવાન સ્ત્રીની કેવળ કામેન્દ્રીયપરિતૃપ્તકારી નહી. હોવાથી, તે કદી પણ તેની પ્રીતિ મેળવી શકતો નથી. જેમકેઃ-વિષ્ણુશર્માએ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

शशिनीव हिमार्तानां । घर्मार्तानां रवेः करैः ॥
मनो न रमते स्त्रीणां । जराजीर्णेंद्रिये पतौ ॥ १ ॥

જેમ બર્ફવાળા ( પ્રદેશમાં રહેનાર ) માણસોને ચંદ્ર કિરણથી અને પરસેવાવાળા માણસોને સૂર્ય કિરણથી મન તુષ્ટ થતું નથી તેમ વૃદ્ધ પતિથી જુવાન સ્ત્રીનું મન ખુશ થઇ શકતું નથી. દંપતીમાં એક તુષ્ટ અને બીજું અસંતુષ્ટ હોય, એક ભણીગણી ઊતર્યું હોય ને બીજું જુવાનીની કલગીમાંજ હોય તો સુખની આશા રાખવી એ નિરર્થક છે. ત્યાં તો ફકત જીવન વિડંબનામય જણાય છે. વળી તે વિશે સાક્ષર ડાહ્યાભાઈ ધોળશાજી પણ કહે છે કેઃ—

સોને મઢ્યા સુખપાલ, મેડીને ઝરૂખા માળ
હેમને હીરા વિશાળ, એથી શું સુખી સંસાર?
જાણો જાડી એ જંજાળ, એથી શું સુખી સંસાર
માળો મજાનો છે પણ પંખીને પાંખ નથી
આંબો છે લીલો છમ, પણ મ્હોરનું તો નામ નથી
'કો' ને શું કો' ને .શું? એ આંબે એ માળે
જોવું ને; રોવું રે; આઠે પ્હોર; આઠે પ્હોર,
તેવો સમજીલેવો–સ્નેહ વિના સંસાર,
જેવો ભાણામાં જોવો ગોળવિના કંસાર—

સોનાના ઢગલા ઉપર બેસવાનું હોય, માથાની શિખાથી પગનીપાની સુધી હીરા માણેક અને મોતીથીજ મઢાવાનું હોય, પણ જ્યાં સ્નેહ વડે સંસારસુખ મળી શકે તેમ નથી ત્યાં તે બધું શા કામનું? જેમકેઃ—

હીરામોતીને શું ઓઢેકે પાથરે? બાળા બાફીને ખાય?
પ્રેમસાગર કેરી માછલી, વૈભવ સાગર પાડે કાય.

पाणौ गृहीतापि पुरस्कृतापि । स्नेहेन नित्यं परिवर्धितापि ॥
परोपकाराय भवेदवश्यं । वृद्धस्य भार्या करदीपिकेव ॥

એટલે કે જેમ હમેશ તેલ પૂરીને સતેજ રાખેલો છતાં તથા હાથમાં આલીને આગળ ધરેલો દીવો ( દીપક ) પોતાઉપર અજવાળું ન પાડતાં, પરોપકાર કરે છે ( એટલે ) બીજી વસ્તુ ઉપર અજવાળું પાડે છે ને પકડનાર ઉપર તો અંધારૂં કરે છે, તેવીજ રીતે વૃદ્ધ માણસે જે સ્ત્રીનું પાણિગ્રહણ કર્યું છે તે સ્ત્રી તેના ઉપર અજવાળું નહિ પાડતાં પરોપકાર ( Indirectly ) કરે છે એટલે વ્યભિચારનું પગલું ભરે છે અને તેના તરફથી મળતા લાલન પાલન તથા અગ્રણીપદ ( પટરાણી પદ ) ને પણ તે તુચ્છકારી કાઢે છે. જેમકેઃ—

"પાણીગૃહીને પ્રથમા કરેલી; સ્નેહથી નિત્ય સિંચન કરેલી"
"ભાર્યા અવશ્ય છે વૃદ્ધ કેરી; પરોપકારે કરદીપિકા ઠરેલી."

વળી તેમાં સ્વામી જલદીથી મરણ પામ્યાથી સ્ત્રીને ઘણા દિવસ સુધી વિધવાપણાનું દુઃખ ભોગવવું પડે છે. અને પશુસમાન જીંદગી ગાળે છે. વળી વૃદ્ધ લગ્ન કરનારના બ્હાનારૂપી કહેવત કે "જુવાન જોઇને જીવવું નથી અને ઘરડું જોઇને મરવું નથી" એ કેટલી હાસ્યજનક છે. મરણ પથારી ઉપર સુતેલા, પેટમાં આંત નહી, મુખમેં દાંત નહી, કાનસે સુનતા નહિ, આંખસે દેખતા નહિ, નાડ અને ગરદન હાલ હાલ કરીને જેને શાદી કરનેકું મના કરતી હય અને જેનાં લાકડાં મસાણમાં પહોંચ્યાં છે, યમરાજા જેના ગળામાં ફાંસી ડાલવાને તૈયાર થઈ રહ્યા છે, તેવા વૃદ્ધ માણસને વરમાળા પહેરાવનાર પુત્રીના માબાપો આંખે પાટો બાંધીને કૂવામાં પડે છે અને દીકરીને ચોરીમાંજ રંડાપો વહોરાવે છે. ધિક્કાર છે તેવા માબાપોને કે જે જાણી જોઇને પોતાનાં પળીયાંમાં ધૂળ નાંખે છે!

૯. સુજ્ઞજનો! વળી કન્યાવિક્રય રીવાજથી, ઘણા કન્યાવિક્રય કરનારને એક ભયંકર કરજરૂપી મહાન અજગર પોતાનું મુખ વિકાસી તેમાં ગટ કરી દેવાને તલપાપડ થઈ રહ્યો છે. અરે આ અજગરને તે માણસની તો દયા કયાંથીજ હોય? પણ તેનાં દરેકે દરેક બાળકરૂપી મૂળીઆમાં તે પોતાનું વિષ પ્રગટ કરવા ચુકતો નથી. તેથી વખતે તેમને ઝાંઝરીઆં પહેરવાનો સ્વાદ દેખાડે છે. અને વખતે વગર પૈસાની અંધારી કોટડીનો અનુભવ તેમને કરાવે છે કે છેવટે ઘર છોડી વન વેડવાની ફરજ પાડે છે. આવા બે મનુષ્યો પોતાનાં દુઃખનો પ્રત્યક્ષ દાખલો આપવાને નીચે પ્રમાણે કહે છે:—

ગીતિ.

કરજ કરીને પરણ્યો, પણ અંતે બાવો થઇને ભટકયો;
કન્યાવિક્રયઅસુરે, પગ પકડીને પર્વતથી પટકયો,
મીલકત સૌ વેચાણી, સતીપત્નીપતિ પાછળ અથડાણી,
સુખને માટે પરણ્યા, પણ પરણ્યાપર ફરી ગયું પાણી.

આ પ્રમાણે કરજ કરી કન્યાવિક્રય કરનારના અસંખ્ય દુઃખનો તાદશ્ય ચિતાર જે સર્વે આગળ રજુ કર્યો છે તે શું પથ્થરને પણ પીગાળવાને બસ નથી? અરે આવા જનોને દુઃખમાંથી છોડવવાને તો કદાચ આપણે અશક્ત હઇશું. પણ શું તેમની દયાજનક સ્થિતિ ઉપર આપણાં બે આંસુ પાડવાને આપણે પાછી પાની કરીશું કે?

લાવણી.

કન્યાવિક્રય કદી ન કરના પસ્તાશો બહુ ભાઈ
પસ્તાશો બહુભાઈ—સમજ મન એ સબ જાણ કસાઈ,
એ સબ જાણ કસાઈ, કરજસેં પડા હુવા એ ફસાઈ
પડ્યા હુવા એ ફસાઈ, દુઃખસેં હોગ્યા નાનકસાઈ;
હોગ્યા નાનકસાઈ, માંગતે દેતા નહિ કોપાઈ,
દેતા નહિ કોપાઈ, જાનતા મરૂં ઝેર ખૂબ ખાઈ;

પરણ્યા પહેલાં મોજ ઉડાતા, ન હોતી કુચ પરવાઈ,
ન્હોતી કુચ પરવાઈ—કબીલા છોડ અબ પસ્તાઈ,
છોડા અબ પસ્તાઈ—ત્રિયા ગઇ જંગલકું દુ:ખ પાઈ,
જંગલકું દુ:ખ પાઈ—ભટકતી ફરતી હુય ઓ લુગાઈ,
ફરતી હુય ઓ લુગાઈ—પડો ઇસ પાપ નરકમેં જાઇ.

વળી કન્યાવિક્રયમાં હોમાયેલી એક બાળકી નીચે પ્રમાણે વિલાપ કરે છેઃ—

કોણ બચાવે આ અબળાને દુ:ખથી—રાગ.
માતાપિતા શત્રુ થઇ ત્રાસ અતિ કરે,
પૈસામાટે પુત્રીનો લે શ્રાપ જો;
જીંદગી ધૂળ.કરે વિશ્વાસુ બાળની,
શું તે કસાઇ કરતાં ઓછું પાપ જો—કોણ૦

અરે આવી અબળાઓના આવા વિલાપ સાંભળી એવો કયો પથ્થર હશે કે જેને લગાર પણ અસર નહિ થાય? જેનાં દરેકે દરેક રૂવાં ખડાં નહિ થાય? જેની આંખમાંથી અશ્રુની ધાર નહિ ચાલે? જેના મુખમાંથી નિશ્વાસના ઉદગાર નહિ નીકળે? અને જે ધોયામૂળા જેવો છાનોમાનો ઘેર જશે? અને કન્યાવિક્રય નહિ કરવાનો નિશ્ચય નહિ કરે? અને હજાર હાથના ઝંડીઆં કૂવામાં પોતાની બાલકીને નાંખવાને વિચાર કરશે? ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાની કહેવત યાદ નહિ લાવે અને હજી પણ ગાડરીઓ પ્રવાહ જારી રાખવાની હિંમત ધરશે?

સજ્જનો! ઉપર બતાવ્યા પ્રમાણે ફક્ત છજ કારણ નથી પણ ૬૦૦ છે. પણ તેનો સાર સંક્ષેપમાં તો એટલોજ છે કે—કન્યાવિક્રયથી, બાળલગ્નથી, વૃદ્ધલગ્નથી અને કજોડાંથી કન્યાને થોડા કાળમાં વૈધવ્ય દશા પ્રાપ્ત થાય છે. અને મરતાં સુધી અસીમ દુ:ખ અને કલેશ તે ભોગવે છે. આ સર્વ દુષ્ટ કુચાલો આપણો સંહાર કરે છે,-સંહાર કરે છે એમ જાણવા છતાં તેમ થવા દો છો. તેથી અધિક પાતકી બનો છો. ખેદકારક એ છે કે એકના દોષથી બીજાને સજા ભોગવવી પડે છે. જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કૂવામાં છે-તમારો પ્રવાહ ગાડરીઓ છે—આગેવાનને નર્કના કૂવામાં પડેલો જોઈ તમે પણ પડી મરો છો. માટે હે બંધુજનો! જેઓએ કન્યાવિક્રય નથી કર્યો, પણ જેની જ્ઞાતિમાં કન્યાવિક્રય શરૂ હશે છતાં તે તન, મન, ધનથી તે રીવાજ દૂર કરવાને માટે પ્રયત્ન નહિ કરતાં ચૂપ થઈ બેશી રહેશે તો—ચૂપ થઈ બેશી રહેવું તે સંમત્તિ આપ્યાની બરાબર છે.—એ સિદ્ધાંતાનુસાર તમે તે દુષ્ટ રીવાજને સંમત્તિ આપનાર છો. એમ નિ:સંશય ગણીને વિધિ તમને પણ શિક્ષાને પાત્ર ગણશે.

મહાશયો! આ વિવેચનનો સાર આપણી ઉગતી પ્રજા તથા જો શ્રમ લે તો તમામના હૃદયમાં હમેશા રમી રહે તેટલા માટે તેને કવિતાના રૂપમાં રચવાની એક કવિએ તસ્દી લીધી છે તેમના આપણે ઘણા આભારી થઈશું. તે નીચેપ્રમાણે છેઃ—

## લાવણી.

કન્યાવિક્રયનાં કદી કોઈને નથી પચ્યાં નાણાં,
નથી પચ્યાં નાણાં, અધમ રહે એમાં લોભાણા,
કાળા કર કરનાર તણા નર, વિફળ વગોવાણા,
વિફળ વગોવાણા, જનનીને જઠર પડ્યા પાણા કન્યા૦ ૧
વિષનો ઘટ અમૃત મુખ આગે, પીતાં પ્રાણ હરે,
ભસ્મથકી છાયો તે પાવક, અડતાં દહન કરે,
હરામનું જર પ્રથમ હસાવે, અંતે તો નહિજ રહે,
અંતે તો નહિજ રહે, પૂછો સુખ એ જેણે માણ્યાં કન્યા૦ ૨
ઉજ્વલ દૂધ વિલોકે, કન્યાવિક્રય કરનારો,
શ્રમવિણ ચ્હાય શ્રીમંત થવા, શિર અઘનો લઈ ભારો,
પ્રગટ પિતા પુત્રીનો શત્રુ, હિતવિત્ત હરનારો,
હિતવિત્ત હરનારો, ગવાયાં ધિઃકધિઃકનાં ગાણાં કન્યા૦ ૩
આવ્યું તે ધન એળે, વ્યાજ મૂડી સાથે જાશે,
ઠગ તસ્કર કે પાપી હરામી, નીચ નૃપતિ ધાશે,
અચિત ખાટલો ખાય પાપી આ પાછળ પસ્તાશે,
પાછળ પસ્તાશે, સકળ ફીટકાર કરે શાણા કન્યા૦ ૪
ખાનારાં સૌ લુંટી ખાશે, કરનારા રડશે,
જશને સાટે મળે જુતીઓ સાર એહ જડશે,
યમકિંકરનો માર નર્કને દ્વાર જીવ પડશે,
દ્વાર જીવ પડશે, આંસુના ખરશે ત્યાં દાણા કન્યા૦ ૫
હરામ નજર હરજી રૂઠે, વદન બને કાળું,
યશને દ્વાર રૂધિરના પૈસા મારે છે તાળું
વેળુમાં વસુ ભળે, મળે ના મંદિરમાં વાળુ,
મંદિરમાં વાળુ, રૂપાળા બને ભલે રાણા કન્યા૦ ૬
દુહિતાનું હિત ચિત્તમાં ન ધરે દુઃખમાં જઈ દાટે,
માત પિતા ગુરૂ ગોત્ર લજાવે, વિચરી અધમ વાટે,
અંત્યે થાય ખુવાર ઘટે જેમ લોહું નિજ કાટે,
લોહું નિજ કાટે, ધિઃક! એ ધનના ધીંગાણાં કન્યા૦ ૭
પશુની પેઠે પુત્રી વેચે, ઘર ઘર ભાવ કરી,
કન્યાદાન કરી અન્યાયની, કંઠે મૂકે છરી,
ભારરૂપ એ અસુર ભૂમિમાં શીદ જન દેહ ધરી,
શીદ જન દેહ ધરી, દ્રવ્યથી ધૂર્ત નહિ ધ્રાણા કન્યા૦ ૮

પૈસા જોડી કરે કજોડાં, મડે મીંઢળ બાંધે,
મણિ મર્કટનો મેળ બનાવી નિજ સ્વારથ સાધે
ઈશ્વરનો ડર અલ્પ ન ધારે, ધનને આરાધે,
ધનને આરાધે, કટુ ફળ તેનાં કહેવાણાં　　　　કન્યા૰ ૯
સુઆતુલ્ય તો મૃત્યુ લોકમાં પિતૃ પણ શ્રાપે,
કુળાંગારની કિંમત, મહાજનમાં તૃણને માપે,
પૂંજી મહાસુખરામ પાપની પરિતાપ આપે,
પરિતાપ આપે, આર્યના બનશે અણજાણ્યા　　　　કન્યા૰ ૧૦

## કન્યાવિક્રય.

ઓ દુષ્ટ પિતા, દીકરી વેચી ધન લેવાનું ધ્યાનમાં !
દઈ ડોસાને રંડાપો આપ્યો કન્યાદાનમાં—ટેક.

તને રૂવેરૂવે કીડા પડશે, તારી છાતીપર જમડા ચડશે,
ધગધગતા ખીલા ધાબડશે.　　　　ઓ દુષ્ટ પિતા ૧
તારાં ગાત્ર ગળત કોઢે ગળશે, ઘરમાંથી ખાવાનું ટળશે,
વાવેલાં વિષ વક્ષો ફળશે.　　　　ઓ દુષ્ટ પિતા ૨
કોઈ ખડદ બીજું ન મળ્યું તુજને, જેથી ઘરમાં ખાતર દીધ ખુણે
તને સાંભળ દુનિયા આખી દુણે.　　　　ઓ દુષ્ટ પિતા૰ ૩
તારા હાથ પગોજ પડ્યા ભાગી, જેથી ઝટ કમાણી આ જાગી,
લે પાપી હવે મૃત્યુ માગી　　　　ઓ દુષ્ટ પિતા૰ ૪
તેં અંતકાળનો લાડુ લીધો, કળજુગમાં કાળો કેર કીધો,
બાપડિયા! તું જરા ન બિધો.　　　　ઓ૰ ૫
જો તારૂં પશ્ચાતાપતણું-ઉરદ્વાર ઉઘડશે એકક્ષણું.
તો પામીશ પંડે દુઃખ ઘણું.　　　　ઓ૰ ૬
એ ડોસો લાકડી હાથ ગ્રહે, થોડું ચાલે ત્યાં થાક લહે,
જોનારા ત્રાહિ ત્રાહિ કહે.　　　　ઓ૰ ૭
એ સાથે કન્યા ચોરી ચઢી, જોવા મળીયાં જન તેજ ઘડી,
તારી છાતી ન ફાટી કેમ પડી　　　　ઓ૰ ૮
વજ્રથી વિશેષ કઠોર દિસે, ખૂની ઘાતકી નિર્દય અતિશે,
છાંટો ન રહેમનો હૃદય વિશે　　　　ઓ૰ ૯
આ હરામી પૈસો નહિ રહેશે, છોકરી છાજીયાં નિત્ય લેશે,
નખ્ખોદ જશે શ્રાપો દેશે　　　　ઓ૰ ૧૦
વિષપાવું હતું ગળથુલીમાં, કેમ નહિ મરી ગઇ તે શીળીમાં,
પણ આતો સંકટની સીમા　　　　ઓ૰ ૧૧

મોંઢળ મડાં સાથે બાંધ્યો, શબનો સંબંધ અરે સાંધ્યો
તેં પાપ પાક શતે રાંધ્યો ઓ૦ ૧૨
એ અંધ આરશી શું કરશે ? એ રોઈ રોઇ રાતે મરશે,
કાં વાવકૂવામાં પડશે ઓ૦ ૧૩
એની શાસ્ત્ર વિશે પાડે છે ના, જન સુજ્ઞો સાક્ષી છે એના,
આપું ન પુરાવા આઘેના ઓ૦ ૧૪
આજ કાલ વધ્યો એ ચાલ અતિં, ફરી ગઈ છે માણુસનીજ મતિ,
જોતાં નથી નીતિ કે અનીતિ ઓ૦ ૧૫
ઘરમાંથી ટળ્યું છે ખાવાનું, ત્યારે કાટલું કાઢ્યું કન્યાનું,
કોણ બંધ કરે નહિ કરવાનું ઓ૦ ૧૬
બોલે નહિ મહાજન કાંઇ મુખે, ફાવે છે જન ચંડાળ સુખે
દેખી વલ્લભનું દીલ દુઃખે ઓ૦ ૧૭

માટે દયાળુ બાંધવો, ! अहिंसा परमो धर्मः ના માનવાવાળાઓ ! જ્ઞાતિના આગેવાનો ! અને પંચો, રંક માણુસની સવિનય વિનંતી સ્વીકારી, અધોગતિને પહોંચાડનાર, જ્ઞાતિનું સત્યાનાશ વાળનાર, લજ્જાસ્પદ કન્યાવિક્રયના દુષ્ટ રીવાજને એકદમ બંધ કરો. કન્યાવિક્રયરૂપી રાક્ષસની ટાંટીઓ ટાળવાને જે સર્વથી પહેલી આગેવાની ધરાવશે તે કુમળાં પુષ્પોનો આશીર્વાદ પામી, સ્વર્ગવાસી થશે. ઈશ્વર તમને સન્મતિ આપો ! કન્યાવિક્રય બંધ થાઓ ! અને હમેશાં તમારૂં તથા જ્ઞાતિનું કલ્યાણ થાઓ !—એવો આશીર્વાદ દઈ, આશીર્વાદ ફળી ભૂત થવાને પરમાત્માની પ્રાર્થના કરી, ચાલુ વિષયને પૂર્ણાહુતિ આપી, અહીંજ મારી લેખિનીસ્તંભની યોગ્યતા મને જણાયછે. તથાસ્તુ ! તથાસ્તુ ! ( સંપૂર્ણ. )

---

# સહરાનપુરમાં મળેલી જૈન યંગમેન્સ ઍસોસીએશન ઑફ ઈન્ડીયાના પ્રમુખ શેઠ માણેકચંદ હીરાચંદના ભાષણમાંથી ટુંકસાર.

કોઈ કોઈ દિશાએ હજી એવો ખ્યાલ છે કે ઇંગ્રેજી ભણતા અને ભણેલા જૈનોને પોતાના ધર્મ તરફ સ્નેહ નથી. "જૈન ગેઝેટ" માં આપણા પ્રાચીન ધર્મના મતો વિષે લખાણ કરીને ઉપલી શંકા એસોસીએશન દુર કરશે, એમ મને ખાત્રી છે. ઇંગ્રેજી જાણતા જુવાન બંધુઓ તીક્ષ્ણ બુદ્ધિમાન, અને ખરા અંતઃકરણથી ટીકાકાર છે. બુદ્ધિને લીધે અતિશય અઘરા સિદ્ધાંતો પણ તેઓ જલદીથી સમજી શકે છે. અને ટીકાની બુદ્ધિને લીધે કાર્યકારણ સંબંધ તેઓ સમજી શકે છે અને ઉદાર દૃષ્ટિથી જોતાં શીખે છે. શ્વેતાંબર, દિગંબર અને ઢુંઢીઆ ત્રણેને એકત્ર કરવાનો આ મંડળનો

પ્રયાસ અતિશય સ્તુત્ય છે. ખાવા પીવાની બાબતમાં અને પાંજરાપોળોના વહીવટની બાબતમાં આપણે લગભગ એકઠા થઈને કામ કરીએ છીએ. દેરાસરમાં પૂજા અને તીર્થસ્થળોની બાબતમાંજ આપણે મતફેર હોય એમ લાગે છે. આ મતફેરની બાબતો વિષે બન્ને પક્ષના પત્રો પોતાના મતો જાહેર કરે તો બહુ ઉત્તમ થાયે.

આપણા પ્રાચીન સંસ્કૃત પુસ્તકોનાં ઇંગ્રેજીમાં ભાષાંતર કરવાની જરૂર છે અને તે પ્રસિદ્ધ કરવાનું ઉત્તમ કામ આ સભા બજાવી શકે તેમ છે. આ ભાષાંતરોથી જૈન બાબતો વિષે યુરોપીયન પંડિતોની શંકાઓ નષ્ટ થશે. અને આપણા ધર્મનું સત્ય તેઓ ઘણું ખરૂં જાણી શકશે.

જૈન સિધ્ધાંતો ફેલાવવાને માટે વિશેષ રસ્તો એ છે કે વિલાયતની વનસ્પતિ નિર્વાહક મંડળીઓ અને પ્રાણીમાત્રપર દયાની મંડળીઓ ( Vegetarian Societies & Humanitarian Leagues ) નાં પ્રસિદ્ધ થયેલા લખાણોનો ગુજરાતી તરજુમો કરાવી તેનાં નાનાં પુસ્તકો મફત વહેંચવાં. આ ઉપાયથીજ આપણે વ્યાવહારિક રીતે જૈન સિદ્ધાંત પ્રમાણે અમલ કરી શકીશું. આથી અહિંસાનો આપણો મૂળ સિદ્ધાંત બહુ સારો પળાશે.

## જૈન યંગ મેન્સ ઍસોસીએશન ઑફ ઈન્ડીયા.

આ દિગંબર મંડળે પોતાના છેલા વાર્ષિક મહોત્સવ પછી સ્ત્રીશિક્ષા વિભાગ ઉઘાડયો છે. દિગંબર બંધુઓ તરફ તે મંડળના મજકુર વિભાગના સેક્રેટરીએ એક વિનંતિપત્ર મોકલ્યો છે. તે પત્રમાં કન્યા પાઠશાળા સ્થાપવાને બહુ આગ્રહ પૂર્વક વિનતિ કરવામાં આવી છે, અને જણાવવામાં આવ્યું છે કે મંડળ અધ્યાપિકા પૂરી પાડી શકશે. ખરેખરા કામ કરનારા અને સ્ત્રીશિક્ષણના ચુસ્ત હિમાયતીઓની પાંચથી નવ સભાસદોની વ્યવસ્થાપક મંડળી સ્થાપવા વળી તેમાં વિનંતિ કરી છે. વિધવાઓ કામ કરી શકે તેવી હોય તેમનાં નામ પણ માગ્યાં છે. પૈસા માટે વિનંતિ કરી છે. જે તદ્દન યોગ્ય અને સુપાત્રે છે. અભ્યાસક્રમમાં ધાર્મિક અભ્યાસ નીચેપ્રમાણે છેઃ—

### ધોરણ બીજું.

ધર્મ અને શરીરરક્ષા સંબંધી નાના નાના શિક્ષાપ્રદ વાકયો. ધર્મના મૂળ સિદ્ધાંત ( Elements of religion. )

### ધોરણ ત્રીજું.

ધાર્મિક તથા જૈન ઐતિહાસિક કહાણીઓ અને નીતિનો ઉપદેશ. ધર્મના મૂળ સિદ્ધાંત, તીર્થ ક્ષેત્રનાં નામ તથા સૂક્ષ્મ વર્ણન.

### ધોરણ ચોથું.

ધાર્મિક શિક્ષા. ( સદાચાર અને નીતિ. ) આદર્શ જીવન ચરિત્ર. ધાર્મિક સિદ્ધાંત.

## અંગ્રેજી પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીમાં શીખતા વિદ્યાર્થીઓ માટે જૈનધર્મના શિક્ષણનો હોવો જોઇતો ક્રમ.

### ધોરણ પહેલું.

માર્ક ૧૦૦

अ ૩૦ મનુષ્યભવના દશ દૃષ્ટાંતની બુક અર્થ મતલબ સાથે.

ब ૩૦ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો ખુલાસાવાર.

क ૪૦ જૈન કથાની એક બુક જૈન કથારત્નકોષ ભાગ છઠ્ઠામાંથી પાના ૧૮૫ ગૌતમકુલકની ગાથા ૯ પૂરી.

### ધોરણ બીજું.

માર્ક ૧૦૦

अ ૨૦ સમાયક અથ સહિત સૂત્રોના શુદ્ધ ઉચ્ચારસાથે મુખપાઠ વિધિયુક્ત.

ब ૩૦ શ્રીમદ્ યશોવિજયજી મહારાજની રચેલ સમકિતના સડસઠ બોલની સઝાય, વાંચન શબ્દાર્થ અને સામાન્ય ખુલાસા સાથે.

क ૨૫ પ્રશ્નોત્તર રત્નચિંતામણીમાંથી પ્રશ્ન ૫૦ ટુંક મતલબ સાથે.

ड ૨૫ જૈનકથારત્નકોષ ભાગ છઠો સંપૂર્ણ.

### ધોરણ ત્રીજું.

માર્ક ૧૦૦

अ ૨૫ પ્રતિક્રમણ વંદિતા સૂધી શબ્દાર્થ અને સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર સાથે મુખપાઠ.

ब ૨૫ પ્રશ્નોત્તર રત્નચિંતામણી પ્રશ્ન ૫૧ થી ૧૦૭. શ્રાવકના બાર વ્રત્તની હકીકત પૂરી.

क. ૨૫ રૂષભદેવ ભગવાનનું ચરિત્ર.

ड ૨૫ નવતત્વ તથા જીવવિચારની સમજણ.

### ધોરણ ચોથું.

માર્ક ૧૦૦

अ ૨૫ પ્રતિક્રમણ અર્થ મતલબ વિધિયુક્ત પૂરૂં.

ब ૨૫ શ્રીમદ્ યશોવિજયજી મહારાજનું રચેલ સાડાત્રણસો ગાથાનું સ્તવન અર્થ મતલબ સાથે.

क ૨૫ લઘુદંડક, ગુણઠાણા, ખંડાજોયણનું જ્ઞાન, ભરત ક્ષેત્રની હકીકત નકશામાં આવડવી જોઇએ.

ड ૨૫ શ્રીકૃષ્ણવાસુદેવનું ચરિત્ર.

## ધોરણ પાંચમું.

માર્ક ૧૦૦

अ ૫૦ દેવચંદ્રજી વિરચિત ચોવીશીના સ્તવનો, પાંચ ભાવના તથા પ્રવચન માતાની ઢાળો અર્થ મતલબ સાથે.

ब ૨૫ કર્મપ્રકૃતિ અને જંબુદ્વીપની હકીકતની સામાન્ય સમજણ.

क ૨૫ વીરભગવાનનું ચરિત્ર.

## ધોરણ છઠું.

માર્ક ૧૦૦

अ ૫૦ બનારસીદાસકૃત સમયસાર નાટક અધ સવૈયા સાડાત્રણસો અર્થ મતલબ સાથે, મુખપાઠ સવૈયા ૧૦૦.

ब ૨૫ કર્મગ્રંથ પ્રકરણ પહેલું ખુલાસાવાર અઢી દ્વીપની સમજણ નકશામાં.

क ૨૫ શાંતિનાથ ભગવાનનું ચરિત્ર.

## ધોરણ સાતમું.

માર્ક ૧૦૦

अ ૫૦ સમયસાર નાટક પુરૂં અર્થ મતલબ સાથે. સવૈયા દોઢસો મુખપાઠ, આનંદઘનજી મહારાજની ચોવીશીના સ્તવન ચાર મતલબ સાથે.

ब ૨૫ કર્મગ્રંથ બીજો તથા ત્રીજો મતલબ સાથે પુરૂં જ્ઞાન, અઢી દ્વીપની વિસ્તાર પૂર્વક હકીકત ( નકશામાં. )

क ૨૫ રામચરિત્ર.

શ્રીસંઘનો સેવક.

**માણકચંદ પાનાચંદ.**

નર્મિત્રમંડળના મંત્રી (કચ્છ માંડવી ).

**આ અભ્યાસક્રમમાં શ્રીમદ્ હંસવિજયજી મહારાજે નીચે પ્રમાણે સુધારો વધારો બતાવી સંતોષ જાહેર કર્યો છે.**

## ધોરણ ચોથું-પાંચમું.

સંસ્કૃત માર્ગોપદેશિકા પૂરી, જે હાઇસ્કુલોના ધોરણે ચાલે છે તે.

## ધોરણ છઠું-સાતમું.

સિંદૂર પ્રકર—કર્પૂર પ્રકરણ—નવસ્મરણ.

આ અભ્યાસક્રમ પ્રસિદ્ધ થવા આપના કોનફરન્સ હેરેલ્ડમાં જગા આપશો તો જૈનકોમ ઘણી આભારી થશે.

અમારો અભિપ્રાય એવો છે કે આપણા જૈન પ્રાચીન મહાત્માઓના રચેલા ગ્રંથો નવીન વિદ્વાનોના હાથે શીખવવામાં આવે તો ધાર્મિક શિક્ષણનો ખરો હેતુ પાર પડે.

આ અભ્યાસ ક્રમમાં અમારા માનવા પ્રમાણે જેમ જેમ વિદ્યાર્થીઓ ચઢતા ક્રમ અભ્યાસ કરશે તેમ તેમ તેઓને આત્મિક જ્ઞાનની પ્રાપ્તિ થયાં કરશે. આ ભવ ને પરભવનું કલ્યાણ તે ધાર્મિક શિક્ષણ પકા પાયાપર અપાય તોજ છે. નવીન ટેક બુકો રચવામાં તો ઘણા મુનિઓ અને શ્રાવકોની જરૂર છે. વખતના વ્યયની પણ સ ગણત્રી છે. વખતે નવીન બુકો રચાય તો પણ પ્રાચીન ગ્રંથકારોને ભુલી જવા ન જોઇએ

**માણકચંદ પાનાચંદ.**

જૈન મિત્રમંડળના મંત્રી (કચ્છમાંડવી.)

---

# ગ્રંથાવલોકન.

**શ્રી ધર્મરત્ન પ્રકરણ**—શ્રી પાલીતાણા જૈનધર્મવિદ્યાપ્રસારકવર્ગ તરફથી અભિપ્રાય માટે આવેલ "ધર્મસંગ્રહ" માટે અભિપ્રાય અમે ડીસેંબરમાં આપી ગયા છીએ. તેજ વર્ગ તરફથી પ્રસિદ્ધ થએલ આ પુસ્તક શ્રીમાન દેવેંદ્રસૂરિનું રચેલું છે. આ પુસ્તકમાં પણ મૂળ અને ગુજરાતી ભાષાંતર બંને આપવામાં આવ્યાં છે. આ પુસ્તક પણ પ્રથમ ભાગ છે તેથી સંભવ અને આશા રહે છે કે પાછળના ભાગો એજ વર્ગ તરફથી છપાશે. કાગળ, છપાઇ અને ટાઇપ ઉત્તમ છે. શુદ્ધિપત્રક બહુ મોટું થયું છે, માટે એક વખત વિશેષ પ્રૂફ તપાસવા અમારી નમ્ર સૂચના છે. લગભગ ૬૦૦ પાનાના આ પુસ્તકની કીંમત રૂ. ૨ બીલકુલ વધારે નથી. શુભસંસ્કારો રોપનાર પિતાના પાંચ સુપુત્રોએ પોતાના પિતા શેઠ ખીઅશી કરમણના સ્મરણાર્થે આ પુસ્તક પ્રસિદ્ધ કરાવ્યું છે. એ પાંચે ભાઈઓમાં શેઠ ખેતશી ખીઅસી સારી રીતે આગળ પડતા છે, અને જૈન કોમમાં તેમનું નામ જાણીતું છે. અર્પણપત્રિકા બતાવે છે કે પુત્રરૂણ તથા પિતૃરૂણ એ કેવી મોટી જવાબદારી છે, અને એ સમજનાર પોતે કેવા સુખી થાય છે અને બીજાને કેવા સુખી કરે છે. આ ગ્રંથ અસલ માગધી અને સંસ્કૃત ભાષામાં લખાયલો છે. કેવા ગ્રંથો લાંબો વખત ટકી શકે છે તેને માટે પ્રસ્તાવનામાં યોગ્ય કહેવાયું છે. આ ગ્રંથમાં શ્રાવકના ૨૧ ગુણો પર ૨૧ કથા કહેવાયેલી છે, એટલે કે ગ્રંથ કથાનુયોગનો છે. બહુ ઉંડા વિષયોમાં ઉતરતા મનને ગુંચવણ આવે એવા સામાન્ય વાંચકો માટે પણ ગ્રંથ ઉત્તમ છે. બીજી જ્ઞાતિઓ અને પ્રજાઓ કરતાં સખાવત, દાન, ધર્મ વિગેરેમાં જૈનો કોઈથી ઉતરે તેમ તો નથીજ, પરંતુ જ્ઞાનદ્વારા, પુસ્તકો છપાવીને, વડિલનું સ્મરણ રાખવું એ સ્મરણ ચિરસ્થાયી છે, સખાવતનો ખરો પ્રકાર છે, અનુકરણીય છે. પિતાના સ્મરણાર્થે રૂ. ૧૦૦૦) આપી પુસ્તક છપાવવામાં પાંચે ભાઈઓએ શુભ કર્મ બાંધી બીજાઓને ઉત્તમ ધડો બેસાડયો છે. પુસ્તક ઉત્તેજન અને મદદને દરેક રીતે પાત્ર છે.

---

# ચોથી જૈન શ્વેતાંબર કોન્ફરંસ, પાટણ.

આ ચોથી બેઠક નામદાર ગાયકવાડ સરકારના એક પ્રાચીન અને અગત્યના નગર પાટણ ખાતે તા. ૨૫, ૨૬, ૨૭ ફેબ્રુઆરી ૧૯૦૬ ના રોજ મળી હતી. પ્રતિષ્ઠિત વર્ગ, જૈન ડેલીગેટો તથા પ્રેક્ષકોની સંખ્યા અતિ ગંજાવર—૧૦૦૦૦ થી ૧૨૦૦૦ હતી. હિંદુસ્તાનમાં આવડો મોટો સાધારણ કેળવણી પામેલો સમૂહ, ટાંચણી પડે તો તેનો અવાજ સાંભળી શકાય એવી શાંતરીતે ભાષણો, ઉપદેશ, શ્રવણ કરે એ પૂર્વે શીખવેલા ધડામાંનો એક છે. મરહુમ ગાંધી વીરચંદ રાઘવજી ભાષણો વખતે જણાવતા કે અમેરિકામાં મારા ભાષણોમાં ૧૦૦૦૦—૧૨૦૦૦ માણસો એકઠાં થતાં, છતાં તદ્દન શાંતિથી, જરાપણ અવાજ વગર તેઓ શ્રવણ કરતા. આવો દિવસ જૈન કોમને આવતો જોઇ અમને અતિશય હર્ષ થાય છે. કોમની ખરી ઉન્નતિનો પાયો એક નથી, અનેક છે. એકલું ધન મેળવીએ, છતાં તેને સાચવી ન જાણીએ, અથવા વધારી ન જાણીએ તો જેમ નિરર્થક છે, તેમજ ધન સિવાય મનની ખીલવણી, ઉપદેશ શ્રવણ કરવાની શાંતિ, પ્રજામત બંધાવો, વિગેરે અતિશય મુસ્કેલ કામો ન થઈ શકે તો ધન પણ બહુ ઉપયોગમાં આવી શકતું નથી. જે માણસો, જૈન બંધુઓ, શ્રીમાનવર્ગ, હજી એમ ધારતો હોય કે કોન્ફરંસની બહુ આવશ્યકતા નથી, ખર્ચના પ્રમાણમાં લાભ કંઇજ નથી, તેમને અમારી નમ્ર પ્રાર્થના એટલીજ છે કે જાહેરમત કેટલી મુશ્કેલીથી ઉત્પન્ન કરી શકાય છે, અદૃશ્ય ભાઇચારાની લાગણી આવી કોન્ફરંસથી કેટલી અને કેવી દૃઢ થાયછે, આપણે દરેક એટલાબધા પ્રમાણમાં નકામા ખર્ચ કરીએ છીએ કે કોન્ફરંસનો પ્રતિવાર્ષિક ખર્ચ હિસાબમાં નથી, વિગેરે બાબતોનો વિચાર કરવા કૃપા કરવી. જુદા જુદા પત્રો, માસિકો, કાંગ્રેસના ઠરાવોને લગભગ મળતું કામ હમેશાં કરેજ જાયછે, છતાં કાંગ્રેસ તે કાંગ્રેસજ છે, તેનો ગુપ્ત અવાજ અણદીઠ ઘણી અસર કરેછે, તેજ પ્રમાણે આપણી કોમના માસિકો, પત્રો વિગેરે જે કરેછે તેની પૂર્ણતાને માટે કોન્ફરંસ તદ્દન આવશ્યક છે. કોન્ફરંસને અંગે જ્ઞાનાંભોનિધિ પ્રદર્શન તથા મહિલાસમાજ થયા તે પણ અતિશય શુભસૂચક છે. સદ્ગુણી અને વિનયી થવા માટે આવા કોન્ફરંસો અને સમાજો અણદીઠ નૈતિક અંકુશ મૂકેછે. બધો વિચાર કરતાં હજી પણ જે શ્રીમાનો, મુનિવરો અથવા સામાન્ય બંધુઓ આ કોન્ફરંસની આવશ્યકતા સ્વીકારવા અચકાતા હોય, તેમને ફરી ફરી પુખ્ત વિચાર કરવા અમારી નમ્ર પ્રાર્થના છે. અહા પરમાત્મા! પાટણ કોન્ફરંસને અંતે પાંચમી કોન્ફરન્સને અમદાવાદ આમંત્રતી વખત વયોવૃદ્ધ, અનુભવી શેઠ જેસીંગભાઈ હઠીસીંગના ગદગદિત કંઠના શબ્દો જેઓએ સાંભળ્યાછે, તે તો એમજ કહે છે કે શેઠે ખરા અંતઃકરણથી જણાવ્યું કે મારી ૭૦ વર્ષની વયમાં જો કોઇપણ ખરેખરૂં સાર્થક—આત્માની ઉન્નતિ ભરેલું કામ—મેં કર્યું હોય તો આ છે. સકળ સંઘની ભક્તિ એ શું જેવી તેવી બાબત છે! ધન મળ્યાનું સાર્થક શું છે? જ્ઞાતિભાઇઓની સેવા કરવી તેજ, બીજું કાંઇજ નહિ અને તે પણ માન અથવા કીર્તિની ઇચ્છા વિના. અમદાવાદના શ્રીમાન શેઠો, દરેક જૈનબંધુ તથા બ્હેનોને અમારી

ખરા હૃદયની વિનંતિ છે કે અમદાવાદ આશરે ૧૫૦૦૦ શ્રાવકની વસ્તીવાળું પ્રથમ પંક્તિનું જૈનપુર છે, તે કોઈ પણ રીતે કોન્ફરન્સને દીપાવવામાં ઓછપ ન રાખતાં દરેક રીતે પોતાનું પાણી દેખાડશે. અમદાવાદના પ્રમાણમાં ભાવનગર કાંઈજ નથી. માટે દરેક રીતે ઉત્તમ કાર્યવ્યવસ્થા કરવા અમારી અમદાવાદના સકળ સંઘને પ્રાર્થના છે. સ્વાગત કમીટીના પ્રમુખ મી૦ પુનમચંદ કરમચંદ કોટાવાળાનું ભાષણ પાટણની પ્રાચીનતા રજુ કરતું હતું. પ્રમુખ શેઠ વીરચંદ દીપચંદે કોમનો ઉદ્ધાર કેળવણી ઉપરજ ગણ્યો છે, તે સત્ય છે. જીર્ણોદ્ધાર બાબતમાં તેમણે યથાસ્થિત પુનઃ કહ્યું છે કે નવાં દેરાસર બંધાવવા કરતાં જૂનાં સમરાવવામાં શાસ્ત્રમાં આઠ ગણું વિશેષ પુણ્ય કહ્યું છે. ધાર્મિક ખાતાંઓના હિસાબો ચોખા રાખવા તેમનો ખાસ આગ્રહ તદન સ્તુત્ય છે. આ બેઠક વખતે સંવત ૧૯૬૧ નો હિસાબ બહાર પાડવામાં આવ્યો છે. આ બેઠક વખતે નીચલા ઠરાવો પસાર કરવામાં આવ્યા છે.

ઠરાવ પહેલો—નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ ઑફ વેલ્સની આ દેશમાં પધરામણી થવાથી આખા હિંદુસ્તાનના જૈન પ્રતિનિધિઓની પાટણ શહેરમાં મળેલી આ ચોથી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પોતાનો અંતઃકરણનો હર્ષ પ્રદર્શિત કરે છે. અને તેઓ નામદારને વિનંતિ કરે છે કે જૈન કોમની તાજપ્રત્યેની વફાદારીની ખબર તેઓ સાહેબ પોતાના નામવર પિતાશ્રીને જણાવવા મહેરબાની કરશે. આ ઠરાવના ખબર તારદ્વારા તેઓ નામદાર તરફ મોકલવા.

ઠરાવ બીજો—નામદાર શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ મહારાજ સાહેબના વિસ્તીર્ણ રાજ્યની શીતળ છાયામાં બીજીવાર આ કોન્ફરન્સ એકઠી મળતાં તેઓ સાહેબે ઉદાર દિલથી જે આશ્રય આપ્યો છે તેને માટે આ કોન્ફરન્સ તેઓ સાહેબનો અંતઃકરણથી આભાર માને છે. આ ઠરાવની ખબર તેઓ સાહેબના નામદાર દીવાન સાહેબને જણાવવી.

ઠરાવ ત્રીજો—આપણી કોન્ફરન્સમાં ચારે જનરલ સેક્રેટરીઓએ પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપીને જે કીમતી સેવા બજાવી છે તેને માટે તેમનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે.

ઠરાવ ચોથો—આ કોન્ફરન્સમાં કરવામાં આવેલા ઠરાવોનો અમલ થવા માટે જે જે મુનિમહારાજોએ પ્રયાસ કર્યો છે તેમનો આ કોન્ફરન્સ અંતઃકરણથી આભાર માને છે અને સર્વ મુનિસમુદાયને તેજ પ્રમાણેનો પ્રયાસ ચાલુ રાખવા વિનંતિ કરે છે.

ઠરાવ પાંચમો—આપણી જૈન કોમમાં વ્યવહારિક અને ધાર્મિક કેળવણીની વૃદ્ધિ થવા માટે નીચે પ્રમાણેના ઉપાયોની યોજના કરવી ઘટિત છે.

૧ દરેક બાળકીઓને ફરજીઆત કેળવણી આપવી એટલે કોઈ પણ બાળક યા બાળકીઓને તેમનાં માબાપોએ અભણ રાખવા નહિ.

૨ જનબંધુઓને ક્રમસર ધાર્મિક કેળવણી મળવાને માટે કન્યાશાળા અને જૈન-શાળા ઉપયોગી સીરીઝ બનાવવાની ગોઠવણ કરવી અને તેને માટે એક કમીટી નીમવી.

૩ ધાર્મિક કેળવણી અર્થસહિત અને તેના રહસ્યનું જ્ઞાન થાય તેવા પ્રકારની યોજના કરવી.

૪ જૈન વિદ્યાર્થીઓને ઉંચા પ્રકારની કેળવણી મળી શકવા માટે તેમજ કળાકૌશલ્ય સંબંધી કેળવણી આપવા માટે સ્કોલરશિપો આપવી અને જૈન બોર્ડીંગ સ્થાપવી.

૫ જૈન લાઈબ્રેરીઓ અને બૂકડીપો સ્થાનકે સ્થાનકે સ્થપાય તેવી ગોઠવણ કરવી, કે જેની અંદર છાપેલાં તમામ પુસ્તકો મળી શકે.

૬ દરેક સારા શહેરોમાં મોટી ઉમરની શ્રાવિકાઓને અભ્યાસ કરાવવાને શ્રાવિકા શાળાઓ સ્થપાવવી અને તેની અંદર ઉદ્યોગનું શિક્ષણ પણ અપાય તેવી ગોઠવણ કરવી.

આ બાબતોની આ કોન્ફરંસ ખાસ આવશ્યકતા ધારે છે.

ઠરાવ છઠો.—આપણા મહાન પૂર્વાચાર્યોએ રચેલા અનેક પ્રાચીન ગ્રંથો જુદા જુદા શહેરોમાં પુસ્તક ભંડારની અંદર રહેલાં છે. તેનો હવે પછી વિનાશ ન થાય તેવી યોજના કરવી. જીર્ણ સ્થિતિના અલભ્ય ગ્રંથોની નવીન પ્રતો લખાવી તેનો પુનરુદ્ધાર કરવો. દરેક ભંડારોની ઉપયોગી હકીકત સાથેની ટીપ તૈયાર કરવી, તેની આ કોન્ફરંસ આવશ્યકતા ધારે છે. તે સાથે ઠરાવ કરેછે કે દરેક પુસ્તક ભંડારના અધિકારીઓએ પોતાના કબજાના ભંડારોની ટીપની નકલ કોન્ફરંસ તરફ મોકલવી અને જો ટીપ બરાબર તૈયાર ન હોય તો કોન્ફરંસની મદદ માગવી, જેથી તે કાર્ય પરત્વે યોગ્ય મદદ આપવામાં આવશે.

ઠરાવ સાતમો.—અનેક સ્થાનકે આપણા પ્રાચીન શિલાલેખો પ્રતિમાજી નીચે તથા છૂટા છવાયા છે, તે બધાનો એકત્ર સંગ્રહ કરવાથી આપણી પૂર્વની જાહોજલાલીવાળી સ્થિતિ ઉપર વિશેષ પ્રકાશ પડી શકે છે તથા ઐતિહાસિક સ્થિતિ જાહેરમાં આવેછે માટે તે કાર્ય કરવાની કોન્ફરંસ આવશ્યકતા ધારે છે.

ઠરાવ આઠમો.—આપણા પૂર્વ પુરૂષોએ અગણિત દ્રવ્ય ખર્ચીને મહાન દેવાલયો બંધાવેલાંછે, તેમાંથી જે જીર્ણ સ્થિતિમાં આવી ગયેલાં હોય તેનો જીર્ણોદ્ધાર કરવાની આપણી ખાસ ફરજ છે તેથી તે કાર્યમાં બનતો પ્રયત્ન કરવો જોઇએ અને તેને માટે ચૈત્યરક્ષક કમીટી નીમવી જોઇએ.

ઠરાવ નવમો.—૧ જીવોની થતી હિંસા તથા જનાવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા બનતો પ્રયત્ન કરવો.

૨ પાંજરાપોળ જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં સારી સ્થિતિપર લાવવી અને ન હોય તો જરૂર જણાય ત્યાં નવી સ્થાપવી.

૩ જીવોની વિરાધનાથી થતી ચીજો ન વાપરવા માટે ઠરાવો કરવા.

૪ ધર્મના બહાને અથવા વેપારના બહાને જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા પ્રયત્ન કરવો.

૫ જીવદયા સંબંધમાં ઉપદેશકો રાખી તેનો પ્રચાર વધારવો.

આ ઠરાવની આ કૅાન્ફરંસ ખાસ આવશ્યકતા ધારે છે. તે સાથે શેહીશાળામાં થયેલા જીવદયાના સંબંધના ઠરાવને માટે ભગત લાખા ભગવાન વિગેરેનો આ કૅાન્ફરંસ આભાર માનેછે. તે ઠરાવનો અમલ દરેક જગ્યાએ થાય તેને માટે યથાયોગ્ય તજવીજ કરવી.

ઠરાવ દશમો.—ધાર્મિક ખાતાંઓના હિસાબો તૈયાર કરવાથી અને પ્રગટ કરવાથી તેની અંદર ગોટાળા વળી શકતા નથી. આવક પણ વૃદ્ધિ પામેછે અને વિશ્વાસ વધેછે તેથી દરેક ધાર્મિક ખાતાના હિસાબ તૈયાર રાખવાની, જે કોઈ જૈન બંધુ જોવા માગે તેને બતાવવાની તથા તેને છપાવીને પ્રગટ કરવાની આ કૅાન્ફરંસ આવશ્યકતા ધારેછે અને ઠરાવ કરેછે કે જે જે ખાતાઓના હિસાબો દરવરસે બહાર પડે તેની કૅાન્ફરંસે નોંધ રાખવી અને તે દરવર્ષે પ્રગટ કરવી કે જેથી તેવી રીતે હિસાબો બહાર પાડવાની બીજાને પણ ઈચ્છા થાય.

આ ઠરાવને અંગે સ્વર્ગસ્થ શેઠ ગોકુળભાઈ દોલતરામની વતી જાહેર કરવામાં આવ્યું કે એક માણસ રાખવાને માટે પાંચ વરસ સૂધી દરમાસે રૂ. ૫૦ થી ૭૫ સૂધી પગાર ખર્ચના આપવાને અમે કબૂલ કરીએ છીએ. તેમજ પાટણ નિવાસી શા. ચુનીલાલ નાનચંદે પાંચ વરસ સૂધી વગર પગારે આ કામ કરવા કબૂલ કર્યું.

ઠરાવ અગીઆરમો.—આપણા જૈન બંધુઓ, જે દૈવયોગે મંદ સ્થિતિમાં હોય તેને આશ્રય આપવાની શ્રીમંત જૈનોની ખાસ ફરજ છે. તેથી ઉદાર દિલથી તેવા બંધુઓને આશ્રય આપવો અને જેમ બને તેમ નવા નવા ઉદ્યોગે ચડાવવા પ્રયત્ન કરવો તેની આ કૅાન્ફરંસ ખાસ આવશ્યકતા ધારે છે, અને તેને માટે શ્રીમાન જૈન બંધુઓને આગ્રહપૂર્વક વિનંતિ કરેછે.

ઠરાવ બારમો.—સંપ ત્યા જંપ એ સિદ્ધ થએલી કહેવત છે, કે જેનો અનુભવ આપણને સર્વને થયેલો હોય છે તેથી ધાર્મિક સંબંધને દૃઢ કરવા માટે કોઈપણ પ્રકારની ઈર્ષા, સ્પર્ધા કે અદેખાઈ ન રાખતાં પરસ્પર સંપની વૃદ્ધિ કરવાની આ કૅાન્ફરંસ આવશ્યકતા ધારેછે. આ કૅાન્ફરંસ દૃઢ કરવાનો મૂળ પાયો તેજ છે, વળી આ હેતુને મજબૂત કરવાને માટે અંદર અંદરની કોઈપણ બાબતની તકરારમાં બનતાં સૂધી કોર્ટે ન ચડતાં પ્રમાણિક ગૃહસ્થોને પંચ નીમી તે દ્વારા સમાધાની કરવાની પણ આ કૅાન્ફરંસ આવશ્યકતા ધારેછે.

ઠરાવ તેરમો.—નીચે જણાવેલા દોષિત રીવાજો અજ્ઞાન અને પ્રમાદ વિગેરે કારણોથી આપણી કોમમાં દાખલ થયેલા છે તેથી તે રીવાજોને હરેક પ્રકારે દૂર કરવાની ખાસ આવશ્યકતા છે.

૧ બાળલગ્ન, ૨ વૃદ્ધવિવાહ, ૩ કન્યાવિક્રય, ૪ એક કરતાં વધારે સ્ત્રી કરવી. ૫ મૃત્યુપાછળ જમણ, ૬ મૃત્યુપાછળ શોકક્રિયા ૭ અયોગ્ય ફરજીઆત ખર્ચો, ૮ મિથ્યાત્વીના પર્વાદિનો પ્રચાર.

ઉપર જણાવેલા રીવાજો બંધ કરવાની આ કૅાન્ફરંસ ખાસ આવશ્યકતા ધારેછે અને તેમાંના જે જે રીવાજોના સંબંધમાં જે જે ગામોમાં કે શેહેરોમાં પ્રબંધ થયેલા છે

તેમને આ કોન્ફરંસ ધન્યવાદ આપેછે. તે સાથે બીજા ગામો અને શહેરોના આગેવાનોને આ ઠરાવનો યથાયોગ્ય અમલ કરવા આગ્રહ કરેછે.

ઠરાવ ચૌદમો.—અન્ય ધર્મીઓના પ્રસંગને લીધિ તેમજ અજ્ઞાનની પ્રબળતાથી આપણા જૈન વર્ગમાં લગ્નવિધિ એવા પ્રકારે કરવામાં આવેછે કે જેથી આપણે મિથ્યાત્વ રૂપ દોષના ભાજન થઈએ છીએ. તેથી તે દોષ દૂર કરવા માટે જૈન લગ્નવિધિનો પ્રસાર વધારવો જોઈએ. તેમજ બીજા સંસ્કારો જે બીલકુલ નષ્ટપ્રાય થઈ ગયાછે તેની શરૂઆત થવી જોઇએ. તે બાબતની આ કોન્ફરંસ ખાસ જરૂર વિચારેછે અને જૈન લગ્નવિધિનો પ્રસાર જ્યાં જ્યાં જે જે ગૃહસ્થોએ શરૂ કરેલોછે તેને આ કોન્ફરંસ ધન્યવાદ આપેછે, તે સાથે બીજા ગામો અને શહેરોના આગેવાનોને તે પ્રચાર શરૂ કરવાની ખાસ ભલામણ કરેછે.

ઠરાવ પંદરમો.—જૈન ડીરેકટરી કરવાની આવશ્યકતા આપણે એક મતે સ્વીકારી છે અને તેથી તે કાર્યની શરૂઆત કરવામાં આવીછે તે સંબંધમાં જે જે ગામો, શહેરો કે પ્રાંતોના આગેવાનોએ તે કાર્યમાં મદદ આપીછે અને ફોર્મ ભરીને મોકલી આપ્યાંછે તેમનો અત્રે આભાર માનવામાં આવેછે અને બાકી રહેલા ગામો અને શહેરોના આગેવાનોએ તે સંબંધમાં મદદ આપવી, એમ વિનંતિ કરવામાં આવેછે.

ઠરાવ સોળમો.—દર વરસે મળનારી આપણી જનરલ કોન્ફરંસની અંદર થયેલા ઠરાવોનો અમલ કરવા માટે દરેક પ્રાંતમાં અનુકૂળતા અનુસાર પ્રાંતિક કોન્ફરંસો ભરવાની આ કોન્ફરંસ આવશ્યકતા ધારેછે અને ગયે વર્ષે અમલનેર અને પેથાપુરમાં જે પ્રાંતિક કોન્ફરંસો ભરવામાં આવીછે તેના કાર્ય કર્તાઓને આ કોન્ફરંસ અભિનંદન આપેછે. કોન્ફરંસના પ્રશંસનીય હેતુઓનો અમલ થવાનું તે એક પ્રબળ સાધન છે.

ઠરાવ સતરમો.—આ કોન્ફરન્સમાં થયેલા ઠરાવનો જ્યાં જ્યાં જેટલે દરજ્જે અમલ કરવામાં આવેલોછે તેને આ કોન્ફરંસ ધન્યવાદ આપેછે અને હવે પછી એવા પ્રકારની ખબર કોન્ફરંસ તરફ મોકલવા દરેક શહેર ને ગામના આગેવાનોને સૂચવેછે, કે જેની એકંદર નોંધ હવે પછી મળનારી દરેક કોન્ફરંસમાં વાંચી બતાવવામાં આવશે.

ઠરાવ અઢારમો.—આપણી યુનીવર્સીટીમાં સંસ્કૃત સાહિત્યની અંદર આપણા જૈન શ્વેતાંબર આમ્નાયના ગ્રંથો દાખલ થાય તેને માટે યોગ્ય પ્રયત્ન કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે.

ઠરાવ ઓગણીશમો—જૈન શ્રેયસ્કર મંડળ તરફથી થતાં કાર્યો પૈકી જૈન કેળવણી ખાતાંની અંદર યથાયોગ્ય મદદ આપવાની કૉન્ફરન્સ ભલામણ કરે છે.

આ વખતે હાલના જનરલ સેક્રેટરીઓને કાર્યવ્યવસ્થામાં મદદ કરવા અર્થે શેઠ માણેકલાલ ઘેલાભાઈ, શેઠ જીવણચંદ ધર્મચંદ તથા શેઠ કુંવરજી આનંદજીની એસીસ્ટંટ જનરલ સેક્રેટરી તરીકે નીમણુક કરવામાં આવી હતી.

શેઠ પ્રેમચંદ રાયચંદ તરફથી તેમના સુપુત્ર મરહુમ મી. ફકીરભાઇની યાદગીરીમાં રૂ. ૨૫૦૦ ની રકમના વ્યાજમાંથી સ્કૉલરશિપ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

રૂ ૩૬૦૦ આશરે કૅાન્ફરન્સના જુદા જુદા ખાતાઓમાં ભરવામાં આવ્યા છે. પાંચમી કૅાનફરંન્સ અમદાવાદમાં અને છઠ્ઠી ભાવનગરમાં ભરવાનું નક્કી થયું છે.

---

# પહેલી જૈન મહિલા પરિષદની સ્થાપના.

પાટણ ખાતે મળેલી ચોથી જૈન શ્વેતાંબર કૅાન્ફરન્સનું કામ ખલાસ થયા પછી સ્ત્રીઓની એક સભા મેળવવામાં આવી હતી. આ સભા સાગર ગચ્છના ઉપાશ્રયમાં મળી હતી. આસરે ૧૨૦૦ જૈન બાનુઓ હાજર હતી. એ સ્ત્રીવૃંદમાં રાજકુંવરબાઈ ઢઢ્ઢા (રા. ગુલાબચંદ ઢઢ્ઢાના માતુશ્રી), મીસીસ મોતીબાઈ પુનમચંદ કરમચંદ કોટાવાળા, મીસીસ કુંવરબાઈ અમીચંદ પનાલાલ, મીસીસ ચંચળબાઈ જેસીંગભાઈ ઝવેરચંદ, મીસીસ હેમચંદ વસ્તાચંદ, મીસીસ બાપુલાલ મૂળચંદ, મીસીસ લલુભાઇ નથુભાઇ, મીસીસ લલુભાઇ જેચંદ, મીસીસ પાનાચંદ જેચંદ, મીસીસ હરકોરબાઈ રતનચંદ વસ્તાચંદ, મીસીસ મણિલાલ લહેરચંદ, મીસીસ સૂરજમલ ઝવેરચંદ, મીસીસ મનસુખભાઈ દોલતચંદ, મીસીસ વિઠલદાસ મંગળદાસ અનુપચંદ, મીસ રતન અમરચંદ પરમાર, અને બાઇ સમરથ વિગેરે હતાં.

પ્રમુખસ્થાને રાજકુંવરબાઈ ઢઢા બીરાજ્યાં હતાં. તેમણે સાંસારિક તથા ધાર્મિક બાબતો વિષે વિવેચન કર્યું હતું અને જૈન સંસારમાં જે વહેમ ભરેલા અને હાનિકારક રીવાજો ઘુસી ગયાછે તે નાબૂદ કરવા સર્વ બહેનોને વિનંતિ કરી હતી. પછી અમદાવાદ વાળા મી. મનસુખલાલ અનુપચંદના પુત્રી બાઈ સમરથે તથા પાટણ કન્યાશાળાના હેડ-મીસીસ બાઈ મંછાબાઈએ હાનિકારક રીવાજો દૂર કરવા વિષે મન પીગળે એવાં અસરકારક ભાષણો કર્યાં હતાં.

નઠારા રીવાજો દૂર કરવા માટે સૌથી સરસ ઉપાય એ સૂચવવામાં આવ્યો કે જેણે બની શકે તેણે બાધા લેવી. આપ્રમાણે મુનિમહારાજોએ પધારી બાધા આપી હતી.

### આ પરિષદમાં થયેલ ઠરાવો નીચે પ્રમાણેઃ—

૧ જૈન બાનુઓએ ધાર્મિક, વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણી લેવી.
૨ જૈનોમાં હાનિકારક સાંસારિક રીવાજો ચાલતા હોય તે દૂર કરવા.
૩ જૈન શ્વેતાંબર કૅાન્ફરંસે આપણે માટે જે ઠરાવો કર્યાછે તે માટે તેમનો આભાર માનવામાં આવેછે.
૪ જૈન બાનુઓની આજે મળેલી આ સભાનું નામ "પહેલી જૈન મહિલા પરિષદ" રાખવામાં આવેછે.
૫ બીજી જૈન મહિલા પરિષદની બેઠક, અમદાવાદ ખાતે પાંચમી કૅાન્ફરંસ ભરાય-ત્યારે ત્યાં ભરવા ઠરાવ કરવામાં આવેછે.

૬ આ ઠરાવો કૉન્ફરન્સ ઉપર મોકલી આપી તેઓ જે પ્રયાસ કરેછે તેમાં યથાશક્તિ મદદ આપવી.

પરિષદના મુરબ્બી ( પેટ્રન ) તરીકે રાજકુંવરબાઇને નીમવામાં આવ્યાંછે. સેક્રેટરીઓ તરીકે મીસીસ ઉલ્લાસબાઇ મોહનલાલ મૂળચંદ, તથા મીસ સમરથ મનસુખલાલ મૂળચંદને નીમવામાં આવ્યાં છે. આ બે જણ ઉપરાંત બીજા બાનુ સેક્રેટરીઓના નામો ઉમેરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

જેવીરીતે કોંગ્રેસને અંગે પ્રદર્શન, ઉદ્યોગ હુન્નરનું કૉન્ફરંસ, સ્ત્રી સમાજ, વિગેરે સંસ્થાઓ જાગૃતિમાં આવીછે, તેવીજ રીતે આપણી કૉન્ફરંસને અંગે મહિલા પરિષદ ભરાય અને તેઓ પોતામાં વિચાર કરતાં શીખે એ જમાનાનું શુભ ચિન્હજ છે. એક ગાડીનાં બે ચક્રમાં એક અતિશય સારૂં હોય અને બીજું જર્જરીભુત હોય તો અતિશય સારાને પણ મુશ્કેલી પડ્યાવિના રહે નહિ. જૈનોમાં વાંચવા લખવા જેવી કેળવણી ઘણા ભાગને છે, પરંતુ સ્ત્રી કેટલી ઉપયોગી થઈ શકેછે એ તો ભણેલી સુશિક્ષિત સ્ત્રીઓના પતિ, માતા, પિતા, અને તેમના સંબંધમાં આવનાર દરેકજણ અનુભવીજ શકે. રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના મરહુમ પુત્રી બહેન લીલાવતી જેવું જીવન ગાળવાને સમર્થ થવાય તેવી સ્ત્રી કેળવણીની આપણને જરૂર છે. આપણો ઘણો ખરો વર્ગ સામાન્ય, ગરીબ છે, તેમને સ્ત્રીઓ ખર્ચ માટે, નવાં નવાં વસ્ત્રાભૂષણ માટે, મોટા વરા, ખર્ચનાં કાર્યો કરવા માટે સતાવે નહિ, એવી કેળવણીની જરૂર છે. પતિ એજ પરમેશ્વર તુલ્ય છે, એવું સમજી તેની ખરા અંતઃકરણથી સેવા કરવી એજ અમે તો સ્ત્રીનું ખરૂં સ્ત્રીત્વ સમજીએ છીએ. અગર જોકે આ પરિષદ પહેલી છે, તેથી બહુ વિવેચન થયાં નથી પરંતુ વખત જતાં આ પરિષદ જૈન સમાજને શુભ ફળ દેખાડો એવી અમારી ખરા અંતઃકરણની આશા અને ઇચ્છા છે. પરમાત્મા તે સફળ કરો !!!

---

# કૉન્ફરંસના ઠરાવોનો થતો અમલ.

જેતપુર, તારીખ ૫-૨-૧૯૦૬.

આજ રોજ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસ તરફથી શા. ત્રીભોવન જાદવજીએ અહીં આવી કૉન્ફરંસના હેતુ અને ઉદ્દેશ સંબંધે અસરકારક ભાષણ ઉપાશ્રયમાં શ્રીસંઘને ભેળા કરી આપ્યું. તે ઉપરથી નીચે પ્રમાણે વર્તવા શ્રી સંઘના ગૃહસ્થો એકમત થઇ પોતાના ઉપયોગ માટે હવે પછી વર્તવા બંધાય છે. અને તેની ખાત્રી બદલ આ નીચે સહીઓ કરી છે.

( ૧ ) હવે પછી ચોપડામાં ચામડાના પુઠા વાપરવા નહિ.
( ૨ ) પીંછાવાળી ટોપીઓ વાપરવી નહિ.
( ૩ ) કચકડાના કરડા અગર કચકડાની ચીજો વાપરવી નહિ.
( ૪ ) પરદેશી મેંદો વાપરવો નહિ.

ઉપર પ્રમાણે ઠરાવ કરી તે પ્રમાણે વર્તવા બંધાઇએ છીએ તેની ખાત્રી બદલ આ નીચે સહી કરીછે. તારીખ સદર જેતપુર ( સહીઓ. )

વળાદ, તા. ૯-૩-૧૯૦૬.

વળાદ—આ ગામમાં શ્રાવકોનાં ઘર આશરે ચાળીસ તથા જીનાલય, ઉપાશ્રય તથા પાંજરૂ પરબડી છે. બે ત્રણ વરસ ઉપરં મહારાજશ્રી સિદ્ધિવિજયજી અત્રે પધારેલા તે અવસરે વ્યાખ્યાનમાં દ્રવ્યસત્તરી વાંચી તથા ચૈત્યદ્રવ્યસંબંધી ઉપદેશ કરેલો કે જેથી સંવત ૧૯૩૫ ની સાલના જીનાલયના હિસાબથી કન્યાલગ્નનાં રૂ. ૪ાા નો લાગો બંધ પડી ગયેલો તે મહાજનનું ઐકય થવાથી ધર્માદા સંબંધી રૂ ૫૦૦ ભેગા કરી શ્રાવકોને ઋણમુક્ત કર્યા છે. એટલુંજ નહી પણ પ્રસંગે ફાગણ સુદ ૧૫ ની હુતાશનીના હોળીના ભડકાનો કેટલાક વરસથી પરંપરા ચાલેલો જે કુરીવાજ પણ આ મહાત્માના પ્રભાવથી તુરત શ્રાવક સમુદાયે મળી પ્રતિજ્ઞા પૂર્વક બંદોબસ્ત કરી અનંત જીવોનું થતું બલીદાન એકદમ રોકાણુ કર્યું છે. વાહ, સમયોચિત માહણ (મુનિ) આ જીવ ત્રાતાવિના મહત અભયદાન દેવા બીજો કોણ સમર્થ હોય! વર્તમાન ફાગણ સુદ ૧૫ દિવસના લૌકિક પર્વના ભડકાનું મહાત્મ્ય વૃદ્ધિ પામેલું છતાં જૈનોએ તેનો બીલકુલ આદર કર્યો નથી. જેથી જૈન શાસનની ઉન્નતિ થવાનો સંભવ છે. અત્રેથી કોશ ત્રણ ઉપર પરાંતીઆ ગામ છે. ત્યાં જૈનીઓનાં ઘર આશરે ૨૫ છે. ત્યાં જૈન શાળાઓમાં છોકરાઓ ૨૨, જૈનનું શિક્ષણ લે છે. તેમાં શ્રી જૈન કોન્ફરંસ તરફથી એક શિક્ષક રૂ ૪ ના પગારથી ભુલાભાઈ હરિદાસ ભણાવે છે. તેઓના આગ્રહથી ગામ વલાદ નિવાસી શા○ ખીમચંદ પીતાંબરદાસ શ્રી જૈનતત્વસંગ્રહના કર્તા તા. ૪-૩-૧૯૦૬ ના દિવસે જઈ રાત્રીએ પરીક્ષા લીધી તેમાં ઘણા નંબર પાસ થયા. બાદ તે વખતે મીઠાઈ વહેંચી. તે વખતે ગામના બીજા સદગૃહસ્થો આવેલા તથા નિશાળના સરકારી માસ્તર પણ ત્યાં આવેલા તેઓ પણ છોકરાઓની હુશીઆરી જોઇ ચકિત થયા હતા. કેળવણીમાં બે કલાક રાત્રીએ પ્રતિક્રમણનાં સૂત્રાર્થ અર્થ સાથે ચાલે છે. શબ્દશુદ્ધિ પણ સારી ચાલે છે. પ્રસંગે જીવપુજા વિધિ, દશ ત્રિક, પંચાભિગમ આદિ બોલની ધારણા પણ ચાલે છે. આ છોકરા મધ્યમ વયના છે, જેથી કરીને જ્ઞાન સારી રીતે સંપાદન કરી શકશે. આ છોકરાઓના શિક્ષક સરકારી નિશાળમાં આસીસ્ટંટ છે, અને જૈન ધર્મી છે. જાતે પાટીદાર છે. તેઓ જો બે વરસ છોકરાઓને ભણાવશે તો વિશેષ જ્ઞાન મેળવશે એ નિર્વિવાદ છે.

---

ગોધરામાં ઠરાવો—મુનિરાજ શ્રીમદ્ કર્પૂરવિજયજીના ઉપદેશથી નિચે પ્રમાણે ઠરાવો થયા છે:—

૧ મરણની ક્રિયા પાછળ દશમું, બારમું, તેરમું, તથા વર્ષી જે ફરજીઆત કરવામાં આવે છે તે બંધ કરી, મરણ પાછળ ફક્ત એકજ વરો કરવો. આ પણ ફરજીઆત નહિ.

૨ મરણ પાછળ સરાવવાનો તથા મૂછો કાઢી નાખવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

---

પાલનપુર—તપાગચ્છ અને લોંકાગચ્છ ( મૂર્તિપૂજક શ્વેતાંબરી તથા ઢુંઢીયા ભાઈઓ ) ની સંસાર સુધારણા અર્થે ભેગી મળેલી સ્ત્રી તથા પુરૂષોની ગંજાવર સભા.

આ સભામાં આશરે ૫૦૦ માણસ, તેમાં બન્ને પક્ષના તમામ આગેવાનો અને આશરે ૧૦૦ સ્ત્રીઓ હાજર હતી. સભાનું કામ સવારે નવ વાગે શરૂ થયું હતું.

ઝવેરી મોહનલાલ મગનભાઇએ હાનિકારક રીવાજો દૂર કરવા તથા તમામ જૈન ભાઈઓ અને બહેનોએ પોતાની જ્ઞાતિમાં ફરજીઆત કેળવણી દાખલ કરવા સભાને આગ્રહપૂર્વક ભલામણ કરી હતી. હાનિકારક રીવાજોનું કામ પ્રથમ શરૂ થયું.

નાયબ દીવાન સાહેબ સોભાગ ભાઈના પુત્ર ભાઈ ચંદુલાલે અસરકારક ભાષણ કર્યું હતું. પછી કોન્ફરન્સના આસિસ્ટંટ જનરલ સેક્રેટરી મી. માણેકલાલ ઘેલાભાઇએ ટુંક વિવેચન કરી ઠરાવ પસાર કરવા વિનંતિ કરી હતી. આ ઉપરથી જે દુષ્ટ રીવાજથી સ્ત્રીઓની મર્યાદા સચવાતી નથી તથા જેથી અનેક વ્યાધિ થાય છે તે દૂર કરવા એકઠી થયેલી સ્ત્રીઓની સંમતીથી નીચે પ્રમાણે ઠરાવ પસાર થયો હતો:—

મરણની પાછળ છાતી કૂટવાનો રીવાજ છે તે આજથી બંધ કરવામાં આવે છે. જેથી કોઈ પણ બાઈઓએ કૂટવું નહિ અને બહાર ગામથી કાણે આવે તેને પણ આ ઠરાવ લાગુ છે. આ ઠરાવ વિરુદ્ધ જે કોઇ વર્તે તેનો રૂ ૧ ખોડાં ઢોરમાં લેવામાં આવશે. આ દંડ પાંજરાપોળનો માણસ વસુલ કરશે.

ઠરાવ નીચે મહાજનના શેઠ ચીમનલાલ મંગળજી વિગેરેએ સહી કરી હતી. અત્યારસુધી આ દુષ્ટ ચાલને મુંબઈ, ભાવનગર, અમદાવાદ અને પાટણના ગૃહસ્થો પણ આ પાલનપુરના ગૃહસ્થોની પેઠે નિર્મૂળ કરી શક્યા નથી.

---

ગામ હનુભાના લીંબડા—સં. ૧૯૬૨ ના ફાગણ શુદ ૮ શનિવાર તા. ૩–૩–૦૫

શ્રી હનુભાના લીંબડામાં કાન્ફરન્સના હેતુઓ અને શ્રેયસ્કર મંડળના નિયમો ઉપર વકીલ ત્રીભોવન જાદવજીએ ભાષણ આપતાં નીચે પ્રમાણે ઠરાવ કર્યા.

૧ ચામડાના પુઠાં નહીં વાપરવા અને હવે પછી નવા ચોપડામાં બંધાવવા નહીં.
૨ પીંછાવાળી ટોપીઓ વાપરવી નહી.
૩ કચકડાની વીંટીઓ વાપરવી નહીં.
૪ પરદેશથી આપતો રવો મેંદો વાપરવા નહીં.

ઉપરની ચીજોમાં હીંસા થવાના કારણથી કોનફરંસમાં ભાષણ થાય છે. અને જૈનધર્મના ખાસ તત્વો જાણી આ ઠરાવમાં સહીઓ આપી છે.

---

### સંસ્થાન શ્રી જામનગરના તાલુકે લાલપરના શ્રીધર્મનાથજીના જૈન દેરાસરનું ઉપજ ખર્ચનું સરવૈયું, સંવત ૧૯૬૦ ના જેઠ માસથી તે સંવત ૧૯૬૨* ના આસો વદ ))  સુધીનું.

જ

૩૧૫૬—૦—૨ શીલક.

૩૨૯—૪—૩ ઉપજના નીચે પ્રમાણે.

૮૬—૯—૬ વ્યાજના

૨૪૨—૧૦—૯ ઘી તથા ભંડાર ખોલતાં તથા પજુશણનાં કર વિગેરે ઉપજ્યા તે.

૩૨૯—૪—૩

૩૪૮૫—૪—૫

ઉ

૫૧૨—૧૨—૧૧ શ્રી દેરાસરજી ખર્ચખાતે નીચે પ્રમાણે.

૯૦—૦—૦ અમેરીકાની તીજોરી લીધી તેના.

૧૯૬—૧૨—૬ દેરાસરજીના રંગમંડપની બહારની ચારે બાજુની અધુરી રહેલી ચુનાની ગાર કરાવી તેના કડીયા, મુલી, ચુના, પાણી વિગેરે ખર્ચના

૨૨૬—૦—૫ ગાડી તથા પટાવાલાના પગાર ખર્ચ તથા ઘી, તેલ, વરક, અતર વિગેરે પરચુરણ ખરચના.

૫૧૨—૧૨—૧૧

૨૯૭૨—૭—૬ બાકી શીલક.

૩૪૮૫—૪—૫

જ

૨૯૭૨—૭—૬ બાકી શીલક શ્રી દેરાસરજીના

૯—૯—૬ શ્રી જ્ઞાન ખાતે જમા.

૪—૭—૯ શ્રી તપાગચ્છ મૂર્તિ પૂજક માજન ખાતે જમા.

૬૪—૦—૦ ૩૨ શ્રી દેરાસરજી ખાતે તથા ૩૨ સાધારણ ખાતે જમા, તે જુદા તેનો આ સાલમાં ફડચો થાતાં ચાલતાં માગશર માસમાં ઉપજમાં લીધા છે તે.

૫—૧૨—૦॥ જુદા જુદા ધણીના ખાતા પેટે જમા છે તે.

૩૦૫૬—૪—૯॥

ઉ

૬૫—૮—૭॥ શ્રી સાધારણ ખાતે

૧૨૪૧—૦—૦ શ્રીલાલપુર જૈનશાળાના મકાન ખાતે

૧૧૦૦—૦—૦ ભાટીયા ઠા. નાગજી સુંદરજી ને ખાતે વ્યાજ પ્રત ટકા ૦। લેખે

૫૬૩—૩—૩ ભાટીયા ઠા. મોરારજી જેઠા ને ખાતે વ્યાજ પ્રત ટકા ૦॥ અરધા લેખે

૪૬—૪—૮ પરચુરણ ઉઘરાણી ખાતે

૪૦—૪—૩ શ્રી પ્રાંત શીલક તીજોરીમાં

૩૦૫૬—૪—૯॥

* હાલારમાં ચૈત્ર માસથી સંવત બદલાતો હોવાથી ગુજરાતના બીજા ભાગોમાં સંવત ૧૯૬૧ ના આસો વદ ))  ને હાલારમાં સંવત ૧૯૬૨ ના આસો વદ ))  કહે છે.

# નવીન સમાચાર.

ફંડ—ડભાસંગ વિગેરે ગામોના જઈનોના ફંડમાં બીજા રૂ. ૩૧૮ ભરાયા છે.

લાયબ્રેરી—જાવરામાં શ્રી શ્વેતાંબર અભ્યુદય રાજેન્દ્ર જૈન લાઇબ્રરી સ્થપાઈ છે' પ્રેસીડંટ તરીકે શેઠ ધનરાજજી નાહેટા મુકરર થયા છે.

જીવહિંસા—મુંબઈમાં કાગડાઓને સંખ્યાબંધ મારી નાખવામાં આવે છે, બની શકતો ઉપાય કરવાં દયાળુ બંધુઓને વિનંતિ છે.

રીપોર્ટ—ફળોધી ખાતે મળેલી પહેલી કોન્ફરન્સ તથા વડોદરા ખાતે મળેલી ત્રીજી કોન્ફરન્સનો રીપોર્ટ બન્ને પ્રસિદ્ધ થઇ ગયા છે.

મૃત્યુ—આમલનેરના મી. છગનદાસ તા. ૨૩–૨–૦૬ ના રોજ ગુજરી ગયા છે. દક્ષિણ પ્રાંતિક કોન્ફરંસમાં તેમણે સારી મદદ કરી હતી.

મૃત્યુ.—અમદાવાદના સુશ્રાવક, સ્વર્ગસ્થ આચાર્ય શ્રીમન્મહામુનિરાજ શ્રી આત્મા રામજીના પરમ શ્રદ્ધાળુ ભક્ત શા મગનલાલ દલપતરામ દેહમુક્ત થયા છે.

યતિકોન્ફરન્સ—"જૈન વિવેક પ્રકાશ" નામનુ માસિક પોશના અંકમાં જણાવે છે કે "તેમણે ( જૈનોએ ) પોતાના ખર્ચે યતિઓની એક કોનફરંસ ભરાવી આપવી."

દુકાળ—રતલામના શેઠ બુધેરજી ઝવેરચંદવાળા શેઠ ઓંકારમલે દુકાળથી પીડાતા જૈન બંધુઓ માટે સસ્તે ભાવે દાણા વેચવા દુકાન કાઢવા રૂ. ૪૧૦૦૦ ની સખાવત કરી છે.

શાંતિગૃહ—સ્મશાનમાં જનાર માણસો માટે વિશ્રાંતિના સ્થળ તરીકે એક શાંતિગૃહ શેઠ મૂળચંદ હઠીશંગ ગજરાવાળાની વિધવા બાઈ પાર્વતીએ અમદાવાદમાં બંધાવી આપ્યું છે.

પ્રાચીનતા.—નામદાર પ્રિન્સ તથા પ્રિન્સેસ ઑફ વેલ્સ, જેઓ નવેંબર ૯ થી આ દેશના જૂદા જૂદા ભાગોમાં મુસાફરી કરે છે તેઓ આપણાં પ્રાચિન તીર્થોમાંથી એકેની મુલાકાત લેવા ભાગ્યશાળી થયા નથી.

દવાખાનું—અમદાવાદ કાળુપુરમાં આવેલા શેઠ મનસુખભાઈ ભગુભાઈના દવાખાનાનો જાન્યુઆરી મહિનામાં ૧૨૩૫૩ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની હાજરી ૩૯૯ હતી

ધાંગધ્રા—બે જૈન મંદિરો છે. વહિવટ આનંદજી કલ્યાણજીના નામથી ચાલે છે. દેખરેખ માટે સંઘ તરફથી પાંચ મેંબરો છે, અને લાઇબ્રેરી હાલ ઉઘાડવામાં આવી છે. હાલ રૂ. ૧૪ નું ઉત્તેજન મળ્યું છે. વધુ મદદની જરૂર છે.

ઝાંઝીબાર—વિકાનેરના રહીશ પ્રતિષ્ઠિત યતિ શ્રીપાળચંદ્રજી ઝાંઝીબાર ગયા હતા. ત્યાંથી તે એડન પણ ગયા હતા. તેઓ સર્વ યતિઓને જણાવે છે કે ઝાંઝીબારનાં હવા પાણી સારાં નથી. ત્યાંના જૈન ભાઈઓ ધનવાન નથી. નિઃસ્વાર્થ ઉપદેશ માટે જે યતિ જશે તેને સારૂં માન મળશે, પણ જે ધન માટે જશે તે પસ્તાશે.

જાન્યુઆરીના અંકમાં અમે દિગંબર સ્કોલરશિપ દિગંબર મહાસભાના સમારંભ વખતે જાહેર થવા વિષે જણાવ્યું હતું પરંતુ તે વિષે જૈન યંગ મેન્સ એસોસીએશનના મેળાવડામાં જાહેર કરવામાં આવ્યું હતું.

**પહોંચ**—ડભાસંગ જૈનસંકટનિવારણ ફંડના સેક્રેટરી તરફથી અમને હિસાબની નકલ મળી છે. કામ બહુજ ચોકસ થાય છે, અને દરેક મદદને પાત્ર છે.

પંડિત પન્નાલાલે તા ૧૦–૦૨–૦૬ થી માળવામાં ઉપદેશક તરીકે કામ શરૂ કર્યું છે, અને જ્યોતિષરત્ન પંડિત જીયાલાલે પંજાબમાં માનાધિકારી ઉપદેશક તરીકે કામ શરૂ કર્યું છે.

**માનપત્ર**—ગોઘાના રહીશ તથા ભાવનગર શામળદાસ કોલેજમાં અભ્યાસ કરી એલએલ. બી. થયેલા મી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોનીને ભાવનગરની જૈન ધર્મપ્રસારક સભાએ માનપત્ર આપ્યું છે.

**ભાવનગર**—વીશાશ્રીમાળી ગોઘારી જ્ઞાતિમાં અત્યાર સુધી રૂ. ૫૦૦ નું ઘરેણું વરવાળા તરફથી કન્યાને આપવું પડતું હતું, તેને બદલે હાલ તે જ્ઞાતિએ એવો ઠરાવ કર્યો છે કે રૂ. ૨૦૦) નું ઘરેણું કરવું તથા રૂ. ૨૦૦ વરકન્યાના નામે મૂકવા.

**નવી પાઠશાળા**—પન્યાસજી હિતવિજયજીના ઉપદેશથી મારવાડમાં દેશુરી ગામમાં નવી જૈનપાઠશાળા સ્થાપવામાં આવી છે. તેના ખર્ચ માટે ટીપમાં રૂ૦ ૪૦૦૦) ભરાયા છે. હાલમાં ૫૧ વિદ્યાર્થીઓ દાખલ થયા છે.

**ફંડ**—ડભાસંગ વિગેરે ગામોના લાચાર જૈનો માટેનું ફંડ રૂ. ૩૧૫૬ નું થયું છે.

**શ્રાવિકા ઉદ્યોગશાળા**—પાટણમાં સ્થાપવામાં આવી છે અને તેને માટે કોન્ફરંસ તરફથી માસીક રૂ. ૪૦ ની મદદ છ માસ સુધી આપવાનો ઠરાવ થયો છે.

**પરદેશી ખાંડ**—અજમેરની વિદ્યોન્નતિ ઓશવાળ સભાએ ઠરાવ કર્યો છે કે, મોરસ ખાંડમાં સફેદી લાવવા બળદનું લોહી છાંટવામાં આવે છે, માટે દેરાસર તથા ઉપાશ્રય તથા ધર્મના કામોમાં આ ખાંડની બનાવેલી મીઠાઈ ન વાપરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

**લાભકારક ઠરાવો**—મુનિશ્રી રત્નવિજયજીના ઉપદેશથી કચ્છમાંડવીના સંઘે ઠરાવ કર્યો છે કે બળદની ગાડી લઈ તીર્થયાત્રામાં તથા બીજે જતાં હરીફાઈમાં બળદોને દોડાવવા નહિ તથા જુગાર રમવો નહિ. આ ઠરાવ ભૂજ, અંજાર, મુદ્રા વિગેરે ઠેકાણે પળાવવા બંદોબસ્ત કરવો.

**મૃત્યુ**—શેર તથા નોટના દલાલ, મૂળ માંગરોળ તથા હાલ અત્રેના વતની શેઠ જૂઠાભાઈ હરખચંદ તા. ૧૩–૨–૦૬ ના રોજ ૫૦ વર્ષની ઉમરે અત્રે ગુજરી ગયા છે. તેઓ માંગરોળ શ્રીમાળીભાઈઓનું સારૂં થવા બનતો પ્રયાસ કરતા હતા. અત્રેના શ્રી માંગરોળ શ્રીમાળી સમાજ તથા માંગરોળ શ્રીમાળી બોર્ડિંગના તેઓ પ્રમુખ હતા. તેઓએ આ બોર્ડિંગને બહુ સારી મદદ કરી હતી. તેઓ શેરબજારના ડીરેકટર હતા. બ્રિટીશ ઈન્ડિયા સ્ટીમ નેવીગેશન કંપનીના તેઓ દલાલ હતા.

**જૈનોના હાથે પશુઓપર નિર્દયતા**—કચ્છી ઓશવાળ ખેડુતો જખમી, લૂલા, લંગડા અને ગળે પડેલા ચાંદામાંથી લોહી ચૂતા બેલોને ખેતીમાં હળસાથે અથવા ગાડાંમાં જોડી બહુ નિર્દયપણું કરે છે. મેળા વિગેરેમાં પશુઓ પર બહુ નિર્દયતા ગુજરે છે. તે નહિ કરવા અથવા તેને ઉત્તેજન નહિ આપવા કચ્છી ભાઇઓને નમ્ર સૂચના છે.

**એકત્ર થવું**—પાટણ કોનફરંસ પહેલાં થોડા દિવસ ઉપર મોરબીથી ઢુંઢીઆ ભાઈઓએ આપણાપર પત્ર લખી જણાવ્યું હતું કે કાંતો પાટણ કોનફરંસ ત્રણ દિવસ પાછળ લ્યો અથવા કંઈ બીજો રસ્તો કરો, જેથી બંને પક્ષના ભાઇઓ એક ઠેકાણે મળી અરસપરસની તકરારો પતાવી દે. મુંબઈમાં મળેલા જૈન ભાઈઓએ એવો તોડ કાઢયો હતો કે પાટણ કોનફરંસ પછી અમદાવાદ મુકામે મળવાનું બની શકશે, એમ મોરબી જણાવવું. આ સંબંધમાં કાંઈ નિશ્ચય થયો નથી.

**દયામાટે ચેતવણી.**—મી. દાદાભાઈ રતનજી નામના આબકારી કોન્ટ્રાકટરે ઘણા દિવસસૂધી "મુંબઈ સમાચાર" માં જાહેર ખબર છપાવી હતી કે થાણા, દેહેણું, વલસાડ, ગણદેવી, બીલીમોરા, સોનગઢ ધર્મપુર, વાંસદા વિગેરે સ્થળોએ બળદોને લોઢાની આર ભોંકવામાં આવેછે. દયાળુ જૈનબંધુઓ, બીજા દયાળુ ભાઇઓ તથા પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળીઓનું આ બાબત ઉપર અમે લક્ષ ખેંચીએ છીએ.

**અઠાઇમહોત્સવ**—અત્રેના ઝવેરી પાનાચંદ તારાચંદ, જે સુરતના રહીશ છે, અને જેની ઉમર હજી બહુ નથી, તેમણે ચોથા વ્રતની બાધા લીધી છે, અને પંચમીના ઉજમણા તરીકે જ્ઞાનનું ઉદ્યાપન કર્યું છે. લાલબાગમાં અઠાઇમહોત્સવ થયો હતો તે શેઠે એક નવકારશી પણ કરી હતી. કુલ રૂ. ૭૦૦૦ નો ખર્ચ થયેલો ધારવામાં આવે છે. જમણવારમાં જે એઠું પડયું રહે છે, તેને માટે અમે અમારા ખરા અંતઃકરણની દિલગીરી જાહેર કરીએ છીએ. સર્વ ભાઇઓએ જાણવું જોઇએ કે આંહી પુણ્યઉપાર્જન કરવા આવીએ, તેને બદલે એઠું મૂકવાથી દોષિત થઈએ છીએ.

**ઔદ્યોગિક સ્કુલ**—કલકત્તામાં ઝવેરી લાભચંદ મોતીચંદે લીટરરી અને ટેકનીકલ સ્કૂલ કાઢી છે. ઝવેરાતનો ધંધો વ્યવહારૂ રીતે શીખવવામાં આવશે. ગણિત, ઈંગ્લીશ સંસ્કૃત, બંગાળી તથા નાગરી ભાષા પણ શીખવવામાં આવશે. સ્કૂલની આસપાસ દુકાનો બનાવવામાં આવી છે, જેના ભાડામાંથી થોડોક ખર્ચ થઈ શકશે. ગવર્નમેંટ સીકયુરિટીઝ પણ લેવામાં આવી છે. આનાથી પણ થોડો વિશેષ ખર્ચ થઈ શકશે. નિભાવફંડ માટે આ રીત ઉત્તમ છે. મેનેજીંગ કમીટી નીમાતાં સ્કૂલ ઉઘડશે. ટ્રસ્ટીઓ તરીકે ઑનરેબલ મી. ભૂપેન્દ્રનાથ બાસુ, ઑનરેબલ મી. નલિનવિહારી સરકાર સી. આઇ. ઇ., રાયબહાદુર બુદ્ધસિંહજી, કોઠારી જાલીમસિંહ, દુધેરીયા વિજયસિહજી, તે અઝીમગંજના જમીનદારો, તથા શેઠો લાભચંદ અને મોતીચંદ છે. નોકરી કરતાં ધંધો અથવા વ્યાપાર હજાર દરજ્જે ઉત્તમ છે. નોકરીમાં નસીબ વેચેલું છે. ધંધામાં વધવાનો ઘણો સંભવ છે. બની શકે તેમણે ઝવેરાતના ધંધામાં પડવું બહુજ શ્રેયસ્કર છે. શેઠ લાભચંદ મોતીચંદે આ સંસ્થા ઉઘાડીને યોગ્ય દિશામાં યોગ્ય પગલું ભર્યું છે. અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.

**અમદાવાદ શ્રાવિકા શાળા**—આ શાળા વિષે અમે અગાઉ લખી ગયા છીએ, છતાં શ્રાવિકા એ સંઘનું અગત્યનું અંગ હોવાથી તેના ઉદ્ધાર માટે જે જે પ્રયત્ન થાય તે પ્રકટ કરવા અમારી પવિત્ર ફરજ છે, તેથીજ આજે ફરી લખ્યું છે. ફેબ્રુઆરી ૧૯૦૬ માં શિખનાર સ્ત્રીઓની સંખ્યા ૧૯૪ હતી. દરરોજની સરાસરી હાજરી ૧૧૫ હતી. શિવણ શીખનાર ૬૮, ભરત શિખનાર ૧૧૯ તથા રેશમી કપડાની બાંધણી બાંધવાનું શીખનાર ૭ હતી. ૧૧૨ સધવા. ૩૦ વિધવા, ૫૨ કુમારી હતી. આ આંકડાઓ પોતેજ સ્પષ્ટ બોલે છે, તે પર સ્પષ્ટીકરણની બહુ આવશ્યકતા નથી.

**શ્રી કેશરીયાજી**—તીર્થની સારસંભાળ કરવા માટે મુનિ મહારાજશ્રી ઝવેરસાગરજીએ આઠ સભાસદોની કમીટી નીમી હતી. અને તીર્થનો સર્વ વહિવટ ઉદેપુરના નામદાર મહારાણાની દેખરેખ નીચે કરવા ઠરાવ્યો હતો. તે કમીટીના કેટલાક સભાસદો હાલ મરણ પામ્યા છે. ભંડારી દિવાનજી બલવંતસિંહજી પ્રથમ સંભાળ રાખતા હતા, પણ કાળના પ્રભાવે તેઓ ઢુંઢક શ્રદ્ધાવાળા થયા છે. ઘણા ખરા શ્રાવકો ઢુંઢીઆના ઉપાશ્રયે જાય છે, તેથી કમીટીની ખરાબ વ્યવસ્થા થઈ છે. એક નવી કમીટી નીમવાની જરૂર છે. (આ માસિકમાં ઢુંઢીઆ શબ્દ વાપર્યો છે, કારણ કે તેઓ સ્થાનકમાં રહેતા ન હોવાથી સ્થાનકવાસી શબ્દ યોગ્ય નથી. બીજો યોગ્ય તથા અર્થને બેસતો શબ્દ સૂચવવા અમારી તેમને વિનંતિ છે.)

**પશુ પ્રેમીઓની બજાર.**—લંડનમાં તા. ૨૮, ૨૯ તથા ૩૦ નવેંબરે ભરાઈ હતી. આ મંડળીનો હેતુ શોધખોળમાટે થતી પશુહિંસા અટકાવવાનોછે. આ બજારમાં ડયુકો, લોર્ડ, કાંઉટો, તથા તેમની ઉમરાવ પત્નીઓ વિગેરેની સંખ્યા ૧૨૫ થી વધારે હતી. બજાર જોવાજવાની પ્રવેશ ફી રૂ. ૧૦ હતી, બજારમાં કોઈ ઉમરાવ સ્ત્રીઓ એગાવાનો તો કોઈએ બીજા પ્રકારનો એમ ભાગ ભજવ્યા હતા. લેડી બ્લોમફીલ્ડ તથા બેરોનેટ બારનેકોએ પુષ્પો વેચવાનો વિભાગ સાચવ્યો હતો. આવા ખાનદાન કુટુંબના મનુષ્યો ખરા ઉત્સાહથી ભાગ લે ત્યારે ગરીબ માણસો ઉપર કેટલી બધી અસર થાય તેનો તો વિચારજ કરવો બસ છે. થયેલી મોટી રકમની ઉપજ જનાવરોના હકના રક્ષણમાટે લડત ચલાવનાર મંડળીઓને તેઓએ અર્પણ કરી હતી.

**દિક્ષા**—ભૂજથી મુનિ મહારાજ હંસવિજયજી લખે છે કે વાગડનિવાસી ભોજાભાઈએ માઘ શુદ ૧૪ ના દીને દીક્ષા લીધી છે. તેના પિતાએ મુનિઉપદેશથી છોકરાને મહારાજને અર્પણ કર્યો હતો. આ ભાગમાં દીક્ષા લેવાનું લુપ્તપ્રાય થઈ ગયું હતું તે ફરી સતેજ થયું છે. દીક્ષાના ફૂલેકા અને વરઘોડા માટે કચ્છ નરેશે ઘોડા, રથ, રસાલા વિગેરેની મદદ દીધી હતી. ૮ દિવસ ઢુંઢીયાભાઈઓ વરઘોડામાં આવ્યા હતા. દીક્ષાને દિવસે તે ભાઈઓએ દુકાનો બંધ કરી હતી, અને બાળકોસહિત વરઘોડામાં ભાગ લીધો હતો. મુનિ મહારાજનું નામ ભાનુવિજય રાખવામાં આવ્યું છે, અને તેમને પન્યાસજી સંપતવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા છે. ભોજાભાઈના પિતાએ ચોથાવ્રતની બાધા લીધી અને ઢુંઢક ધર્મ છોડી આપણો ધર્મ અંગીકાર કર્યો.

**ટ્રસ્ટી**—કલકત્તામાં શ્રી પાર્શ્વનાથજીના મંદિરના ટ્રસ્ટી ઝવેરી હીરાલાલજી ગુજરી જતાં તેમના વારસ ઝવેરી ચુનીલાલજીએ જાહેરખબર મારફતે સંઘને જણાવ્યું હતું કે મારા પિતાના હકદાર વારસ તરીકે મંદિરનો કબજો હવેથી મારે હસ્તક ટ્રસ્ટી તરીકે છે. આ બાબત બીજી (મુંબઈ) કોન્ફરન્સના પ્રમુખ બાબુસાહેબ રાયબહાદુર બદ્રીદાસજી તથા બીજા ૧૧ જણાએ એવો વાંધો ઉઠાવ્યો કે મરનારની મીલકતના વારસ ઝવેરી ચુનીલાલ છે, પરંતુ મરનારના વારસ તરીકે દેરાસરનો કબજો પણ તે રાખી શકે નહિ. આ હેતુ પ્રમાણે ઉક્ત ૧૧ ગૃહસ્થોએ દાવો માંડવા હાઈકોર્ટમાં પરવાનગી માગી, જે મળી. પછી ઝવેરી ચુનીલાલજીએ એવી અરજ હાઈકોર્ટમાં કરી કે એડવોકેટ જનરલની સંમતી વિના આ દાવો મંડાઈ શકાય નહિ, અને સંમતી લીધેલી નથી, તેથી દાવો કાઢી નાંખવો. હાઈકોર્ટે આ વાંધો નામંજુર કરી કેસ માંડેલો વાજબી ઠરાવ્યો છે.

**શ્રેયસ્કર મંડળની કેળવણીની યોજના**—આ મંડળને દરમાસે રૂ. ૨૫૦ મદદ મળે છે. હાલ મંડળની મુખ્ય ઓફીસ પાલીતાણા છે. મંડળ પાઠશાળા તપાસવાનું કામ કરે છે મંડળને મદદ કરવા વિષે તથા તેને અંગે બીજી બાબતો વિષે વિચાર ચલાવવા ગોડીજીના દેરાસરમાં એક સભા મળી હતી. તેમાં નીચલા ઠરાવો થયા હતા—

૧ મંડળની વડી ઓફીસ મુંબઈ રાખવી. શાખાઓ પાલીતાણા, અમદાવાદ, મહેસાણા, તથા બીજી જરૂર જણાતી જગ્યાએ રાખવી. મુરબી, પ્રમુખ, ઉપપ્રમુખ,બહાર ગામના પણ સ્વીકારવા.

૨ પાલીતાણાની શ્રી આનંદજી કલ્યાણજીની પેઢીમાં જીવદયા, ભંડાર વિગેરે ખાતાવાળી રસીદમાં મંડળનું નામ દાખલ કરવા કોશિષ કરવી.

૩ જૈનશાળાઓમાં અભ્યાસક્રમ એક સરખો રાખવો.

૪ જૈન શૈલીપ્રમાણે પુસ્તકો રચાવવાં, છપાવવાનું કામ કમીટી ઉપર રાખવું.

૫ મહેસાણા અથવા સુગમ પડતા સ્થળે જૈન ટ્રેનીંગ કોલેજ સ્થાપવી.

૬ મંડળના ફંડમાં નાણા તથા મીલકતો આવે તે માટે કાયદા કાનુનો ઘડી યોગ્ય વખતે ટ્રસ્ટડીડ તૈયાર કરવું.

૭ હાલ ફંડ ઉભું કરવું ને તેમાં ટીપથી, તીર્થોની પેઢીઓમાં નામ દાખલ કરાવવાથી વાર્ષીક અથવા માસિક અમુક મદદથી થતી કમાઈની પેદાશમાંથી, અમુક હિસાથી તથા સભાસદોએ ભરી નાણાં એકઠાં કરવાં.

**પારીસ ગમન**—હાલ હીંદુસ્થાનમાં યુનીવર્સીટીની ડીગ્રી પામેલાઓ નોકરી અથવા ધંધાની બાબતમાં, મહેનતના પ્રમાણમાં ઓછું મળતું હોવાથી, જરા અસંતુષ્ટ છે, એમ અનુભવપરથી જણાય છે. આવા વખતમાં ઇંગ્રેજીનું જરૂર જેટલું જ્ઞાન મેળવી પરદેશ ધંધા અર્થે જવું તે બહુજ ઉત્તમ છે. નીચેના દાખલાપરથી જણાશે કે ત્યાં (યુરોપમાં) ધર્મ પાળવો તદન અશક્ય છે, એ જુઠી વાત છે. ઘણા જૈનબંધુઓ વિલાયત જઇ આવ્યા છે, અને દેશકાળ જોતાં આપણો અને યુરોપનો નીકટ સંબંધ જોતાં, યુરોપ ધંધાને અંગે જોઈતા ગુણોની બાબતમાં આપણો ગુરૂ થયેલું હોવાથી, ત્યાં જવાથી

વિશેષ લાભ છે એ સ્પષ્ટ છે. પારિસમાં વાસો કરેલો મી. ગુલાબચંદ અનુપચંદના પત્ની સૌ. રૂક્ષ્મણી તથા મી. ખીમચંદ લલ્લુભાઈ બેંકર અને તેમનાં પત્ની સૌ. હીરાબાઈ એ ત્રણ જૈનો તા. ૩ જીએ પારિસ ગયા છે. ધર્મ સાચવવા અતિશય સાવચેત રહેવા અમારો તેમને દ્રઢ આગ્રહ અને નમ્ર વિનંતિ છે. કારણ કે જૈન જેવો સૂક્ષ્મ દયામય ધર્મ પૃથ્વીતલપર એકે નથી, અને શ્રાવક ખોળીયું વારંવાર મળવાનું પણ નથી.

આપણે અને ઢુંઢીયા ભાઈઓ—પંજાબમાં આવેલ નભાના મહારાજા સમક્ષ પંડિતોની લવાદી નીચે ઢુંઢક સાધુઓ અને આપણા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી વચ્ચે કેટલાક સવાલોના સંબંધમાં શાસ્ત્રાર્થ થયો હતો, તેનો ફેંસલો હાલ થયો છે. ફેંસલા નીચે પંડિત ભૈરવદત્ત, શ્રીધર રાજ્ય પંડિત, પંડિત દુર્ગાદત્ત, પંડિત વાસુદેવ અને વનમાળીદાસ જ્યોતિષી એ પાંચ પંડિતોની સહી છે. ફેંસલો નીચેની મતલબનો છેઃ—શાસ્ત્રાર્થ વખતે તથા તે પછી દોઢ વર્ષ સૂધી ચલાવેલા વિચારપરથી એ વાત સિદ્ધ થતી નથી કે જૈનમતના સાધુઓને વાર્તાલાપ સિવાય બધો વખત મોંપર મુહપતિ બાંધી રાખવાની જરૂર હોય. વાર્તાલાપ વખતેજ રાખવાની જરૂર છે. શિવપુરાણ જોવાથી પણ અમારી ખાત્રી થઈ છે કે હુમેશાં મોંપર મુહપતિ બાંધી રાખવાની જરૂર નથી. ગઈ સાલના જેઠ માસમાં ઢુંઢીઆઓ શાસ્ત્રાર્થ છોડી ગયા હતા અને પછી પાછા આવ્યાજ નથી.

## આ પત્રના ગ્રાહકોને તથા મુનિમહારાજોને વિનંતિ.

આ પત્રના કેટલાક ગ્રાહકોને (જે માસિક બરોબર પહોંચતા નથી એમ લખે છે, તથા "પાછા આવેલા" માસિક ઉપર લખાઇ આવે છે તેમને) વિનંતિ કરવામાં આવેછે, કે તેઓ પોતાના ગામ, ઠામ તથા પોષ્ટ વિગેરે બરોબર રીતે અમને નીચેના સરનામે લખી જણાવશે, તો તે બદલ તપાસ કરીને બરોબર સરનામે મોકલવામાં આવશે.

મુનિ મહારાજાઓને નમ્રતાપૂર્વક વિનંતિ કરવામાં આવે છે, કે તેઓ સાહેબ પોતાના વિહાર દરમ્યાન પોતાનો મુકામ દરેક મહિનાની પહેલી તારીખથી તે પંદરમી તારીખ સુધીમાં કયા ગામ રાખવા વિચાર છે, તે અમને નીચેના સરનામે લખી જણાવવા કૃપા કરશો, કે જેથી અમને આપની ઉપર હેરૈલ્ડ મોકલવાનું સુલભ પડે.

લી૦ સેવક

**આસીસ્ટંટ સેક્રેટરી.**

શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસ, કોલસા મોહોલા—મુંબઈ.

Registered No. B. 525.

वीर सम्वत् २४३२. ॐ विक्रम सम्वत् १९६२

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हैरल्ड.

Vol. 2, No. 4. पुस्तक २, नम्बर ४.

April 1906. अप्रील सन १९०६.

Conducted by,
GULABCHAND DHADDA M. A.
JAIPUR.

Published by,
THE JAIN S. CONFERENCE OFFICE.
BOMBAY.

संपादक—गुलाबचंद ढढ्ढा एम ए.

प्रगट कर्ता
श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, मुंबई.

Annual Subscription with postage Re. 1

वार्षिक मूल्य डाकका [illegible] रू. १.

## विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| આપણી ઉન્નતિ કેમ થાય ? ... ... | ९७ | श्री जैनागम पाठशाला—जयपूर. .... | ११९ |
| કોન્ફરન્સ. ... ... ... ... | १०२ | हर्षके समाचार. .... .... .... | १२० |
| કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ. | १०३ | સ્વદેશી શાકર ... ... ... | १२६ |
| જૈન સિદ્ધાંતોના લિસ્ટનું અવલોકન. ... | १०४ | ખેદકારક મૃત્યુ. ... ... ... | १२७ |
| मुनिराज श्री हंस विजयजीका कच्छ दे. प्र. | ११२ | નવીન સમાચાર ... ... ... | १२८ |
| उपदेशक शास्त्री पन्नालालजीका प्रवास. | ११३ | ઉપદેશકમી. ટોકરશીનો પ્રવાસ. ટાઈટલપેજ | ३ |
| ढुंढीयोंके कथनसे मूर्तिपूजा सिद्ध होती है. | ११५ | | |


# જાહેર ખબર.

ન્યાય વિશારદ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય શ્રીએ કરેલા અલૌકિક ગ્રંથોમાં નીચે લખેલા ૧૦ ગ્રંથોમાં એક અગર ઘણા ગ્રંથો જે કોઈ અમને વેચાણ આપવા ખુશી હશે તો તે હજાર શ્લોકના રૂ. ૧૫ ના ભાવે લેવામાં આવશે જ્યારે સાધારણ પુસ્તકની કીંમત વધારેમાં વધારે હજાર શ્લોકની રૂ. ૫ હોય છે જો કોઈ મુનિરાજ આદિ પાસે તે હોય અને તેઓ જેવી રીતે ઉતરાવવા આપશે તેવી રીતે ઉતરાવી લઈ તેઓનો ઉપકાર માનીશું. હાલ મળી આવતા ૨૪ ગ્રંથો શિવાયના અને નહિં મળતા ૧૦ ગ્રંથો લખ્યા છે તે શિવાયના બીજા ગ્રંથો કે તેનાં નામ કોઈ સૂચવશે તો તેની નોંધ આભાર સાથે લેઈશું.

| જાણવામાં આવેલા નહીં મળતા ૧૦. | હાલ મળી આવતા ગ્રંથો ૨૪. | |
|---|---|---|
| ૧ છંદ ચૂડામણિની ટીકા | ૧ ગુરુતત્વ | ૧૩ ન્યાયાલોક |
| ૨ મંગળવાદ | ૨ પ્રતિમા શતક | ૧૪ શાસ્ત્રવાર્તા ટીકા. |
| ૩ વિધિવાદ | ૩ અધ્યાત્મ મતપરીક્ષા | ૧૫ અધ્યાત્મ મતદલન. |
| ૪ સ્યાદ્વાદ રહસ્ય | ૪ ખંડન ખાદ્ય | ૧૬ મુક્તાશુક્ત. |
| ૫ લતાદ્વય | ૫ ભાષા રહસ્ય | ૧૭ જ્ઞાનસાર. |
| ૬ જ્ઞાનાર્ણવ | ૬ ઉપદેશ રહસ્ય | ૧૮ જૈનતર્કપરિભાષા. |
| ૭ માર્ગશુદ્ધિ પૂર્વાર્ધ | ૭ બત્રીસ બત્રીશી | ૧૯ દેવધર્મ પરીક્ષા. |
| ૮ સિદ્ધાંત તર્કપરિષ્કાર | ૮ ધર્મપરિક્ષા | ૨૦ નય રહસ્ય. |
| ૯ પાતંજલ કૈવલ્યપાદવૃત્તિ | ૯ નયોપદેશ | ૨૧ કર્મપ્રકૃતિ ટીકા. |
| ૧૦ ત્રિસુત્ર્યા લોક | ૧૦ સામાચારી | ૨૨ ષોડશ ટીકા. |
| | ૧૧ વૈરાગ્ય કલ્પલતા. | ૨૩ ધર્મપરીક્ષા. |
| | ૧૨ જ્ઞાનબિંદુ | ૨૪ માર્ગશુદ્ધિ ઉત્તરાર્ધ. |

ઉતરાવવાની ઇચ્છાવાળાએ લખવું કે જેથી તેવી સગવડ કરી આપવામાં આવશે.

લાલભાઈ દલપતભાઈ,

સેક્રેટરી, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

**અર્થઃ**—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે. વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી. જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.


# The Jain (Swetamber) Conference Herald.

Vol. II.] *April* 1906. [No. IV.


## આપણી ઉન્નતિ કેમ થાય?

[illegible]

હાલના સુધરેલા જમાનામાં, દરેક કોમ પોતપોતાની કોમની ઉન્નતિ કેમ થાય તેને માટે મથન કરેછે; ત્યારે આપણી જૈન કોમ દીવસે દીવસે કેમ પછાત પડતી ગઈ તેનો વિચાર કરવાની ખાસ આવશ્યકતા છે.

પ્રિય વાચકવૃંદ! પારસી, બંગાળીઓ, અને ચરોતરના ખેતી કરનારા પાટીદારો વિગેરે જમાનાને અનુસરતી કેળવણી લઈ, કોઇ મોટા ઇજનેરો, કોઈ બેરીસ્ટરો, કોઇ જજો, કોઇ ડાકટરો અને કોઈ સ્કુલ માસ્તરોની જગાઓ મેળવવાને ભાગ્યશાળી થયાછે. અને હજુ પણ થાય છે. તે અરસામાં આપણી જૈન કોમ કેમ આગળ વધી નહીં, તેનો આપણે જરા શાન્ત મનથી વિચાર કરીએ. ભાઇઓ, આપણા જૈન બંધુઓ રાજકીય પ્રકરણમાં બીલકુલ ધ્યાન આપતા નથી, તેમજ ધંધાઓ કસવાળાછે તેને હુલકાગણી બીલકુલ ગ્રાહ્ય કરતા નથી—ગ્રાહ્ય કરતા નથી એટલુંજ નહીં પણ તેના સામું જોવાની દરકાર પણ કરતા નથી. જે ઉદ્યોગો આગળ જૈન ભાઈઓની મદદથી ચાલતા હતા, તેમાં જમાનાને અનુસરતો ફેરફાર કરી સુધારો વધારો કરવાની કાળજી ન રાખવાથી, તે

ઉદ્યોગો હાથમાંથી ગયા. તેમજ પોતાના સ્વધર્મી બંધુઓને ધંધામાં એક બીજાને પરસ્પર મદદ કરતા નથી તો પછી જૈન કોમની ઉન્નતિ કયાંથી થાય ?

આગળના જમાનામાં, વાણીયા દીવાન વગર રાજા રાવણનું રાજ્ય ગયું, એ કહેવત ઉપરથી સ્પષ્ટ જણાય છે કે આપણા બંધુઓ રાજકીય બાબતમાં પ્રવીણ હોઈ દીવાન સુધીના હોદ્દા મેળવવા ભાગ્યશાલી થયા હતા.

વસ્તુપાળ, તેજપાળ વીગેરે શ્રાવકોએ દીવાનગીરીનો ઉચ્ચો હોદ્દો મેળવી રાજ્યની સારી સેવા બજાવી હતી; તેમજ પુષ્કળ દ્રવ્ય ખરચી જૈન દેવાલયો બંધાવ્યા હતા.

બંધુઓ એટલે બધે લાંબે જવાની જરૂર નથી. હાલના ચાલતા જમાનામાં પણ પાલણપુર વીગેરે રજવાડામાં રાજ્યનો કારભાર જૈનોનાજ હાથમાં હતો અને ઘણું કરીને હજુ પણ છે.

આપણા જૈન બંધુઓ, હાલમાં છોકરાઓને સાધારણ લેખાં અને તાજુડી લઈ તોલતાં આવડયું એટલે ભણી ઉતર્યા એમ માનવા લાગ્યા, ત્યારથી જૈનકોમ પછાત પડવા લાગી.

હાલમાં નફાકારક ધંધાઓ, મુસલમાન, ખોજા અને પારશી વીગેરેમાં છે ત્યારે જૈનોના હાથમાં ગુલામગીરી ( નોકરી ) કરવાનુંછે. આપણો ઘણો ભાગ નોકરીયાત વર્ગમાંછે. વેપારી વર્ગમાં જુજ ભાગ કાપડ, સરાફી, કરીઆણું તથા જવેરાતનો ધંધો કરે છે. તેમાં સરાફો ઘણે ભાગે સટ્ટાનો ધંધો કરે છે. ફકત અમદાવાદના જૈન બંધુઓ, મીલો વીગેરેના ઉદ્યોગમાં આગળ વધેલા છે.

આપણામાં કેળવાયલા અને હુન્નર ઉદ્યોગમાં આગળ વધેલાને જોઇએ તેવી મદદ આપનાર મળતા નથી. તો પછી નવા તૈયાર કર[illegible]આશા કયાંથી રાખવી.

અન્ય કોમો સંપથી આગળ વધેછે, તેમન[illegible] એક વેપારી બીજા દશ જણને મદદ કરી વેપારી બનાવેછે ત્યારે આપણામાં બીજાઓને પાછા હઠાવવા પ્રયત્ન થાયછે. આનું કારણ કેળવણીની ખામી સીવાય બીજું નજરે આવતું નથી.

આપણી જૈન કોમને ઉંચે દરજ્જે લાવવા આપણા આગેવાન ગૃહસ્થોએ મહેનત લેવાની જરૂર છે.

આપણામાં હુન્નર ઉદ્યોગના એક મોટા પાયાપર ઈન્સટીટયુટની જરૂરછે. જેમાં બધી તરેહની ધર્મનીસાથે ઉદ્યોગિક કેળવણી મળી શકે.

આપણા જૈન ગ્રેજયુએટો અને બીજા કેળવાયલાઓને, નોકરીથી મુક્ત કરી તેમને કોઈપણ પ્રકારના સ્વતંત્ર ઉદ્યોગમાં કામે લગાડવા જોઇએ. જેમ દરેક કોમમાંથી પરદેશની હુન્નરકલા અતરે લાવવા, વીદ્યાર્થીઓને અભ્યાસ કરવા મોકલવામાં આવેછે તેમ આપણામાં પણ થવાની જરૂર છે.

જે ઉદ્યોગો હાલ મોજુદછે તેની કેળવણી આપણા જૈનોને આપી તેની દુકાનો દેશપરદેશ કાઢવાથી આપણે થોડા વખતમાં આગળ વધીશું. ડાકતરો, ઈજનેરો,

સોલીસીટરો, બેરીસ્ટરો, જડજો અને ધારાસભાના સભાસદો ભાગ્યેજ જૈન કોમમાંથી એકાદ મળી આવે છે.

પાટણ ખંભાત વીગેરે જગાએ, ઘણા કારીગરો ઉત્તેજન વિના પોતાની શક્તિ ખીલવી શકતા નથી. તેવા કારીગરોની કારીગીરીનો લાભ જૈન કોમે પૈસાની મદદ કરી શા માટે ન લેવો જોઇએ.

બંધુઓ હુવે જૈન કોમની ઉન્નતિ થોડા વખતમાં કેમ થાય અને ઉપરની હાજતો કેમ પુરી પડે તેવીશે લખવાની રજા લઉં છું. આપણી મહાન કોન્ફરન્સ જે જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિ માટે સતત પ્રયાસ કરે છે તેણે કેવી રીતે કામ લેવું જોઈએ તેનો વીચાર કરવાની આવશ્યકતા છે.

કેટલાક બંધુઓ કહે છે કે અમુક કામ કોન્ફરન્સ કરશે. આપણે કરવાની જરૂર નથી. આપ્રમાણે કોન્ફરન્સને પોતાથી એક ઈલાયદુ મંડળ અજ્ઞાનતાથી સમજે છે. અને જ્યાં સુધી એ અજ્ઞાનતા દુર થઈ કોન્ફરન્સનો અર્થ પુરેપુરો સમજાય નહી ત્યાં સુધી જૈનોની ઉન્નતિ ત્વરાથી થાય નહીં તે ચોકસ ધ્યાનમાં રાખવું જોઈએ.

કોન્ફરન્સ એ પણ સંઘનુંજ નામ છે. ગુજરાતીમાં આપણે સમુદાયને સંઘ કહીએ છીએ તેને ઇંગ્રેજીમાં કોન્ફરન્સ કહે છે.

કોન્ફરન્સ એટલે જુદા જુદા સંઘો તરફથી ચુંટાઈ આવેલા પ્રતિનીધિઓનુ એક મહા મંડળ છે. તેમાં દરેક માણસનો સમાવેશ થઈ જાય છે. તો પછી અમુક કામ કોન્ફરન્સ કરશે, એમ શામાટે કહેવું જોઈએ.

હું કોન્ફરન્સ છું અને કોન્ફરન્સમારીજ બનેલી છે માટે મારે તો સૌના પહેલાં તેની ઉન્નતિના કામમાં મદદ કરવી જોઈએ. પૈસાદારોએ ધનથી, વિદ્વાનોએ વિદ્યાથી તેમજ પૈસા અને વિદ્યાના સાધન રહિત હોય તેમણે અંગબળથી મદદ કરવી જોઇએ. જેમનામાં ત્રણે પ્રકારની શક્તિ હોય તેમણે ત્રણે પ્રકારની મદદ કરવી જોઇએ. એમ યથાશક્તિ મદદ કરવામાં આવે તો જૈન કોમની ઉન્નતિ કેમ જલદી ન થાય ?

માટે કોનફરન્સનો અર્થ સમજાવવા, મોટા શહેરોથી માંડીને નાનામાં નાના ગામડામાં ઉપદેશકો મોકલવાની જરૂર છે. જ્યાંસુધી એવા ઉપદેશકો મળે નહી ત્યાં સુધી ધારેલું કાર્ય પુરૂં પડે નહી. માટે પ્રથમ ઉપદેશકવર્ગ તૈયાર કરવાની જરૂર છે. આપણા મહાન મુનિરાજો પ્રયાસ કરે છે. પણ તેઓ સંસારથી વિરકત હોવાથી, કેટલીક બાબતો આરંભ સમારંભની હોવાથી તે ઉપર તેમનાથી ઉપદેશ થઇ શકે નહી. માટે જૈનોમાંથી ઉપદેશકવર્ગ તૈયાર કરવાની જરૂર છે.

જેમ મુંબઈમાં પંડિત લાલન જૈન વકતૃત્વ કળા પ્રસારક સભામાં ઉપદેશકો તૈયાર કરવાની કોશીશ કરે છે, તેવી રીતે દરેક કેળવાયેલા અને જૈન કોમ અને જૈન ધર્મની ઉન્નતિમાં પોતાનું હિત સમાયલુ છે તેવું માનનારા અને તેપ્રમાણે વર્તન કરનારા જૈનોએ, પોતે જે સ્થળમાં રહેતા હોય તે સ્થળના જૈન બંધુઓને, એક નાની

સભા સ્થાપી તેમાં તેમની દરેક પ્રકારની શક્તિ ખીલે તેવાં ભાષણો દઈ તે ઉપર દરેકને ફરજીયાત બોલાવવાનું રાખવાથી, આગળ ઉપર ઘણા ઉપદેશકો તૈયાર થઈ શકશે. આવી સભાના સુકાનીઓ કેળવાયલા અને જૈન ધર્મના જ્ઞાનવાળા, તેમજ લાગવગવાળા ગૃહસ્થો હોવા જોઇએ. પરંતુ નાના ગામડામાં તેવા ન મળે તો, કેળવાયલા, સદ્વર્તન વાળા ગૃહસ્થની આગેવાની નીચે તેવી સભાઓ સ્થાપી કામ ચલાવવું.

આવી સભાના અંગે, એક લાઈબ્રેરીની ખાસ જરૂર છે. તેની અંદર જૈનકોમ અને જૈન ધર્મને લગતા સમાચાર મળી શકે તેવાં ન્યુસપેપરો તથા વ્યવહારિક જ્ઞાન માટે ન્યૂસ પેપરો મંગાવવા ઉપરાંત સભાસદોની વકતૃત્વશક્તિ વધે અને જૈન ધર્મનું પ્રથમ સામાન્ય અને પછીથી વિશેષ જ્ઞાન મળે તેવાં પુસ્તકો રાખવાની જોગવાઈ થવી જોઇએ.

સદરહુ સભાઓ, સારા પાયાઉપર કેમ આવે અને ધારેલી નેમ કેમ પાર પડે તે બદલ તેના સુકાનીઓએ, જૈનના સુપ્રસિદ્ધ વિદ્વાનો અને વક્તાઓ સાથે પત્રવ્યવહાર ચલાવી તેમની સુચનાપ્રમાણે કામ લેવાથી જલદીથી જૈન કોમમાં, ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાનવાળા વક્તાઓ તૈયાર થઇ, કોન્ફરન્સના સ્ટેજ ઉપર ચઢી પોતાના સુવિચારો છુટથી દર્શાવી શકશે.

ભાઈ લાલન, મુંબાઈમાં જેમ વકતૃત્વકળા પ્રસારક સભાના આગેવાન થઈ, જૈન કોમની ભવિષ્યમાં વકતાની ખોટ પુરી પાડવા મહેનત કરે છે, તેમ જૈનના દરેક વક્તાએ પોતાના રહેવાના સ્થળ અગર ગામમાં, આગેવાન ભાગ લઇ તેવી રીતે મહેનત કરવાની જરૂર છે. અને હમેશાં યાદ રાખવું જોઇએ કે મહેનત કોઈ દીવસ અફળ જતી નથી.

મુંબઈની વકતૃત્વકલા પ્રસારક સભામાંથી, કેટલાક સભાસદો કોન્ફરંસના સ્ટેજ ઉપર પોતાના વિચારો છુટથી દર્શાવવા ભાગ્યશાળી થયા હતા. તેમજ જુદા જુદા સ્થળના મળી લગભગ વીશેક નવીન વક્તાઓનો કોન્ફરંસમાં વધારો થયોછે.

આ નવીન થયેલા વક્તાઓમાં કેટલાક બી. એ. અને એલ. એલ.બી. ની ડીગ્રી ધરાવનારાછે. તે સઘળાઓને, જૈન કોમમાં ઉપદેશકો વધારવાનો પ્રયાસ કરવાની અમારી નમ્ર સૂચના છે.

આપ્રમાણે જૈન કોમના નવીન ઉપદેશકોએ, આપણી કોમમાંથી, હાનિકારક રીવાજો દુર થાય, ધાર્મિક જ્ઞાનસાથે ઉંચી વ્યવહારિક તથા ઉદ્યોગિક કેળવણીનો ફેલાવો થાય, તેમજ કોન્ફરંસમાં આપણા અત્યાર સુધીમાં થયેલા ઠરાવો દરેક સ્થળે અમલમાં આવે, તેવાં રસીક અને છટાદાર ભાષણો પોતે જે સ્થળમાં હોય તે સ્થળમાં આપવાં. તેમજ સંઘના આગેવાનોમાં લાગવગ પહોંચાડી, ( જોગવાઈ હોયતો ) મુનિરાજોની સહાયતાથી કોન્ફરંસના ઠરાવો અમલમાં મુકાવવા.

આપ્રમાણે આપણે બધા એકઠા મળી જ્યાંસુધી કામ કરીશું નહીં, ત્યાંસુધી આપણી ઉન્નતિ ત્વરાથી થશે નહીં. માટે મારા જૈનબંધુઓએ હવે કુંભકરણની ઘોર નિદ્રામાંથી જાગી, નીસરણીથી નહીં, પણ લીફ્ટ અને એલીવેટરથી ચઢવાનો પ્રયાસ કરવો.

અમારા જૈન ધનાઢયોને આવી સભામાં જોડાઈ, તેને પુરતાં સાધનો પુરાં પાડવાની ભલામણુ કરીએછીએ. જ્યાંસુધી પૈસાદાર વર્ગ પૈસાનો ખરો ઉપયોગ કેમ કરવો તે સમજે નહીં, ત્યાંસુધી કોમની ધાર્મિક તથા વ્યવહારિક ઉન્નતિ જલદી થાય નહીં. માટે પૈસાદારો અને તેમના બાળકોને આવી સભામાં જોડાવાની હું વારંવાર પ્રાર્થના કરૂંછું.

આ પ્રસંગે આપણી કોન્ફરંસને કંઈક સુચના કરવી લાભદાયી જણાયછે માટે તત્સંબંધી મારા વિચારો જણાવુંછું. તે જો યોગ્ય લાગે તો આપણા કોન્ફરંસના સુકાનીઓ અમલમાં લાવી લેખકને આભારી કરશે.

કોન્ફરન્સના હેતુઓ અને થયેલા ઠરાવો સભ્યતાથી જાહેરમાં ભાષણો આપી સારી રીતે સમજાવી અમલમાં લાવવા પ્રયાસ કરવા બંધાતા હોય તેવા વકતાઓને કોન્ફરન્સના ઓનરરી અગર જનરલ વકતા તરીકેના છાપેલાં સર્ટીફીકેટ આપવાં, અને દરેક ગામ તેમજ શહેરનાં સંઘોને પેપર દ્વારા જાહેર જખર આપવીકે ઉપરના સર્ટીફીકેટવાળા વકતાઓને વગર વિલંબે ભાષણુ આપવાની જોગવાઈ કરી આપવી.

આ સર્ટીફીકેટની યોજના હમેશાં ચાલુ રાખવી અને દર વરસે જેમ જેમ સારા સારા વકતાઓ બહાર પડતા જાય તેમ તેમ તેમની લાયકાત અને સદ્વર્તન જોઇને ઉપરના સર્ટીફીકેટ પુરાં પાડવાં.

આ સર્ટીફીકેટો, કોન્ફરન્સની મહા સભામાં, જેઓ ભાષણુ આપી શકતા હોય તેવા વકતાઓને આપવા. જેથી નવીન વકતાઓની પરીક્ષા કોન્ફરન્સનાં મંડપમાંજ થઈ જશે. એટલે કોન્ફરન્સના આગેવાનોને તેમના સદ્વર્તનની પરીક્ષા કરવાની વધારે જરૂર પડશે નહી. અને દરસાલ નવીન વકતાઓ કોન્ફરન્સમાં પરીક્ષા આપી, ફતેહમંદ ઉતરવા સારૂ ભાગ લેશે.

જેમ પાટણની કોન્ફરન્સમાં અઢાર વીશ નવા વકતાઓ, ફતેહમંદ ઉતર્યા તેમ આ યોજના ચાલુ થવાથી વધુને વધુ વકતાઓ બહાર પડી કોનફરંસની ઉન્નતિના કાર્યમાં તન મન અને ધનથી મદદ કરશે.

સદરહુ વકતાઓએ, પોતાના રહેવાના સ્થળમાં, યાત્રાએ જતાં મોટા શહેરો તથા ગામડામાં બની શકે તો ઉતરીને, તેમજ વેપાર રોજગારે જે જે સ્થળોમાં જવું પડે તે તે સ્થળોમાં જરૂર કોનફરન્સના ઠરાવો ભાષણુ આપી અમલમાં લાવવા પ્રયાસ કરવો.

ઉપરપ્રમાણે એકત્ર થઇ, પોતપોતાની ફરજ સમજી, ઉદ્યમ કરવાથીજ કોનફરન્સની ઉન્નતિ થશે. પણ વાતો કરવાથી થવાની નથી. તે ધ્યાનમાં રાખી દરેક જૈન બંધુએ કોન્ફરન્સની ઉન્નતિમાં પોતાની અને પોતામાં કોન્ફરન્સની ઉન્નતિ સમજી સતત પ્રયાસ કરવો.

લા. સંઘનો સેવક,
**લહેરૂચંદ ચુનીલાલ.**
સભાસદ
જૈન વકતૃત્વકળાપ્રસારક સભા.

# કૉન્ફરન્સ.

રાગ સગધરા છંદ.

પેહરીને પચરંગી, ચિર નવ નવલાં, કોણ આ આવતું છે?
સોળે શૃંગાર અંગે, ઠમ ઠમ કરતું, કોણ લોભાવતું છે;
એ છે કૉન્ફરન્સ દેવી, હળી મળી સહુને, આવવાનું કહે છે,
ચાલો ચાલો મનુજો, ફરી ફરી મળવો, જોગ આવો નહિ છે. ૧
માતા છે મહેરકારી, સહુ શિશુ જનની, સાર સંભાળ લે છે,
પાઈજ પીયૂષધારા, નિજ તન મનથી, શ્રેય હૈયે ધરે છે;
દાબીને છાતી સાથે, પ્રણય પરિવ્રશાત ભામિની ભાળ પૂછે,
રે, રે, બચ્ચા થયો કાં, કલુષિત મનમાં, કેમ હેરાન દીસે. ૨
રોતાં રોતાં વદે છે, શિશુ થઇ ગળગળો, માત છે દુ:ખ મોટું,
કેતાં કંપારી છૂટે કહી નહિ શકતો, જાણીલે માત ઓ તું;
માતા વસ્ત્રો ઉતારી, નિજ શિશુ તનથી, ઘાવ સામું જુએ છે,
ઓ, ઓ બચ્ચા તનેઆ, મુજ જીવિત છતાં કોણ સંતાપ દે છે. ૩
બોલી જા બાળ વ્હાલા, નહિ અબ તુજને, કોદી રેઢોજ મૂકું,
કો છે દુશ્મન તારા ઝટ ઝટ કહીદે, શાપથી બાળી મૂકું;
બોલ્યો હિંમત ધારી, પ્રિય મુજ જનની, સુણીલે વાત મારી,
મારી કેડે પડયા છે, બહુજ દિવસથી, રાક્ષસો ત્રણ્ય ભારી. ૪
તેનાં નામોજ દેતાં જીભ નહિ ઉપડે, મારી આંખે ચડે છે,
પેહલો **કુસંપ** બીજો બહુ ભય કરતો, **બાળલગ્નો** ઉભો છે;
**કન્યાવિક્રય** ત્રીજો, મુજ ઘર સઘળે, દોડી દોડી ફરે છે,
મોટા ડોળા વિકાસી, નિત્ય બહુ બહુલો, સોટીનો માર દે છે. ૫
માતા હું કેમ જાઉં, જમદુત સરિખા, ભાસતા તેહુ પાસે,
ખાવા પીવા ન દે તે, નહિ ઘડિભર, મા જંપીને બેસવા દે;
લોહીને ચૂસી જાએ, તન મન ધનને, લૂંટીલે નિત્ય નિત્યે,
ભૂંડા એ રાક્ષસોનાં કઠિન કરમને, કોણ સાંખી શકે છે? ૬
માતા દેતી દિલાસો, પણ શિશુ રડતે, જાય છે છાતી ફાટે,
હું રહેલી સ્વર્ગમાંહી, ખબર ન મુજને તારી આ દુર્દશા છે;
બેટા છાનો તું રૈને, તુજ દુખ નિરખી, ચક્ષુ મારાં વહે છે.
ધર્તી નહિ માર્ગ દેતી, નહિતર હમણાં, પેસું લજ્જા દમે છે. ૭
માતા ઉત્સંગ લૈને, નિજ શિશુપ્રિયને ચૂંબતી સ્નેહ સાથે,
ઝૂલાવીને ઝુલાવી, સુમધુર સ્વરથી, વાણી વેગે વદી છે;

રે બેટા, માશી તારી, સુનીતિ ગનિષ્ઠા શિલ્પવિદ્યાદિ દેવી
બીજે દેશે વસી છે, નિજ ઘર તજીને, તેહને લાવું તેડી. ૮
વિદ્યા દેવીજ સૌથી પ્રિય મુજ ભગિની સદ્‌ગુણોને વરેલી,
શક્તિની મૂર્તિ સાક્ષાત્, અદ્વિતીય અજીતા, અસ્ત્રશસ્ત્રે સજેલી;
મૂઆ એ રાક્ષસોનાં, કુળક્ષય કરવા, ઘૂમતી ભૂમિ માંહે,
સર્વે ઈંદ્રાદિ દેવો, પણ પગ પડતા, દૈત્યના ભાર શા છે. ૯
હે બેટા, સજ્જ થાને, સ્થળ સ્થળ ઉપરે જ્ઞાન શાળા બનાવે,
બોલાવી બંધુ તારા, તન મન ધનની, સંહાય દૈને ભણાવે;
વિદ્યા દેવીજ પોતે કરૂણ નજરથી, સત્ય રસ્તા બતાવે,
તો કે, છે રાજ ચંદ્ર;, દુખ દળદર સૌ નકકી દૂરે પળાવે. ૧૦

રાયચંદ કસળચંદ—બનારસ.

---

# કૉન્ફરંસના ઠરાવોનો થતો અમલ.

ધોરાજી—આજરોજ એટલે સં. ૧૯૬૨ ના ફાગણ શુદ ૧૫ ને વાર શનિવાર તારીખ ૧૦-૩-૧૯૦૬ ના રોજે વળાવાળા દેરાસરી શ્રાવક મી. ત્રીભોવન જાદવજી કે જે દેરાસરી જૈન કૉન્ફરંસ ભરાયેલ તેમાં ધર્મ સંબંધી તત્વોનો થયેલ પ્રચાર આપણા હિંદુભાઈન ધ્યાન ઉપર આણવા ધર્મ દલાલ તરીકે આંહી આવેલ, તેણે આંહી આવી આપણા હિંદુભાઇઓને ભેગા કરવાની ખાએસ બતાવવાથી ધોરાજીમાં દશા શ્રીમાળી જ્ઞાતિની ધર્મશાળામાં હિંદુભાઇઓને એ હેતુ જાહેર કરવાથી માણસોની ગરદી ઠસાઠસ ભરાઇ રહી હતી તેમાં

૧ મીલમાં જે પડસુદી રવો મેંદો અને ભુસો પીલાઇ આવેછે તેમાં જીવાદની કેટલીક હાનિ થાયછે. કેટલીક ઉત્પતિ થાયછે ને તેમાંજ તેનો નાશ થાયછે અને વળી તેનો આપણે વપરાશ કરીયે છીએ તે વખતે તેમાંના અસંખ્ય જીવો ની આપણે કેટલી હાનિ ને હિંસા કરી આપણે ખાઈએછીએ તે આપણે કપાળે ચોટે છે.

૨ પીછડાવાળી ટોપીઓનો આપણે વપરાશ કરીયેછીએ અને તેમાં આંખને કંઈ શોભા દેખાવીએછીએ તે પીછડાંઓ જીવતા પંખીઓને જાળમાં લઈ જીવતાં તેનાં પીછડાં કમકમાટ અને ત્રાસ ઉપજે તેવી સ્થિતિમાં ખેચી કાઢવામાં આવેછે તેનો આપણે વપરાશ કરીયેછીએ તેથી તેવા કામ માટે આપણે ઉતેજન દઈએ છીએ અને તેને લઈને તે નિરપરાધી પ્રાણીઓ પ્રતિએ હિંસા વધેછે.

૩ આપણે ચોપડામાં જે ચામડાનાં પુઠાં બાંધીએ છીએ તે ચામડું કુમાસમાં રહે અને તેનાઉપર સારો રંગ ચઢે. એટલા ખાતર જીવતા બોકડાને ફાંસામાં

લઈ તેના જીવતા ચામડાં ઉતારી લેછે તેનો વપરાશ કરવાથી તેના ઉદ્યોગને ઉતેજન મળેછે, જેની ગરજ સુતરના પૂંઠાથી સારી રીતે સરી શકેછે.

૪ કચકડાના કરડા કરડીયો, અને બીજી ચીજો કાચબા અને એવા બીજા પ્રાણીઓના જીવતાં ચામડાં ઉતરડી તેમાંથી બનાવવામાં આવેછે તેનો વપરાશ આપણે કરીએ તેથી તે પ્રાણીઓને કમકમાટી ઉપજે એવીરીતે મારી નાખવામાં આવેછે.

મી. ત્રીભોવન જાદવજીએ ઉપલા વિષયો ઉપર વ્યાખ્યાન આપી આપણુને દોષમય મૂળતત્વને હિંસકકર્મ દેખાડી આપ્યાં તેથી આપણે દયાધર્મ અને અહિંસામય હોઈને તથા આપણે ચોખા અન્નચર હૈને આપણુને મી. ત્રીભોવને પોતાના વ્યાખ્યાનથી ઊંડી અસર કરીછે તેથી કરીને આપણે તેજ વખતે ઉપલી ચીજોનો વેપાર કરાવવો કે કરવો નહિ એ ચીજ કોઈએ વાપરવી નહિ તથા તેનો બનેલો માલ લેવો નહિ તથા તે ઉપર જણાવેલ કરનારને ઉતેજન દેવું નહિ તે બાબતની સત્ય પ્રતિજ્ઞા લઈ ઉઠીએ છીએ અને હવેથી આપણે તે ચીજો વર્જીત કરીયે છીએ.

સદરહુ બાબતમાં કોઈએ ભંગ કર્યાની હકીકત બને તો તેનો તપાસ કરી હકીકત ઉપરથી મહાજનથી વ્યવહાર બંધ કર્યા સુધીની નસીયત કરવા મુખતીયાર છે તે બદલ નીચે સહીઓ કરવામાં આવીછે સંવત્ ૧૯૬૨ ના ફાગણ વદ ૧૧॥ ગુરૂવાર તા. ૨૨-૩-૦૬.

---

# जैन सिद्धांतोना लिस्टनुं अवलोकन.

आ लिस्ट विक्रम संवतनी १५ मी सदीना वचगाळे संस्कृत भाषामां लखायली बृहत् टिप्पनिका उपरथी तैयार करवामां आव्युं छे. एटले के ते ढुंढक मतनी उत्पत्तिथी पहेला समयमां जे जैन सिद्धान्तोनुं साहित्य विद्यमान हतुं तेमां नोंधायलुं छे.

ए साहित्यनी श्लोकसंख्या नव लाख छत्रीस हजारना सुमारे नोंधाई छे, छतां कोई कोई ग्रंथोना कोठा खाली पण जणाय छे तेथी आपणे एम धारिये के ए वखतमां दश लाखना सिद्धांतग्रंथ होवा जोईए तो ते धारवुं वाजबीज गणाशे.

आ दश लाखना सिद्धांत ग्रंथमां आशरे पोणाचार लाख प्राकृत भाषानुं साहित्य छे, अने सवा छ लाखनुं सस्कृ ,, साहित्य छे. प्राकृत साहित्यमां आशरे एक लाख सूत्रग्रंथ छे बे लाखना व्याख्यारूपे भाष्यचूर्णिना ग्रंथ छे. अने पोणा लाखना कथाग्रंथ छे. सवा लाखनुं संस्कृत साहित्य ते सघळुं टीका रूपे छे.

## प्राकृत साहित्य.

उपर जणाववामां आव्युं छे के प्राकृत साहित्यमां आशरे एक लाखना सूत्रग्रंथ छे ते आ रीते के पिस्तालीस आगममां पयन्ना शिवाय बाकीना ३९ सूत्रो आशरे ७८००० ना छे तेमां पण पिंडनिर्युक्ति तथा ओघनिर्युक्तिरूप ग्रंथने निर्युक्तिना भागमां गणीए तो बाकीना

३४ सूत्रना आशरे ७६००० श्लोक थाय छे. ते उपरांत १६००० ना पयन्ना छे अने निर्युक्तिओ चौदपूर्वधारी श्रीभद्रस्वामिए करेल होवाथी सूत्ररूपेज मनाती होवाथी तेना आशरे ७००० श्लोक गणतां कुल ९९००० श्लोक थया एटले लगभग एक लाखनुं सूत्र थयुं लेखाय. एमांना ३४ सूत्रना ७६००० हजार श्लोक दर्शाव्या, तेमां ढुंढकमतवाळा पंचकल्प अने महानिशीथने नहि मानतां बाकीना फक्त ३२ सूत्र माने छे. एटले तेओ ते ग्रंथोना आशरे छ हजार प्रमाण श्लोक कहाडी नांखता होवाथी बाकीना सितेरहजार जेटला प्राकृत साहित्यनेज मानी बेठा छे, अने तेटलामां पण घणा स्थळे खरा अर्थने मरडी नाखी अर्थना गोटा वाळे छे.

आ रीते सौथी पहेला तबक्कानुं आ एक लाखनुं प्राकृत साहित्य छे. तेना त्रण भाग बताव्या ते ए .. सूत्र, पयन्ना अने निर्युक्तिओ. सूत्रो मुख्य भागे सुधर्म गणधरना रचेला कहेवाय छे. पयन्ना घणेभागे महावीर स्वामिना बीजा शिष्योए रचेला छे. अने निर्युक्तिओ वीर निर्वाणथी २८४ वर्षे थयेला भद्रबाहु स्वामिए रची छे. आ रीते आ साहित्य विक्रमथी पूर्वकाळनुं छे.

बीजा तबक्कामां बे लाखना भाष्यचूर्णिना ग्रंथ तथा पोणा लाखनो कथाग्रंथ छे. बे लाख व्याख्या ग्रंथमां आसरे पचाश हजार भाष्यरूपे अने दोढ लाख चूर्णिरूपे छे. भाष्यना कर्त्ता श्रीजिनभद्रगणि क्षमाश्रमण गणाय छे. तेओ वीर निर्वाणपछी १००० थी १०५५ ना गाळामां थया छे. केमके वीरथी ९९३ वर्षे सूत्रो लखायां पछी भाष्यो थयां छे, अने १०५५ मां हरिभद्रसूरि थया तेमनी अगाउ भाष्यो थयां छे. ए परथी आपणे एम धारीशुं के विक्रमनी छठी सदीना वचगाळे भाष्य रचायां छे. चूर्णिकार महत्तरवंशी आचार्य छे. टिप्पनिकामां नंदिचूर्णि सं. ७३२ मां रचायली जणावी छे एटले चूर्णिओनो समय आठमी सदी छे. अने एज अरसामां वसुदेव हिंडि तथा ऋषिभाषित नामना कथाग्रंथ रचाया मानीए तो विक्रम संवत्‌नी छठी, सातमी, तथा आठमी सदीनो काळ ते त्रीजो तबक्को छे. अजायबीनी वात छे के विक्रमनी शरुआतनी पांच सदीओमां रचायलो टिप्पनिकामां उपलब्ध थतो नथी.

## संस्कृत साहित्यं.

आपणे उपर जोई गया तेम चूर्णिओ विक्रम सं. ७३२ मां रचाइ छे. त्यारपछी बसो वर्ष गयाबाद संवत ९३३ मां शीळाचार्ये आचारांग तथा सूत्रकृतांगनी टीका रचेली छे. आ रीते दशमी सदीथी संस्कृतसाहित्यनी रचना शरू थई त्यारथी ते ठेठ पंदरमी सदीना अर्ध भाग सूधीमां जे जे ग्रंथो रचाया तेमांनो घणो भाग टिप्पनिकामां नोंधाववामां आव्यो छ. छतां सौथी जुनामां जुनी टीकाओ तो श्रीहरिभद्रसूरि के जेओ वीर निर्वाणथी १०५५ वर्ष अने विक्रमथी ५८९ वर्षे थया तेमनी रचेली गणाय छे. आ संस्कृत साहित्य टीकारूपे रहेल

छे. पिस्तालीस सूत्रोनी टिकाओनी श्लोकसंख्या आशरे चार लाख छयाशी हजार नोंधायली मळे छे. छतां कोई कोई कोठा खाली छे ते भराय तो पांच लाखनी संख्या थाय तेम छे. उपरांत परिशिष्ठमां आपेली आवश्यकनी व्याख्या आशरे अर्धा लाखनी रहेल छे तथा अवशिष्ट ग्रंथोनी टीकाओ पण लगभग चाळीसेक हजारनी छे एटले पांच लाख नेवु हजारनी संख्या थाय छे, शिवाय हजु पांत्रीसेक हजारनी नहि नोंधायली टीकाओ गणीये तो सवा छ लाखनी टीकाओ उपलब्ध थशे.

आ संस्कृत साहित्यना पण त्रण तबक्का छे. पेहेलो तबको ते छठी सदीमां हरिभद्र-सूरिनी रचेली टीकाओ छे. बीजो तबक्को ते दशमी सदीनी शरुआतमां रचायली शीळा-चार्यनी टीकाओ छे अने त्रीजो तबक्को ते अग्यारमी, बारमीं, तेरमी अने चौदमी सदीना चारसो वर्षनी आपणी पूर्ण जाहोजलालीना वखतनो छे.

**मुख्य टीकाकारोना नाम आप्रमाणे छे.**

| | |
|---|---|
| १ हरिभद्रसूरि सं. ५८५ | ५ मळधारिहेमचंद्र सं. ११७६ |
| २ शीळाचार्य सं. ९३३ | ६ श्रीचंद्रसूरि सं. १२२८ |
| ३ अभयदेवसूरि सं. ११२०. | ७ तपाक्षेमकीर्ति सं. १३३२ |
| ४ मळयगिरि................ | ८ तिळकाचार्य सं. १२९६ |

आ उपरांत छुटक टीकाकारोना नाम संवत्वार आप्रमाणे छे.

| | |
|---|---|
| १ पार्श्वसूरि सं. ९५६ | ५ यशोदेव सं. ११७४ |
| २ वीरभद्र (पनाकाकार) सं. १०७८ | ६ विजयसिंह सं. ११८३ |
| ३ नेमि के नेमिचंद्र सं. १२२८ | ७ खरतर तरुणप्रभ सं. १३३१ |
| ४ मतिसागर सं. ११६८ | ८ खरतर जिनप्रभ सं. १३६४ |

शीळ संवत् शिवाय छूटक टीकाकारोना नाम अकारादिक्रमे आ रीते मळे छे.

| | | |
|---|---|---|
| १ अकलंक देव | ६ धर्मघोषसूरि (तपा) | ११ विनयचंद्र |
| २ जिनदेव | ७ धीराचार्य | १२ साधुरत्नसूरि |
| ३ ज्ञातसागर | ८ पृथ्वीचंद्र | १३ सिद्धसेन (उमास्वामि शिष्य) |
| ४ देवेंद्रसूरि (तपा) | ९ भुवनतुंग (आंचलिक) | १४ सुमतिसूरि |
| ५ द्रोणाचार्य | १० मुनिचंद्र | १५ सोमतिलक |

१६ शांत्याचार्य

## उपसंहार.

आ रीते पोणाचार लाखनुं प्राकृत साहित्य तथा सवा छ लाखनुं संस्कृत साहित्य कुले दश लाख श्लोक प्रमाण जैन सिद्धांतग्रंथोनुं लिस्ट आपेल छे. हवे आगळ जैनना प्रकरण ग्रंथोनुं लिस्ट आपेलुं छे.

# जैनसिद्धांतोनुं लिस्ट.

## ( पंचांगी साथे. )

विक्रम संवत्‌नी पंदरमी सदीना वचगाळे संस्कृत भाषामां तैयार करवामां आवेली एक बृहतट्टिप्पनिका उपरथी आ लिस्ट कर्युं छे.

## पिस्ताळीस आगमो.

| नं. | नाम. | मूळ. | निर्युक्ति | भाष्य. | चूर्णि. | वृत्ति. | वृत्तिकार. | संवत्. |
|---|---|---|---|---|---|---|---|---|
| | अंग. | | | | | | | |
| १ | आचारांग. | २५२५ | ४५० | ० | ८३०० | १२००० | शीळाचार्य. | ९३३ |
| २ | सूत्रकृतांग. | २१०० | २६५ | ० | १०००० | १२८५० | ,, | |
| ३ | स्थानांग. | ३६०० | ० | ० | ० | १४२५० | अभयदेवसूरि | ११२० |
| ४ | समवायांग. | १६६७ | ० | ० | ० | ३५७४ | ,, | |
| ५ | भगवती.† | १५७५२ | ० | ० | ३११४ | १८६१६ | ,, | ११२८ |
| ६ | ज्ञातधर्म कथा. | ५४०० | ० | ० | ० | ३८०० | ,, | |
| ७ | उपाशक दशा. | ८१२ | ० | ० | ० | { १३०० | ,, | ११२० |
| ८ | अंतकृत् दशा. | ८९९ | ० | ० | ० | | ,, | |
| ९ | अनुत्तरोप पातिका. | १९२ | ० | ० | ० | | ,, | |
| १० | प्रश्न व्याकरण. | १२५६ | ० | ० | ० | ४६०० | ,, | |
| ११ | विपाक. | १२१६ | ० | ० | ० | ९०० | ,, | |
| | | | | ० | | | | |
| | उपांग. १२ | ३५५२९ | ० | ० | | | | |
| १ | औपपातिक. | ११६७ | ० | ० | ० | ३१२५ | अभयदेवसूरि. | |
| २ | राजप्रश्नीय. | २१२० | ० | ० | ० | ३७०० | मळयगिरी. | |
| ३. | जीवाभिगम. | ४७०० | ० | ० | १५०० | १४००० | ,, | |
| | | | | ० | | ११९२ | हरिभद्रसूरि. | |
| ४ | प्रज्ञापना.* | ७७८७ | ० | ० | ० | १६००० | मळयगिरि. | |
| ५ | चंद्रप्रज्ञप्ति. | २२०० | ० | ० | | ३७२८ | हरिभद्रसूरि. | |
| ६ | सूर्यप्रज्ञप्ति. | २२९६ | ० | ० | ० | ९५०० | मळयगिरि. | |
| ७ | जंबूद्वीपप्रज्ञप्ति. | ४४५४ | ० | ० | ० | ९००० | ,, | |
| ८ | निरयावलिका | { | | | १८७९ | ९५०० | ,, | |
| ९ | कल्यावतंसिका. | | | | | | | |
| १० | पुष्पिता. | ११०९ | ० | ० | | १७४६ | { श्रीचंद्रसूरि | १२२८ |
| ११ | पुष्पचूळिका. | | | | | | | |
| १२ | वृष्णिदशा. | | | | | | | |
| | | २५८३३ | | | | | | |

# परिशिष्ट.

## मूळावश्यकनी व्याख्याओ.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | संवत्. |
|---|---|---|---|---|
| १ | मूळावश्यक. | १०० | सुधर्मस्वामी | |
| २ | ,, साधुप्रतिक्रमण साथे. | १३० | ,, | |
| ३ | षड्विधावश्यकसूत्रवृत्ति. | १५५०० | नेमिसाधु | ११२२ |
| ४ | षडावश्यकवृत्ति | २७७० | तथा देवेंद्रसूरि. | |
| ५ | ललितविस्तराचैत्यवंदनवृत्ति | १२७० | हरिभद्रसुरि. | |
| ६ | ,, टिप्पनक | १८०० | मुनिचंद्रसूरि. | |
| ७ | चैत्यवंदना टीका. | ४८२ | हरिभद्रसूरि. | |
| ८ | ,, टीका बाळबोधा नाम्नी | ७०० | खरतर तरुणप्रभ. | १३३१ |
| ९ | चैत्यवंदनामहाभाष्य. | ९२२ | शांतिसूरि. | |
| १० | ,, भाष्यवृत्ति संघाचारनाम्नी. | ८५०० | तपाधर्मघोष. | |
| ११ | ,, भाष्यवृत्ति. | — | ............ | |
| १२ | चैत्यवंदनाविचारणाथी बंधसूत्रव्यांख्यारुप. | — | ............ | |
| १३ | चैत्यवंदना-वंदनक-प्रत्याख्यानभाष्य ३. | ६३<br>४१<br>४८ | तपादेवेंद्रसूरि. | |
| १४ | ,, वृत्तिओ. | ५५० | तिळकाचार्य | |
| १५ | चैत्यवंदनादिवृत्तिकुळप्रदीप. | २४५८ | ............ | |
| १६ | चैत्यसाधुवंदन श्रावक प्रतिक्रमणसूत्रवृत्ति | २००० | पार्श्वसूरि | ९५६ |
| १७ | चैत्यवंदनादिसूत्र साधुश्रद्धाप्रतिक्रमणसूत्र. | — | अकलंकदेव | |
| १८ | पदपर्यायमंजरीओ.<br>ईर्यापथिकी—चैत्यवंदना—वंदनक अवचूरिओ. | १५०<br>८४०<br>७२७ | यशोदेव | ११६४ |
| १९ | साधुप्रतिक्रमणसूत्रवृत्ति. | ३०० | तिलकाचार्य | |
| २० | ,, | ५४८ | जिनप्रभ | १३६४ |
| २१ | श्रावकप्रतिक्रमणसूत्रवृत्ति. | ४५९० | विजयसिंह | ४५९० |
| २२ | ,, | १९५० | श्रीचंद्र | १२२२ |
| २३ | ,, लघुवृत्ति. | २९६ | तिळकाचार्य | |
| २४ | श्राद्धसामायिक प्रतिक्रमणसूत्रव्याख्या प्रकरण. | ३६५ | जिनदेव | ११८३ |
| २५ | प्रत्याख्यान स्वरूप. | ३६० | यशोदेव | |
| २६ | ,, वृत्ति. | ५५० | ,, | |
| २७ | पंचपरमेष्ठि विवरण ( प्राकृत गाथामय. ) | २५० | मतिसार | ११६८ |
| | | ४८२०० | | १४१११ |

# परिशिष्ट.

## अवशिष्ट सूत्रो तथा सूत्रतुल्यग्रंथो.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | संवत्. |
|---|---|---|---|---|
| १ | पर्युषणाकल्प | १२१६ | | |
| | निर्युक्ति गा | ६८ | | |
| | निरुक्त टिप्पनक | १५८ | विनयचंद्र | |
| | टिप्पन | ६४० | पृथ्वीचंद्र | |
| | संदेह विषोषधी वृत्ति | | जिनप्रभ | १३६४ |
| २ | जितकल्प | १०५ | जिनभद्रगणि | |
| | चूर्णि | १००० | सिद्धसेन | |
| | ,, टिप्पनक | | | |
| | वृत्ति | १८०० | तिळकाचार्य | १२२४ |
| | विवरण (संक्षिप्त गमनिकारुप) | ५४३ | | |
| | १ यति जितकल्प | | सोमप्रभ | |
| | वृत्ति | ५७०० | | |
| | २ श्राद्धजितकल्प | | साधुरत्नसूरि | |
| | ,, | ३० | तपाधर्मघो | |
| | ,, वृत्ति | | तिळकाचार्य | |
| | ,, गा | ११५ | सोमतिळक | |
| ३ | पाकसूत्र | ३०० | तिळकाचार्य | |
| | वृत्ति | २७०० | | ११८० |
| ४ | वसुदेव हिंडि श्लोक २६६०० | | यशोदेव | |
| | प्रथमखंड | ११००० | | |
| | द्वितीयखंड | ६६०० | संघदास | |
| | मध्यमखंड | ९००० | ( अपर आचार्य ) | |
| ५ | ऋषिभाषित | ४५८५० | ——— | |
| ६ | तत्वार्थसूत्र | २२५ | | |
| | ,, भाष्य | | उमास्वाति | |
| | टीकाभाष्य व्याख्यारुप | १८२८२ | | |
| | लघु वृत्ति | ——— | ( दिगंबरी ) | |
| ७ | श्रावक प्रज्ञप्ति | ४०० | उमास्वाति | |
| | वृत्ति | २३३० | हरिभद्रसूरि | |
| ८ | विशेषणवती | ४३८ | जिनभद्रगणि | |
| | वृत्ति | ——— | ——— | |
| | | १०८५०० | | |

## जैनसिद्धांतोनुं लिस्ट ( पिस्तालीस आगमो ).

| नं. | नाम. | मूळ. | निर्युक्ति | भाष्य. | चूर्णि. | वृत्ति. | वृत्तिकार. | संवत्. |
|---|---|---|---|---|---|---|---|---|
| | छेद ६. | | | | | | | |
| १ | निशीथ § | ८१२ | ० | १२००० | ३१००० | ४२००० | तपाक्षेमकीर्ति | १३३२ |
| | | | | ७००० | १२७०० | | | |
| २ | व्यवहार. | ३७३ | ० | ६४०० | १२००० | ३३६२५ | मळयगिरि | |
| ३ | बृहत्कल्प. | ४७३ | ० | १२००० | ११००० | ६८७२१ | तपाक्षेमकीर्ति | १३३२ |
| ४ | दशाश्रुतस्कंध. | २१०६ | १५४ | ० | ४३३१ | ० | | |
| ५ | पंचकल्प. | ११३३ | ० | ३०२५ | ३१३६ | ० | | |
| ६ | ऋणनिशीथ. | ४५४४ | ० | ० | ० | ० | | |
| | ‡ मूळ ६. | | | | | | | |
| १ | आवश्यक | १३० | ३१०० | ४००० | १८४७४ | २२००० | हरिभद्रसूरि | |
| | | | | | १३६०० | १८००० | मळयगिरि | |
| | | | | | —— | १२३२५ | तिलकाचार्य | १२९६ |
| | | | | | अवचूर्ण | १४००० | ज्ञानसागर | |
| | मूळावश्यकनी | | | | टिप्पनक | ४६४० | मळय०हेमचंद्र | |
| | व्याख्याओमाटे | | | | विशेष आ- | २८००० | मळय०हेमचंद्र | |
| | परिशिष्ट जुओ. | | | | वश्यकनी | ९००० | | |
| | | | | | वृत्तिनो | १४००० | मळयगिरि | |
| २ | दशवैकालिक. | ७०० | ५५० | ० | ७००० | ७५५० | ( जीर्णवृत्ति ) | |
| | | | | | | ७००० | हरिभद्रसूरि | |
| | | | | | | २६०० | तिलकाचार्य | |
| ३ | उत्तराध्ययन. | २००० | ७०० | ० | ५९०० | १८००० | सुमतिसूरि | |
| | | | | | | १४००० | शांतिसूरि | |
| ४ | पिंडनिर्युक्ति. | ७०० | ० | ० | | ७५०० | नेमिचंद्रसूरि | ११२९ |
| | | | | | | ४००० | मळयगिरि | |
| | अथवा. | | | | | ३१०० | —— | |
| ४ | ओघनिर्युक्ति. | ११६४ | ० | ३००० | — | ६८२५ | हरिभद्रधीराचार्य | |
| | | | | | | ८८५० | द्रोणाचार्य | |
| | | | | | | ७७३२ | मळयगिरि | |
| ५ | नंदि ¶ | ७०० | ० | ० | — | ३३०० | श्रीचंद्र (टिप्पण | |
| | | | | | | २३०० | लघु वृत्ति ) | |
| ६ | अनुयोगद्वार. | १६०४ | ० | ० | २२६५ | ५८०० | मळय० हेमचंद्र | |
| | | | | | | २२६५ | लघुवृत्ति | |
| | | १६४४७ | | | | | | |

# पयन्ना १०.

| एक गणतीए दश पयन्ना. | | | | | बीजी गणतीए दश पयन्ना. | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| नंबर | नाम. | मूळ गाथा. | टीका श्लोक. | टीकाकार. | नंबर | नाम. | मूळ गाथा. | टीका श्लोक. | टीकाकार. |
| १ | आतुरप्रत्याख्यान | १३४ | ४२० | आंचळिक. | १ | ज्योतिष्करंडक. | १८५० | ५००० | मलयगिरि. |
| २ | महाप्रत्याख्यान. | १४३ | | भुवनतुंग. | २ | तीर्थोद्धार. | १२३३ | | |
| ३ | देवेंद्रस्तव. | ३०३ | | | ३ | चंद्रवेंधक. | १७४ | | |
| ४ | तंडुलविचारिक. | ४०० | | | ४ | अजीवकला. | ४४ | | |
| ५ | संस्तारक. | १२१ | | | ५ | गच्छाचार. | १३८ | | |
| ६ | भक्तपरिज्ञा. | १७१ | | | ६ | वीरस्तव. | ४३ | | |
| ७ | गणिविद्या. | ८५ | | | ७ | निरयविभक्ति. | २०० | | |
| ८ | अंगविद्या. | ९००० | | | ८ | सिद्धप्राभृत. | १२ | ८५० | |
| ९ | चतुःशरण. | ६४ | ८०० | आंचळिक | ९ | द्वीपसागरप्रज्ञप्ति | २२३ | | |
| १० | मरणसमाधि. | ६५६ | | भुवनतुंग. | १० | आराधनापताका. | ९९३ | | |
| | | | | | | ( वीरभद्र—सं. १०७८ ) | | | |
| | | ११०७७ | | | | | ४९१० | | |

| पंचांगीनुं टोटल. | |
|---|---|
| मूळ ... ... | ९३६८४ |
| निर्युक्ति .... | ५२१९ |
| भाष्य ... | ४७४३५ |
| चूर्णि ... ... | १४६१८९ |
| टीका ... .... | ४८६५८४ |
| | ७७९१११ |
| **परिशिष्ट.** | |
| आवश्यक ... ... | ४८२८२ |
| अवशिष्ट ... ... | १०८५०० |
| | ९३५८९३ |

* भगवतीसूत्रनी अवचूर्णि पण छे. § प्रज्ञापनाना त्रीजा पदनी संग्रहणी अभयदेवसूरिकृत १३३ गाथानी संग्रहणी छे. अने तेनी ४३० श्लोकनी अवचूरि छे. † निशीथनी चूर्णिना विशमा उद्देशनी व्याख्या श्लोक ११०० नी संवत ११११ मां पार्श्वदेवगणिए करेल छे, तथा श्रीचंद्रसूरिए तेनी वृत्ति श्लोक ११०० नी करेली छे. § नंदिनी चूर्णि सं. १३३ मां बनेली छे. *मूळसूत्र चार छे, छतां सवळता खातर नंदि तथा अनुयोगद्वार साथे गणी छ जणाव्या छे.

## जैनसिद्धांतोनुं लिस्ट ( पिस्ताळीस आगमो ).

| नं. | नाम. | मूळ. | निर्युक्ति | भाष्य. | चूर्णि. | वृत्ति. | वृत्तिकार. | संवत्. |
|---|---|---|---|---|---|---|---|---|
| | छेद ६. | | | | | | | |
| १ | निशीथ § | ८१२ | ० | १२००० | ३१००० | ४२००० | तपाक्षेमकीर्ति | १३३२ |
| | | | | ७००० | १२७०० | | | |
| २ | व्यवहार. | ३७३ | ० | ६४०० | १२००० | ३३६२५ | मळयगिरि | |
| ३ | बृहत्कल्प. | ४७३ | ० | १२००० | ११००० | ६८७२१ | तपाक्षेमकीर्ति | १३३२ |
| ४ | दशाश्रुतस्कंध. | २१०६ | १५४ | ० | ४३३१ | ० | | |
| ५ | पंचकल्प. | ११३३ | ० | ३०३५ | ३१३६ | ० | | |
| ६ | त्रणनिशीथ. | ४५४४ | ० | ० | ० | ० | | |
| | ‡ मूळ ६. | | | | | | | |
| १ | आवश्यक | १३० | ३१०० | ४००० | १८४७४ | २२००० | हरिभद्रसूरि | |
| | | | | | १३६०० | १८००० | मळयगिरि | |
| | | | | | —— | १२३२५ | तिलकाचार्य | १२९६ |
| | | | | | अवचूर्ण | १४००० | ज्ञानसागर | |
| | मूळावश्यकनी | | | | टिप्पनक | ४६४० | मळय०हेमचंद्र | |
| | व्याख्याओमाटे | | | | विशेष आ- | २८००० | मळय०हेमचंद्र | |
| | परिशिष्ट जुओ. | | | | वश्यकनी | ९००० | | |
| | | | | | वृत्तिनो | १४००० | मळयगिरि | |
| २ | दशवैकालिक. | ७०० | ५५० | ० | ७००० | ७५५० | ( जीर्णवृत्ति ) | |
| | | | | | | ७००० | हरिभद्रसूरि | |
| | | | | | | २६०० | तिलकाचार्य | |
| ३ | उत्तराध्ययन. | २००० | ७०० | ० | ५९०० | १८००० | सुमतिसूरि | |
| | | | | | | १४००० | शांतिसूरि | |
| ४ | पिंडनिर्युक्ति. | ७०० | ० | ० | | ७५०० | नेमिचंद्रसूरि | ११२९ |
| | | | | | | ४००० | मळयगिरि | |
| | अथवा. | | | | | ३१०० | —— | |
| ४ | ओघनिर्युक्ति. | ११६४ | ० | ३००० | —— | ६८२५ | हरिभद्रधीराचार्य | |
| | | | | | | ८८५० | द्रोणाचार्य | |
| | | | | | | ७७३२ | मळयगिरि | |
| ५ | नंदि ¶ | ७०० | ० | ० | —— | ३३०० | श्रीचंद्र (टिप्पण | |
| | | | | | | २३०० | लघु वृत्ति ) | |
| ६ | अनुयोगद्वार. | १६०४ | ० | ० | २२६५ | ५८०० | मळय० हेमचंद्र | |
| | | | | | | २२६५ | लघुवृत्ति | |
| | | १६४४७ | | | | | | |

# पयन्ना १०.

| एक गणतीए दश पयन्ना. | | | | | बीजी गणतीए दश पयन्ना. | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| नंबर | नाम. | मूळ गाथा. | टीका श्लोक. | टीकाकार. | नंबर | नाम. | मूळ गाथा. | टीका श्लोक. | टीकाकार. |
| १ | आतुरप्रत्याख्यान | १३४ | ४२० | आंचळिक | १ | ज्योतिष्करंडक. | १८५० | ५००० | मलयगिरि. |
| २ | महाप्रत्याख्यान. | १४३ | | भुवनतुंग. | २ | तीर्थोद्गार. | १२३३ | | |
| ३ | देवेंद्रस्तव. | ३०३ | | | ३ | चंद्रवेंधक. | १७४ | | |
| ४ | तंडुलवैचारिक. | ४०० | | | ४ | अजीवकला. | ४४ | | |
| ५ | संस्तारक. | १२१ | | | ५ | गच्छाचार. | १३८ | | |
| ६ | भक्तपरिज्ञा. | १७१ | | | ६ | वीरस्तव. | ४३ | | |
| ७ | गणिविद्या. | ८५ | | | ७ | निरयविभक्ति. | २०० | | |
| ८ | अंगविद्या. | ९००० | | | ८ | सिद्धप्राभृत. | १२ | ८५० | |
| ९ | चतुःशरण. | ६४ | ८०० | आंचळिक | ९ | द्वीपसागरप्रज्ञप्ति | २२३ | | |
| १० | मरणसमाधि. | ६५६ | | भुवनतुंग. | १० | आराधनापताका. | ९९३ | | |
| | | | | | | ( वीरभद्र–सं. १०७८ ) | | | |
| | | ११०७७ | | | | | ४९१० | | |

**पंचांगीनुं टोटल.**

| | |
|---|---|
| मूळ ... ... | ९३६८४ |
| निर्युक्ति .... | ५२१९ |
| भाष्य .... | ४७४३५ |
| चूर्णि ... ... | १४६१८९ |
| टीका ... .... | ४८६५८४ |
| | ७७९१११ |
| **परिशिष्ट.** | |
| आवश्यक .... ... | ४८२८२ |
| अवशिष्ट ... ... | १०८५०० |
| | ९३५८९३ |

¶ भगवतीसूत्रनी अवचूर्णि पण छे. § प्रज्ञापनाना त्रीजा पदनी संग्रहणी अभयदेवसूरिकृत १३३ गाथानी संग्रहणी छे. अने तेनी ४३० श्लोकनी अवचूरि छे. † निशीथनी चूर्णिना विशमा उद्देशनो व्याख्या श्लोक ११०० नी संवत ११९३ मां पार्श्वदेवगणिए करेल छे, तथा श्रीचंद्रसूरिए तेनी वृत्ति श्लोक ११०० नी करेली छे. § नंदिनी चूर्णि सं. १३३ मां बनेली छे. *मूळसूत्र चार छे, छतां सवळता खातर नंदि तथा अनुयोगद्वार साथे गणी छ जणाव्या छे.

# मुनिराज श्री हंसविजयजीका कच्छ देशमें प्रवास.

## कच्छ अंजारमें जैन पाठशाला तथा जैन सभाकी स्थापना.

अंजार शेहेरमें, बिलकुल जैन शाळा नहि थी, लेकिन मुनि महाराज हंसविजयजी साहेब के सदुपदेशसें चेत वदि ७ यानें गुजराती फागण वदी ७ के रोज जैन शाळा तथा जैन सभा वाजांके नाद के साथ स्थापन हुई.

जैन शाळा खुल्ली मुकनेकी क्रिया फजरके नव बजेके सुमार चढते प्रहर शा० अदेकरण मूळजी तरफसें घी बोलके करनेमें आई.

शाळास्थापनकी क्रिया ज्ञानद्रव्यकी वृद्धिपूर्वक शेठ जादवजी पीतांबर तरफसें करनेमें आई.

ज्ञान पूजा घी बोलने पूर्वक, जादवजी जवते तरफसें हुई.

प्रथम पाठ घीकी बोली पूर्वक कपूरचंद मावजी दोसीके पौत्र धनजी भाईने गुरु मुखसे लिया.

प्रभावना, शा० अदेकरण मूळजीने कीई और कीतनेक भाविक श्रावकोंने रुपा नाणादिसें ज्ञान पूजन कीया.

जैन सभाका स्थापनभी घी बोलने पूर्वक कपूरचंद मावजी तरफसें करनेमें आया सब क्रिया खलास हुवे बाद मुनि महाराजने जैनशाळा तथा सभाको अवल दरज्जेपर लेजानेको असरकारक विवेचन किया सो सुणके सहर्ष लोको विसरजन हुवे, उसी रोज दुपेरकु महाराजश्रीने मुद्रा शेहेर जानेके वास्ते गाम बहार विहार किया था.

भरवाडोके मुख्य गाम मींदीयाळे में मुनि महाराज श्री. हंसविजयजीका पधारना चेत वदी ८ याने गुजराती फागण वदी ८ के रोज कच्छ मींदीयाळामें मुनि महाराज हंसविजयजी साहेब अंजार शेहेरसे विहार करके पधारे थे जीसमें शुमार ढाइसो घर भरवाडो के है, उस समय अंजारके मुख्य शेठीये तथा दुसरे भाविक गृहस्थ हाजर थे, उनको मुनिराज तरफसें सूचना होते भरवाडो को ईकठे करने में आये थे, उसमें अग्रगण्य भरवाड वंका तथा भरवाड माला आदि भी थे, इतनाही नहि बल्के भरवाड बानुओने भी हाजरी दीईथी, उन लोकोंके हितार्थ मुनि महाराजने उपदेश देकर जीवदयाके लिये हृदयभेदक विवेचन कियाथा सो सुणके भरवाड लोक बहुत हर्षित हुयेथे, उसका आबेहुब विचार लोकोकी मुख मुद्रामें मालूम होते ही, मुनि महाराजने कांठीयावाडमें २००० भरवाडरबारीका गंजावर मेळावडा जीवदयाका उठाया हुवा झुंमा इस मथाळेवाला ता. ३ दिसेम्बर सन १९०५ का जैन पत्र पढके सुणाया था उसी मुवाफक घेटे आदि मुकप्राणी बचोंके हितार्थ

ओर कोई भी अवाचक जानवर कसाईकों न देनेके खातर बंदोबस्तके लिये भार रखकर भलामण करने में आई, आगेवानी भोगनेकी खरी खुबी ऐसे शुभ कृत्यों के उपर खरोंखर आधार रखती है. ऐसा सरल शब्दोंमें दर्शाय दिया था, इसमोकेपर अंजारवाले पुरुषोत्तमदासने जाहेर किया की, जीवदयाके ठरावके लिये तुम लोक यदि काठीयावाड रोहिशाळा जैसा भरवाडोंका मेळा भरने को चाहना रखो तो, हम लोकभी भोजनादि खरचको कुछ मदद देंगे यह सर्व सुनकर भरवाड वेकादिने महाराजश्रीको कहाकी हमारे लडके भाई आदि गुजरात देश गये है उनके आनेपर हम इस बातकी पुरेपुरी कोशिश करेंगे, इतना कहकर इस बातकी साक्षीरुप एकादशीके रोज रात्रिभोजन करनेकी भाविक भरवाडोने प्रतिज्ञा लिई, इसके उपरांत भरवाडणोने जुवां नहि मारनेका मंजुर कियाथा

## कच्छ भद्रेश्वरजी तीर्थपर जैनीयोका महान मेळा.

यहांपर हजारों वर्षका बनाहुवा बावन जिनालय जैनमंदिर है. जिसका जीर्णोद्धार ( ११२ दानशाळा ) लगाकर दुष्काळमें फसें हुवे, राजा, रंक, बादशाह आदिके संकट निवारक झघडुशाह शेठने किया, इस जीर्णोद्धारकोभी हुवेको आज सेंकडो वर्ष व्यतीत होगये है. ऐसा अदभुत तीर्थका मेळा फागण शुदी ५ को वर्षोवर्ष होता हैं. देवळके सबी शिखरोंपर घीकी बोलियांके साथ धजा, पताका चढाई जाती है, इस सालमें मेळापर, महाराज श्री हंसविजयादि ८ मुनिराज तथा दुसरे साधु साध्वीयों बहुतसें पधारें थे शुमार पंदर हजार आदमीका मेळा तिर्थयात्राके लिये मीलाथा, जिसमें हजारां ढुंढक भाई बाई-यांने भी भाग लिया था, देवद्रव्यकी उपज सुमार १६००० कोरी हुई थी. शंवत १९६२ का चेत शुदी १ वार सोमवार.

ली. कुसुमका तरफसें धर्मलाभ वांचना.
मु॰ मुद्रा बंदर.

---

The above report was adopted by the Jain Graduates' Association met at Patan on the 28th day of February 1906 but the suggestion as to the abolition of the anual individual reports, adding to the list of sympathisers and formulating some aims and objects of the Association on a definite basis were postponed for further consideration to be put before the next sessions at Ahmedabad.

GULABCHAND DHADHA
President.

MOTICHAND GIRDHARLAL
Kapadia.
*Hon. Secretary.*

# देलवाडा प्रतिष्ठा महोत्सव.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ १ ॥

## देलवाडा ( देवकुलपाटण ) देश मेवाड तालुके उदयपुर.

इस गाममें मन्दिरजी तीन है. उनका जीर्णोद्धार होकर—प्रतिष्ठा मिती वैशाख सूदी २ द्वितीया बुधवार संवत् १९६३ ता. २५।४।६ को बडी धूमधामसे कीगई; प्रतिष्ठा महोत्सवमे मनुष्य छ हजार आसरे इकठे हुएथे. मारवाडनिवासी यतिराज हेमसागरजीको पञ्चोंकी निमन्त्रणसे तथा शेठ लल्लुजी जैचंदभाईकी योजनासे सन्मानपूर्वक बुलवाकर शास्त्रके मुवाफिक यथाविधि प्रतिष्ठा महोत्सव करागया था. उस वक्तका आनन्द देखनेसे मालूम होवे लिखनेमें नहीं बनता. जिधर देखें उधर सेंकडों श्राविका लोकोंका गायन ध्वनि सुणाई देताथा. और श्रावक लोक भक्तिके साथ भगवानके गुणग्रामको तालमृदङ्गादि बाजोंके साथ मीठे स्वरसे गायन कर रहेथे. यति लोक सप्तस्मरणके घोषसे यात्रिक लोकोंके कानोंमें मधुर शब्द सुनाकर मानो संसार मोचनका उपदेश देरहेथे. ठोरठोर श्रावक समुदायोंमें जाकर प्रतिमापूजन सिद्धांतमें कहागया है, इस विषयमें हेतु दृष्टांत युक्तिप्रयुक्ति कहकर और कान्फरंसके कर्तव्योंपर भाषण पंडित पन्नालाल शास्त्री देरहेथे उस समयमें सब लोकों का चित्त निर्मल होगयाथा, और लोक जयजयकार शब्द कररहेथे. नगारोंकी चोपें झडरहीथी, सरणाईकी सणसणाहट चलरहीथी. फूलोंकी वरखा होरहीथी, और आनंदसागरकी लहेर उठरहीथी, भगवान गद्दीपर विराजमान भये उस समयका अनिर्वचनीय आनंद था. और उसी समय शेठ लल्लुभाईने अपनी सुशीला भार्याके साथ शीलव्रत स्वीकार किया. धन्यहै, उनके मातापिताको के जिनके पुत्र शीलव्रत लेकर मनवचनकायासे पालते हैं. और देव द्रव्यको जहर समान समझकर अपने काममे लाते नहीं व उत्तम पुरुष समझे जाते है. आज कल एसा पुरुष विरला होते है, लेकिन् अब कान्फरंसके उद्योगसे तथा शिक्षणके प्रभावसे लोक धर्मशील ईमानदार आदि सद्गुणी होजावेंगे, एसी आशा है.

पहले ये मंदिरों महादुर्दशामेंथे, पापात्मा मनुष्य दुष्ट करम करने के लिये इनका आश्रय लेते थे, कचरे कूटसे भरे पूरे थें, इतना इन्होंमें पाप होताथा के लिखनेमें कलम चलती नहीं और इस गामके श्रावक लोकभी इस बाजू ध्यान नहीं देते थे बाद कितनाक समय गुजरनेके संवत् १९९४ में पाटण निवासी शेठ लल्लुभाई जैचंदने इधर ( मेवाडमें ) आकर मंदिरोंकी दशा देखी. यह पुरुष धर्मानुरागी और उद्योगी है. शासन देवताके प्रभावसे मंदिरोंकी मरम्मत करानेमें कटिबद्ध हुवा, और उसमें कई प्रकारका कष्ट सहनापडा यहांतक की खानपान भी किसी वक्त कठिनतासे मिलता था लेकिन पुरुष धैर्यवान है अपना

कर्तव्य छोडा नहीं और इहांके श्रावक लोक प्रथम तो विरुद्ध पक्षमें थे लेकिन परिणाममें सब एक दिल होकर सेठ लल्लुभाईको सहायता देने लगे, और काम पूरा करानेमें उद्युक्त हुवे. बाद शेठजीकी और श्रावकोंकी एक संमति होगई हकीकतमें जहांपर ऐक्यता होती है वहां बडा भारी कामभी अनायाससे होजाता है, और इस काममें गजधर सोमपुरानानूजी हुसेनबक्ष जीवनजी तथा लालु इन लोकोने अपनी तनख्वाहका खयाल न करते बहुत श्रम उठाया और लल्लुभाईके दिलके मुवाफिक काम किया और छगनलालजी हिंगडनेभी इसमें बडा संकट पाया ओर लल्लुभाईके अनुकूल रहकर मंदिरोंका काम करानेमें कोशिश करते रहे. अहों भाग्य हे उनका के जो लोक एसे मुक्तिको देनेवाले कामोंमें मदत करते हे. तन मन लगाते है उनका जीना सफल है. लल्लुभाई अपने सहायकोंको धन्यवाद देते है, और कान्फरंसके तरफसे में धन्यवाद देताहूंके जो लोक जीर्ण पुस्तकोद्धार, जीर्ण मंदिरोद्धार, जीवदया, शिक्षण और अनाश्रित साधर्मी भाइयोंको मदत करते है वे बढ भागी उत्तम पुरुष समझे जाते है. उनका धन कमाना सार्थक है, और जो धन पाकर उपरोक्त कामोंमें नहीं खरचते उनका जीना निरर्थक चमडे की भस्त्रा ( धम्मन ) के समान हैं. इस प्रतिष्ठामें रु. २५०० इकठे हुवे है, पहले भी थोडासा भंडार है, सब मिलाकर उसके आय लाभसें मंदिरोंकी पूजा अर्चा आदिका काम होते रहेंगे. मै सब लोकोंसे विनंति करताहूं के आप सर्व श्रावकश्राविका दररोज चोरासी ८४ अशातना टालकर मंदिरजी जाकर दरसन करेंगे. और अपना जीवन इस काममें लगावेंगे. इत्यलम् ।

ता: ९।५।६.

पण्डित पन्नालाल शास्त्री
उपदेशक, जैन श्वेताम्बर कानफरंस.

---

# देलवाडामें पंडीत पन्नालालका भाषण.

। नमोवीतरागाय ।

देलवाडा ( देवकुलपाटण ) देश मेवाड. इला. उदयपुर.

**ता. २४।४।०६ मीती वैशाख सुदि १ मंगलवार संवत् १९६३ सायंकालके सात बजेसे जैनधर्मका व्याख्यान तथा जिन प्रतिमा विषयक भाषण दिया गया.**

सहस्रावधि पुरुष, स्त्री, बालक, बालिका उस सभामण्डपमें विराजमानथे भगवानकी भक्ति होरहीथी यति लोक स्तवनावलिको वादित्रके साथ गायन कर रहेथे.

उस समय मङ्गलाचरण किया गया—

अर्हन्तो ज्ञानभाजः सुरवरमहिताः सिद्धिसौधस्थसिद्धाः पंचाचारप्रवीणाः प्रगुण-

गणधराः पाठकाश्चागमानाम् ॥ लोकेलोकेशवन्द्याः सकलयतिवराः साधुधर्मा-
भिलीनाः पञ्चाप्येते सदाप्ताः विदधतु कुशलं विघ्ननाशं विधाय ॥ १ ॥

**मङ्गलाचरण करनेके बाद**—श्रीसंघसे प्रार्थना की गई के अहो भाग्य है के आज आपलोकोंका इस प्रतिष्ठा महोत्सवमें दर्शन हुवा है. जीर्ण पुस्तकोद्धार, जीर्ण मंदिरोद्धार, शिक्षण, जीवदया आदि बडे कामोंमें जो तन, मन, धन लगाते है, उनको धन्यवाद है. और कान्फरंसको धन्यवाद देना चाहिये के जिसके होनेसे उक्त कार्योंकी चारो तरफ उन्नति होरही है, और उनमे सेकडों रुपे खर्च होरहे हैं. हकीकतमे सोचा जावे तो कान्फरंसने प्रत्येक मनुष्य पर सालियाना चार आना लगाया है, और उसको आपलोकोंने देना स्वीकार करलिया है. देखिये, उसका उपयोग कैसे कैसे उत्तम कामोंमें होरहा है ये बुद्धिमत्ता विचारशीलता कान्फरंसकी है. मे आशा करताहूं के कान्फरंस होनेसे आपलोकोंको क्या २ लाभ होरहाहै और थोडे बरसके बाद इसका नतीजा कैसा होगा, वो अनिर्वचनीय है. हम लोक शासन देवतासे प्रार्थना करते हे के यह कान्फरंस सदा कायम रहो और इसके जो जो कर्तव्य हें पूरे होजाओ. सो बंधुओ, स्वांतका पानी सीपमें पडनेसे अमूल्य मोती पेदा होताहै. ऐसे चार आना तुछ है पर उसका विपरिणाम मोतिके समान हो रहाहै, और आप जानते है जीर्ण पुस्तकोद्धार जीर्णमंदिरोद्धार केळवणी जीवदया आदिमें जो आपका धन खर्च होताहै, उससे अनन्त गुण लाभ होताहै वास्ते देखा जावे तो लागा चार आनेका कमतर है परंतु ठीक है अभीतक आपलोककी बुद्धिमे कान्फरंसका कर्तव्य आया नहीं, वास्ते चार आना देनेमें भी कदाचित व्याकूलता होगी लेकिन मै जानताहूं के धर्म के काममे आपलोक कभी न हठेंगे.

देखिये सज्जनो प्रथम तो मनुष्य शरीर पाना कठीन है. अगर मनुष्ययोनि मिल गई तो उत्तम जाति मिलना अति कठीन है, कदाचित् उत्तम जाति मिलगई तो उत्तम कुल मिलना और कठीन है उसमे भी उत्तम धर्म मिलना सबसे मुशकिलहै सो हे मेरे प्रियबन्धुओ, शुभ कर्मके उदयसे मनुष्य शरीर, उत्तम जात, उत्तम कुल सबसे उत्तम वीतराग धर्म पाये हो सो मै समझताहूं के आपलोक बढ भागी और दर्शनीय होये सब सामान तो मिलगया, जैसे कोई आदमी रसोई करताहे आटा, दाल, निमक, मिरच, पानी, मसाला, आग ये तमाम चीजें होते हुवे अकेला करनेवाला नहीं हे तो सब निरर्थक है ऐसे आपका कुल जाति धर्म नरभव इत्यादि होते हुवे धर्माचरण विगेरे सब निरर्थक हो जावेगा, ऐसा भी कहा गयाहै के गद्धेके ऊपर चंदन लाद दिया तो खाली चंदनका बोझका पात्र सुगंधका नहीं ऐसे जो ज्ञानी विद्वान है; अगर शास्त्रोक्त आचरण करता नहीं तो निरर्थक है; दवाईके नाम लेनेसे बिमारी नहीं हठ जाती खानेसे रोग दूर होता है; लड्डूके नामसे तृप्ति नहीं होती खानेसे होती है एसें हि वीतराग धर्मके नाम मात्रसे संसारका रोग दूर होता है. धर्म आचरण करेगें तो संसारकी बिमारी मिटकर मुक्ति मिल जावेगी, इस वास्ते सज्जनों, ये धर्मरूपी चिन्तामणि रत्न हाथ लग

इसलिये भाव बलवान हैं, मूर्तिका लक्ष्य देखना, उसकी व्यक्ति नहीं देखना, आप लोककी बुद्धि मलिनहै वास्ते वह प्रतिमाका शरीर देखताहै, अर्थ देखता नहीं. तो फिर भाव पूजाही करनी चाहिये.—द्रव्यपूजा कायको करनी इसमें किंचित पाप होताहै—तो भद्रबाहु स्वामीने आवश्यक निर्युक्तिमें कूवेका उदाहरण दियाहै, जैसे कूवा खोदते समय मिट्टीप्यास परिसहयुक्त आदमी होजाताहै लेकिन पानी निकलनेसे सर्व प्रकारकी बाधा मिट जाती है, तैसें द्रव्यपूजा करतेसमय अल्प पाप जिन भक्तिमें बहुत निर्जरा भक्तिका फल श्री उत्तराध्ययनमें मोक्ष बताया गयाहै जिन पूजाका अधिकार बहुत सिद्धान्त महाशनीथ आदिमें है, पर बंधुओ, इहां विस्तार हो जानेके कारणसे नही दिया जाता समय बहुत थोडा है अगर कोई लोक पूछना आवे तो कल आठबजे आकर पूछे; बडीही कृपा होगी. इतना कह कर मै बैठताहूं.

मिति वैशाख सूदी ८ — पन्नालाल शास्त्री

उपदेशक, जन श्वेताम्बर कान्फरंस.

---

# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

( શાહ નરોત્તમ ભગવાનદાસ—મુંબઈ. )

( અનુસંધાન ગત વર્ષ પૃષ્ટ ૩૧૩ )

આ વિષય માટે ઈનામી નિબંધ તરીકે અત્રેના શ્રી શુભેચ્છક મિત્રમંડળ તરફથી રૂ. ૧૦, નું ઈનામ જાહેર કરી જે નિબંધ માગવામાં આવ્યો હતો તેમાંથી શ્રી વઢવાણ-વાળા શાહ નારણજી અમરશીનો લખેલ નિબંધ પ્રગટ થયોછે. આ નિબંધ ઘણી બાબતોમાં નવા વિચારોને જન્મ આપે તેવો તથા વિચાર કરવા લાયક છે.

નવાં દેરાસર કરાવવા કરતાં જીર્ણ સમરાવવામાં અષ્ટગણું પુણ્ય કહ્યું છે તે વિષે આપણે જોઈ ગયા. નિભાવ ફંડ કરવાની આવશ્યકતા પણ જોઇ ગયા. હવે તે દેરાસરોમાં હિસાબો વિષે કંઇ કહીશું. જ્યાં એકહથી સત્તા હોય ત્યાં, તે સત્તા જો સુજ્ઞ ન હોય તો, તેનો દુરૂપયોગ થવાનો સંભવ રહેછે. દેરાસરોના અને સામાન્ય રીતે સર્વ ધાર્મિક સંસ્થામાં વહિવટ એકથી વધારે માણસોની કમીટી કરે તે એટલાજ માટે પસંદ કરવા લાયક છે કે બીજાની સરસાઈ કરવા આગલો ધારણા રાખે, તથા એકની દેખરેખથી કંઈ ગોટો બીજાથી વાળી શકાય નહિ. અસલના વખતમાં-ઇંગ્રેજોના હિંદુસ્તાનમાં આવવા અને દૃઢ થવા પહેલાં દરેક ગામ, શહેર કે દેશના જૈન બંધુઓ અતિશય લાંબે વખતે ભેગા થઇ શકતા અને તે પણ જવલેજ. તીર્થયાત્રા એ મળવાનું મુખ્ય સાધન હતું. હાલ જે કામ માટે આપણી કોન્ફરન્સ પ્રયાસ કરેછે તેનો કંઇક અંશ આવા મેળાવડા કરતા હતા. આવા મેળાઓ વખતે મુખ્ય બાબતજ હાથ ધરી શકાતી, અને તેથી ગામ અથવા શહેરની શુભ ખાતાના હિસાબ જેવી બાબતને ગૌણ ગણવામાં આવતી. તે વખતે કદાચ શ્રદ્ધાને લીધે, તથા શ્રીમંતાઈને લીધે શેઠો શુભ ખાતાની પાઈ પણ બગાડતા

નહિ હોય અને તેથી વગર પ્રસિદ્ધ કરવે હિસાબો તદ્દન ચોખ્ખા રહેતા હશે. પરંતુ હાલ સ્થિતિ ફરી ગઈ છે. એવા ઘણા દાખલા જાણવામાં છે કે જેમાં કાં તો શેઠની શુદ્ધ બુદ્ધિથી અથવા પૈસા નહિ બતાવવાની ધાનતથી અથવા મહેતાની ગફલતથી હિસાબો ઘણા વરસના ચડતર રાખવામાં આવેછે. હાલ ઈંગ્રેજી રાજ્યને પ્રતાપે અને તેની અસરથી સવાલો પૂછવાની જે હિમત સામાન્ય મનુષ્યોમાં છે, તે અગાઉના વખતમાં બહુ થોડી હશે એમ સંભવ છે. હાલ એક ગરીબ ઉગતો હિમતવાન તરૂણ શ્રીમાન શેઠને પણ દેરાસર અથવા શુભ ખાતાના હિસાબ માટે પૂછી શકે છે, અને જો શેઠે જરા આડાઈ કરી તો ન્યાય કોર્ટનો આશ્રય લઇ શુભ ખાતાનો હિસાબ માગી શકાય છે. હિસાબો ચોખ્ખા રાખવા એ શુભ ખાતાના ટ્રસ્ટીની પહેલી ફરજ છે. મહેતા ગફલતી કરી અથવા ચોરી કરી કંઈ લઈ જાય તો તેની જવાબદારી પણ વિશાળ રીતે ટ્રસ્ટીપરજ છે. બધા દાવાને મુદતનો બાધ આવી શકે, પણ ટ્રસ્ટીએ કરેલી ભૂલને મુદતનો બાધ નથી. માટે સાંસારિક તથા ધાર્મિક એ દરેક રીતે દેરાસરના મેનેજરો ટ્રસ્ટીઓ અથવા શેઠો પોતે શુદ્ધ નિષ્ઠાથી એક પાઈ પણ નહિ બગાડતાં, હાથ નીચેના માણસો પણ ન બગાડે એવી દેખરેખ રાખવા બંધાયેલછે અથવા તેઓ ગફલત માટે જોખમદાર છે. હિસાબો છપાવીને પ્રસિદ્ધ કરવા ન કરવા એ તકરારી સવાલ છે, પરંતુ ચોખ્ખા રાખવાની તો પહેલી ફરજ છે.

---

# ઉપદેશક ટોકરશી નેણશીનો પ્રવાસ.

અજીમગંજ ૧૮-૪-૦૬—કલકતામાં તા. ૧૫ મીએ રાય બદ્રીદાસજીના મકાનમાં શ્રી સંઘની સભા કરી હતી. હસ્તપત્રો છપાવ્યા હતાં. પરંતુ સાધારણ સંખ્યા—આશરે ૧૨૫-હાજર થઇ. કોન્ફરંસના ઉદ્દેશ પરત્વે બે કલાક વિવેચન કર્યું. સભાપર ઘણીજ ઉંડી અસર થઈ જણાતી હતી. કશા ઠરાવો થયા નહિ કારણ બધા હાજર નહોતા. પરંતુ મુનિરાજ શ્રી વીરવિજયજીનું ચોમાસું છે તેથી આગળ ઉપર ઠરાવો કરાવવા મુનિરાજ તથા બીજા ભાઇઓએ કહ્યું છે.

કલકત્તામાં પણ ઐક્ય નથી. ઉપરથી છે, પણ અંદરથી નથી.

બંગાળી જૈનો અને અગ્રેસરોએ અમને જણાવ્યુંછે કે આપણી કોન્ફરન્સ માત્ર કાંગ્રેસની જેમ વાણીવિલાસી છે એવા અમારા અભિપ્રાયમાં તમારા આવવાથી મુંબઈની ઓફીસદ્વારા પ્રેકટીકલ કાર્ય કરવાની કોશિષમાં છો તેથી મોટો ફેર પડયો છે. તે લાભ અમને મોટો થયો છે. કોન્ફરંસ અંગે અમારી બેદરકારી વધત તે અટકી. હવે દિલસોજી વધશે. આ બે મુખ્ય સ્થળો સિવાય અન્ય સ્થળે જુજ વસ્તી છે. બંગાળના જૈન બંધુઓ ગબ્બર શ્રીમંતો છે છતાં બહુ પ્રમાદી જણાય છે. ભવ્યજીન મંદિરો બંધાવ્યાં છે પરંતુ દર્શન પૂજાએ કોઈ આવતા નથી. યાત્રાળુઓ શિવાય સ્થાનિક બંધુઓ જૈન મંદિરોનો લાભ લેતા જોયા નહિ.

બનારસ. તા. ૨૫-૪-૦૬—પાઠશાળા માટે યોગ્ય મેનેજરની બહુજ જરૂર છે. કામ વ્યવસ્થિત નિયમપૂર્વક ચલાવવા, સુધારણા કરવા, કોઇ લાયક માણસ ન હોવાથી પ્રાચિન પદ્ધતિએ અભ્યાસ કરવામાં છોકરા જોકે ઠીક લાગ્યા રહેછે તો પણ સારી દેખરેખ વગર ધારેલ હેતુ પાર પડવો મુશ્કેલ છે. મહારાજ શ્રી ધર્મવિજયજી પોતાથી બનતો પ્રયાસ લે છે. પરંતુ મુનિરાજ હોવાથી તેઓ આવા ખાતાની અનેક પ્રવૃતિમય ક્રિયાઓ નજ કહી કે કરી શકે.

મુનિરાજ શ્રીશાંતિ વિજયજી રેલગાડીએ પધાર્યા છે.

અત્રે જૈન ઘર ૧૫ છે. તેમાં પણ ત્રણ તડ છે. બહુ કુસંપ છે. જૈનોની સભામાં યોગ્ય વ્યાખ્યાન આપ્યું.

કાનપુર. તા૦ ૧-૫-૦૬—લખનૌમાં મુનિમહારાજ શ્રી કપુરવિજયજીના વ્યાખ્યાનમાં કોઇજ આવ્યા નહિ. બાબુ ચુનીલાલ મુખ્ય છે તે મુંબઈ આવેલ છે. બાકી ઘર ૩૦-૪૦ છે. બહુ પ્રમાદી, સુખશીળીઆ અને ધાર્મિક લાગણીથી રહિત છે.

આંહી એકજ ભંડારી રઘુનાથદાસ છે, સિવાય ગુજરાત મુંબઈ વિગેરે ભાઈઓના ઘર ૩૦ છે. તેમની સભા કાલે થઈ. આજે જાહેર સાર્વજનિક સભા ઠરી છે. દિગંબરી ઘર ૨૦૦ ઉપર છે. અહીં ત્રણ મીટીંગો કરી મુંગાપ્રાણીઓ ઉપર ઘાતકી પણું ગુજરતું અટકાવવા હીલચાલ શરૂ કરીછે.

જયપુર, તા. ૮-૫-૬-અહિંતો પંચમાં એક ઝઘડો એવો ચાલે છે કે કોર્ટે ચડ્યા છે.

---

# ધાર્મીક સંસ્થાઓના વહીવટ કરનારા ગૃહસ્થો પ્રત્યે વિનંતી.

આપણાં ધાર્મિક ખાતાઓના હીસાબોની તપાસણીનું કામ શરૂ થઇ ચુકયું છે, અને તેના સંબંધમાં તમામ ધાર્મિક ખાતાઓના હીસાબ રાખનારા તથા વહીવટ કરનારા ગૃહસ્થો પ્રત્યે વીનંતી કરવાનીકે હીસાબ તપાસનારાઓને નીચે જણાવ્યા પ્રમાણે ખાતાઓ તપાસવાની જરૂર પડશે તેથી પોતાના તાબાના ધાર્મીક ખાતાઓના હીસાબના ચોપડાઓ તથા હીસાબ વીગેરે આ સુચના પ્રમાણે તૈયાર રાખવા મેહેરબાની કરશો.

હીસાબ તપાસણીનું કામ આવતી કોન્ફરન્સ મળે તે પહેલાં બને તેટલું પુરૂં કરવાનો અમારો વીચાર છે તેથી કરીને આ જાહેર ખબરની તારીખથી એક માસની અંદર આપના વહીવટના સં. ૧૯૫૯, ૧૯૬૦, અને ૧૯૬૧ ની સાલના સરવાઈઆ તૈયાર રાખવા મહેરબાની કરશો.

ધાર્મીક સંસ્થાઓમાં મુખ્ય દરેક દેરાશરમાં નીચે પ્રમાણે નોંધ તથા ખાતાંઓ રાખવાની જરૂર છે તેથી તે પ્રમાણે નોંધો તથા ખાતાંઓ આપને ત્યાં તૈયાર હોય તો ઠીક નહીં

તો તે પ્રમાણે તૈયાર રાખવા મહેરબાની કરશો કે જેથી કરીને હીસાબ તપાસનારાઓને સુગમ પડે.

જરૂરી નોંધો.—૧ વપરાસમાં આવતા સોના, રૂપા, તથા જવેરાતના દાગીના તથા આભુષણની નોંધ વજન અને કીંમત.

૨ પરચુરણ સોના, રૂપા તથા જવેરાત વીગેરેની કીંમતી ચીજોની નોંધ વજન અને કીંમત.

૩ નીરઉપયોગી સામાન તથા સોના, રૂપા, તથા જવેરાત તથા દાગીનાની નોંધ વજન, અને કીંમત (આપને ત્યાં ચોપડા ઉપરથી થઇ શકે તેમ ના હોય તો વસ્તુઓ ઉપરથી કરવું.)

૪ ફરનીચર તથા વાસણ વીગેરેની નોંધ.

૫ સ્થાવર મીલકતની નોંધ.

૬ મૉર્ટગેજ (ધરાણીઆ) દાગીનાની નોંધ.

જરૂરી ખાતાઓ—નીચે બતાવ્યા પ્રમાણે ખાતાઓ ચોપડામાં જુદા જુદા હોવાની ખાસ આવશ્યકતા છે.

૧ સરવાઈયું.
૨ કેશર સુખડ ખાતું.
૩ અગરબતી ધુપ ખાતું.
૪ ધોતીયા પોતીયાં તથા કાંબળ ખાતું.
૫ ફૂલ તથા બગીચા ખાતું.
૬ પુજા તથા આંગી ખાતું.
૭ સ્નાત્ર પુજા ખાતું.
૮ બાદલા કટોરી ખાતું.
૯ પગાર ખાતું.
૧૦ ઉઘરાણી ખાતું.
૧૧ ડુબત ઉઘરાણી ખાતું.
૧૨ મોર્ટગેજ (ધરાણીઆ) ખાતું.
૧૩ સ્થાવર મીલકતનું ઉપજ તથા ખર્ચ ખાતુ.
૧૪ વ્યાજ ખાતું.
૧૫ પરચુરણ ખાતુ.
૧૬ સોનેરી તથા રૂપેરી વરખ ખાતુ.
૧૭ કેશર સુખડ તથા બરાસ વિગેરનું વેચાણ ખાતું.
૧૮ અગરબતી તથા ધુપનું વેચાણ ખાતુ.

૧૯ ઉપજ ખાતું, ભંડાર, ઘીની ઉપજ હરેક પ્રકારના લાગા તથ ઉપજ, પુજ તથા દીવો, નકરો વીગેરે.

૨૦ ભાડા ખાતું.

ઉપર જણાવ્યા પ્રમાણે દેરાસરને લગતી નોંધ તથા ખાતાઓ તેમજ સાધારણને લગતાં ખાતાંઓ તથા ખોડા ઢોર ( પાંજરાપોળો ) ને લગતા ખાતાઓ તથા બીજી ધાર્મિક સંસ્થાઓના હીસાબો તૈયાર રાખવાની મહેરબાની કરશો કે જેથી કરીને હીસાબ તપાસનારાઓને સુગમ પડે તથા ખોટી થવું પડે નહી. આ સંબંધમાં જે કાંઇ વીશેષ ખુલાસો જોઇએ તો નીચે સહી કરનાર પાસેથી મળી આવશે.

કોલસા મોહોલ્લો, મુંબઈ,
તા. ૩૦–૫–૦૬

લી. શ્રી સંઘનો સેવક,
આસીસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈનશ્વેતાંબર કોનફરંસ.

---

# માનાધિકારી ઉપદેશક મી. નરસિંહ જાદવજીનો રીપોર્ટ.

આપના તરફથી મંગળવારની સ્ટીમરમાં રવાના થઈ બુધવારે બપોરે વેરાવળ સ્ટેશનની ધર્મશાળામાં ઉતારો કરી વેરાવળના શેઠ ચત્રભુજને મળ્યો; પ્રમાણપત્ર વંચાવ્યો. કોન્ફરન્સ સંબંધી કેટલીક વાતચીત કરી સંઘ એકત્ર કરવા કહ્યું. આદરી ગામમાં પ્રતિષ્ઠાનો વખત હોવાથી સંઘ એકત્ર કરવાનું બની શકે એમ ન હોવાથી શેઠીઆઓની ખાનગી મુલાકાત લેવા સુચવવામાં આવ્યું તે માન્ય રાખી એક શેઠની ખાનગી મુલાકાત લીધી. તેમની સાથે કોન્ફરન્સ સંબંધી કેટલીક વાતચીત કરી જેમ બને તેમ બાળલગ્ન કમી કરવા અને બાળકોને ફરજીઆત કેળવણી સાથે બાળાઓને ધાર્મિક સાથે વ્યવહારીક કેળવણી આપવાનું બની શકે તો ઉત્તમ છે એવું દાખલા દલીલોથી દ્રઢ કરાવ્યું. આ ઉપરથી તેવણશ્રી એ દરમાસે રૂ. ૧૦) દશ એક સારૂં ધર્મજ્ઞાન આપી શકે એવી બાઈને પગાર તરીકે આપવા કબુલ કર્યું છે. તો તેવી બાઈની ગોઠવણ કરી આપવા, કોન્ફરન્સને સૂચવવાનું કહેવામાં આવેલ છે, તો યોગ્ય બંદોબસ્ત કરવા ગોઠવણ કરશો. ગુરૂવારે ત્યાંથી ઉપડી વણથલી આવ્યો ત્યાં પણ શેઠીઆઓને સંઘ એકત્ર કરવા સૂચવવામાં આવ્યું.

સાંજરે સાત વાગે પાઠશાળાની મુલાકાત લીધી. અત્રેના વિદ્યાર્થિઓનો અભ્યાસક્રમ ઘણો સારો છે. કુલ સંખ્યા ૨૯–૩૦ ની છે તેમાં ત્રણ વર્ગ છે. ઉંચા વર્ગને સંસ્કૃત માર્ગોપદેશીકાનું શિક્ષણ આપવામાં આવે છે. માસ્તર સીનીઅર તેમજ જૈની હોવાથી

ઘણુ સારૂં કામ બજાવે છે. પરિક્ષા લીધા બાદ ધી સૌરાષ્ટ્ વિશાશ્રીમાળી શુભેચ્છુ "મંડળ" તરફથી રૂમાલ તથા પતાસા વહેચવામાં આવ્યા હતા.

આઠ વાગે સંઘ એકત્ર થવા લાગ્યો. ૮।। વાગે લગભગ પચાશેક પુરૂષ, ચાલીશેક બૈરાંઓ તેમજ ૬૦—૭૦ છોકરા છોકરીઓએ હાજરી આપી હતી. શરૂઆતમાં મુંબઈમાં સ્થપાએલ શ્રી સૌરાષ્ટ્ર વિશા શ્રીમાળી શુભેચ્છુ મંડળનો ઉદ્દેશ સમજાવી કોન્ફરન્સ કોણ છે? દરેક ગામમાં છે કે મુંબઈમાંજ? શું શું કર્યું, શું શું કરે છે એ પર લંબાણથી વિવેચન કરી દયા ધર્મ કે જે આપણો મોટો પાયો છે અને જેના અંગે ચામડાનાં પૂઠાં નહિ વાપરવા, કચકડા નહિ પહેરવા વગેરે કરાવેલ ઠરાવોને બરાબર અમલમાં મૂકવાની સૂચના કરી; બાળલગ્ન અને કન્યાવિક્રયપર ખાસ ભાર દઈ કેટલુંક વિવેચન કરી તેને દૂર કરવાનો ખાસ ઉપાય સ્ત્રી કેળવણીજ છે, એમ કેટલાએક દાખલાઓથી સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રમુખની ફરમાશથી પાઠશાળાના માસ્તર તરફથી જણાવવામાં આવ્યું કે આજના વક્તાના ભાષણથી અત્રે પધારેલાઓમાં કેટલીએક ઉંડી અસર થઈ છે અને તેને વાસ્તે તેવા વિષયો દર મહિને એકાદવાર ચર્ચાવા અને જેમ બને તેમ એવા દુષ્ટ રીવાજો એકદમ બંધ થાય એવો પ્રયાસ જારી રાખીશું. ત્યારબાદ જુનાગઢ આવ્યો. અત્રે યાત્રા કરી ત્યાં ગીરનારજી પર કેટલીએક આશાતના જોવામાં આવી જે આપને રૂબરૂમાં પ્રકાશિત કરીશ.

વણથલી દેરાસરનું કામ ઘણી સારી રીતે ચલાવવામાં આવે છે, હિસાબ ઘણો ચોખો અને તૈયાર જોવામાં આવે છે. જૈન વસ્તી સાધારણ સ્થિતિની હોઈ તેમજ બીજાં કારણોથી પાંજરાપોળની ખામી બહુ જોવામાં આવે છે. નજીકના મોટાં સ્થળોવાળાઓએ તેમજ કોન્ફરન્સે કંઈ હીલચાલ ચલાવવી જરૂરી છે કારણ કે હીંસક ધર્મીઓનું જોર બહુ હોવાથી શાક માફક બજારમાં બબ્બે દોઢીએ બકરાં વખતે વખતે વેચાય છે.

બીલખા. તા. ૨૩—૪—૦૬, સોમ.

લી० આપનો લઘુ બંધુ,

કુંડલાકર નરસિંહ જાદવજી,

માનાધિકારી ઉપદેશક, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# નવીન સમાચાર તથા સ્ફૂટ વિચાર.

**સ્થાનકવાસી કોન્ફરન્સ.**—સ્થાનકમાં નહિ રહેતા છતાં ઢુંઢીયા કહેવડાવવામાં શરમાઈને સ્થાનકવાસી નામ ધારણ કરેલ ભાઈઓની પહેલી કોન્ફરન્સ કાઠીઆવાડમાં આવેલ મોરબીમાં આપણી પાટણ કોન્ફરન્સનાજ દિવસોએ ભરાઇ હતી. મોરબીના નામદાર ઠાકોર સાહેબ ત્રણે દિવસ હાજર રહ્યા હતા. આ કોન્ફરંસમાં કેળવણીને અંગે લગભગ રૂ. ૩૫૦૦૦, નું ફંડ થયું છે. નામદાર ઠાકોર સાહેબે રૂ. ૫૦૦૦, ભર્યા છે. વખતની

નિયમિતતા સચવાઈ શકી નહોતી. મંડપ ગામથી દૂર હતો. કોન્ફરન્સમાં ભાગ લેનાર મુખ્ય મુખ્ય ગૃહસ્થોનું આગમન મોડું થતું હતું. વખતની તંગાશને લીધે બહાર પાડવામાં આવેલ પ્રોગ્રામનો નિયમ પણ સાચવી શકાયો નહતો. બીજી કોન્ફરંસ રતલામ ભરાશે. આ કોન્ફરન્સ ખલાસ થયા પછી તેના પ્રમુખ રાયબહાદુર શેઠ ચાંદમલજી આપણા પવિત્ર તીર્થ ગિરનાર તથા શત્રુંજયની યાત્રા કરી લીંબડી પધાર્યા હતા. ત્યાં પોતાના રસાલાસાથે તે દર્શને ગયા હતા. તે વખત આરતીનો હોવાથી શેઠે પોતે મોઢેથી બોલીને આરતી ઉતારી હતી ને ચૈત્યવંદન તથા સ્તવન આદિ બોલ્યા હતા. શેઠે પૂજા કર્યાની હકીકત જાહેરમાં આવતાં તેમણે મુંબઈ સમાચારમાં ૧૩ એપ્રિલે ખુલાસો કર્યો છે કે હું ચુસ્ત સાધુમાર્ગી (ઢુંઢીયો) છું. સંપની વૃદ્ધિ કરવા માટે નમુનો બતાવવાને જૂનાગઢ તથા પાલીતાણે હું ગયો હતો. પરંતુ શેઠ સાહેબ જૈન પ્રતિમાને આજસૂધી માનતા આવ્યા છે. અજમેરમાં મંદિરમાં વખતો વખત જાયછે. પાલીતાણે સૂરજકુંડમાં નાહી પહેલી પખાલનું ૪૫ શેર ઘી બોલી પહેલી પખાલ પૂજા તથા કેશરપૂજા કરી હતી. શેઠ સાહેબે પાલીતાણે કારખાનામાં પણ પૈસા ભર્યા છે.

**સ્વદેશી ખાંડનું કારખાનું.**—બંગાળના શ્રીમાન બાબુ મહારાજ બહાદુરસિંહ પોતાની જેસોરની જમીનદારીની જમીનપર મોટા પાયાપર એક કારખાનું કાઢવાના છે.

**જે. પી.**—અત્રેના પ્રસિદ્ધ દિગંબર શેઠ માણેકચંદ હીરાચંદને નામદાર સરકારે મુંબઈ શહેરના સુલેહના અમલદાર નીમ્યા છે.

**ઑનરરી માજીસ્ટ્રેટ**—રા. સા. શેઠ હીરાચંદ મોતીચંદને તેમની જન્મભૂમિ એટલે સુરતમાં ઓનરરી માજીસ્ટ્રેટ તરીકે નામદાર સરકારે નીમ્યાછે.

**શાંતિ.**—કાઠીઆવાડમાં આવેલ પીપળીઆથી શા. પુરૂષોત્તમ ઓઘડ લખેછે કે શાંતિકરસ્તોત્રની ૧૩ ગાથા ૧૦૮ વખત સંભળાવ્યાથી પ્લેગના દરદીને તરત આરામ આવી જશે. જે માણુસ એક વખત સંભળાવે તે માણુસ ફરીથી કામ નહી આવે કારણ જે સાધ્ય કરેલ હોય તે માણસ ગમે તેટલાને સુવાણ કરી શકે, પણ જ્યાંસૂધી સાધ્ય ન કર્યો હોય. ત્યાંસૂધી ફક્ત એકજ વખત ગુણ આપે. અન્ય દર્શનવાળાને સંભળાવે તો નિરર્થક જાય. ઉપર પ્રમાણે એક પાનામાં લખેછે, તે પ્રમાણે ગુણ પણ આપેછે.

**નવું દવાખાનું.**—અત્રે ઝવેરી માણકચંદ પાનાચંદ તરફથી તેમની હીરાબાગની ધર્મશાળામાં એક દેશી દવાખાનું જૈનો તથા તમામ હિંદુઓ માટે ઉઘાડવામાં આવ્યું છે.

**શાળા.**—એક વર્ષ માટે વાગડમાં આવેલ ભચાઉ ગામમાં શરૂ કરવા દરમાસે રૂ. ૫૦ આપવા તથા બે ઉપદેશકો થોડો વખત મોકલવા કોન્ફરંસ તરફથી કબૂલ કરવામાં આવ્યું હતું. તે ગામમાં ટીપ કરતાં રૂ. ૭૦૦ ભરાઈ ગયા છે અને તા. ૧૫ માર્ચથી શાળાની શરૂઆત થઈ છે.

**પન્નાલાલ દવાખાનું.**—ફેબ્રુઆરી માસમાં ૧૯૨૯ માણસોએ લાભ લીધો હતો. સરેરાશ દરરોજની હાજરી ૬૮ હતી. જાન્યુઆરી માસમાં દરરોજની ૨૪ હતી,

મેનેજરો—પાલીતાણે આણંદજી કલ્યાણજીના કારખાનાપર શ્રી લોયણીના મેનેજર બાબુ ગિરધારીલાલ નીમાયા છે તથા પાલીતાણાવાળા મી. દુર્લભજી જુનાગઢની પેઢીપર નીમાયા છે.

ગિરનારજીની ચોરી—થોડા વખતપર જે ચોરી થઇ હતી તે હાલ પકડાઈ છે. ચોર કારખાનાનો એક મેર જાતનો અગાઉનો સીપાઇ હતો. તેને મુદામાલ સાથે પોરબંદરની હદમાંથી પકડવામાં આવ્યો છે.

કેળવણીની કદર—અત્રેના પ્રસિદ્ધ શેઠ વસનજી ત્રિકમજી અને મેશર્સ ખેતશી ખીઅસીની કંપની તરફથી કચ્છમાં આવેલ જૈન વસ્તીવાળા ૩૦ ગામોમાં સ્કૂલો સ્થાપવા વિચાર થયો છે. આવી શાળા દીઠ દરમાસે રૂ. ૩૦ નું ખર્ચ અડસટવામાં આવ્યું છે અને આ બધી શાળાઓ માટે એક ઇન્સ્પેકટર રાખવામાં આવશે. સ્કૂલ વિનાનાં જૈન વસ્તીવાળાં કચ્છમાં ૬૦ ગામો છે.

ફરજીયાત ખર્ચો કમી.—કંડાલીના મહાજને પરણાવવામાં રાતનો ટંક બંધ કર્યો છે ને હરખજમણના બે ટંક કર્યા છે.

સખાવત.—ડબાસંગના નિરાશ્રિત જૈનોના ફંડમાં રૂ. ૪૪૧ તથા શ્રીબનારસ યશો વિજયજી જૈનપાઠશાળાના ફંડમાં રૂપીયા ૧૦૮૩ વિશેષ ભરાયા છે.

પારિસનો અનુભવ.—પારિસમાં ઝવેરાતનો ધંધો કરતા મી. ખીમચંદ લલુભાઈ બેંકરના પત્ની અ. સૌ. બાઈ હીરાબાઈ પારીસથી લખેછે કે "અહિંયાં ધર્મ પાળી શકાય છે. હું હજુ આઠમ ચૌદશ પાળુંછું. અહિંયાં જેવી રીતે પાળવું હોય તેવી પાળી શકાય છે. ખાવા પીવા વિગેરે કોઈ જાતની અડચણ પડતી નથી."

કન્યાવિક્રય બાધા.—અત્રે મી. નરસીદાસ નથુભાઈના ભાષણને અંગે ૨૦૦ માણસોએ દૃઢ પ્રતિજ્ઞા લીધી છે કે અમારે કન્યા વિક્રય કરવો નહિ.

ઢુંઢીયા મટી મૂર્તિપૂજક.—ધોળેરાના ચોકડી ગામમાં રહેતા ભાઇ નેમચંદ જેચંદ ઢુંઢીયા મટી મૂર્તિપૂજક થયાછે. એક જ્ઞાની ઢુંઢીયા સાધુ વીરજી સ્વામી, કે જે ઢુંઢીયાના પ્રસિદ્ધ માણેકચંદ સ્વામીના માનીતા શિષ્ય હતા, તેમણે પણ તત્ત્વથી જીન પૂજાવિના શ્રેય નથી એમ જાણી કુંડલામાં દેરાસરમાં દર્શને પધારી આપણો સાધુધર્મ અંગીકાર કર્યો હતો. તેમનું નામ વીરવિજય રાખવામાં આવેલ છે.

નિભાવ ફંડ.—કચ્છ મુદ્રાખાતેની શ્વેતાંબર પાઠશાળાના નિભાવમાટે રૂ. ૧૫૫૪ નું ફંડ કરવામાં આવ્યું છે.

સરકારી વકીલ.—કાઠીયાવાડમાં રાજકોટખાતે એજંસી વકીલ મી. અભેચંદ મણિયાર જૈન છે, અને તેવીજ રીતે બીજા જૈન—મી. ડાહ્યાભાઈ હકમચંદ—ધંધુકાની કોર્ટમાં સરકારી વકીલ નીમાયાછે.

શુભ સ્થાપના.—અમદાવાદમાં શાહપુર જૈન જ્ઞાનોદય સભા તરફથી શ્રાવિકાશાળા સ્થાપન કરવામાં આવી છે. ૧૧૦ શ્રાવિકાઓએ શાળામાં આવવા કબૂલ્યુંછે. પાંચમ,

આઠમ તથા ચૌદશના રોજ નહિ રોવા કૂટવા ૫૦-૬૦ સ્ત્રીઓએ હાથ જોડ્યા છે. આ બધી મહેનત ૬-૭ ગૃહસ્થોએ કરી છે.

**મારવાડમાં ઠરાવો.**—કીશનગઢમાં આશરે બસે માણસોએ હોળીની પૂજા નહિ કરવા તથા રાતના સ્ત્રીઓએ રોવું બંધ કરવાના ઠરાવો કર્યા છે.

**ચેતવણી.**—જે કાર્ડઉપર કાર્ડના પ્રસિદ્ધ કરનારનું નામ ઠામ વિગેરે હશે તે કાર્ડ વાપરતાં તેને નોટપેડ ગણવામાં આવશે, એમ હાલમાં જણાવવામાં આવે છે.

**ગિરનાર યાત્રા.**—શેઠ ચાંદમલજી ફાગણ શુદ ૧૪ ગિરનાર પધાર્યા હતા. તેમણે નેમનાથજીનાં દર્શન કરી કેશર ચંદનથી પૂજા કરી હતી. પુષ્પપૂજા કરી આરતી પણ ઉતારી હતી. અમીઝરા પાર્શ્વનાથજીની પણ પૂજા કરી હતી. ત્યાં કારખાનાને અમુક રકમ પણ આપી હતી.

**વનસ્પતિ આહારીઓની સભા.**—વિલાયતના પાયતખ્ત લંડનમાં "મેમોરીયલ હોલ" માં વેજીટેરીઅન એસોસીએશનના આશ્રય હેઠળ એક સભા ભરવામાં આવી હતી. તેમાં ૮૦ વર્ષની ઉમરનાજ ફળાહારીઓએ ભાષણ આપ્યા હતાં. ભાષણ કરનારાઓ મી. સી. પી. ન્યુકોમ (ઉમર ૮૦) પ્રોફેસર એ. મેયર. એલ એલ. ડી; ડી, ડી; સીનીયર ફેલો, સેંટ જોન્સ કોલેજ, કેમ્બ્રીજ (વર્ષ ૮૧) મીસ વોર્ડલો (વર્ષ ૮૧) મી. જોસફ વૉલેસ (વર્ષ ૮૪) મી. ટી. એ. હેંન્સન (વર્ષ ૮૬) મી. ટૉમસ વાઈલ્સ એફ. આર. જી. એસ. (વર્ષ ૮૮) અને મી. સેમ્યુઅલ સેન્ડસ (વર્ષ ૯૧) હતા. તેઓ સઘળાઓએ જણાવ્યું હતું કે ફળાહાર કરવાથીજ અમે આવી સારી પુખ્ત જીંદગી ભોગવવા પામ્યા છીએ. તેઓમાંના કેટલાકે જણાવ્યું હતું કે માંસાહાર કરતી વખત અમે જે રોગથી પીડાતા હતા, તે રોગો દવાથી પણ સાજા થતા નહોતા. માંસાહાર તજી દેતાં અને વનસ્પતિનો આહાર કરતાં તે રોગો તેનીમેળે નાબૂદ થયા હતા.

**આયર્લાંડમાં વનસ્પતિ આહારક સભાની સ્થાપના.**—જે આઈરીશ કસરતબાજો કેવળ ફળાહારી હોય તેઓની એક સભા "આઈરીશ વેજીટેરીઅન એથલેટીક એસોસીએશન" નામે સ્થાપન થઇ છે.

**વિલાયતી સાકરનો ત્યાગ.**—રોહતકમંડીમાં સઘળા જૈન, હિંદુઓ તથા મુસલમાનોએ મળીને એવો ઠરાવ કર્યો છે કે મંડીના શાહુકારોએ વિલાયતી ખાંડની ગુણો સુખડીઆઓ પાસેથી પોતે લઇને તેના પૈસા પાછા દેવા અને નગરવાસીઓને કોઈ મંડીવાળો વિલાયતી ખાંડ વેચે નહિ. સુખડીઆઓ પાસે જે મીઠાઇ તૈયાર હોય તે દશ મણને ભાવે તોળી લઈને નીચ જાતિઓમાં વહેંચી દેવી. જે નુકસાન જાય તે પંચ શહેરના ફાળામાંથી ભરી આપે.

**શ્રી સદ્ધર્મ પ્રચારક.**—માળવા જીલ્લામાં આવેલા જાવરા ગામમાંથી આ નામનું માસિક પ્રસિદ્ધ થવાનું છે. વાર્ષિક મૂલ્ય રૂ. ૧॥ રાખ્યું છે. તેનું ઠેકાણું 'શ્વેતાંબરાભ્યુદય રાજેંદ્ર જૈન લાઇબ્રેરી, જાવરા છે.'

**પવિત્ર સ્થળ પ્રભાવ.**—"જૈનમિત્ર" લખે છે કે સુસનેરમાં એક સોનીને જૈન મંદિરના કળશપર સોનાનું પતરૂં ચડાવવા માટે ૨૭ તોલા સોનું દીધું હતું. સોનીએ ૯

તોલા સોનું લગાડી ૧૮ તોલા ગેપ કર્યું ને ચાલ્યો ગયો. રસ્તામાં જતાં જતાં અંધ થઈ ગયો. અને બીજા માણસોની મદદથી ઘેર પોહોંચ્યો. જૈનભાઇઓએ તપાસ કરતાં માલુમ પડ્યુંકે સોનું તો પતરામાં ૯ તોલાજ છે. બાકી ૧૮ તોલા સોની લઇ ગયો લાગેછે. તેને ઘેર પાંચ ભાઈઓ ભેગા થઇને ગયા તો ખબર પડ્યાકે જ્યારથી તે ઘેર આવ્યોછે ત્યારથી અંધ થયો છે. પછી બધા ભાઇઓએ તેને સમજાવ્યો કે તું અમારૂં સોનું દઈદે તો આંખ સારી થઈ જશે. સોનીના મનમાં રામ આવ્યા, તેથી તેણે ૧૮ તોલા સોનું દઈદીધું અને તરતજ આંખસારી થઈ ગઇ. કેવો શાસન દેવનો ચમત્કાર !

"આત્માનંદ જૈન પત્રિકા" લખેછે કે ગુજરાનવાલા વાળા લાલા નરસિંહદાસનો પુત્ર લાલાખુટામલ ખબર કર્યાવિના ઘેરથી ચાલ્યો ગયો. પિતાએ બહુ ચિંતાતુર થઇ કહ્યું કે રામનગરસ્થ ચિંતામણિ પાર્શ્વનાથ મહારાજ, આપ મારી પુત્રચિંતા દૂર કરો તો હું આપની યાત્રા કરીશ. સવારે ખુટામલનો તાર આવ્યો; પુત્રને પિતા તેડી લાવ્યો. થોડા દિવસ પછી સંકલ્પ પ્રમાણે યાત્રા કરવા જવા માટે લાલા નરસિંહદાસે સંઘ કાઢ્યો. ચિંતામણિ પાર્શ્વનાથ પહોંચી પૂર્ણ ભક્તિથી બે દિન ગાળ્યા. ત્રીજે દિવસ સવારમાં સંઘપતિએ હુકમ કર્યો કે ગાડાં જોડો. જેવા ગાડાં જોડયાં કે તરત વર્ષાદ પડવા માંડ્યો. ગાડાં છોડયાં કે તરત ઉઘાડ થઇ ગયો. એવી રીતે ૧૦-૧૨ વખત બન્યું. આખરે સંઘપતિ શેઠને યાદ આવ્યું કે જ્યારે હું ગુજરાનવાલાથી નીકળ્યો હતો, ત્યારે મેં નિશ્ચય કર્યો હતો કે હું ત્રણ દિવસ રહીશ. તે નિશ્ચય હવે હું પૂર્ણ કરીશ. દિન દેદિપ્યમાન થઈ ગયો. શાસન દેવતાના ચમત્કાર આવાજ હોય છે.

**મૃત્યુપ્રમાણ.**—એપ્રિલમાસના એક અઠવાડીયામાં અહિં જૈન જન્મ એકે નહોતો, અને મૃત્યુ ૧૨૪ હતાં.

**દિગંબરી ધર્મશાળાનો લાભ.**—અહિંની હીરાચંદ ગુમાનજી જૈન ધર્મશાળામાં ૧૪૭ શ્વેતાંબર જૈનોએ યાત્રા નિમિત્તે, અને ૫૬ જણાએ અન્યકાર્ય, નોકરી વ્યાપાર નિમિત્તે, કુલ ૨૦૩ જણાએ લાભ લીધો હતો.

**વિહારની અટકાયત.**—મુનિમહારાજ શ્રી હીરવિજયજી, શ્રી સુમતિવિજયજી, શ્રી વલ્લભવિજયજી, તથા શ્રી ઉમેદવિજયજી એ ચાર સાધુ લુધીઆનામાં વિરાજેછે. ચૈત્ર શુદ ૧૧ ગુરૂવારે વિહાર કરવાની તેમની પૂર્ણ ઈચ્છા હતી પરંતુ એવું બન્યું કે ચૈત્ર શુદ ૧૦ બુધવારે સાંજે ૫ા વાગે રત્નચંદજી તથા ચુનીલાલજી બે ઢુંઢીયા સાધુઓ મહારાજ શ્રી હીરવિજયજીવાળા ઉપાશ્રયની નીચે બજારમાં સડકપર ઉભા રહીને મોટેથી મહારાજ શ્રી વલ્લભવિજયજીને બોલાવીને મોટે અવાજે કહ્યું કે "અમે ચર્ચા કરવા આવ્યાછીએ તમે વિહાર કરશો નહિ. જો તમે ચાલ્યા જશો, તો તમે હાર્યા એમ સમજાશે." મહારાજ શ્રી વલ્લભવિજયજીએ કહ્યું કે "ચર્ચા કોણ કરશે, તમે કે બીજું કોઈ?" ઢુંઢીયા સાધુઓએ કહ્યું "સ્વામીજી મહારાજ શ્રી ઉદયચંદજી કરશે." મુનિ શ્રીવલ્લભ વિજયજી એ કહ્યું "એની સાથે આગળ ચર્ચા થઈ ચૂકી છે, જેનો છેવટનો ફેંસલો પણ થઈ ગયોછે. હવે વારંવાર ચાવેલું ચાવવાથી શું ફાયદો છે? પરાજય પ્રાપ્ત કરીને વિવાદ કરવો એ ઠીક નહિ. તો પણ તમારી અને શ્રી ઉદયચંદજી મહારાજની એવી તીવ્ર ઉત્કંઠા હોય

તો જઈને તમે તમારા શ્રાવકો સાથે બંદોબસ્ત કરો. અમે તૈયાર છીએ. " રત્નચંદજી એ કહ્યું " શું અમે શ્રાવકોસાથે બંધાયા છીએ. " ત્યારે શ્રી વલ્લભવિજયજીએ કહ્યું કે " જો શ્રાવકોથી બંધાયા ન હો તો ઉપર પધારો, ચર્ચા કરી લઈએ." રતીચંદજીએ કહ્યું કે " અમે કંઈ ચોર નથી. ખુલ્લા મેદાનમાં ચર્ચા કરશું. " ત્યારે શ્રી વલ્લભવિજયજીએ કહ્યું "ઘણી ખુશીની વાત, તમે મેદાન નક્કી કરો, પંડિતોને મધ્યસ્થ તરીકે નીમો, વખત મુકરર કરો અને અમને ખબર દ્યો. અમે પહોંચવાને તૈયાર છીએ. " આ સાંભળીને સાધુઓ ચાલ્યા ગયા. પછી લુધીઆનાના સંઘે મુનિમહારાજોને રોકયા અને એક સારા માણસ મારફતે અગ્રેસર ઢુંઢીયા ભાઈઓને કહેવરાવ્યું કે " શ્રી વલ્લભ વિજયજી હજીસુધી અહિં રહ્યા છે. આપના ગુરૂ મહારાજે એ કામ કર્યુંછે. અમે અમારા ગુરૂને વિહારથી રોકયા છે. હવે શું મરજી છે તે જણાવશો. " આનો જવાબ કંઈ મળ્યો નથી.

**પાઠશાળાને મદદ**—શ્રી અમદાવાદ મોહનલાલજી જૈન પાઠશાળામાં ભણતા બન્ને વર્ગના વિદ્યાર્થીઓ, જેઓ પહેલે, બીજે અને ત્રીજે નંબરે પાસ થાય તેમને આ પાઠશાળા ચાલે ત્યાં સૂધી દરેકને દરમાસે સ્કૉલરશિપ આપવાની શા. લલુભાઈ મનોરદાસ તરફથી ગોઠવણ થઈ છે.

**વિલાયત ગમન**—અલાહબાદની મ્યુર કોલેજના આસિસ્ટંટ પ્રોફેસર મી. જગમંદરલાલ જેની, જેઓ દિગંબરી છે, અને ઇંગ્રેજી " જૈન ગૅઝેટ " ના અધિપતિ છે, તે બારિસ્ટરનો અભ્યાસ કરવા વિલાયત ગયા છે.

**સ્કુલને ભેટ**—શ્રી માંડળમાં સ્કૂલ તથા પાઠશાળાને રા. બ. વસનજી ત્રિકમજીએ રૂ. ૧૦૧ બક્ષિસ આપ્યા છે.

**પ્રાચિન પ્રતિમાજી**—ઈડર તાબાના વણિયાદ કોકાપુર ગામના કૂવામાંથી પ્રતિમાજી નીકળ્યા છે.

**નવું દેરાસર**—નાશક ખાતે મરહુમ શેઠ મોતીચંદ પાનાચંદના વિધવા બાઈ હીરાબાઈ તરફથી દેરાસર બંધાઈ તૈયાર થયું છે.

**ડબાસંગના જૈનો**—ને વધુ રૂ. ૧૨૦૦ ની મદદ મળી છે.

**કેળવણી માટે સખાવત**—પાલીતાણામાં જૈન બોર્ડિંગ સ્કૂલના મેળાવડા વખતે શેઠ લખમીચંદ ધનજીએ પોતાના મરહુમ પત્ની બાઈ લીલીબાઈના સ્મરણાર્થે તે બોર્ડિંગને રૂ. ૧૦,૦૦૦ ની મદદ કરવા કબૂલ્યું છે. તેજ પ્રસંગે શેઠ વસનજી ત્રિકમજીએ ગોરજીના શિષ્યોને બોર્ડિંગસ્કૂલમાં વિદ્યાભ્યાસ કરાવવા માટે માસિક રૂ. ૧૨૫ મુજબ પાંચ વર્ષ સુધી રૂ. ૭૫૦૦ તથા જૈનધર્મ વિદ્યાપ્રસારક વર્ગ તરફથી ચાલતા જૈનધર્મ પુસ્તક પ્રસિદ્ધિના ખાતાને દરવર્ષે રૂ. ૫૦૦ મુજબ પાંચ વર્ષ સુધી રૂ. ૨૫૦૦ તથા તે વર્ગને હસ્તક ચાલતા કેળવણીખાતાને માસિક રૂ. ૩૦ લેખે બે વર્ષસુધી રૂ. ૭૨૦ એ રીતે રૂ. ૧૦૭૨૦ ની સખાવત કરવા કબૂલ્યું છે. કુલ રૂ. ૨૦૭૨૦ ની સખાવત થઈ છે.

**નિર્દયતાની સીમા**—આયર્લાંડમાં કેટલાક માણસોએ એમ ધાર્યું છે કે જાનવરોને શીંગડાં ભારરૂપ છે. માટે નાનાં બચ્ચાં હોય ત્યારે શીંગડાં ઉગવાની જગ્યાએથી ચામડી

કાપી નાખી એ કાપેલા ભાગ ઉપર કૉસ્ટીક પોટાશ, જે અગ્નિજ છે, તે ઘસવાની યોજના કરી છે. આ નિર્દયતા પણ એથી પાંચ દિવસનીજ ઉમરના વાછરડાઓપર કરવાની છે. વળી આ અગ્નિ જેવી દવા પાંચ પાંચ મીનીટને અંતરે ચાર પાંચ વખત ઘસવાથી કેટલી વેદના થતી હશે, તેનો ખ્યાલ આ બિચારા નિર્દય આઇરીશોને કયાંથી હોય?

**સબજેકટસ કમીટી.**—"જૈન" પત્ર તરફથી તૈયાર થએલ "અહુવાલે જૈન કોન્ફરન્સ" માં લખવામાં આવ્યું છે કે "આ કમીટીઓ કયા પ્રકારે નીમાયછે, તેના કયા ગૃહસ્થો આગેવાન છે, આવી કમીટીઓમાં અમુક સ્થળના લગભગ ડેલીગેટ જેટલાજ મેંબરો નીમાય છે, વિગેરે એક ડંગોરે કામ ચલાવવામાં આવેછે. તેમજ આવી કમીટીઓનાં નામ બોલવાનું કામ પ્રેસીડંટ અગર સ્થાનિક સેક્રેટરીનું હોવા છતાં હરવખત અમુક વ્યક્તિજ તે કાર્ય કાંતો સ્વઇચ્છાએ અગર બીજી કોઈ રીતે કરેછે અને તેમાં નામ પોકારવામાં વાસીદામાં સાંબેલા જેવી ભૂલ જોવામાં આવેછે." આ લખાણના સંબંધમાં બીજી દિશાએ પ્રગટ થએલો ખુલાસો નીચે મુજબ છે. "કોન્ફરંસમાં ચર્ચવાના વિષયો, દરખાસ્તો તથા તેના વક્તાઓ મુકરર કરવા માટે સબ્જેકટ કમીટી નીમવાની દરખાસ્ત મી. ગુલાબચંદજી ઢઢાએ રજુ કરી હતી અને તે દરખાસ્તને ટેકો આપતાં શા કુંવરજી આણંદજીએ સદરહુ કમીટીમાં નીમવા યોગ્ય ગૃહસ્થોનાં નામોનું લીસ્ટ વાંચી સંભળાવ્યું હતું. તેની અંદર તે વખતે કેટલાક નામોનો ઉમેરો કરવામાં આવ્યો હતો." આ બન્ને લખાણોમાં અમે એટલુંજ ઉમેરવા માગીએ છીએ કે પ્રતિષ્ઠિત, વિદ્વાન તથા બુદ્ધિમાન ગૃહસ્થો તેમાં નીમાયછે, સેક્રેટરીઓ તથા દેશાવરના બીજા મુખ્ય માણસો આગેવાન છે, અમુક સ્થળના લગભગ ડેલીગેટ જેટલાજ મેંબરો નીમાયા હોય તો તે અકસ્માતથીજ, જાણી જોઈને કોઇનાં નામો છોડી દેવાની વૃત્તિથી નહિ. એક ડંગોરે કામ ચલાવવામાં આવતું નથી, પરંતુ બની શકતી દરેક રીતની વ્યવસ્થાપૂર્વક કામ થાય છે. વળી કમીટીઓનાં નામ બોલવાનું કામ કોઈ વ્યકિત સ્વઇચ્છાથી કરતી નથી, પરંતુ ચારે જનરલ સેક્રેટરીઓની સંમતિ, આજ્ઞા તથા ઇચ્છાથીજ કરે છે. નામ પોકારવામાં વાસીદામાં સાંબેલા જેવી ભૂલ વિષે જે જણાવવામાં આવ્યું છે તે એટલુંજ કે ગેરહાજર ગૃહસ્થોનાં નામ કમીટીમાં સૂચવવામાં આવ્યા હતાં. આવા મોટા ગંજાવર મેળાવડામાં અમુક વ્યક્તિ હાજર છે કે નહિ તે સરતચૂકથી ન જણાય, તેને માટે આટલું બધું સખ્ત લખવાની જરૂર નહોતી. "જૈન" નો શુભ ઉદ્દેશ જાણ્યા છતાં આટલા ખુલાસાની આવશ્યકતા ધારી છે.

**પ્રદર્શન.**—ઉપલાજ "અહુવાલ" માં જણાવ્યું છે કે "પ્રદર્શનનો જે પ્રવાહ ચાલ્યો છે તે બંધ થાય તો સારૂં, નહિતો એવું પ્રદર્શન કરવું કે જેનો સાધારણ વર્ગ ઉપયોગ લઈ શકે એટલે તે આપણા ધર્મના ઉપકરણો વિગેરે સાથે તમામ દેશી ચીજોનું હોવું જોઇએ. અને તેમાં જૈન કારીગરોને ચાંદ ઈનામ વિગેરે મળે તે માટે ગોઠવણ કરવી

જોઇએ. " આ સંબંધમાં અમે એમ દૃઢ રીતે માનીએ છીએ કે અદર્શનનો પ્રવાહ ચાલ્યો છે તે કોઈરીતે નુકસાનકારક તો નથીજ. લાભકર્તા છે. માત્ર તેની અંદર ખર્ચનો સવાલ છે. તેથી ખર્ચની સગવડ હોય તો કરવું યોગ્ય છે. "જૈન" ની પાછળની સૂચના યોગ્ય છે, અને આવતે વર્ષ અમદાવાદમાં ભરાવાની કૉન્ફરન્સ વખતે ઉપલી સૂચના અમલમાં મૂકાવવા "જૈન" પોતાથી બનતું કરશે, એમ અમારી સૂચના છે.

નિરાશ્રિતાશ્રમ— અલાહાબાદખાતે પ્રગટ થતું "જૈન ગેઝેટ" માર્ચના અંકમાં લખે છે કે "આપણું (દિગંબરીઓનું) ઉત્તમ અનાથાશ્રમ હીસારમાં વકીલ બન્કેરાય અને લાલા ચિરંજીલાલ બહુ સારી રીતે ચલાવે છે અને જો શ્વેતાંબર કૉન્ફરન્સ વૃદ્ધ અને માબાપ વગરનાં છોકરાંઓ માટે આશ્રમ અને કારખાનું ઉઘાડવાના ઠરાવને અમલમાંજ મૂકવા માગતી હોય તો હિસારના આશ્રમની સાથે મળીને કામ લેવાને અમે અંતઃકરણથી ભલામણ કરીએ છીએ. વિધવાઓને કેળવવાની તેઓની (શ્વેતાંબરોની) યોજનાની બાબતમાં, હિંદુસ્તાનના જૈન યુવક મંડળનું સ્ત્રીકેળવણીખાતું, વિધવાશ્રમ જે મુંબઈમાં શ્રીમતી મગનબાઇએ સ્થાપેલ છે તે, મી. લાઠેની દેખરેખ નીચેનો દક્ષિણ મહારાષ્ટ્ર જૈન સભાનો સ્ત્રીવિભાગ અને શ્વેતાંબર કોન્ફરંસે કરવા ધારેલી આ સંસ્થા, એ સર્વે સાથે મળી જાય અને હિંદુસ્તાનના જૈન આગેવાનોના મજબૂત, પ્રતિનિધિવાળા મંડળની એક સાધારણ સત્તાનીચે કામ કરે તો આપણે કેટલા ખુશી થઈશું!" આ સંબંધે જણાવવાનું કે દિગંબરી ભાઈઓની વસ્તી જે ભાગમાં બહુજ સારી છે તે ભાગમાં હિસાર અનાથાશ્રમ આવેલું હોવાથી તેમને માટે યોગ્ય સ્થળે છે. પરંતુ શ્વેતાંબર સમુદાય જે ભાગમાં વિશેષ છે, ત્યાંજ નિરાશ્રિતાશ્રમની જરૂર વિશેષ કરીને હોવાથી અમે ધારીએ છીએ કે જો શ્વેતાંબર ભાઇઓ નિરાશ્રિતાશ્રમ કરવા માગતા હોય તો હિસાર આશ્રમસાથે જોડાઇ જવું મુશ્કેલ પડે. સ્ત્રી કેળવણીની બાબતમાં તેમના વિચારો લક્ષમાં લેવા જેવા છે.

ઉમદા પગલું.—અલાહબાદમાં માહમહિનામાં ભરાયલા કુંભમેળામાં દિગંબર શેઠ માણેકચંદ હીરાચંદે મોકલેલ જીનેંદ્રમતદર્પણની ૨૦૦૦ નકલો મફત વહેંચી હતી. શ્રીમાનો શુભ પ્રસંગે ખર્ચવા ધારેલ રકમોનો આવો ઉપયોગ કરે એ કેટલું બધું ઇષ્ટ છે તે સહજ સમજાય તેવું છે. ધર્મનો આ પ્રકાર બહુ સ્તુત્ય અને અનુકરણીય છે.

શ્રી સમેતશિખરજીની યાત્રા—શ્રી વડોદરાનો સંઘ શ્રી ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કમળવિજયજી સહિત સમેત શિખરજી યાત્રા અર્થે ગયો હતો. રસ્તામાં લખનૌ શહેરમાં રાત્રે જમણવાર થતો હતો તે શ્રી આચાર્ય મહારાજના ઉપદેશથી સઘળા બાબુ શ્રાવકવર્ગે બંધ કર્યાં છે. એક કપ્તાને પણ માંસાહારની બાધા લીધીછે.

વિશેષ ચમત્કાર.—મારવાડમાં પાલી શહેર અપૂર્વ યાત્રાનુ સ્થાન છે. ત્યાં ચિંતામણિ પાર્શ્વનાથજીના મંદિરમાં જે ઘીનો દીવો અખંડ રાતદિન રહે છે, તેના ઉપરના ઢાંકણામાં દીવાના કાજળ અથવા ધૂમાડાને બદલે કેશર પડે છે.

**નવીન સભાની સ્થાપના.**—ગુજરાતમાં ભોયણીજી તીર્થની નજદીક પાંચ ગાઉ દુર એક મોટું કડી નામનું શહેર આવેલું છે. તે શહેરમાં ચૈત્ર શુદ ૧ થી "શ્રી જૈનજ્ઞાન વર્ધક સભા" ની સ્થાપના થઈ છે. તે સભા દર રવીવારે સાંજના ૭ વાગ્યાથી ભરાયછે. તેમાં કોન્ફરંસને લગતા ઠરાવો ઉપરાંત બીજા સારા સારા વિષયો ઉપર ભાષણો અપાય છે. આ સભાએ મુંબઈની શ્રીવકતૃત્વકળા પ્રસારક સભાની માફકજ પોતાનો હેતુ રાખેલો છે. તેના પ્રમુક તરીકે માસ્તર શોભાગચંદ મોહનલાલ. શાહ નીમાયેલા છે કે જેઓએ કૅાન્ફરન્સ તરફ પુર્ણ વફાદારી ધરાવી ખંતથી અંગત મદદ આપી છે, ને હજુ આપે જાય છે. આશા છે કે આવી રીતે દરેક શહેરમાં સભાઓ સ્થાપન થઈ કોન્ફરંસના સ્તુત્ય હેતુઓ પાર પાડવા પ્રયત્ન કરે, થયાં અને આપણી કોમની જલદી ઉન્નતી થાય.

**મુનીરાજ શ્રી બુધ્ધમલજી અને જીર્ણોધ્ધાર.**—સિકંદ્રાબાદથી જૈન શ્વેતાંબર મુનિ બુદ્ધમલજી લખી જણાવેછે કે, "હું જીલા નાગપુર મુ. ચાંદા ગામે ગયો ત્યાંના દેરાસર ની ઘણી આશાતના થતી જોઇને ઉપદેશ કરીને જીર્ણોદ્ધાર કરાવ્યો. બીજે ઠેકાણે જીલ્લા રાયપુર મુ૦ રાજનંદગામમાં ૨૦ વર્ષથી ન્યાતમાં ઝગડો હતો. ત્યાં જઈને ઉપદેશ કરીને ન્યાતમાં સમાધાની કરીને મંદિરજીનું કામ ચાલુ કરાવ્યું. ત્રીજે ઠેકાણે મુ૦ સિકંદ્રાબાદમાં જૈન મંદીરમાં ઉતર્યો ત્યાં પણ દેરાશરની આશાતનાનો પાર નહીં હોવાથી ઉપદેશ કરીને જીર્ણોદ્ધાર કરાવ્યો. હું દેરાસરોની વ્યવસ્થા જોતો ઘણે ઠેકાણે ફરૂં છું. આ મુલકમાં ઢુંઢીયા ઘણા ફેલી ગયા છે. આ ખેત્રમાં આજતક ઢુંઢીયા નહી હતા. હવે ૪ ઢુંઢીઆ આવ્યા છે."

**મૃત્યુ**—વંથળીના નગરશેઠ વોરા ઝીણા સુંદરજી માહ વદ ૧૪ ના રોજ ગુજરી ગયાછે

**નવું દેરાસર**—વરાડના પંચે દેરાસર તથા ધર્મશાળા કરવાનો ઠરાવ કર્યો છે અને તેનો હીસાબ રાખવા શા. કસ્તુરચંદ જીતાજીને અખત્યાર આપ્યો છે.

**શોકજનક મૃત્યુ.**—ગુજરાતમાં આવેલા શ્રી ભોયણીજીના પ્રખ્યાત તીર્થના તીર્થ પતી શ્રીમલ્લીનાથજી માહારાજને ગાદીએ બીરાજમાન કરનાર કડીના રહીશ સંઘવી ચુનીલાલ જોઈતારામ અમદાવાદમાં ચૈત્ર શુદ ૧૦ ના દીવસે આસરે ૪૦ વર્ષની ઉમરે પોતાની પાછળ એક દશ વર્ષનો નાનો છોકરો મુકી ગુજરી ગયાછે. તેમણે પ્રથમ સંઘ કહાડયો હતો તેમજ ધાર્મિક કાર્યો તરફ ઘણી સારી વૃત્તી હોવાને લીધે ઘણી જગાએ બનતી મદત કરી હતી. સંવત ૧૯૫૬ ની શાલના ભયંકર દુષ્કાળ વખતે ગરીબ લોકોને ઘણી સારી મદદ કરી હતી. તેમજ ખોડા ઢોર જેવી સંસ્થાનો વહીવટ પણ તેવા ખરાબ વખતમાં સારી રીતે ચલાવ્યો હતો. તેમના માનમાં કડી શહેરના બજારમાં પાખી પાળવામાં આવી હતી. તેમણે પોતાની પાછળ એક સારી રકમ શુભ ખાતામાં વાપરવા કહાડેલી છે. કડીના શ્રી જૈન શ્વેતાંબર સંઘમાં આવા નરની મોટી ખોટ પડી છે.

# श्वेतांबर जैनोए रचेला प्रकरणोनुं लिस्ट.

## ( लखनार प्रो. रवजी देवराज, मुंबई. )

( **सूचना.**—आ लिस्टमां कांई भूल होय तो विद्वान् मुनिराज अने श्रावकोए लखी मोकलवुं. वली आ उपरांत बीजा ग्रंथो नथीज एम न समजवुं पण आ टिप्पनीमां जे लखेला छे तेज अहीं छपावेल छे. )

| नंबर. | नाम. | कर्ता. | श्लोक. | व्याख्या. | व्याख्या कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| | हरिभद्रकृति | | | | | | |
| १ | अष्टकसूत्र | हरिभद्रसूरि | २५६ | वृत्ति | जिनेश्वर | ३३७४ | सं. १०८० |
| २ | उपदेशपद | ,, | १०४० | ,, | मुनिचंद्र | १५५०० | सं. ११७४ |
| ३ | दर्शनसत्तरी | ,, | १२० | • | ० | ० | ० |
| ४ | धर्मबिंदु | ,, | | ,, | मुनिचंद्र | ३००० | |
| ५ | धर्मसंग्रहणी | ,, | | ,, | मलयगिरि | ११००० | |
| ६ | पंचवस्तुक | ,, | १६१४ | ,, | स्वोपज्ञ | ५०५० | |
| ७ | पंचाशक १९ | ,, | ११८४ | ,, | अभयदेव | ७४८० | सं. ११२४ |
| | | | | चूर्णि | यशोदेव | ३३०० | सं. ११७२ |
| ८ | पंच सूत्र | ,, | २१० | वृत्ति | स्वोपज्ञ | ८८० | आद्य पंचाशकर्ना |
| ९ | योगबिंदु | ,, | ५२० | ,, | ० | ३६२० | |
| १० | षोडशक | ,, | ३३० | ,, | ० | १५०० | |
| | उपदेशना मोटा ग्रंथो वर्ग १ लो. | | | | | | |
| १ | उपदेशमाळा | | | प्राकृत वृत्ति | कृष्णर्षिशिष्य जयसिंह | | सं. ९१३ |
| | | | | कर्णिका वृत्ति | उदयप्रभ | १२२७४ | सं. १२९९ |
| | | | | दोघटी वृ. | रत्नप्रभ | ११८२९ | सं. १२३८ |
| | | | | लघु वृ. | सिद्धर्षि | ३५८६ | |
| | | | | हेयोपादेयावृ. | सिद्धर्षि | ४१६० | |
| | | | | ,, कथाओसाथे | ,, | ९५०० | कथाओ कोईके उमेरी छे. |
| २ | उपदेश कंदली | | | वृत्ति | बाळचंद्र | ८००० | |
| ३ | उपदेश चिंतामणि | जयशेखर | | ,, | जयशेखर | १२०९३ | सं. १४३६ |
| ४ | ठाणाप्रकरण | प्रद्युम्नसूरि | | ,, | हेमसूरि गुरु देवचंद्र | १३००० | |
| ५ | दर्शन शुद्धि | | गा. २८२ | ,, | देवभद्र | ३८०० | |
| ६ | दानोपदेशमाळा. | | | ,, | ० | ० | पत्र ७१ |
| ७ | दिनकृत्य • | | | ,, | तपा-देवेंद्र | १२८२० | |
| ८ | धर्मोपदेशमाला | | | ,, | मुनिदेव | ६८०० | सं. ११९० |

| नंबर. | नाम. | कर्ता. | श्लोक | व्याख्या | व्याख्या कर्ता | श्लोक | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | लघु वृ. | जयसिंह | ० | सं. ९१५ |
| | | | | विवरण | ० | ० | |
| ९ | धर्मोपदेश प्रकरण | | | वृत्ति | यशोदेव | ८३३२ | सं. १३०५ |
| १० | धर्मरत्न | | | ,, | तपादेवेंद्र | ९७०० | |
| ११ | पुष्पमाळा | मळ.हेमचंद्र | | ,, | स्वोपज्ञ | १३८६८ | सं. ११७५ |
| १२ | प्रश्नोत्तररत्नमाळा | | | ,, | देवेंद्रसूरि | ० | सं. १४२९ |
| १३ | भवभावना | मळ. हेमचंद्र | गा. ५३१ | | स्वोपज्ञ | १३००० | सं. ११७० |
| १४ | योगशास्त्र | हेमाचार्य | | १२ प्रकाश | स्वोपज्ञ | १२३०० | |
| १५ | विवेकमंजरी | | | वृत्ति | अकळंक | ० | |
| | | | | ,, | बालचंद्र | ८००० | |
| १६ | शीळभावना | | | ,, | रविप्रभ | ९५७० | सं. १२२९ |
| १७ | शीळोपदेशमाळा. | | | ,, | रुद्रपल्लीय सोमतिळक | | सं. १२९४ |
| १८ | सम्यक्त्वप्रकरण | चंद्रप्रभ | | ,, | तिळकाचार्य | ८००० | सं. १२७७ |
| | | | | प्रा. कथा गर्भा | | १२००० | |
| १९ | संवेगरंगशाळा. | | | | अभयदेव भ्रातृजिन० | १००५३ | सं. ११७५ |
| २० | हितोपदेशमाळा | प्रभानंद | | वृत्ति | परमानंद | ९५०० | सं. १३०४ |
| | वर्ग २ जो. | | | | | | |
| १ | अभिनवपद | देवेंद्र | | वृत्ति | स्वोपज्ञ | ९००० | |
| २ | ऋषिमंडळ | | | ० | | | |
| | इसि मंडळेति | २७१ | | | | ४६१४ | |
| | भत्तिभरेति | २०८ | | ,, | आंचलिक भुवनतुंग | | |
| ३ | कथाकोश | २३९ | | ,, | जिनेश्वर | ६००० | सं. ११०८ |
| ४ | कथामणिकोश. | नेमिचंद्र | | ,, | आम्रदेव | ० | सं. ११९० |
| ५ | कथारत्नकोश | | | प्रकरण | देवभद्र | १२३०० | सं. ११५८ |
| ६ | गौतमपृच्छा | | | वृत्ति | खर. तिलको-पाध्याय | ५६०८ | |
| ७ | जयंतीप्रश्नोत्तरसंग्रह | मानतुंग | | ,, | मळयप्रभ | ६६०० | सं. १२६० |
| ८ | धर्मविधि प्रकरण. | | | ,, | उदयसिंह | ५५२० | सं. १२९६ |
| | | | | ,, | जयसिंह | ११२४२ | सं. ११ |
| ९ | धर्माख्यानककोश | | | प्राकृत बहु कथामयवृत्ति | | ० | ० |

| नंबर | ग्रंथ नाम | कर्त्ता | श्लोक | व्याख्या | व्याख्या कर्त्ता | श्लोक | रिमार्क |
|---|---|---|---|---|---|---|---|
| १० | नवपद | | | वृत्ति | देवगुप्तादि | २१७० | सं. १०७३ |
| | | | | ,, | जिनचंद्रादि | २२१० | ,, |
| | | | | | कुलचंद्रादि | २६०० | ,, |
| | | | | | यशोदेवोपा. | ९५०० | सं. ११६५ |
| ११ | पवज्जाविहाण | | | वृत्ति | प्रद्युम्न | ४५०० | सं. १३३८ |
| | | | | ,, | जिनप्रभ | २४८० | |
| १२ | वंदनक कुलक | | | ,, | जिनकुशळ | ४३७० | |
| १३ | विषयविनिग्रहकुलक | | | ,, | मलयचंद्र | १०००८ | सं. १३३७ |
| | ज्ञेयार्थ संग्राहक ग्रंथो वर्ग १ | | | | | | |
| १ | प्रवयण सारोद्धार | नेमिचंद्र. | २००० | वृत्ति | सिद्धसेन | १६५०० | सं. १२४२ |
| | | | | विषमपदटीका | ० | ० | |
| २ | प्रवचनसार * | | | वृत्ति | अमृतचंद्र | ० | |
| ३ | पवयण संदोह | | | ,, | ० | ० | |
| ४ | विचारसार | प्रद्युम्न | ८९७ गाथा | | | | {सोपयोगि बहु {संग्रहवाळो छे. |
| ५ | समयसार* | | | वृत्ति | अमृतचंद्र | ० | |
| | ,, पंचास्तिकायसंग्रह | | | ,, | ,, | | |
| ६ | सत्तरिसयठाण | | ३५९ | | | | |
| | वर्ग २ जो | | | | | | |
| १ | आराधनापताका | आंचलिक सोमप्रभ | ८३१ | | | | |
| २ | पिंडविशुद्धि | जिनवल्लभ | १०३ | वृत्ति | श्रीचंद्र | ४४०० | सं. ११८० |
| | | | | अनुवृ. | यशोदेव | २८०० | सं. ११७६ |
| | | | | दीपिका | | ५५० | |
| ३ | प्रशमरति | उमास्वाति | | वृत्ति | द्वी. हरिभद्र | १००० | सं. ११८५ |
| ४ | योनिप्राभृत | धारसेन | | | | | सं. १३० विरात् ६०० |

* आ बे ग्रंथो तथा तेनी वृत्ति दिगंबरकृत छे.

| नंबर | ग्रंथ नाम | कर्त्ता | श्लोक | व्याख्या | व्याख्या कर्त्ता | श्लोक | रिमार्क |
|---|---|---|---|---|---|---|---|
| | प्रक्रियाना ग्रंथो वर्ग १ लो. | | | | | | |
| १ | कर्मप्रकृति | | गा. ४७५ | वृत्ति | मलयगिरि | ८००० | |
| | | | | चूर्णि | —— | ७००० | |
| | | | | चू. टिप्पनक | मुनिचंद्र | १९२० | |
| २ | पंचसंग्रह | चंद्रर्षि. | | वृत्ति | स्वोपज्ञ | —— | |
| | | | | ,, | मलयगिरि | —— | |
| ३ | बृहत्कर्मग्रंथ. | | | | | | |
| | १ कर्मविपाक | | | वृत्ति | परमानंद | ९६० | |
| | | | | टिप्पनक | उदयप्रभ | ४२० | |
| | २ कर्मस्तव | | | वृत्ति | गोविंदाचार्य | १००९ | |
| | | | | ,, | प्रभसूरि | २९२ | |
| | ३ बंधस्वामित्व | | | ,, | द्वि. हरिभद्र | ५६० | सं. ११७२ |
| | ४ षडशिति | जिनवल्लभ | | प्राकृत वृत्ति | रामदेव | ८०५ | |
| | ( अपरनाम आगमिक वस्तु विचारसार.) | | | वृत्ति | मलयगिरि | २१०० | |
| | | | | ,, | यशोभद्र | १६३० | |
| | | | | | द्वि. हरिभद्र | ८६० | सं. ११७२ |
| | ५ शतक | | | वृत्ति | म. हेमचंद्र | ३७४० | |
| | | | | चूर्णि | —— | २३८० | |
| | | | | टिप्पनक | उदयप्रभ | ९७४ | |
| | ६ सार्ध शतक (सूक्ष्मार्थविचारसार) | जिनवल्लभ | | वृत्ति | द्वि. हरिभद्र | ८५० | सं. ११७२ |
| | | | | ,, | धनेश्वर | ३००० | सं. ११७१ |
| | | | | प्राकृतवृत्ति | | —— | |
| | | | | वृत्ति टिप्पनक | | १४०० | |
| | ७ सत्तरी | | | प्राकृत वृत्ति | चंद्रमहत्तर | २३०० | |
| | | | | वृत्ति | मलयगिरि | —— | |
| | | | | भाष्य | —— | —— | |
| | | | | चूर्णि | —— | —— | |
| | | | | टिप्पनक | खर रामदेव | ५३० गा. | |

| नंबर | ग्रंथ नाम | कर्त्ता | श्लोक | व्याख्या | व्याख्या कर्त्ता | श्लोक | रिमार्क |
|---|---|---|---|---|---|---|---|
| ४ | नव्यकर्म ग्रंथ | देवेंद्रसूरि | | वृत्ति | स्वोपज्ञ | | |
| | कर्मविपाक | | | वृत्ति | १८८२ | ८१३७ | |
| | कर्मस्तव | | | ,, | ८३० | | |
| | बंधस्वामित्व | | | अव चूर्णि | ३८५ | | |
| | षडशीति | | | वृत्ति | २८०० | | |
| | शतक | | | वृत्ति | ४२४० | | |
| | **वर्ग २ जो** | | | | | | |
| १ | जीवसमास | | | वृत्ति | मळ. हेमचंद्र | ६६२७ | |
| २ | नव तत्त्व | देवगुप्त | | भाष्य | नवांग अभयदेव | | |
| | | | | भाष्य वृत्ति | यशोदेव | २४०० | सं. ११७४ |
| ३ | संग्रहणी | | | | | | |
| | बृहत्संग्रहणी | जिनभद्र | ५३० | वृत्ति | शालिभद्र | २८०० | सं. ११३९ |
| | | | | ,, | मलयगिरि | ५००० | |
| | लघु संग्रहणी | — | | ,, | मल. देवभद्र | ३५०० | |
| | जंबू द्वीपसंग्रहणी | | | ,, | — | १५० | |
| ४ | क्षेत्र समास | | | | | | |
| | बृहत्क्षेत्रसमास | | | वृत्ति | मळयगिरि | ७८८७ | |
| | | | | ,, | सिद्धसूरि | ३००० | सं. ११९२ |
| | | | | | देवभद्र | १००० | सं. १२३३ |
| | | | | ल. वृ. | — | — | |
| | लघुक्षेत्रसमास | | | वृत्ति | हि. हरिभद्र | ५११ | |
| | क्षेत्रसमास संस्कृत | उमास्वाति | २८८० | | | | |
| | क्षेत्रसमास | — | ३८९ | | | | |
| | **वर्ग ३ जो.** | | | | | | |
| १ | खंडप्रत्रिंशिका | | | वृत्ति | रत्नसिंह | | |
| २ | निगोद षट्त्रिंशिका | | | ,, | ,, | | |
| ३ | पुद्गल षट्त्रिंशिका | | | ,, | ,, | | |
| ४ | बंध षट्त्रिंशिका | | | ,, | ,, | | |
| ५ | अंगुलसत्तरी | मुनिचंद्र | | — | | | |
| ६ | पाक्षिकसत्तरी | ,, | | — | | | |
| ७ | वनस्पतिसत्तरी | ,, | | — | | | |

| नंबर | ग्रंथ नाम | कर्त्ता | श्लोक | व्याख्या | व्याख्या कर्त्ता | श्लोक | रिमार्क |
|---|---|---|---|---|---|---|---|
| ८ | सिद्धिपंचाशिका | | | वृत्ति | तपादेवेंद्र | ७१० | |
| ९ | दूसमदंडिका | ( प्राकृत ) | गा. ९२ | संस्कृत | योगसार | ११२ | |
| १० | दूसमविच्छेददंडिका | ( प्राकृत ) | गा. २०४ | ,, | ,, | १७३ | |
| ११ | सम्यकत्व स्वरूप | जिनचंद्र | गा. १०४ | — | — | | |
| १२ | सम्यकत्व गाथा एग विहं इत्यादि | | | वृत्ति | — | १०५ | |
| १३ | श्रावक भंगकादि विचारगाथा | | | वृत्ति | विजयदेव | ५५७ | |
| | **गच्छव्यवस्थाना ग्रंथो. वर्ग १ लो.** (तपागच्छसंबंधी) | | | | | | |
| १ | तपासामाचारी | — | ७०० | | | | |
| २ | सामाचारी १३६ अधिकारनी | मळ. देवप्रभ | १४५० | | | | |
| ३ | सामाचारी(सुबोधा) | धनेश्वरशिष्य श्रीचंद्र | १२२१ | | | | |
| ४ | विचारामृत संग्रह | कुलमंडन | | | | | सं. १४४३ |
| ५ | श्रावक सामाचारी | — | | वृत्ति | देवगुप्त | १२०० | |
| ६ | उपधानस्वरूप | देवसूरि | | | | | |
| ७ | तत्वबोध (निजातीर्थिककल्पित कुमतनिरास) [स्थळ | द्वि. हरिभद्र [रि | ५०४० | | | | आंचाळिक पौर्णिमिक छिद्र सूचक |
| ८ | यतिप्रतिष्ठास्थापन | अजितदेवसू | पत्र २६ | | | | सं. ११८५ |
| ९ | चरणसहस्रोदधि | — | — | | | | |
| १० | आचरणाशतक | | | | | | शतपदीनुं पूर्वपक्ष |
| | **वर्ग २ जो** | | | | | | |
| १ | गच्छांतर शतपदी | आंचलिक महेंद्रसिंह | ५४५० | | | | सं. १२९४ |

—

| नंबर. | ग्रंथनाम. | कर्त्ता. | श्लोक. | व्याख्या. | व्याख्या कर्त्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| | अनुष्ठान विधिना ग्रंथो. | | | | | | |
| १ | आलोचनापदसंग्रह | | | | | | |
| २ | आलोचना विधान | | | | | | |
| ३ | जिनप्रतिष्ठा | | | | | | |
| ४ | ग्रहदोष ज्ञानाध्याय. | | | | | | |
| ५ | दोषशांतिक ( जैन तथा लौकिक ) | सिंहतिलक | २२५ | | | | |
| ६ | धूमावळ्यादि वृत्ति | | | वृत्ति | समुद्राचार्य | २५० | कुसुमांजलि वगेरे जणावनारी |
| ७ | शांतिवेताळीयपर्व पंजिका. | शीळाचार्य | | | | | स्नानविधि वगेरे जणावनारी |
| | आध्यात्मिक ग्रंथो. | | | | | | |
| १ | आत्मावबोध | मळदेवप्रभ | ५५० | | | | |
| २ | आनंदसमुच्चय | | | | | | घणा प्रकरण वाळुं अध्यात्म शास्त्र छे. |
| ३ | ज्ञानदीपिका | — | | | | | |
| ४ | ज्ञानार्णव | दि. शुभचंद्र | ४००० | | | | योग शास्त्रतुल्य छे. |
| | ,, शुद्धोपयोग | ,, | | | | | |
| ५ | ज्ञानांकुश | काव्य २८ | | | | | |
| ६ | तत्वार्थसार | दि. अमृतचंद्र | | | | | |
| ७ | योगशत. | | गा. १०१ | | | | |
| ८ | योगसंग्रह | — | | | | | |
| ९ | शमभावशत | धर्मघोष | १०२ | | | | अंतरंग कथा वाच्यछे |
| १० | शाम्यशत | विजयसिंह | १०४ | | | | |
| ११ | संवेगद्रुमकंदळी. | विमलाचार्य | काव्य ४२ | | | | |
| | तीर्थमहात्म्यनाग्रंथो | | | | | | |
| १ | शत्रुंजयकल्प | पादलिप्त | | | | | |
| २ | शत्रुंजयमाहात्म्य | धनेश्वर | | | | | |
| | भविष्यवादनाग्रंथो | | | | | | |
| १ | गौतम भाषित | | का. ४२ | | | | प्राकृत |
| २ | दीपाळी कल्प | | १४४ | | | | |
| ३ | दीपोत्सव कल्प | विनयचंद्र | २७४ | | | | संवत १३८५ |
| | नीति ग्रंथो. | | | | | | |
| १ | सोमनीति | सोमदेवसूरि | | | | | |
| २ | विवेकविलास | जिनदत्तसूरि | | | | | |

| नंबर. | नाम. | कर्त्ता. | श्लोक | व्याख्या. | व्याख्या कर्त्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| | सूक्तग्रंथ. वर्ग १. | | | | | | |
| १ | इष्टोपदेश | | | | | | |
| २ | तत्वबिंदु | — | ५१ | | | | |
| ३ | दानादि प्रकरण | सूरचार्य | | | | | |
| ४ | दृष्टांतशतक | — | १०४ | | | | |
| ५ | बोधप्रदीपिका. | — | ५२ | | | | |
| ६ | सिंदूर प्रकर | — | ९८ | | | | |
| | वर्ग २ जो. ( संग्रहग्रंथ.) | | | | | | |
| १ | शुभावळी [ध | — | — | | | | पत्र ३४ |
| २ | सत्तावसरकाव्यादिबं- | — | — | | | | |
| ३ | सुधाकळश | — | — | | | | |
| ४ | सुभाषित समुद्र. | धर्मकमार | | | | | |
| ५ | सूक्तरत्नाकर | ,, | | | | | |
| | परसमयगप्प दर्शक ग्रंथो. | | | | | | |
| १ | द्विजवदनचपेटा | | | | | | |
| २ | वज्रसूची | | | | | | |
| ३ | धर्मपरीक्षा | दिगंबर अमितगति | | | | | |
| ४ | भविष्योत्तरोद्धार | | | | | | परसमयस्वरुपदर्शक |
| | स्तवस्तुतिना ग्रंथो. वर्ग १ लो. | | | | | | |
| १ | अजितशांतिस्तव. | | | वृत्ति | गोविंदाचार्य | २००० | |
| २ | जयतिहुअण | | | ,, | | २५० | |
| ३ | जिनशतक | जंबुगुरू | का. १०० | ,, | शांबमुनि | १५५० | सं. १०२५ |
| ४ | भक्तामर | मानतुंग | काव्य ४४ | ,, प्रदीपिक. | गुणाकर | १५०२ | सं. १४२६ |

| नंबर | ग्रंथ नाम | कर्त्ता | श्लोक | व्याख्या | व्याख्या कर्त्ता | श्लोक | रिमार्क |
|---|---|---|---|---|---|---|---|
| ५ | वीतरागस्तव | | | वृत्ति | प्रभानंद | २१२५ | |
| ६ | वीरस्तव | पं. धनपाल | | ,, | सूराचार्य | २२५ | निम्मळनदेवि इत्या. |
| | **वर्ग २ जो.** | | | | | | |
| १ | सिद्धसेन स्तुति (विंशतिद्वात्रिंशिका) | सिद्धसेन | ८५० | | | | |
| २ | शोभनस्तुति | शोभन | काव्य ९६ | वृत्ति | पं. धनपाल | ९५० | |
| ३ | धनपाळपंचाशिका | पं. धनपाल | | ,, | प्रभानंद | ११०० | |
| | | | | संक्षिप्त वृ. | | ६४० | |
| ४ | बप्पभट्टि स्तुति | बप्पभट्टि | काव्य ९६ | वृत्ति | सहदेव | ७३५ | नमेंद्रमौलि इत्यादि |
| | **वर्ग ३ जो.** | | | | | | |
| १ | चतुर्विंशतिजिन स्तव २४ | — | दरेक गा. ६ | | | | च्यवनादि १५ वस्तुवाचक |
| २ | ,, २४ | मळ.देवप्रभ | दरेकगा.८ | | | | च्यवनादि ३९ |
| ३ | ,, | समंतभद्र | | वृ. | दि. प्रभाचंद्र | १५४० | स्वयंभुवा इत्यादि |
| ४ | जनेनयेनस्तुति | | | ,, | — | — | |
| ५ | धरणोरगेंद्रस्तव | | | ,, | | ३०० | ऐंद्रस्तवइत्यादि |
| ६ | लघुस्तव | | | ,, | — | | |
| ७ | सतस्मरण | | | ,, | जिनप्रभ. | २२३७ | सं. १३६५ |
| | १ अजितशांति | | | | | | |
| | २ भयहर(नमिऊण) | | | वृत्ति | | १६० | |
| | ३ उवसग्गहर | | | ,, | | | |
| | ४ तंजयउ | | | | | | |
| | ५ सिग्धमव | | | | | | |
| | ५ मयरहियं | | | | | | |
| | ६ उल्लासिक्कम | | | | | | |
| ८ | सोमतिलककृतस्तवनो | सोमतिलक | | | | ११०० | |
| | यत्राखिल | ,, | ५८ | लघुवृत्ति | | ७० | |
| | श्री तीर्थराज | ,, | ४ | | | ६०० | |
| | जयवृषभ | ,, | २८ | | | २५० | |
| | स्तुतिशस्ता | ,, | ४ | | | २१० | |
| | इययू | ,, | ४ | | | १० | |
| | देवेंद्रैरनीशं | ,, | | | | ८० | |
| | श्री शैवेयं | ,, | | | | | |

# जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कॉन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने कील सुधीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ था ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपीयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसीद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणें कबुलायत आपवी पडशे. जो ते हक कॉन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने करावबामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास करावबामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शीवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलाशा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

कोलसा मोलो, मुंबई. आसीस्टंट सेक्रेटरी.

ता. २५–१–१९०६. श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

---

## માનાધિકારી ( ઓનરરી ) ઉપદેશક તરીકે કાર્ય કરવાની ઇચ્છા રાખનાર વક્તાઓને સારી તક.

કોન્ફરંસના હેતુઓ ઉપર પોતપોતાના જીલ્લાઓમાં ફુરસદના વખતે ભાષણો આપી કોન્ફરંસની સેવા બજાવવાની ઇચ્છા રાખનારાઓને આ કાર્ય માટે તેમની લાયકાત સંબંધી ખાત્રી થયેથી રેસીડંટ જનરલ સેક્રેટરીની સહી સાથના પ્રમાણપત્રો આપવામાં આવશે.

ઇચ્છા રાખનારાઓએ આ સંબંધમાં નીચેના શીરનામે પત્રવ્યવહાર કરવો.

આસીસ્ટંટ સેક્રેટરી,

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ ઓફીસ,

કોલસા મહોલો, મુંબઈ.

Registered No. B. 525.

वीर सम्वत् २४३२.　　ॐ　　विक्रम सम्वत् १९६२

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain (Swetamber) Conference HERALD.

(A CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हैरल्ड.

Vol. 2, No. 6.　　पुस्तक २, नम्बर ६.

June 1906.　　जुन सन १९०६.

PUBLISHED BY THE JAIN S. CONFERENCE OFFICE. BOMBAY.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

Annual Subscription with postage Re. 1

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

## विषयानुक्रमणिका.

| विषय. | पृष्ठ. |
|---|---|
| जैन श्वेतांबर कॉन्फरन्सकी स्तुति. ... | १६१ |
| राय सेठ चांदमलजी और "जैनोदय" | १६२ |
| જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ ... ... ... | ૧૬૭ |
| સટ્ટો ... ... ... ... | ૧૬૮ |
| સ્ત્રી કેળવણી ... ... ... | ૧૭૧ |
| जैनी भाइयोंकी सेवामें अभ्यर्थना .... | १७४ |
| जैनागम पाठशाला जयपुर ... | १७६ |
| अवायल उमरकी शादीकी खराबीयां ... | १७८ |
| હું શું જોઉં છું? ... ... | ૧૮૦ |
| जैन कॉन्फरन्सके ऑनररी उपदेशक और प्रसिद्ध वक्ता मि. अमरचंद पी. परमारका कॉन्फरन्सकी सेवार्थे रजपुतानाका स्तुत्य प्रयास ... ... | १८५ |
| કચ્છ દેશની શ્રીજૈન શ્વેતાંબર મુર્તીપુજક શ્રાવકોની વસ્તીવાળાં ગામોની ડીરેક્ટરી થઇને આવી છે તે ગામોનું તાલુકાવાર લીસ્ટ ... ... ... | ૧૯૦ |

# श्री जैन श्वेतांबर डीरेकटरी.

## मालवा और मेवाडके श्रावक समुदायको विज्ञप्ती.

मालवा मेवाडके जैन समुदायकी डीरेकटरी तैयार करनेका कार्य प्रतापगढ निवासी शेठ लक्ष्मीचंदजी घीया, मालवा और मेवाड जैन डीरेकटरीके ओनररी सुपरवाईझर ईनको सुपर्द कीया गया है सो डीरेकटरी के वास्ते ईन महाशय मालवा और मेवाडमें जहां जहां अपने कलार्क भेजे वहांके श्रावक समुदायको अर्ज की जाती है के ऊन कलार्क को खोटी न करके शिघ्र मदद देकर डीरेकटरीके फोर्म भरवा देनेकी मेहेरबानी फरमावे.

**श्री जैन श्वेतांबर कोन्फरन्स, कोलसा मोहोल्ला—मुंबई.**

---

### श्री जैन श्वेतांबर डीरेकटरी.

## मध्यप्रांत (सी. पी.) के श्रावक समुदायको विज्ञप्ति.

मध्यप्रांतके जैनसमुदायकी डीरेकटरी तैयार करनेका कार्य जबलपुर निवासी मि. माणकचंदजी कोचर बी. ए. मध्यप्रांत जैन डीरेकटरीके आनररी सुपरवाईझर इनको सुपर्द किया गया है, और इस वास्ते सब मध्यप्रांतमें प्रवास करेंगे. जीसके लिये मध्यप्रांतके श्रावक समुदायको अर्ज की जातीहै के डीरेकटरीसंबंधमें सब हकीकत इकठी करनेमें उन महाशयोंको मदद देनेकी महरबानी फरमावे.

**श्रीजैन श्वेतांबर कोन्फरन्स.** कोलसा मोहोल्ला—**मुंबई.**

## ॥ ॐ नमः सिद्धेभ्यः ॥

य: संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्टते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तियस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

અર્થ:—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિત્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.


# The Jain (Swetamber) Conference Herald.

Vol. II. ] June 1906. [ No. VI.


## जैन श्वेताम्बर कोनफरन्स की स्तुति.

कोनफरन्स श्वेताम्बर का हम कुछ कुछ हाल सुनाते हैं ॥ टेक ॥
धर्म काम की खातिर यारो, लाखों रूपये लगाते हैं।
तन मन धन से करे परिश्रम, जीव दया फैलाते हैं ॥ १ ॥
जीर्ण मन्दिर और जीर्ण शास्त्र का उद्धार कराते हैं।
उमदा उमदा ग्रंथ बनाकर, जिन मत वृद्धि कराते हैं ॥ २ ॥
भेज भेज उपदेशक भाई, वो उपदेश कराते हैं।
स्कालरशिप दे लडकों को उनको योग्य बनाते हैं ॥ ३ ॥
नई नई शाला खुलवाकर, लडकों को पढवाते हैं।
जाति उन्नत्ति धर्म उन्नति को वो दिलसे चाहते हैं ॥ ४ ॥
और कुरीति राह रसमको, जहां तक होवे घटाते हैं।
शुद्ध चीज बनवा बनवा कर, सस्ते मूल्य विकाते हैं ॥ ५ ॥
भ्रष्ट होते बचें लोग सब, अपने मनमें चाहते हैं।
औषध शाला खोल खोल कर, औषध दान कराते हैं ॥ ६ ॥

जिससे रोजी अच्छे होकर धन्य वाद दे जाते हैं।
सुनियो यारो अन्न दान दे, जीव को भयसे बचाते हैं ॥ ७ ॥
रूपया पैसा खरच करे वो, कसाई से छुडवाते हैं।
विविध प्रसंग कर अखबारोंमें, नई नई खबर सुनाते हैं ॥ ८ ॥
नवतत्वोंकी बातें लिख कर, हृदय ज्ञान जगाते हैं।
पूजेन इत्यादिक धर्म काममें, पैसा अधिक लगाते हैं ॥ ९ ॥
गुलाबचंदजी ढढ्ढा का पहिला उद्योग सराहते हैं।
तन मन धन से करे परिश्रम, धर्म ध्वजा फहराते हैं ॥ १० ॥
धर्म काम के जो उद्योगी, उनको शीश नमाते हैं।
मोतीलाल कहे धर्म दलाली, करके मुक्तिको जाते हैं ॥ ११ ॥

( श्री आत्मानंद जैन पत्रिका. )

---

# राय सेठ चांदमलजी और "जैनोदय."

इस पत्रके पुस्तक २ अङ्क ४ में "ढुंढीयोंके कथनसे मूर्तिपूजा सिद्ध होती है" का एक आर्टिकिल है. उसमें ढुंढीयोंकी मोरवी कोनफरेंसके प्रेसिडेंट राय सेठ चांदमलजीके स्पीचका अवलोकन करते हुवे हमने यह राय प्रगट की थी कि "इस मंजूर की हुई मोरवी कोनफरन्सके प्रेसिडेंटकी स्पीचके मुवाफिक हमारे ढुंढीया भाई हमारे साथ होकर इस बातके निर्णय करनेका कि श्री महावीर स्वामीके पश्चात् एक हजार वर्षके अन्दर मूर्तिपूजा होतीथी यानही एक कमिशन निकालेंगे और उसके नतीजेके मुवाफिक अपना बरताव करेंगे, तो दोनों फिरकों में सम्प होते हुवे कुछभी देर नही लगेगी." इसका जवाब हमारे भाईबंद "जैनोदय" ने पुस्तक २ अंक ७ में इस प्रमाण दिया है:—"आ (हरैल्ड) पत्रे नवा बर्षथी कोनफरन्सना खबरोनो ढंढेरो पिटवानुं काम छोडी दईने खंडन मंडननो उद्देश गृहण कर्यो जणाय छे. ए पत्रना एप्रील मासना अङ्कमां "ढुंढीयोंके कथनसे मूर्तिपूजा सिद्ध होती है." ए लेखना जबावमां लखवानुं जे—रायसेठ चांदमलजीना भाषणना शब्दो ऊपर कोईए टीका करी नथी, ते ऊपरथी समस्त स्थानकवासी कोम ए शब्दो स्वीकारे छे, अने ए शब्दो सत्यज छे, एम कांई मानवानुं नथी. परन्तु खरी वात तो ए छे के भस्मग्रह महावीर स्वामी मोक्ष पहोंच्या वखते बेठो छे जे वात मूळ पाठ ऊपरथी सिद्ध थाय छे अने सत्तावीस पाटो सुधि शुद्धाचारज हतो ए वात पण असत्य छे. ते वखते केटलोक अशुद्ध आचार पण हतो. निगम नामना ग्रंथ ऊपरथी सिद्ध थाय छे के तेटला वखत सुधिमां साकल नामना साधुए मूर्तिपूजको साथे विवाद चलाव्यो हतो. लोंकाशा, लखमसी सेठ तथा लींबडी विषेनी हकीकत

जूठीज छे, कारण के ते वखते लींबडीनी हयातीज नहती. आवी चर्चाओथी अमे हमेश दूरज रहवा मांगीए छीए कारण के आम थवाथी बन्ने पक्षोमां नकामुं वैर उत्पन्न थाय छे, अने व्यवहारमां विच्छेद पडे छे."

च्यूं कि इस "जैनोदय" के लेखमें रायसेठ चांदमलजीके बचनोंपर कटाक्ष किया गया है और हमारे मतलब को भी उलटा समझा गया है. इस लिये हमको इस लेखपर दृष्टी डालकर यथोचित विवेचन करनेकी जरूरत हुई.

हमारे मित्रका यह खयाल कि "हेरेल्ड" का मन सब सिर्फ कोनफरेंस की खबरों को ही प्रसिद्ध करनेका है और दूसरी तरफ द्रष्टी डालनेका नही है बिलकुल गलत है. आम अखबारके कायदेके मुवाफिक हर स्वतंत्र पत्रको अपनें खयालात खुले तोरपर प्रगट करनेका अखतियार है. और इस किस्मके विषयोंपर सिर्फ नये वर्षके शुरू होनेपर ही चरचा नहीं उठाई गई है. बल्कि पिछले बर्षोंके अंकोको देखनेकी महनत उठाई जावे तो इस तरहका आक्षेप करनेवाला अपने लेखपर खुद लज्जित हो सकताहै. हमारा खयाल हमेशा इत्तफाक बढानेका रहाहै और आयंदाभी यह ही इच्छा है कि हमारे इसही खयालको हमेशा पुष्टी मिलती रहे और इसही कारण इस किस्मकी बातों पर अपना लक्ष देकर हमेशा इस बातको चाहते हैं कि किसी न किसी तरह जो भेद इन दोनों फिरकोंमें पडाहुवा है इसका निर्णय होकर दोनों फिरके एक होजावें तो अच्छाहो. पस इस किस्मके लेख लिखनेमें और दोनो फिरकोंको तहकीकात करके एके नतीजेपर आनेकी सूचना करनेमें कोई मनुष्य हमारे लेख पर "खंडन मंडन" का आक्षेप नहीं लासकताहै. "खंडन मंडन" की पंकतीसे हम खुद हमेशा दूर रहना पसंद करतेहै. हमारा लेख सिर्फ दोनों फिरकोंको सूचनारूप है और अबभी हम आशा करते हैं, कि इस सूचनाके मुवाफिक हमारे दोनों फिरकोंके भाईबंद मुर्तिपूजाके बाबत जुरूर कमिशन निकालकर निर्णय करेंगे.

२. हमको जुरूर कहना पडेगाकि हमारे सहचारीनें इन शद्बोंको लिखकर कि:—"रायसेठ चांदमलजीना भाषणना शब्दों उपर कोईअे टीका करी नथी ते उपरथी समस्त स्थानकवासी कोम अे शब्दो स्विकारेछे अने अे शब्दो सत्यज छे अेम कोई मानवानुं नथी" रायसेठ चांदमलजी की हतक कीहै, उनको एक झूटा आदमी करार दियाहैं और इस रायको प्रगट करके इस बातको जाहर करादिया है कि ढुंढीयोंकी महासभाके प्रसिडेंट के कथनपर ढुंढीया समाजको बिलकुल विश्वास नहीं है. न उनके कथनको समस्त स्थानकवासी कोमनें मंजूर किया है. हम आश्चर्य करतेहै कि अवल तो हमारे सहचारीको इस तरह की राय प्रगट करनेका और समस्त स्थानकवासी कोमकी तरफसे इस बात को जाहर करनेका की उनहोनें इन शब्दोंको नही स्वीकार किया है अखतियार कहांसे मिलता है. दूसरे

जब सेठ चांदमलजीनें इस रायको प्रगट किया और अगर यह राय गलतथी तो उसवक्त क्या उन आठ दस हजार ढुंढीयोंमेंसे किजो महासभामें इकट्ठे हुवेथे, किसी को भी यह बात नही सूजी कि सेठ चांदमलजी के बचन सत्य नही हैं ? और अब इतने दिनों के बाद हमारे सहचारी को यह बाद कैसे सूज पडी ? इस बात पर " जैनोदय " जी को उस समय ही गोर करना उचित था कि जब उन्हों नें अपने पत्रमें प्रसिडेंट की स्पीच छापी उस स्पीच के छापने के वक्त ही मिस्टर ऐडीटर फुटनोट ( Foot-note ) में अपना नोट आफ डिस्सेंट ( Note of dissent ) लिख देते तो माना जाता कि इस स्पीच के साथ किसी खास एक मनुष्य को या कई मनुष्यों को इत्तफाक नहीं है. अगर इस स्पीच को पकड में आनेकी वजह से असत्य प्रगट करके हिफाजतकी जगह टटोली जाती है, तो क्या अजब है कि किसी दुसरी काररवाई पर नजर डालकर उसके अवलोकन के समय उसकोभी असत्य और अमाननीय करार दी जावे ? अगर ऐसा ही होगा तो तो जिस कदर काररवाई इस ढुंढीयों की महासभा में हुई है, वह सब असत्य ही करार पावेगी. तो फिर इस असत्य काररवाई के वास्ते क्यों हजारो रुपये खर्च के सभा इकठी कीगई ? अगर सेठ चांदमलजी के शद्बों पर किसी को विश्वास है और किसी को नही है, तो शुरूमें ही जो कोशिश सम्प बढानेकी है उसमें धक्का लगा और सम्प की जगह जो कुसम्प भिन्न २ स्थलों में बैठा हुवा था वह हजारों कोसोंसे रेल द्वारा मुसाफरी करके अपने झंडे को कोमकी महासभामें अच्छी तरह फहराया ? आम कायदा यह है कि ऐसी २ महासभावोंमें जोजो कथन किये जाते हैं उनमें किसी भी तरह की खामी हो या अपने मतसे विरूद्ध हो तो उसपर अवश्य वादविवाद करके उसको तै किया जाता है. अगर किसी कथन पर कोई चरचा नहीं उठाई जाती है तो वह कथन सबका स्वीकार किया हुवा माना जाता है. लोर्ड करजन नें जब अपनी स्पीचमें हिन्दूओं और उनके शास्त्रोंपर अघटित टीका की तो तमाम हिंदुस्थानमें उनकी इस राय पर आक्षेप किया गया. बल्कि एक अखबारनें तो इतनाभी लिखाकि लार्ड करजन के कहनेके मुवाफिक हम झूठे हैं परन्तु लार्ड करजन झूठों के बादशाह हैं. इसकी तरह पर जब राय सेठ चांदमलजी ढुंढीया होकर अगर ढुंढीयों की जड काटनेको वह शद्ब कहेथे कि जिनको आज " जैनोदय " जी असत्य कहते हैं तो उनके खिलाफ उसही वक्त पुकार करने को किसने रोका था और ऊंचे शद्बों के साथ इस बात को उस ही वक्त क्यों नहीं किया गया कि यह राय प्रसिडेंटकी समाज को नुकसान पहूंचानेवाली है.

हमको अवश्य कहना पडेगा कि सभाका नायक हमेशा विद्वान, बुद्धिवान, धर्मात्मा, धर्मज्ञ, जानकार और सब तरहपर लायक हो वह चुना जाताहै, उसके बचन प्रमाणीक होते हैं, उसके कथनपर कुल काररवाईके अच्छे बुरे निवडनेका आधार रहताहै, वह कुल समुदायका स्पोक्स मैन ( Spokesman ) होताहै, जैसे फोजी अफसरकी रहनुमाईपर फोज

लडती है उसही तरह सभाके नायककी बुद्धिके साथ सभाका काम चलताहै, नायकके फैसलेपर सबको आधार रहताहै, मालूम नही कि यह Suicidal policy हमारे मित्रने किस तरहपर अखतियारकी है. इस तरहपर राय सेठ चांदमलजीके बचनोंको असत्य माननेसे उनकी बहुत हतक हुई और सिर्फ उन्हीकी नही बल्कि, उस कुल समाजके दिल दूखेंगे कि जिनकी सभाके वह नायक हुवे थे. स्थानकवासीयोंकी जिस कदर संख्या है उसमेंसे स्थानकवासी डाहे पुरुषोंने रायसेठ चांदमलजीमें प्रमुखके गुण देखकर उनको अपना नायक बनाना पसंद किया होगा. फिर उनके बचनोंको सत्य न समझना या उनके बचनोंको "समस्त स्थानकवासी कोम" का स्वीकार न करना कितने बडे आश्चर्यकी बात है? प्रमाणीक मनुष्यको महासभाके प्रमुखके पदकी इजत आबरू देकर फिर खुले तोरपर उसके शब्दोको सत्य न मानना या उसके शब्दोको समस्त समाजके स्वीकार न करनेकी पुकार उठाना उस प्रमाणीक मनुष्य और उस समाजकी अंदरूनी क्या व्यवस्था दिखलाने वाला है हम पाठकवर्गके मुनसिफीपर छोडते हैं. अगर अपने प्रमुखको स्थानकवासी झूठा समझते हैं और उसके शब्दोंपर उनको अभीसे विश्वास नही है तो हमको खयाल होताहै कि आयंदा इस महासभाके प्रमुखका पद धारण करते हुवे कई महाशयोंको बडा भारी विचार होगा. जहां तक हम खयाल करते है राय सेठ चांदमलजीनें जुरूर अपने धर्मकी आमनायके मुवाफिक बहुत गोर और खोजके साथ अपनी स्पीचको तयार किया होगा, इसपरभी अगर उनके स्वामि भाईयोंको उनके वचनपर विश्वास नही था तो बहतर होता कि अब इस दिल दुखानेवाली पुकारके उठानेके बजाय अव्वलही इनकी स्पीचकी कापी मंगवाई जाकर उसके एक एक अक्षरको अच्छी तरह देखा जाता और अपने मतलबके विरुद्ध जो शब्द या इबारत होती, उसको फोरन निकाल दिया जाता. हम आशा करतेहै कि आयंदा इस तरहके लेखसे हमारा सहचारी परहेज करेगा और राय सेठ चांदमलजीकी जो इस तरहपर तोहीन कीगई है उनके साथ हम दर्दी प्रगट करके चाहते हैं कि वह इस हमलेको एक नाकिस हमला समझकर इसपर कुछ जियादा खयाल न करेंगे.

३—राय सेठ चांदमलजीके कथनको असत्य करार देकर "जैनोदय" जी अपनी सत्य बात इसतरह प्रगट करतेहैं:—"भस्मग्रह महावीर स्वामी मोक्ष पहोंच्या वखते बेठो छे, जे वात मूल पाठ उपरथी सिद्ध थायछे अने सतावीस पाटो सुधि शुद्धाचारज हतो ए वात पण असत्य छे. ते वखते केटलोक अशुद्ध आचार पण हतो. निगम नामना ग्रंथ उपरथी सिद्ध थाय छे के तेटला वखत सुधिमां साकलनामना साधुए मूर्ति पूजको साथे विवाद चलाव्यो हतो." भस्मग्रहकी मोजूदीमें श्री महावीर स्वामी मोक्ष पधारे इस बातको सब जैनी मानते है और राय सेठ चांदमलजीनें भी अपनी स्पीचमें इसही बातको माना है, परन्तु इस बातको मानते हुवे उन्होंने २७ पाट तक आचार शुद्ध मान कर आयंदा आचार अशुद्ध मानाहै कि जो

अशुद्ध आचार में से फिर लोंकाजीनें ढुंढीयों के कोलके मुवाफिक शुद्ध प्ररूपण की है, इसही कथन पर हमारी तरफसे यह प्रश्नथा की इस सताईस पाटके कुबुल कीये हुवे शुद्ध आचारके मुवाफिक चलनेवाले आचार्योंके समयमें मूर्तिपूजा सिद्ध होजावे तो फिर सम्वेगी और ढुंढीयों के कुछ झगडाही बाकी न रहै. परन्तु हमारे मित्र "जैनोदय" को किसी जरीयेसे माळूम हो गया होगाकि इस सताईस पाटके समय की मूर्तियां कई जगह मौजूद हैं और राय सेठ चांदमलजीके कथनको स्वीकार किया जावे तो ढुंढीयोंकी समाजको पूरा नुकसान पहूंचताहै. इसही कारण उसने फोरन ही खुले हुवे शद्बोंमें कुल ढुंढीया समाजके नायक पर झूठा होनेका हमला किया और इसही बातके प्रगट करनेपर संतोष नहीं किया कि उनकी बातपर समस्त स्थानक बासी कोमको विश्वास नहीं है बल्कि उनके माने हुवे २७ पाटके शुद्धाचारमें भी दोषण लगाया. हम हैरान है कि हम सेठ चांदमलजीके कथनको सच्चा माने या "जैनोदय" जी के बचनको हम नहीं कह सकतेहै कि इस प्रकारकी घर की फूट का अन्तिम नतीजा क्या होगा परन्तु यह जुरूर खयाल होता है कि अगर ऐसे अंदरूनी खयालात स यह लोग बुर्दबारी को सलाम कर बैठेंगे तो आपसमें कुसम्प बढकर बजाय उन्नत्तिके अवनतिके कारण होंगे. हम खरे अतःकरणसे प्रार्थना करते हैं कि आयंदा इस तरह का हमला आपसमें एक दूसरे पर हरगिज नहीं करेंगे.

सहचारी "जैनोदय" की रायके मुवाफिक श्रीमहावीर स्वामीके पश्चात २७ पाट तकभी कितनाही अशुद्ध आचार घुस पडाथा परन्तु इसपर विशेष टीका नही कीहै. बहतर हो कि जिस तरह राय सेठ चादमलजीनें शुद्ध आचारकी हद २७ पाट तक कायम की है "जैनोदय" जी भी इस सताईस पाटमेंसे कोई हद शुद्धाचारकी जुरूर कायम करें और यहभी बतलावें कि किस किस्मका अशुद्ध आचार किस पाटके वक्त किसने जारी किया—निगमशास्त्रसे हम अपनी वाकफियत नही रखते है. इस लिये इसके बारेंमेंभी खुलासा किया जावे कि यह किसका बनाया हुवा है, किस साल सम्मत्में लिखा गयाहै. "साकल" साधू किसका चेला था उसके पाटपर कोन हुवा, और उसने किस साल सम्मत्में किस मूर्तिपूजक साधूके साथ क्या विवाद किया और उसका नतीजा क्या हुवा. जबतक इन बातोंको खुले तोर हम अपने मित्रसे न सुन लें हम जियादा टीका नहीं कर सकते हैं. आशा है कि हमारा सहचारी दयाभावके साथ इसका खुलासा हाल लिखेगा.

४.—आगे बढकर "जैनोदय" जीका कथन है कि "लोंकाशा, लखमसी सेठ तथा लींबडी विषयनी हकीकत झूठीज छे. कारण के ते बखते लींबडीनी हयातीज न हती"—जिस तरहपर हमारे मित्रनें राय सेठ चांदमलजीको झूठा करार दिया उसही तरह एक झूठा तीर हमारी तरफभी छोडा और बिला किसी सुबूत और पुरावेके एक शब्दमें हमारे लेखको हवामें

उडानेकी कोशिश की. लेख लिखनेके पहिले दुबारा गोर करना उचित था. हमने जो वृत्तांत लोंकाजी, लखमसीजी और लवजी ढुंढीयेका लिखा है और जिसको हम सत्य मानते हैं वह हमने अपने आचार्योंकी पुस्तकोंपरसे लिखहि फिर मालूम नही होता कि " जैनोदय " जीनें इसको झूठा किस तरह बतलाया. उनका फर्ज है कि इस वृत्तांतके खिलाफ उनको जो कुछ मालूम हो उसको मुफस्सल बतलावें तो हम उसका जबाब दे सकते है.

अगर चे " जैनोदय " जीके मुवाफिक हमाराभी हरवक्त इस तरहकी चरचासे दूरही रहनेका इरादाहै. परन्तु यह लेख हितोपदेशकी गरजसे लिखाहै. आशा की जाती है कि इस लेखको बुरी द्रष्टीसे नही देखा जावेगा. राय सेठ चांदमलजीके कथनानुनार मूर्तिपूजा श्री महावीर स्वामीके सताईसवें पाटके पीछे प्रचलित हुई, " जैनोदय " जीके विश्वासके मुवाफिक इन ही सताईस पाटोके अंदर किसी समय मूर्तिपूजा प्रचलित हुई, परन्तु इस बातका निर्णय नही किया गया कि किस पाटके समयमें यह बात जारी हुई. अगर ढुंढीया समाजको यह निश्चय हो जावे तो फिर कमिशनका काम सिर्फ यहही रहेगा कि उस समयके पहिले जो मूर्तियां हों उनपर नजर डाले.

सम्वेगीयों और ढुंढीयों में मुख्य झगडा मूर्ति पूजा का है, जब कमिन द्वारा इस झगडे का फैसला हो जावे तो फिर किसी फिरके को कोई मोका शिकायत का बाकी नहीं रहेगा. इस लिये हमारी दिली खुवाहिश यह ही है कि पक्षपात रहित विद्वानों का कमिशन मुकर्रर कियाजाकर आपस में सम्पकी वृद्धि की जावे. बगैर इस तरहके फैसलेके हर बातमें उस तरह उलटा परिणाम आवेगा जिस तरह राय सेठ चांदमलजीकें काठियावाडके यात्रा गमन से आयाहै.

---

# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

( લેખક—મી. નરોત્તમ ભગવાનદાસ—મુંબઇ. )

જૈનોનાં પૈસાથી તથા જાતિબળથી ચાલતાં ધાર્મિક કે પારમાર્થીક ખાતાંઓ, કે જેમના વહીવટને અંગે મીલકત અને જવાબદારી ઉત્પન્ન થાય છે તેની માલિકી કોઈ એક વ્યક્તિની હોવાને બદલે આખા સંઘની હોય તેવાં ખાતાંને જાહેર ખાતાં, સુક્ષ્મ રીતે જોતાં, કહી શકાય. કોઇ ગ્રહસ્થ એક ખાતું ઉભું કરી તેની માલીકી પોતાનીજ રાખે ત્યાં સુધી તે બરોબર રીતે જાહેર ખાતું કહી શકાય નહિ. દરેક ગામ અથવા શહેરમાં દેરાસરો, ઉપાશ્રય, જ્ઞાન ખાતાં, પાંજરાપોળ વિગેરેનો વહિવટ ચુંટી કઢાઇને નીમાયેલા મેંબરો કરતા નથી, પરંતુ શ્રીમાન, વગવસીલાવાળા અથવા યોગ્યતાવાળા શેઠો કરે છે. કેટલીક જગ્યાએ આ વહીવટ બહુજ પ્રમાણિકપણે ચાલે છે, પણ કેટલીક જગ્યાએ શેઠીઆ અથવા વહિવટ કરનાર, પોતાની અંગત ખાદ, જાહેર ખાતાંના પૈસામાંથી પૂરી કરે છે. જાહેર ખાતાંઓનો

વહીવટ કોઈ એક માણસ કરે તેને બદલે એકથી વધારે માણસો ટ્રસ્ટી તરીકે કરે તે, હાલના જમાનામાં, વધારે ઈષ્ટ છે. પાલીતાણા, ગિરનારજી, આબુજી, ભોયણીજી વિગેરે કેટલાંક તીર્થોનો વહીવટ એક કલ્પિત નામ—આણંદજી કલ્યાણજી, દેવચંદ લક્ષ્મીચંદ, કલ્યાણજી પરમાણંદજી અથવા એવા કોઈ બીજાં નામોથી ચાલે છે, અને તેવાં કલ્પિત નામોવાળી પેઢીઓનો વહીવટ, સુભાગ્યે, એક શેઠ કરતા નથી પણ વધારે શેઠોની બનેલી મેનેજીંગ કમીટી અથવા ટ્રસ્ટીઓ કરે છે. પાલીતાણાના કારખાનાનો વહિવટ અમદાવાદના આહોશ શેઠો, કે જેઓ સરકાર અને એજંસીના કામથી સારી રીતે વાકેફગાર છે, તેમની બનેલી તથા બીજા થોડાક શેઠોની બનેલી કમીટી કરે છે. આ કમીટી પોતાથી બનતું દરેક કામ સારી રીતે કરવા યત્ન કરે છે, પરંતુ કોઈએક મેંબર દેહમુક્ત થતાં તેને બદલે બીજો ચુંટી કઢાતો નથી, અથવા નીમાતાં ઢીલ થાય છે, તે બંધ પડવી જોઈએ. વળી કેટલાકને જે કહેવાનું કારણ મળે છે કે એક સ્થળનાજ ઘણા માણસોને તેમાં જગ્યા આપવાથી બીજા સ્થળના યોગ્ય પુરૂષો રહી જાય છે, તો તેને માટે પણ જરા સુધારાની જરૂર છે. તીર્થ સ્થળોમાંના દેરાસરો જોતાં, પ્રથ્વીતળ પરના કોઈપણ બીજા ધર્મ કરતાં આપણા જૈનબંધુઓની ધર્મ પ્રત્યે આસ્થા, શ્રીમંતાઈના પ્રમાણમાં દેરાસરો, ધર્મશાળાઓ તથા પાંજરાપોળો ઉભી કરવામાં કેટલા બધા પૈસા ખરચવામાં, તથા કારીગીરીઓના ઉત્તમ નમુના ઉભા કરવામાં સમજણ પૂર્વક કામ કરે છે તે રીતિ, વિગેરે બેહદ ખુશી ઉત્પન્ન કરે છે. તીર્થ સ્થળોના દેરાસરોની સ્થિતિ ઘણે દરજે બહુ સારી હોય છે, પરંતુ આગળ જાહોજલાલી ભોગવી ગયેલાં પ્રાચીન જૈન શહેરોમાંના દેવાલયો—નાંદોદ, નાંદલાઈ, રાણકપુર, વિગેરે—જોતાં એટલું તો અવસ્ય લાગે છે કે ત્યાં જોઈએ તેવી ઉત્તમ ગોઠવણ હજુ વધારે પ્રમાણમાં થવી જોઈએ. રાણકપૂરનું દેરાસર જોતાં તથા આબુજી પરનાં દેરાસરો જોતા કોઈપણ જૈન ખરેખર હર્ષીત થયા વિના રહે નહિ. આપણા પૂર્વજોએ ધર્મપ્રત્યે કેવો ઉદાર ભાવ બતાવ્યો છે તથા તે જાળવી રાખવામાં પણ આપણે કેટલા પછાત છીએ તે વિચારતાં હૃદય ડોળાઇ જાય છે. પૂર્વજોએ કરેલું જાળવી રાખવું એ, વંશવારસોની પહેલી ફરજ છે. વસ્તુપાળ તેજપાળ, વિમળશાહ વિગેરેના સર્વ જૈન બંધુઓ સરખીજ રીતે દેરાસરોની જાળવણી તથા મરામતની બાબતમાં એક સરખાજ વારસો છે. ઈરાનમાં હાલ ખોદકામ કરતાં ત્યાં દટાઇ ગયેલા શહેરો ઉખેળતાં અતિશય મોટા સ્થંભો જોતાં ખોદનારા અને જોનારા વિચારમાં પડે છે, પણ તેના કરતાં પણ અવિચળગઢના ચૌમુખજી જોતાં તે લઈ જવામાં, હાલની જેવા સરસ સાધનોની ગૈરહાજરીના સમયમાં, ડુંગરપર કેટલી મુસ્કેલી પડી હશે, તેનો વિચાર આપણને મગરૂર કરી શકે તેવો છે. ( અપૂર્ણ. )

---

## સટ્ટો.

આપણા દેશમાં, આપણા જૈન બંધુઓ ઘણી પ્રકારના સટ્ટા કરે છે. સટ્ટો એટલે અડસટો, અટકળ. કબાલો એટલે સરત અથવા બોલી. રૂનો સટો, ચાંદીનો સટો, અબી-

સીનો સટો, ઘઉંનો સટો, અફીણનો સટો વિગેરે અનેક જાતના સટ્ટા ચાલે છે. હાલ રૂનો અમુક ભાવ ચાલતો હોય તેના કરતાં ભવિષ્યમાં વધારે પાક ઉતરશે કે ઓછો, બજાર ટકી રહેશે કે કેમ વિગેરે આબતોમાં લેવા દેવાની ચીજની ખરેખરી સ્થિતિનો વિચાર કરવો પડે છે, અને તેવીજ સ્થિતિ ઉપર વર્ણવેલા બધા સટામાં લાગુ પડે છે. કાંઈ ચીજ લેવા દેવાની છે તેને વિષેજ અટકળ છે. પરંતુ જોટાનો સટો, અફીણના આંકનો સટો, વિગેરે સટા એવા છે કે જેમાં કાંઇક બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે એ ખરૂં તો પણ ૯૯ ટકા આધાર કુદરતને હાથજ રહે છે. ગમે તેવા ઉસ્તાદો પણ ધારે તેજ વેચાણ આવી શકતું નથી. વરસાદનો સટો પણ આ પ્રકારનોજ છે. જે કાયમ તેમાંજ રહેનારા અને તેમાંથીજ ગુજરાન કરનારા હોય છે તેઓ ઘણે ભાગે પેટ પુરતું મેળવી શકે છે, પરંતુ તે પણ અનિશ્ચિતજ. સટો કરનારની આબરૂ બીલકુલ હોતી નથી. સટો કરનાર પોતેજ પોતાનો ધંધો ખરા હૃદયથી ધીક્કારે છે, પરંતુ અર્ધું જીવન તેમાં વ્યતીત કર્યા પછી કયો ધંધો કરવો તે સૂજ નહી પડવાથી સટામાંજ જીવન પૂરૂં કરે છે. સટો કરનાર પોતે પોતાના કુટુંબની પાયમાલી કરે છે. તે પોતાનાં ફરજંદોને પણ તેજ ધંધો શીખવે તો કુટુંબની અવદશા પૂરી થાય છે. વાણિયાને કાંઈ વેપાર, અથવા નોકરી હોય તો તેનો પુત્ર પણ વેપાર અથવા નોકરી શીખે, પણ જે પિતા સટો કરતો હોય તેનો પુત્ર પણ હંમેશા સટાનીજ લતમાં લાગવાનો અને આખરે ખુવાર થવાનો. સટામાં કોઈ ચીજની લેવડ દેવડ કરવી પડતી નથી તેથી તે વેપાર તો નથીજ. રૂ, ચાંદી, અળસી, ઘઉં, કાપડ વિગેરે સટા કરતાં પણ જોટાનો સટો સૌથી ખરાબમાં ખરાબ છે. આ વિષય આ પત્રમાં લખવાનું કારણ એટલુંજ છે કે ભાવનગર, અમદાવાદ, સુરત, ગોઘા મુંબઈ વિગેરે શહેરોમાં જ્યાં સટો ધમધોકાર ચાલે છે. ત્યાં કહેતાં અતિશય દિલગીરી થાય છે કે, મુખ્ય આગેવાની ભર્યો ભાગ જૈન બંધુઓ લે છે. જેને કંઇ ધંધો જડતો નથી તે સટો શરૂ કરે છે. પરંતુ બંધુઓ, જરા વિચારો તો માલૂમ પડશે કે ગમે તેવો હલકો ધંધો પણ સટા કરતાં ઉત્તમ છે. માટે તેવો ધંધો યા વેપાર કરવો. સટો એકે રીતે દેશને, કોમને, વ્યક્તિને, કુટુંબને, જ્ઞાતિને અથવા કોઈને લાભ નથી કરતો. જ્યાં જ્યાં તેનો પગ હોય છે ત્યાં પાયમાલીજ થવાની. જે દેશોમાં આ જોટાનો સટો ધમધોકાર ચાલે છે, તે દેશો કદી સારી સ્થિતિમાં હોય તો તેનું કારણ એટલુંજ કે તેઓ સાથે સાથે બહુજ આગળ વધેલા હુન્નર ઉદ્યોગી, ઉત્સાહી, ખંતી તથા લીધેલું નહિ મૂકે એવા હોય છે. આ બધા ગુણોને લીધે સટાનો એક દુર્ગુણ દબાઈ જાય છે, અને તેનું નુકસાન ગણતરીમાં આવી શકતું નથી, અથવા નજરે પડે એવું હોતું નથી, પરંતુ હોય છે એ તો સત્યજ. બિચારૂં હિંદ પાયમાલીમાં ઘસડાતું જાય છે, નામદાર હિંદી વજીરો, વાઇસરાયો અથવા ગવર્નરો તથા કોઈ કોઈ વખત પ્રજાવર્ગના સોના રૂપા તથા નોટોમાં રમતા વાયતેખ્તના ગૃહસ્થો કદાચ એમ દેખાડવા દરેક યત્ન કરે છે, કે હિંદમાં આબાદી વધતી જાય છે, પરંતુ જીલ્લા અથવા ગામડામાં રહેતા માણસોની ખરી જીંદગીનો જરા પણ અનુભવ હોય તે કદી એવું

કહેવાની હિંમત ધરી શકશેજ નહિ. આંકડાઓ ખોટે રસ્તે દોરે છે, એ એકાંત વાદ લીધેજ. અનેકાંત જુદુંજ બતાવશે. આવી દિનપ્રતિદિન હિંદની ગરીબ થતી જ હાલતમાં સટો અતિશય ન વર્ણવી શકાય એવું નુકસાન કરે છે. સટો કરનાર ખાન રીતે કરવા યત્ન કરે છે. પરિણામ એ આવે છે કે જો તે શેઠ હોય તો દુકાને દીવાળું આ છે, તેની આગલી જાહોજલાલી ચાલી જાય છે, વિધવાઓ બિચારી પોતાના નાણા આ સટોરીઆની દૂકાને મૂકવા માટે પોકે પોક રૂએ છે. જો તે નોકર હોય છે તો શેઠના ના ઉચાપત કરી સટાના ખાડામાં હોમાવે છે, અને જ્યારે પોગળ જાહેર થાય છે ત્યારે કાં તે કેદમાં જાય છે અથવા આપઘાત કરે છે. તેનાપર દાવા થાય છે, દાવાની અસર કયાં કયાં સુધી પહોંચે છે. વકીલો, બેરિસ્ટરો, ડૉકટરો અથવા ઘણીજ સઘર કમાણીવાળા ધાદારીઓ પણ લાંબે વખતે તે ધંધામાં પોકજ મૂકે છે. હરામનો પૈસો મળતો હોવાથી ધ નત ખોટી, બેઠા બેઠા ખાવાની થાય છે. સટોરીઓ રળે ત્યારે તો ખુશીથી ખર્ચ કરે અને ખુ ત્યારે દિલગિરી દાબી દેવા ખર્ચ કરે એમ બન્નેરીતે બેવડો ખર્ચ કરેછે. કમાવું ખોટીરીતે કોઇ રોવરાવીને,અને ખર્ચ બેવડો કરવો એવી વ્યક્તિઓ જે દેશમાં હોય,તે દેશ બિચારો કેટલે કમનસીબ સમજવો ! સટો કરનાર વ્યસનના પંજામાં સપડાય છે, વેસ્યાગમન, મદ્ય વિગે ત્યાજ્ય વસ્તુઓના પ્રસંગમાં પણ આવી જાય છે. લખો મળ્યા તો પણ સંતોષ થાય નહિ તે પાછા તેમાંને તેમાંજ હોમાય એવીજ અવદશા સટાની છે. હિંદપર જેવી રીતે પચાર લાખ બાવા સાધુઓનો—માગણો અને ભિખારીઓનો—નકામો બોજો છે, તેવી રીતે સટો રીઆઓનો પણ બોજો છે. માગણો હકારવાચ્ય નુકસાન કરતા નથી, માત્ર કામ કર્યાવગ ખાતા હોવાથી નકારવાચ્યજ નુકસાન કરે છે. સટો કરનારા બંધુઓ પોતે કામ કરત નથી, અને બીજા સામાને નુકસાન કરે છે માટે હકારવાચ્ય અને નકારવાચ્ય એ બન્ને નુકસાન કરે છે. સટાને કાયદાની રૂઇએ દાબી દેવાને કદાચ સરકાર અથવા પોલીસ કાયદાની ખામીને લીધે નિષ્ફળ નીવડે તો પણ જે નુકસાન સટો કરનારાઓ કરે છે તે કોઇપણ રીતે બંધ પડતું નથી. નીતિની રાહે તેઓ દુષિતજછે. સમજુ બંધુઓએ તો એ ધંધે કદી કરવા યોગ્ય છેજ નહિ. હિંદના ગરીબ ગામડાઓમાં જીવન દર માણસ દીઠ દર મહિને રૂ ૨-૩ માં ચાલી શકે છે. એ જીવન ગાળવું ઉત્તમ, પણ બહુ ખર્ચ રાખી તે ખર્ચ ખોટે રીતેજ મેળવવા યત્ન કરવો એ ખરાબ. બિચારા સટો કરનારની સ્ત્રીના હૃદયમાં કદ શાંતિ હોતીજ નથી. સટો કરનાર જીવનથી જતાં તેની સ્ત્રીઓ પાસે ભરણ પોષણ માટે કંઇ સાધન રહેતું નથી. કયે વખતે ઘરમાંથી કયું ઘરેણું લઇ જશે, અને અંગપરનું દરે ઘરેણું કાઢી આપવું પડશે એ લટકતી તલવાર જેવી ભીતિ સટો કરનારની સ્ત્રીના નસીબમ સરજેલી હોય છે. આ જોટાનો સટો કોઇ દલીલથી બચાવી શકાય તેવું નથી. કહેવામ આવે છે કે તેમાંથી ઘણું ધર્મ થઇ શકે છે. પરંતુ બંધુઓ, તે ધર્મદાનની પાઇઓપા ખોનારના હૃદયનાં કકળાટનીજ નીકળેલી છે. આને ખરૂ ધર્મ કહી શકાશે ? માટે સટે કરનાર બંધુઓને અમારી ખરા દિલની તેઓના હિત માટે નમ્ર પ્રાર્થના છે કે જેમ બ તેમ ત્વરાએ ગરીબ જીવન ગાળવામાં તૈયારી કરીને પણ આ અતિશય ખરાબ ધંધે

છોડી દેશો. મીલ માલેકો, વેપારીઓ, તથા બીજા જે જે જૈન બંધુઓ સટો કરનારને ધંધે લગાડી શકે તેને તેમ કરવા સહૃદય નમ્ર પ્રાર્થના છે. આવા બંધુઓને ધંધે લગાડવા એ ખરેખરૂં પુણ્યનું કામ છે. સટો કરનાર જૂઠાણાનું પૂતળુંજ છે, તેમાંથી પણ તેને છોડવી શકાશે એ જેવું તેવું પુણ્ય નથી. સટો કરનાર વ્યસનો તજવા માટે, રાત્રિભોજન માટે, ધર્મ કરવા માટે, અને ટુંકમાં આત્માના સાર્થક માટે બહુજ બેદરકાર થઈ જાય છે. આ બધું ઓછું કરવાથી ખરેખરૂં પુણ્ય હાંસલ થાય છે. શ્રાવક બંધુઓને મદદ કરવી એ સૌથી પહેલી ફરજ છે. પરમાત્મા સર્વને સારી બુદ્ધિ આપો.

---

# સ્ત્રી કેળવણી.

## મીસીસ ઍનીબીઝાંટના ભાષણમાંથી તરજુમો.

કન્યા કેળવણી માટેની પ્રજાકીય હીલચાલ પ્રજાકીય પદ્ધતિપરજ હોવી જોઇએ. તે હીલચાલે પ્રજાકીય જીવનમાં સ્ત્રીના સ્થાનના સાધારણ હિંદુ વિચારોજ સ્વીકારવા જોઇએ, અને અર્વાચીન ટૂંકી દૃષ્ટિ સ્વીકારવી જોઇએ નહિ પણ પ્રાચીન દીર્ઘ દૃષ્ટિજ સ્વીકારવી જોઇએ. તે પધ્ધતિએ સ્ત્રીને માતા અને પત્ની અથવા જેમ જેમ કોઇ દૃષ્ટાંતોમાં બન્યું હતું તેમ પ્રાચીન કાળની વિદુષી, ભક્તિવાળી, ઋષિજીવનગાળતી સાધ્વીજ જોવી જોઇએ. પશ્ચિમમાં જે પ્રમાણે સ્ત્રી જુદી જુદી આર્થીક સ્થિતિમાં બહારના અને જાહેર દરેક કામોમાં માણસનો વધારે અને વધારે હરીફ થતી જાય છે તેવી રીતની પુરૂષની હરીફ આ પધ્ધતિ જોઇ શકે નહિ. જાતિઓના સંબંધમાં જે અકુદરતી સ્થિતિ પશ્ચિમમાં થઇ છે તે સ્થિતિનો પશ્ચિમ તેને જોઇએ તેવી રીતે નિવેડો લાવે. પૂર્વને તે સ્થિતિનો વિચારજ કરવાનો નથી, અને પશ્ચિમની સ્ત્રીકેળવણીની રીત પૂર્વની સ્ત્રીકેળવણીને અનુકૂળ નથી. અપવાદરૂપી દૃષ્ટાંતો હશે, અને પુત્રના જેવીજ કેળવણીનો ક્રમ પુત્રીને આપવાની જે માબાપની ઈચ્છા હોય તે માબાપોને ઇચ્છેલું જલદી મળી શકશે. પરંતુ સ્ત્રીકેળવણીની પ્રજાકીય હીલચાલ એવી હોવી જોઇએ કે જે પ્રજાકીય જરૂરીઆતો પૂરીપાડી શકે, અને હિંદુસ્તાનને વૈદક, વકીલાત અને એવા બીજા ધંધાઓ માટે કેળવાયેલી બાનુ ગ્રેજ્યુએટો કરતાં ઉત્તમ રીતે કેળવાયેલી પત્નીઓ, અને માતાઓ, ડાહી અને કોમળ ગૃહરાણીઓ, બાળકોની સુશિક્ષિત શિક્ષકો, પતિની મદદગાર મંત્રિણી અને માંદાની હુશિયારીથી માવજત કરનાર દાઇઓ જોઇએ છે. હિંદી કન્યાઓને માટે નીચેના પ્રકારની કેળવણીની જરૂર છે.

ધાર્મિક અને નૈતિક કેળવણી—દરેક કન્યાને સ્પષ્ટ, સાદી અને બુધ્ધિમાં ઉતરે તેવી રીતે તેણીના ધર્મના મૂળ સિદ્ધાંતો શીખવવા જોઇએ. તેમને પૂજા કરતાં શીખવવુંજ જોઇએ અને જે ધર્મઅનુસાર દેવની પૂજા કરવામાં આવતી હોય તેની સાદી સમજણ આપવી જોઇએ. હિંદી સ્ત્રીમાં અતિશય સાધારણ પૂજ્યબુદ્ધિ ખીલવવી જોઇએ, સાથે સાથે બુદ્ધિપૂર્વક સમજણ ઉમેરવી જોઇએ, શુદ્ધ અને ઉચ્ચ આસ્થા, જે તેઓને કુદરતી રીતે વારસામાંજ

મળેલી છે, તેને ઉત્તેજવી જોઇએ. જ્યાં કોઈ કન્યા ઉંડા વિચારને માટે લાયક જણાય, ત્યાં તેનાથી તત્વનો અભ્યાસ અને ખુલાસાવાર સમજુતી દૂર રાખવી નહિ. આમ કર્યાથી મૈત્રેયી, ગાર્ગી અને વેદની બીજી ઉત્તમ ગાયક સ્ત્રીઓ જેવા પ્રકાશિત નમુના હતી, તેવી ઉત્તમ સ્ત્રીઓ ફરી જોવાનો પ્રસંગ આવી શકશે.

સાહિત્યની કેળવણી—માતૃભાષાની પુખ્ત કેળવણી સાહિત્યની પણ લખી શકે તથા વાંચી શકે તેવી આપવી જોઇએ. ગુજરાતી સાહિત્યમાં અસલ ગ્રંથો પૂરતા છે અને મોટી ઉમરે ફુરસદના વખત માટે પણ પરિપક્વ અભ્યાસ માટે અતિશય આનંદ આપે તેવાં ભાષાંતરો પણ છે. જો કન્યાને વિશેષ અવકાશ મળતો હોય તો માતૃભાષા સિવાય બીજી એક ભાષાનું વાતચીત કરી શકાય તથા બોલી શકાય તેવું જ્ઞાન બહુ કામ આવે. ભાષામાં સમાયલું ઉત્તમ સાહિત્ય આનંદથી વાંચી શકાય તેટલા પુરતું સંસ્કૃત પણ શિખવવું જોઇએ, અને જો તેમ થાય તો ચપળ હિંદી બાળા એ ભાષા ઉપર જોઈતો કાબૂ જલદી મેળવી શકશે, સ્ત્રી તરિકેની પોતાની અવસ્થામાં કદી પણ ન વિસરાય એવો આનંદ મેળવી શકશે, અને જ્યારે તેનો પ્રિય પતિ મહાન લેખકોના સમર્થ પુસ્તકો આનંદથી અનુભવતો હોય ત્યારે સમજણપુર્વક ખુશીથી તે તેને સાંભળી શકશે. હિંદુસ્તાનનો ઈતીહાસ અને હિંદુસ્તાનની ભૂગોળ સંપુર્ણ શીખવવી જોઇએ અને જૈન કથાઓમાં સૌથી પ્રેમાળ અને સૌથી બળવાન સ્ત્રીઓની વાર્તાવાળી વાંચનમાળા પૂરી પાડવી જોઇએ. તેથી કન્યાઓને સ્ત્રીઓના આ ઉત્તમ દૃષ્ટાંતો સારા માર્ગ તરફ દોરવશે અને હિંદુસ્તાનમાં સ્ત્રીઓ કીર્તીની જે ઉંચી ટોચે ચડી શકી છે, તે પણ તેઓના લક્ષમાં રહેશે. તેઓના હાલના જીવનમાં અતિશય ટુંકું ક્ષેત્ર, અને તેઓના સાંકડા વિચારોને લીધે, ઉચ્ચ જીવનના નમુના તરીકે વિશાળ અને ઉદાર દૃષ્ટાંતો તેમની પાસે રજુ કરવાની વધુ જરૂરીઆત દેખાડે છે. આથી તેઓના મન વિશાળ થશે, તેઓના વિચારો પણ લાંબે સૂધી પહોંચશે અને વળી પ્રજાકીય તથા અમર દૃષ્ટાંતો તરફ તેઓ દોરાશે. હિંદુસ્તાનમાં પુરૂષો પાશ્ચિમાત્ય દુર્ગુણો ધારણ કરે એ જેમ અનિષ્ટ છે તેના કરતાં પણ હિંદુસ્તાનની સ્ત્રીઓ એ પાશ્ચમાત્ય દુર્ગુણો ધારણ કરે તે વધારે અનિષ્ટ છે. હિંદુસ્તાનની સ્ત્રીનો શુદ્ધ, ઉચ્ચ, કોમળ અને તો પણ દૃઢ નમુનો ગુમાવવો દુનિયામાં કદી પાલવી શકેજ નહિ. પુરૂષોના મનમાં ઇંગ્રેજી વિચારો પ્રાધાન્ય ભોગવતા જાય છે તથા વળી કેટલીએક ઇંગ્રેજ બાનુંઓ પોતાની હિંદુસ્તાનની બહેનોને સમજાવવાને યત્ન કરે છે, તે જોતાં એ પણ ઇષ્ટ છે કે ઇંગ્રેજીનો અભ્યાસ પણ કન્યાઓએ કરવો જોઇએ અને આ પ્રમાણે હિંદુસ્તાનની બહારની વિચારશ્રેણિ પણ પોતાની પાસે ખુલી કરવી જોઇએ. પુખ્ત ઉમર થાય ત્યારે પોતાના પતિ સાથે પૃથ્વીના તે ભાગમાં તેઓ ઘણા આનંદથી મુસાફરી પણ કરી શકે અને ક્ષિતિજ વિશાળ થવાથી કંઈ પણ નુકશાન વિના વધુ રસ પડશે.

શાસ્ત્રીય કેળવણી:—એક ગૃહ કે જે એક નાનું બાગકુંજ છે તેની રાણી એવી હિંદુસ્તાનમાંની સ્ત્રી અને માતાને આટલું તો અવશ્યનુંજ છે. તેણીને આરોગ્ય શાસ્ત્રના

નિયમોનું જ્ઞાન હોવું જોઇએ. કયું અનાજ કેટલું પૌષ્ટિક છે તે, માંદાની સાવજત, સાદાં ઓસડીયાં, અકસ્માત વખતે દાક્તર આવવા પહેલાં કરવી જોઈતી મદદ, ઉચ્ચ પ્રકારની રસોઈની ક્રિયા, ગૃહની વ્યવસ્થા અને હિસાબ રાખતા તેને આવડવું જોઈએ. ઘરની તંદુરૂસ્તીની વિદ્યા સંપૂર્ણ શીખવવી જોઇએ. ખુલ્લી હવા, સૂર્યનો પ્રકાશ તથા અતિશય સ્વચ્છતાની કિંમત પણ શીખવવી જોઈએ. આપણી આગળની સ્ત્રીઓ આ બધું પૂરેપુરૂં સમજતી અને તે પ્રમાણે વર્તતી અને હજુપણ જો નિશાળે તે શીખવવામાં આવે, તો ઘેર તે પ્રમાણે વર્તી શકાય. પણ હાલનો જમાનો પ્રમાતામહીઓ કરતાં આ બાબતમાં ઘણો પાછળ પડી ગયો લાગે છે. સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ, તથા ચરબી કયો ખોરાક પુષ્ટ કરે છે તથા કયો ખોરાક માદક અને કયો પોષક છે તે પણ તેણે જાણવું જોઇએ. સાદા ઓસડીયાંનું જ્ઞાન તો દરેક માને અવસ્યનું છે કે જેથી વારંવાર દાક્તરને બોલાવવાની જરૂર પડે નહિ. વૈદે આપેલી સૂચનાઓનો અમલ કરવામાં ચોકસાઈની અગત્ય તથા ખોરાક અને દવા માટે બરોબર વખત તપાસવાની અગત્ય પણ દરેક કન્યાએ સમજવી જોઈએ. રાંધવાનું જ્ઞાન એ હિન્દુસ્તાનમાં કન્યા કેળવણીનો અગત્યનો ભાગ લેખાતું આવ્યું છે અને હાલની કેળવણીમાં પણ તેનું સ્થળ જળવાવું જોઈએ, નહિતર પોત અને બાળકોમાટે ઘરમાં જોઇએ તેટલો વિશ્રામ મળશે નહિ. જો ગૃહમાતા દેખરેખ રાખવાને અને ખરો રસ્તો બતાવવાને શકિતમાન હોય તો બીજા દેશોમાં પણ રસોયા કરે છે તેમ હિંદુસ્તાનનો રસોયો પણ વધુ સારૂં કામ કરે છે.

હુન્નર કળાની કેળવણી:—કન્યાની કેળવણીમાં કોઈ હુન્નરનું શિક્ષણ પણ મળવું જોઈએ. તેથી મોટપણે નવરાશનો વખત ગપ્પાં અને નજીવી કુથલીને બદલે આનંદથી પુરેપુરો ગાળી શકાશે. સંગીત વિદ્યામાં દક્ષિણ હિંદુસ્થાન આગળ પડતું છે અને તે વિદ્યાની સામેનો અભાવ ધીમેધીમે અદ્રશ્ય થતો જાય છે. વીણા અથવા બીજા કોઈ વાજીંત્ર સાથે સ્તોત્ર ગાવાં એ આનંદકારક કળા છે. તેમાં બાળાઓને ઘણો આનંદ મળે છે અને તેથી ઘરની રમણિયતા અને આકર્ષણમાં ઘણો વધારો થાય છે. ચિત્રકામમાં કોઈ કોઇ બાળાને બહુજ આનંદ પડે છે અને તેઓની ચપળ આંગળીઓ બધી જાતનું નમુનાદાર ભરતકામ અને શીવણકામ ઉત્તમ રીતે જલદી શીખી જાય છે. બધી બાળાઓએ શીવતાં, અને પોતાના વિભાગમાં વપરાતાં, પહેરાતાં, લુગડાં વેતરતાં શીખવું જોઈએ. જો કે ગાવાની કળામાં સૌ બાળાઓ ભાગ લેશે, તો પણ દરેક બાળાને તેના કુદરતી વલણ પ્રમાણે કળા પસંદ કરવા દેવી જોઇએ.

શારીરિક કેળવણી:—ભવિષ્યની માતાઓનાં શરીર કેળવવાનું અને મજબૂત કરવાનું ભુલી જવું જોઇએ નહિ અને આ હેતુમાટે અનુકૂળ કસરત નિશાળના ક્રમમાં હોવી જોઇએ. દક્ષિણ હિંદુસ્તાનમાં ગીતના તાલપ્રમાણે ફરવાની કસરત બાળાઓને બહુજ પસંદ છે. કોઈ કોઇ વખત અતિશય ગુંચવણ ભરી કસરત પણ તેઓ કરે છે. અને કોઇ કોઇ વખત રાસ પણ રમે છે જેમાં દોરીઓ બરાબર માથાપર રાખીને સંકેલવામાં આવે અને ઉખેળવામાં આવે છે. આ કસરતોથી નાનાં શરીરોની તનદુરૂસ્તી વધે છે, બધું એટલા

આપણું ચાલ્યું જાય છે અને સારી રીતે ચાલતાં તેને આવડે છે. શારીરિક કસરતન આભીને લીધે ઘણા લાંબા વખતના દરદો સ્ત્રી અવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં થાય છે.

હિંદુસ્તાનમાં બાળાઓ માટે આવી કેળવણીની મને જરૂર લાગે છે, તેથી તેઓ ઉપયોગી; અને કેળવાયેલી સ્ત્રીઓ, સુખી ગૃહિણીઓ અને ગૃહની દેવીઓ થશે.

હમેશાં કોઈ કોઈ અપવાદ જેવી બાળાઓ એવી પણ નીકળશે કે જેની બુદ્ધિ અને શકિતના પુર્ણ વિકાસમાટે વધારે ઉચ્ચ અને વિશાળ કેળવણીની જરૂર પડશે અને આવી વ્યકિતઓને તેમને માટે ધારેલી ખાસ જુદીજ પદ્ધતિથી મદદ કરવી. પુર્વ કાળની વિદુષી પંડિતાઓ પુનઃ ઉત્પન્ન કરવા માટે અને લાંબા વખતથી ગુમ થઇ ગયેલું ઉચ્ચ સ્ત્રીરત્ન ફરીથી હિન્દના નશીબે આણવા માટે આવી બાળાઓ હિંદમાં ઉત્પન્ન થાય પણ ખરી. તેઓના ઉચ્ચ આશયમાંથી ખસેડવાની અથવા તેઓના રસ્તામાં અણઘટતી અડચણો મુકવાની કોઈને જરૂર નથી.

આટલી તો આપણે સર્વેએ ખાતરી રાખવી કે જ્યાં સુધી સ્ત્રી જીવન વધારે મોટું, વિશાળ તથા વધારે સ્વતંત્ર નહિ થાય ત્યાં સૂધી હિંદની મોટાઈ કદી પાછી આવવાની છેજ નહિ કારણ કે હિંદની સ્ત્રીઓના હાથમાંજ હિંદનો પુનરૂદ્ધાર રહેલો છે. પત્ની પતિને ઉત્તેજે છે અથવા પાછો હઠાવે છે, માતાજ પુત્રને રત્ન બનાવે છે અથવા તેનું સત્યાનાશ વાળી નાખે છે. માણસને ઉચ્ચ કરવાની અથવા અધમ કરવાની સ્ત્રીની શક્તિ ખરેખર અતિશય છે, અને હિંદની ચડતી માટે પુરૂષ અને સ્ત્રી એ બન્ને એ સાથેજ કામ કરવાનું છે. નહિ તર તેણે કદી ચડતીની આશા રાખવીજ નહિ. શુભં ભવતુ!

---

# जैनी भाइयोंकी सेवामें अभ्यर्थना.

मान्यवरबन्धुओ, इस बातके प्रमाण देनेकी अब कोई आवश्यकता नहीं है कि हमारी प्यारी जैन जातिकी धार्मिक व लौकिक दोनुं अवस्थाऐं दिन प्रतिदिन अवनतिको पहुंच रही हैं इसमें भी धार्मिकदशाका तो वह हाल बेहाल हुवाहै कि गौर करते हुए कलेजा फटताहै. हमारे इतिहास व पुराण भले प्रकार बता रहे हैं कि प्राचीन समयके जैनियोंसे मीलानेमें हम लोगों को नाम मात्रके जैनी कहलानेमें भी लज्जित होना पडेगा. हमारे श्रद्धान् वा आचरण ऐसे पतित हुएहै कि जो हमारे इसलोक व परलोक दोनूंका नाश कररहे हैं. क्या गृहस्थी श्रावक क्या यति दोनोंही इस कराल पंचम कालमें अविद्यावश अपनें पूर्वाचार्यों द्वारा निर्दिष्ट सत्य मार्ग को भूलके संसारकी भूल भुलैयांमें से निकलनेके अतिरिक्त विपरित पथानुगामी हो रहे हैं. जैन संस्कार व क्रियाऐं हममें से नितान्तही जातीरही. यहांतक कि देवदर्शन, देवपूजन और स्तवन तककी विधिका हम लोगोंको ज्ञान नहीं रहा, वात्सल्य का वह अभाव हुआहै कि कुछ कहा नहीं जाता. इस कल्पतरु को ईर्षा, पक्षपात व द्वेष के प्रभावने मूलसेही निर्मूल करादिया है, पारस्परिक सहायता का नाम निशान तक नहीं दिखलाई देता. और तो क्या एकही माता पिताके पुत्रोंमें भ्रातृस्नेह नहीं मिलता. अस्तु, जहांतक विचार किया गयाहै तो इन सब हानियोंका कारण केवल विद्या का अभावही प्रतीत हुआ है. यह विद्याहीका प्रभावथा कि

हेमचंद्र, अकलंक आदि ज्ञानी ध्यानी जैन धर्मके रक्षकों ने मिथ्यात्व के दांतोमेंसे इस पवित्र मोक्ष दायक धर्म को बचायाथा और अब यह विद्याके अभावका माहात्म्य है कि इस निर्दूषण अवाधित चिन्तामणिपर सहस्रों दूषण लगाए जा रहेहैं और हम लोग नीचा शिर किये हुए सुन रहे हैं. न हमारी जुबान में जोरहै न लेखिनीमें. मान्यवरों, भिन्न २ देशवासी भिन्न २ मतावलम्बी भिन्न २ सम्प्रदायैं व जातियां अब उन्नतिके मैदानमें कूद पडी हैं, हमाराभी अब सोनेका समय नहीं है, जबतक विद्याके अभावको हम लोग दूर नहीं करेंगे तबतक इस समय की घुडदौड में हम बाजी नहीं ले सक्ते.

मुझको यह वार्ता लिखते हुए अत्यन्तही हर्ष होताहै कि श्रीमान सम्वेगीजी महाराज श्री १०८ श्री शिवजीरामजीने विद्याके अभावको दूर करने व जैनवाणीके प्रचार करनेके उद्देश्यसे सम्वत् १९४५ में जयपूर नगरमें एक पाठशाला स्थापित कराईथी. जिसकी उन्नतिको देख कर राज्य जयपुरसे भी हर्ष पूर्वक ५० ) रु. मासिककी सहायता स्वीकृत हुईथी, परन्तु इसके साथमें खेदभी प्रकाश करना पडता है कि विद्यासे हमारी अरुचि होनेके कारण उक्त पाठशालासे इच्छित फलकी प्राप्ति न हुई. पाठशालाकी सहाल व हमारी जातीय आर्थिक सहायता न होनेके कारण राजकीय सहायतामेंभी क्षति दृष्टिगोचर हो रही है. यदि अबभी इस और आप भाइयोंके हृदय आकर्षित नहुए तो यह उन्नतिका तरु सर्वदाके लिए शुष्क होजावेगा और हमारे मनोरथ यूंही रह जावेंगे.

कतिपय जाति हितैषियोंकी सुसम्मतिसे इस पाठशाला के उद्देश्य व पठनक्रममें वृद्धि व परीवर्तन किए गए हैं. इस कार्य को शनैः शनैः छात्रशाला सहित राजपूताना जैन सेंट्रल कालिज बनाना हमारा मन्तव्य व मनोरथ है, और उत्कृष्ट धार्मिक व उपयोगी लौकिक शिक्षा प्रदान करना इसका उद्देश्य निश्चित किया गया है. परन्तु प्यारे भाइयों ! हमारी यह आशा जबही पूर्ण हो सक्तीहै जब आप लोग इसको तन, मन, धन से सहायता प्रदान करें. यह कार्य किसी एक पुरुषका नहीं है, किन्तु समस्त सजातीय बन्धु वर्गका उद्योग व परिश्रम इस का जीवनाश्रम है.

बन्धुवर्ग! यदि आपको इस गिरते हुए पवित्र धर्मको बचाना है तो इस जैनागम पाठशालाको उदार चित्त होके सहायता कीजिए. यदि आपको अपनी प्यारी सन्तानको धार्मिक व लौकिक दोनूं प्रकारकी विद्याओंमें निपुण करना है, तो इस जैनागम पाठशालाके लिए द्रव्यकी थैलियां खोलिए. यदि आपको परम पावनी भवदुःख नाशिनी जिन वाणी माताकी सेवा करनी है तो इस जैनागम पाठशाला पर द्रव्यवृष्टी कीजिए. आप लोग व्यवहारिक कार्योंमें, शादियोंमें नुक्तोंमें एक क्षणभर के नामके खातिर लाखोंकी खाक कर देते हैं, परन्तु प्यारो ! यदि आपको चिरंस्थायी नाम प्राप्त करनाहै तो इस धर्म कार्यके अर्थ भण्डार खोलिए. इसमें दिया

हुवा द्रव्यही साथ जावेगा, अन्यथा सर्व सम्पत्ति वैभव व ऐश्वर्य यहांही पडा रहेगा "सबठाठ पडा रह जावेगा जबलाद चलेगा बनजारा." अपने कुटुम्बके खर्चोंमें लौकिक कार्योंमें, खर्च करनेवाले सहस्रोंहै, परन्तु सच्चा जैनी वहीहै जो अपने धर्मके हेतु तन मन और धनको समर्पण करता है. ॥तन दे धनको राखिये, धन दे रखिये लाज। तन दे धन दे लाज दे, एक धर्मके काज.॥ आशाहै कि सर्व भाई मेरी इस प्रार्थना को स्वीकार करेंगे और इस धर्मके कार्य में सहायता प्रदान करके इस जैन विद्याके भण्डारमें साहायी होंगे.

कान्फ्रेन्स और विदेशी भाइयोंसे प्रार्थना है कि राजपूतानामे मध्यवर्त्ती पाठस्थान व छात्रशालाकी परमावश्यकता है, और जयपुर राजपूतानामें इसके योग्य सर्व प्रकार उत्कृष्ट स्थानहै. वर्त्तमान नियमावलि पाठशालाकी वर्त्तमान व्यवस्थापर बनाई गई है. यदि कान्फ्रेन्सकी व सर्व भाइयोंकी सहायता हुई, तो क्रमानुसार उच्च प्रकारकी नियमावलिभी भाइयोंकी सेवामें दीजावेगी. इसके उपरान्त हम यहभी निवेदन करना उचित समजते हैं कि यदि इस कार्य्यमें हमारा उत्साह वृद्धिगत हुवा तो शीघ्रही स्त्री शिक्षाका प्रबन्ध करकेभी भाइयोंकी सेवा करेंगे.

जैनियोंका दास

**घीसीलाल गोलेछा**

मन्त्री, जैनागम पाठशाला—**जयपुर.**

---

# जैनागम पाठशाला जयपुर.

पाठक वृन्द ! जैनागम पाठशाला जयपुरसे आपलोगोंका परिचय होगया होगा. गत मासके हैरल्डमें प्रकाशित उसकी व्यवस्था और संशोधित नियमावलि पर आप लोगोंने ध्यान दिया होगा. आज आपके सामने इसही पाठशालाकी फरवरी, मार्च, एप्रिल मासकी कार्य्यवाही निवेदन की जाती है. जनवरी, सन १९०६ के अखीर तककी व्यवस्था इस पाठशालाकी इस प्रकार है, कि इसके ध्रुवकोषमें ३६११॥)९ रु. हैं. जिनका व्याज उपार्जन होकर इसमें व्यय हो रहा है. मासिक चन्दा वा और किसी प्रकारकी जातीय आय इस पाठशालाकी नही है. राजकीय सहायताभी कितनेही दिनोंसे इसके यथायोग्य प्रबन्ध न होनेके कारण बन्द है, दो अध्यापक हैं, और एक क्लार्क है, ३५ छात्र हैं. ( जिनमें १५ जैन और २० अजैन ) पुस्तकालय नहीं है; किन्तु कतिपय पुस्तकोंका संग्रह ( जो कि समय समय पर होता रहाहै ) है. सामान पठनोपयोगी कुछ नहीं है, केवल फर्श बेंच आदि हैं और वास्तवमें देखा जाय तो जबकि जातीय आर्थिक और प्रबन्ध सम्बन्धी दोनूं सहायताओंका अभाव हो तो ऐसी अवस्थामें पाठशालाका अस्तित्वही बना रहना कुछ कम हर्षकी बात

नहीं है. और इसमें विशेष उपकार सम्वेगीजी महाराज श्री १०८ श्री शिवजी रामजीकाही है कि जिनकी केवल देखरेखकेही कारणसे ऐसी अवस्थामें भी इसका आजतक अस्तित्व बना रहा कि जो थोडेही उद्योगसे फिर उन्नतावस्थाको प्राप्त हो सक्ता है. फरवरी मासके प्रारंभसे इसकी आयकी वृद्धिके हेतु डेपुटेशन जातीय धर्म्म स्नेहियोंकी सेवामें लेजाया गया तो एप्रिल मासके अखीर तक ३८ ) रु. मासिककी आय हुई, सहायक महाशयोंके नाम पहिले प्रगट हो चुके हैं उनके अतिरिक्त महाशय फूलचंदजी धांधिया सहायक श्रेणीमें और बढे हैं.—१ अप्रेलसे संशोधित नियमावली और पठनक्रमके अनुसार कार्य्यप्रारंभ किया गया. जिसमें दो अध्यापक पहिलेसे थे, दो अध्यापक एक आङ्गलभाषाके मास्टर और एक भृत्य और रक्खेगए, मईमासके प्रारंभमें पाठशालामें छात्रोंकी संख्या ३३ ( ३१ जैन और २ अजैन ) रही, इन दिनोंमें बाबू अर्जुनलालजी सेठी बी. ए., बाबू मोतीलालजी कासलीवाल बी. ए., मास्टर पांचूलालजी काला, मास्टर गुलाबचंदजी पाटणी, अरु मिस्टर जैन वैद्यजीने समय २ पर विद्यार्थियोंको ऐतिहासिक व सदाचरणके विषयोंपर मौखिक शिक्षा दी, जिसमें विद्यार्थिओंकी वक्तृता शक्ति, उत्साह, सदाचरण और पठनमें रुचि अधिक तर वृद्धिको प्राप्त हुई. पठनक्रम जो प्रकाशित किया जा चुका है उसमें धर्म्मग्रन्थोंमें यद्यपि एकही आम्नायके ग्रन्थोंका नाम लिखा गयाहै, तदपि यह पठनक्रम "जैनविश्वस्तमित्रमण्डल" जयपुरने बनायाहै और उसमें यहही बात रक्खी है कि प्रत्येक आम्नायके अनुसार धर्म्मग्रन्थ पढाए जायँ, किन्तु ग्रन्थ उसी आशयके होंगे जोकि प्रकाशित ग्रन्थोंमें है अर्थात् जिस ग्रन्थमें द्रव्यचर्चा-सम्बन्धी विषयहै, तो उसके स्थानमें और २ आम्नायोंके वेही ग्रन्थ पढाए जावेंगे, जिनमें द्रव्यचर्चाही हो. इसी नियमके अनुसार पाठनकार्य प्रारंभ किया गयाहै.

इन तीन मासमें इसकी आय इस प्रकार हुई, मासिकचन्दा खातें ५९।) भेटखाते २॥) तफावतजुर्माना खाते ।~)।, ध्रुवकोषसे ११६।०॥, पुस्तकों खातें १।=), कुल १७९॥=।॥, और व्यय पुस्तकों खाते ११।०॥, कागजोंकी छपाई १६।॥=), सामान आदिमें ४१।॥।॥ अध्यापकोंके वेतनमें ८९।=॥, कुल १५९।-॥ हुए शेष २०।=) रहे हैं.

वाचकवृन्द ! आप इस कुल कार्य्यवाहिसे परिचित होकर यह नतीजा अवश्य निकालेंगे कि जैनियोंकोभी अपने छात्रोंको पढानेकी रुचि उत्पन्न हो गई है, और नवीन प्रबन्ध और पठनक्रम अत्यन्त रुचिकर है कि एक मासहीके कार्य प्रारंभमें जैन छात्रोंकी संख्या द्विगुणसे अधिक हो गई. हमको इस बातकाभी परम हर्ष है कि जयपुरीय श्वेतांबर जैन जातिमेंभी पठन पाठनकी रुचि वृद्धिको प्राप्त होने लगीहै कि जब हम पहिलेकी जैन छात्र संख्याको देखतेहैं. तो १५ छात्रोंमें श्वेताम्बर १०, यतिशिष्य ३, दिगम्बर २ थे और इस समयकी जैनछात्र संख्या ३१में श्वेताम्बर २३ यतिशिष्य २ दिगम्बर ६ हैं. भविष्यतमें यह

संख्या शीघ्रही अधिकतर वृद्धिको प्राप्त होनेवाली दृष्टिगोचर होती है. किन्तु अब इस कार्यमें आर्थिक सहायता की अत्यन्त आवश्यकता है, क्यों कि जितना खर्च इससमय है उसके निर्वाह के हेतु थोडेही दिनों में ध्रुव कोषसे ११६।-॥ लिये गएहैं. भविष्यतमें जबकि एकदो मासकेही अनन्तर खर्च की वृद्धि होनेवाली है तो उससे पहिलेही इसकी आर्थिकदशा अच्छी होजाना आवश्यकहै. इसी कारण समस्त जैनी भाइयों और कान्फ्रेन्सकी सेवामें अपील किई गई है. आशा है कि हमारे जैनीभाई इस कार्यमें अवश्य सहायक होकर अपनी उदारता और अपने धर्मस्नेहका परिचय देंगे और हमारे उत्साहको बढावेंगे.

जैनियोंका दास

**घीसीलाल गोलेछा**

मन्त्री जैनागम पाठशाला—**जयपुर.**

---

# अवायल उमरकी शादीकी खराबीयां.

मजमून जेलको "हरेल्ड" में जगह दीजिये !

हमदर्दानकोम व खेरखुवाहानकोम, आप साहेबोंसे मेरी प्रार्थना है कि आप अपने कीमती वकतका कुछ हिस्सा मुजको दान देकर सितूर जेलका मुलाहजा फरमाकर खयाल कीजियेगा के अवायल उमरकी शादीसे क्या क्या खराबीयां पैदा होतीहै और उनका इन्सदाद किस तरहसे होना मुमकिन है !

अवायल उमरकी शादीका रिवाज पहले नहि था. जबसे अरबके रहनेवाले फतह व न सरतके डंके बजाते हुवे, हिन्दुस्तानमें दाखिल हुवे और उनकी बेज्या व दराजीयों या उनकी जरूरतोंने हिन्दकी स्त्रियोंपर कबजा करना चाहा तो उस वक्तके रिफारमरोंको नंग वनामूसके खयालसे बचपनमेंही लडकीयोंकी शादी करना वाजिब समझाके वह इस तरीकेसे इसलामी लशकरीयोंके दस्ततसर्रूफसे महफूज रहें, इसलीयेके जब उन लशकरीयोंकी किसी ओरतकी निस्बत यह मालुम हो जाताथा के इसका विवाह हो गयाहै, गो गो उनकी हकूमतका दोर दौराथा मगर वह किसीके मजहबी रसममे बेज्या मदाखलत और किसीपर जबर नहीं करना चाहतेथे. हमारे रिफारमरोंकी यह हिकमत चल गई और इसका रिवाज बडे जोर शोरके साथ फेलना शरू होगया. गो फिर थोडे जमानेहीके बाद उनको इस अमरकी जरूरत बाकी न रही के वह गेरमजहबकी स्त्रियोंकी तरफ आंख उठाकरभी देखें. लेकिन आज कल हमारे भाई यह नही सोचतेके यह रसम उसी वक्तके लिये उम्दाथी, जमाने हालमें क्या जरूरहै के हम आजादीकी हालतमेंभी इस रसमको रायज रखें.

अब खयाल कीजियेके अवायल उमरमें शादी करनेसे कैसी कैसी खराबीयां पैदा हो गई है के जिसने हिन्दू धर्म्मकी बहोतसी आनेवालीनसलोंका खातमा कर दीया. अव्वल तो लडकेका चाल चलन उसकी कमऊमरमें नही मालुम होसकता, अगर बिलफरज एक लडकेकी शादी कर दी गई और उसका चाल चलन खराबहै या किसी मर्जमें मुब्तलाहै तो उसकी ओरत तमाम उमरके वास्ते बजाय, ऐश व आरामके रंजमें मुबतला रहेगी. आप लोग रातदिन खुद देखते और सुनते है अगर हमारे किसी गरीब और ईमानदार भाईकी लडकीकी उमर बारा बरससे जायद होगई और वे मुफलिसी या और किसी खास वजेहसे उसकी शादी न कर सके तो दीगर लोक उसपर ताने करतेहैं और उसकी निसबत अपने दिलोंमें बुरे बुरे खयालात पैदा करते हैं बल्के यह नही सोचते के ओरत और खाविंदका एक बहोत बडा और नाजुक रिस्ताहै अगर इसमें किसी तरहका हर्ज या दूसरोंकी रायपर काम कीया जावे तो उसमें आखिरको बहोत बडे बडे नुकसानात और खराबीयां निकलतीहै अगर उनमें बाहम इत्तफाक न हुवा तो हमेशेके वास्ते रंजमें मुबतला हुवे और यह ऐसा रंज होताहै के एक दूसरेसे जीतेजी जुदा नही हो सकता. जिन लडके लडकीयोंकी अवायल उमरमें शादी कर दीजातीहैं वह अपने बालिग होनेसे पेस्तरही हम सोहबती और हम बिस्तरीके लिये मजबूर कीये जातेहैं के जिसका नतीजा बहोतही खराब निकलता है क्योंकि अगर लडका तालिब इल्महै तो उसके लिखने पढनेमें फरक आजाताहै. अलावे अर्जी उसकी दिमागी कुव्वतेंभी कमजोर होजातीहै. बरखिलाफ उसके वाल्देनका कवी और ताकदवद होना ओलादके लिये उम्दा नतीजा पैदा करता है लेकिन वाल्देन अवायल उमरमेंही ओलादके खुवास्तगार होजातेहैं और यह नहीं खयाल करतेके अवल तो उनका नुतफा कायम नहीं रहता, अगर कायमभी रहा तो वह पैदा होनेसे पहलेही जाये हो जाताहै. अगर जायेभी न हुवातो हमशे के लीये जबसेके वह पैदा होताहै इकसाम इकसामके मरजोंमे मुबतला रहताहै. इसलीये हमारे भाईयोंकी ईसतरफ तवज्जे होना चाहिये के वह अवायल उमरमें शादी न करनेके रिवाज व रसमको कतई बंद कर देवें तो जो नुकसानात इस रसमसे पैदा होगये हैं और होते चले जाते हैं, दूर हो जावें और थोडेही अरसेमें हममें और नीज हमारी आयंदा नसलोंमें वोही दिलेरी और बहादुरी और हिम्मत पैदा होजावे के जिनको हम अपने बुजर्गोंकी तवारिखों और किताबोंमें देखते है. और जिनको देखनेसे हमको हैरत मालुम होती है.

अबमें इस लेखको खतम करताहूं, और तवज्जे दिलाताहूं कि हमारे भाई इसपर जरूर अमल करेंगे. और यह उम्मेदभी कीजातीहै के यह रिवाज आहिस्ता आहिस्ता दुरस्ती पर आजावेगा. इति शुभम् ।

**महता अमृतसिंह, नाथद्वारा—( मेवाड ).**

# હું શું જોઉં છું ?

( લેખક—સૌભાગ્યચંદ મોહનલાલ શાહ. ડ્રોઇંગ માસ્તર, મેન્યુઅલ ટ્રેનિંગ વર્ગ. કડી. )

સુજ્ઞ જૈન ધર્મી બંધુઓ ! આજનો વિષય ઘણો મહત્વનો છે; જેટલો મહત્વનો છે તેટલોજ લાભદાયક છે, માટે ખાસ કરીને સદરહુ વિષય પુષ્કળ ચર્ચાવા યોગ્ય છે. તેથી ચર્ચા કરવાને દરેક સુજ્ઞ જૈન બંધુઓને મારી ખાસ ભલામણ છે.

પ્રિય બંધુઓ ! આપણો મોટો જથ્થો ગુજરાત તથા કાઠિયાવાડમાં વસે છે તેમજ હિંદુસ્તાનના બીજા ભાગોમાં છે. પણ ગુજરાત તથા કાઠિયાવાડ બહારના જૈન બંધુઓની સ્થિતિથી હું વાકેફગાર નહિ હોવાને લીધે તત્સંબંધે કાંઇપણ બોલી કે લખી શકતો નથી. પણ આપણા ગુજરાત તથા કાઠિયાવાડમાં વસતા જૈન બંધુઓની સ્થિતિનો ઘણો અનુભવ મેળવ્યો છે જેથી તત્સંબંધે મારા શોકોદ્ગાર નીચે પ્રમાણે નીકળ્યા સિવાય રહેતા નથી.

આપણો પૂર્વનો ધર્મરાગ, વિદ્યા, જાહોજલાલી, વિગેરે બાબતોનો સાંપ્રત સમય સાથે મુકાબલો કરૂં છું ત્યારે શોક સમુદ્રમાં ગરકાવ થઇ જાઉં છું કે અહા ! કયા કયા કારણોથી આવી આપણી અવનત સ્થિતિ થયેલી હું જોઉં છું ? તેનો જ્યારે વિચાર કરૂં છું ત્યારે જણાઇ આવ્યું છું કે—ઘણે ભાગે જૈન બંધુઓએ વિદ્યાને વેગળે મુકી છે, લક્ષ્મીની લાલચમાં લપટાઇ ગયા છે ને સંસારિક દુષ્ટ રિવાજોને આધિન થઈ પડ્યા છે. પણ ભાઈઓ વિચારો તો ખરા કે જ્યાં વિદ્યા નથી ત્યાં વિવેક નથી અને જ્યાં વિવેક નથી ત્યાં લક્ષ્મી પણ નથી તો પછી સંસારિક સારા રિવાજો કયાંથી હોય ? માટે બંધુઓ, ખાસ કરીને તમારાં ઉછરતાં બાળકોને (પુત્ર અને પુત્રીઓને) વિદ્યા મળે તેવી ગોઠવણો કરો ને ઉત્તમ પ્રતિની વિદ્યા મળે તેને માટે તમે જાતે સાહસ કરો મતલબ કે દુઃખ વેઠીને પણ તમારાં ઉછરતાં બાળકોને કેળવણી આપો તો આપોઆપ એક વિશી ગયા બાદ આપણી કોમમાં વિદ્યાની વૃદ્ધિ થશે ને જેથી કરીને લક્ષ્મી મેળવતાં મુશીબત વેઠવી પડશે નહિ તેમજ સંસારિક રીત રશમ પણ સુધરશે.

સાંપ્રત સમયમાં જ્યાં ત્યાં કેળવણીનો અભાવ હોવાથી આપણી જૈન કોમને નહિ છાજતાં કાર્યો કરવાને આપણા બંધુઓ બહાર પડેલા છે. કેટલાક શાક ભાજી વેચે છે, કેટલાક ગાડીઓ હાંકવાનો ધંધો કરે છે, કેટલાક કન્યા વિક્રયનો દુષ્ટ ધંધો આદરી બેઠ છે ને કેટલાક નહિ છાજતી નોકરીઓ કરવા લાગ્યા છે. અફસોસ ! ! અફસોસ ! ! કય શ્રી હેમચંદ્રાચાર્યનો સમય ને કયાં હાલનો સમય ! શ્રી હેમચદ્રાચાર્ય મહારાજના સમયમા શ્રી પાટણમાં ૧૩૫૦ કરોડપતિઓ હતા તો લક્ષાધિપતિઓ કેટલાક હશે તેનું અનુમાન કરવાને હું વાંચનારનેજ સોંપું છું. સાથે સાથે ગુજરાત તથા કાઠિયાવાડના બીજા શહેરો અને ગામોમાં શ્રીમાન્ ગૃહસ્થો તે સમયમાં કેટલાક હશે તેનું પણ અનુમાન કરી લેશો.

वहाला भाईओ आपणी कोममां चालती दुष्ट रिवाजोनुं ज्यारे हुं ध्यान धरुं त्यारे मारी चालती सर्व नाडीओ शीथील थइ जाय छे. अने एक मूढ माफक थ जाउं छुं. पण अफसोस! ज्यां सुधी आवा दुष्ट रिवाजोनुं निकंदन करवाने शूरा रत्नो बहार पडशे नहि त्यां सुधी आवा दुष्ट रिवाजोनुं निकंदन थवुं मुश्केल. पडे पण लखवाने आनंद थाय छे के केटलेक स्थळे आवा दुष्ट रिवाजो प्रमाणे नहि वर्तवा बाधाओ लीधेली छे तेथी एम मानी शकाय छे के तेवो समय हवे नजदीक आवि जाय छे. वळी आधुनिक समयमां केळवणीनो प्रचार उत्तरोत्तर प्रसरतो जाय छे ते जेम जेम विशेष प्रमाणमां प्रसरतो जशे तेम तेम तेवो समय जलदी आववा संभव छे एम जाणी मने जरा शान्ति मळे छे. हवे आधुनिक समयमां चालता दुष्ट रिवाजोनुं दिग्दर्शन करवानी रजा लउं छुं.

(१) बाळलग्न (२) वृद्ध लग्न (३) कन्याविक्रय (४) वरविक्रय (५) लग्न प्रसंगे नहि छाजतो थतो खर्च, फटाणां गावां तथा जैन विधिथी विरुद्ध थतां लग्न (६) मरण पाछळ रडवा कूटवानो रिवाज तथा जमणवारोमां थतो अयोग्य खर्च (७) सीमंत वखते न्यात वरा विगेरेमां थतो खर्च विगेरे.

उपर प्रमाणे आपणी कोममां दुष्ट रिवाजो वधता ओछा प्रमाणमां हयाती भोगवे अने जेने माटे आपणी कोन्फरन्सोमां पुष्कळ विवेचन थयेलुं छे जेथी हुं लंबाणथी विवेचन करवा मागतो नथी पण तेनो प्रतिबंध करवाने प्रत्येक कोन्फरन्समां ठराव थयेला छे तेने सुज्ञ जैनबंधुओ मान आपी पोताना गाममां प्रतिबंध करवा प्रयत्न करशे एम आशा राखुं छुं.

(१) बाळ लग्न.—आपणी कोममां बाळलग्ननो दुष्ट रिवाज प्रचलित छे. श्रीमंत महाराजा सयाजीराव एमणे पोताना राज्यमां बाळलग्न प्रतिबंधक निबंधनो कायदो अमलमां मुकयो छे ने पोतानी दुखती प्रजाने तारवाने तेओ नामदारे आ आ एक अगत्यनुं पगलुं कर्युं छे तेने माटे तेओ नामदार साहेबने धन्यवाद घटे छे.

आपणी कोममां स्त्री केळवणीना अभावे हालनी मातृस्थीति भोगवती स्त्री घणे भागे बीन केळवायेली होवाथी मनना खोटा कोड पुरा पाडवानी खातर पोताना नानां बच्चांओने परणावी दे छे. जो माताओ केळवायली होय तो पुरुष बाळ लग्न करवा प्रेराय तो पण ते घणे अंशे अटकावी शके छे पण तेथी उलटुं जो पुरुष केळवायलो होई बाळलग्न करवा विचार न होय तो पण स्त्री बीन केळवायली होवाना कारणथी स्त्रीना दुष्ट विचारने मान आपवानी फरज पडेली मारा जोवामां आवी छे अने आवे छे जेथी खसुस करीने आपणी कोममां जे ते स्थळना पंचे, महाजने, या ज्ञातिना अग्रेसरोए बाळलग्न नहि थवा देवाना ठरावो करवा जोइए. जे जे गामोमां एवा ठरावो थाय ते ते गामोने ज्यारे कोन्फरन्स भराय त्यारे धन्यवाद आपवो जोइए या तो आपणा मानवंता मासिकमां प्रसिद्ध करवुं जोइए, के जेथी

રી તે ગામની સાથે સંબંધ ધરાવનારાં બીજાં ગામોમાં પણ તેના અગ્રેસરો તે પ્રમાણે વર્તવાને ઉલ્લસીત થાય.

( ૨ ) વૃદ્ધલગ્ન.—આપણી કોમમાં વૃદ્ધ લગ્નો ઘણા ભાગે બે કારણોથી થતાં જોવામાં આવે છે. પ્હેલું કારણ સંતતી ન હોવાનું હોય છે તેમાં વિશેષે કરીને પુત્ર નહિ હોવાના કારણથી લગ્ન કરવામાં આવે છે. બીજું કારણ એવું હોય છે કે પુત્ર, પુત્રવધુ, અને પુત્રીઓ હયાત હોવા છતાં ઘડપણમાં બીજાના હાથનો ઓશીઆળો રોટલો નહિ ખાવાની ખાતર લગ્ન કરવામાં આવે છે. હવે જો પહેલા કારણ વિષે આપણે વિચાર કરીશું તો માલમ પડશે કે પુત્ર થવાની લાલચમાં થયેલા વૃદ્ધાલગ્નમાં ઘણોજ અનાચાર જોવામાં આવે છે. અને વધુમાં વખતે ધારેલી ઇચ્છા પણ ફલીત થતી નથી. જ્યારે તે લગ્ન કરનાર વૃદ્ધ પુરૂષ આખરની માંદગી ભોગવતો હોય છે તે વખતે તેના મનમાં ઘણા ક વિતર્કો ઉત્પન્ન થાય છે કે જો મેં આ લગ્ન ન કર્યું હોત તો ઠીક હતું; વળી તે પોતાની પાછળ વૈધવ્ય સ્થિતિને પ્રાપ્ત થનાર સ્રીનું શું થશે એવા વિચારમાં ગીરફતાર થઈ જાય છે અને લગ્નમાં ખરચેલા દ્રવ્યનો સદુપયોગ કર્યો હોત તો ઘણું સારૂં હતું એમ વિચારે છે. જ્યારે અવસાન કાળે આવો પશ્ચાતાપ કરવો પડે છે ત્યારે તેના કરતાં ઉત્કૃષ્ટ માર્ગ એ છે કે અનાથ બીન વારસી બાળકોને પોતાનાં બચ્ચાં માની લઈ તેઓનું રક્ષણ કરવું, કેળવણી આપવી વિગેરે બાબતોમાં કાળજી પૂર્વક ખર્ચ કરવામાં આવે તો હું ધારૂં છું કે આપણી કોમની ચઢતી થયા વિના રહેજ નહિ.

હવે બીજા કારણ સંબંધે વિચાર કરીશું તો જણાશે કે તે તદન ગેરવ્યાજબી છે કારણ કે પોતાના છોકરાની વહુના હાથનો રોટલો ખાવો એ ઓશીયાળો કેમ ગણાય ? ઘણાં શ્રીમંતો અને મોટા મોટા શેઠીઆઓને ત્યાં પોતાની સ્રીઓ હોવા છતાં રસોઈઆના હાથનું જંમણ જમે છે એવા શેઠીઆઓના મનમાં તેવા દુષ્ટ વિચારો કેમ આવતા હશે ? આ બાબતનો જો વૃદ્ધ લગ્ન કરનાર વિચાર કરે તો તેમને જણાઈ આવ્યા વિના રહેજ નહિ કે મારા વિચાર ભુલ ભરેલા છે ને માત્ર આવા ખોટે રસ્તે દોરવાઇને વૃદ્ધ લગ્ન કરવું એ કેવળ મૂર્ખાઈ છે. તેમણે એમ પણ વિચાર કરવો જોઇએ કે હું જ્યારે બિચારી અનાથ અબળાનો ભવ બગાડું છું ત્યારે ભવિષ્યમાં કોઈ પ્રસંગે મારી પુત્રીઓનો કિંવા પુત્રની પુત્રીઓનો આ પ્રમાણે ભવ કેમ નહિ બગડે ! માટે સૌથી સરસ રસ્તો એ છે કે આ કારણથી કોઇ દિવસ વૃદ્ધ લગ્ન કરવું નહિ.

( ૩ ) કન્યાવિક્રય.—આ કારણથી બાળ લગ્ન અને વૃદ્ધ લગ્ન આપણી કોમમાં થતાં વિશેષ નજરે પડે છે અને આ સંબંધમાં આપણા માનવંતા માસિકના પુસ્તક ૬ ના અંક ૨ અને ૩ માં મી. મહાસુખરામ તરફથી પુષ્કળ વિવેચન થયેલું છે. એટલુંજ કહેવું આ સ્થળે હું ઉચિત ધારૂં છું ને તેની સાથે એમ પણ કહેવા માગું છું કે દરેક ભાઈઓ અને બ્હેનો સદરહુ લેખ વાંચી તે પ્રમાણે વર્તશે એવી ઉમેદ છે. આ દુષ્ટ રેવાજ ઝાલાવાડ, કાઠિયાવાડ અને ગુજરાતમાં વધતા ઓછા પ્રમાણમાં નજરે પડે છે.

લગ્ન એ એક માંગલિક અવસર છે અને કન્યા વિક્રયના દુષ્ટ રિવાજને લીધે વર તરફના માણસોના મનમાં અનેક પ્રકારની ચિંતાઓથી તે અવસર મહા દુઃખદાઈ લાગે છે. આવા બનાવો મેં ઘણા જોયા છે અને સાંભળ્યા છે જેથી હૈઉં ઘણુંજ ભરાઈ આવે છે. પોતાનો છોકરો યા ભાઈ પરણાવવાની ખાતર પેટે પાટા બાંધીને તે કામ કરે છે યા તો ભાઈ અથવા પુત્રને કેળવણી આપવા માટે ખર્ચ કરવો પડે છે તેથી તેમને કેળવણી આપવાનું બંધ કરી જુજ લાભવાળા ધંધામાં જોડી દે છે. જુઓ કે આ દુષ્ટ રિવાજને લીધે કેટલું બધું નુકસાન વેઠવું પડયું છે, પડે છે અને પડશે તેનો ખ્યાલ કરવાનું કામ મારા પ્રિય વાંચકોનેજ સોંપુછું. જાણવા પ્રમાણે દુનિયાપરની કોઇ પણ કોમમાં જો આ દુષ્ટ રિવાજ હોય તો તે આપણા દેશમાં તેમાં પણ આપણી કોમમાં ને હિન્દુ ગણાતી કોમમાંજ છે. આથીપણ સ્પષ્ટ થાય છે કે આ રિવાજ દુષ્ટ અને હાનિકર્તા છે. જો આ રિવાજ યતકિંચિત્ પણ સારો હોત તો દુનિયા પરની આપણા દેશ સિવાયની બીજી કોઈ પણ કોમમાં પ્રચલિત હોતજ. માટે પ્રિય બન્ધુઓ, આ દુષ્ટ રિવાજને એકદમ સત્વરે જડ મુળથી ઉખેડી નાંખો જેથી આપણી ઉન્નત સ્થિતિ આપોઆપ ખીલી નીકળશે.

(૪) વરવિક્રય—કેટલેક સ્થળે અને ઘણે ભાગે શહેરમાં આપણી કોમમાં કન્યાનાં માબાપો કુળની લાલચે વરવાળાને પૈસા આપી પોતાની પુત્રીને પરણાવે છે તેને વરવિક્રય કહેવામાં આવે છે. જેપ્રમાણે કન્યાવિક્રયમાં નુકશાન છે તેજ પ્રમાણે તેથી ઉલટું વરવિક્રયમાં પણ નુકશાન રહેલું છે. કેટલાક માબાપો કુળની ખોટી લાલસામાં તણાઇ જઈને પોતાની પુત્રીને યોગ્ય વર ન હોય તો પણ પોતાની વહાલી પુત્રીને ખાડામાં ફેંકતાં વિચાર કરતા નથી યાતો પોતાથી પૈસા આપી શકાય તેવી સ્થિતી ન હોય તો બુદ્ધીના બુઠ્ઠા, અક્કલના આંધળા કે ખરેખર આંધળા, કાંણા કે લુલાની પણ કુળવાનની સાથે પરણાવે છે. આ પ્રમાણે લગ્ન કરવામાં તેઓ ખોટી મોટાઈ માની બેઠા છે ને પરિણામે પોતાની વહાલી પુત્રીઓના વિલાપ સાંભળે છે કિંવા નજરે જુએ છે. માટે તેવી ખોટી મોટાઈ માનનારા ભાઈઓ અને બહેનોને જણાવવા રજા લઉં છું કે પોતાની પુત્રીનાં યોગ્ય વર જોઈ તેની સાથે લગ્ન કરવાં તેમાંજ પોતાનું અને પોતાની પુત્રીનું હીત સમાયેલું છે. વર વિક્રયના દુષ્ટ રિવાજથી એક છતાં બીજી સ્ત્રી કરવાના દાખલા નજરે પડે છે ને તેથી એવાં દુષ્ટ પરિણામ આવે છે કે કોઈપ્રસંગે તનનો, ધનનો અને આબરૂનો વિનાશ થાય છે.

(૫) લગ્ન પ્રસંગે નહિ છાજતો થતો ખર્ચ, ફટાણાં ગાવાં, તથા મિથ્યાત્વ વિધિ બંધ થઈને જૈન વિધિપ્રમાણે લગ્ન થવાની જરૂર—શ્રીમંતો પોતાના પુત્ર યા પુત્રીના લગ્નપ્રસંગે ન્યાત, તમાસા, દારૂખાનું, વાજીંત્ર, વરઘોડા અને જમણ વગેરેમાં ખર્ચ કરે છે. પરંતુ નાચ, તમાસા, અને દારૂખાનું આ ત્રણનો તો ખર્ચ કરવોજ ન જોઈએ. માત્ર વાજીંત્ર, વરઘોડા અને જમણનો ખર્ચ કરવો જોઈએ પણ તેની કાંઇક હદ બાંધવી જોઈએ. જો કદાપિ પુત્ર પુત્રીનાં લગ્ન કરનાર શ્રીમંત શેઠીઆની ખર્ચ કરવાની વિશેષ મરજી હોય તો તે લગ્નપ્રસંગ હંમેશાં જળવાઇ રહે તેને માટે કોઇ સ્મારક કરવું જોઇએ અથવા તો આપણા નિરાશ્રિત બન્ધુઓને ધંધે ઉદ્યોગે લગાડવાને માટે તજવીજો કરવી જોઈએ યા તો ધાર્મીક અથવા સાંસારિક કેળવણીના ફંડમાં મદદ આપવી જોઇએ

જેથી આપણામાં થતો લખલુટ ખર્ચ ફાજલ નહિ ગણાય ને પરિણામે ઉપરની યોજના-ઓમાં મદદ આવ્યાથી આપણી ચઢતી થવાને વિલંબ લાગશે નહિ.

જ્યાં ત્યાં લગ્ન પ્રસંગે સ્ત્રીઓ મર્યાદા મૂકી દઇને બિભત્સ અને અપમાન ભરેલા ગીતો ગાય છે. જે સ્ત્રીઓ હમેશાં પોતાનો એટલો બધો મલાજો સાચવે છે કે કોઈ પુરૂષ અગર સ્ત્રી બિભત્સ શબ્દો બોલે છે તો તેનો તિરસ્કાર કરવામાં આવે છે તેજ સ્ત્રીઓ માંગલીક અવસરે પોતાના મુખમાંથી કુવેણો ઉચ્ચારે એ કેટલું બધું શોચનિય છે! અલબત, ફટાણાં ગાવાનો એકદમ અટકાવ કરી તેને બદલે માંગલીક અવસરને અનુસરતાં જૈની ગીતો ગાવાં જોઇએ. આપણા માનવંતા શેઠ વીરચંદ ભાઇના પુત્રના લગ્ન પ્રસંગે આ પ્રમાણેજ તેમણે ગીતો ગવરાવેલાં છે ને તેની એક બૂક પણ બહાર પડી ચુકી છે તે પ્રમાણે કરવાને માટે હું મારા પ્રિય બન્ધુઓ તથા શુશીલ બહેનોને ભલામણ કરૂં છું.

આપણામાં જૈન વિધી પ્રમાણે લગ્ન ન થતાં અન્ય દર્શનીની વિધી પ્રમાણે લગ્ન થાય છે એ ઘણુ શોચનીય છે. આપણી જૈન લગ્ન વિધિનાં પુસ્તકો બહાર પડી ચુકેલાં છે અને તે પુસ્તક પ્રમાણે દરેક ગામના અગ્રેસરોએ લગ્ન થાય તેને માટે તજવીજ કરવી જોઈએ. આપણા શાસ્ત્રના ફરમાન પ્રમાણે આપણે ન ચાલીએ તો આપણા ધર્મનો ઉદય કિંવા જાહોજલાલી શી રીતે થઇ શકે? અન્ય દર્શની લોકો આપણી જૈનવિધી પ્રમાણે કેમ લગ્ન કરતા નથી? તો આપણે શા સારૂ તેમની વીધીપ્રમાણે લગ્ન કરવાં જોઈએ? કોઈ એમ બતાવેકે આપણી વીધિપ્રમાણે લગ્ન કરતાં વિશેષ ખર્ચ થાય છે તો તે કારણ નિર્બળ છે. આપણી વીધિપ્રમાણે લગ્ન કરતાં ખર્ચ વીશેષ થતો નથી. માટે જૈન લગ્ન વીધી પ્રમાણે લગ્ન કરવાની આગ્રહપૂર્વક ભાઇઓ અને બહેનોને ભલામણ કરૂં છું.

( ૬ ) મરણ પાછળ રડવા કુટવાનો રિવાજ તથા જમણવારોમાં થતો અયોગ્ય ખર્ચઃ—આપણામાં મરણ પાછળ સ્ત્રીઓ રડે છે અને કૂટે છે તેના પરિણામમાં એવું બને છે કે અનેક પ્રકારના રોગો રડનાર અને કૂટનાર ને થાય છે અને કોઈ પ્રસંગે તો મરણ પણ નીપજે છે. આવા દુષ્ટ રિવાજનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ. આ રિવાજનો અટકાવ કરવાનો સૌથી સરસ માર્ગ એ છે કે મરનાર અવશાન કાળે એમ કહે કે મારી પાછળ કોઈએ રડવું તથા કૂટવું નહી પણ મારા હિતસ્વી માણસે અમુક ધર્મકાર્ય કરવું તો હું ધારૂં છું કે ધીમે ધીમે આ દુષ્ટ રિવાજ બંધ થઈ વિશેષમાં ધર્મકાર્ય થતું રહેશે. હવે જ્યારે આપણી કોમના વીચાર સુધરતા ચાલ્યા છે તેવા પ્રસંગે કમનશીએ જેઓનું આયુષ્ય પૂર્ણ થાય તેઓ આ વાત ખસુસ ધ્યાનમાં રાખી જીંદગીના સમયે આ બાબતોનો બંદોબસ્ત કરી લે તો જે પ્રમાણે દૂધમાં સાકર મળવાથી ગળપણમાં પૂષ્ટી મળે છે તે પ્રમાણે આમાં પણ મળશે. પ્રસંગે મરણ પથારીએ પડેલ માણસને આ બાબતનુ જ્ઞાન ન રહે તો પણ ભલામણ કરૂં છું કે આ બાબતનો સત્વરે બંદોબસ્ત કરી થતાં અનિષ્ટ પરીણામનો અટકાવ કરવો જોઈએ.

મરણ પાછળ જમણવારોમાં થતા ખરચનો હીસાબ રાખીએ તો સ્પષ્ટ જણાઇ આવશે કે બીજા અનેક અગત્યના કાર્ય પાછળ કરવો જોઈતો ખર્ચ બીલકુલ કરવામાં આવતો નથી. ને ફકત એક વાળુ કે એક દિવસના જમણમાં મોટી રાક્ષસી રકમ ખરચ-

थाथी आपणी उन्नति थवाना तमाम मार्ग रोकाई जाय छे जेथी परीणामे सांप्रत स्थीति भोगवीए छीए. जो आ जमणवारोमां थता खर्चना पैसा केळवणी, निराश्रीतने मदद वगेरे कार्यमां खरचवामां आवे तो जरुर आपणी पूर्वे जे स्थिति हती ते स्थिति प्राप्त थवाने विलंब लागशे नही माटे दरेक सुज्ञ भाईओ अने बहेनोने मारी नम्र विनंति छे के जमणवारोमां थतो खर्च अटकावी शुभ कार्यमां खरचवानी तजवीज करशो.

(७) **सीमंत वखते न्यात वरा विगेरेमां थतो खर्च विगेरेः**—केटलेक स्थळे सीमंत वखते जमणवारो करवामां आवे छे जेथी जमवानी लालचे आपणा शास्त्रमां मनाई छतां मोटा जथामां माणसो जमवा जाय छे. जो शास्त्रमां मनाई छे तो तेवा कार्य निमीत्ते शामाटे जमणवारो करवा जोईए ? अलबत तेवो खर्च अटकावी मात्र वीधि करवी ए मने ठीक भासे छे ने आ कार्य पाछळ थतो जमण वारनो खर्च पण उपरप्रमाणे मरण पाछळना जमणवारोना थता खर्चनी माफक सदुपयोग करवामां वपराय तो बेशक लाभ छे माटे तेम करवा यातो बंध करवानी फरज पाडवी जोईए. आ बाबतमां मारा भाईओ अने बहेनो लक्ष आपशे एवी उमेद छे. आ सिवाय बीजा जे जे दुष्ट रिवाजो ज्यां ज्यां प्रचलीत होय त्यां त्यां सुज्ञ बन्धु ओ अटकाव करशे एवी आशा छे.

में जे जोयेलुं छे ते उपरथी उपर प्रमाणे दुष्ट रीवाजोनुं मात्र दिग्दर्शन कराव्युं छे तो लाभालाभनो-सारासारनो विचार करी प्रतीबंध करवा वांचक वृंदने सोंपुंछुं ने ते प्रमाणे जेओ वर्तशे तेओ आपणी श्री जैन कोन्फरन्सना धन्यवादने पात्र थशे. अस्तु.

---

# जैन कॉन्फरन्सके ओनररी उपदेशक और प्रसिद्ध वक्ता मि. अमरचंद पी. परमारका कॉन्फरन्सकी सेवार्थे रजपुतानाका स्तुत्य प्रयास.

मी. अमरचंद पी. परमार जो चारों जैन कॉन्फरन्समें हाजर थे, और कान्फरन्सके कार्यमें अती परिश्रम कर रहे हैं, और दूसरी जैन कान्फरन्समें इन्टेलीजन्स, हैल्थ और वोलंटीअर ये तीनों कमीटीके सेक्रेटरी नियत हुवे थे, और वह काम उन्होंने पूरी फतेहके साथ बजाया था, रजपूताना आदि स्थलोंमें हरसाल मुसाफरी करके अपने गीरोके रेल, आदि खरच करके कुच्छ भी तनखा ( पगार ) नही लेकर कोन्फरन्सकी सेवा बजा रहे है, उनको धन्यवाद देकर पाटणकी चोथी कोन्फरन्सके बाद करीब तीन महिनेमें अपने प्रवास दरम्यान जो जो कार्य किये उसकी कुछ तपसील जेल दरज है.

**पाटण**—पाटणमें कोन्फरन्सकी सभामें पी. परमारने जैन पुस्तकोद्धार और हानीकारक रीवाज बाबत सुज्ञ और असरकारक व्याख्यान दिया था. और कोन्फरन्सकी हर तरहसें सेवा बजाते रहे थे. पाटणमें ईनका एक कोट चुरा गया जिससे बहोतसे जरुरी कागजात इनके जाते रहे. बाद प्रमुख साहब शेठ वीरचंद दीपचंद और मि. ढढा आदि गृहस्थोंको पाटणमें छाती कूटनेका रिवाज बंध करवानेमें पूरे मददगार रहे. दो रोज ज्यादा रहकर श्रीमद् हेमचंद्राचार्यका उपासरा, भंडारे, पूराने शहरके आईठान ( निशान ) देखकर कितनीक बातोंकी शोध की.

भोयणी—कुछ रोज ठहर कर कारखानेकी हिसाब देखा, जो संतोषकारक मालूम हुवा. अंदाज पचपन हजारकी आमदनीमेंसे बहोतसे रुपये दूसरे मंदिरोंको आरस वगैरह देनेमें खरच किया जाता है. जो जो मंदिर और तीर्थमें अच्छी बचत रहती हो, चाहिये कि श्री भोयणीजीकी माफक वरताव करके दूसरे मंदिरोंका जीर्णोद्धार करावें. कितनेक आगेवान यात्रीओंकी खानगी सलाह करके कितनीक हिदायत की गई. और मुंबई समाचारमें श्रीभोयणीजी बाबत एक ऊमदा लेख लिखा. उनकी और कई महाशयोंकी रायमें नीचे लीखे माफक कितनेक सुधारे किये जाय तो श्री तीर्थ ओरभी तरकी करेगा.

(१) अगर बन सके तो श्रीमंदिरकी चारों तरफवाली धर्मशाला तोडके श्री भोयणीजीके मंदिरको बावन जिनालय मंदिर बनाया जावें. बावन देरडी यह धर्मशालाकी जगह कायम कि जाय. बहोतसे आदमी एक २ देरडी अपने नामसें रख लेंगे. ईससे बहोत आसातना दूर हो जायगी.

( २ ) जो ओरडी केसर घीसनेकी है वह बहुत छोटी है. इतनी छोटी कोटडीमें कपडा बदलनेका कार्य होता है. इससे बडी भीड होती है, बलकि मुलायजा शरम नही पाली जाती. टिलक करना और कपडा बदलेनी कोटडी एक औरभी बनाई जावे. कितनेक कपडे भी फटे हुवे रहते हैं, सो वह आशातना दूर होनी चाहिये. केसर किसीको घसना हो तो एक अलग ओरडी बनवानेसे अपने हाथसें कई आदमी जो केसर आप घीसता पसंद करते है, उनको सुबिता होगा.

( ३ ) गरम पाणीकी कोई तजवीज श्रीभोयणीजी जैसे तीर्थमें नही है सो ताज़ुब है. गरम पाणीका एक अलग खाना किया जाय तो बहोत कुछ आमदनी हो सकती है. मुंबईमें भाटीओंकी ममादेवी कांदावाडीमें है, उसमें जनाना और मरदाना नहानेकी अलग २ तजवीज और कोटडीसें की है. ऊसमें गरम पाणीका नल हर खोलीमें लगाया है जो पानी एक बाईलरमेंसे आता है. साथ दुसरा भी नल है. ऐसेही कोई तरीका दाखिल किया जावे तो यात्रीओंको आराम मिलेगा, भक्ति अछी होगी, और कारखानेका बडा यश होगा. हरेक आदमीको अपना २ पाणी अलग २ करना पडता है, उसमें बहुत तकलीफ रहती है, आलसके सबबसे ठंडे पाणीसे नहोनेसें आशातना होती है.

( ४ ) भीतरके दरवाजेके कटेरोके बडा बडे अक्षरोंसें तकता लगना चाहिये कि जूते यह दरवाजेसें बहार खोले जाय.

( ५ ) कारखानेमें छोटासा देशी औषधीका एक दवाखाना खोलना बहुत जरूरी है. कइ आदमी बीमार होते है.

( ६ ) स्टेशनसे श्रीमंदिर तक एक पकी सडककी अती आवश्यकता है.

( ७ ) स्टेशनपर बहारके मजुरोंको आने देते नही है. और स्टेशनपर लाईसन्स कुली है नही सो मुसाफरोंको बोजा हाथसें उठाना पडता है. ट्राफीक सुप्रींटंडंटको अरजी करनेसे बहारके मजुरोंको महावारी फ्री पास दे देवें ताकि वे लोक भीतर जासके और टिकीटकी चोरी होनेका डर रहे नही. लंबा पलेट फार्म भी करनेके लिये अरजी की जावें.

( ८ ) धर्मशालाके अंदर २—४ बंगले यानि हॉल एसे होने चाहिये जिसमें जनानोंका मुलायजा रहे. और दो तीन कमरे एसे रहने चाहिये जिसमें बत्ती, जाजम, मेज खुरसी, ( बने तो ) पलंग, बासणोंका सट आदि सामग्री हमेशां सजावट करके रखी जाय जैसी कि जोधपुरकी धर्मशाला वगैरह जगह रहती है. आला दरजेके महाशय उसमें ठहर कर आराम देखनेसें भंडार और दूसरे खातोंमें अच्छी मदद देंगे. अगर यह कमरोंमें ठहरने वालोंसे अमुक फी ली जावे तो भी देनेको बहुत खुश होंगे.

( ९ ) श्री भोयणीजीकी आबोहवा तंदुरस्त होनेसें एक छोटासा सेनीटरीयम बनाया जावे तो कई लोक उसका फायदा उठावेंगे.

( १० ) शेठ गोकलभाई दोलतरामकी तरफसे सामने एक धर्मशाला बन रही है. उसमें रसोडोकी जुगत नई ढपके ऊपर होनेवाली है. वेन्टीलेशन ( हवा उजाला ) की तजवीज दूसरी धर्मशालामें जैसी चाहिए वैसी नही है. सो वेन्टीलेशनवाले दरवाजे बनवानेको म्येनेजर आदिने कृपा करके कबुल किया है.

( ११ ) अभी मोदीकी दुकाने इधर उधर है; उसकी एवजमें जुनि या नई धर्मशालाकी दिवालसे बाजु नई सडक बनाके वीस दुकान बंधवाई जावे तो किराया पैदा होगा ईतनाही नही परंतु यात्रिओंको आराम मिलेगा और ठगानेका डर रहेगा नही.

( १२ ) नोकरोंके मुकाम धर्मशालाकी दिवालेके साथ लगे हैं सो बिलकुल मेले रखते हैं सो खुबसुरतीमें बडी हानी आती है. उनके मकान बाजुकी दीवालके साथ बनवाये जावे तो नजीक रहेगा, और खुबसुरती आवेगी. आराम पानेसे मंदिरमें अच्छी मदद देते रहेंगे.

( १३ ) यात्रीओंकी खबर नोकर लोक रखते रहें, ऊसकी हमेश ताकीद रहनी चाहीये ताकि उनको कष्ट कमी पडता रहे.

( १४ ) वासण, गोदडे आदिका किराया अभी जो लिया जाता है वो बहुत ज्यादा समझा जाता है. शिआलाकी मोसममें गरीब यात्री किराया बचानेको ओढने बीछानेका कम लेनेसे शरीरसें बीमार पडते हैं.

( १५ ) भोयणीजीमें एक छोटीसी लायब्रेरीकी पूरी जरूरत है, जिसमें पुस्तक रहें, और कुछ पेपर आया करें.

इस वखत श्री भोयणीजीकी यात्रा करनेको बहोतसे महाशय मोरबीकी स्थानकवासी कोन्फरन्ससें आये थे, और श्री तारंगाजी पंचतीर्थी जानेको कहते थे. क्या परंपरा !

जोधपूर—मी. परमार अपनी फेमीली साथ जोधपुर गये. वहां कितनेक आगेवानोंसे मिलकर जैन डिरेक्टरीके लिये सलाह की, मुताजी श्री वखतावर मलजी ( प्रेसीडेंट, पहेली जैन कोन्फरन्स ) पूरा परिश्रम करते है. और बहोत हाकमोंके नाम पत्रव्यवहार कर रहे हैं. साधु मुनिराजके कम विहारसें ओसवाल जैन ढीले हो रहे हैं. बाडमेरके पास श्री नाकोडी पार्श्वनाथजीका मंदिरका जीर्णोद्धार हो रहा है. और कई मंदिरमें जरुरत है.

सुद १० की गुरोंकी तलाव जहां जैन मंदिर हैं स्वामि वत्सल, पूजा होता है. श्रीसंघका दर्शन कर आनंद पाया. एक सलाह यह हुई कि कोन्फरन्सकी तरफसे जोधपुरकी स्टेट कौन्सीलको अरजी की जावे तो सब हाकमोंकी वो कृपा करके हुकम तहरीरी देंगे तो मारवाडकी मर्दूम सुमारी फौरन हो जायगी. यहां यतिजी श्री जुहारमलजी बहुत वृद्ध और सुशील और महा विद्वान् है. अच्छा संग्रह पुस्तकोंका रखते है. श्री मणिविजयजी जो श्री तपगच्छके श्रीपूज्यजी महाराजके प्रधान है, बडे योग्य और विद्वान है. भट्टारक पंडित श्री ऊमेद दत्तजीने श्रीदादाजीकी आरसकी छत्री बनाई है. यह शास्त्रज्ञ और नामी राजवैद्य है. स्थानकवासीके साधु श्री रामचंद्रजी बडे विद्वान योग्य पुरुष थे ये काल कर गये. मूर्तिको बडा आदर करते थे. अपने शिष्योंको व्याकरण, अमरकोष, काव्य आदि प्रथम शरु कराया था. जोधपुर से १६ कोस ओशियानगरी जहांसे ओसवाल कहलाये दर्शन योग्य स्थान है.

होलीकी धामधुम वहां बहोत होती है. समजदार जैन भाइ शामल नही होते बल्कि होलीके दिनोंमें एक मंडली बनकर श्रीकानमलजी पटवा आदि श्री फलोदी तीर्थपर जाकर भक्ति करते है.

**अजमेर**—मि. परमारके अजमेर जाकर एक सभा राय शेठ शोभागमलजी ढढा बहादूरके प्रमुखपणामें शेठजी किसतुरमलजी भडकतिओंकी हवेलीमें की. अंदाज दो घंटे तक पाटणकी चोथी जैन कोन्फरन्स का दिग्दर्शन या व्याख्यान किया. कोन्फरन्सका सचोट चित्र रजु किया कि कोन्फरन्समें हम गये नही एसा पश्चाताप हरेक जैन करने लगे, और भविष्यमें जानेका निश्चय किया. विद्योन्नति ओसवाल जैन सभाके जनरल सेक्रेटरी शेठ हीराचंदजी सचेती, ( जो श्री फलोदि प्रथम कोन्फरन्समें एक अगुआथे ) और सेक्रेटरी मि. शोभागमलजी हरखावत, महेता शोभागचंदजी, महेता देवकरणजी आदिने अच्छा विवेचन किया. बहुतसे महाशयोंने होलीपूजा नही करनेका मंजुर किया.

अजमेरमें विद्योन्नति ओसवाल जैन पाठशालाका काम अच्छा चलता है. ईंग्रेजी— हिंदी- उर्दु—धर्म शिक्षा पढाई जाती है. कोर्स अलाहाबाद युनीवरसीटीका है धार्मीक शिक्षा स्थानकवासी, मंदिरमार्गी और तेरा पंथीओंकी अलग २ पढाई जाती है. गवर्नमेंट हाई स्कूलके हेड मास्टर मि. नरसींगदासजी इस शालाके ईन्स्पेक्टर है. तरकी, प्रबंधके लिये पूरा परिश्रम करते हैं. कालेजके संस्कृतके प्रोफेसर पंडित दामोदरजी धार्मीक शिक्षणकी पढाईकी देखरेख रखते हैं. वे महा विद्वान् और जैन शैलीके जानकार है. महा वार ७० रुपयोंका खर्च है. जो चंदासे एकत्र होता है. यद्यपि स्थानकवासी और मंदिर मार्गीओंका धर्म शिक्षण अलग २ दिया जाता है तोभी स्थानकवासी भाईओंने एक अलग पाठशाला अभी खोलदी हैं और पूरानी पाठशालाको चंदा देना बंध किया है. शेठजी श्री हीराचंदजी सचेतीने एक धर्मशाला स्टेशनके सामने अंदाज पचीस हजार रुपयोंमें खरीद करके जैन मुसाफरोंको मफत उतारनेका प्रबंध करके बडी भारी धर्मकी सेवा बजाई है. धर्मकार्यमें अच्छा लक्ष देते हैं.

रायबहादुर शेठजी शोभागमलजी ढढ्ढा अच्छे धार्मिक शेठ है. धर्ममें श्रद्धावान है. जैन कोन्फरन्सके प्रोवीन्शीयल सेक्रेटरीका काम बखुबी चलाते हैं. विद्योन्नति ओसवाल सभाके आप अध्यक्ष है. मी० परमारको अपने स्थानपर ठहराकर पूरी खातरबरदास्त की. पाठशालाके लिये परमानंट फंड करनेको उत्सुक है. यदि बीस हजार रुपयोंका फंड होवे तो आपने जो पहेले पांच हजार रुपये देने कहेथे सो देकर परमानंट फंड कायम करेंगे. मी० धनराजजी कांसटीयाभी पाठशाला और परमानंट फंडका पूरा उद्यम करतेहैं. चारों जैन कोन्फरन्समें ये हाजर थे. शेठजी शोभागमलजीके वहां अंदाज १५०० जैन पुस्तकोंका पुराना भंडार है. अमदाबाद कोन्फरन्समें बहुत महाशय पधारींगे.

होलीमें बहुत महाशय श्री दादावाडी चले जाते हैं. और स्वामिवत्सल जीमते हैं. इस लिये होलीकी गाली खेलना वगैरहसें बचते है, उपदेशोंका हरदम जानेकी पूरी जरूरतहै.

**श्री रीखब देवजी**—उदयपूरसे ४० मैल है. रस्तामें जाते आते चोकीका एक गाडीको रु. ५—६ खरच होते हैं. करीब १८ जगह चोकी देनी पडतीहै. एकही जगह देनेका प्रबंध किया जाय तो यात्रीको आराम रहें. रस्तेमें धर्मशाला ठीक नही है. बारापालमें एक धर्म शाला बनवानेका शेठ गोकलभाई मूलचंदने मंजूरी दी है. श्री केसरीआजीमें आमदनी अछीहै. देवस्थानका महकमा—उदयपूर काररवाई करताहै. मेनेजर जोषी उँकार लालजी एक ब्राह्मण लायक पुरुष है. चैत्र सुदि १३ को रात्रीको सभा की. दीगंबरी, ढुंढीये, श्वेतांबरी सब मोजुद थे. "यात्रीका कर्तव्य" पर व्याख्यान किया. लोक बहुत खुश हुवे. मंदिरमें आशातना होतीथी सो बताई गई. भील लोकभी द्रव्यपूजा करतेहै. ४—५ खंडित मूर्तीको भंडारनी चाहिये. भमतीमें किसी आचार्यकी मूर्ति (जिसको बौध्ध लोक बुध्धदेव कहते हैं) होनेसे उसकी पूजा करके फिर लोक भगवानकी पूजा करते हैं. कितनीक जगह वगैर प्रतिमा खाली बैठक है वहां दूसरी प्रतिमा बेठाई जावे, करण वगैरह जंगली फूल माली लोक बेचनेको बैठतेहैं, सो यात्री चढातेहैं, सो दूर करवाया. मंदिर आरसकाहै, धुवाना चाहिये. गरम पाणी होताहै, परंतु ठंडा रखा जावे तो अच्छाहै, अंधेरा बहोतहै, दो दरवाजे खुलाये जाना जरूरी है. सदाव्रत आदि सब खर्च देवद्रव्यके खाते लिखा जाताहै, सो ठीक नहीं. हिसाब दीखाते हैं. भंडारकी आमदनीसे सेंकडे २४ रुपये पंड्या लोक लेते है. बासण छोटे और गोदडे नही होनेसें यात्रीको पंडा लोक पर भरोसा रखना पडता है, उन लोकोंको खूब देना पडता है. और कोई तीर्थमें पंडे नही है. मंदिरकी आमदनी ईससे घटती है. धर्मशालामें हवा नही है, मेला जो फागण वद ८ को भरताहै, खूब यात्री एकत्र होताहै. गये मेलेमें जाने आनेके दो दरवाजे नही होनेसे तीन आदमी छुंदाकर मर गये. धर्मशाला एक नई होनेकी जरूरतहै, जीसमें बारी और वेन्टीलेशन जरूरी है. (अपूर्ण.)

# ધાર્મિક સંસ્થાઓના હીસાબ તપાસણી ખાતું

## મુંબઈના શ્રી લાલબાગ ખાતાના હિસાબનો રીપોર્ટ.

સંસ્થાન મુંબાઇ શ્રી લાલબાગના શ્રી સંઘ ખાતાના તથા તેના પેટાના દેહેરાસરજી તથા સાધારણ ખાતાના તથા જ્ઞાન ખાતાના હીસાબો અમોએ તપાસ્યા તે જોતાં સંઘ તરફના તે ખાતાના વહીવટકર્તા શેઠ દેવકરણ મુળજી તથા શેઠ પાનાચંદ તારાચંદે પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી હિસાબ ચોખો રાખી છપાવી બહાર પાડી તથા વહીવટ સરળપણાથી ચલાવી આ ખાતું ઘણા સારા પાયા ઉપર લાવી મુકેલું જોઈ અમોને ઘણો આનંદ થાયછે અને તે બદલ તે બેઉ ગ્રહસ્થોને મોટો ધન્યવાદ ઘટે છે તથા આ ખાતાને લગતું નામું તથા વહિવટ બહુજ સરળતાથી રાખવા માટે ખાતાના મુનીમ મગનલાલ મયારામને ધન્યવાદ ઘટે છે.

આ ખાતામાં કેટલીક રૂઢીઓમાં ફેરફાર કરવા જેવોછે તેને લગતું સુચનાપત્ર તેઓને આપવામાં આવું છે તેથી આશા રાખવામાં આવેછે કે તે બંને ગૃહસ્થો સૂચના પત્રઉપર ધ્યાન આપી તે પ્રમાણે રૂઢીમાં ફેરફાર કરશે એજ.

લી. સેવક

**ચુનીલાલ નાહાંનચંદ.**

ઓનરરી ઓડીટર.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

## ઠેકાણું બદલવાની ખબર.

### શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ હાલને ઠેકાણેથી બદલીને શરાફ બજારમાં તેના અસલનાજ ઠેકાણે લઈ જવામાં આવી છે માટે હવેથી પત્રવ્યવહાર નીચે પ્રમાણે શીરનામાથી કરવાની વિનંતી કરવામાં આવે છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
શરાફ બજાર, મુંબઈ

## કચ્છ દેશની શ્રીજૈન શ્વેતાંબર મુર્તીપુજક શ્રાવકોની વસ્તીવાળાં ગામોની ડીરેકટરી થઇને આવીછે તે ગામોનું તાલુકાવાર લીસ્ટ.

### તાલુકો અબડાસા.

તેરા
જખૌબંદર
સુજાપુર
બાંદીઆ
કુવાપધ્ધર
વરસર
લાખણીઆ
રાણુપુર
બેરી મોટી
રામપુર
બાહેરા
આરીખાણા
ડુમરો
રેલડીયામંજલ
વરાડીઆ
સાંધવ
કોઠારો
ભાડુરો
જસાપુર
રાયધણજર
વાલા
વરંડી મોટી
સાંધણ
નાણુપુર
રાયપર ગઢવારી
નાની સીંધોડી
વીંઝાણ
નાની વરંડી
વાંકુ
નલીયા
ખુઆડો
વારાપદર
બારામોડ
અબ્રાસરો
સુથરી
પરજાઉ
નરેડી
મોથાળો
રવા
ભડકો
ચીઆસર
ખારવો

### તાલુકો માંડવી

બાભડાઇ
વઢ
દેઢીયા
ગાભરાઇ
હાલાપુર
લઠેડી
ગાગડાઇ
મહાપુર
કોડકીયા
ભોજાય
બાડા
બાયટ

### તાલુકો [illegible]

મોઘરો
બાડો
લાયજો
બારાપર
રાજડા
ઉનડોઠ
નાગ્રેચો
ચુનડી
વાંઢ
ગુંદડી
બીઆસરા
માંડવી બંદર
બીરાણી
મોખા
દેશલપુર
પુનડી
મુંદ્રા બંદર
ગુંદાલા
લાખાપર
ત્રગડી
ટુંડા
રામાણીયા
વરજર
પરતાપુર
મોટી ભાડઇ
ગોએરસમા
બારઇ
કલાગરા
ફરાધી
નવીનાર
કોડાય
છશરો
નાગલપુર
નાની ખાખર
ગુંદીઆલી
પત્રી
કપાઇઆ
તલવાણા
વાંકી
કુંદરડી
મોટા આસંબીઆ
[illegible]
હતડીઆ
નાનીભાડીઆ
નાના આસંબીઆ
[illegible]
[illegible]
બીદડા
નવાવાસ ઉર્ફે દુર્ગાપુર

નાનો આશંબીઓ
મોટી ખાખર
ભુજપુર
મોટા રતડીઆ
મેરાવા
રાયણ

**તાલુકો વાગડ.**

ચેરી મોટી
લલીયાણું
શાંહે
હમીરપુર નાની
ચોકી
શીકારપુર
ફીડીયા નગર
વોંધ
ભુટકીયું
આંબલીયારું
લાકડીયા
ઝંગી
વાંઢીઆ
કાનમેર
ગાંગોધર
વિજ્યાસર
શામખીઆરી
ભચાઉ
શઈ
આધોઇ
કટારીઆ
ગાણીથર
રાપર
શણવો
ગડપાધર

આસેડી
જેસડા
ગેડી
ચીત્રોડ
સુખપર
મનફરો
રામવાવ
ત્રંબો
માંએ
આદેસર
પલાસવું
ચોબારી
રવ
બાધરગઢ
ભરોડીયા
અંજાર
રાહાપર
ભીમાશર
ધમડકા
મોરા
વામકી
ઉમીરીયું
સુવૈ
શીકરા
ધાણેટી

**તાલુકો હાલાચોવીશી**

વડાલા
લુણી
ભદ્રેશ્વર

**તાલુકો માંડ.**

કોટડી મહાદેવપુરી

નખત્રાણા
ભદલી
મંજલ મંગુઆણો
દેશલપુર
વધોડ
અંગીઆ
ગઢશીશા
કોટડા
દેવપુર
જુલડીઆ

**ભુવડ ચોવીસી તાલુકો.**

ભુવડ

**તાલુકો મેઆણી**

ઝુરણા
લોદાધે
કુનડીઆ
ડગાલા
ભોખાણો
ખીરસરો
ટપર
દુધે

**તાલુકો પ્રાંથળ**

ફતેગઢ
લોદરાણી
બેલા

**તાલુકો પાવર**

સુમરાસર
ભુજનગર
કુકમા
માનકૂવા

કુલ ગામ ૧૮૯

ઉપર પ્રમાણે કચ્છ દેશમાં આપણી વસ્તીવાળાં ગામોની ડીરેક્ટરી ભરાઈને આવી છે. તો આ ઉપરાંત બીજાં કોઈ આપણા વસ્તીવાળાં ગામો રહી જતાં હોય તે વિષેની અમને ખબર આપવા લાગતા વળગતાઓને વિનંતી કરવામાં આવે છે.

આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

# ધાર્મીક સંસ્થાઓના વહીવટ કરનારા ગૃહસ્થો પ્રત્યે વિનંતી.

આપણાં ધાર્મિક ખાતાઓના હીસાબોની તપાસણીનું કામ શરૂ થઇ ચુકયું છે, અને તેના સંબંધમાં તમામ ધાર્મિક ખાતાઓના હિસાબ રાખનારા તથા વહીવટ કરનારા ગૃહસ્થો પ્રત્યે વીનંતી કરવાની કે હિસાબ તપાસનારાઓને નીચે જણાવ્યા પ્રમાણે ખાતાઓ તપાસવાની જરૂર પડશે તેથી પોતાના તાબાના ધાર્મીક ખાતાઓના હીસાબના ચોપડાઓ તથા હિસાબ વીગેરે આ સુચના પ્રમાણે તૈયાર રાખવા મેહેરબાની કરશો.

હિસાબ તપાસણીનું કામ આવતી કોન્ફરન્સ મળે તે પહેલાં બને તેટલું પુરૂં કરવાનો અમારો વીચાર છે તેથી કરીને આ જાહેર ખબરની તારીખથી એક માસની અંદર આપના વહીવટના સં. ૧૯૫૯, ૧૯૬૦, અને ૧૯૬૧ ની સાલના સરવાઇઆ તૈયાર રાખવા મહેરબાની કરશો.

ધાર્મીક સંસ્થાઓમાં મુખ્ય દરેક દૈરાશરમાં નીચે પ્રમાણે નોંધ તથા ખાતાંઓ રાખવાની જરૂર છે તેથી તે પ્રમાણે નોંધો તથા ખાતાંઓ આપને ત્યાં તૈયાર હોય તો ઠીક નહીં તો તે પ્રમાણે તૈયાર રાખવા મહેરબાની કરશો કે જેથી કરીને હિસાબ તપાસનારાઓને સુગમ પડે.

જરૂરી નોંધો.—૧ વપરાસમાં આવતા સોના, રૂપા તથા જવેરાતના દાગીના તથા આભુષણની નોંધ, વજન અને કીંમત.

૨ પરચુરણ સોના, રૂપા તથા જવેરાત વીગેરેની કીંમતી ચીજોની નોંધ, વજન અને કીંમત.

૩ નીરઉપયોગી સામાન તથા સોના, રૂપા, તથા જવેરાત તથા દાગીનાની નોંધ વજન, અને કીંમત (આપને ત્યાં ચોપડા ઉપરથી થઈ શકે તેમ ના હોય તો વસ્તુઓ ઉપરથી કરવું.)

૪ ફરનીચર તથા વાસણ વીગેરેની નોંધ.

૫ સ્થાવર મીલકતની નોંધ.

૬ મૉર્ટગેજ (ઘરાણીઆ) દાગીનાની નોંધ.

જરૂરી ખાતાઓ—નીચે બતાવ્યા પ્રમાણે ખાતાઓ ચોપડામાં જુદા જુદા હોવાની ખાસ આવશ્યકતા છે.

૧ સરવાઇયું
૨ કેશર સુખડ ખાતું
૩ અગરબતિ ધુપ ખાતુ.
૪ ધોતીયા પોતીયાં તથા કાંબળ ખાતું.
૫ ફુલ તથા બગીચા ખાતું.
૬ પુજા તથા આંગી ખાતું.
૭ સ્નાત્ર પુજા ખાતું.
૮ બાદલા કટોરી ખાતું.
૯ પગાર ખાતું.

૧૧ કુમત ઉઘરાણી ખાતું.
૧૨ મોર્ટગેજ ( ઘરાણીઆ ) ખાતું.
૧૩ સ્થાવર મીલકતનું ઉપજ તથા ખર્ચ ખાતું.
૧૪ વ્યાજ ખાતું.
૧૫ પરચુરણ ખાતું.
૧૬ સોનેરી તથા રૂપેરી વરખ ખાતું.
૧૭ કેશર સુખડ તથા બરાશ વિગેરેનું વેચાણ ખાતું.
૧૮ અગરબતી તથા ધુપનું વેચાણ ખાતું.
૧૯ ઉપજ ખાતું, ભંડાર, ઘીની ઉપજ હરેક પ્રકારના લાગા તથા ઉપજ, પુજ તથા દીવો, નકરો વીગેરે.
૨૦ ભાડા ખાતું.

ઉપર જણાવ્યા પ્રમાણે દેરાશરને લગતી નોંધ તથા ખાતાઓ તેમજ સાધારણને લગતાં ખાતાંઓ તથા ખોડા ઢોર ( પાંજરાપોળો ) ને લગતા ખાતાઓ તથા બીજી ધાર્મિક સંસ્થાઓના હીસાબો તૈયાર રાખવાની મહેરબાની કરશો કે જેથી કરીને હિસાબ તપાસનારાઓને સુગમ પડે તથા ખોટી થવું પડે નહી. આ સંબંધમાં જે કાંઇ વીશેષ ખુલાસો જોઈએ તો નીચે સહી કરનાર પાસેથી મળી આવશે.

કોલસા મોહોલ્લો, મુંબઈ,
તા. ૩૦-૫-૦૬.

લી. શ્રીસંઘનો સેવક,
આસીસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# जैन सीरीझ तैयार करवा माटे
# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कॉन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फील सुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ था ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपायानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसीद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणें कबुलायत आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, त्रीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी मारफते करावववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास करावववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमाना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलाशा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

कोलसा मोलो, मुंबई.

आसीस्टंट सेक्रेटरी.

वीर सम्वत् २४३२.  ॐ  विक्रम सम्वत् १९६२

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हैरैल्ड.

पुस्तक २, नम्बर ७.  जुलाई सन १९०६.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ |
|---|---|---|---|
| अशुद्ध कुंकुम केशर ... ... | १९३ | धर्मना सिध्धांतो ... | ...२०९ |
| दीक्षा ... ... ... | १९५ | जैनोनां जाहेरखातां अने तेमनी हालनी स्थिति | ...२११ |
| मि. अमरचंद पी. परमारका रजपुताना प्रवास ... ... | १९७ | वर्तमान चर्चा ... | ...२१४ |
| अमदावाद श्राविका उद्योगशाळा | २०१ | धार्मीकसंस्थाओना हिसाब तपासणी खातुं .. ... | २१८ |
| ग्रंथावलोकन ... ... ... | २०३ | कडीप्रांतनी जैन डीरेकटरी ... | २२१ |
| चरित्र तथा कथाओना ग्रन्थ ... शास्त्रीय रीते सिध्ध थता | २०५ | नवीन समाचार ... ... | २२४ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

इंदुप्रकाश स्टीम प्रेस–मुंबई.

# જાહેર ખબર.

અત્રેથી ખબર આપવામાં આવે છે કે સુરત શહેર તથા સુરત જીલ્લાના જૈન બંધુઓની સગવડની ખાતર જૈનજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રસીદ્ધ થયલા જૈનધર્મના પુસ્તકો વેચવાનું ખાતું જૈનજ્ઞાન પ્રસારક મંડળ લાઈબ્રેરી વડાચૌટામાં ખોલવામાં આવ્યું છે.

વિશેષ પ્રતિક્રમણના ઘણાં ઘણાં પુસ્તકો બહાર પડેલાં છે પરંતુ બાલ જીવોને વિધિ અનુસારે સુત્રાગ્મો ગોઠવવા તથા ભણવામાં પડતી અડચણો દૂર કરવા ખાતર હાલ આ મંડળ તરફથી વિધિ યુક્ત દેવસિરાઈ પ્રતિક્રમણનું એક પુસ્તક બહાર પાડવામાં આવેલું છે કે જે પુસ્તક ગુજરાતી મોટા ટાઇપે છપાવેલું છે તેમજ એ પુસ્તક વાંચી જવાથી અન્ય સહાયતા વગર પ્રતિક્રમણ બરોબર થઈ શકે છે. તેમજ એ પુસ્તક રોજ સવાર સાંજ વાંચી પ્રતિક્રમણ કરતાં એક મહીના દીવસમાં બેઉ પ્રતિક્રમણ મુખ પાઠ થઈજવા સંભવછે.

## પુસ્તકોના નામ.

તૈયાર પુસ્તકો.

પંચપ્રતિક્રમણ સૂત્રાર્થ. ( ગુજરાતી. )
અધ્યાત્મ શાંતિ.
સોમ સોભાગ્ય કાવ્ય.
ઇસાઈ મત સમિક્ષા.
લગ્ન ગિત.
સત્ય સ્વરુપ.
નવ પદ ઓલી વિધિ.
પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ.
જૈન લગ્ન વિધિ.
પૃથ્વિસ્થિર પ્રકાશ.
તત્વ વિચાર.
જૈન સ્તોત્ર સંગ્રહ, આવૃત્તિ ૨.
શ્રાવક પ્રજ્ઞપ્તિ, સંસ્કૃત.
( ભાષાંતર સહિત. )
સમરાદિત્ય સંક્ષિપ્ત, સંસ્કૃત.
પંચ પ્રતિક્રમણ સૂત્ર, બાળબોધ.
દેવાસ રાઈ પ્રાતક્રમણ સુત્ર, બાળબોધ.

લા૦ શેવક,
રીખવલાલ જેચંદ શરાફ
ઓ૦ સેક્રેટરી.

---

# જૈન કોન્ફરન્સે કરવા માંડેલું મહતકાર્ય

## તેમાં જોઈતી સાક્ષરોની અને મુનિ વર્ગની મદદ.

પાટણ, જેસલમેર, ખંભાત, લીંબડી, કચ્છકોડાય, પુના ડેકનકોલેજ, બ્રહત્ ટીપ્પનિકા વીગેરે અનેક ટીપો મેળવી તેના ઉપરથી જૈન ધર્મના આજ કેટલા ગ્રંથો રહ્યા છે, અને તે ક્યાં છે, તેની ટીપ તૈયાર કરવા માંડી છે, અને તેનો અમુક ભાગ તૈયાર થયેલો પ્રેસમાં છાપવા પણ આપ્યો છે. આ ટીપમાં ધારવા પ્રમાણે લગભગ ઘણા ગ્રંથો આવી જાય છે, તો પણ કોઈ મુનિમહારાજ અથવા યતિજી મહારાજ પોતા પાસેના કોઇ અપ્રસિદ્ધ ગ્રંથનું નામ કોનફરન્સના સેક્રેટરીને લખી મોકલશે તો તે નામ ખુશીથી આ ટીપમાં દાખલ કરવામાં આવશે. કદી આવા નામ ન લખવામાં આવે અને પોતાની પાસેની આખી ટીપ મોકલશે તો તેની નકલ ઉતારી લઇ તે ટીપ પાછી મોકલવામાં આવશે અને તેને બદલ કોન્ફરન્સ તરફથી છપાતી ટીપની ( જે દીવાળી પહેલા જરૂર બહાર પડશે. ) એક નકલ પણ મફત મોકલી આપવામાં આવશે. તો દરેક ભંડારવાળાએ અને મુનિ મહારાજાએ, અને યતિજી મહારાજાએ આ શ્રી સંઘના કાર્યમાં અવશ્ય મદદ કરવી. જેઓ કોઇ અપૂર્વ ગ્રંથનું એકાદ નામ પણ લખી મોકલશે તેને કોન્ફરન્સની ટીપ મફત પહેલી તકે આપવામાં આવશે.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ,**
સરાફ બજાર,—મુંબઈ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

**અર્થઃ**—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.


The Jain (Swetamber) Conference Herald.

**Vol. II.]** *July* 1906. **[No. VII.**


# अशुद्ध कुंकुम (केशर.)


( लेखक—पूरणचंद नाहर, बि. एल, अजिमगंज. )


जैनभाईयों ! "हैरल्ड" कें गत फेब्रुआरि संख्यामें विलायति भ्रष्ट खांडसंबंधि लेख लिखकर अजमेर निवासी श्रीयुत शोभागमलजी हरकावटने परमोपकार कीया है, परंतु विदेशसे आई हुई और २ वस्तुओंमेभी नानाप्रकारके अशुद्ध अपवित्र द्रव्यका भेल समेल रहताहै कि, जिसके श्रवणमात्रसे अपने सहधर्मीभाईयोंका तो कहनाही क्या ! किन्तु समग्र हिंदुमात्रको उन वस्तुयोंका व्यवहारसे अरुचि और घृणा होजावैगी. सर्व पापका मूल लोभ है. इस लोभके वससे मनुष्य नानाप्रकारके अकृत्य करनेसेभी भय भीत नही होताहै. व्यवसायमें लाभके अर्थ लोग यहांपरभी घृतादिक मूल्यवान द्रव्यमें प्राय: दुसरी अल्प मूल्यकी वस्तु भेल करते हैं, सो सर्वोको विदित है, परंतु विदेशियोंमे हिंसादिकका लेशमात्रभी विचार नहि है, वहांपर यहांसेभी अधिक अशुद्ध पदार्थोंका मिश्रण होना क्या आश्चर्य है ? यहां किसी प्रकारका द्वेषभावका आशय नही समझना. कारण उनही लोगोंके प्रामाणिक ग्रंथोंमें अपने व्यवहारिक द्रव्योंमे महाभ्रष्ट अखाद्य पदार्थोंका मिश्रणका विवरण पाठ करके उसको प्रगट करना उचित समझकर यह लेख लि-

खनेमें आया. देखिये ! कुंकुम [ केसर ] अपने जिसको एक उत्कृष्ट द्रव्य समझकर सर्वदा व्यवहारमें लाते हैं, उसमें कैसी २ घृणित अस्पृश्य पदार्थोंका भेल रहताहै. नीचे मूल और अनुवादसे सम्पूर्ण विदित होजावेगा; यहां पुनरुक्लेखसे लेखनीको दुषित नही करूंगा. इस केसरमें विदेशियोंने ऐसी वस्तु मिलाये हैं कि जिसका व्यवहार अपने श्रावकोंको सर्वथा निषेध है और जिसको श्रवण कर हिंदुसंतान-मात्रका शरीर रोमांच होताहै. ऐसी २ वस्तु लिखते हैं कि, Very frequently अर्थात् अकसर प्राय: करके भेल दीया जाताहै, और अपने ऐसी वस्तुको उत्तम समझकर भक्षण करते हैं, और ललाटमें लगाते हैं और परमात्माके पूजनमें रखते हैं. पंचमकालके प्रारम्भमेंही इह हाल है आगे न जाने क्या होगा। कैसी कष्टकी बात है जो द्रव्यका स्पर्शभी पाप है, उस द्रव्यको अपने लोग नि:शंकसे व्यवहारमें लाते हैं और भगवानके मस्तकपर चढाते हैं. इस विषयपर ज्यादा लिखना आवश्यक नहि है. निम्नलिखित प्रमाणोंसे जब प्रत्यक्ष सिद्ध होताहै तब आशा है कि, हमारे सर्व जैनभाईयों इस विदेशीय अपवित्र द्रव्यको किसीप्रकारके व्यवहारमें नहि लावेंगे, और सर्व जातिसे अपनेमें इस केसरका व्यवहार अधिक है इस कारण अपनेको ज्यादा सावधान होना चाहिये. यहांके काश्मीर देशमेंभी केसर पैदा होती है. वह हिंदु राज्य है इससे उमेद है वहांकी केसरमें इस तरह भ्रष्ट पदार्थोंका मिश्रण संभव नही है. ऐसी शुद्ध केसरही श्री जिनपुजामें व्यवहार योग्य है, अन्यत्र इसके अभावमें श्वेतरक्तचंदन कर्पूरादि पवित्र पदार्थोंकाही व्यवहार उचित है, नि:केवल रंगत और सुगंधिके लोभसे ऐसी अशुद्ध द्रव्यका व्यवहार सर्वथा निंदनीय और महान पापका कृत्य है। जैसे हमारे ग्रामवासी सामसुखाजीने अपने मुनीम बाबूमहाराजसिंहजीके तारपुरके कारखानेकी चिनिका हाल लिखा है वैसेही हमारे पाठकोंमें अगर कोई साहेब कहांपर विशुद्ध काश्मीरी केसर मिल सक्ती है इसका हाल सर्व साधारणको प्रगट करें तो मोठा लाभ उठावेंगे. इत्यलं विस्तरेण.

Extract from Simmond's Tropical Agriculture (1877) page 382.

" Account of Saffron agriculture in the Abriuzzi district of the Apennines, states that adulteration is carried out in various ways, the chief one being by mixing with it shredded beef, of which a suitable piece is boiled and then shredded into small fibres, which are stained with saffron water and then dried ".

आपिनाईन पहाडके अब्रुजि जिलेके केसरके खेतिके विवरणमें लिखते हैं कि, इसमें भेलसभेल नानाप्रकारसे कीया जाता है, बाहुल्यतासे प्रचलित रीति इह है कि, गोमांसके लच्छे मिलाये जाते हैं। प्रथम गोमांसके टुकडेको पानीमें औंटाया जाताहै पश्चात् ( केसरकी तरह ) मिही लच्छे काटकर केसरके पानीमें रंग किया जाताहै, फेर सुखायकर मिलाया जाताहै.

**Extract from Encyclopœdia Brittanica, Ninth Edition Vol: 21 page 146.**

" At present saffron is chiefly cultivated in Spain, France, Sicily, in the lower spurs of the Apennines & in Persia & Kashmir......... The stigmas and a part of the style are carefully picked out and the wet saffron is then scattered on sheets of paper to a depth of 2 or 3 inches; over this a cloth is laid and next a board with a heavy weight. A strong heat is applied for about two hours so as to make the saffron " sweat " & a gentler temperature for a further period of twenty-four hours, the cake being turned every hour so that every part is thoroughly dried ...................The drug has naturally always been liable to great adulteration in spite of penalties......Grease and butter are still very frequently mixed with the cake and shreds of beef dipped in saffron water are also used........... If oily, it is probably adulterated with butter or grease.

आजकल केसर स्पेन, फ्रान्स, सिसिलीद्वीप, आपिनाईन पहाडकी निची तराई और ईरान और काश्मीरमें पैदा होती है, इसके पुष्पकी केसर और परागको हुसियारीसें तोडा जाताहै. फेर उसी गिली केसरको कागजके पत्रोंपर २।३ इंच पुर करके बिठाया जाताहै, और उसपर एक कपडा ढांककर उपरसे एक पाटीया भारी बोझ देकर दबाया जाताहै। अंदाज २ घंटेतक इसमें खूब आंच दी जाती है कि, जिसमें केसरसे पसीना छुट जाय, फेर २४ घंटेतक मंदी आंच रहती है और उसी केसरके पिण्डको घंटे २ में उलटाया जाता है कि, जिसमें हरतर्फ अच्छि तरह शुष्क होजावे. अपराधियोंकी दण्डकी व्यवस्था होनेपर भी बहु मूल्यके सबबसे इस केसरमें हरदम बहोत मिलावट करते हैं. अबतक चर्बि और मक्खन अक्सर उस केसरके पिण्डमें मिलाया जाताहै और केसरके पानीमें डुबोकर गोमांसका लच्छाभी मेल कीया जाताहै. अगर केसरमें चिकनापन मालूम होवै तो मक्खन या चर्बिसे मिलावटका संभव जानना.

---

## દીક્ષા.

સંઘના ચાર સર્વોત્તમ અંગ, તીર્થંકરપદની પ્રાપ્તિમાટે પ્રયત્નશીલ પ્રથમ વર્ગ તથા મનુષ્યજન્મનું સાર્થક કરી શકવાને સમર્થ મુનિમહારાજ જ છે. બીજા કોઇ પણ ધર્મમાં પળાતા ચારિત્ર કરતાં જૈન મુનિનું ચારિત્ર દુષ્કરતમ છે. એ ચારિત્ર પાળવા માટે લાયક જીવ જોઈ લાયકાતની કસોટી થોડાક વખત—આશરે છ માસ—કરીને પછી દીક્ષા આપવી એ ઉત્તમ જણાય છે. સાધુની સંખ્યા વધવાની ખરેખરી જરૂર છે અને તેને માટે પ્રયત્ન કરવો તે પણ ઘટીત છે પરંતુ યોગ્ય જીવો, સગા વહાલાંની સંમત્તિ મેળવી, છ માસની કસોટીમાંથી પસાર થઈ, દીક્ષા ગ્રહણ કરે એ વધારે ઇષ્ટ છે. સાધુને અતિશય સખ્ત એવા પાંચ મહા વ્રતો પાળવાનાં છે, સામાન્ય જીવને થાક લાગે તેવી ક્રિયાઓ કરવાની છે, પોતાની ઉમર મોટી હોય છતાં જેનો દીક્ષાપર્યાય વધારે હોય તેવા મુનિરાજ નાની

વયના હોય છતાં તેની, માનદૃષ્ટિથી, વૈયાવૃત્ય તથા સેવા કરવાની છે, પરિગૃહ કિંચિતપણ રાખી શકાતો નથી, ભિક્ષા અર્થે ભક્ત શ્રાવકોમાં જવાનું છે, દોષ રહિત આહાર લેવાનો છે, પાદવિહાર કરવાનો છે, પોતાનાં વસ્ત્ર પોતાનેજ યોગ્ય પ્રકારે સાફ કરવાનાં છે, સૂવાને માટે ભૂમિ સંથારો છે, કેશ લોચ પણ કરવાનો છે, તપસ્યા પણ શક્તિ અનુસાર કરવાની છે, એમ દરેક રીતે કાયાને તપ વિગેરેથી પરિષહ સહન કરી શકે તેવી બનાવવાની છે. બેશક આ સાધુ જીવનથી આત્માનું અતિશય હિત થઈ શકે છે, અને તેટલા માટેજ સાધુજીવન દરમ્યાન કસોટી તેટલી સખ્ત છે. પરંતુ તેથીજ સખ્ત કસોટીમાંથી પસાર થવાની ઇચ્છાવાળા જીવને પહેલાં થોડો વખત એવી અજમાયશી કસોટીમાંથી પસાર થવું એ ઉત્તમ લાગે છે. કસોટીમાંથી પસાર થયેલા જીવો પણ કોઈ વખતે દીક્ષા ત્યજી દે એ બનવા જોગ છે, એવો દાખલો બનેલો, લેખકના જાણવામાં પણ છે. પરંતુ તેવો સંભવ બહુ ઓછો છે તે કરતાં કસોટીમાં નહીં નીકળેલા ને ચલિત થવાનો સંભવ વધારે છે. ઉપર જણાવેલું કષ્ટ ચારિત્રના પ્રણામ શિથિલ કરવા માટે લખેલ નથી પણ પાછળથી ચલિત વૃત્તિ ન થવા માટે પ્રથમથી જાણવા લખ્યું છે. માબાપ કે વાલીની રજા લેવાનું પણ પાછળ ઉપાધિ ન થવા માટે સૂચવેલું છે. આ વિષે સુજ્ઞ મુનિમહારાજાઓ પોતેજ યથાયોગ્ય વિચાર કરશે. એવો અમને પૂર્ણ ભરોસો છે.

તા૦ ૯ જુલાઇના " જામે જમશેદ " માં એક નવા દીક્ષિત મુનિને લોચ કરવો પડે છે તે વિષે તે પારસી પત્રે કેટલીક ટીકા કરીછે, અને છેવટે તે ભલામણ કરે છે કે માથેથી વાળ ટુંપતાં લોહી નીકળેછે, સાધુની આંખમાં આંસુ આવે છે. વિગેરે હૃદયભેદક છે, માટે સમજુ જૈનભાઇઓ તેમ નહિ કરે. આના જવાબમાં એટલુંજ કહેવાનું કે તીર્થંકરે પ્રરૂપેલો ધર્મ એવી તરેહનો છે કે શ્રાવિકા કરતાં શ્રાવકની કસોટી વિશેષ નીકળે, અને શ્રાવક કરતાં સાધુની કસોટી વિશેષ નીકળે. સાધુ થયા પછી એના કરતાં પણ જે અતિશય પરિષહો સહન કરવાના છે, તેનું આ માત્ર પહેલું પગથીયું છે. શરીરની અતિશય સંભાળ રાખનાર, અને તેમાંજ સર્વસ્વ માની આત્મભાવ ઓછો સમજનાર યુરોપીયનો અને પારસીઓ આ ક્રિયા જોઈ કંપે એ સ્વાભાવિક છે, પરંતુ એ ક્રિયા જેવી તે ભાઇઓ ધારે છે, તેવી દુઃખદાયક નથી. ધર્મશ્રદ્ધા દુઃખને અતિશય ઓછું કરી નાખે છે.

હાલ થોડાંએક વર્ષ થયાં એક મુનિ અને તેમનું જોઈને બીજા સાધુઓ પણ પાદવિહારને બદલે રેલવિહાર કરવા લાગ્યાછે, એ અમને તો પરમ ખેદનું કારણ છે. શ્રાવક કરતાં સાધુ વૃત્તની ઉત્તમતા પરિસહમાંજ રહેલી છે. અને તે આમ ઘટાડતા જઇ શરીરને સુખ શીળીયા બનાવવા જતાં પરિગ્રહની, કોઈ ગૃહસ્થોની શરમ રાખવાની, વિગેરે ઘણી ઉપાધિઓ વધતી જાય છે, તીર્થંકરે પ્રરૂપેલ ધર્મનું-ખરી આજ્ઞાનું-ઉલ્લંઘન થાય છે, માટે અમે તો એ રેલવિહારથી સ્પષ્ટરીતે અમારો મત જુદો જાહેર કરીએ છીએ. અને તે સંબંધમાં શ્રી સંઘે કાંઇપણ સખ્ત ઠરાવ કરવાની જરૂર જોઇએ છીએ નહીતો કાળે કરીને સાધુઓમાં પાદચારીને યાંત્રિકવિહારી એવા બે ભેદ પડી જશે તે જૈનમતને ખરેખરા દૂષણરૂપ દૃષ્ટિએ પડે છે.

---

# जैन कोन्फरन्सके ओनररी उपदेशक और प्रसिद्ध वक्ता मि. अमरचंद पी. परमारका कोन्फरन्सकी सेवार्थे रजपुतानाका स्तुत्य प्रवास.

( गत अंकसे चालु. )

**उदयपूर**—बहोत ओसवाल यहां वैष्णव ढुंढीए और तेरापंथी धर्म पालते हैं. ओसवालोंके कुलगुरु महात्माके यहां बहोत घर है. ३४ जैन मंदिर है. एक मंदिर अनागत चोवीसीके प्रथम तीर्थंकर श्री पद्मनाभस्वामिका है. यहां श्री झवेरसागरजी अच्छे साधु होगये. धर्मशालाकी पूरी जरूरत है. रु. २५०००, खरचकी जरूरत है. प्रोवीन्शीयल सेक्रेटरी शा० मगनलालजी पूंजावत पूरा श्रम करते हैं. शेठ नथमलजी पोरवाड, श्रीपालजी चतुर, गुलाबचंदजी वेलावत, जमनालालजी कोठारी, जुहारमलजी पटवा आदि धर्मके आगेवान योग्य पुरुष है. मि. मुरालालजी एम. ए. और दो गृहस्थ ग्रेज्युएट है. जैनपाठशाला ठीक हे, अच्छे पढे एक दिगंबरी मुनि कीर्तिहंसजी करके हैं, जिनोंने बनारसके शिवकुमारशास्त्रीके साथ विवाद कियाथा, देवस्थानका महकमाके प्रमुख महेताजी श्री तखतसिंहजीसाहबसे मिला, बहुत योग्य पुरुष है. श्री केसरीआजीमें सुधारा करने, अलग २ खाते रखने बाबत और वहीवट करनेवाले १२ मेंबरानमें २ मेंबर मुंबई अहमदाबादके बडानेके लिये कहा गया तो यह बातें कान्फरन्सकी तरफसें रीपोर्ट आनेसे कमिटी आगे रजु करके बंदोबस्त करनेका फुरमाया. दिवाणसाहब ओसवाल हे श्री महाराणासाहबकी दृष्टी धर्मपर त्वजे हैं. मेवाडके तमाम जैनमंदिरोंमें राज्यकी तरफसे केसर, चंदन, और घी महावार दिया जाता है. आणुकी पूरानें मंदिरोंका जीर्णोद्धारका काम मुंबईकी तरफसें चलरहा है. और भी कितनेक मंदिरोंका काम बहारगाम चालता है. देलवाडके—मेवाडके चार मंदिरका जीर्णोद्धार होगया जहां प्रतिष्ठा ओच्छव वैशाख सुदि २ को बोतावाले श्री हेमसागरजीने करवाया. मेनेजर मी. ललुभाई जेचंद वहां अपनी धर्मपत्नीके साथ मोजुद थे. ये महाशय पूरा परिश्रम ऊठाते हैं. धन्य है. मारवाड तरफ दोरा करनेका इरादा है.

**श्रीकरेडा पार्श्वनाथजी**—उदयपूरसे करीब २७ माईल है. रु. ४००, रेलवेको देकर खास स्टेशन खुलाया है. स्टेशनसे २०० कदम है. मंदिर बडा भव्य हैं. एसा खुबसुरत है कि, जिसका जोडा मिलना मुश्कल है. बावन जिनालय कई देवडी है. तीन मजला है. जीर्णोद्धारका काम चालु है. यहां शा० ललुभाई हमको मिले. रु. ३००० लग चुके हैं. तीर्थ दर्शन करने योग्य है. सं. ६३४ का प्रतिष्ठीत है. एकही

रोज पांच मंदिर समुद्रशा शेठने प्रतिष्ठीत करवाये. कुल ईतिहास और हाल जैनपत्रमें मैने दिया है. धर्मशाला बनवानेको झवेरी नगीनचंद कपूरचंदने मंजुरी दी है. भोंयरें हैं. मी. ललुभाईसें कई बातोंकी सलाह की. गाममें सब चीज मिलती है. वासण गोदडेका बंदोबस्त है. कोटकी अंदर एक पूरानी वावडी निकल आई है, हरएक यात्रीको उतरकर यात्रा करके मनुष्यदेह सफल करना चाहिये. गाडी दिनको जाती हे. इस मंदिरके चारो और कई गामोंमें सिखरबंध मंदिर आये हैं, जिनमेंसे कई तूट गये हैं, और दूसरोंका जीर्णोद्धार मुंबईकी तरफसे होरहा है.

**चितोडगढ**—बडा पूराना किला है. देखनेसें तबीयत खुश होती है, आठ मैल लंबा और तीन मैल चोडा हे. उपर तलाव वगैरह ८४ है. बहोत जैनमंदिर होंगे एसा अनुमान होताहै. हाल तीन नजर आते हैं, दोमें प्रतिमा है, एक जैन कीर्तिस्तंभ है, वड मंदिर नकशीदार है, जिसमेंसे श्री सीतलनाथजीकी, प्रतिमाजी उदयपुर ले गये बताते हैं, मंदिर जीर्णोद्धार कराने लायक है. चारों तरफ देहरी है, यहांके हाकमसाहब महेताजी गोविंदसिंहजी बडे योग्य पुरुष और दृढ जैन है. इन्होंने चितोडके ८० गामके जैन मंदिरोंकी फहरीस्त बनाना शरु की है, जीर्णोद्धारका बहुत हाल खुल जायगा, जैन डीरेक्टरीके लिये फार्म भरवाना भी आपने शरु करवाया, यात्री जरूर किल्ला देखे, गाममें भी तीन मंदिर है.

**किशनगढ**—यहां हमारा जानां अजमेरके धर्मानुरागी जैनबंधु धनराजजीसाहब कांसटिआरी सोबतमें वैशाख वद १४ को हुवा. दो पूजा भणाई गई. शेठ अमरचंदजी पारेखके प्रमुखपणमें दो व्याख्यान मनुष्यकर्तव्य और कान्फरन्सके विषयमें हानीकारक रीतरीवाजपर दिये, ढुंढीये वगैरह बहोत आयेथे, कई आदमीओंने होलीपूजन, गालीगाना, वगैरह बंध किया, और कान्फरन्समें आनेका बचन दिया. गाममें ३ मंदिर है, बडा मंदिरमें वालुकी प्रतिमा स्वप्न देकर प्रगट हुईथी सो बिराजमान है, यहां रात्री भोजन व्याहशादीपर होताहै, साधुके अभावसें ढुंढकमत वहुत फैल गया है, छाजुडेभाईओं बडे धर्मिष्ठ है. श्रीसंघने और राज्यकी पेढीके जैन मुनिमने कुलगामोंकी जैन सेन्सस बनाना कबूल किया. एक पाठशाला थोडी मुदतसें कायम हुई है. नई मेनेजींग कमीटी मुकरर की, जिनके सेक्रेटरी एक मेट्रीक पास जैनको वनवाये.

**जयपूर**—गाममें ओसवाल और श्रीमालीओंमें कुसंप है, और मुकदमा/कोरट चलरहा है. मंदिर यहांके दर्शन करने योग्य, एक पाठशाला है, जिसका नया प्रबंध हुवा है. राज्यसेभी मदद मिलती है, मी. गुलाबचंदजी ढढा मालपूरे थे. बडे भाई श्रीयूत लखमी-

चंदजीसाहबने बडी खातर की. हरजात्रीकी खातर करते हैं. माजीकी तबीयत अलील होनेसें मालपूरे हैं. अब ठीक है नाईतफाकीसे सभा नही होसकी. संवेगी साधु श्रीमन् शिवजी रामजी वृद्ध और, बडे विद्वान है. फिर अजमेर होकर सर्व भाईओंसे सीख करके सिरोही पहुंचे वहांसे तीन कोसपर पाडीव गाममें पोरवाडभाईओंकी तरफसे बना हुवा नवीन मंदिरमें प्रतिष्ठा मारवाडी ज्येष्ठ वदी ११ की थी. आठ हजार आदमी जमा हुवे थे. ओसवालोंके ६० घर है. और पोरवालोंके ८० हे. गामके ओसवाल जिमण वगैरहमें वही आयेथे. मंडप अति सुंदर बनाया था. श्री सिद्धाचलजी, मेरु, सम्मेत शिखरजी, पावापुरी गिरनारजी, अष्टापदजी, आबुजी वगैरहकी सुंदर रचना बनाई थी. प्रतिमाजी सर्वे नवीन थी. श्री चिंतामणजी पार्श्वनाथजी, श्री पद्मप्रभुजी और कंथुनाथजी आदि प्रतिमाजी स्थापन किये. प्रतिष्ठा कमलगच्छके श्री पूजजी श्री महेन्द्रसूरिने करवाई. उन्होंने बहोत जगह प्रतिष्ठा करवाई. प्रतिष्ठामें पांचसोंसे सातसों रुपये लेते हैं. वरघोडे पांच नीकाले गये, जिसमें सिरोहीका हाथी मोजूद था. हाथीपर घी बोलकर सात, आठ, आदमी भगवानको लेकर पण मुसलमान मावतको अडकर बेठते थे. श्री पूजजीकी पालखी, बगी, ऊंट, सीगराम वगैरह ठाठसे वरघोडा निकलताथा. हरेक वरघोडेमें रु. १६०० की आमदनी होती थी. कुल आमदनी रु. बीस बावीस हजार हुई खर्च जिमणसिवाय अंदाज ९००० हुवा होगा. चार जिमण सिरा और लापसीका पंच और अन्य गृहस्थोंने किया. जिमणमें स्पर्शादि भारी अनाचार होताहै. मुसलमान भी गुस जाते हैं. इसका बंदोबस्त कोन्फरन्सको करना चाहिये. अपने व्याख्यान दरम्यान मैंने दो हजार रुपये श्री पंचको देना इस शर्तसे चाहा कि में टिकीट नीकालकर अन्य जातिवाले लोकोंको अलग बेठकर जिमानेका बंदोबस्त करसकताहुं, अगर कुछ पुकार होवे तो मेरे दो हजार रुपये जपत किये जावे. सिरोहीके नो जवान जयपूरमें इंग्रेजी पढते हुवे अंदाज २९ वोलंटीयर बडे होंसीले मुजको मदद देनेको तैयार हुवे थे. मुंबईके शेठ भीमाजी मोतीजीके पेढीवाले देलदरके शेठ भमुतमलजी और मी. ललुभाई वेलजीके परिश्रमसें सभा अच्छी हुई. हानीकारक रीवाज जो सिरोही इलाकेमें चलते हैं, जिसके बारेमें जोर देकर कहागया, बहुत गामवालोंने मंजुर किया कि पंच एकत्र होकर बंध करेंगे. परंतु दुसरे दो रोजमें ठहरा तो पण प्रतिष्ठाके काम आगे सभा पंचोने नही की. लोग बहुत दिलगीर हुवे. साठ गामके लोग मोजूद थे, कालंद्री गामके ३० आदमीका एक डेप्युटेशन मुजको बुलानेको आया.

**कालद्री**—जेष्ठ वदि १२ को कालद्री गया. दोसो घर ओसवालके और १०० घर पोरवाडके है. लोक भाविक है. श्री महावीरस्वामिका पूराना प्रसाद है. जिसको बावन जिनालय किया जाता है. देरडी कितनी बडी चाहिये वगैरह बाबत वास्तुशास्त्र जाणकारको पुछनेकी सलाह दी. बाजारके चोगानमें रातको सभा, टेबल, जाजम, फानुस

वगैरहसें सुशोभित की गई. दो घंटे व्याख्यान हानीकारक रीतरीवाज और विद्याके बारेमें मैंने दिया. ४०० पुरुष और बाई हाजर थी. दुसरी रातको भी सभा इसी प्रकार हुई.

श्री पंचने एक मते नीचे माफक ठेराव कियेः—

१. जानवरांकी पांखाकी टोपी, कचकडाकी चीजें, और चमडाके पुठे वापरवे नहीं.

२. होलीकी पूजा करनी नही, हाथसें होली सलगाना नही, भुंडां गाना नही. धुलेरी खेलनी नहीं.

३. सीलीसातम आदि मिथ्यात्वी पर्व बने जबतक नही पालना.

४. लग्नमें दारुखाना छोडना नहीं, पातर [ वेश्या ] बुलाना नही.

५, कन्याविक्रय बने जबतक नही करना और जैन विधीसें लग्न करनेकी हिदाया करते रहना. लग्नविधीके पुस्तक मंगाकर ब्राह्मणोंको देणा.

६. मरनेके बाद पीछली रातको वासीपला लेना नही जिस बाबत गाममें हाका कराना.

७. जैन कोन्फरन्सकी सभामें गामकी तरफसे प्रतिनिधी भेजने.

८. पोसा, उपवास आदि करनेके बाद पारणा किये विना लुगायां छाणे लेनेको नहीं जावे.

९. बने जबतक अकेले जिमना, और एठा छोडना नही.

१०. मृत्युके बाद पुन्यार्थके रुपये निकाले होवे सो बारा महिनाके अंदर खर्च कर देना.

११. हिंदी, इंग्रेजी और धर्मशास्त्र पढानेके लिये एक जैनपाठशाला खोली जावे जिसके लिये नीचे माफक ठराव किये.

( क ) एक टीप चालु करना.

( ख ) बीअखपर लागा डालनेकी बात विचार तलब छोडी गई.

( ग ) मृत्युके बाद जो रकम पुन्यार्थनिमीत निकाली जावे जीसमेंसे चौथाई पाठशालाके फंडमें लेना.

( घ ) वहीवट करनेको नीचे माफक एक कमीटी मुकरर की गई.

| | |
|---|---|
| शा. रायचंदजी लखाजी. | सा. खुमाजी कलाजी. |
| शा. भुताजी दोलाजी. | सा. हंसराजजी रुपाजी ( सेक्रेटरी ). |
| शा. रायसिंगजी कानाजी. | सा. रुघनाथजी फुआजी. |

जो कायदे कानुन बांधींगे और जरूरत हो और मेंबर बडावे,

( ङ ) बिल फेल साल्याना चारसों रुपये खर्च करनेकी मंजुरी दी गई.

खर्चके बारेमें बहुत दलीलें हुई. एक हेडमास्तर, एक आसीस्टंट और एक पंडित भेजनेको मुजको कहागया और पंचके ठरावोंकी ४०० प्रति छपवाकर कोन्फरन्स भेजनेकी महरबानी करे एसी हिदायत की.

जैन लग्नविधीके २५ पुस्तक गुजराती और २ हिंदीकी भेजनेको कहागया.

गोकाकमें दुकान रखनेवाले शा. रुघनाथजी फुआजी बाफयत आदि गृहस्थोंने सभाके लिये बहुत परिश्रम उठाया, यहांके तहसीलदार मी. सोनमलजी मोदी यहां मोजुद होते तो टीपका काम शरु होजाता.

**गोईली**—बडा मंदिर बावन जिनालय है. गाममें कुसंपसे दस बरससे प्रतिष्ठाका काम पडरहा है. शा. समनमलजी जसाजीने अलग मंदिर बनवाना शरु किया है. वह पैसा इसी प्रतिष्ठामें लगानेको विनती करनेसे उनका दिल हुवा है. गाममें संप करनेका प्रयत्न साफल्यताको पहुंचरहा है, प्रतिष्ठाकी तैयारी जलदी होगी.

**आबुजी**—वहां जाकर काम हिसाब देखकर रीपोर्ट किया जायगा. कोन्फरन्सकी चपरासवाला एक पटादारका साथ होना जरुरी है. यहां जाकर मान्यवर एजन्ट टु धी गवर्नर जनरलसाहबसे मिलकर बुट पहनकर अंग्रेज लोक मंदिरके भीतर जाते हैं सो अमुक कारणोंसे बंध करनेका प्रयत्न किया जायगा.

## અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગશાળા.

આ સંસ્થાનો પ્રથમ વાર્ષિક રીપોર્ટ અમને મળ્યો છે. વાંચી વિચારી અતિશય હર્ષ થાય છે. આ દેશમાં વકતાઓ કરતાં મુગે મોઢે, કીર્તિ અથવા મોટાઇની લાલસા વિના ફરજને ખાતરજ મનુષ્ય દેહ સાર્થક કરનારાઓ—કાર્ય કરનારાઓ—થોડા છે, એ નિઃસંશય છે. દેશમાં ઉદ્ધાર થવામાં ઘણાં કારણો હોય છે. તેમાં આ કારણ અતિશય મુખ્ય ભાગ ભજવે છે. આ રીપોર્ટમાં શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે શ્રાવિકા-સાતમું ક્ષેત્ર-ના જ્ઞાન માટે જોઈએ તેવો પ્રયાસ નથી, એ તો નિઃસંશય છે. હમણાંજ વીતેલા લગ્નના પ્રસંગોમાં એટલા બધા સંઘો જુદે જુદે ગામે જમ્યા છે કે તેમાં ખર્ચેલ પૈસાથી

અર્ધીજ રકમ તેમાં ખર્ચી બીજી અર્ધ જ્ઞાન અથવા નિરાશ્રિત જૈન બંધુઓ માટે ખર્ચી હોયતો કેટલું બધું આત્મશ્રેય થાય તે સમજાય તેવું છે. આ દેશમાં પુત્ર કરતાં પુત્રીની કીંમત ઓછી અંકાય છે, અને તેમાં પણ બિચારી વિધવા થયેલી પુત્રી, માતા અથવા પત્ની કેવી દુભાય છે? જ્ઞાનની ગેરહાજરીમાં વખત કાઢવાને કેવાં અને કેટલાં ફાંફાં મારે છે, અને તેમાં પણ જો સ્થિતિ સાધારણ અથવા નબળી હોય તો જીવન વ્યવહાર ચલાવવાને તેને કેટલી મુશ્કેલી નડે છે તે વિચારતાં હૃદય કંપે છે. ડાહ્યું માણસ કોને કહેવું તે માટે એક સ્થળે વિદ્વાને કહ્યું છે કે "Hope for the best, prepare for the worst & bear peacefully whatever may come" "સારૂંજ થશે એવી આશા રાખો, ખરાબમાં ખરાબ બનાવ અથવા ચીજ અથવા વખતની સામે થવાની તૈયારી રાખો, અને જે કાંઇ આવી પડે તે શાંતિથી સહન કરો." તેમાંજ ડહાપણ છે. મનુષ્ય બિચારૂં કર્માધીન છે. લખેસરીના રંક પણ જોયા છે, અને રંકના રાય પણ જોયા છે, માટે શ્રીમાને શ્રીનો ગર્વ કરવો એ ગર્વ કદિ નીભે એવી આશા વ્યર્થ છે. ભાવિષ્યની સ્થિતિ માટે જ્ઞાન અને કળારૂપી ભાતું તૈયાર રાખવું એ સૂક્ષ્મ બુદ્ધિ અને દીર્ઘ દ્રષ્ટિનુંજ કામ છે. આ ખાતાનો રીપોર્ટ દર મહિને "જૈન" માં બહાર પડે છે તેથી જણાય છે કે વહીવટ, ચોખો અને નિયમસર ચાલે છે તથા તેને મદદની જરૂર છે. બધી જાતનાં દાનોમાં જ્ઞાનદાન સમાન કોઇજ દાન નથી. માટે સર્વ ભાઇઓની અમારી નમ્ર દઢ વિનંતિ છે કે આવી સંસ્થાઓને શુભ પ્રસંગે કદી ભૂલવી નહી, શાહ પૂંજાભાઈ હીરાચંદ જેવા સાધારણ સ્થિતિના ગૃહસ્થે આવું કામ શરૂ કર્યું તેને માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. સ્કૂલનો વખત ૧૨ થી ૩ બહુજ ઉચિત રાખ્યો છે, તેમાં પણ અરધો વખત ધાર્મિક શિક્ષણ તથા અરધો વખત ઔદ્યોગિક શિક્ષણ તે પણ બહુજ વિચારપૂર્વક યોગ્ય થયું છે. વ્યવસ્થાપક કમીટી ૧૨ જણની નીમી છે તે પણ બહુજ યોગ્ય થયું છે. એક કરતાં વધારે મસ્તકો સારૂં કામ કરી શકે એ સિદ્ધ છે. માટે એકહથી સત્તા રાખવા કરતાં ઝાઝા મતથી કામ સારૂં થઇ શકે છે. એક વર્ષમાં દાખલ થયેલી બાઇઓની સંખ્યા—૫૧—પણ બહુ સારી છે. અમદાવાદમાં જૈનભાઇઓમાં મુખ્ય વિભાગો શ્રીમાળી, પોરવાડ તથા ઓશવાળ છે. તે ત્રણે વિભાગોની સંખ્યા આવી રીતે લાભ લે છે તે બહુ આનંદકારક છે. શિવણકામ, ભરતકામ, અને બાંધણી બાંધવાનું કામ એ ત્રણ કામ હાલ ચાલે છે. વિધવા પણ ૨૨ આ સંસ્થાનો લાભ લે છે. રેશમ કાઢવાનું કામ કોઈ શીખનાર નહી હોવાથી શિખવાતું નથી. રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે થોડી, પણ લાંબી મુદત શીખનારી બાઇઓનું કામ એટલું તો સરસ છે કે એ કામની પ્રાપ્તિમાંથી પોતાની આજીવિકા બહુજ આબરૂ ભરેલી રીતે ગુજારી શકવા ઇચ્છે તો તેમ કરી શકે. બનારસ પ્રદર્શનમાં મુકાએલ નમુનાઓમાંથી જે મોજાં સંચાવડે હાથથી માણસ બનાવી શકે છે તે બહુ ટકાઉ, તથા ફુમાસદાર થાય છે. ઉપરના ધંધાઓમાં તે જો ઉમેરી શકાય તો ઉમેરવા સુચના છે. આ શાળા માટે કંઇ સ્થાયી ફંડ નથી. અને સ્થાયી ફંડ વિનાની સંસ્થાઓ કયાં સુધી

ટકશે, તે કહેવું મુશ્કેલ થઈ પડે છે. કોઈ કહેશે કે જે સારૂં હશે તેને મદદ મળીજ રહેશે. પણ દુનિયા જરા વિચિત્ર છે. સારાને સારૂં સમજતાં વાર બહુ લાગે છે. માટે આ સંસ્થાને માટે સ્થાયી ફંડ ઉભું કરવાની ખાસ આવશ્યકતા છે. જે વ્યક્તિઓ ખરેખરૂં પુણ્ય ઉપાર્જન કરવા ઇચ્છતા હોય, અથવા પૈસાનો સદુપયોગ કરવા ધારતા હોય તેને માટે આ સંસ્થા તદન પાત્ર છે. ધર્મવિનાની એકલી વ્યાવહારિક કેળવણી પણ નકામીજ છે, માટે ધાર્મિક કેળવણી પણ દાખલ કરી છે તે બહુ ઉચિત થયું છે. અર્થ તથા તત્વ સહિત પ્રતિક્રમણ વિગેરે સમજાવાય તો યોગ્ય થાય. સુત્રો બોલવાથી ઘણો લાભ છે, પણ અર્થની સમજ પુર્વકનો લાભ અતિશય છે. સેક્રેટરી તરીકે શાહ મનસુખ અનુપચંદ માત્ર માનનીજ પદવી ધરાવે છે, અને એવો જાતિભોગ આપતા જોઈ અમને આનંદ થાય છે. જે ક્ષેત્રમાં વ્યક્તિઓ સ્વાર્થ ભૂલી સમષ્ટિનું હિત કરવામાં મચી છે, તે દેશજ આગળ જતાં તરી શકે. જેમ બને તેમ તન, મન, ધનનો સ્વાર્થત્યાગ કરવાથી આત્મશ્રેય પણ થાય છે, અને તેથીજ તેને ખરો લાભ થાય છે. પુનઃ દાતારોને વિનવીએ છીએ કે આવા ખાતાને મદદ કરશો.

---

# ગ્રંથાવલોકન.

ધર્મસંગ્રહ—આ પુસ્તકનું રીવ્યુ અમે આગળ એક અંકમાં લઈ ગયા છીએ, પરંતુ ભાવનગર "જૈનધર્મપ્રકાશ" ના બાહોશ અને વિદ્વાન રીવ્યુ લેનારની જેટલી બારીકીથી, ધ્યાનપૂર્વક ઉંડા ઉતરીને લીધેલું નથી, એમ સત્યને ખાતર અમે જણાવવું યોગ્ય ધારીએ છીએ. બીજા એક સાસાહિક પત્રમાં આવેલ રીવ્યુ વિષે પણ તે પુસ્તક માટે ઉપર પ્રમાણેજ થયું છે, એમ તે પત્રના અધિપતિના શ્રીમુખે જાણવામાં આવ્યું છે. જૈન પ્રજા ખોટે રસ્તે ન દોરાતાં સત્ય જાણે, એ ઉમદા આશયથી અમારી ખામી અમે કબૂલ કરીએ છીએ. કારણ કે **सत्यात् नास्ति परोधर्मः ॥** "જૈનધર્મપ્રકાશ" માં આવેલ એ ગ્રંથાવલોકનનો આભાર માનતાં "આનંદ" પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ભૂલો નજીવી થઈ છે, પરંતુ એક જિનજ સર્વથા નિર્દોષ હોવાથી છદ્મસ્થ મનુષ્યથી ભૂલો થવાનો સંભવ છે." વિદ્યાપ્રસારકવર્ગને અમારી સવિનય નમ્ર પ્રાર્થના છે કે ખુલા દિલથી ભૂલો સ્વીકારવી એ થયેલી ભૂલોનું સર્વોત્તમ પ્રાયશ્ચિત છે. "પ્રકાશ" કારનું કહેવું એમ છે કે દરેક પાને ભૂલો છે. અને તે ફક્ત બ્રાહ્મણશાસ્ત્રી પાસે ભાષાંતર કરાવી અક્ષરશઃ તપાસ્યા શિવાય તેને ભરોસે પ્રગટ કરવાથીજ થઈ છે. બીજું કાંઈ કારણ નથી. ભવિષ્યમાં જરા વિશેષ સંભાળથી કામ લેવા "પ્રસારકવર્ગ" ને અમારી સૂચના છે. "પ્રકાશે" લીધેલ રીવ્યુની મુખ્તેસર હકીકત નીચે પ્રમાણે છેઃ—

"મૂળ ગ્રંથમાં ઘણી અશુદ્ધતા રહી ગઈ છે. પદચ્છેદ તો તદન ખોટાજ કરેલા છે. માગધી ભાગની શુદ્ધતા તો થયેલીજ નથી. મૂળમાં જ્યારે આમ છે ત્યારે પછી ભાષાંતરમાં તો કહેવુંજ શું ? તે તો કોઈ મૂળની સાથે મુકાબલો કરીને તપાસે ત્યારે ખબર પડે. માગધી ગદ્ય કે પદ્યનાં અર્થમાં તો તદન ગોટાળોજ વાળેલો છે. કેટલાક ભાગના

અર્થ તદન કર્યાજ નથી. આ અર્ધ માગધી ભાષાના અજ્ઞાનનું પરિણામ છે. તેમજ સં-સ્કૃતમાં પણ વિષયની ગહનતા હોવાથી ગુરૂગમને વિરહે યથામતિ અર્થ કરવામાં આવ્યો છે.

આ પ્રથમ ભાગમાં કેવા ખોટા પદચ્છેદ કર્યા છે અને કેવા ખોટા અર્થ કર્યા છે તે જાણવા માટે એક બે દાખલા આ નીચે આપ્યા છે, જે વાંચવાથી પ્રગટકર્ત્તાની પોતાના કામ પરત્વે કામ કેવું થયું છે તેની ખાત્રી થશે.

પૃષ્ઠ ૧૩૫ પંક્તિ ૩–૪–૫.

" अंतो मुहुत्तुं घ समओ छावलि सासाण वेअगो समओ
साहि अविात्ति सायर खइओ घदुगुणो खओ वसमो दुगुणोत्ति "

આ ગાથા નીચે પ્રમાણે જોઈએ.

" अंतो मुहुतुवसमो, छावलि सासाण वेअगो समओ ।
साहिअ तित्ति सायर, खइओ दुगुणो खओवसमो ॥

ગ્રંથમાં છાપેલો અર્થ

" અંતમૂહૂર્તનો સમય અને છ આવલિકા તે સાસ્વાદન તથા વેદક સમ્યકત્વનો સમય સાગરોપમે બમણો ક્ષાયિકનો અને તેથી બેગણો ક્ષયોપશમનો સમય છે. "

ખરો અર્થ.

પાંચ પ્રકારના સમ્યક્ત્વની સ્થિતિનું કાળમાન કહે છે. |" ઉપશમનો અંતર્મુહૂર્ત, સાસ્વાદનનો છ આવળિ, વેદકનો એક સમય, ક્ષાયિકનો કાંઈક અધિક તેત્રીશ સાગ-રોપમ અને તેથી બમણો ક્ષયોપશમ સમકિતનો કાળમાન જાણવો. "

આ ગાથાની પછી મૂળમાં લખ્યું છે કે—पूर्वस्मात् द्विगुणः स्थितिकालः षट्षष्टिः सागरोपमानि समाधिकानि क्षायोपशिकस्य स्थितिरित्यर्थः । આમાં क्षयोपशमिकस्य નું क्षायोपशिकस्य લખ્યું છે.

આનો અર્થ નીચે લખ્યો છે. " અર્થાત પૂર્વથી બેગણો સ્થિતિકાળ એટલે ક્ષાયો-પશમિકસ્યની સ્થિતિ અધિક એવી સાણસઠ સાગરોપમની છે. "

આ અર્થમાં છાસઠને બદલે સણસઠ લખેલ છે તે ભૂલ કરી છે અને કેનાથી બમણો તે સ્પષ્ટ કરવું જોઇએ છતાં કર્યું નથી.

આ લખાણની પછી મૂળમાં બે ગાથાઓ છે તેનો અર્થ નીચે બીલકુલ લખ્યોજ નથી અને લખ્યું છે કે " होवारे ઈત્યાદિ ગાથાનો અર્થ ઉપર પ્રમાણે છે. " પરંતુ ઉપર તો આ ગાથાઓમાં બતાવેલા ભાવાર્થની ગંધ પણ નથી.

મૂળમાં અને અર્થમાં કેટલાક આંકડા તદન નકામા અને ખોટા લખ્યા છે, કે જે ઉલટા વાંચનારને મૂઝવણમાં નાખે છે. "

ઉપરના ઉતારાથી જણાશે કે " પ્રકાશે " મહેનત લઇને જે હિતબુદ્ધિથી ભૂલો બતાવી છે તેવીજ શુભ ઇચ્છાથી ભૂલો સ્વીકારી બીજી આવૃત્તિમાં ધ્યાન રાખવા વિનંતિ છે.

श्वेतांबर जैनोए रचेला

# चरित्र तथा कथाओना ग्रंथ.

वृहत्‌टिप्पानिका उपरथी उतारो आपनार प्रो० रवजी देवराज.

## वर्ग १ लो.

## चोवीस तीर्थंकरोना चरित्रो.

| नंबर. | नाम. | भाषा. | गाथा. | श्लोक. | कर्तानुं नाम. | रच्यानी संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| १ | आदिनाथचरित्र | प्रा. | ११००० | १२००० | वर्द्धमानसूरि | ११६० | सिद्धराजना राज्यम रचेलुं |
| २ | सुमतिचरित्र | ,, | ९६२१ | ११८८० | सोमप्रभसूरि | | कुमारपालना राज्यमां |
| ३ | सुपार्श्वचरित्र | ,, | ८७०० | १०१३८ | लक्ष्मणगणि | ११९९ | |
| ४ | चंद्रप्रभचरित्र | ,, | | ६४०० | यशोदेवसूरि | | |
| ५ | ,, | ,, | | ८०३२ | द्वि० हरिभद्र | | कुमारपालना राज्यम कर्युं |
| ६ | ,, | सं. प्रा. | | ५३२५ | देवेंद्रसूरि | १२६४ | |
| ७ | ,, | सं. | | ६१४१ | सर्वानंदसूरि | १३०२ | |
| ८ | श्रेयांसचरित्र | प्रा. | ६५८४ | | द्वि० हरिभद्र | | सिद्धराजना राज्यमां |
| ९ | ,, | ,, | | ११००० | देवभद्रसूरि | | |
| १० | ,, | सं. | | ५१२४ | मानतुंगसूरि | १३३२ | |
| ११ | वासुपूज्यचरित्र | प्रा. | | ८००० | चंद्रप्रभसूरि | | हेमसूरिए शोधेल |
| १२ | ,, | सं. | | ५४९४ | वर्द्धमानसूरि | ११९९ | |
| १३ | अनंतचरित्र | प्रा. | १२०० | | नेमिचंद्रसूरि | १२१५ | |
| १४ | शांतिचरित्र* | ,, | | १२१०० | हेमाचार्यना गुरु देवचंद्रसूरि | ११६० | गद्यपद्यमय |
| १५ | ,, | सं. | | | मुनि देवसूरि | १३३२ | |
| १६ | ,, | ,, | | ५५७४ | माणिक्यसूरि | | |
| १७ | ,, | ,, | | ४९११ | पौर्ण. अजितप्रभसूरि | १३१७ | |
| १८ | ,, | ,, | | ६२७२ | मणिभद्रसूरि | | (रच्यानी साल छे पण उतरी नथी) |
| १९ | कुंथुचरित्र | ,, | | ५५५५ | विबुधप्रभसूरि | | |
| २० | मल्लिचरित्र | प्रा. | | ५५५५ | जिनेश्वरसूरि | ११७५ | |
| २१ | ,, | प्रा. सं. | | ९००० | द्वि. हरिभद्र | | कुमारपालना राज्यमां गाथा तथा काव्यमय |
| २२ | ,, | सं. | | | विनयचंद्रसूरि | | |
| २३ | मुनिसुव्रतचरित्र | प्रा. | | १०८८४ | श्री चंद्रसूरि | ११९३ | |
| २४ | ,, | ,, | | ४५५२ | विनयचंद्रसूरि | | नवभवनुं,बहु कथावालु |
| २५ | ,, | सं. | | ५१८५ | पौर्ण. मुनिरत्नसूरि | | वीशस्थानकनीकथावा. |

*शांतिचरित्र प्राकृत दिगंबर कृत गा. २१९६.

| नंबर. | नाम. | भाषा. | [illegible] | श्लोक. | कर्तानुं नाम. | रच्यानो संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| २६ | नेमिचरित्र | प्रा. | | ८०३२ | द्वि. हरिभद्रसूरि | १२१६ | |
| २७ | ,, | ,, | | ५१०२ | — | | भवभावनावृत्तिमां रहेलुं. अंतरंगनी वक्तव्यतावाळुं |
| २८ | ,, | ,, | | १२६०० | देवसूरि शिष्य रत्नप्रभसूरि | १२३३ | गद्यपद्यमय |
| २९ | पार्श्वचरित्र | ,, | | ९००० | नवांगाभयदेव प्रथम शिष्य देवभद्र | ११६५ | |
| ३० | ,, | ,, | २५६४ | ३२०० | — | | दशभवना व्याख्यान वाळुं छे. |
| ३१ | ,, | सं. | | | सर्वानंदसूरि | | |
| ३२ | ,, | ,, | | ६४०० | भावदेवसूरि | १२१४ | |
| ३३ | ,, | ,, | | ५२७८ | माणिक्यचंद्रसूरि | १२७७ | |
| ३४ | वीरचरित्र | प्रा. | | १२००० | गुणचंद्रगणि | ११३९ | |
| ३५ | | ,, | | १२००० | नेमिचंद्रसूरि | ११३९ | |
| ३६ | | ,, | १८१० | २४०० | ,, | ,, | |

## वर्ग २ जो.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | महापुरुषचरित्र | प्रा. | | १०००० | शीलाचार्य | ९२५ | एमां शलाका पुरुषना चरित्र छे. |
| २ | ,, | ,, | ८७९० | १००५० | आम्रकवि | — | |
| ३ | कथावली प्रथम परिच्छेद | ,, | | २३८०० | भद्रेश्वरसूरि | — | हरिभद्रसुरीपर्यंत सत्पुरुष वृत्तवाळ. |
| ४ | त्रिषष्टि | सं. | | ३६००० | हेमाचार्य | | त्रेशठशलाका पुरुष चरित्रवाच्य. |
| ५ | परिशिष्टपर्व | ,, | | ३४६० | ,, | | जंबूथी आर्यरक्षित पर्यंत वृत्तवाच्य. |
| ६ | पद्मानंद महाकाव्य | ,, | | ८७९१ | अमरचंद्रकवि दिगं० | | चोवीश जिनवृत्तवाच्य १८ सर्गनालुं. |

## वर्ग ३ जो.

### त्रिषष्टिसंबंधी.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | आदिनाथचरित्र | सं. | — | ५००० | हेमाचार्य | | |
| २ | नेमिचरित्र | ,, | — | ४९६५ | ,, | | |
| ३ | पार्श्वचरित्र | ,, | — | १६०० | ,, | | |
| ४ | महावीरचरित्र | ,, | — | ३४५२ | ,, | | मत्यंतरमां ५१६२ |
| ५ | रामायण | ,, | — | ३७१४ | | | |
| | | | | १८७७१ | | | |

| नंबर. | नाम. | भाषा. | गाथा. | श्लोक. | कर्तानुं नाम. | रचना संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|

## वर्ग ४ थो.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | पार्श्वनाथना १० गणधरोनुं चरित्र | प्रा. | | ४३५० | — | | |
| २ | वीरना ११ गणधरोनुं चरित्र | सं. | | ६५०० | खरतर देवमूर्त्ति उपाध्याय | | |
| ३ | हरिवंशचरित्र | सं. | | ९००० | — | | नेम्यादिबहुवृत्तवाच्य. |
| ४ | ,, | सं. | | ९००० | वंदिक कवि | | पुराणभाषा निबद्ध |
| ५ | पुंडरीकचरित्र | सं. | | ३३०० | कमलप्रभसूरि | १३७२ | एमां क्यांक आगम विरुद्ध छे. |
| ६ | अममजिनचरित्र | सं. | | | मुनिरत्नसूरि | १२५२ | भाविजिननुं चरित्र छे. |
| ७ | पद्मचरित्र | प्रा. | | १०५५० | विमलसूरि | ६० | वीरात ५३० मां करेलुं छे. तेमां वैराग्य रस मुख्य छे. |

## वर्ग ५ मो.

### पूर्वमुनिओना चरित्रो.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | जंबूचरित्र | प्रा. | | १६४४ | — | | ( टीपमां सं. ८२ करेल छे पण ते कोई नक्की करवुं जोइये.) |
| २ | ,, | प्रा. | | १६०० | पं. सागरदत्त | १०७६ | संध्यादि बंधवाळुं छे. |
| | ,, | टिप्पन | | ११०० | | | |
| ३ | धन्यशालिभद्रचरित्र | सं. | | १४६० | पूर्णभद्रगणि | १२८५ | |
| ४ | पांडवचरित्र | ,, | | ९८८४ | मलधारि देवप्रभ | | |
| ५ | पृथ्वीचंद्रचरित्र | प्रा. | | ७५०० | शांतिसूरि | ११७१ | गाथादिमय छे. |
| | ,, टिप्पन | | | ११०० | कनकचंद्र | १२२६ | |
| | ,, सकेत | | | ५९५ | रत्नप्रभसूरि | — | विषमपदव्याख्यात्मकम. |
| ६ | प्रत्येक बुद्धचरित्र | | | ६०५० | श्रीतिलक | १२६१ | |
| ७ | प्रद्युम्नचरित्र | | | — | — | — | |
| ८ | मणिपतिचरित्र | प्रा. | ६४४ | ८०५ | द्वि. हरिभद्र | ११७२ | |
| ९ | ,, | सं. | | ३२०० | जंबूनागमुनि | १००५ | तेमांथी उद्धृत करेल श्लो. २७००नुं छे. |
| १० | महीपालचरित्र | — | | | — | | |
| ११ | सांबचरित्र | सं. | | १०७० | — | | |
| १२ | समरादित्यचरित्र | प्रा. | १०००० | | हरिभद्रसूरि | | |
| १३ | | सं. | | ४८७४ | प्रद्युम्नाचार्य | १३२४ | |
| १४ | स्थूलिभद्रचरित्र | सं. | | ६८४ | तपा जयानंद | | |
| १५ | हरिविक्रमचरित्र | सं. | | | आगमिकजयतिलक | | |

| नंबर. | नाम. | भाषा. | गाथा. | श्लोक. | कर्तानुं नाम. | रच्यानु संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | **कथाओ.** | | |
| १ | कुसुमसारकथा | प्रा. | १७०० | | नेमिचंद्र | १०९९ | |
| २ | जिनदत्तकथा | सं. | | १२०० | — | | |
| ३ | रत्नचूडकथा | | | ३५०० | नेमप्रभाचार्य | | पुजाफळवाच्य. |
| ४ | विजयचंद्रकेवलिकथा | प्रा. | ३९१० | ४७०० | चंद्रप्रभसूरि | ११२७ | पूजाष्टककथा गर्भी. |
| | | | | | **सतीओना चरित्रो.** | | |
| १ | ऋषिदत्ताचरित्र | प्रा. | | | — | | |
| २ | कुवलयमाला | ,, | | १३००० | उद्योतनसूरि | ८३५ | |
| ३ | ,, | सं. | | ३८९४ | रत्नप्रभसूरि | | |
| ४ | भुवनसुंदरीचरित्र | प्रा. | ८९११ | — | विजयसिंहाचार्य | ९७५ | गाथाबद्ध. |
| ५ | मनोरमाचरित्र | प्रा. | | १५००० | अभयदेवसूरि शिष्य वर्द्धमानसूरि | ११४० | |
| ६ | सीताचरित्र | ,, | | ३१०० | — | | |
| ७ | ,, | ,, | | ३४०० | — | | धर्माधर्मशास्त्रगत. |
| ८ | सुदर्शनाचरित्र | ,, | | १८७३ | मलधारि देवप्रभ | | |
| ९ | सुलसाचरित्र | ,, | | — | आगमिकजयतिलक | | |
| | | | | | **कथाओ.** | | |
| १ | कौमुदीकथा | सं. | | १६०० | | | जैनकृत. |
| २ | अजसुंदरीकथा | प्रा. | | | | | |
| ३ | दमयंतीकथा | सं. | | | | | ( श्लोकसंख्या २-५० छे. |
| ४ | नर्मदासुंदरीकथा | सं. | | १७०० | | | |
| ५ | मलयसुंदरीकथा | प्रा. | | | | | |
| ६ | ,, | सं. | | २४३० | आगमिक जयतिलक | | |
| ७ | सर्वांगसुंदरीकथा | प्रा. | | २६७५ | | | |
| ८ | सुरसुंदरीकथा | ,, | ४००० | | धनेश्वरमुनि | १०९५ | सोळ परिच्छदवाळी. |
| ९ | सौभाग्यसुंदरीकथा | — | | — | — | | |
| | | | | | **कथासंग्रह.** | | |
| १ | कथारत्नसागर | सं. | | | मलधारि नरचंद्र | | पंदर कथावाळो छे. |
| २ | पंचमीकथा | प्रा. | | २००४ | महेश्वरसूरि | | दशकथानकरूप छे. |
| ३ | पंचाख्यानकथा | सं. | | ४६०० | पूर्णभद्राचार्य | १२५५ | कर्युं नहिं पण शोध्युं छे |
| ४ | पूजाष्टककथा | प्रा. | | १०६० | — | | |
| ५ | ,, | — | | | चंद्रप्रभसूरि | | विजयचंद्र केवळीनी कथा वगरनी |
| ६ | ,, | सं. | | | — | | |

| अंक | नाम. | भाषा | गाथा. | श्लोक. | कर्तानु नाम. | रचना संवत् | रिमार्क. |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ७ | वृहत्पूजाष्टक | | | | — | | रत्नचूडाना कथावालु. |
| ८ | सप्तक्षेत्रीकथा | | | ७२०० | गुणाकर | ११७८ | |
| | | | | | **रूपकरूप कथा.** | | |
| १ | उपमितभवप्रपंच | प्रा. | | | हरिभद्रसूरि | | |
| २ | उप. प्रपंचोद्धार | स. | | २७३० | देवसूरि | | |
| ३ | उप. सारसमुच्चय. | — | | १४६० | वर्द्धमानसूरि | | |
| ४ | उप. सारोद्धार | — | | ५७३० | श्रीचंद्र शि ष्य देवेंद्रसूरि | १२९८ | |

## वर्ग ६ ठो.

### ऐतिहासिक ग्रंथ.

| अंक | नाम. | भाषा | गाथा. | श्लोक. | कर्तानु नाम. | रचना संवत् | रिमार्क. |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| १ | कुमारपालप्रबोध | प्रा. | | ८८०० | सोलप्रभ शताथि | १२४१ | प्रत्यंतरमां श्लोक ८९००-९१३३ |
| २ | ,, प्रतिबोध | सं. | | २५७५ | | | |
| ३ | चतुर्विंशतिप्रबंध | सं. | | | राजशेखरसूरि | | |
| ४ | चतुरशीतिकथा | सं. | | | | | |
| ५ | त्रिषष्टितीर्थकल्प | प्रा. | | ३५०३ | जिनप्रभसूरि | १३८९ | प्रसिद्ध तीर्थोनो इतिहास आपेल छे. |
| ६ | प्रबंधचिंतामणि | सं. | | ३५०४ | मेरुतुंगसूरि | | |
| ७ | प्रभावकचरित्र | सं. | | ५७७४ | प्रभाचंद्र | १३३४ | वज्रस्वामी प्रमुखप्रभावकाचार्य वृत्तांतवाच्य. |

कुल चरित्रना ग्रंथ १०९ — ६२३००० आसरेना छे.

# શાસ્ત્રીય રીતે સિદ્ધ થતા ધર્મના સિદ્ધાંતો.[1]

બંદગી તથા ક્રિયાની અગત્ય એટલા માટે છે કે હીસ્ટીરીયા, ગાંડાપણું, ઘણી બોખાર, તેમજ તીક્ષ્ણ લાગણીવાળા માણસપર આસપાસ ભમતા સ્પીરીટો હુમલો કરે છે જે માણસોએ આપઘાત કર્યો હોય, ખૂનથી મરણ પામ્યા હોય, લડાઈ અથવા બીજા કોઈ અકસ્માતથી મરણ આવ્યું હોય તેવા જીવો વ્યંતર થઈને અદૃશ્યપણે પોતાની પૃથ્વીપર રહી ગયેલી ઈચ્છા તૃપ્ત કરવા માટે ઘણીવાર પોતાના સંબંધી નબળાં મનવાળા માણસોનો કબજો લઈ તેને અને તેવાંજ બીજા નબળાં મનવાળાઓને હેરાન કરે છે. આ માટે મન બહુજ દૃઢ રાખવાની જરૂર છે. નજીવી બાબતથી ગભરાઈ જવાની જરૂર નથી. ઉપર જે સ્પીરીટ કહ્યા તે, આપણા શાસ્ત્રપ્રમાણે આત્મા દેહમુક્ત થયા પછી, વ્યંતર થએલા જીવો

૧. આ લેખ જૈન શાસ્ત્રાધારે લખવામાં આવ્યો નથી, પણ પાશ્ચાત્ય વિદ્વાનો શોધ કરીને જે કરે છે તે આધારે લખવામાં આવ્યો છે.

સમજવા. અમેરિકા વિગેરેમાં કેળવણીને લીધે દરેક બાબતનું શાસ્ત્રીય કારણ શોધી તે પ્રમાણે વર્તવાની ઇચ્છા વિશેષ છે. આપણા દેશમાં પણ કારણો જાણવાની ઇચ્છા વધતી જાય છે. અમેરિકા વિગેરેમાં મેસ્મેરીઝમ કે હીપનૉટીઝમ કે મૅગ્નેટીઝમની વિદ્યાથી વગર દવાએ દરદો સાજા કરવાના અખતરા થાય છે. હોમીઓપૅથી તો અમદાવાદ જેવા શહેરમાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે. હીપ્નોટીઝમ એ શબ્દ હીપનોસ=ઉંઘ ઉપરથી નીકળ્યો છે. હીપનૅાટીઝમ તથા મેસ્મેરીઝમ એ બન્નેમાં મૅગ્નેટીઝમ આવે છે. મૅગ્નેટીઝમ અદૃશ્ય પ્રવાહી પદાર્થ છે, કે જે સૌથી નાનામાં નાની રજકણુથી સૌથી મોટામાં મોટી ચીજ સૂર્ય એ બધામાં વધુ ઓછા પ્રમાણમાં સમાયલો છે. વળી તે એકેકના સમાગમમાં એક બીજાપર વધુઓછી, સારી નરસી અસર કરે છે. એ પ્રવાહ નિર્જીવ વસ્તુમાં વ્યાપી રહ્યો છે, એટલુંજ નહિ પણ જાનવર તેમજ માણસમાં પણ વ્યાપી રહેલો છે. નાનું બાલક ૭ વરસ સૂધી દુનિયાની જે જે ચીજો જુએ છે તેમાં તેને ચળકાટ માલૂમ પડે છે, એ ચળકાટ કાંઈજ નહિ પણ મૅગ્નેટીઝમનો પ્રવાહ છે. બાળક ૭ વરસ સૂધી જૂએ છે, એમ કહેવાનું કારણ એટલુંજ કે તે ઉમ્મર સૂધી ઘણે ભાગે તે દુનિયાની સાચી જુઠી ઉપાધિમાં લપેટાયલો હોતો નથી, અથવા ઓછો લપેટાયલો હોય છે. ખનિજમાં મૅગ્નેટીઝમના કેવા કેવા ગુણો રહેલા છે, તે નીચેની હકીકતપરથી જણાશે. ચકમકના પથરમાં હિંમત આપવાનો ગુણ રહેલો છે, તેમજ પોખરાજમાં પવિત્રતા વધારવાનો ગુણ છે, યાકુતમાં ડહાપણને ઉત્તેજન આપનારો ગુણ છે, નીલમમાં અંતર્જ્ઞાન ( intuition ) ને ઉત્તેજક ગુણ છે, વિગેરે. તેમજ ધાતુઓ તરફ જોતાં જણાય છે કે જ્યાં કૉલેરા ચાલતો હોય ત્યાં ત્રાંબાનો ગોળ કટકો દોરીમાં પરોવી પેટસૂધી લટકાવે તો તેનું મૅગ્નેટીઝમ શરીરના પરસેવા સાથે મળી પેટપર સારી અસર કરે છે. તેવીજ રીતે ઝીણા ઘાસથી છવાયલી સૂકી જગાપર ઉઘાડે પગે ચાલવાથી કે ડાબી બાજુએ સૂવાથી માણસને ફાયદો થાય છે. મનુષ્ય ઝાડપાન, ભાજીપાલો વિગેરેમાંથી ખોરાક તરીકે મૅગ્નેટીઝમ ખેંચી શકે છે. મગજ ચંદ્રની અસરમાં છે, હૃદયને સૂર્યની બહુ અસર થાય છે, લોહી મંગળની અસરતળે છે, તલ્લી શનિની અસર નીચે છે, અને એવી રીતે બીજા અવયવોપર પણ, જુદા જુદા તારાની અસર નીચેના ઝાડપાલાની મૅગ્નેટીક અસર થાય છે. એટલે કે જે ઝાડપાન પર ચંદ્રની અસર હોય તેનો ઉપયોગ કરવાથી મગજને ફાયદો થાય, જેનાપર સૂર્યની અસર હોય તે ખાવાથી હૃદયને ફાયદો થાય, વિગેરે. એટલા માટે દરરોજ જૂદી જૂદી જાતનો ખોરાક લેવાથી જૂદા જૂદા અવયવોને જોતું મેગ્નેટીઝમ મળી શકે. ઘણી વખત મસાલાદાર ખોરાકમાં ભિન્ન ભિન્ન ગુણો આવી જવાથી એક બીજાની અસર કોઈવાર તોડીનાખેછે માટે બને તેમ સાદો ખોરાક અને સાદુ પીવાનું રાખવું જોઇએ. લોહી ઉકાળનારી પીવાની વસ્તુઓ ( મદિરાદિ ) એટલા માટે પીવી ન જોઇએ. સૂર્યના તાપે રાખેલું પાણી સૂર્યમાંથી વધારે પ્રવાહ લઇને વધારે ગુણકારક બને છે. આપણા શાસ્ત્રોમાં માંસ મદિરા તદન વર્જ્ય છે તેનું કારણ શાસ્ત્રીયરીતે બહુજ સારી રીતે સમજી શકાય છે. માંસાહારીઓ બહુ ક્રુર થવાનો સંભવ રહેછે તથા જે પ્રાણીનું માંસ ખાય તેના બધા દુર્ગુણો, તથા વિકારો માંસાહારીના શરીરમારફત આ[illegible] હોવાથી

આત્મા ઘણો ક્રોધ, જુસા અને બીજા અવગુણોનું પાત્ર થઈ પડે છે, અને તેથી જે પ્રાણીઓનો ખોરાકને ખાતરજ વધ કરવામાં આવે છે, તેનો વિકાસક્રમ પણ માંસાહારી અટકાવતા હોવાથી તેના દેવાદાર અને પાપી થાયછે. બીજા ઘણા દૃષ્ટિબિંદુથી આ વાત સિદ્ધ થાય એમ છે. મદિરા માણસને ઉન્મત્ત બનાવી તેની સ્થિતિ ભૂલાવી દેછે, ઘણુંજ અકાર્ય કરાવે છે, અને તેમાં ઘણી જીવહિંસા થતી હોવાથી તદન વર્જ્યછે. મદિરા પીનારનું હૃદય બહુજ ધીમું કામ કરી શકેછે, તેનું મૃત્યુ એકાએક અથવા ટુંકી ઉમરે થવા સંભવ રહેછે. આપણા શાસ્ત્રમાં ઘણી ચીજો વર્જ્યછે. તેમાં ઉપલી બે મુખ્ય છે.

---

# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

( શાહ નરોત્તમ ભગવાનદાસ—મુંબઈ. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૯૮.)

તીર્થસ્થળો તથા ઘણા ગામોના દેરાસરમાં છાપેલ પહોંચો રખાતી હોવાથી અમુક અંશે દેનારનું લક્ષ તે ઘણા ખાતાપર જઈ શકેછે, અને જરૂર હોય તે ખાતામાં આપવા સમજુ માણસનું ચિત્ત જાય છે. વળી રૂપિઆ લેનાર માણસનું મન પણ અમુક અંશે, આ પહોંચોને લીધે, ઉચાપત કરતાં અચકાય છે. આ વખતે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ખાતે શેઠ આણંદજી કલ્યાણજીના કારખાના તરફથી જે જે ખાતાઓમાં પૈસા લેવામાં આવેછે, તે ખાતાંઓ વિષે જરા અવલોકન કરીશું.

ભંડાર ખાતું, સામાન્યરીતે દરેક દેરાસરોમાં તરતું હોય છે. રૂપિયા ભરાવનાર જાણતા નથી કે કયા ખાતામાં સૌથી વિશેષ અગત્ય છે. પરંતુ જાણવું જરૂરનું છે કે સાધારણ ખાતું, કે જે ઘણી જગ્યાએ દેવાદાર ખાતું હોયછે, તેમાં મદદની વિશેષ આવશ્યકતા છે.

જીર્ણ દેરાસરખાતું પણ તેવીજ રીતે વિશેષ મદદને પાત્ર છે. શ્રી ભોયણીજી ખાતેથી જેવી રીતે દરવરસે ઉપજની સારી રકમ જીર્ણ દેરાસરો સમરાવવામાં વપરાય છે તેવીજ રીતે જે દેરાસરોમાં વાર્ષિક આવક બહુ સારી હોય, તે દેરાસરોમાંથી થોડી ઘણી રકમ પણ મંદિરોદ્ધાર ખાતે અર્પાવી જોઈએ. આથી બહુજ મોટું ભંડોળ, કે જેનાપર કોઈ સમયે કોઇની હલકી દાનત થવા સંભવ રહે, તે થવાનો સંભવ ઘણો ઘટી જશે, અને યોગ્યને મદદ મળતાં પ્રાચિનતા જળવાવા સાથે પૂર્વજોએ કરેલા ઉપકારોનો થોડાક બદલો વળી શકશે અને તેઓની કીર્તિ ચિરંસ્થાયી થશે.

શ્રી આરતીપૂજાનું ઘીખાતું રાખવાનું કારણ એટલુંજ છે કે આરતી અથવા પૂજા પ્રથમ કરવાને દરેક માણસ ઉત્સુક હોય. પરંતુ તે બધામાંથી કોઈને ના હા કહેવી અથવા કોઇની શરમ રાખવી એ કંકાસનું બીજ રોપવા બરોબર થાય. માટે પૂર્વજોએ બહુજ ઉત્તમ રસ્તો કાઢયો છે. પ્રતિક્રમણ વખતે અમુક અમુક સૂત્રોનાં ઘી બોલાય છે તે માટે પણ એક વાત વિચારવા જેવી છે. પ્રતિક્રમણ સર્વોત્તમ દૈનિક ક્રિયા છે, તે શુદ્ધ

સમજણ પૂર્વક થાય તેના ઉપરજ તે કરનાર આખા સમુહના પાપ પશ્ચાત્તાપનો, અને ફરીથી તે નહિ કરવાના નિશ્ચયનો આધાર રહે છે. આ ક્રિયામાં વધુ ઘી બોલીને અશુદ્ધ સૂત્રો બોલવા દેવાં એ અમુક અંશે ક્રિયાની અસર ઓછી કરવા જેવું થાય છે. માટે યોગ્ય, શુદ્ધોચ્ચારવાળા, શાંત રીતે બોલનારા માણસોપાસે સૂત્રો બોલાવવા, એ વધારે શ્રેયસ્કર છે. ક્રિયા અતિશય ધીમી થવાથી પણ ભાગ લેનારા ઉતાવળા અને અશુભ પરિણામી થઈ જાય છે, માટે સાધારણ ઝડપવાળાની જરૂર છે. વળી કોઈ કોઈ વખતે શક્તિ નહિ હોવા છતાં બહારનો દંભ, કીર્તિ, અને પ્રતિષ્ઠા જાળવી રાખવા ખાતર કોઈ કોઈ ભાઈઓ અણસમજણથી, ઘી બોલી, પોતાની મુશ્કેલી વધારે છે, માટે શક્તિ અનુસાર વર્તવું, જેથી ભવિષ્યમાં પસ્તાવાનો પ્રસંગ આવે નહિ. આરતી, પૂજા, ઘરે પર્યુષણ વખતે પાનાં પધરાવવાં, ઘોડીયા પારણાના વિવિધ પ્રસંગો, સ્વપ્ન ઉતારતી વખતના પ્રસંગો, વરઘોડામાં રથ હાંકવો, પ્રભુજી પધરાવવા, પ્રભુજીને લઈને બિરાજવું, તથા એવા બીજા અનેક પ્રસંગોપર ઘી બોલાયછે, તેમાં કાંઈ અડચણ જેવું નથી. ઉલટું લાભદાયક છે. કારણ કે ઉપર કારણ જણાવ્યું છે તે ઉપરાંત, પૈસા તરફ જરા ઓછી લોભ વૃત્તિ થાય, સ્વાર્થ વૃત્તિ પણ જરા ઓછી થાય, અને ભાવદશા ચડે એ જેવા તેવા લાભો નથી. પરંતુ પ્રતિક્રમણ પ્રસંગે અશુદ્ધોચ્ચાર થતાં કેવી મુશ્કેલી થઈ પડે છે, તે લખવું જરા અયુક્ત લાગે છે. કારણ કે જે સાનિધ્યકારી દેવોની કૃપા મેળવવા પ્રાર્થના છે, તે દેવોને અક્ષર, શબ્દ અથવા ઉચ્ચાર ફેરથી કોઈ વખતે હુકમ થઈ જાય અથવા કોઈ વખતે ઉંધું બોલી જવાય તો પરિણામ વિપરીત આવે.

શ્રી પખાળનું દૂધ ખાતું ખાસ ધ્યાન ખેંચવા જેવું તત્વ ધરાવતું નથી. માત્ર એટલુંજ કે પરમ પવિત્ર, તીર્થંકર મહારાજના દેહપર દૂધથી પખાળ કરવાનું શાસ્ત્રમાં ફરમાવ્યું છે, તે પખાળ કરનારને શુભ અર્પે છે, અને શ્વેત મૂર્તિપર શ્વેત દૂધ પડતાં ઉજ્વળ ગુણો વિશેષ દૃઢતા આપતા જાય છે.

શ્રી દીવાનું ઘી ખાતું એટલુંજ બતાવેછે કે જૈન મંદિરોમાં અખંડ દીપ રાખવામાં આવેછે. ઘીનો દીપ અશુદ્ધ પરમાણુઓ, અથવા શ્વાસોચ્છવાસના દુર્ગંધને દૂર કરવાને અતિશય સમર્થછે. પુરૂષો કરતાં સ્ત્રીઓ હમેશાં ધર્મનિષ્ઠ વિશેષ હોય છે, તેઓ શક્તિ અનુસાર દરરોજ અથવા મહિને મહિને દેરે ઘી લઈ જાય છે. ઘણાનું થોડું થોડું, કોઈને મોટો બોજો ઉપાડવાની ફરજ પાડતું નથી, અને કાર્ય સરલ રીતે થઈ શકે છે.

શ્રી ભવપૂજા ખાતું કેટલાએકને જરા નવું લાગશે. તીર્થાધિરાજપર આસરે ૨૪૦૦૦ પ્રતિમાઓ છે, એમ ભવપૂજા કરનારાઓનું કહેવું છે. ભવપૂજા એટલે એ સર્વ પ્રતિમાજીઓની પૂજા. શાંતરસથી આવી પૂજા અખંડ પુણ્ય આપેછે.

શ્રી તળાટી ખાતું પર્વતવાળાં તીર્થોમાંજ હોય છે. એ ખાતાના પેટામાં ભાતું, ઉનું પાણી તથા સાકરનું પાણી અને ડુંગરપર વિશ્રામસ્થાનોએ જોઈતા પાણીની વ્યવસ્થાછે. કેટલાંક સુખ એવાં છે કે જેનો અનુભવ થયા સિવાય બરોબર ખબર પડીજ શકે નહિ. મૂર્તિપૂજા વખતે પ્રભુજી માટે કેવી ઉત્તમ લાગણી થાયછે, રોમાંચ કેવા વિકસ્વર થાય છે,

પોતાના આત્મદોષોનું સ્મરણ થતાં પ્રભુ આગળ પોતે કેવો નિર્માલ્ય છે, પોતાના ગમે તેવા સાધનો છતાં પ્રભુલક્ષ્મી—જ્ઞાન, અને ચારિત્ર—આગળ તે કંઇજ હિસાબમાં નથી એવું ભાન થાય છે, વરસમાં એકાદ વખત પણ પ્રભુસાથે તલ્લિનતા થાય છે, એવા ઉત્તમ અનુભવો એકાએક મળી શકે, એમ આ લેખિની તો કલ્પી શકતી નથી. પોતાની ક્ષુલકતા સમજાય અને અહંભાવ ક્ષણભર પણ ચાલ્યો જાય એ પુણ્ય પણ વિરલ છે. સંસારમાં દરેક માણસને બે ભાવ મનમાં રમી રહેછે, એક તો ' પોતે હૃદયથી જાણે છે અને બહારથી કહેછે કે ભાઈ, હું તો શું હિસાબમાં છું '? બીજો ભાવ એવો છે કે ઉપલી વાત જાણ્યા છતાં કોઇ માણસ પોતાને નબળો પાડવા આવે તો અહંકાર આવી સામાનું બગાડવા વૃત્તિ થાય છે. પ્રભુજીસાથે ધ્યાન ધરતાં, તેમાં તલ્લિન થતાં, એ દોષ તેમનીપાસે ટકી શકે તેમ નથી. આવા પ્રભુજી પૃથ્વીપરની સામાન્ય હવા ત્યજી ઉત્તમ, એકાંત, ધ્યાનયોગ્ય સ્થળમાં રહી આત્મસાધન કરી ગયા છે, તેવા ઉચ્ચ સ્થળોથી શ્રમિત થયેલા યાત્રાળુને નીચે ઉતરતાં તરત ભાતું આપવું એ અતિશય પુણ્યલાભ આપે છે. શ્રીમાનો આપીને પુણ્ય બાંધેછે, ગરીબો તેની અનુમોદના કરી પુણ્ય બાંધેછે. દિલગીરી એટલીજ છે કે તે ખાતામાંથી કોઈ કોઈ ભાઇઓ નોકર હોઇને આપનારને શ્રદ્ધા ન રહે તેવી રીતે ભાતું ઉચાપત કરેછે. ઉપરીઓએ આવા માણસો તરફ જરા વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. બીજી હકીકત એ છે કે રસેંદ્રી બળિષ્ઠ હોવાથી સાધનસંપન્ન હોય એવા પણ કોઈ કોઈ વખતે, તે તીર્થના રહેવાસીઓ, ગેરલાભ લેછે. બંધુઓ, આ જેમ બને તેમ દૂર કરવા, તીર્થસ્થળ નિવાસીઓને પ્રાર્થના છે.

સેવાપૂજામાં લુગડાંખાતું એવી રીતે નિભેછે કે કોઇ આત્મા દેહમુક્ત થતાં તેના પુણ્યાર્થે અમુક ચીજો દેરાસરના વપરાસની તથા પૂજા કરનાર ભાઇઓને વપરાસની તેના સંબંધીઓ પૂજમાં મૂકે છે. આથી દેરાસરને માથે આ બાબતનો બોજો પડવાનું કારણ થોડું રહેછે. નાના ગામોમાં કોઇ કોઈ વખતે પૂજાનાં વસ્ત્રો સારાં હોય છે, જ્યારે મોટા ગામોમાં કોઈ કોઈ સ્થળોએ સ્થિતિ તેથી ઉલટી હોય છે. જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં લુગડાં તથા ચીજોના પોટકા બાંધીને રાખી મૂકવામાં આવે છે અને ધર્મબંધુઓને હેરાનગતિ ભોગવવી પડે છે. માટે તે વિષે લક્ષમાં લેવા લાગતાવળગતાઓને વિનંતિ છે.

રખોપાની ટીપ બાબત ઇતિહાસ જરા લાંબો છે. અમદાવાદના પ્રસિદ્ધ નગરશેઠ હેમાભાઈના હસ્તક પાલીતાણા ગીરો હતું, ત્યારે જો તે શેઠે કાંઈ કર્યું હોત તો થઈ શકત. પણ હાલ તો, પાલીતાણાના મરહુમ નામદાર ઠાકોરસાહેબ સર માનસિંહજીના રાજ્ય અમલના શરૂઆતના ભાગમાં આપણીસાથે તેઓએ કરેલી શરત અનુસાર ૪૦ વર્ષસુધી દરવરસે રૂ. ૧૫૦૦૦) આપવા આપણે કબૂલ કરેલું છે, તે પ્રમાણે દરવર્ષે કારખાના તરફથી તે રકમ નામદાર ઠાકોર સાહેબને ભરવામાં આવે છે. (અપૂર્ણ.)

# વર્તમાન ચર્ચા.

**રાત્રિભોજન**—ખેડાના જૈનોમાં ( અને બીજે પણ કોઈ કોઈ ઠેકાણે બનતું હશે ) લગ્ન પ્રસંગે ગૌરવ જમણમાં રાતના લગભગ આઠ વાગે છે. અને કોઈ કોઇ જગાએ પત્રાળાં પણ આપવામાં આવે છે. આ બન્ને બાબતો ઈષ્ટ નથી. રાત્રિભોજનની સઝાયમાં તેનું અતિશય પાપ વર્ણવેલું છે. તે વાંચવા, રાત્રિભોજનમાં શું દોષ છે? તે શોધનારા ભાઈઓને વિનંતિ છે. વળી પત્રાળાં બનાવવા માટે ઘણા પાંદડાનો ખપ હોવાથી, અને પાંદડાં પણ ઝાડ ઉપરથી તોડતાં એકેંદ્રિ જીવની હિંસા થતી હોવાથી પત્રાળાં વર્જ્ય છે. તેમાં બીજાં પણ અનેક કારણો છે.

**ધાર્મિક સંસ્થાઓ**—" જૈન " પત્રે એક વખત પોતાના મુખ્ય લીડરમાં જણાવ્યું છે અને અમે પણ ધારીએ છીએ કે સંઘના પૈસાથી જે સંસ્થાઓ બંધાઈ હોય, અથવા તો કોઇ વ્યક્તિએ બંધાવીને સંઘને અર્પણ કરી હોય અને સંઘ તેની વ્યવસ્થા કરતા હોય તો તેવી સંસ્થામાં રહેનાર યતિ અથવા બીજા કોઇની માલકી તે મકાન પર હોઈ શકેજ નહિ. એવા યતિઓ અથવા બીજા કોઈ આવી કોઈ સંસ્થા પચાવી પડે અને તેમાં કોઇ જૈનો મદદ કરે તો તે અતિશય દિલગીરીની વાત છે. એમ કદી થવું નહિ જોઇએ. એમ કરનારાઓ ધર્મને આડકતરી રીતે નુકશાન કરે છે. જ્યારે મોટા સમુહના હિતની વાત હોય ત્યારે અંગત સ્વાર્થ લક્ષમાં નહિ લેનાર, અને તેને વીસરી જનાર જ્ઞાતિ, અથવા દેશજ આખરે તરશે.

**જૈન લગ્નવિધિ**—અમદાવાદ વીશા શ્રીમાળી જ્ઞાતિમાં શા લલુભાઈ સૂરચંદના પૌત્રનું લગ્ન જૈન લગ્નવિધિથી કરવા તે શેઠની ઇચ્છા હતી. તે વિધિથી કરાવવાની સગવડ પણ હતી. તેવી ઇચ્છા બતાવનારો પત્ર તેમણે જ્ઞાતિના શેઠપર લખતાં તે પત્રની શૈલી તેમને નહિ રૂચી હશે, તેથી આગેવાનોએ ભેગા થઈ તેમનો રૂ ૧। દંડ કર્યો. અમને તો આશ્ચર્ય થાય છે કે મોક્ષ મેળવવા પર્યંતની બધી ક્રિયાઓમાં પરણનાર યુગલ સામેલ રહે એવી ઉચ્ચ ભાવનાવાળી જૈન ધર્મની લગ્નવિધિ પડતી મૂકી વૈદિક લગ્ન વિધિમાં શું વિશેષ લાભ છે? અને એવી ધાર્મીક ઇચ્છાવાળાને આવી રીતે સામો દંડ!!! અમદાવાદની વીશા શ્રીમાળી કોમ અમે આશા રાખીએ છીએ કે, પોતાનો ઠરાવ ફેરવશે.

**વિલાયત ગમન**—સુરતના મરહુમ શેઠ તલકચંદ માણેકચંદના ભાઇ દીપચંદ માણેકચંદ, જેમણે પરદેશમાં ઘણી મુસાફરી કરેલી છે, તેમણે " જામે જમશેદ " માં ચૅલેંજ કરી જૈન ભાઈઓને વિનતિ કરી છે કે " જો યુરોપ અમેરિકામાં બરોબર ધર્મ સાચવી શકાતો નથી એમ માનતા હો તો તમારી ખુશીનો કોઈ માણસ મને આપો. મારે ખર્ચે હું તેને વિલાયત લઇ જઇશ અને તે જો લેખિત ખુલાસો કરે કે વિલાયતમાં ધર્મ સાચવી શકાય છે, તો તે દેશ માટે જવાને કાંઈ પ્રતીબંધ તમારે રાખવો નહિ. જો તેનાથી ઉલટું કહે તો રૂ. અઢી હજારની પ્રોમીસરી નોટ આપને હું સોંપુંછું. તે તમારી મરજીમાં આવે તે ધર્માદા ખાતામાં તમારે આપવા. જો આ ચેલેંજનો જવાબ ૧૫ દિવસમાં નહિ મળે તો વિલાયત ગમનનો પ્રતિબંધ નથી એમ હું માનીશ." વિલાયત ગમનમાં બીજા

દોષો સાથે એક એ પણ દોષ છે કે જે દુકાનેથી આપણે લોટ, દાળ ચોખા વિગેરે લઈએ તેજ દુકાનેથી તેની પાસે માંસ પણ પડયું હોય છે. વિલાયતમાં હાલ આશરે ૪૦૦૦૦ વનસ્પતિ આહારકો છે. કોઈ માણસ ફરજીઆત માંસનો ઉપયોગ કરાવતું નથી. દેશ અતિશય ઠંડો હોવાથી મદિરાની જરૂર પડે એમ ત્યાં જનાર નબળા મનના માણસો માનીલે, અને તેથી તેનો ઉપયોગ કરે એ ધાસ્તી રહે છે. સમજુ માણસ માટે, ધર્મના રહસ્ય તત્વથી જાણનાર માટે, ધાસ્તી ઓછી રહે. મદિરા વિના ચલાવનારા પણ ત્યાં છે ખરા. ત્યાં જનારા શ્રીમાનો જરા વિશેષ ખર્ચ કરીને પણ ધર્મમાં રહેવા પ્રયત્ન કરે પણ બિચારા ગરીબો સોંઘી ચીજોથી કામ લેવા ચાહતાં કદાચ ધર્મભ્રષ્ટ થવાનો સંભવ રહે. આર્યાવર્તનું વાતાવરણ, વિદેશી સંસર્ગથી, ભ્રષ્ટ થયું છે, અને થતું જાય છે, એ ખરૂં, પરંતુ હજી ઘણું ધર્મનિષ્ટ છે, જ્યારે યૂરોપ અમેરિકાનું વાતાવરણ હિંસામય છે. આસપાસનું વાતાવરણ અતિશય હલકું હોય તેની સામે થવું એ અતિશય હિમતવાન માણસનુંજ કામ છે. શ્રીમાન માણસ રસોયો સાથે લઈ જઈ શકે, ગરીબ માણસ હોટેલમાંજ ચલાવી શકે. હોટેલમાં રસોયા, ખાણું પીરસનારા, વિગેરે યુરોપીયનોજ હોઇ શકે. અન્નના શુભ પરમાણુઓને પણ પાસેના માંસ વિગેરેના અશુભ પરમાણુઓનો સ્પર્શ થાય, એ બધી મુશ્કેલી વિચારીનેજ આપણા પૂર્વજોએ ધર્મ જાળવવા માટે વિલાયત ગમનનો પ્રતિબંધ કરેલો. તે વખતે અમેરિકા, જર્મની, વિગેરે દેશો અતિશય પ્રસિદ્ધિમાં નહિ આવેલા હોવાથી તેની સામે ખાસ પ્રતિબંધ મૂકાયો નહિ હોય અથવા તે બધા વિલાયત તરીકે ઓળખાતા હશે એમ ધારીએ છીએ. જાપાન, અરબસ્તાન, આફ્રીકા વિગેરે મુલકોમાં યૂરોપ અને અમેરિકા કરતાં માંસભક્ષણ, મદિરાપાન અને તેને અંગે બીજા દુર્ગુણો ઓછા હશે, એમ લાગે છે. કારણ કે તે દેશોમાં અન્ન પાકતું હોવાથી તેમની પૂરવણી તરીકેજ માંસનો ઉપયોગ થાય છે. જ્યારે યૂરોપ અને અમેરિકા માંસમાં કેટલા બધા રચ્યા પચ્યા રહે છે, તે હમણાજ અમેરિકન માંસના ભોપાળા માંથી જણાયું હશે. આ બધાં કારણો વિલાયત ગમનની વિરૂદ્ધ જોયાં. હવે ગરીબાઈમાં અતિશય છુંદાઈ મરતા બિચારા હિંદને હુન્નર કળાની કેટલી બધી જરૂર છે તે વિચારતાં એટલું તો સ્પષ્ટ લાગે છે, કે હિંદના હિમતવાન યુવકોએ પરદેશ જઇ કમિશન, દલાલી, અથવા વેપારમાં હિંદનો પૈસો બચાવી ત્યાંનો પૈસો અહિં ઘસડી લાવવાની જરૂર છે. જેવું યૂરોપ અમેરિકા હુન્નર કળામાં કુશળ અને અગ્ર ભાગે છે, તેનાથી હિંદ અતિશય પછાત છે. એ હુન્નરકળા આ દેશમાં લાવવા માટે યુવકોને બહાર જવાની જરૂર છે. આ બધી હકીકત વિચારતાં "ગુજરાતી" પત્રે આગળ સૂચવેલ વચલો રસ્તો ધ્યાનમાં લેવા લાયક છે. તે રસ્તો એ છે કે વિલાયત જઈ આવનાર દરેક માણસ માટે તે ધર્મભ્રષ્ટ થયો નથી, એવી મહાજનના આગેવાનોની ખાત્રી કરી આપવાની, ગોઠવણ કરાવવી ઉત્તમ છે. તથા તેવી ખાત્રી થતાં સુધી તે માણસને જ્ઞાતિ ભોજન વખતે એક પંક્તિમાં નહિ બેસારતાં, અલગ બેસારવાનો ઠરાવ પસાર કરવો એ વચલા વાંધાનો સૌથી સરસ રસ્તો લાગે છે. આ બાબત વિચારીને નિર્ણય કરવા જેવી છે.

કોન્ફરન્સનો વખત—ચોમાસામાં કોન્ફરન્સ ભરવી એ આવનાર મેમાન તથા પરોણાગત કરનાર બન્નેને મુશ્કેલ પડે તેમજ જીવવિરાધના વિશેષ થાય. પોષમાસથી જેઠ સૂધી વેપારની મોસમ હોવાથી વિશેષ ડેલીગેટો અને પ્રેક્ષકો ભેગા થવાનો સંભવ ઓછો રહે. અને તેથી જાહેર મત મોટા પ્રમાણમાં મેળવવાનું, કેળવવાનું તથા ધનિકોના ધનની વ્યવસ્થાવિષે મોટા ભાગનું ધ્યાન ખેંચવાનું બની શકે નહિ. માટે અમારૂં માનવું તો એમ છે કે કારતક શુદ ૧૫ પછી અને માગશર વદ૦) પહેલાં એ દરમ્યાન કોન્ફરંસ ભરવી ઉત્તમ છે. મુનિમહારાજાઓ પણ તે વખત પધારી શકે. એકલા ધાર્મિક અથવા એકલા વ્યવહારિક ઉપદેશ કરતાં બન્નેની સાથેજ જરૂર છે.

મુનવિહાર—હજીસૂધી જે દેશોમાં જૈનવસ્તી હોવા છતાં મુનિવિહાર ઓછો છે, ત્યાંથી એકજ ફરીઆદ આવે છે કે પવિત્ર મુનિરાજો, અહિં પધારી, અમને ઉપદેશ આપી અમારૂં જીવન સાફલ્ય કરો. ચોમાસું ખતમ થતાં આવા સ્થળોએ વિહાર કરવા વિનંતિ છે.

પત્રવ્યવહાર.—તા. ૩ જૂનના "જૈન"માં લખેછે કે એક મુનિરાજને કોન્ફરંસ ઓફીસ તરફથી પત્રના જવાબો મળતા નથી. જરા મજાકમાં લખેછે કે "ઉનાળો હોવાનું કદાચ આ કારણ હશે" પરંતુ "જૈન" પત્રકાર એટલું તો કબૂલ કરશે કે અહીં આવતા બધા પત્રોનો જવાબ દઈ શકાય ખરો કે? કોઈ વખતે પત્ર તદ્દન નકામો અથવા પિષ્ટપેષણ કરેલું હોય કે નકામી કુથલી હોય તો જવાબ લખવાની જરૂરજ ન રહે. અને જો બહુ અગત્યનો હોય તો અમલ કરતાં વાર પણ લાગે અથવા કોઇ વખતે અસંભવિત યોજનાઓનો જવાબ આપવાની પણ જરૂર ન રહે.

આ પત્ર.—ને કેવા રૂપમાં કાઢવું તે વિષે "જૈન" પત્રે માત્ર એક વખત જણાવ્યું હતું કે "વૈશ્ય પત્રિકા" તથા "કાયસ્થ સમાચાર" ની લાઈન ઉપર આ માસિક નીકળવું જોઈએ. "વૈશ્ય પત્રિકા" જોઇ; તેનું ખાસ સ્વરૂપ કંઈ જણાયું નથી. "કાયસ્થ સમાચાર" મગાવ્યા છતાં નહિ આવ્યાથી તેની લાઈન જાણી શકાઈ નથી. હિસાબ દર મહીને પ્રસિદ્ધ કરવા વિષે અગવડ હોવાથી તેમ થઈ શકતું નથી; પરંતુ વાર્ષિક હીસાબ તો કોન્ફરંસ ભરાય ત્યારે રજુ કરવામાં આવે છેજ. પાટણ કોન્ફરંસમાં હીસાબની નકલો વહેંચવામાં આવી હતી. બીજી વખત "જૈન" પત્ર આ માસિકના અપ્રસિદ્ધ લેખકના પગારવિષે ઈશારો કરી માસિકને નજીવું બતાવવા કોશીષ કરે છે, પરંતુ એવીરીતે પગારવિષે વાત કરવી એ પત્રની એટીકેટની વિરૂદ્ધ લાગેછે. કોઈ કોઈ બંધુઓ કહે છે કે "હેરલ્ડ" જે લાઇનપર જોઇએ તે લાઇનપર નથી. તે બંધુઓને કેવા વિષયો આવવા જોઇએ એમ પૂછતાં કહે છે કે સાંસારિક વિષયો ચર્ચો. બની શકતી રીતે આ માસિક એ વિષયો ચર્ચે છે. એક ગ્રેજ્યુએટ બંધુને પૂછતાં તેઓ પણ લાઈન બતાવી શકયા નથી, માત્ર પેપર જોઈએ તેવું નથી એમ કહી શકયા છે. આ ઉપરથી સર્વ વિચારક બંધુઓને નમ્ર વિનંતિ છે કે કઈ તરેહના વિષયો આપ ચર્ચવા માગોછો તે જણાવવા કૃપા કરશો. આ પત્ર પોતાથી બની શક્તી રીતે દરેક પ્રકારના વિષયો ચર્ચવા યત્ન કરે છે, છતાં અમારી ખામીઓ અને સુધારા સૂચવવા નમ્ર યાચના છે.

**ચોરી અને સજા.**—પાલીતાણામાં ગામમાંના ગોડી પાર્શ્વનાથજીના દેરાસરમાં મૂળ નાયકજીના ચક્ષુટીલાં વિગેરે ચોરવા માટે ત્યાંના બારોટ પરભુ દાજીને ૩ માસની સખ્ત કેદની સજા થઈ છે.

**આશ્રયસ્થાન**—કાઠીઆવાડ, ગુજરાત જ્યાં જૈનોની ઘણી સારી વસ્તી છે, તેમાંના અમુક ભાગો દિવસે દિવસે ઘસાતા જાય છે. ઈચ્છાવિરૂદ્ધ પણ પેટને ખાતર મુંબઈ જેવા અસુખાકારીવાળા અને રોટલો મળે પણ ઓટલો ન મળે એવા શહેરમાં ભાઇઓને આવવું પડે છે. હાલ મુંબઈમાં જૈન ભાઇઓની વસ્તી બહુ સારી છે. કાઠીઆવાડના એક વિભાગ ગોહેલવાડના જૈનબંધુઓ માટે રહેવા તથા જમવા અને પૈસાની સગવડવાળી એકે સંસ્થા અત્યાર સુધી મુંબઈમાં નથી. એ ભાગના ઘણા માણસો મુંબઈમાં વસે છે. જોખમવાળા ધંધામાં વિશ્વાસવિના કોઈ માણસ એકદમ કામ આપી દે એ અસંભવિત છે. તથા દિવસે દિવસે નોકરો વધતા જાય છે, અને વેપારમાં કસ ઓછો છે એમ ધારી લઈને અથવા થાપણના અભાવે માણસો નોકરી તરફ વિશેષ વળે છે. એ બધું અનુભવી અને જોઈ ભાવનગરના રહીશ શાહ ત્રિભુવનદાસ ભાણજીએ, અમારા એક આગલા અંકમાં જણાવ્યા પ્રમાણે, આશ્રયસ્થાન ખોલવા પહેલાં ગોહેલવાડના મુખ્ય ગામોના શેઠો તરફ એક હસ્તપત્ર મોકલ્યું છે. તેમાં તેમણે જણાવ્યું છે કે "રૂ. ૫૦) ના માસિક ભાડાથી એક મકાન રાખવામાં આવશે." હાલ તરત ૧૫ યુવાન વીશાશ્રીમાળી ગોહેલવાડના હશે, તેમને રાખવામાં આવશે. તેમણે ગુજરાતી અથવા ઇંગ્રેજી—ગુજરાતી બન્નેમાંથી એક પણ અભ્યાસ કરેલો હોવો જોઇએ. દાખલ કરવાની યોગ્યતા જોવામાટે તેમણે એક કમીટી નીમી છે. જમવાનો ખર્ચ ત્યાં રહેનારાઓએ ફાળે પડતો આપવો. આવનારને એવી જોગવાઈ ન હોય તો એક વરસ સુધી ખોરાકી પોશાકીના રૂ. ખાતે માંડી ધીરાશે, અને રળવા માંડયા પછી બનતી જોગવાઇએ તેણે તે પાછા આપવા પડશે. તેમાં રહેનારને વેપાર, ધંધો, અને નોકરી માટે કેળવણી લેવામાં જોગવાઇ પ્રમાણે ભલામણ તથા ગોઠવણ કરી આપવામાં આવશે. કેળવણી લેતાં ખર્ચ થાય તે દરેકે પોતાના પદરથી આપવો પણ તેની પાસે જોગવાઈ ન હોય તો તે પણ ખાતે માંડી ધીરાશે, જે તેણે રળવા શીખ્યા પછી પહેલી જોગવાઇએ ભરી દેવા પડશે. દાખલ થનાર વધુમાં વધુ એક વરસ રહી શકશે. દાખલ થવા ઇચ્છનારે કોઈ સારા માણસની ભલામણ સહિત છીપીચાલીમાં ઉપરના ગૃહસ્થને અરજ કરવી."

**સુરત જીલ્લામાં સાંસારિક રીવાજો**—એક ગૃહસ્થ લખી જણાવે છે કે અમારા જીલ્લામાં જમણવાર પ્રસંગે ઘી તો પાણીની માફક વાપરવું જોઈએ. લગ્નપ્રસંગે ફટાણા ગાવાનો રીવાજ વધતો જાય છે. લગ્ન પ્રસંગે રૂ. ૩૦૦૦) ના દાગીના કન્યાના બાપના હાથમાં પહેલા જવા જોઇએ. હમણાજ અમારા જીલ્લામાં એક ગૃહસ્થ રૂ. ૭૦૦૦) આપીને એક સ્ત્રીની હયાતિ છતાં બીજી સ્ત્રી પરણ્યા છે, તે ઘણુંજ ખોટું છે વિગેરે ઘણી બાબતો ધ્યાન રાખી સુધારવા જેવી લખે છે. તો લાગતા વળગતા ભાઈઓને તે વિષે વિનંતિ કરવામાં આવે છે.

**કાર્યસાધક રસ્તો**—બોરસદમાં જૈન જ્ઞાનાલય સ્થાપવામાં આવ્યું છે, અને ત્યાંના ધાર્મીક પુસ્તકોની પ્રતો જ્ઞાનાલયની સરતોને અનુસરીને જે કોઇ મુનિમહારાજ વાંચવા મંગાવે તેમને મોકલવા ઠરાવ કરવામાં આવ્યો છે. ત્યાંની વિશા ઓશવાળ જ્ઞાતિના શ્રાવકોએ કન્યાવિક્રય નહિ કરવાનો અને કરે તેને પાંચ વરસ સુધી નાતબહાર અને એક હજાર રૂપિયા સુધી દંડ કરવાનો સ્તુતિપાત્ર ઠરાવ કર્યો છે. આથી, કન્યાવિક્રય સારી રીતે અટકી શકે એમ ધારીએ છીએ. બીજા બંધુઓ આવો ઠરાવ પસાર કરે તો યોગ્ય પગલું થઈ પડે.

મુર્શીદાબાદમાં મુનિવિહારથી લાભ—શ્રીબાલુચર સભાના મેંબરોએ મહારાજ શ્રી ૧૦૦૮ આચાર્ય શ્રી કમળવિજયજી પાસે રાત્રિભોજન, અભક્ષ્ય, સાત વ્યસન, બારવ્રત વિગેરે ઘણા પ્રકારના નિયમ લીધા છે. ૨૨–૨૪ વર્ષના ઘણાં માણસોએ પરસ્ત્રીત્યાગ કર્યો છે. એટલુંજ નહિ પણ હાલની સ્ત્રીના અભાવે બીજી સ્ત્રી કરવાની પણ બાધા લીધી છે.

**શુભ પગલું**—કચ્છમાં તુંબડી ગામમાં ઉપાશ્રય બંધાવવામાં આશરે ૩૦૦૦ કોરી દેવદ્રવ્યની વપરાઈ હતી. મુનિમહારાજ શ્રી હંસવિજયજીના ઉપદેશથી શેઠ રાયશી જેતસીએ તે ૩૦૦૦ કોરી આપી સંઘને દોષમુક્ત કર્યો છે. ત્યાં કેશરચંદન પણ દેરાસરનું વપરાતું હતું તેને માટે આશરે ૧૧૦૦ કોરી ભરાઈ ગઇ છે. ત્યાંના રજપુત સ્ત્રીપુરૂષોએ જીવહત્યા, શિકાર, રાત્રિભોજન, કંદમૂળ, અણગળ પાણી પ્રમુખનો યથાશક્તિ ત્યાગ કર્યો છે.

---

# ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

## શ્રી સંઘના લાલબાગના હિસાબ ખાતાનો રીપોર્ટ.

અમોએ શ્રી સંઘના મોટા લાલબાગનાં વાડીખાતાના વહીવટનો હીસાબ શેઠ રતનચંદ ખીમચંદના હસ્તકનો તપાસ્યો છે તેનાં અંદર વહીવટ કર્તાઓએ આ વહીવટ પોતાના ઘણાજ નીખાલસ મનથી ચલાવેલો જોવામાં આવે છે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

## માંડવી બંદર ઉપરના શ્રી અનંતનાથજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ.

અમોએ માંડવી ઉપરના શ્રીઅનંતનાથજી મહારાજના દેહેરાસરજીનો શેઠ જેઠાભાઈ નરશી તથા શેઠ માણકજી જેઠાભાઈ તથા શેઠ પીતામ્બર કાનજી તથા શેઠ ઘેહેલાભાઇ માણક તથા શેઠ પદમશી રતનશી તથા શેઠ લાલજી વસનજી તથા શેઠ મુળજી ઘેહેલાભાઇ વીગેરે ગૃહસ્થોના વહીવટનો તે ખાતાનો સંવત ૧૯૫૯—૬૦—૬૧ ની શાલનો

હિસાબ તપાશ્યો છે તે જોતાં તેમાં તથા દેહેરાશરજીની અંદર પુજન વીગેરે બાબાતે માટે ઘણોજ ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત રાખેલો જોઇ અમોને બહુજ આનંદ ઉત્પન્ન થયો છે અને તે બદલ દરેક ધર્માદા ખાતાંઓના વહીવટ કર્તા ગૃહસ્થોને વિનયપૂર્વક વિનંતી છે કે ઉપર જણાવેલા ખાતાતરફ ધ્યાન આપી તેની પુરેપુરી નકલ કરવી જોઇએ છે જેથી વહીવટ કરતા ગ્રહસ્થો પોતે અણુહદ પુણ્ય પ્રાપ્ત કરી બીજા ગ્રહસ્થોને પણ મોટો લાભ કરશે.

સદરહુ ખાતામાં દેહેરાસરજીને લગતાં ખાતાંનું તથા સાધારણ વીગેરે ખાતાંનું નામું (હીસાબો) બહુજ યોગ્ય રીતે રાખવામાં આવ્યું છે જો કે તે હીસાબો ચોખી રીતે રાખવા માટે સારા પગારો આપી સારાં માણસો પુરતી રીતે રાખવામાં આવ્યાં છે તેથી તથા વહીવટ કરતા ગ્રહસ્થોની પુરતી કાળજીને લીધે તે ખાતાઓ ઘણા સારા પાયા-ઉપર ચાલે છે. જો કે માણસોના પગારની એક મોટી રકમ સાધારણ ખાતે ઉધરે છે પરંતુ આ ખાતાનો વહીવટ જેવી રીતે ચલાવવામાં આવે છે તે તરફ નજર કરતાં તે વ્યાજબી છે. તેમજ વહીવટ કરતા ગ્રહસ્થોએ પોતાના કીમતી વખતનો ભોગ આપી તથા પોતાની સમજ શકિત વાપરી સાધારણ ખાતું સારા પાયા ઉપર લાવી મુકયું છે જેથી સંઘને દેહેરાસરજીમાં પુંજન કરવા સંબંધી કંઈ પણ ખર્ચ દેહેરાસરજી ખાતે ઊધારી અપવાદ સેવવો પડતો નથી તેથી ઉપર જણાવેલા વહીવટ કરતા ગ્રહસ્થોને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

દેહેરાસરજી તથા સાધારણ વીગેરે ખાતાંની જંગમ તથા સ્થાવર મીલકતનો પુરે પુરો નોધ ચોપડાની અંદર રાખવામાં આવે છે. દેહેરાસરજીના પુજન વીગેરેમાં કોઇપણ જાતની આશાતના ન થાય તેવી રીતે બહુજ સારી રીતનો બંદોબસ્ત રાખવાંમાં આવેલો છે. તે ખાતાને લગતા નાનેથી મોટા સુધી દરેક માણસો પોતાના કામની અંદર પુરેપુરા તત્પર રહેલા જોવામાં આવે છે.

દેહેરાસરજી તથા સાધારણ વીગેરે ખાતાંની મીલકતનું વ્યાજ બહુજ સારી જામી-નગીરીથી ઉપજાવવામાં આવે છે. દેહેરાસરજીને લગતી જંગમ મીલકત બહુજ સારા રીતે બંદોબસ્તથી રાખવામાં આવે છે.

અમોએ આ ખાતાનો હીસાબ તપાશ્યો છે તેમાં ઘીઈની ઉઘરાણી તથા તેના નાસ સંબંધી વીગેરે કેટલીક સુચનાઓનું સુચનાપત્ર ભરી આપવામાં આવ્યું છે અને આશા છે કે વહીવટ કરતા ગ્રહસ્થો તે ઉપર ધ્યાન આપી યોગ્ય સુધારો કરશે.

અમોને હીસાબ તપાસતી વખતે વહીવટ કરતા ગ્રહસ્થોએ જાતે હાજર થઇ તેમાં વીશેષે કરી શેઠ જેઠાભાઈ નરશી કેશવજી તથા શેઠ પીતાંબર કાનજીએ પોતાના સ્વચ્છ મનથી ખુલી રીતે દરેક બાબતમાં મદદ કરી છે તેમજ ખાતાને લગતા મેતાજીઓએ પુરી મદદ કરી છે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

# ભાયખળામધેના શ્રી આદેશ્વરજી મહારાજના દેહેરાસરજીના હીસાબનો રીપોર્ટ.

અમોએ શ્રી ભાયખળાજીમધેના શ્રી આદેશ્વરજી મહારાજના દેહેરાસરજીનો વહીવટ સંવત ૧૯૫૯—૬૦—૬૧ ની સાલનો હીસાબ તપાસ્યો છે તે જોતાં તે ખાતાના વહીવટ કરતા શેઠ રતનચંદ ખીમચંદ તથા શેઠ રામચંદ હેમાજીએ અમોએ જેટલા વખતનો હીસાબ તપાસ્યો છે તેમાં તેમણે પોતાનો કીમતી વખત રોકી ઘણી સારી રીતે વહીવટ ચલાવેલો જોવામાં આવે છે.

તેમજ તે બેઉ ગ્રહસ્થો આ ખાતામાં જેમ જેમ ખામીઓ દેખાતી જાય છે તેમ તેમ તેમાં સુધારો કરવા તત્પર રહેલા જોવામાં આવે છે, તેથી ભવિષ્યમાં આ ખાતું વધારે સુધારા ઉપર જાય તેમ દેખાય છે અને તે હદબાહાર આનંદ થયા જેવું છે. હમોએ જ્યારથી આખાતાનો હીસાબ તપાસવાનું શરૂ કરી તપાસણી પુરી થઈ તે દરમીઆન જો કે અમારો વખત ઘણોજ રોકવો પડયો છે, તો પણ ઉપર જણાવેલા બને ગ્રહસ્થોએ અમોને દરેક બાબતની પોતાના નીખાલસ મનથી મદદ આપી છે, તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. જો કે આ ખાતામાં જુની ઉઘરાણી ઘણી મોટી રકમની બાકી રહેલી જોવામાં આવે છે, તે ઉઘરાણી કેવી રીતે વસુલ કરી લેવી તે બદલ તેમને વીગતવાર સુચનાપત્ર આપવામાં આવેલું છે, તે ઉપર હમારી પુરતી ખાતરી છે કે ઉપર જણાવેલા બંને ગૃહસ્થો પુરતું ધ્યાન આપી પ્રથમ જેવી રીતે આ ખાતું સુધારવા ઉપર ધ્યાન આપ્યું છે, તે કરતાં પણ અમારી સૂચના ઉપર વધારે ધ્યાન આપી વધારે સારા પાયા ઉપર લાવી મુકશે.

## શ્રી જૈન વકતૃત્વકળા પ્રસારક સભાના હીસાબનો રીપોર્ટ.

અમોએ શ્રી. જૈન વકતૃત્વકળા પ્રસારક સભાનો હીસાબ તા. ૨૫-૬-૦૬ ને રોજ તપાસી તે સભાનેલગતી કેટલીક બાબત નીચે જણાવી છે.

આ સભા હજુ બચપણમાં છે તેના સબબે કેટલીક બાબતમાં નીયમીત કામ થતું નથી તોપણ મી. લાલનના ખંતીલા પ્રયાસથી ઘણું સારૂં કામ બજાવી કેટલાએક વક્તાઓ તૈયાર કર્યાં છે, જેની વર્તમાનકાળમાં આપણા જૈનીઓની સ્થિતિ જોતાં પુરેપુરી અગત્ય દરેક મંડળ તરફથી સ્વીકારવામાં આવે છે, માટે તે સંબંધી પંડિત લાલનને ઘણો ધન્યવાદ ઘટે છે અને આશા રાખવામાં આવે છે કે દરેક જૈન ગૃહસ્થો આ ખાતામાં સામેલ થઈ તેનો લાભ લેશે.

હાલમાં અમે મુંબઈ બહારકોટ શ્રી. આદેશ્વરજી મહારાજની દેહેરાસરજીના વહીવટનો હીસાબ તપાસીએ છીએ.

લા૦ સેવક

**ચુનીલાલ નાંહાનચંદ,**

ઓ૦ ઓડીટર, જૈનશ્વેતાંબર કોન્ફરન્સ.

---

કોન્ફરન્સના રીપોર્ટ મળવાનું ઠેકાણું—પહેલી, બીજી, અને ત્રીજી કોન્ફરન્સના રીપોર્ટો માસ્તર શોભાગચંદ મોહનલાલ શાહને ત્યાંથી વેચાતા મળશે. ઠે. રતનપોળ મુ. કડી.

# ગુજરાતમાં આવેલા કડી પ્રાંતનાં જૈન શ્વેતાંબર મુર્તિ-પુજક શ્રાવકોની વસ્તીવાળાં ગામોની ડીરેક્ટરી થઇને આવી છે તેનું તાલુકાવાર લીષ્ટ.

## તાલુકે કડી.

ડાંગરવા
કલ્યાણપુરા
ડરણ
સરસાવ
કણજરી
વડાવી
ખંડેરાવપુરા
ખાવડ
અગોલ
આદરજ ( મોટા )
ગુડાસણ
ઝાલોડા
વાઘરોડા
પંથોડા
વરખડીઆ
કૈયલ
મોરવા
મોખાસણ
ચાલાસણ
બાવળુ
સુરજ
કુંડ
ગુમાસણ
ખેરપુર
ટાચીયા
આનંદપુર
ઈરાણા
માથાસુળ
નંદાસણ
કડી
સાદરા
જાશલપુર
દીઘડી
ઉટવા
ફુલેત્રા
મોરીસણા
ઓંદરાદ
થોળ
ગોવીંદપુરા
દેસુણા
કરણસણ
વડુ
જુલાસણ
કોલાદ
રાજપુર
ગોદરડી
વેકરા
પાલી
મેદરાણા
કોરડા
નંદાસણ
આદુંદરા

## તાલુકે પાટણ

પાટણ
લાખડપ
કુંતાવાડા
સરીયદ
ધારણોજ
વડલી
કુણઘેર
સંખારી
બાચીઆણા
બાલવા
માંડીવાવડી
સાપરા
ગોલીવાડા
ડીસા
ઉંદરા
રામપુર
બાનપરડ
ઓઢવા
જગરાળ
કાત્રા
મેસર
શીઆલ
વામૈયા
કંથરાવી
દીવોદરડા
સંડેર
ટેર
સુણક
માતપુર
અઘાર
વાગડોદ
ઇંદલા
અબલુવા
વાયડ
ચારૂપ
રણુજ
મણુંદ

## તાલુકે વીજાપુર

લાડોલ
સોખડા
કોલવડા
વીજાપુર
પેઢામલી
ફુદેડા
ગેરીતા
સમોઉ
વીહાર
વેડા
બામણવા
ખરોડ
ગવાડા
આજોલ
દેવડા
વડાસણ
ટીંટોદણ
બોરૂ
પામોલ
ડાભલા
પીલવાઇ
ઉબખળ
પુંધરા
રણાસણ
વીહરોલ
વસઇ
દેલવાડા
મંડાલીવીહાર
હરણાહોડા
કુકરવાડા
ફલુ
નવાસંખપુર
જંત્રાળ
ખરણા
પડુસમા
બીલોદરા
કેલીસણા
ચરાડા
બીમપુરા
લાકરોડા
ખરોડમંડાલી
ધનપુરા
દગાવાડીયા
લોદરા
જોગતરીઆ
હાથીપુરા*
હીરપુરા*
આગલોડ*
સરદારપુરા*
મહુડી*
માણેકપૂરા*

ચડાસણ*
સાયબાપૂર*

## તાલુકે વડાવળી

મુંદેરા
ખેચર
ડેડાણા
જાખાના
રુપપુરા
પીંઢારપૂર
પેપળ
વસાઇ
મોટપ
વીરતા
સાંપાવાડા
ડોડીવાડા
દેલવાડા
મીઠીધારીયલ
અણીયારી
કેસણી
ધાણોધડી
ગંગેટ
આસજોલ
આકબા
દેથલી
ચંદ્રોડા
અંબાઈ સોલંકી
ગોરાદ
મંડાલી
ચડાસણા
વેણપુરા
સુરપૂરા
અંબાળા
આદીવાડા
ગોખરવા
ખાંભેલ
ભાટસર
ઇટોદા
દેનમાલ
એંદલા
બામણવાડા
આણસ્મા
કાલરી
રાંતેજ

ધીણોજ
સંખેલપૂર
લણવા
વડાવલી
ગાંભૂ

## તાલુકે મહેસાણા

ખેરવા
સાલડી
મુલસણ
મેઊ
છઠીયારડા
લીંચ
વડસ્મા
લાંઘણજ
આંબલીઆસણ
આખજ
અંબાસણ
ધોલાસણ
જગુદન
બોરીઆવી
પઢાલીયા
બાલીઆસણ
સાંગલપુર
દેદીયાસણ
પાલોદર
પીલુદરા
મોટીદાઉ
બમોસણા
ચલાઉવા
મેવડ
ધાંધુસણ
પુનાસણ
બુટાપાલડી
જમનાપુર
મહેસાણા
ઝોરણજ
માંકણજ
સામેત્રા
પાંચોટ
બોદલા
અલોલ

## તાલુકે સિદ્ધપુર.

દાસજ
મહેરવાડા
રણછોડપુરા
કલી
કહોડા
ઉનાવા
સમોડા
ટુંડાવ
સીદ્ધપુર
સહેસા
મેથાણ
હીસોર
ડીંડરોલ
નાગવાસણા
કાકોશી
દેથલી
ખટાસણા
વાઘણા
હાજીપુર
કુવારા
મુંડવાડા
ગણાવાડા
ભાખર
મેત્રાણા
ડાભી
પુનાસણ
ઉમરૂ
સેદરાણા
અઠોર
કલ્યાણા
ઊંઝા

## તાલુકે દેહેગામ

બીલીસીયા
ચીલોડા
સોનારડા
જલુંદરા મોટા
ગલુદન
કઠાદરા
જાલીઆનો મઠ
વાસણા રાઠોડ
ચેખલાપગી
પ્રાંતીઆ
પાટનાકુવો
વીરાતલાવડી
મોટા ઈસનપુરા
સીઓલી મોટી
હાલીસા
મહુંદ્રા
ઘેણપ
મગોડી
છાલા
વાસણા ચોધરી
વડવાસા
વાંકાનેરડા
પાલૈજ
સાંપા
કડવાડા
ધારોસણા
ઇસનપુર ડોડીયા
હાથીજણ
ચામલા
ધમીજ
ભાવડા
દેહેગામ

## તાલુકે કલોલ

વેડા
વાસણા
જામળા
આલવા
સરઢવ
સાંતેજ
ઉનાઉ
નાસમેદ
છત્રાલ
સોજા
પરીઅલ
કલોલ
મોખાસણ
પાનસર
બોરૂજ
વડસર
ડીંગુચા
સનાવદ
સેરીસા
લાઠ્પુર
ખાત્રજ
જેઠલજ
નારદીપુર
રાંધેજા

પીંપલજ
આદરજ મોટી
લીંબોદરા

**તાલુકે વીશનગર**

વીશનગર
ભાલક
કામલપુર ગોઠવા
કાંસા
સદુથલા
ખદલપર
એહચરપુરા
જેતલ વાસણા
ઉદલપર
પુંદગામ
બોકરવાડા
વાલમ
કમાણા ખરદા
ભાંડુ
ખ ડોમણ

સવાળા
તરભ
કામલપુર ખરવડા
ધામણવા
ખરવડા
મગરોડા
લાછડી
દહીયાળા
ગુંજા
દેણપ
કડા

**તાલુકે ખેરાળુ**

ઉણાદ
ઉદાઈ
શીપોર
વડનગર
ઉમતા
ખેરાળુ
ડભાડ

લુણવા
બાપીપુરા
પાનછા
વધવાળી
વીહોડા
મધરપુર
મંડાલી
મછવા
વલાદ
જાસકા
પીંપળદર
ચ્યાણસોલ
કરબટીયા

**તાલુકે હારીજ**

જમનાપુર
બોરતવાડા
એકલવા
નવામાંકા
વાંસા

કઠી
માંસા
સોઢવ
જસોમદ
જસવંતપુર
હારીજ
જુનામાંકા
જુનાકાત્રા
ખાખર
અડીયા
કુનાવાડા

**તાલુકે આતરસુંબા**

બારીયા
ધડોયા
કનીપુર
આતરસુંબા

**કુલગામ ૩૮૧.**

* આ નિશાનીવાળા ગામોની ડીરેકટરી આ મહીનાની આખરે તૈયાર થઇને આવશે.

ઉપર પ્રમાણે કડી પ્રાંતનાં આપણી વસ્તીવાળાં ગામોની ડીરેકટરી ભરાઇને આવી છે, તો આ ઉપરાંત બીજાં કોઇપણ ગામો આપણી વસ્તીવાળાં રહી જતાં માલમ પડતાં હોય તો તે વિષેની અમને ખબર આપવા લાગતા વળગતાઓને વિનંતિ કરવામાં આવે છે.

---

# श्री जैन श्वेतांबर डीरेकटरी.

## युनाईटेड प्रोवीन्सीस ओफ आऊध एन्ड आग्राके श्रावक समुदायको विज्ञप्ति.

युनाईटेड प्रोवीन्सीसके जैन समुदायकी डीरेकटरी करनेका कार्य साहारनपुर निवासी मी. फुलचंदजी मोघा बी. ए.; युनाईटेड प्रोवीन्सीस जैन डीरेकटरीके ओनररी सुपरवाईझर ईनको सुपर्द कीया गया है. जीसके लिये युनाईटेड प्रोवीन्सीसके श्रावक समुदायको अर्ज की जाती है के डीरेकटरी संबंधमे सब हकीकत ईकठी करनेमें उन महाशयको मदत देनेकी महरबानी फरमावे.

श्री जैन श्वेताम्बर कोन्फरन्स.

सराफ बजार,–मुंबई.

# નવીન સમાચાર.

**મદદની જરૂર**—પાલીતાણાનું ગામ ગારીઆધર સિદ્ધગિરિ તથા ગિરનારજીની યાત્રાના રસ્તાપર છે. ત્યાં દશ વર્ષઉપર રૂ. ૨૨૦૦, ખર્ચી ઉપાશ્રય કર્યો હતો. પરંતુ તેમાં રૂ. ૯૦૦, દેરાસરના વાપર્યા હોવાથી કોઇ મુનિરાજ ત્યાં ઉતરતા નથી. આ દેવદ્રવ્યથી ત્યાંના મહાજનને છોડવવા માટે તે વિનંતી કરે છે.

**અનાથ જૈન બાળાશ્રમ**—પાલીતાણામાં સ્થપાયેલ આ બાળાશ્રમમાં હાલ ૨૧ છોકરાઓ દાખલ થયા છે. આ સંસ્થામાં દાખલ થઇ શકે તેવા ઘણા અનાથ બાળો છે. પરંતુ હાલ માસિક મદદ રૂ. ૧૧૫, નીજ મળેછે. વધારે મદદની જરૂર છે. જેમ જેમ વધુ મદદ મળતી જશે તેમ તેમ વધારે અનાથોને આશ્રય આપી શકાશે. પુણ્યનું આ બહુ ઉત્તમ સ્થળ છે.

**કન્યાશાળાને મદદ**—અમદાવાદ કન્યાશાળાને રૂ. ૩૭, ની મદદ મળી છે.

**ઠરાવો**—મહુવામાં કચકડાની અને પીછાવાળી ચીજો તથા ચામડાનાં પૂઠાં વાપરવાની બંધી કરવામાં આવીછે. નિરાશ્રિત ફંડની સ્થાપના થઇછે, ખાનદેશના ગામ સીંદખેડખાતે પણ ઉપલા ઠરાવો તથા પરદેશી ખાંડ, રવો તથા મેન્દો નહિ વાપરવા ઠરાવો થયા છે.

**ઢુંઢીયાભાઈ મૂર્તિપૂજક થયા**—મુનિ શ્રી જીતવિજયજીના ઉપદેશથી મારવાડમાં આવેલ નાગોર ગામના ૩ ઢુંઢીયા તથા ૪ બાઇઓ મૂર્તિપૂજક થયાં છે.

**નિરાશ્રિત જૈનોને મદદ**—ડબાસંગના લાચાર જૈનો માટેના ફંડમાં રૂ. ૩૨, વધુ ભરાયા છે.

**પરદેશી ખાંડ**—નહિ વાપરવા અને તેને બદલે દેશી ખાંડ વાપરવા કેટલાક ભાઇઓએ પેથાપુરમાં બાધા લીધીછે. એક ગૃહસ્થે કાશી તરફથી દેશી ખાંડ મંગાવી આપવા જણાવ્યું છે.

**સ્વાત્મભોગ**—પુના ખાતે દક્ષિણ એજ્યુકેશન સોસાયટી તરફથી ચાલતી ફરગ્યુસન કોલેજમાં મી. નીલકંઠ સદાશિવ એમ. એ. માત્ર રૂ. ૭૫, ના દેહનિભાવ પગારે પ્રોફેસર તરીકે દાખલ થયા છે.

**ઉપવાસનો લાભ**—યુરોપીયન લોકો પણ હાલ ઉપવાસ કરવામાં વિશેષ સંખ્યામાં બહાર પડતા જાયછે. તેનાથી અપચો તથા હાંફણ જેવાં દરદો પણ મટી જાય છે. એ લોકોના ઉપવાસ આપણા જેવા તદન અન્નપાણી વિનાના સખ્ત નથી, પરંતુ જવનું પાણી વિગેરે તેઓ પીએછે. ઢુંઢીયાભાઈઓમાં કોઈ કોઈ સાધુઓ જેમ છાશ પીને ઉપવાસો કરે છે તેવી રીતે આ ભાઇઓ કરેછે. શરીર બહુજ વધી ગયું હોય તે પણ તેથી ઓછું થાય છે. ચરબી ઘટે છે. શારીરિક અનેક ફાયદાઓ છે. વળી શરીર ઓછી ગતિ કરે તો મન પણ જરા ઓછું દોડાદોડ કરે, તેથી માનસિક તથા આત્મિક લાભ પણ ઘણો થાય છે. પાચનશક્તિ પણ મંદ થઇ હોય તે તેજ થાય છે.

**જૈન લાઈબ્રેરીને મદદ**—વીશનગરના મહુંમ શેઠ ગોકુલભાઈ દોલતરામની તરફથી ખેડાની જૈન લાઇબ્રરીને રૂ. ૫૧) ની મદદ મળી છે.

**શેત્રુંજ કુટવું**—મહુવામાં એવો ઠરાવ થયો છે કે મરણ પ્રસંગે સ્ત્રીઓ હમેશાં ચાર વખત મોં વાળે છે તે બંધ કરી ફક્ત એક વખતની છુટ આપવી.

**સત્ય ધર્મનિર્ણય**—નારણગંજમાં ઢુંઢક સાધુ ચોથમલે ત્યાં બિરાજતા સાધુ અમીવિજયજી વિગેરેને વિવાદ કરવા કહ્યું. તેમણે હા પાડી પણ સાધુ ચોથમલ વિવાદ કર્યા વિના ચાલ્યા ગયા.

**ફ્રી લાયબ્રેરી**—ભાવનગર જૈનધર્મપ્રસારક સભા અને આત્માનંદ સભા એ બન્નેએ જૈનો માટે ફ્રી લાઇબ્રેરી કરી છે.

**કાલંદ્રીમાં કેટલાએક શુભ ઠરાવો**—૧ પીછાંની ટોપી, કચકડાની ચીજો અને ચામડાંનાં પૂઠાં વાપરવા નહિ.

૨ હોળીની પૂજા કરવી નહી, ધુળેટી ખેલવી નહી.

૩ શીળસાતમ વિગેરે મિથ્યાત્વી પર્વો બને તેમ કમ પાળવાં.

૪ દારૂખાનું ફોડવું નહિ, વેશ્યાને બોલાવવી નહી, ભૂંડા ગીતો ગાવા નહી.

૫ મરણબાદ પાછલી રાતના વાસી પલો લેવો નહી.

૬ જૈન કોન્ફરન્સમાં ૬ પ્રતિનિધિઓ મોકલવા.

૭ મરણ બાદ એક વરસની અંદર પુણ્યના રૂપિઆ ખર્ચી નાખવા.

૮ જૈન પાઠશાળા ઉઘાડવી. મૃત્યુપાછળના પુણ્યની રકમમાંથી ચોથો ભાગ પાઠશાળામાં આપવો. વહીવટ માટે એક કમીટી નીમવી.

**રાત્રિભોજન**—સુરત જીલ્લામાં માંડવી તાલુકામાં લગ્ન વિગેરે પ્રસંગે જમણવારો રાત્રે થતા હતા તે નહિ કરવા ઠરાવ થયો છે.

**અણાદરામાં શુભ ઠરાવો**—૧ પાઠશાળા સ્થાપવી. તે માટે લાગો નાખવો.

૨ લગ્નના વરઘોડામાં પોતાની સ્ત્રીને નાચવા દેવી નહિ અને ભૂંડા ગીત ગાવાં નહી.

૩ હોળી ખેલવી નહિ. ઢૂંઢ કરવી નહી.

૪ મરણ પછી માતરની સુખડી બંધ કરવી અને તેને બદલે રૂ. ૨) પાઠશાળા માટેના જ્ઞાનફંડમાં દેવા.

**ચોરી માટે સજા**—અત્રેના શ્રી ગોડીજીના દેરાસરમાંથી ત્યાંના ગુમાસ્તા બોટાદના રહીશ તલકચંદ જેઠાને વરખ, કેશર, બરાસ, ઓઢણી, રેશમી ધોતીયાં, અંગ લુહણાં વિગેરે ચોરવા માટે રૂ. ૭૫, દંડ તથા એક દિવસની સખત મજુરી સાથેની કેદની શિક્ષા થઈ છે

**જાહેર સંસ્થા વેચાણી**—અમદાવાદની નાગોરીસરાહ ગોરજી પુણ્યવિજયજીએ શેઠ નેમચંદ માણેકચંદને વેચી છે. એ બાબત તકરાર ચાલે છે. શ્રી સંઘે ધ્યાન આપવાલાયક છે.

**દેહોત્સર્ગ**—પન્યાસજી દયાવિમળજી ૭૬ વર્ષની ઉમરે અમદાવાદમાં કાળધર્મ પામ્યા છે.

**સોસાયટી.**—ગ્વાલીયરમાં "જૈન યંગ મેન્સ સોસાયટી" સ્થપાઈ છે. મેંબરો ૩૫ છે. સભા દર સોમવારે સાંજે મળે છે.

**ઓનરરી ઉપદેશકનો પ્રવાસ**—ફરૂખનગરથી જ્યોતિષરત્ન પંડિત જીયાલાલ, ઓનરરી ઉપદેશક લખે છે કે હું દીલી થઇને મધ્યપ્રદેશમાં જવાનો છું, તો જે પ્રદેશમાં તેમનું ફરવાનું થાય ત્યાંના જૈનબંધુઓ તેમને સભા ભરવા દેવામાં અને ભાષણો આપવામાં સરલતા કરી આપશે, એમ આશા છે.

**મારવાડમાં ઉપકરણોની જરૂર**—અજમેરથી મી. ધનરાજજી કાંસટીયા અમને લખી જણાવે છે કે રજપુતાનાના કેટલાએક દેરાસરોમાં કેશર, સુખડ, ઉપકરણ, ચંદરવા, પુંઠીયા, વાટકીઓ, ધુપદાના આરતી વીગેરેની ઘણીજ જરૂર છે તો જે જે ભાઈઓને ત્યાં ઉજમણા વીગેરે થાય તે વખતે ઉપર જણાવેલી વસ્તુઓ તે તરફ મોકલવા વિનંતી કરવામાં આવે છે. બહુ લાભનું કાર્ય છે.

**એક જૈન એલ. એમ. એન્ડ. એસ.**—ડાકટર—ગયા જુન માસમાં લેવાયેલી એલ. એમ. એન્ડ. એસની છેલ્લી પરીક્ષામાં અમદાવાદવાળા મી. ગીરધરલાલ વાડીલાલ દલાલ પાસ થયા છે. તેમને અમારી તરફથી અંતઃકરણપુર્વક અભિવંદન આપીએ છીએ અને આશા રાખીયે છીએ કે પોતાના સ્વધર્મીભાઈઓને તેઓ ઘણા ઉપયોગી થઈ પડશે.

**અનુકરણ કરવા યોગ્ય દાખલો**—કોનફરન્સ ફંડમાં વધારો કરવા સારૂ દરેક જૈન ભાઇએ પોતાની કમાણીમાંથી દર વર્ષે એક દીવસની કમાઇ મોકલી આપવીએ ઇષ્ટ છે એમ સમજનાર મહેસાણાવાલા શેઠ માણેકલાલ ત્રીકમદાસે રૂ. ૨—૩—૦ કોનફરન્સ ઓફીસને મોકલી આપ્યા છે. આ દાખલો બેશક અનુકરણ કરવા યોગ્ય છે.

---

## जैन सीरीझ तैयार करवा माटे

# रु १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने नीति सुधीनुं पुस्तक खाते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ था ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेना शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलायत आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने करावबामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास करवामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमाथ योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शीवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमाना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमा तेना योजकने इनाम आपवमां आवशे.

वधु खुलाशा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

कोलसा मोलो, मुम्बई. — आसीस्टंट सेक्रेटरी.

ता. २५–५–१९०६. — श्री जैन श्वेतांबर कान्फरन्स.

वीर सम्वत् २४३२. ॐ विक्रम सम्वत् १९६२

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक २, नम्बर ८.

# हरैल्ड.

आगष्ट. सन १९०६.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. |
|---|---|
| कच्छ मोि स्वाखरना देरासरनो शिला ... ... | २२५ |
| ભાષાંત ... ... | २२७ |
| મધ્ય દારૂનો ઉપયોગ | २३० |
| કોઈ સ્વેતાંબર મુર્તી પુજક ઉ. काव्य ... ... | २३२ |
| ગ્રંથાવલોકન... ... | २३४ |
| बृहत् टिप्पनिकामा नोंधायला तर्कशास्त्रना ग्रंथो.... ... | २३५ |
| શાસ્ત્રીય રીતે સિદ્ધ થ धार्मिक घटो बाबतो ... ... ... | २३८ |
| જૈન સીરીઝ સંબંધી સૂચના. | २३९ |
| કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.... ... ... | २४१ |
| શ્રી સંઘને વિજ્ઞપ્તિ. ... | २४४ |
| વેશ્યાગમન. ... ... | २४४ |
| લગ્ન ... ... ... ... | २४६ |
| મરહૂમ શેઠ પ્રેમચંદ રાયચંદ | २५३ |
| મરહૂમ મી. સારાભાઇ વીરચંદ દીપચંદ. ... ... ... | २५६ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

'इंदुप्रकाश' स्टीम प्रेस—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेल ठराव अनुसार जैन धर्म अने फील सुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानु इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे, जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने करावबामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास करावबामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शीवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमाना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

कोलसा मोहल्लो, मुम्बई. — आसीस्टंट सेक्रेटरी.

ता. २५-५-१९०६. — श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

# श्री जैन श्वेतांबर डीरेकटरी.

## मालवा और मेवाडके श्रावक समुदायको विज्ञप्ती.

मालवा मेवाडके जैन समुदायकी डीरेकटरी तैयार करनेका कार्य प्रतापग[illegible]वासी शेठ लक्ष्मीचंदजी धीया, मालवा और मेवाड जैन डोरेकटरीके ओनररी सुपरवाईझर इनको [illegible]दीया गया है सो डीरेकटरी के वास्ते इन महाशय मालवा और मेवाडमें जहां जहां अपने [illegible]वहांके श्रावक समुदायको अर्ज की जाती है के उन कलार्क को खोटी न करके शिघ्र मद[illegible] डीरेकटरीके फोर्म भरवा देनकी महेरबानी फरमावे.

श्री जैन श्वेतांबर कोन्फरन्स, कोलसा मोहोल्ला--मुंबई.

---

श्री जैन श्वेतांबर डीरेकटरी.

## मध्यप्रांत ( सी. पी. ) के श्रावक समुदायको विज्ञप्ति.

मध्यप्रांतके जैनसमुदायकी डीरेकटरी तैयार करनेका कार्य जबलपुर निवासी मि. [illegible]कचंदजी कोचर बी. ए. मध्यप्रांत जैन डीरेकटरीके आनररी सुपरवाईझर इनको सुपर्द [illegible]या है, और इस वास्ते सब मध्यप्रांतमें प्रवास करेंगे. जीसके लिये मध्यप्रांतके श्रावक [illegible] अर्ज की जातीहै के डीरेकटरीसंबंधमें सब हकीकत इकठी करनेमें उन महाश[illegible] देनेकी महरबानी फरमावे.

श्री जै[illegible]र कोन्फरन्स. कोलसा मोहोल्ला—मुंबई.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तियस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

અર્થ:—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.

The Jain (Swetamber) Conference Herald.

Vol. II.] *August.* 1906. [No. VIII.

# ॥ कच्छ मोटी खाखरना देरासरनो शिलालख. ॥

व्याकरण काव्य साहित्य नाटक संगीत ज्योतिष छंदोऽलंकार कर्कशतर्क जैन चिंतामणि प्रचंड खंडन मीमांसा स्मति पुराण वेद श्रुति पद्धति षट्त्रिंशत्सहस्राधिक ६ लक्ष मित श्री जैनागम प्रमुख स्वपर सिद्धांत गणित जाग्रद्यावनीयादि षट् दर्शनी ग्रंथ विशदेति ज्ञान चातुरी दलित दुर्वादि जनोन्मादैः ब्राह्मी यावनीयादि लिपी पिच्छा लिपी विचित्र चित्रकला घटोज्ज्वालनाऽधि विधियमान विशिष्ट शिष्ट चेतश्चमत्कार-कारि शृंगारादि रस सरस चित्राद्यलंकारालंकृत सुरेंद्र भाषा परिणति भव्य नव्य काव्य षट् त्रिंशद्रागिणीगणोपनीत परम भाव राग माधुर्य श्रोतृजनामृत पीत गीत रास प्रबंध नाना छंदः प्राच्य महा पुरुष चरित्र प्रमाण सूत्रवृत्त्यादिकरण यथोक्त समस्या-पूरण विविध ग्रंथ ग्रंथनेऽनैक श्लोक शत संख्या करणादि लब्धगीःप्रसादैः श्रोतृ श्रवणा-मृत पारणानुकारि सर्व राग परिणति मनोहरि सुस्वनादैः स्पष्टाष्टावधान शतावधान को-

ष्टक पूरणादि पांडित्यानुरंजित महाराष्ट्र कौंकणेश श्री बुर्हानशाहि महाराज श्री राम राज श्री खानखाना श्री नवरंग खान प्रभृत्यनेक भूपदत्त जीवामारि प्रभूत बंदि मोक्षादि सुकृतसमर्जित यशः प्रवादैः पं. श्री विवेकहर्षगणि प्रसादैरस्मद्गुरुपादैः ससंघाटकैस्तेषामेव श्री परम गुरूणामादेश प्रसादं महाराज श्री भारमल्लजिदाग्रहानुगामिन प्रसाद्य श्री भक्तामरादि स्तुति भक्ति प्रसन्नी भूत श्रीऋषभदेवोपासक सुर विशेषाज्ञया प्रथम विहारं श्री कच्छ देशेऽत्र चक्रे तत्र च सं. १६५६ वर्षे श्री भुजनगरे आद्यं चतुर्मासकं द्वितीयं च रायपुर बंदिरे तदाच श्री कच्छ मच्छो कंठा पश्चिम पांचाल वागड जसलांमडलाद्यनेक देशाधिशैर्महाराज श्री खेंगारजी पट्टालंकरणैर्व्याकरणकाव्यादि परिज्ञान तथाविधैश्वर्य स्थैर्य धैर्यादि गुणापहसित सरस्वती महानवस्थान विरोध त्यागकैर्यादववंश भास्कर महाराज श्री भारमल्लजी राजाधिराजैः (विज्ञप्ताः) श्री गुरवस्तदिच्छापूर्वकं संजग्मिवांसः। काव्य व्याकरणादि गोष्ट्या स्पष्टाष्टावधानादि प्रचंड पांडित्य गुण दर्शनेन चरंजितैः राजेंद्रैः श्री गुरूणां स्वदेशेषु जीवामारि प्रसादश्चक्रे तद्व्यक्तिर्यथा सर्वत्रापि मत्रामारिः पर्यूषणा ऋषिपंचमी युत नव दिनेषु तथा श्राद्धपक्षे सर्वैकादशी रविवार दर्शेषु च तथा महाराज जन्मादिने राज्यादिने च सर्व जीवामारिरिति सार्वदिकी सार्वत्रिकी चोद्घोषणा जज्ञे. तदनुचैकदा महाराजैः पाल्ल विधीयमान नभो वार्षिक विप्र विप्रति पत्तौ तच्छिक्षा कारणपूर्वकं श्री गुरुभिः कारिता श्रीगुरूक्तां नभस्य वार्षिक व्यवस्थापिकां सिद्धांतार्थ युक्तिमाकर्ण्य तुष्टो राजा जयवाद पत्राणि ७ स्वमुद्रांकितानि श्री गुरुभ्यः प्रसादादुपढौकयतिस्म. प्रतिपक्षस्य च पराजितस्य तादृश राजनीति सामर्थ्य श्रीराम इवसम्यग् न्यायधर्म सत्थापितवान्. किंच कियद्वदस्मद्गुरूणां यशः श्रीमेदपाटक कापुरे निवदितुमुक्ताभिधानो मुनिः श्रीमज्जैनमतं यत्स्तुति पदं नीतं प्रतिष्ठानके ॥ महानांचलतोऽपीयत्स्तुशिक्षिता सुदीप्य युक्तीर्जितार्यमौनं श्रयितः सवोरिदपुरे वादीश्वरो देवजी ॥ १ ॥ जैन न्याय गिरा विवाद पदवीमारोप्य निर्वोटितो, पार्श्वदेशगजाह्वया पुरवरे देगंबराचार्य राट्, श्री मद्राम नरेंद्र संसदि किल्यास्मा राय वादीश्वरः, कस्तेषांच विस्क हा सुधियाग्रेसरावंद्रकः ॥ २ ॥ किंचास्मद्गुरुवक्र निर्गत महा शास्त्रामृताब्धौ रतः, सर्वत्राभिन सान्ततमनस्ते श्रीलखुनादि प्रभोः ॥ तद्भक्त्यै भुजपत्तनेव्यरचयत् श्री भारमल्ल प्रभः, श्री मद्राय विहारनाम जिन पद्मादभुत्यद्भुतं ॥ ३ ॥ अथ च सं. १६५६ वर्षे श्री कच्छ देशांतर्गे सला मंडले विहरद्भिः श्री गुरुभिः प्रबल धन धान्याभिरामं श्री खाखर ग्रामं प्रतिबोध्य सम्यग् धर्म क्षेत्रं चक्रे यत्राधीशो महाराज श्री भारमल्लजी भ्राता कुंअर श्री पंचायणजी प्रमद प्रबल पराक्रमाक्रांत दिक् चक्रवाल बंधुप्रतापतेजा यस्य पट्टराज्ञी पुष्पां बाइ प्रभृति तनूजाः कुं. दुजाजी, हाजाजी, भीमजी, देसरजी, देवोजी, कमोजी, नामानो रिपुगजघटाकेसरिणस्तत्र च शतशः ॥ श्री उशवाल

गृहाणि सम्यग् जिन धर्मं प्रतिबोध्य सर्वे श्राद्ध सामाचारी शिक्षणेनच परम श्राद्धी कृतानि तत्रच ग्राम ग्रामणी भद्रकत्व दानशूरत्वादिगुणोपार्जित यशः प्रसर कर्पूर पूर सुरभीकृत ब्रह्मांड भांडः शा. वयरसिकः सकुटुंबः श्री गुरुणा तथा प्रतिबोधितो यथा तेन घंघर सा. शिवा पेथा प्रभृति समवहितेन नव्योपाश्रयः श्री तपागण धर्मराजधानीव चक्रे. तथा श्री गुरूपदेशेनैव गुर्जर धरित्र्याः शिलातक्षकाना कार्यं श्री संभवनाथ प्रतिमा कारिता. शा. वयरसिकेन तत्सुतेन शा सायर नाम्ना मूलनायक श्री आदिनाथ प्रतिमा ३ सा. वीज्जाख्येन २ श्री विमलनाथ प्रतिमाच कारिता. तत्प्रतिष्ठातु सा, वयरसिकेनैव सं. १६५७ वर्षे माघसित १० सोमे श्री तपागच्छ नायक भट्टारक श्री विजयसेन सूरि- परम गुरूणामादेशादस्मगुरू श्रीविवेकहर्षगणिकरेणैव कारिता. तदनंतरं मेष प्रासा- दोऽप्यस्मद्गुरूपदेशेनैव फाल्गुनासित १० सुमूहूर्त्ते उवएस गच्छे भट्टारक श्री कक्कसूरि- बोधित श्री आणंद कुल श्राद्धेन उशवाल ज्ञातीय पारिषि गोत्रे सा. वीरा पुत्र, डाहापु, जेठा „ सा. खाखण पुत्ररत्नेन सा. वयरसीकेन पुत्र, सा. रणवीर सा. सायर सा. महिकरण स्नुषा उमा, रामा, पुरी, पौत्र सा. मालदेव सा. राजाखेतल खेमराज वणवीर दीदा वीराप्रमुख कुटुंब युतेन प्रारभे. तत्र सानिध्य कारिणौ घंघर गोत्रीयौ पौर्णमीयक कुलगुरु भट्टारक श्री निश्रा श्राद्धो सा. कांथड सुत सा. नागीआ सा. मेरगनामानौ सहोदरौ सुत सा. पाचा सा. महिपालामल प्रसात् कुटुंबयुतौ, प्रासादोऽयं श्री शत्रुंजया- वताराख्यः सं. १६५७ वर्षे, फा. कृ. १० दिने प्रारब्धः सं. १६५९ वर्षे फा. शु० १० दिनेऽत्रसिद्धि पदवी मारूरोह. आनंदाच्च कच्छ मंडन श्री खाखरिनगर संघेश्रेयश्च, सं. १६५९ वर्षे, फा. शु, १० दिने, पं. श्रीविवेकहर्षगणिभिर्जिनेश्वरतीर्थ विहारोऽयं प्रतिष्ठितः प्रशस्तिरियं विद्याहर्षगणिभिर्विरचिता, संवतोविक्रम ॥ कृतोऽयं शिलाले- खोद्धारस्तपगच्छ गगनांगण दिनमणि श्री विजयानंद सूरीश्वर शिष्य पंडित लक्ष्मी विजयजि शिष्यरत्नमुनीश्वर श्रीमद्हंसविजयानां सदुपदेशः तच्छिष्यपन्यासपदधारि श्रीमत्संपद्विजयशिष्यप्रेरणया, संवत १९६२ अषाढ कृष्णाऽष्टम्यामऽभवत् ॥ श्री ॥ श्री ॥

---

## ભાષાંતર.

### સં ૧૬૫૭ મોટી ખાખરના દેરાસરના શિલાલેખનું. ॥

વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, નાટક, સંગીત, જ્યોતિષ, છંદઃશાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર, કઠિણ એવાં તર્કશાસ્ત્ર, શિવમતના શાસ્ત્ર, જીનમતના શાસ્ત્ર, ચિંતામણિમતના પ્રચંડ ખંડન કરનારા શાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, સ્મૃતિશાસ્ત્ર, પુરાણશાસ્ત્ર, વેદશાસ્ત્ર, તથા શ્રુતિની પદ્ધતિનાં (૬૩૬૦૦૦) છ લાખ છત્રીસ હજાર શાસ્ત્રો, તથા જૈન આગમ આદિક પોતાના અને પરના સિદ્ધાંત, ગણિતશાસ્ત્ર, તથા જાગતા એવા યવન આદિક છએ દર્શનોના ગ્રંથ, તથા નિ-

મંલ એવાં પ્રકરણ સંબંધિ જ્ઞાનની ચતુરાઈ વડે કરીને દળી નાખેલ છે દુર્વાદિ મનુષ્યોનો ઉન્માદ જેઓએ એવા, તથા બ્રાહ્મી અને ફારસી આદિ લીપી તથા પીંછીની લિપીથી થતી વિચિત્ર પ્રકારની ચિત્રકલા, તથા ઘડામાંથી અગ્નિ કહાડવા આદિકની વિધિથી અત્યંત ઉત્તમ માણસોના મનને ચમત્કાર કરનારા, તથા શૃંગાર આદિક રસથી રસયુક્ત થયેલાં, અને વિચિત્ર બંધાદિ અલંકારોથી સુશોભિત એવી સંસ્કૃત ભાષામાં બનાવેલાં મનોહર એવાં નવાં કાવ્યો બનાવવાથી તથા છત્રીસ પ્રકારની રાગણીઓના સમૂહથી બતાવેલા ઉત્કૃષ્ટ ભાવવાલા રાગની મીઠાશથી સાંભળનારા માણસોને અમૃતપાન સરખાં ગીતવાલા રસ તથા પ્રબંધોથી તથા નાનાપ્રકારના છંદોથી ભરેલાં પૂર્વ મહાપુરૂષોનાં ચરિત્રો તથા ન્યાયશાસ્ત્રોની ટીકા આદિક કરવાવડે કરીને, તથા જેવી કહી તેવી સમસ્યા પૂરવાથી, તથા વિવિધ પ્રકારના ગ્રંથો રચવાવડે કરીને, તથા અનેક અને સેંકડો ગમે શ્લોક રચવા આદિક વડે કરીને મેલવેલ છે સરસ્વતિનો પ્રસાદ જેમણે એવા, તથા સાંભલનારાઓના કાનોને અમૃતના પારણા સમાન એવા સર્વપ્રકારના રાગોની પરિણતિ વડે કરીને મનોહર છે મુખનો શબ્દ જેમને એવા, વલી સ્પષ્ટ રીતે આઠ અવધાનના, તથા સો અવધાનના કોષ્ટકને સંપૂર્ણ કરવા આદિકની પંડિતાઈ વડે કરીને ખુશી કરેલ એવા મહારાષ્ટ્ર તથા કોંકણના રાજા, શ્રીબુર્હાનશાહ મહારાજ, શ્રીરામરાજા, શ્રીખાનખાના તથા શ્રી નવરંગખાન આદિક અનેક મહારાજાઓએ દીધેલા જીવોમાટેના અમારિપટહ, તથા ઘણા કેદીઓના છુટકારા આદિકના પુણ્યથી મેલેવેલ છે જશવાદ જેઓએ એવા, અમારા ગુરુ મહારાજ પંડિત શ્રીવિવેકહર્ષગણિએ સંઘાડા સહિત તેજ શ્રીગુરૂમહારાજનો, મહારાજા શ્રીભારમલજીના આગ્રહયુક્ત થયેલો આદશ પામીને શ્રીભક્તામર આદિકની સ્તુતિપૂર્વક ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીઆદિદેવ પ્રભુના ઉપાસક એવા દેવ વિશેષની આજ્ઞા વડે કરીને પેહેલો વિહાર અંહી શ્રીકચ્છદેશમાં કર્યો. તેમાં પણ સંવત ૧૬૫૬ વર્ષે શ્રીભુજ નગરમાં પેહેલું ચોમાસું અને બીજું ચોમાસું રાયપુર બંદરમાં કર્યું. વલી તે સમયે શ્રી કચ્છ, મચ્છુકાંઠા, પશ્ચિમ પાંચાલ, વાગડ તથા જેસલ આદિક અનેક દેશના સ્વામી એવા, તથા મહારાજ શ્રી એંગારજીની ગાદીને શોભાવનારા એવા, તથા વ્યાકરણ અને કાવ્ય આદિકોના પરિજ્ઞાનવાલા, તથા તેવા પ્રકારની મહત્તા, સ્થિરતા તથા ધૈર્યતા આદિક ગુણોવડે કરીને દૂર કરેલ છે. સરસ્વતિ અને લક્ષ્મીના વિરોધને જેમણે એવા તથા મહાન્ અનવસ્થા અને વિરોધનો યાગ કરાવનારા અને યાદવ વંશની અંદર સૂર્યસમાન એવા મહારાજાધિરાજ શ્રીભારમલજીએ વિનંતિ કરવાથી શ્રી ગુરૂમહારાજે તેમની ઇચ્છા પૂર્વક વિહાર કર્યો, તેમજ કાવ્ય તથા વ્યાકરણ આદિકની ગોષ્ટીથી, તથા સ્પષ્ટરીતે અષ્ટ અવધાન આદિકનો ઉત્કૃષ્ટ પંડિતાઈનો ગુણ દેખાડવાવડે કરીને ખુશી કરેલા એવા તે રાજાએ શ્રીગુરૂ મહારાજ પ્રતે પોતાના દેશમાં જીવહિંસા ન થવા દેવા માટેનો લેખકરી આપવાની કૃપા કરી. તે લેખોનો [illegible]સો નીચે મુજબ છે. હમેશાં ગાયનં બિલકુલ હિંસા થાય નહી. તેમજ ઋષિપંચમી સા[illegible] પર્યુષણના નવે દિવસોમાં, શ્રાદ્ધપક્ષમાં, સઘલી અગ્યારસોએ, રવિવારે, તથા અમાવ[illegible]મ. તેમજ મહારાજાના જન્મ દિવસે પણ સઘલા પ્રકારના જીવોની હિંસા ન થ[illegible] એવી રીતની સર્વ દિશાઓમાં અને સર્વ જગોએ ઉદ્ઘોષણા

કરાવી. તેવાર બાદ એક વખતે શ્રાવણમાસનું વાર્ષિક પર્વ પાલવાની મહારાજાએ આજ્ઞા કરતે છતે બ્રાહ્મણે તે અંગીકાર ન કરવાથી તેને બોલાવીને શ્રી ગુરૂમહારાજે શિક્ષા કરાવી. તેમજ શ્રીગુરૂ મહારાજે કહેલી શ્રાવણમાસની વાર્ષિક વ્યવસ્થાવાલી સિદ્ધાંતના અર્થોની યુક્તિ સાંભલીને તુષ્ટમાન થયેલા રાજાએ શ્રીગુરૂ મહારાજ પ્રતે મેહેરબાની પૂર્વક પોતાની મોહર છાપવાલા સાત ૭ જયપત્રો આપ્યાં,–અને પ્રતિપક્ષિને પરાજયપત્રો એટલે હારવાનાં પત્રો આપ્યાં–અને તેવીજ રીતની રાજનીતિ બતાવીને રાજાએ પોતાનો ઉત્તમ પ્રકારનો ન્યાયધર્મ શ્રીરામરાજાની પેઠે સત્ય કર્યો, વલી હમારા ગુરુનો એટલો પ્રભાવ તો શું હિસાબમાં છે, કેમકે, જે ગુરૂ મહારાજે શ્રીમલકાપુરમાં વાદ કરવાની ઈચ્છાવાલા મૂલા નામના મુનિને જીતેલો છે તેમજ પ્રતિષ્ટાનપુરમાં યવનોના મોહુડેથી જૈનધર્મની જેમણે સ્તુતિ કરાવેલી છે, વલી એટલામાં આવી મલેલા એવા સેંકડો ગમે બ્રાહ્મણોને યુક્તિયો દેખાડીને જેમણે જીતેલા છે, તેમજ બોરિદપુરમાં વાદીઓના ઉપરી એવા દેવજીને જેમણે મૌન કરાવેલું છે, વલી જેમણે જૈનની ન્યાયવાણીથી દક્ષિણ દેશમાં રહેલા જાલણા નગરમાં વિવાદ પદવીપર ચડાવીને દિગંબરાચાર્યને કહાડી મૂકેલ છે તેમજ રામરાજાની સભામ જેમણે આત્મારામ નામના વાદીશ્વરને હરાવેલો છે- એવા તે ઉત્તમ બુદ્ધિવાલા શ્રીવિવેક હર્ષગણિ મહારાજની પાસે રાજા પણ શું હિસાબમાં છે? વલી અમારા ગુરૂ મહારાજના મુખમાંથી નિકલેલા મહાન્શાસ્ત્રોરૂપી અમૃતના સાગરમાં લીન થયેલા શ્રીભારમલ્લજી મહારાજાએ શ્રીરૂષભદેવ પ્રભુની ઘણી માન્યતા ધારણ કરી તથા તેમની ભકિતમાટે તે શ્રી ભારમલ્લજીએ ભુજનગરમાં રાજવિહાર નામનું અત્યંત અદ્ભુત શ્રીજિનેશ્વર પ્રભુનું મંદિર બનાવ્યું હવે સંવત ૧૬૫૬ ની સાલમાં શ્રીકચ્છ દેશની અંદર રહેલા જેસલા મંડલમાં વિહાર કરનારા શ્રીગુરૂ મહારાજે ઘણાં ધનધાન્યોથી મનોહર થયેલા એવા શ્રીખાખર ગામને પ્રતિબોધીને સારી રીતનું ધર્મક્ષેત્ર બનાવ્યું, કે જ્યાંના રાજા મહારાજા શ્રી ભારમલ્લજીના ભાઈ કુંઅર શ્રી પંચાયણજી હતા. કે જેમણે મદયુક્ત અનેક પ્રબલ પરાક્રમે કરીને દિશાચક્રને દબાવ્યું હતું તથા જે સૂર્ય સરખા પ્રતાપ અને તેજવાલા હતા. વલી જેમની પટ્ટરાણી પુષ્પાંબાઈ આદિકો હતી. તથા જેમના પુત્રો કુંઅર દુજાજી, હાજાજી, ભીમજી, દેસરજી તથા કમોજી નામના હતા, કે જેઓ શત્રુઓરૂપી હાથીઓની શ્રેણીને હરાવવામાં કેસરી સિંહસરખા હતા. વલી ત્યાં રહેલાં સેંકડો ગમે ઓસવાલોના ઘરોને સમ્યક્ પ્રકારે જિન ધર્મ પ્રતિબોધીને તથા શ્રાવક સંબંધિ સઘલી સમાચારી શીખવીને તેમણે ઉત્કૃષ્ટ શ્રાવક બનાવ્યા. વલી ત્યાં ભદ્રીકપણા દાન તથા શૂરાપણા આદિક ગુણોથી ઉપાર્જન કરેલા યશના-ફેલાવારૂપી કપૂરના સમૂહથી સુગંધયુક્ત કરેલ છે બ્રહ્માંડ જેમણે એવા શા. વયરસી નામના પટેલને તેના કુટુંબ સહિત શ્રીગુરૂ મહારાજે એવો તો પ્રતિબોધ આપ્યોકે જેથી તેણે ધંધર ગોત્રાય શા. શિવાપેથા આદિક સહિત શ્રીતપા ગછની રાજધાની સરખો નવો ઉપાશ્રય બનાવ્યો. તેમજ શ્રીગુરૂ મહારાજના ઉપદેશે કરીનેજ ગુજરાતની ભૂમીમાંથી સલાટોને બોલાવીને શા. વયરસીએ શ્રીસંભવનાથજીની પ્રતિમા કરાવી તથા તેના શા. સાયર નામના પુત્રે મૂલનાયક શ્રી આદિનાથજીની પ્રતિમા કરાવી તથા શા. વીજા નામના પુત્રે શ્રી વિમલનાથ પ્રભુની પ્રતિમા કરાવી. વલી તેની પ્રતિષ્ટા અંજન શલાકા શા. વયરસી-

એજ સંવત ૧૬૫૭ ના સાલમાં મહાશુદિ ૧૦ સોમવારે શ્રીતપાગચ્છ નાયક ભટ્ટારક શ્રી વિજયસેન સૂરિ ગુરૂમહારાજના હુકમથી અમારા ગુરુ શ્રી વિવેકહર્ષ ગણિના હાથેજ કરાવી છે. ત્યારબાદ આ દેરાસર પણ અમારા ગુરૂના ઉપદેશ વડે કરીનેજ ફાગણ વદી ૧૦ મે ઉત્તમ મુહૂર્તે ઉપકેશ ગછના ભટ્ટારક શ્રીકક્ક સૂરીએ બોધેલા શ્રી આણંદકુલ શ્રાવકે ઓશવાલ જ્ઞાતિના પારિખ ગોત્રવાલા શા. વીરાના પુત્ર ડાહ્યા, તેના પુત્ર જેઠા, તેના પુત્ર શા. ખાખણ, તથા તેના પુત્રરત્ન શા. વયરસીએ, તથા પુત્ર શા. રણવીર, શા. સાયર, શા. મહિકરણ, તથા વહુઓ, ઉમા, રામા અને પુરી, તથા પૌત્ર શા. માલદેવ, શા. રાજખેતલ, ખેમરાજ, વણવીર, હીદા તથા વીરા આદિ કુટુંબસહિત પ્રારંભ્યું, વલી ઘંઘર ગોત્રવાલા, અને પુનમીયા કુલગુરૂ ભટ્ટારકની નિશ્રાથી શ્રાવક થયેલા એવા શા. કંથડના પુત્ર શા. નાગીયા તથા મેરગના મના સગા ભાઈના પુત્ર પાંચાસા સહિત તેમાં મદદ કરનારા હતા, અને તેમણે રાજાની નિર્મલ કૃપાથી કુટુંબસહિત તેમાં મદદ કરેલી છે. આ શ્રી શત્રુંજયાવતાર નામનું દેરાસર છે; સંવત ૧૬૫૭ ના ફાગણ વદી ૧૦ મે આરંભેલું છે-તથા સંવત ૧૬૫૯ સુદિ ૧૦ મે અહીં સંપૂર્ણ થયું છે, વલી તેથી આનંદથી કચ્છ દેશના શણગાર રૂપ એવા શ્રીખાખરનામના નગરમાં કલ્યાણ થયું છે, સંવત ૧૬૫૯ ના ફાગણ સુદિ ૧૦ મે પંડિત શ્રીવિવેકહર્ષ ગણીએ આ જીનેશ્વર ભગવાનના તીર્થરૂપ મંદિરની પ્રતિષ્ઠા કરેલી છે, અને આ પ્રશસ્તિ વિદ્યાહર્ષગણિજીએ રચેલી છે. સંવત વિક્રમનો જાણવો. આ શિલાલેખનો જીર્ણોદ્ધાર તપ ગચ્છરૂપી આકાશ મંડલમાં સૂર્ય-સમાન એવા શ્રીવિજયાનંદ સૂરીશ્વરજીના ( શ્રીઆત્મારામજી સૂરીશ્વરના ) શિષ્ય પંડિત શ્રી લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનીશ્વર શ્રીમદ્ હંસવિજયજી મહારાજના સદુપદેશથી તેમના શિષ્ય પન્ન્યાસ પદવીને ધારણ કરનારા શ્રીમન્ સંપદ્વિજયજી મહારાજની પ્રેરણાયે કરીને સંવત ૧૯૬૨ ના અસાડ વદી આઠમને દિવસે થયો છે. આ શિલાલેખનું ગુજરાતી ભાષાંતર જામનગર નિવાસિ શ્રાવક હીરાલાલ હંસરાજે કરેલું છે. ॥ શ્રી

---

# મદ્યપાન અથવા દારૂનો ઉપયોગ.

દારૂ એ શું ચીજ છે, તથા તે કેટલો બધો વપરાશમાં વધુ અને વધુ આવતો જાય છે એ જાણતાં કંપારી છૂટેછે. હિંદુસ્તાન પહેલાં, હાલ કરતાં ઓછો માંસાહારી અને ઓછો મદ્યપાની દેશ હતો. મદ્ય પીવાતો તે પણ રાજારજવાડાઓમાં, વેસ્યાઓમાં અથવા અમીર ઉમરાવોમાંજ. ઘણા ભાગમાં તાડી જેવું ઓછું દુષિત પીવાનું વપરાતું હતું, પણ તે દારૂ જેટલું નુકસાનકારક, ખર્ચાળ અને ભાન ભૂલાવનારૂં નથી. यथा राजा तथा प्रजा. નામદાર ઈંગ્રેજ સરકારે આ દેશપર અસંખ્ય ઉપકારો કર્યા છે, એમ તો હરેક વિચારવાન બંધુએ કબૂલ કરવુંજ જોઈશે, પણ તેની સાથે સાથેજ દારૂ જેવો નાશકારક અને નુકસાન-કારક પદાર્થ એટલા મોટા પ્રમાણમાં વપરાશમાં, દેખા દેખીથી, છૂટ હોવાથી, અને રસ્તે

ચાલતાં પીઠાં મળતાં હોવાથી, આપ્યો છે કે હિંદનું જીવન ચૂસી જતાં અનેક તત્વોમાં આ તત્વ બહુ મોટો ભાગ ભજવેછે. દારૂ દરેક રીતે નિંદ્ય છે. ધર્મની દૃષ્ટિથી જોતાં દારૂ અને તેવી ચીજો શામાટે નિંદ્ય છે તે "જૈનધર્મ પ્રકાશ" ના આષાઢમાસના અંકમાં "વૃદ્ધિ પામતો ભ્રષ્ટાચાર" એ વિષયમાં બહુજ સારી રીતે દર્શાવવામાં આવ્યું છે. હાલ હૉટેલોનો જે અતિશય ઉપયોગ થાય છે તે માટે એટલુંજ કહેવું બસ થશે કે ત્યાં પીવાતી ચા, દૂધ, આઇસક્રીમ, સોડાવૉટર વિગેરે ભ્રષ્ટતા બહુજ વધારે છે. કારણ કે જે પ્યાલામાં હલકા વર્ણના મનુષ્યે કાંઇ ખાધું પીધું હોય, તેજ પાત્રમાં ઉચ્ચ વર્ણના મનુષ્યે ખાવાપીવાથી હલકા વર્ણના મનુષ્યના તે પાત્રને લાગેલા અદૃશ્ય પરમાણુઓ ઉચ્ચવર્ણના મનુષ્યના શુભ પરમાણુઓને હલકા પાડવા યત્ન કરેછે. શુભ પરમાણુઓને અશુભ પરમાણુઓની ખરાબ સંગતથી ભોગવવુંજ પડે તે કુદરતી છે. મુસલમાન અથવા માંસાહારી હિંદુ વર્ણોએ પીધેલા પાત્રમાંથી પીવું એ કેટલું ધર્મને, આત્માને, અને શુભ પરમાણુઓને નીચું લગાડનારૂં છે તેનો અવશ્ય વિચાર કરતાં શોક થાય તેવું છે. પીધેલા પાત્રને ઘણી વખતથી બોળાયલા પાણીમાં બોળવામાં આવે છે તેથી તે પાણી પણ કેવું પવિત્ર, તે વિચારો. મુંબઈ જેવા મોટા શહેરોમાં પાણી અતિશય ઢોળાવા પણું, તેથી ગળેલ અણગળનો વિવેક નહિ રહેતાં ત્રસજીવોની અસંખ્ય હિંસા અને તેથી અતિશય પાપનું બંધાવું હોયછે. તેમાં પણ આવા હૉટેલોમાં પાણીમાટે બહુજ ગડબડ જેવું હોય છે. આઇસક્રીમમાં બરફ અથવા કાચા મીઠા વડે અસંખ્ય એકેંદ્રિ જીવોની વિરાધના થાય છે. વળી દૂધને રાખવાના આઇસક્રીમના સંચાઓમાં પણ બરોબર સાફ નહિ થવાથી બેઇંદ્રિ જીવોની ઉત્પત્તિનો પણ સંભવ રહે છે. સોડા વૉટર પીવામાં પણ ચાના પાત્ર જેવું થાયછે. રસના લાલચમાં ફસાતી હોવાથી જીવની અધોગતિ થવાનો સંભવ રહેછે. મદ્યના પીઠાં એટલાં બધાં વધી ગયાં છે કે લાલચુ જીવો તેના પંજામાં ફસાતાં વાર લાગતી નથી. દારૂ પીધેલો માણસ પોતાના કબજામાં નથી. તે ગમે તેમ ચાલે, બોલે અને ન કરવાનું કરે, એવો તેનો કાબુ શરીરપરથી ચાલ્યો જાય છે. બીજી ઉપયોગી ચીજો લેવાનું પડતું મૂકી દારૂની લતમાં ઘણા કુટુંબો પાયમાલ થઈ ગયાછે. હિંદુસ્તાનમાંથી દારૂ એક કરોડ રૂપિયા પરદેશ ઘસડી જાય છે. અને દેશમાં બનતો દારૂ કેટલોએ થતો હશે, તેનો તો કાંઈ શુમારજ નથી! આ ચીજ બીલકુલ ફાયદો કરતી નથી. વિલાયત ઠંડો દેશ હોવાથી ત્યાંના વતનીઓને તેની જરૂર લાગેલી, પણ ત્યાં પણ દારૂવિનાનું ગૃહ ઉત્તમ ચાલી શકે છે, અને દારૂ વાપરનારૂં ગૃહ નિર્ધન અવસ્થામાં આવી પડવાનો સંભવ રહે, તો પછી હિંદ જેવા ભિખારી દેશમાં, જેની કાંઈજ જરૂર નથી, જે શરીરના ઘણા ઉપયોગી અવયવોને અને મર્મભાગોને નુકશાન કરે છે, અને બદલામાં કાંઈજ આપતો નથી, એવી ચીજથી કેટલી પાયમાલી થાય તે વિચારવું સહેલ છે. દારૂનું વ્યસન, ક્ષયના રોગની જેમ, વારસામાં ઉતરે છે. પુત્રપૌત્રો અને ભવિષ્યની સંતતિને દારૂ પીનાર બહુજ ગેરફાયદાકારક વારસો આપતો જાય છે. દારૂની બનાવટ ત્રસ જીવો ઉત્પન્ન કરી તેને હણવાથી થતી હોવાથી ધર્મને પણ, અને આત્માને પણ વિસારી મૂકવો પડેછે, કોઈ રીતે પાણી જેવું ઉત્તમ પીવાનું છેજ નહિ. દરેક રીતે દારૂ વર્જ્ય છે.

# કાઠીઆવાડ દેશની જૈન શ્વેતાંબર મૂર્તિપુજક શ્રાવકોના વસ્તીવાલાં ગામોની ડીરેકટરી થઇને આવી છે તે ગામોનું પ્રાંતો અને રાજયવાર લીસ્ટ.

**પ્રાંત ઝાલાવાડ.**

**ચોટીલા રાજય.**

ચોટીલા
મોટી મોલડી
નાવા
પાજવાલી
મેવાસા
ખેરાણા
પીયાવા
સણોસરા
બામણબોર
ઢોકલવા
ખેરડી
મોરવાડ જુની
મોરવાડ નવી

**થાનલખતર રાજય.**

થાન
લખતર
લીલાપુર
પઢડા
કોરલા

**વાંકાનેર રાજય**

વાંકાનેર
કોઠી
લુણસર
ખીજડીયા
રાતડીઆ
ઢુવા
કેરાલા
જારીડા
સીંધાવદર
અરણીટીંબા
કારાવડી
પાંચ દુવારકાં
વઘાસીઆ
રૂપાવટી
મહીકા
ચીત્રાખડા
રાજવડલા
ઘીયાવડ
તીથવા
ગારીયા

**મુલી રાજય**

મુલી
ટીકર પરમારની
જસાપર
લીબલી
નવાણીઆ
સીધસર
ગઢાદ
ઢીંડાણું

**લીંબડી રાજય**

લીંબડી
વનાલા
અંકેવાલીઆ
ખાંભલાવ
બલાળા
ભોઇકા
કંથારીઆ
ગુંજાર
પાણસીણા
હડાલા
લીઆદ
કરમડ
કારોલ
મોટા તરાડીઆ
ચચાણા
દેવપુરા
ખાંડીયા
નવુંગામ
પલાલી
શીહાણી
લાલીઆદ
જાંબુ
પરનાલા
જાખણ
ઝમોચણ
નાના ટીંબલા
ઉંટડી
સૈકા
મોટા ટીંબલા
ભલ ગાંમડા

**ચુડા રાજય**

ચુડા
ચોકડી
મીણાપર
ભંસજાળ
ગોખરવાલું
ચાંચકા
નલીયા
નવાણીઆ
મોરવાડ

**પાલીયાદ તાલુકો**

પાલીયાદ
ધાંધલપુર
ગૌરઆ
સરવા
રતનપુર
ભડલા
લીંબોડા
બોડી
ભાણેજડા
સેજકપર
વખતપર
ગોશલ
મોટી વીરીવા

**વઢવાણ રાજય**

વડોદ
વઢવાણ શહેર
બલદાણા
ઢુવા
ગુંદીઆલા
ગરાંભડી
લીબાલા
ખીટલા
વઢવાણ કેમ્પ
સુદામડા
જસાપર
છડીઆલી
રાજપર
કોરડા
નોલી
જોઆ
દેરડી
કુંડલી
અડાલા
સારૂઇ
વાંટાવચ્છ
ગુદીઆવડા
નાગડકા
અલાઊ
અડવાલ
વીઠલગઢ

**વણોદ તાલુકો**

વણોદ
વણા
મેરા
ધણાદ

**ધ્રાંગધ્રા રાજ્ય**

ધ્રાંગધ્રા
હલવદ
સુંડેકોટ
વાટાવદર
શરલા
દેવચરાડી
ઈંગોરાલા
જીવા
કાંડોભાયાતી
કોઢ
ઊમરડા
ધનાલા
સુસવાવ
રાસીંગપુર
રામપુર
ટીકર રણની
ખોડ
મીઆણી
ગાળા
દુદાપૂર
હડાળા
દીઘડીયું
વેલાલુ
દાઘોલીઆ
રાસંગપર
થલા
જેગડવું
સાપકડા
ભરાડા
ગુજરવદી
અંકેવાલીઆ
રાવલીઆ વદર
દુઘઇ
ઘોલી
વેગડવાવ
અણીંદ્રા
જેસડા
રણમલપુ
કુડા
ધ્રુમઠ
સોલડ
કંકાવટી કૂવા

**ઝીંઝુવાડા રાજ્ય**

ઝીંઝુવાડા
આદરીઆણા
સુરેલ
નગવાડા
ધામા
પાલીવાડા
ફતેપુર
મીઠા ગોઢા
ઝાડીઆણા
ઓડુ

**બજાણા રાજ્ય**

બજાણા
વડગામ
દસાડા
કલાડા
માલવણ
સીધસર
ઝેઝરી
મોટી મજેઠી
સેંદલા
નવા ગોરૈયા
નવા સડલ
કુંતલપુર

**ભાવનગર રાજ્ય.**

બોટાદ
જનડા
નુરખા
હામાપર
હડધડ

**જામનગર રાજ્ય.**

આટકોટ
અજમેર
ભાડલા
સમઢીઆળા

**જસદણ તાલુકો.**

જસદણ
વીછીયા

**પ્રાન્ત ઉડસરવૈયા.**

( રાજ્ય ઠાકોર

**હકુમત સરકાર. )**

દાઠા
હાથસણી
સમઢીઆળા
ગણધોલ
કરજડા
ચોક
જાલીયા કાયાભાઇનું
બોદાનો નેસ
દેદરડા
ભંડારીઆ
વડાલ
રોહીશાલા

**પ્રાન્ત બાબરીઆવાડ**

**રાજ્ય જાફરાબાદ.**

ડેડાણ
બરાઈ બંદર

**પ્રાંત બર્ડો**

**રાજ્ય પોરબંદર.**

પોરબંદર
રોઝીવાડા
કંડોરણા રાણાસાહેબનાં

**પ્રાંત મચ્છુકાઠો**

**મોરબી રાજ્ય**

મોરબી
ખાખરેચી
ધાંટીલા જુનાં
વણાસર
ટંકારા
વવાણીઆ
બેલા
બગથલું
જેતપુર
મોડપર
રંગપુર
ભુત કોટડા
આદરણા
ચાંચાપર
ગાલા
વેણાસર
સાપર
સરવડ
હળબટીઆરી
ધાંટીલું
કેરાલા
વાઘપર
જોધપર
ખાખરાલા
જેપુર
સનાલા
મકનસર
નવાગામ
હરીપર
મોટા ભેલા
રવાપર
માનસર
જુના સાદુરકા
ઊદેપુર
વીરપરડા
તરઘડી
નવી સાંડલ
નાગડાવાસ નદીવાલું
પીલુડી
નવા સાદુરકા
લીલાપુર
જાંબુડીઆ
ઘુનડા
ખરેડા
જીવાપર
મકરપર

**માલીયા રાજ્ય.**

માલીઆ

| | | | |
|---|---|---|---|
| વાઘરવા<br>વરદુસર | **પ્રાંત ઓખા મંડલ.**<br>રાજ્ય ગાયકવાડ<br>સરકાર | બેટ સંખોદ્ધાર | ગઢેચી ( ધડેચી )<br>વસઇ ( કનકાપુરી ) |

ઉપર લખ્યા પ્રમાણે કાઠીયાવાડ દેશના પ્રાંત ઝાલાવાડ, ઊંડસરવૈયા, બાબરીયાવાડ, બર્ડો, મચ્છુકાંઠા અને ઓખામંડળ એ પ્રાંતોમાંનાં ઉપર લખ્યાં ગામોની ડિરેકટરી ભરાઈને આંહી અમારી પાસે આવેલી છે તો વિનંતી કરવાની કે ઉપર લખ્યાં ગામો સિવાય સદરહુ પ્રાંતોનું કોઈ પણ ગામ આપણા જૈન શ્વેતાંબર શ્રાવક ભાઈઓની વસ્તીવાળું ગમે તો ફક્ત એકજ માણસ રહેતું હોય તેવું નાનું સરખું પણ ગામ બાકીમાં રહ્યું જણાયતો તે ગામનું નામ, આગેવાનનું નામ અને પોસ્ટ તેને કયાં થઈ કોની મારફત મળશે તે એકદમ પત્રદ્વારાએ વળતી ટપાલે ખબર આપી શ્રી સંઘને આભારી કરવા વિનંતી છે.

# ગ્રંથાવલોકન

**જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ બીજો**—આ ચોવીશ પાનાનું નાનકડું પુસ્તક વિદ્વાન યોજક લાલન તરફથી દોઢ આનાની નજીવી કિંમતમાં પ્રસિદ્ધ થયે થોડોક વખત થયોછે. અમને તો ખરા હૃદયથી લાગેછે કે લાલનનું કામ બહુ ઉચ્ચ પ્રતિનું છે. અત્રેની બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કુલમાં ઉપરનાં ધોરણોમાં આ પુસ્તક યોજક પોતેજ ચલાવેછે, અને પરિણામ ઉચ્ચ આવે એમાં સંદેહજ શો! ઇંગ્રેજીમાં જેમ પ્રાઈમર અને તેની પછી ક્રમવાર નંબરો હોય છે, તેમ આ યોજકે પણ બે પ્રાઈમરો અને તે પછીની પાંચ ચોપડીઓ મૅટ્રીકનો અભ્યાસ પૂર્ણ થતાં સૂધી કરી શકાય તેવી તૈયાર કરી છે. એક પુસ્તકનું રીવ્યુ આ માસિકમાં આગળ લેવાઈ ગયું છે. જૈન ધર્મસંબંધી જ્ઞાનનાં ખાસ ઉપયોગી મૂળ તત્ત્વોને દેશકાળની પદ્ધતિમાં ગોઠવી વિદ્યાર્થીઓના હૃદયમાં સુગમતાથી સ્થાપિત કરવા એ કામ અતિ મુશ્કેલ અને ખાસ ધાર્મિક શિક્ષણનીજ લાઈન અનુસરનાર યોજક જેવા વિરલ બંધુઓજ કરી શકે એવું છે. શિક્ષણ બે પ્રકારનું છે, બોધક અને શોધક. ઇંગ્રેજીમાં Exercises આપીને જે શૈલીથી લાભ થાય છે તેવો લાભ થવા આ પ્રારંભ પોથીથી આશા રખાય છે. કારણકે પહેલાં પાઠો આપેલા છે, અને નીચે, છોકરાઓ તે સમજી શકયા છે કે કેમ, તે તપાસવા પ્રશ્ન પાઠો આપ્યા છે. આ શૈલી અતિ ઈષ્ટ છે. વીશે વીશ બોધ પાઠ અતિ ઉપયોગી, જે હેતુથી પુસ્તક લખવામાં આવ્યું છે તે સફળ કરનારા, અને સહેલી ભાષામાં લખાયલા છે. ધર્મ અને પાપ, શ્રી તીર્થંકર, સૂત્રો, કર્મનો કાયદો, જન્મ મૃત્યુ, જીવ અને કર્મ, સ્વર્ગ નરક, મુક્તિ, આચાર, શ્રદ્ધા, શ્રાવક, દેવગુરૂ ધર્મ, નીતિ અને છેવટે સંસાર કેવો છે એ તથા પુસ્તકમાંના સર્વ એકે એક ઉપયોગી પાઠો છે. શિક્ષકોએ જેમ બને તેમ બાળકોને સમજાવવા પ્રયત્ન કરવા જેવું છે. ધર્મનાં દરેક અંગને યોજકે બહુ સારો ઈન્સાફ આપ્યો છે.

# बृहत् टिप्पनिकामा नोंधायला तर्कशास्त्रना ग्रंथो.

उतारो आपनार प्रो. रवजी देवराज.

## स्व समयना ग्रंथो.

| नंबर. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| | **वर्ग १ लो.** | | | |
| १ | अनेकांतजयपताका | हरिभद्रसूरि | २५०० | सदसद् वगैरे पांच अधिकार छे. |
| २ | वृत्ति | ,, | ८२५० | |
| ३ | बृ. टिप्पनक | मुनिचंद्रसूरि | २००० | |
| ४ | अनेकांत वाद प्रवेश | हरिभद्रसूरि | ७०० | |
| ५ | द्रव्यालंकार तर्क | {पं. रामचंद्र तथा गुणचंद्र | ४०० | |
| ६ | नयचकवाळ | मल्लवादि | — | |
| ७ | वृत्ति | सिद्धसेन | १८००० | सूत्रसाथे. |
| ८ | न्यायावतार | सिद्धसेन | ९२ | |
| ९ | वृत्ति | हरिभद्रसू. | २०७३ | |
| १० | वृत्ति | सिद्धव्याख्यानिक | — | |
| ११ | प्रमाणकलिका | शांत्याचार्य | ६० | |
| १२ | वृत्ति | ,, | २८७३ | |
| १३ | प्रमाणमीमांसा | हेमाचार्य | — | |
| १४ | वृत्ति | ,, | — | |
| १५ | प्रमाण संग्रह | — | ७१२ | ९ प्रस्ताव छे. |
| १६ | प्रमेयररत्नकोश | चंद्रप्रभसूरि | १६८० | एमांसर्वज्ञसिद्धयादि २३वाद |
| १७ | रत्नाकरावतारिका | रत्नप्रभ | ५००० | टिप्पनसाथे एस्याद्वादरत्नाकरनीलघुटीकारूप ग्रंथ छे. |
| १८ | लोकतत्वनिर्णय | हरिभद्रसूरि | १७० | |
| १९ | षट्दर्शनसमुच्चय | ,, | ८६ | |
| २० | वृत्ति | — | १२५२ | |
| २० | सम्मतिसूत्र | सिद्धसेनदिवाकर | १७० | |
| २१ | वृत्ति | मल्लवादि | ७०० | |
| २२ | वृत्ति | {प्रद्युम्नशिष्या मयदेवसूरि | {२५००० | एना त्रण कांड छे. |
| २३ | वृत्ति | अन्यकर्तृक | — | |
| २४ | सर्वज्ञसिद्धिप्रकरण | हरिभद्रसूरि | ७३०० | |
| २५ | स्याद्वादरत्नाकर प्र० खंड | वादिश्रीदेवसूरि | ३६००० | एनां आठ परिच्छेद छे. |
| २६ | स्याद्वादमंजरी | मल्लिषेणसूरि | ३००० | सं. १३४९ मां रची. |
| | **वर्ग २ जो.** | | | |
| १ | अनेकांत व्यवस्थापन | — | २०० | |

| नंबर. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| २ | अपशब्दनिराकरण | — | २१५ | |
| ३ | अपौरुषेयदेवनिराकरण | यशोदेवसाधु | — | त्रिवर्गपरिहारसाथे पत्र ११ छे |
| ४ | अभावनिरासवादस्थळचार | — | ३१० | सर्वार्थ प्रमाभावाद्यभावनिरासरूप चार वाद स्थळ छे. |
| ५ | परिणामि वस्तुव्यवस्थापन | — | ८० | |
| ६ | प्रत्यक्षानुमानाधिकप्रमाणनिराकरण | यशोदेवसाधु | — | पत्र १४ छे. |
| ७ | षट्दर्शन दिङ्मात्र विचार | — | — | |
| ८ | सर्वज्ञ व्यवस्थापनावाद | — | — | हरिभद्री नंदिवृत्याद्य नमस्कार उपर रचेलुं. |
| | **वर्ग ३ जो.** | | | |
| १ | केवलिभुक्तिस्त्रीमुक्ति प्रकरण. | शाकटायन कृत | ९०० | ए शाकटायनसूरि एज शब्दानुशासन करेल छे. |
| २ | ,, तेना संग्रह श्लोक. | ,, | ५४ | |
| ३ | बोटिक निषेध | — | — | वस्त्रव्यवस्थापनरूप. |
| | श्वेतांबर दर्शन सिद्धि | — | — | पत्र १९ छे. |
| | — | कुल ग्रंथ | कुले | ११७७३७ श्वेतांबरन्याय. |
| | **वर्ग ४ थो.** | | | |
| | दिगंबर कृत न्याय. | | | |
| १ | आप्तमीमांसालंकार ( अष्ट साहस्री. ) | विद्यानंद | ८००० | |
| २ | न्याय कुमुदचंद्र सूत्रवृत्ति | अकलंक देव | १६००० | सूत्र तथा वृत्ति मळीने |
| ३ | न्यायविनिश्चय वृत्ति. | अनंत वीर्य | — | |
| ४ | प्रमेयकमळ मार्तंड | प्रभाचंद्र | ११००० | |
| | परचुरण | | | |
| १ | अध्यात्म तरंगिणी टीका | — | — | |
| २ | आप्त परीक्षा वृत्ति. | — | — | तत्वार्थना पेला श्लोकनी व्याख्यारूप. |
| ३ | पत्र परीक्षा | — | — | |
| ४ | श्री वर्द्धमानस्तोत्र वृत्ति | — | — | विषमार्थवाळी |
| ५ | हेतु बिंदु टीका. | — | ५०० | दिगंबरीय तर्करूप. |
| | कुल ग्रंथ ४६. | कुले | १५३२३७ | ४५५०० दिगंबर न्याय. |

## परसमयना ग्रंथो.

| नंबर. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| | **वर्ग १ लो.** बौद्ध | | | |
| १ | तत्वसंग्रह | — | ३७१६ | प्रकृतीश्वरादि निरासवाच्य. |
| २ | तर्कभाषा टीका | — | ८४० | बालावबोधरूप३परिच्छेदवा० |
| ३ | न्यायबिंदु सूत्र | — | — | |
| ४ | वृत्ति | धर्मोत्तराचार्य | १४७७ | सूत्रसाथे |
| ५ | न्यायप्रवेशक टीका. | हरिभद्रसूरि | ८९७ | |
| ६ | ,, टिप्पनक | श्रीचंद्रसूरि | — | सं० ११६८ मां रच्युं. |
| ७ | प्रमाणवार्त्तिक | — | — | |
| | वृत्ति | — | — | |
| | **वर्ग २ जो.** न्यायमत | | | |
| १ | न्यायसूत्र | अक्षपाद | | |
| २ | भाष्य | वात्स्यायन | | |
| ३ | वार्तिक | भारद्वाज | | |
| ४ | तात्पर्य टीका | वाचस्पति | ५३००० | पंचप्रस्थानन्यायतर्कपर एट |
| ५ | तत्परिशुद्धि | उदयन | | ग्रंथमळीने ५३०००श्लोकछे |
| ६ | न्यायालंकार | श्रीकंठतथाअभयतिल. | | |
| ७ | न्यायकुसुमांजलि | — | | पत्र. ४६ नो ग्रंथ छे. |
| ८ | न्यायकलिका टीका | | ४०५ | |
| ९ | न्यायसार | | ४०० | एनुं अपरनाम न्यायभूषण |
| १० | ,, टीका | जापसिंह | २९०० | |
| ११ | ,, टीका | — | — | तेनुं नामन्यायसार विचारछे |
| १२ | पंजिका | — | — | |
| १३ | सारसंग्रह | — | — | |
| | **वर्ग ३ जो.** वैशेषिक | | | |
| १ | कंदली टीका | श्रीधर | ६००० | सं. १०४८ मां रची. |
| २ | टिप्पनक | पं० नरचंद्र | २५०० | |
| ३ | पंजिका | मलधा. राजशेखर | ४००० | सं. १३८५ मां रची. |
| ४ | किरणावली टीका | — | — | |
| ५ | टिप्पनक | | २३७३ | द्रव्यपदार्थउपरएटलुंटिपनछे |
| ७ | न्यायलीलावती | — | — | |
| ८ | भास्कर भाष्य भूषण | — | — | सृष्टयादिवाच्य |
| ९ | मनोहरग्रंथ | — | ७४० | हेतुसाध्यगत अशेष विशेष निरूपण सूत्रव्याख्यारूप. |
| १० | षट्पदार्थ प्रवेश | — | ९५० | |
| | | कुल | ८१९८ | |

| નંબર. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| | **वर्ग ४ थो.** | | | |
| | सांख्य. | | | |
| १ | सांख्य सप्तति | — | ७२ | |
| | वृत्ति | — | | |
| २ | वृद्धवादसार | भट्टश्रीविलास | ९०० | |
| | **वर्ग ५ मो.** | | | |
| | वेदांत. | | | |
| १ | शास्त्रदर्पण | — | — | ब्रह्माद्वैतसिद्ध्यादि वाच्य |
| २ | खंडनखंडखाद्य | श्रीहर्षकवि | — | चार परिच्छेदवालुं. |
| | टिप्पनक | — | — | — |
| | | कुले | ८११९० | |

# શાસ્ત્રીય રીતે સિદ્ધ થતી ધાર્મિક બાબતો.

પાળેલાં જાનવરો એટલે કે ગાય, ઘોડા વિગેરેમાં જંગલી ફાડી ખાનારા પ્રાણીએ એટલે સિંહ, વાઘ, વરૂ વિગેરે કરતાં વીજળીક પ્રવાહ વિશેષ હોય છે, અને તેથી તેમની જીંદગી લાંબી હોય છે. જીંદગી લંબાવવાને વધુ માંસના લોચાની જરૂર નથી, પણ જીવનતત્ત્વ ખેંચવાનીજ અગત્ય છે. શરીરમાંથી વીજળીક પ્રવાહ ઓછો થાય ત્યારેજ જાનવરો અને માણસપર દરદના હુમલા આવેછે. માંસ ખાવું એ મૅગ્નેટીઝમ ( વીજળીક પ્રવાહ ) ના નિયમથી ઉલટું છે. જાનવર જીવતું હોય ત્યાં સૂધી માંસ અને દૂધનું મૅગ્નેટીઝમ સરખું છે. મરણપછી માંસનો અસલ ગુણ બદલાઇ જઈ ગંદો બનેછે. જેમ જેમ માંસ વાસી, તેમ તેમ તનું મૅગ્નેટીઝમ નબળું હોય છે. જાનવરોમાં તેઓની લાગણી અને જુસાથી જેટલી ઝડપથી તનદુરસ્ત મેગ્નેટીઝમમાં મોટા ફેરફાર થાય છે, તેટલીજ ઝડપથી તે દરદો ઉત્પન્ન કરેછે. વળી વનસ્પતિમાં જાનવરોની જેટલી ઝડપથી લાગણી અને જુસા બદલાતા નથી અને તેથી તે થોડાં દરદો પ્રમાણમાં ઉત્પન્ન કરે છે. આ ઉપરથી જોવામાં આવશે કે માણસ કરતાં જાનવરોમાં દરદો ઓછાં હોય છે, અને જાનવર કરતાં વનસ્પતિમાં વિશેષ ઓછાં હોય છે. માંસ ખાનાર જાનવરની લાગણી અને જુસાનો ભોગ થઈ પડેછે. જે હુવામાં મૅગ્નેટીઝમ અથવા વીજળિક પ્રવાહ સારો હોય તે હુવા અને સાદી પણ ઉમદા વિચારવાળી જીંદગી જીવનદોરીને લંબાવેછે

માણસોમાં જો ફેરફાર ઘણા અને બહુ જલદીથી થાય તો તેનાપર દુઃખદરદો મોટા પ્રમાણમાં હુમલો કરે છે. આ માટેજ શાંતરીતે પ્રયત્નવાન જીંદગી ગાળવી એ શ્રેષ્ઠ છે એમ સમજી શકાશે. મનની નીચ ક્રિયાઓ એક દેશમાં લોકો લાંબો વખત જારી રાખે ત્યારે તે અદૃશ્ય વાતાવરણને ઝેરી બનાવે છે. જેમ વીજળીના પ્રવાહને બે પોલ Pole સામસામા હોય છે તેમ જમણી અને ડાબી બાજુએ અથવા ઉપલા અને નીચલા અવયવોમાં પૉઝીટીવ અને નેગેટીવ મૅગ્નેટીઝમ રહેછે. આંગળાં, આંખ અને મસ્તકમાંથી ઘણી ઝડપથી એ પ્રવાહ બહાર નીકળે છે. પ્રતિક્રમણ વખતે સ્થાપનાજી સ્થાપતાં પહેલો નવકાર અને પંચિંદ્રિય બોલતાં દરેક બોલનાર સ્થાપનાજી તરફ ઉંધો હાથ રાખી આંગળાં સ્થાપનાજી તરફ રાખી બોલેછે, તે ક્રિયા, વિચાર કરતાં જણાય છે કે, પ્રતિક્રમણ કરનાર સર્વ બંધુઓનો શુભ વીજળિક પ્રવાહ એકત્ર થઈ મોટા જથામાં સ્થાપનાજી આસપાસ શુભ વાતાવરણ ઉત્પન્ન કરે છે અને વાતાવરણ શુભ થવાથી વિશેષ સારા વિચારો ઉત્પન્ન થયા કરે એ દેખીતું છે. દેરાસરમાં ભલે અર્થની પૂરી માહિતીવિના પણ શુભ હેતુવાળા સ્તોત્રો, શ્લોકો અથવા પ્રાર્થના બોલાય તેથી તીર્થંકરની આસપાસની શુભ શ્રેણીમાં વિશેષ વિશેષ વધારો થતો જાય છે, અને તેમની આસપાસના જીવોને શુભ તરફજ દોરેછે. મસ્તકપર શિખા રાખવાનું કારણ પણ એટલુંજ લાગે છે કે મસ્તકમાંથી દરેક નીમાળાના ઝીણા બારીક ભાગમાંથી નીકળી જતો વીજળિક પ્રવાહ જાળવી રાખવો. શરીર ભીનાશવાળું હોય ત્યારે એ પ્રવાહ બહુ વેગથી બહાર નીકળે છે અને તેથી જણાશે કે ભીનું શરીર રાખવાથી પ્રવાહ ઓછો થવાથી દુઃખ ઉત્પન્ન થાય. મૅગ્નેટીઝમના પ્રયોગ કરનારા, ઉપલા બે પોલની ખબર હોવાથી પોતાનાં આંગળાંને થોડાંક ભીજવી ડાબો હાથ સૂર્યના Plaxus પર અને જમણો હાથ દુઃખતા ભાગપર મૂકી વીજળિક પ્રવાહનું કુંડાળુ બનાવેછે. પીડાતા ભાગમાં એ પ્રવાહ એકઠો થઈ દરદને દૂર કરે છે.

---

# જૈન સીરીઝ સંબંધી સૂચના

**મહેરબાન સાહેબ,**

સવિનય લખવાનું કે કોન્ફરન્સ હેરલ્ડમાં જૈન સીરીઝ તૈયાર કરવા માટેની જાહેર ખબરની કલમ પાંચમી આધારે લખવા હાંસલ કે,

પ્રાથમિક શાળાઓમાં ધોરણ બીજાથી ધાર્મિક શિક્ષણ ચાલુ કરવામાં આવે તો ત્રીજા અને ચોથા ધોરણમાં પંડિત ફતેચંદ કપુરચંદ લાલનની બનાવેલી પ્રથમ પ્રવેશિકા ત્રણ બુકો બરાબર કામ સારે તેમ છે, અને તે અનુક્રમે ચલાવવી જોઈએ.

અંગ્રેજી પહેલા ધોરણથી સાતમાં ધોરણ સુધીનો અભ્યાસક્રમ ગયા માર્ચમાસના અંકમાં પ્રગટ થયેલ છે એટલે એ સંબંધમાં વધારે લખવાની જરૂર નથી.

યુનીવર્સીટીના બી. એ. સુધીના ચાર વર્ષના કોર્સમાં નીચે પ્રમાણે જૈન અભ્યાસ ચલાવવા અમારો અભિપ્રાય છે.

૧ જ્ઞાનાર્ણવ સંસ્કૃત ટીકાસમેત, જ્ઞાતા સૂત્ર સટીક.

૨ પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય—ઉપાસક દશાંગસૂત્ર.

૩ સભાષ્ય તત્વાર્થધિગમસૂત્ર—ઉત્તરાધ્યયન સૂત્ર.

૪ દ્રવ્યાનુયોગ તર્કણા—જંબુદ્વિપ પન્નતિ સૂત્ર

એમ. એ. સુધીના અભ્યાસવાલાને જૈન ન્યાયાવતારિક સંસ્કૃત ગ્રંથ તથા માગધી જ્ઞાનના માટે આચારંગ સૂત્રણું જાણપણું થાવું જોઇએ.

દિગંબર જૈન બંધુઓએ પણ ચાર પરિક્ષા ઠરાવી છે.

૧ બાળબોધ પરીક્ષા. ૨ પ્રવેશિકા પરીક્ષા. ૩ વિશારદ પરીક્ષા. ૪ શાસ્ત્રીય પરીક્ષા.

## મુકાબલો.

બાળબોધ પરિક્ષાનો અભ્યાસ તે પ્રાથમિક શાળાની બરોબર છે.

પ્રવેશિકા પરિક્ષા તે અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ.

વિશારદ પરિક્ષા તે અંગ્રેજી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ.

શાસ્રીય પરિક્ષા તે લગભગ એમ. એ. સુધીનો અભ્યાસ

ધાર્મિક વિષયોપણ તેને લગતા ગોઠવેલા છે અને ૧૮ વરસે બધો કોર્સ પૂરો થાય છે. તેમ આપણે પણ બાળ વર્ગથી માંડી એમ. એ. સુધી બરાબર ૧૭-૧૮ વરસ લાગેછે અને અમારી અલ્પ સમજણ અનુસાર અમોએ દર્શાવેલા ગ્રંથો જો અભ્યાસમાં ક્રમાનુસાર ચાલુ થાય તો જૈન ધર્મનો ખરો રહસ્ય પાર પડેજ. આશા છે કે કમીટી આ પર પૂરતું લક્ષ આપશે.

માટે અરજ કે આ લેખ કોન્ફરન્સ હેરલ્ડમાં પ્રસિદ્ધ કરવા મહેરબાની કરશો તો જૈન બંધુઓને ઘણો લાભ થશે.

લી. જૈન સંઘનો સેવક.

માણુકચંદ પાનાચંદ સંઘવી.

શ્રી કચ્છ માંડવી જૈનમિત્ર મંડળીના મંત્રી.

# કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.

ડીરેકટરી ખાતું—તળ મુંબઇમાં ૫ માણુસો ઓફીસમાં કામ કરે છે. કચ્છદેશની ફોર્મવાર તારવણી છપાવામાટે તૈયાર થઈ છે. કડી પ્રાંતની તારવણી લગભગ અર્ધી ઉપરાંત થઇ છે. જે જે ગામોની ડીરેકટરી થઈ આવી છે તે ગામો ઉપરાંત બીજું કોઇગામ રહી ગયું ન હોય તે માટે બે માણુસો તપાસણીમાં જીલ્લાઓમાં ફરેછે. રજપુતાનામાં અજમેર ખાતે ડીરેકટરી બ્રાંચ ઓફીસ કોન્ફરંસ તરફથી ખોલવામાં આવી છે. ત્યાં ઓનરરી સુપરવાઈઝર શેઠ ધનરાજજી કાંસટીયાના હાથ નીચે ૧૫ માણસ આશરે કામ કરે છે. તેઓએ આશરે ૩૫૦ ગામોની ગણત્રી કરી છે. પ્રતાપગઢમાં બીજી બ્રાંચ ઓફીસ ખોલવામાં આવી છે, અને તેનો બંદોબસ્ત શેઠ લક્ષ્મીચંદજી ધીયા, પ્રૉવીન્શ્યલ સેક્રેટરી માળવા, તરફથી થાય છે. ત્યાં ૩ માણુસો કામ કરેછે. તે કામ થોડા વખતમાં પૂરૂં થવા સંભવ છે. સંયુક્ત પ્રાંતોની ડીરેકટરી મી. ફૂલચંદજી મોધાના નિઃસ્વાર્થ પ્રયાસથી સહરાનપુર ખાતે ઓફીસ ખોલી થાય છે. મધ્યપ્રાંતની ડીરેકટરી મી. માણેકચંદજી કોચર બી. એ. નરસિંહપુર ખાતે ઓફીસ રાખી કરે છે. ત્યાં માત્ર એક માણુસ છે. દક્ષિણમાંનાં ગામોની ડીરેકટરી પત્રવ્યવહારથી થાય છે.

મંદિરોદ્ધાર—૧૯૬૨ ના શરૂઆતથી નીચે પ્રમાણે રકમ જૂદા જૂદા દેરાસરોમાં અપાણી છે.

રૂ. ૨૦૦ ફલોધી પાર્શ્વનાથ પાસે ઓશીયા ગામ માટે. ડીસેંબર.
૨૦૦, શ્રી વડોદરા માટે દાદા સાહેબના દેરાસરના જીર્ણોદ્ધાર માટે.
૨૦૦, શ્રી અમદાવાદમાં ચંગપોળના દેરાસર માટે. જાન્યુઆરી ૧૯૦૬.
૧૨૫, શ્રી પાટણમાં કનાશાના પાડાના શ્રી શાંતિનાથજીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે.
૨૦૦, શ્રી જામખંભાળીઆના દેરાસર માટે.
૧૦૦, શ્રી શિરોહી જીલ્લામાં પીંડા તાલુકાના વસંતગઢના શાંતિનાથજીના દેરાસરમાં જીર્ણોદ્ધાર માટે.
૩૦૦, ડીસાપાસે પાલડીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે. માર્ચ.
૫૧, શ્રી કાઠીયાવાડમાં બોટાદપાસે પાલીયાદ ગામમાં શાંતિનાથજીના દેરાસરમાટે. એપ્રિલ.
૬૦૦, ઓશીયા નગરીના દેરાસરમાં જીર્ણોદ્ધાર માટે. જૂન.
૮, આસરે પરચુરણ દેરાસરોમાં ધૂપ વિગેરે માટે.
૬૫૦, પાટણપાસે રૂપપુરના દેરાસરમાં જીર્ણોદ્ધાર માટે.
૨૨૦૦, મેવાડ-મારવાડમાં જીર્ણોદ્ધાર માટે.

૪૮૩૪

જીર્ણોદ્ધાર ખાતે ઉપર મુજબ રકમો અપાઇ છે. હજી ઘણી જગ્યાએ કામ જારી છે.

આ સંબંધમાં જાણવું જરૂરનું થઇ પડશે કે મેવાડ—મારવાડનું કામ મી. લલુભાઈ જેચંદ પોતે જાતે જઈ તપાસ કરીને પોતાની દેખરેખ નીચે કરાવે છે અને

વલી તે કામોમાં સારી સ્થાનિક મદદ પણ તેઓ મેળવે છે. આ સંબંધી વીગતવાર હીસાબ હવે પછી છપાવવામાં આવશે.

**નિરાશ્રિત ખાતું**—જુલાઈ માસમાં નીચે પ્રમાણે મદદ કરવામાં આવી છે.

રૂ. ૧૧, ૭ વિદ્યાર્થીના સ્કોલરશિપ માટે.
૩૬, શોર્ટહેન્ડ, ટાઈપ રાઈટીંગ, તથા એકાઉન્ટન્સીના એક વિદ્યાર્થીના કોર્સના રૂ. ૧૦૮, માંથી એક હફતાના.
૨૦ એક વિદ્યાર્થીને ટાઈપરાઈટીંગ શીખવા માટે.
૧, એક વિદ્યાર્થીને ૧ શોર્ટહેન્ડ બૂક લેવા માટે.
૧૧, એક વિદ્યાર્થીને શોર્ટહેન્ડ વિગેરેની ૬ બૂકો લેવા માટે.
૫૨, ઓગણીશ માણસોને ખોરાકી માટે.
૨૦, પાંચ જૈન બંધુઓને વેપારની ફેરી માટે.
૪, બે જૈન ભાઈઓને દેશમાં જવા માટે રેલ ભાડું.
૫, એક વિધવા સ્ત્રીને લુગડાં માટે.

---

રૂ. ૧૬૦

**કેળવણી ખાતું**—જુલાઈ માસની મદદ નીચે પ્રમાણે:—

૫, એક વિદ્યાર્થીને સ્કોલરશિપ.
૧૧, બે સ્ત્રીઓને ,,
૬૦, માંગરોળ સભા તરફથી ચાલતાં કેળવણીના કાર્યમાં મદદ પેટે.
૪૦, લાલબાગ બોર્ડીંગ માટે—ચાલુ હીસાબ પેટે.
૨૭, શ્રાવિકા શાળા મુંબઈમાં, પગાર તથા કન્ટીન્જંટ.
૨, એક સ્ત્રી વિદ્યાર્થીને ચોપડીઓ.

---

રૂ. ૧૪૫

નિરાશ્રિત અને કેળવણી ખાતાને અંગે મુખ્ય કાર્ય અમદાવાદ ઓફીસ ખાતે કરવામાં આવે છે એટલે અત્ર વિશેષ નથી.

**શ્રી કૉન્ફરન્સ હેરલ્ડ ખાતું**—જુલાઈ માસમાં લવાજમ રૂ.૧૦૨-૩-૦ આવ્યા છે. હેરલ્ડ પરની ટીકેટોના રૂ. ૩૨-૮-૦, હેરલ્ડ સંબંધી પત્રવ્યવહાર વિગેરેના રૂ. ૧૧-૦-૦ તથા પ્રુફ સુધારવાના તથા મેટર લખામણના માસ ૪ના પગારના રૂ. ૬૦—૦—૦ તથા કૉરસ્પૉન્ડન્સ કલાર્કના રૂ. ૧૫—૦—૦ મળી ખર્ચ રૂ. ૧૧૮—૮—૦ થયા છે. છપામણી ખર્ચ જ્યારે બીલ ચૂકવાય છે ત્યારે એક સાથે ઉધરે છે. તેથી આ મહિનામાં ઉધર્યું નથી. લવાજમ પણ પ્રમાણમાં થોડું આવ્યું છે. જે જૈનબંધુઓ હેરલ્ડ તરફ કૃપાદૃષ્ટિ રાખે છે, તેમને સવિનય નમ્ર વિનતિ કે આપની પાસે અમારૂં લવાજમ ચડેલું હોય તો કૃપા કરી મોકલશો, કારણ કે માસિકનો આધાર લવાજમ પરજ હોય છે.

**શ્રી ડીરેકટરી ખર્ચ ખાતું**—આ ખાતામાં જમે રકમ કાંઈ હોઈ શકેજ નહિ. માત્ર ખર્ચ પાસુંજ છે. શ્રી અજમેરની ડીરેકટરી બ્રાંચ ઑફીસ માટે સીપાઇઓ સારૂ ચાર

ચપરાસોના રૂ. ૧૨—૦—૦, ત્યાંના સ્ટાફના પગારના રૂ. ૨૦૨—૦—૦, શ્રી હેડ ઑફીસ ખાતે પગારના રૂ. ૫૦—૮—૦ તથા ડીરેકટરી પોસ્ટ, સ્ટેશનરી, પાર્સલ, વિગેરે પરચુટણ ખર્ચના રૂ. ૩૩—૩—૩ મળી કૂલ ખર્ચ રૂ. ૨૯૭—૧૧—૩ થયા છે. એ માણસો, જે તપાસણીમાં ગયા છે, તેમનો પગાર ઉપલી રકમમાં સમાવ્યો નથી.

પુસ્તકોદ્ધાર ખાતું—આ ખાતે મી. તુકારામ હનમંતરાવ મી. રવજીભાઇ સાથે કામ કરે છે. આ ખાતા તરફથી પુસ્તકોનું લીસ્ટ બહાર પડવાનું છે તે જેમ બને તેમ જલદી બહાર પડશે. અત્યાર સૂધીમાં થયેલી ભંડારોના પુસ્તકોની ટીપની અનુક્રમવાર તારવણી થાય છે. આ તારવણીથી બીજા ભંડારો જોવામાં ઘણી મહેનત ઓછી થઇ જશે.

ઉપદેશક—મી. ટોકરશી નેણશી શ્રી ફલોધી પાર્શ્વનાથનો મોટો મેળો જે ભાદરવા વદ ૮–૯–૧૦ મે ભરાય છે ત્યાં તે પ્રસંગપર જવાના છે. હાલ ચોમાસાને સબબે તેઓનું સ્થાન મુંબઇ છે. આંહી નિવાસ દરમ્યાન માંગરોળ જૈન સભાની ભાષણ શ્રેણિમાં "જૈન મિશન" ઉપર એક ભાષણ તેમણે આપ્યું હતું. કચ્છની ડીરેકટરી તથા બીજું એક કામ જે કોન્ફરન્સ તરફથી થોડા વખતમાં હાથમાં લેવાનો સંભવ છે તેમાં તેમણે મદદ કરી છે.

દ્રવ્યસ્થિતિ—થોડા વખત ઉપર એક અંકમાં જણાવી ગયા છીએ અને પુનઃ વિનતિ કરવા રજા લઇએ છીએ કે કેળવણી ખાતું, નિરાશ્રિત ખાતું, કોન્ફરન્સ નિભાવ ખાતું, એ ત્રણે ખાતાઓ તદન દ્રવ્યરહિત સ્થિતિમાં, સૌથી અગત્યના, પહેલી મદદ કરવાને લાયક, અને વિસરી જવાય તો નુકસાન થાય તેવી હાલતમાં છે. આપણા જૈન બંધુઓ અને સામાન્યરીતે હિંદુજનમંડળ, એવા ખ્યાલમાં છે કે કીર્તિ વધે તેવા કામમાં પૈસા વાપરવા કે જેથી ઉગી નીકળે. પરંતુ બંધુઓ, એટલું અવશ્ય યાદ રહેવું જોઇએ કે જેને મદદની ખરેખરી જરૂર છે, જે તમારો અવાજ એકત્રરીતે, દ્રઢતાથી, અસરકારક રીતે રજુ કરનાર છે, તેના નિભાવ માટે કંઈ સંગીન મદદ નહિ થાય, તો આગલું કરેલું ભૂસાઈ જવા સંભવ રહેશે. માટે જે ત્રણે ખાતાઓ માટે અત્ર સવિનય નમ્ર દીન પ્રાર્થના કરવામાં આવે છે, તેને દરેક શુભાશુભ પ્રસંગે લક્ષમાં લેશો.

સુકૃત ભંડાર ખાતું—આ ખાતામાં આ વર્ષમાં આશરે રૂ. ૭૦૦, જૂદે જૂદે સ્થળેથી આવ્યા છે. જળગામથી રૂ. ૬૫, કોસંબાથી રૂ. ૧, રંગુનથી રૂ. ૩૯, આમલનેરથી રૂ. ૨૧, પ્રભાસપાટણના રૂ. ૧૫, જબલપુરથી રૂ. ૩, ઉદેપુરથી રૂ. ૧૨૫, ગુજરાનવાળાથી રૂ. ૧૯૩, શ્રી અમદાવાદ જૈન જ્ઞાનોદય સભા તરફથી રૂ. ૧૦, શ્રી જાવદથી રૂ. ૧૫, શ્રી રાંધેજાથી રૂ. ૫, શ્રી ખેડાથી રૂ. ૧૫, બારેજાના રૂ. ૨, પ્રતાપગઢથી રૂ. ૧૦૧, તથા શ્રી ગાડરવાડાથી રૂ. ૭–૮–૦ એ પ્રમાણે રકમો આવી છે. આ ખાતા માટે થોડીએક રકમો ઘરદીઠ લાગાથી એકઠી થઇને આવેલી છે, થોડીએક સંઘ સમસ્ત તરફથી આવેલી છે, અને કેટલીએક ગૃહસ્થો તરફથી આવેલી છે. આ ખાતું મદદને પાત્ર છે, તેમાં મદદની જરૂર છે, માટે ધ્યાનમાં લેવા નમ્ર વિનતિ છે.

મિથ્યા મે દુષ્કૃતં—ભાદરવા શુદ ૪ ગુરૂવારે સમાપ્ત થતા પર્યુષણ પર્વના સાંવત્સરિક પ્રતિક્રમણમાં સકળ સંઘને ખમાવ્યા છે. આ માસિકનો ઉદ્દેશ કોઇના પ્રતિ વિના-

કારણ કે કટુ શબ્દ ઉચ્ચારવાનો છેજ નહિ, છતાં જાણે અજાણે કોઈ પણ મનુષ્ય બંધુ તરફ અપ્રિતિ, અવિનય થયો હોય તેને માટે ત્રિવિધ ત્રિવિધ ક્ષમા માગીએ છીએ.

**ઓફીસ બદલી**—શરાફ બજારમાંથી કોન્ફરન્સ ઓફીસ, મકાનના માલિકે અતિશય સખ્ત ભાડું માગવાથી ફેરવવાની ફરજ પડી છે, અને ચંપાગલીમાં ઓફીસનું મકાન રાખવામાં આવ્યું છે.

# શ્રી સંઘને વિજ્ઞપ્તિ.

આ થી શ્રી જૈન (શ્વેતાંબર) ચતુર્વિધ સંઘને વિનયપૂર્વક જણાવવામાં આવે છે કે, શ્રી સંઘનાં જાહેરખાતાં જેવાં કે દેરાસર-પોષધશાળા-પાઠશાળા-પાંજરાપોળ-બોરડીંગસ્કુલ-લાયબ્રેરી-જ્ઞાન ખાતું-જીવદયા ખાતું-સાધારણ ખાતું તથા સભાઓ-વીગેરે જાહેર ખાતાના હીસાબ તથા વહીવટ વીષે કંઈપણ ફરીઆદ કરવાની હોયતો તેમણે પોતાના ખરા નામથી અમોને નીચેને સરનામે ચોકસ હકીકત સાથે લખી જણાવવું.

તા. ૩૧-૮-૦૯.

આસીસ્ટંટ સેક્રેટરી.<br>
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.<br>
ચંપાગલી, મુંબઈ.

# વેશ્યાગમન.

(લેખક-શા. માણેકલાલ વાડીલાલ-મદ્રાસ.)

હે સજ્જનો, જે મનુષ્યો આ પ્રાની દુનીઆની અંદર પોતાનું નામ અમર કરી જાય છે, તે રૂડાં કૃત્યો કરવાથીજ. કહેલું છે કે રૂડે નામ કે ભુંડે નામ. તે કહેવત તદ્દન ખરી ઠરે છે. સત્પુરૂષો સારાં કામો કરી લોકો ઉપર સારી છાપ બેસાડી પોતાનું નામ સુપ્રસિદ્ધ કરે છે. ત્યારે કેટલાક હીનભાગ્ય પુરૂષો સારૂં નામ મેળવવાના ઉત્તમ સાધનો છતાં આડે મારગે ચાલી ખરાબ આચરણો કરી તથા નીચ કામો કરી પ્રજામાં ધીક્કાર કે હાંસીને પાત્ર થાય છે. એટલુંજ નહીં પણ ખરાબ દાખલો આપી બીજાઓને પણ બગાડે છે.

સજ્જન પુરૂષોનું મુખ્ય કર્તવ્ય પોતાની સદ્ગુણી સ્ત્રી ઉપરજ પ્રેમ રાખી બીજી સ્ત્રીઓને પોતાની મા, તથા બેન સમાન ગણવી જોઇએ તે છે પણ દુર્જનો આથી ઉલટો રસ્તો ગ્રહણ કરે છે. પોતે વેશ્યાગમન કરી ત્યાં જ સુખ માની અનેક તરેહના અનર્થો કરે છે. પોતાનો પૈસો ગુમાવી, શરીર પ્રકૃતિમાં વિષનો વેલો ઉગાડી કીર્તીને કાળો ડાઘ લગાડી, કુટુંબમાં કુંડો કલેશ જગાડી, માત પિતાએ મેળવેલી આબરૂ ઉપર પાણી ફેરવી, ગૃહસુખમાં અગ્ની સળગાવી, જેઓ કુછંદમાં છકી જાય છે તેઓના જેવા બેવકુફો, કુળાંગાર તથા દુર્ભાગી બીજા કોણ હશે ? હીન ભાગ્ય તેવા જનોના કે જેઓ ત્રણ બદામની વેશ્યાના સંગમાં કોડી જેવા બને છે! સગાં વહાલામાં ધિક્કારને પાત્ર થાય છે.

સત્ય પ્રેમને જાણનારી સદ્ગુણી પત્નીને તરછોડી દેઇ તેણીના પ્રેમના ઘાતક થાય છે. **વેશ્યાની સંગત સર્વ સુખમાં પુળો મુકનાર અને સર્વ પ્રકારના અધર્મનો માર્ગ દેખાડનાર ભોમીઓ સબળ શત્રુ રૂપે છે.** અનેક મનુષ્યો એ પાપમાં ફસાઈ ભીખારી બન્યા છે. ખાખી બાવા થયા છે. ધર્મથી ચળ્યા છે. રોગનો ભોગ થઇ મરણ પામ્યા છે. આ જગતમાંથી કાળું કરી પેઢી દર પેઢીથી મળતી આવેલી આબરૂને પતંગની પેઠે આકાશમાં ઉડાવી ગયા છે. બંધુઓ! પૈસાના મદમાં કેટલાકોનું એમ પણ માનવું છે કે, પૈસાના જોરમાં તેમના કૃત્યો કોઇ જોઈ શકતું નથી. પણ એ તેમની ભુલ છે. જેમ ઉગેલો સૂરજ કંઈ ઢાંકયો ઢંકાઈ રહેતો નથી તેમ અધર્મ કદી પણ ઢંકાતોજ નથી. પાપનો ઘડો ભરાયે તરત ફુટે છે. અને તેઓના કૃત્યોના ભવાડા માટે તેઓને કાને આવો કે ન આવો પણ લોકો તો વાતો કરશેજ તથા ધીક્કારશેજ. પૈસાના મદમાં ગમે તેટલી મોટાઇ મનમાં માને તેથી શું થયું? જે મનુષ્યે વેશ્યાને ઘેર વાસ કર્યો તેનાં નશીબમાં જુઠું બોલવાનો લેખ તો લખાયલોજ સમજવો. જુઠું બોલવાનું અને તેથી થતાં વિશ્વાસઘાતનું પાપ દરેક ધર્મશાસ્ત્રમાં ઘણું મોટું ગણેલું છે. એના જેવું બીજું પાપ શું છે ? એવા પાપને રસ્તે લેઇ જનાર માત્ર એક નીચ જાતની અબળા ઉપરનો ખોટો મોહ છે. કેવું અજાયબ જેવું? વાત છાની રાખવા વાસ્તે હડહડતું જુઠું બોલવું પડે છે, એવું અસત્ય બોલતાં કરેલા એક અપરાધને છુપાવતાં બે અપરાધ થાય છે. બંધુઓ! વિચારો કે જે મનુષ્ય વેશ્યાગમનમાંજ મોહલુબ્ધ બની રહે છે તે કેવું ઘાતકી કૃત્ય કરે છે? તે પોતાની ખરી પ્રેમદાની આંતરડી કકલાવી, તેને તરછોડી, તેનું અપમાન કરી, તેને દુઃખ દે છે એ કંઈ નાની સુની વાત નથી.

સજ્જનો! વેશ્યાના ફંદમાં ફસી પડેલાં જનો જ્યારે પછવાડેથી **કાંટાના બીછાના અને જુતીના માર.**—નો અનુભવ મેળવે છે ત્યારે છેવટે પોતાના કૃત્યો માટે રડે છે, તેમની સ્થીતિ કસાઈને પણ દયા આવે એવી થઇ પડે છે. પળે પળ ને ડગલે ડગલે જુઠું તેઓને બોલવું પડે છે. એ દુષ્ટ ધંધામાં પૈસો તો મુખ્ય પદાર્થ છે. કહ્યું છે કેઃ—

દોહરો—કલ્લી કાઢી કર તણી લઈ આપે પકવાન;
ગણીકાને વળી ગંઠીઓ જાણો બેહુ સમાન.

વળી કહ્યું છે કેઃ—

ધન લાવે મન લાવતી, નિર્ધન થયે અભાવ;
સગી પૈસાની પદમણી, જાતે નીચ સ્વભાવ.

માટે બંધુઓ ! જ્યાં સુધી પૈસો ભરપુર હોય છે ત્યાં સુધી તો ઠીક ચાલે છે. પણ જ્યારે જર ખુટે છે, ગાંઠમાં બિલકુલ પૈસો રહેતો નથી એટલે છેવટ ચોરીનો ધંધો શોધવો પડે છે. એ ધંધાથી અનેક રોગ શરીરમાં પેદા થાય છે.

**જગતમાં સર્વ પાપનું મુળ, સર્વ પ્રકારના દુઃખોનો પાયો અને નાશનું તાજું અને તરત ઉગી નીકળે એવું બી તે માત્ર વેશ્યાનો સંગ ને વ્યભિચારજ છે.**

પણ કામી પુરૂષો કામાંધ બની મોહમાં પડે છે. તે આંખ ક્યારે ઉઘાડે છે, કે જ્યારે ચારે તરફથી બળતા અગ્નીના ભડકા વચ્ચે ઘેરાયેલો પોતાને જુએ છે, ત્યારેજ રૂવે છે.

દોહરો—પડયો વિષયના ફૂંદમાં, ધરી પ્યાર અપાર;
પસ્તાશે પુરો થશે તન મન ધનથી ખ્વાર.

વળી બંધુઓ! વ્યભિચારની અંદર અનેક તરેહના અનર્થો સમાયલા છે. વિદ્વાનોએ નીચે મુજબ વર્ણવેલું છે:—

દોહરો—ચોરી જુઠ ગુના વળી, અધર્મ ને અન્યાય;
વિવિધ દોષ વ્યભિચારના કુકર્મમાં કે' વાય.

વળી કહ્યું છે કે:—

નામ બુડાડે બાપનું, કુળમાં ધરે કલંક;
ટળે ન કદી એ ટાળતાં તે લાંછનનો અંક.

આપણામાં કહ્યું છે કે, માથું જાયતો ભલે જાઓ પણ ચણી જેવડું નાક જશો નહિ. કપાએલું નાક કદી પણ સાજું થઈ શકતું નથી. પોતાની આબરૂ જાળવવાને અર્થે ઘણા સજ્જનોએ પોતાના દેહનો ત્યાગ કરેલો સાંભળ્યો છે. તો છડે ચોક નફટ્ થઇને ફરવામાં શું ફાયદા! તેવા મનુષ્ય જીવતાં છતાં મુવા સમાનજ છે. આ લોકમાં રાજા દંડે છે. લોકો ગાળો ભાંડે છે. તથા નરકમાં પુરતી ફજેતી સાથે અથાગ કષ્ટ સહન કરવું પડે છે. આ ઠેકાણે કરણ ઘેલાનો દાખલો લેવો ઠીક પડશે. કરણે પોતાના પ્રધાન માધવની સ્ત્રીને બળાત્કારથી ઉપાડી લાવી જે અનર્થ કર્યો ને તેથી તેનું, તેના રાજ્યનું, તથા તેની પ્રજાનું જે સદંતર સત્યાનાશ વળી ગયું, તે તો જગજાહેર છે. પોતે રણમાં ઘણા દીવસ રખડી રખડી મરણ પામ્યો. લંકાધિપતિ રાવણનું રાજ્ય પણ વિષય વાંચ્છનાની અભિલાષાથીજ જડમૂળથી નાશ પામ્યું. આવા અનેક દાખલાઓ બન્યા છે, બને છે, ને બનશે. તો બંધુઓ! જેઓ આ ફૂંદમાં ફસી પડયા છે તે-ઓએ શા વાસ્તે વ્યભિચારને ખરા અંતઃકરણથી દૂર ન કરવો જોઇએ!

---

## લગ્ન.

(લેખક—શા. નરોતમદાસ ભગવાનદાસ-મુંબઈ.)

હેતુ—મનુષ્યમાત્રમાં મુખ્ય બે જાતિ—સ્ત્રી અને પુરૂષ—કેવી રીતે ઉત્તમ જીવન ગાળી શકે, એક બીજાને સહાયભૂત થઈ બીજાની ખોટ પોતે કેવી રીતે પૂરી શકે, અને અનેક સ્ત્રી અથવા પુરૂષ તરફ લાલસા રાખવા કરતાં એકજ વ્યક્તિથી સંબંધ જોડી, તેમાંજ સંતોષ માની, વિષયને સંકોચી, મારૂં એવી ભાવના થવાથી સ્ત્રી અને સંતતિ માટે દરેક રીતની ફીકર રહેવાથી ઉદ્યમી થવાની વૃત્તિ થાય, ખર્ચ પણ વિચારીને કરાય વિગેરે કારણોને લઇને લગ્ન સંસ્થા આવશ્યક છે.

પૂર્વાર્ધ—પુસ્તકમાં, જીવનમાં અને દરેક વ્યવહારમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એ બે વિભાગ હોય છે. લગ્નનો પૂર્વાર્ધ વેવિશાળ છે. કોઈ કોઈ અતિશય આગળ વધેલી વિદ્વાન્ વ્યક્તિનું કહેવું તો એટલે સૂધી છે કે વેવિશાળ એ વચગાળેની સ્થિતિની—સંસ્થાની—જરુર નથી. તેઓ એવું કારણ આગળ કરે છે કે વેવિશાળ ન હોય અને માત્ર

લગ્નજ હોય તો વેવિશાળ પછી જે ઘણા વેવાઇઓ વચ્ચે કજીઆનું બી રોપાય છે, વેવાણો વચ્ચે લૂગડાં ઘરેણાં માટે કંકાસ થાય છે, અને સ્થિતિ મધ્યમ અથવા ગરીબ હોય તોપણ વેવિશાળ પછી લૂગડાં ઘરેણાં કરવામાં શક્તિ હોય યા ન હોય છતાં બહારથી દેખાવ રાખવા માટે કરજમાં ઉતરવું પડે છે, અને સૌથી અગત્યનું તો એ છે કે પાંચ વર્ષનો વર વધૂ વચ્ચે ફેર રાખતાં કન્યાની ઉમર ૧૪ વર્ષે થતાં ૧૯ વષ વરનું લગ્ન કરવુંજ પડે, અને તેથી છોકરાની ઈચ્છા, શક્તિ અને સ્થિતિ અભ્યાસ આગળ વધારવાની, કાંઈ પરદેશ જઈ પરાક્રમ કરવાની, અથવા બીજી ઉચ્ચ અભિલાષાની હોય તો તે અટકી પડે છે. માટે તે પક્ષનું કહેવું એમ છે કે વે વિશાળ નાહક કરતાં માત્ર લગ્નજ કરવાં અને વેવિશાળ કરવું એ અવસ્યજ ધારવામાં આવે તો લગ્ન પહેલાં માત્ર ૧–૨ મહિનામાંજ વેવિશાળ કરવું. ઉપલા વિચાર ધરાવનાર વર્ગ બહુજ નાનો છે. હાલ .ખરેખરી સ્થિતિ તો એવી ચાલે છે કે શ્રીમાનના ફરજંદ તદન બચપણમાંથી અથવા ૬–૭ વર્ષની ઉમરે વરી શકે છે. તેમને કન્યા મળી શકે છે, તેથી પોતાની આબરૂ બહુજ સારી છે, એમ દેખાડવા ખાતર અથવા બાંધેલો સંબંધ ભવિષ્યમાં વેવિશાળ કરેલાં બાલકોને મદદરૂપ થઈ પડે, એવા હેતુથી નાનપણમાં વેવિશાળ કરવામાં આવે છે. જે કન્યાનું વેવિશાળ કરવામાં આવે છે તે કન્યાના માતાપિતા હમેશાં સારૂં કરવાની ધારણાથીજ કન્યાનું વેવિશાળ કરે છે. પોતાનાં ફરજંદનું કોઈ બૂરૂં ઈચ્છેજ નહિ. માત્ર જે લોભી, ગરીબ સ્થિતિના, આળસુ અને ધંધો નહિ કરતાં માત્ર વગર મહેનતે મેળવેલા પૈસાથી તાગડધીન્ના કરવાની ઇચ્છા રાખનાર માબાપો હોય તેજ પોતાની પુત્રીને ૪૫-૫૦ અથવા તેથી વધુ ઉમરના પતિસાથે પરણાવે છે અને પૈસાની મોટી રકમો લે છે તેઓજ પોતાના ફરજંદનું બુરૂં સમજવાં છતાં પૈસાને ખાતર તેમ કરે છે. કેટલાક ગરીબ સ્થિતિના માબાપો પોતાની પુત્રીના પૈસા લેવાની ફરજમાં આવી પડે છે. કારણ કે તેમના પુત્રના પૈસા બેસતા હોવાથી, પુત્રીના પૈસા ન લે તો પુત્ર કુંવારો રહી જવાની ધાસ્તી રહે છે. એવી રીતે ઇચ્છા વિરૂદ્ધ પૈસા લેવા પડે એ વ્યક્તિના દોષ કરતાં રીવાજને લીધે ફરજે પડે છે.

બાળલગ્ન—બ્રાહ્મણ વિગેરે વર્ણોમાં કન્યાનાં લગ્ન ૧૨—૧૩ વર્ષે થાય છે, તે પણ નૈતિક હિમતવાળા માણસો એટલી ઉમરસૂધી ખેંચી શકે છે. બાકી સામાન્ય રીતે ૧૦–૧૧ વર્ષની ઉમરે કન્યાનાં લગ્ન થાય છે. આ દેખાદેખીથી, હમેશના સંસર્ગથી બીજી વર્ણો-સાથે આપણી કોમમાં પણ કન્યાનાં લગ્ન ૧૨—૧૩ વર્ષે થતાં, તે હમણાં થોડા વખતથી ૧૩—૧૪ વર્ષની હદ આવી છે. પુરૂષની ઉમર ૧૮ વર્ષની થાય તે પહેલાં લગ્ન કરવાં એ પરિપકવ દશા વિનાના પુરૂષને માથે બોજો નાખવા સમાન છે. અને બહુજ નાની અવસ્થામાં કન્યાનું લગ્ન કરવું તેથી કન્યાને, વરને અને કુટુંબીઓને ગુંચવણ ઉત્પન્ન થાય છે. કોઇક માબાપો ખરચની કસરમાટે નાની પુત્રી અથવા પુત્રના, મોટી પુત્રી અથવા પુત્રના લગ્ન સાથે, લગ્ન કરી નાખે છે. પણ આથી લાગતાવળગતા બધાને ઘણી મુસ્કેલી ઉત્પન્ન થાય છે. એ માટે માત્ર માનસિક હિમતનીજ જરૂર છે. શક્તિ ન હોય તો થોડો ખર્ચ કરવો એ ઉત્તમ, પણ ખરચના કારણે માનસિક ધૈર્યની ખામીને લીધે પોતાનાં ફરજંદોનું અહિત કરવું એ ઇષ્ટ નથી.

**વૃધ્ધલગ્ન**—પુત્રી તો ઘણે ભાગે પરણે છે એ નિશ્ચયજ, કુંવારા રહે છે તે તો પુરૂષોજ. પુરૂષકરતાં સ્ત્રીની સંખ્યા થોડીક વધારે છે એ ખરૂં, પણ તે પ્રમાણમાં બહુજ નજીવી. આપણા હિંદુસંસારમાં ૪૦ વર્ષની ઉમરે પરણેલી એવી એક સ્ત્રીનો દાખલો કપોળ જ્ઞાતીમાં રાજુલાનો જાણવામાં છે, બાકી કોઈપણ સારા કુટુંબની કન્યા ૧૩—૧૪ વર્ષથી વધારે ઉમરે પરણે એવું ભાગ્યેજ જણાય છે. કોઈ કોઈ દ્રવ્યલોભી, પુત્રી હિત ન જોતાં સ્વહિત જોનાર, રૈ રૈ નર્કના અધિકારી માબાપો પુત્રીને મોટી ઉમરની એટલે ૧૮-૧૯ વર્ષની કરે છે, એ અતિશય લજ્જાસ્પદ છે. વૃદ્ધલગ્ન એટલે ઘણું કરીને ૪૦ વર્ષ ઉમર પછીના પુરૂષના લગ્ન ગણી શકાય. વૃદ્ધ પુરૂષો લગ્ન કરે છે તે કેટલાએક પુત્રલાલસાથી તથા કેટલાએક સ્ત્રીરૂપી રત્નવિના ઘરનો વ્યવહાર બધો ગુંચવાઇ જાય તે માટે કરે છે. એટલું ખરૂં છે કે સ્વસ્ત્રી સમજુ હોય તો તે એવી ઉત્તમ મદદ કરી શકે છે, મંદવાડ વખતે એવી જાળવી શકે છે અને દરેક રીતે વ્યવહાર એવો સારી રીતે નિભાવે છે કે ઘરની આબરૂ વધે છે. વૃદ્ધને કન્યા આપતાં સમજુ માણસ અચકાય એ સ્વાભાવિક છે. ઘણે ભાગે પૈસા વિના વૃદ્ધ લગ્ન કરી શકે એ અસંભવિત છે. સમજુ, તથા લગ્નવિના ચલાવી શકે તેવા વૃધ્ધોએ મોટી ઉમરે બનતાં સૂધી લગ્ન ન કરવાં એ ઈષ્ટ છે. વિલાયતમાં મોટા ખાનદાનની કેટલીક સ્ત્રીઓ બહુ મોટી ઉમરે લગ્ન કરે છે, એવું સુભાગ્યે આપણી કોમમાં નથી. અને પુરૂષો પણ બનતાં સૂધી આમ ન કરે તો કન્યાવિક્રયપર એક આકરો પ્રહાર થાય. કેટલાક સમજુ ભાઈઓ પણ મોટી ઉમરે, વૃદ્ધાવસ્થા જાળવવા ખાતર લગ્ન કરે છે, તે બની શકતાં સૂધી ન થાય તો ઉત્તમ.

**લગ્નખર્ચ**—પુત્રના પિતાને કન્યાનાં ઘરેણાં, વસ્ત્ર, તથા બીજા વરઘોડા અથવા જમણના ખર્ચમાં દ્રવ્ય વાપરવું પડે એ સ્વાભાવિક છે. પુત્રીના પિતાને પણ કન્યા માટે વસ્ત્ર, વર તથા તેમનાં સગાવહાલાંને ચાંદલો તથા ભોજન ખર્ચ કરવું પડે છે. પરંતુ એ બધા માટે એક વાત તદન નકી કરવી જોઈએ કે સ્થિતિ અનુસારજ, લોક લાજમાં તણાયા સિવાય ખર્ચ થવો જોઈએ. કદાચ પુત્ર માટે તો કરજ પડે છે, પણ પુત્રી માટે તો અવશ્ય સ્થિતિ વિચારવીજ જોઈએ. પગ જોઈને પાથરણું નહિ તાણનાર કરજ કરીને અતિશય મુસ્કેલીમાં ઉતરે છે, વ્યવહારમાં હલકો પડે છે, મનકલેશથી આત્માને મલિન કરે છે. માટે અવશ્ય સ્થિતિ જોવા વિનંતિ છે. શ્રીમાનો ભલ સારો લ્હાવો લે, પણ તેમના સાત માળના મહેલ જોઈને તમારી ગરીબ ઝુંપડી વીખી નાખશો એ કેટલો કાળ નીભી શકશે?

**લગ્ન ક્યારે કરવાં**—પુત્ર લગ્ન ગમે તે સંજોગમાં ૧૮ વર્ષ પહેલાં તો નજ થવાં જોઈએ. માબાપ વૃદ્ધ હોય અને તેમની ઇચ્છા ઉત્કટ હોય તો લેખક રસ્તો બતાવવા લાચાર છે. માબાપ પરમપૂજ્ય છે, તેઓના એટલા અસંખ્ય, અવર્ણ્ય ઉપકારો છે કે માબાપ થનારજ તે સમજી શકે, અને તે માટે લગ્ન જેવી ગંભીર બાબતમાં પણ શાંતિથી, સમજાવીને કામ લેવાય તેમ રાખવું. પુત્રી લગ્ન ૧૪ વર્ષની ઉમરે-તે પહેલાં પણ નહિ અને પાછળ *પણ નહિ—થવાં જોઇએ.*

**લગ્નરહિત સ્થિતિ**—જે દેશો અતિશય ઉચ્ચ કેળવણી લેતા જાય છે, અને પોતાની ભગિનીઓને તેવીજ કેળવણીનો લાભ આપી પોતાના સરખા હકો આપી તેમના તરફ હદકરતાં પણ વધારે ઉચ્ચ માનની લાગણી બતાવે છે, તેઓ માનિનીને ફૂલાવે છે; માનિની પોતાના સ્વબળપર મુસ્તાક રહી પોતાનું ભરણ પોષણ જાતે ધંધો કરી મેળવવા ઇચ્છે છે. તેની ધારણ એમ છે કે સ્રીએ શામાટે પુરૂષને અધિન રહેવું ? પરિણામ બહુ વિચિત્ર, ખેદજનક, અને તે દેશોના વિચારવાન મનુષ્યોને વિચારમાં ગરકાવ કરનાર આવ્યું છે. યૂરોપ અમેરિકાના અમુક દેશોમાં સ્રીઓ અને પુરૂષો સાથે રહી એક બીજાને મદદ રૂપ થઈ પડવાને બદલે સ્રીઓએ અતિશય ખર્ચથી પુરૂષોની ધીરજનો અંત આણ્યો, તેથી કેટલાક પુરૂષો પણ કુંવારા રહે છે. પુરૂષો કુંવારા રહેતાં સ્રીઓએ કુંવારા રહેવાની જરૂર પડે છે. આવી રીતે યૂરોપીય-અમેરિકન સંસાર મુસ્કેલીમાં ફસાતો જાય છે, તે જોઇને અમેરિકન એકત્ર સંસ્થાનોના પ્રમુખ મી. રૂઝવેલ્ટને પણ કહેવું પડ્યું છે કે હવે સ્રીઓએ પુરૂષોની સાથે ધંધાની હરીફાઈમાં હદ કરી છે, ૧૦૩ ધંધા-માંથી ૧૦૦ ધંધા તેઓ કરે છે, મગજપર અતિશય બોજો પડવાથી જનનેંદ્રિયને અતિ-શય હાનિ થાય છે, પ્રજોત્પત્તિ પર અસર થાય છે, વસ્તી ઘટતાં ઘટતાં પરિણામ માટે ચિંતા થાય છે. અહા, આર્યઋષિઓ, શાસ્રકારો કેવા ડહાપણથી ઉત્તમ નિયમ યોજી ગયા છે. તે વિરૂદ્ધ સ્થિતિથી ઉત્પન્ન થયેલી આ મુસ્કેલીઓ બતાવે છે. લગ્ન રહિત સ્થિતિ પવિત્ર રહેતી હશે ? રહી શકતી હશે ? પ્રભુ જાણે. પણ જોખમમાં રહેવા કરતાં એક પતિની પ્રભુ માફક સેવા કરવી એ આર્યનિયમ અતિ ઉચ્ચ, ગ્રાહ્ય, છે.

**પુનર્લગ્ન**—ધર્મપત્નીની દેહમુક્ત થતાં બીજી સ્રી ૪૦ વર્ષ સૂધી ગૃહવ્યવહાર નિભાવવા માટે, વૃદ્ધાવસ્થા પાળવા માટે કરવી પડે છે એ ક્ષમ્ય છે. પતિ થાકયો પાકયો આખા દિવસમાં અફળાઇને ગૃહે આવે ત્યારે શાંતિ આપનાર, મન સ્થિર કરનાર, મન સ્થિરતાથી વ્યવહાર, દેશ વિગેરેને ફાયદો કરનાર ગૃહરાણીની જરૂર પડે છે અને તેથી ઉપરની ઉમરસૂધી બીજી પત્ની કરવી એ સર્વોત્કૃષ્ટ તો નહિજ પણ મધ્યમ માર્ગ છે. પુત્ર નહિ હોવાથી એક સ્રીપર બીજી, બીજીપર ત્રીજી, ત્રીજી દેહ મુક્ત થતાં ચોથી કરવી એ ગર્હ્ય, નિંદનીય, તિરસ્કારને પાત્ર છે. શું સ્રી પોતાની શોકયને જોઈને બળીને બેઠી થતી નથી ? બે સગી બહેનો હોય તો પણ શોકય તરીકે તેઓ કદી સુજ્ઞ સ્રીઓ નીવડી શકે એ આકાશ કુસુમવત છે. કોઈ સ્રી, બહુવાર કહેવાથી, શોકય લાવવા પતિને હા કહે તો તે માત્ર બહારનીજ હા છે, અંતરની નથી. આ ઉપરથી જણાશે કે પતિને પણ પોતાના પ્રેમના વિભાગ કરવા પડે છે. એકનું ખેંચતાં બીજીને દુ:ખ લાગે છે, વિક્ષેપ શરૂ થાય છે. પુત્ર મોક્ષનું અથવા સ્વર્ગનું સાધન તો નથીજ. માત્ર દુનિયામાં આનંદ આપનાર " મારૂં " એવી ભાવના હોવાથી મનને શાંતિ ઉત્પન્ન કરનાર, તથા વારસો જાળવનાર સાધન છે. કોઇ વખતે પુત્રો રત્ન થાય છે, અને કોઈ વખતે પુત્રો કુપુત્ર, બાપનું નામ બોળનાર થાય છે. માટે પુત્રો માટે એક જીવતી સ્રીપર બીજી કરવી એ તો અતિશય વિચારણીય છે. એક કરતાં વધુ જીવતી સ્રીઓ અથવા એક ગુજરી જતાં બીજી સ્રી કરવાથી કન્યાની સંખ્યામાં ઘટાડોજ થતો જાય છે, અને તેથી કન્યાની છત

રહેતા માબાપ સામાન્ય સ્થિતિના માણસ સાથે પણ કન્યા વરાવી એ સામાન્ય માણસનો ગૃહવ્યવહાર સુખી કરત એ બનતું અટકે છે. હાલ જે કન્યાની છત કોઇ કોઈ સ્થળે દેખાય છે, તેનુ કારણ તો એમ છે કે માબાપો પોતાની પુત્રીને શ્રીમાન, અથવા સાધારણ સ્થિતિવાળા વર સાથે વરાવવા ઇચ્છે છે, અને તેથી એક નીચલો વર્ગ, જે જરા મોજીલો, કુટુંબની જંજાળમાં પડીને ફસાઈ જાય તેવો છે, તે વર્ગ કન્યા વિનાનો રહી અવિવાહિત જીંદગી ગાળે છે. પુરૂષ પુનર્લગ્ન વિષે આટલું કહ્યા પછી સ્ત્રી પુનર્લગ્ન, જેના દૃષ્ટાંતો આપણા શાસ્ત્રમાં તો, યોગ્ય લગ્ન પછીના, એકે જાણવામાં નથી, તે વિષે હાલના જમાનામાં જે પ્રવૃત્તિ અનિષ્ટ રીતે પ્રચલિત થઈ છે તે વિષે બોલીશું. આ લેખક પહેલાં એમ ધારતો હતો કે પુનર્વિવાહની જરૂર છે, પરંતુ એક ગ્રેજ્યુએટ બંધુએ તેનું ધ્યાન ખેચ્યું કે આ સવાલ સંસાર બંધારણને લગતો છે, માત્ર આર્થિક અથવા વ્યવહારને લગતો નથી, ત્યારે તેને કબૂલ કરવું પડયું છે કે સત્ય છે. સંસાર બંધારણના સવાલોને હચમચાવતાં બહુજ વિચારની જરૂર છે. પુખ્ત વિચાર કર્યાવિના કરેલું કામ એવે ઉંધે રસ્તે—અગાધ ખાડામાં—લઈ જાય છે કે ત્યાંથી પાછું ફરવું એ તદન અશકય થઈ પડે છે, દુ:ખ ભોગવ્યાવિના બીજો ઉપાયજ રહેતો નથી, અને આ વિષયમાં અન્ય સ્થળે જણાવ્યું છે તેમ, પાછા ફરવા માટે ઉપાયો બહુજ મુસ્કેલીથી યોજવા પડે છે. તેવીજ રીતે આ સવાલ માટે એક માણસે અથવા સમુહે પુખ્ત વિચાર પછીજ નિશ્ચય પર આવવાનું છે. નહિતર થયેલું પુનર્લગ્ન રદ થઈ શકશે નહિ. પુનર્લગ્નની તરફેણ કરનારાઓની દલીલ એ છે કે પતિ દેહ મુક્ત થતાં પત્ની સંસારસુખથી રદ થાય છે, તે તેણીને મળવું જોઇએ, કારણકે પતિ ગુજરી જવાથી તેની વાસનાઓ તદન શાંત થતી નથી. પુનર્લગ્નની છૂટ મૂકવામાં આવે તો અમુક વય સૂધીની સ્ત્રીઓ કરી શકે, અને તે ઉમર ઉપરાંતની ન કરી શકે એ નિયમ એકને ગોળ અને એકને ખોળ જેવો થાય છે. પુનર્લગ્નપક્ષી કહે છે તેમ જેની ઈચ્છા હોય તે કરે, પ્રતિબંધ નહિ જોઇએ, તે નિયમથી પણ છૂટજ થઇ જાય અને લાંબો વખત સંસારવાસના તૃપ્ત થઈ હોય તો પણ વિષયસુખને માટે પુનર્લગ્ન ઇચ્છેજ, અને તેથી મનુષ્ય દેહમાંથી જે આત્મકલ્યાણ શોધવાનું છે તે નહિ સધાતાં વાસનાપંથજ વિશેષ વધી જાય. કહેવામાં આવે કે પુરૂષ વાસના તૃપ્ત કરે તો સ્ત્રી શામાટે ન કરે? જવાબ ઉપર અપાઇ ગયો છે છતાં ફરી કહીએ છીએ કે પુરૂષને ગૃહબહારની જંજાળમાંથી ઘરે આવતાં સાથીની જરૂર છે. સ્ત્રીને ગૃહબહારની જંજાળમાં આર્ય વ્યવસ્થા પ્રમાણે, પડવાનુંજ નથી. એટલે પુરૂષ અને સ્ત્રીની સરખામણી એ બાબતમાં એકસરખી થઈ શકશે નહિ. બીજી દલીલ એ આણવામાં આવે છે કે પતિ જીવતો હોય ત્યાંસૂધી વિષયવાસના હોય, અને ગુજરી જતાં વિષયવાસના શાંત થઈ જાય, એટલે કે એક ઘડીના અરસામાં વિષયવાસના મૃતપ્રાય થઇ જાય એ કેમ બને? થોડાજ વખતમાં વિધવા પવિત્રતાનું પૂતળું કેવી રાતે બની શકે? જવાબ એ છે કે વિષયવાસના પતિ દેહમુક્ત થવા પછી, આત્મહિતાર્થ સમજણ પૂર્વક અથવા શ્રદ્ધાપૂર્વક તેણીએ દાબી દેવાની છે. હાલના આપણા સંસારમાં શ્રદ્ધાપૂર્વક દબાય છે. કોઇ કોઈ વિધવાઓએ છુટા છવાયા દૃષ્ટાંતોમાં

એવા કોઈ સંબંધીની ઇચ્છા વિરૂદ્ધ પુનર્લગ્ન કરે એ ઉપલા સંબંધીઓને સારૂં લાગતું હશે ? તેમણે કન્યાને ઉછેરીને મોટી કરી તે એટલા માટેજ કે ? કોઇ પણ જૈન વિધવાએ પુનર્લગ્ન ઇચ્છયું હોય એવું જાણવામાં નથી. પુનર્લગ્નની વિરૂદ્ધનો પક્ષ કહે છે કે બાળલગ્ન ઘટે, વૃદ્ધવિવાહ ન થાય, તો પુનર્લગ્નની જરૂર ન રહે. અમે ઉપર કહી ગયા છીએ કે બાળલગ્ન થએલાં ન હોય છતાં પણ કર્મવશાત વૈધવ્ય આવ્યું તો મૃતપતિના ગુણને સ્મરી તેનુંજ શરણ રાખવું જોઇએ. બીજા પતિનું શરણ ન લેવું જોઈએ. વૃદ્ધવિવાહ તો અટકી શકે એ, ગરીબ હિંદના હાલના સમયમાં અમુક અંશે, દૂર લાગે છે. છતાં ત્યાં પણ ઉપલી વાતજ લાગુ કરવાની છે. આ પક્ષની બીજી દલીલ એ છે કે પુનર્લગ્નની છૂટ સ્ત્રીને મળી તો સ્ત્રી પતિનું ખૂન કરી શકશે, અને પ્રસંગ મળતાં અણગમતા પતિનો વહેલો અંત આણશે. અમે આ દલીલ માની શકતા નથી. પતિ જાણતો હોય કે હું બીજી સ્ત્રી પરણી શકું તેમ છું, છતાં સ્નેહબંધનની સાંકળથી જકડાયેલો પતિ પ્રેમી પત્નીને મારી નાખવા તત્પર થાય છે? કદી નહિ. પ્રેમમાં એ અવકાશજ હોય નહિ. આ રીતે અમને તો પુનર્લગ્ન ઇષ્ટ લાગતા નથી. યૂરોપમાં પણ ઈટલી, જે ત્યાંના મુખ્ય ધર્માધ્યક્ષ પોપની રાજ્યધાનીવાળો દેશ છે, ત્યાંપણ છૂટા છેડા કોર્ટથી થઇ શકતા નથી. તાત્પર્ય એ છે કે ધર્મી દેશમાં સંસાર કરતાં પરલોક સાથે સંબંધ રાખતા ધર્મને પ્રથમ પદ આપવું. વિધવાઓની સંખ્યા એકરોડ જેટલી છે, એમ હાલ પત્રોમાં લખાય છે, તેથી ગભરાવાનું કાંઈ કારણ નથી. આપણી કોમમાં ૧૩-૧૪ વર્ષની અંદરની વિધવા હોઈ શકે, એ ગપ છે. કારણકે તે પહેલાં આપણામાં લગ્નજ નથી.

વરવિક્રય—પુત્રીના પતિને પૂરતના રૂપૈયા કહેવા અને લગ્ન પ્રસંગે આપવા એ વરવિક્રય છે. આ રીવાજ બહુ ઇષ્ટ નથી. સારૂં ઘર અને સારો વર જોવા માટે કન્યાના પિતાને તણાવું પડે છે. ગૃહસ્થોએ આ રીવાજ પોતાને ઘેરથીજ કાઢી નાખવા યત્ન કરવો જોઇએ.

**સવેલી**—પૈસાના લોભથી, અથવા વરમાં શરીરની ખોડ ખાંપણથી વેવિશાળ કરેલી કન્યાને બીજે આપવામાં આવે છે. પૈસાના લોભથી આપવી એ તો કસાઇનુંજ કામ છે. એ પૈસા કદી ટકી શકતા નથી. દીકરીના ઘરનું ખવાય તે હોય તે પણ લઈ જાય છે.

**લગ્ન કરવાં માબાપની ફરજ છે?**—પુત્રીના લગ્ન માટે તો નિઃસંશય ફરજજ છે. નહિ તર પુત્રી કૂળનું કાળું કહેવરાવે. પુત્રને માટે તેને કેળવણી આપવી એ પહેલી ફરજ, અને પછી સ્થિતિના પ્રમાણમાં ધંધો શીખવી લગ્ન કરવાં એ બીજી પણ અવશ્યની ફરજ છે. ગરમ હિંદમાં પવિત્ર જીવન વહન કરવું બહુજ મુશ્કેલ છે.

ગર્ભપાત કર્યો જાણવામાં આવે છે, પણ તેથી વિધવાઓના સમગ્ર વર્ગ માટે એમ કહી શકાય નહિ. વિષયવાસના લાંબો વખત સેવેલી એવી વિધવાઓ પણ ગર્ભપાત કરે છે, એ સત્ય, પણ તેનું કારણ વિધવાપર જોઇતા મૃદુ અંકુશની ખામી, ઉછાંછળી પ્રકૃતિ, અને કદાચ કામનો બોજો નહિ જેવો હોવાથી એમ બને છે. પણ એ સર્વનું ઔષધ આપણી ઘણી વિધવા સ્ત્રીઓમાં જોવામાં આવે છે તેમ સામાયક, પૌષધ, ઉપવાસ, દેરાસરગમન વિગેરે જ્ઞાન તથા ચારિત્રને સાધનભૂત ક્રિયાઓથી સાધવામાંજ છે. તપ કરવાથી મનની સર્વ ઇંદ્રિઓ અને ખાસ કરી વિષયવાસના કેવી ભસ્મીભૂત થઇ જાય છે તે હુમણાજ પસાર થએલા પવિત્ર પર્વાધિરાજ પર્યુષણ સમયે, કરેલ ઉપવાસ પ્રસંગે ઘણા ભાઇઓએ અનુભવ્યું હશે. આવી રીતે તપસ્યાથી કર્મ કરેલાં નિર્જરવાનાં છે, અને નવાં કર્મ બાંધતાં અટકાવવાના છે. કેળવાયેલ વિધવાઓ સ્ત્રીશિક્ષક, તથા નર્સ તરીકે સારૂં કામ કરી શકે. પવિત્ર રહેવા ઇચ્છિનારને કોઈ ભ્રષ્ટ કરી શકતું નથી, અને પતન થવા ઇચ્છિનારને કોઈ અટકાવી શકતું નથી. બીજી દલીલ સ્ત્રીઓને વસ્ત્ર સુશોભિત તથા ઘરેણાં પહેરવામાં થતી અડચણ વિષે લવાય છે કે તેઓનું મન કેવી રીતે શાંત થઇ ગએલું હોય. સર્વ બંધુઓના જાણવામાં હશે કે બાળવિધવાનાં વસ્ત્ર તથા ઘરેણાંનો તેણી જીવનપર્યંત ઉપયોગ કરી શકે છે, તેણી ચૂડી વિગેરે વેશ પણ રાખી શકે છે. વિધવા સ્ત્રીએ કેળવણી લઇ દીક્ષા ધારણ કરી, શ્રાવિકાઓને સદુપદેશ દઈ ચારિત્રને દીપાવવું એ પણ સર્વોત્તમ માર્ગ તેમને માટે ખુલ્લો છે. વિધવા વિવાહની છૂટીથી સંસાર બંધારણને ધોકો પહોંચી જાય, એ આપણે ઉપર જોઇ ગયા. હવે આપણામાં પાછી વળેલી કન્યા બીજે ઘરે વરતાં, આગલા સાસરીયા તથા પાછલા સાસરીયા વચ્ચે કેવો સજ્જડ અણબનાવ અને અપ્રીતિ રહે છે તે સર્વ ભાઈઓના ધ્યાનમાં હશે. ત્યારે વેવિશાળ કરેલીજ કન્યા બીજે જતાં આટલો વિષવાદ થાય છે, તેને બદલે પરણેલી, સંસારભોગવેલી, લાંબો વખત સગપણમાં રહેલી સ્ત્રી બીજે પરણે, તે આંખથી ઝેર ખમાય ખરૂં ? કોઈ દીવસ પણ તે ઝેર ખરાબ પરિણામ આણે. જે જ્ઞાતિઓમાં પુનર્લગ્ન છે તેમાં આવા કાંઈ કાંઇ પરિણામો નજરે પડે છે. વિધવા વિવાહ પક્ષી કોઇએ પોતાની પુત્રી, બહેન, માતા, અથવા એવા નિકટ સંબંધીઓનાં લગ્ન કરાવી આપ્યાં હોય એવું જાણવામાં નથી. આ સવાલ ઘણી બાજુવાળો છે. પ્લેગ દરમ્યાન ભર જુવાન અવસ્થામાં ઘણા [illegible] થાય છે, તેઓમાં કોઇ તો ૧૮ વર્ષની ઉમરે પરણ્યા હોય, કન્યાની ઉમર તે વ[illegible] વર્ષની હોય, તેવા પણ દૃષ્ટાંતો બને છે. એવા દૃષ્ટાંતો અતિ ભયંકર, હૃદયભેદક, અને પુર્વિવાહનો સવાલ ઉત્પન્ન કરે એવા હોય છે. પોતાના નિકટ સંબંધીની ધર્મપત્ની, વિવાહથી જોડાયલી સંબંધીનું પુનર્લગ્ન ઇચ્છે, પણ વડિલોના ડરથી ઉચ્ચારી નહિ શકે એવા કેળવાયલા સમજુ યુવકો જોયા છે, પરંતુ બંધુઓ, જે એક વખત આપણાં તદન નિકટના સગાની સ્ત્રી હોય, તે બીજાને પરણે એ વિચારતાં કંપારી નથી છૂટતી ? એક યુવક, જે પુનર્લગ્નની તરફેણમાં હતા, તેઓ કમનસીબે, યુવાવસ્થામાંજ વિધવા મેલી ગયા છે, તે શું કદી એમ ઇચ્છી શકે કે મારી સ્ત્રી બીજાને વરે ? જો એમ થાય તો " મારૂં " એવી ભાવના નષ્ટ થઇ જાય. શું કોઇ વિધવા સ્ત્રી પોતાના પિતા, વાલી, વડિલ અથવા

# મરહૂમ શેઠ પ્રેમચંદ રાયચંદ.

આ સંસારમાં દશ્ય મનુષ્યવસ્તી આસરે દોઢ અબજ માણસોની છે, તેમાં પણ હિંદ માંહેની આપણી જૈન કોમ માત્ર પંદર લાખ મનુષ્યનીજ છે, તેમાં એક રત્ન સમાન મુંબઇ ઈલાકામાં નામદાર મરહૂમ ગાયકવાડ જેવા ઉત્તમ દેશી નૃપતિની પ્રશંસા પામેલા અને કોમના અતિ મજબૂત અચળ સ્થંભ એવું આ રત્ન તા. ૩૧ આગષ્ટ ૧૯૦૬ ભાદરવા શુદ ૧૩ શુક્રવારે દેહમુક્ત થયું છે, જનાર ગયું છે, પણ અતિશય મોટી સંખ્યાને ખરેખરા હૃદયના શોકમાં લીન કરી ગયું છે. મરવું તો દરેકને છે, પણ આવું મોટી સંખ્યાનું પાલણહાર, ધર્મિષ્ટ, અને કોમનું નાક જતાં શોક ન થાય એ માત્ર વિચાર વિનાના માણસો માટેજ સંભવે. તેમની ઉમર આશરે ૭૫ વર્ષની હતી. જૈન સંસારમાં આ ઉમર અતિ પુખ્ત ગણાય, એવી ઉમરે બીજા બંધુઓ દેહોત્સર્ગ પામે તો અતિશય શોકનું કારણ ગણાતું નથી, પરંતુ આ શેઠ સાહેબને માટે જે શોક થાય છે તે ભવિષ્યમાં નામદાર સરકાર, દેશી રાજ્યો અથવા બીજી ભાઇબંધ કોમોમાં તેમની પ્રતિષ્ઠા તથા લાગવગથી જે સગવડ, સરલતા અને ખાતરી મળતી હતી તે, લગભગ નહિ જેવી થઇ ગઇ, તેથીજ થાય છે. તેમના માતા પિતા તરફથી લક્ષ્મી વારસામાં ઉતરી નહોતી, પણ સ્વોપાર્જિત લક્ષ્મીનોજ અતિશય સદ્ઉપયોગ તેમણે પોતાના જીવન દરમ્યાન કર્યો છે. મુંબઇ-ઈલાકામાં પારસીઓમાં સર જમશેદજી જીજીભાઈ, સર દીનશાજી પીટીટ તથા મી. જમશેદજી ટાટા અને ભાટીઆઓમાં શેઠ ગોકુળદાસ તેજપાળ જેવા સખાવતી થયા છે, તેવાજ ખરી દિશામાં પૈસા વાપરનાર જૈન કોમમાં શેઠ પ્રેમચંદ મુખ્ય હતા, એ નિર્વિવાદિત છે. પૈસા એ સંસારમાં રહેનારને ઉપયોગી ચીજ છે, તે ઉપાર્જવા મુશ્કેલીનું કામ છે, ઉપાર્જીને પોતાના જીવન દરમ્યાનજ પોતાનેજ હાથે સુમાર્ગે વાપરવા એ તેથી પણ મુશ્કેલ છે, એ સર્વ આ ચરિત્રનાયકે બહુ ઉત્તમ રીતે કરી દેખાડયું છે. પૈસા ગર્વ ઉત્પન્ન કરે છે, એ દુર્ગુણ આ શેઠમાં હતોજ નહિ. મોટા નાના સર્વ સાથે મિલનસારપણે, સભ્યતાથી, સમજણ રૂપે તેઓ વર્તી શકયા એજ ખરેખરી મોટાઈ છે. તેમનો એક શબ્દ, એક મોટા ગામનું આખું વગવાળું મહાજન કરી શકયું નહોતું, તે કરવા સમર્થ થયો હતો, મતલબ કે દેરાસરજી ખસેડવું પડે એવા કામમાં પણ તેઓનો એક શબ્દજ બસ થઈ પડયો હતો. તેમની પૂર જાહોજલાલી સન ૧૮૬૨ માં હતી, જે વખતે તેઓ દરેક બેંકમાં, દરેક મુખ્ય કંપનીમાં એટલો વગ ધરાવતા હતા કે મેનેજર તેમના કહેવા પ્રમાણેજ ચાલતા, અને જો ઉંધો ચાલે તો તેનો સંપૂર્ણ પરાજ્ય કરવાને પ્રેમચંદભાઈ શકિતમાન હતા. આની સાબીતીમાં એટલુંજ કહેવું બસ થશે કે એક લશ્કરી અમલદાર, અને બીજા બે સનંદી અમલદાર (જેમાં એક મુંબઈ હાઈ કોર્ટના માજી ચીફ જસ્ટીસ હતા) નું બનેલું એક કમિશન, (જે મુંબઈ બેંકના દીવાળાની તપાસ માટે નીમવામાં આવ્યું હતું) આંહી તથા વિલાયત સંપૂર્ણ તપાસ કરીને એવાજ નિશ્ચયપર આવ્યું કે Premchand was the Bank—પ્રેમચંદભાઈજ બેંકના ખરેખરા કર્તા કારવતા હતા. સામાન્ય રીતે યુરોપીયનો કેટલા ચપળ વ્યાપારી

છે, પૈસાની બાબતમાં સગા દીકરાની પણ તેઓ શરમ રાખે તેવા નથી, તેવી પ્રજાનો આવો ઉચ્ચ વિશ્વાસ મેળવવો એ શું જેવા તેવા સાધારણ માણસનું કામ ગણાય? પોતાની ચડતીના સમયમાં તેઓએ એવી યોજનાઓ કરી હતી કે જેના રૂ. ૫૦૦૦, ના શેરના રૂ. ૬૫૦૦૦, ભાવ થઇ ગયો હતો અને તેમની બજારની ચડતી પડતી કરવાની કળાને લીધે તેઓને દરેક નવી કંપની શેરો મોકલી આપતી, કે જેથી પ્રેમચંદભાઇ ભાવ વધારે તો કંપનીનું શ્રેય થાય. ઉત્તર દક્ષિણ અમેરિકાની લડાઇનો અંત આવતાં રૂના ભાવ એટલા ગગડી પડયા કે આ સાત ક્રોડના માલિકને રૂપૈયાનો અર્ધો આનો ચૂકવવો પડયો, પણ તેવા સમયે પણ તેઓએ ધીરજ મૂકી નહિ.

## રાતો રવિ રંગે રહે, ઉગતાં ને અસ્ત થાતાં

એ કહેવું સહેલું છે, પણ કરી બતાવવું અતિશય મુશ્કેલ છે તે આ ગૃહસ્થે કરી બતાવ્યું એ તેમની હૃદયની મોટાઇ. તેઓ પોતાની જ્ઞાતિની ઉન્નતિ માટે કેવી ઉત્તમ લાગણી ધરાવતા હતા, તે પોતાના સંપૂર્ણ જાહોજલાલીના વખતમાં એકએના દરેક રૂ. ૫૦૦૦, ની કીંમતના શેર પોતાની જ્ઞાતિમાં વહેંચ્યા હતા, તે પરથી જાણી શકાય છે. પોતાની જૈનકોમ માટે કેવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવવાની આશા રાખતા હતા તે એટલા પરથીજ જણાશે કે તેમણે કોન્ફરન્સ તરફથી ફંડની શરૂઆત થયા પહેલાં પોતેજ પહેલ કરી નિરાશ્રિત જૈનબંધુઓ માટે રૂ. ૫૦૦૦, આપ્યા હતા. દેશની ઉન્નતિ કેળવણી તથા વ્યાપારમાંજ છે એમ સંપૂર્ણ રીતે જાણતા હોવાથી તેમણે મુંબઇ યુની-વર્સીટીને લાઈબ્રેરી માટે રૂ. ૨૦૦,૦૦૦ પોતાની માતુશ્રીનું નામ અમર રાખવાને માતુશ્રી રાજબાઇના નામપરથી રાજબાઈ ટાવર બાંધવા માટે રૂ. ૨૦૦,૦૦૦ તથા બીજી મદદ રૂ. ૨૨૫૦૦૦ ની મળી કુલ રૂ. ૬૨૫૦૦૦, કલકત્તા યુનીવર્સીટીને સ્કૉલરશિપ સ્થાપવા માટે રૂ. ૪૨૫૦૦૦, અમદાવાદમાં એક ટ્રેનીંગ કૉલેજ સ્થાપવા માટે રૂ. ૮૦૦૦૦, ફ્રીયરફ્લેચર હાઇસ્કૂલને રૂ.૬૦૦૦૦, સ્કૉટીશ ઑર્ફનેજ ( બાળાશ્રમ ) ને રૂ. ૫૦૦૦૦, ભરૂચ પિતાશ્રી રાયચંદ દીપચંદના નામથીજ લાઈબ્રેરીમાં રૂ.૫૦૦૦૦, સુરત લાઇબ્રેરીમાં રૂ. ૨૦૦૦૦, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને રૂ.૨૦૦૦૦, રૂ.૧૦૦૦૦ ઍલેક્ઝાંડ્રા કન્યાશાળાને, લાઇબ્રેરીઓને પરચુટણ રૂ. ૨૫૦૦૦૦ એ પ્રમાણે કુલ રૂ. ૧૬૦૦૦૦૦ આશરે કેળવણી માટેજ ખર્ચ્યા છે. પોતાનો નિવાસ મુંબઈ ઈલાકામાંજ હતો, છતાં કલકત્તા જેવા બીજા ઇલાકાની યુનીવર્સીટીને પણ મદદ કરી એ વિશાળ દિલથીજ બની શકે. માતાને મુંબઇમાંના ટાવરપરથી, તથા પિતાને ભરૂચમાંની લાઈબ્રેરીથી ચિરસ્મરણીય કર્યા છે મુંબઈમાં રાજબાઈ ટાવર કેટલો બધો જાણીતો છે તે મુંબઈ નિવાસી સર્વને માલૂમ છે. ટ્રેનિંગ કૉલેજની મદદ કેટલી કીમતી છે તેનો ખ્યાલ એટલા પરથી આવશે કે હાલ ટ્રેન્ડ શિક્ષકોની નાની સંખ્યા પણ નજરે આવે છે તે આ કૉલેજનાજ પ્રતાપ છે. રાજકોટમાં બાર્ટન ટ્રેનિંગ કૉલેજ છે, પણ ત્યાં પૂર્ણ અભ્યાસ થતો ન હોવાથી ત્યાંથીજ ત્રીજા વર્ષ માટે અમદાવાદ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં તેઓ આવે છે. બાળકોને કેળવવાં એ પવિત્ર કામ ગણાય, ત્યારે તે બાળકોને કેળવનાર તૈયાર કરવા એ કેવું મહદ્ પુણ્યનું કામ છે, તે સહજ વિચારો. ફ્રીયર ફ્લેચર હાઇસ્કુલને મદદ કરી તે

તેઓ સમગ્ર વિશ્વને કેવી રીતે એક રૂપજ માનતા હતા તે દર્શાવે છે. જ્ઞાતિભેદ નહિ રાખતાં ગમે તે કોમને મદદ એજ તેમનો આશય હતો. ઓર્ફનેજને મદદ એ કેટલી કીમતી છે તે એટલા ઉપરથીજ સમજાશે કે હાલના સમયમાં આપણે બાળાશ્રમ માટે વિચાર કરીએ છીએ, ત્યારે આજથી ૪૦ વર્ષઉપર તેઓ તેને મદદ કરવા આગળ પડી શકયા હતા. કન્યાશાળા તથા લાઈબ્રેરીઓને મદદ એની કીમત જેટલી આંકીએ તેટલી ઓછીજ છે. મુંબઇ આવનાર જૈન બંધુઓને જમવાની અગવડ ન પડે તે માટે રૂ. ૫,૦૦,૦૦૦ ના વ્યાજમાંથી વીશી ચલાવવા સારૂ તે રકમ જુદીજ કાઢી રાખી હતી. આ રકમનો મોટો ભાગ ઘસાઈ ગયો છે, પણ હજી નાના પ્રમાણમાં તે વીશિ ચાલે છે. બિચારા ગરીબ બંધુઓ માટે કેટલી કાળજી! ધર્મશાળા માટે સુરતમાં રૂ. ૬૫,૦૦૦, જુનાગઢમાં રૂ. ૪૦,૦૦૦, આણંદમાં રૂ. ૨૦,૦૦૦, કુંડલા પાંજરાપોળ તથા બીજા ૭૬ ગામોમાં ધર્મશાળા, કુવા, તળાવ, વિગેરે માટે કુલ રૂ. ૬,૦૦,૦૦૦ ની સખાવત તેઓએ કરી છે. ઉપર જણાવેલી રહેવાના સ્થાન તથા પાણીના સ્થાન માટેની સખાવત કેટલી પુણ્યપ્રદ છે તે સમજાવવાની જરૂર નથી. દર મહિને પોતાની ચઢતીના વખતમાં રૂ. ૮,૦૦૦ તથા તે પછીના વખતમાં પણ દર મહિને આશરે રૂ ૩,૦૦૦ ની સખાવત તેઓ કરતા હતા. તેમની પાસે ગયેલ કોઈ ટીપ, ખરડો, યા યાચક પાછો આવ્યો નથી. તેમની કુલ સખાવત રૂ ૬૦,૦૦,૦૦૦ ની ગણાઈ છે. શું આમાંથી એક પણ સખાવત એવી છે કે જેને માટે બે મત થઈ શકે? તીર્થાધિરાજ પ્રાયઃ શાશ્વત સિદ્ધાચળજી, જે દેશી રાજ્યના તાબામાં હોવાથી વલોણાવારે આપણને મુશ્કેલીમાં અને ચિંતામાં રહેવું પડે છે, તે તેમની ચડતીના વખતમાં તેઓ ખરીદવાની અણીપર હતા, પરંતુ સમસ્ત હિંદની જૈનકોમના કમનસીબે જે રૂ. ૫.૦૦,૦૦૦ આપીને તેઓ શત્રુંજય જૈનકોમને માટે પાલીતાણાના દરબારપાસેથી ખરીદવાના હતા તે રૂપૈયા બીજેજ દિવસે કાગળપર રહી ગયા, અને કાર્ય સાધી શકાયું નહિ. કર્મની ગહન ગતિ છે! આ કોન્ફરન્સ માટે તેઓની ખરા હૃદયની શુભેચ્છા અને કાળજી હતી. ઉપર જણાવેલા રૂ. ૫,૦૦૦ ઉપરાંત, રૂ. ૧૦૦૦ કોન્ફરન્સ નીભાવ ફંડમાં, આંહી ભરાયેલી કોન્ફરન્સની બેઠક વખતના ફંડમાં, મેમ્બાનો માટેના ફંડમાં તથા છેલા છેલા પોતાના પ્રિય મરહુમ વડિલ પુત્ર ફકીરભાઇના સ્મર્ણાર્થે રૂ. ૨,૫૦૦ સ્કોલરશિપ માટે પાટણ ખાતે જાહેર કર્યા તે મળી કુલ રૂપીયા ૧૦૦૦૦ આશરે તેમણે આપ્યા હતા. કોન્ફરન્સના આવા શુભેચ્છકના જવાથી તે અતિશય દિલગીરી જાહેર કરે છે તથા તેમના પગલે ચાલવા તેમના પુત્ર ટીકાભાઇને પ્રાર્થી તેમની દિલગીરીમાં દિલાસો આપે છે. તેઓ કેટલા ધર્મનિષ્ઠ હતા તે એટલા ઉપરથીજ જણાશે કે તેઓ હમેશાં નિયમિત પુજા કરનારા તથા ગોડીજીને દેહેરે આવનાર હતા. આટલી ધનસંપત્તિ, ઇંગ્રેજી છટાદાર જ્ઞાન તથા યુરોપીઅનોનો પ્રસંગ છતાં ધર્મશ્રદ્ધા, જૈનધર્મ શ્રેય છે એવી દ્રઢ માન્યતા, એ અનુપમ ગુણો હતા. તેઓ કેટલું ગુપ્ત દાન કરનાર હતા, તે એટલા પરથીજ જણાશે કે એક દેરાસરનો એક મુનીમ જેણે સટા વિગેરેમાં રૂ. ૪૫૦૦૦ ખોઈ દેરાસરજીમાંથી ઉચાપત કર્યા હતા, તેણે તે રૂપિયા માટે આત્મઘાત

કરવા નિશ્ચય કર્યો. પાછળથી તેને લાગ્યું કે પ્રેમચંદભાઈને પૂછી જોઉં તે પ્રમાણે તેણે વિનંતિ કરી. પ્રેમચંદભાઈએ પોતાના માણસસાથે રૂ. ૪૫૦૦૦ તે દેરાસરમાં મોકલી તે માણસને દેવદ્રવ્યથી બચાવ્યો, અને એક મનુષ્ય દેહ બચાવ્યાનું પુણ્ય હાંસલ કર્યું. તેઓ પોતાને હાથેજ પોતાનું સવાત્તમ સાધતા ગયા છે, બીજાને હાથે કાંઈ ઈચ્છયુંજ નથી. તેઓ કેટલા ધર્મયુકત હતા તે આથીજ જણાશે કે તેઓએ કદી સોડા વૉટર પીધુંજ નથી. બહુ મોટી ઉમરે પહોંચવા માટે સદાચરણી જીંદગીની જરૂર છે. એવા સદાચરણી આત્માને શાંતિ મળો એજ પ્રભુપ્રાર્થના છે. એક મોતીનો હાર આખો પદકસહિતજ શોભી શકે છે, પણ પદકવિના જેવો હીન તેજ લાગે છે, તેવીજ રીતે આ પુણ્યાત્મા જતાં જૈનકોમ પદકવિનાની થઈ ગઈ છે. તેઓએ શેરબજારમાં પણ ઘણા જૈનોને ધંધે લગાડયા હતા. બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેમાં પણ તેઓએ ઘણાં જૈન બંધુઓને નોકરી લગાડયા હતા. શ્રીમાન લાગવગવાળાઓએ આ જીવનનાં દરેક દૃષ્ટાંત બહુજ ધ્યાનમાં રાખવાના છે, તેનો જેટલો અમલ થશે તેટલા પ્રમાણમાંજ કોન્ફરન્સની નેમ અમલમાં આવશે. આ નર માટે જૈનકોમ તરફથી અવશ્ય સ્મારક થવુંજ જોઇએ, અને શક્તિઅનુસાર ખરા હૃદયવાળા દરેક જૈને ભરવું જોઇએ. તેમની ચડતીનો સૂર્ય અસ્ત થયો તેમાં પણ તેમના પુરૂષ પ્રયત્નનો દોષ ન હતો, પણ માત્ર કર્મનોજ દોષ હતો. તેઓનો વેશ અતિશય સાદો અને સર્વ સ્થિતિમાં એકજ હતો. તેમના માનાર્થે શેરબજાર, કોટનગ્રીન, મોતીનું તથા ઝવેરીબજાર બંધ રહ્યાં હતાં. આવા નર લાંબે વખતેજ પ્રજામાં જન્મ લે છે અને તેથી તેમની ખોટ પૂરાવી હાલ તો લગભગ અશકય છે. શાંતિ ! શાંતિ ! ! શાંતિ ! ! !

---

## મર્હુમ મી. સારાભાઈ વીરચંદ દીપચંદ.

**શોકજનક દેહોત્સર્ગ**—જણાવતાં અતિ શોક થાય છે કે પાટણ કોન્ફરન્સના પ્રમુખ રાજા, પ્રજા તથા સરકારના માનનીય ગૃહસ્થ, વયોવૃદ્ધ, અનુભવી શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઈ. ના કનિષ્ઠ પુત્ર મી. સારાભાઈ, જેઓ ઇન્ટરમીજીએટમાં માનસહિત પસાર થઈ બી. એ. નો અભ્યાસ કરતા હતા, તેઓ ટાઈફોઇડ તાવની બીમારીથી ૧૮ વર્ષની યુવાન અવસ્થામાં ૧૪ વર્ષની વિધવાને ૮ માસના ટુંક સંબંધ પછી શોકગ્રસ્ત મુકી આખા કુટુંબ તથા મિત્રવર્ગને દિલગીરીમાં ગરક કરી ચાલ્યા ગયા છે. આ કાળ અતિશય દુઃસમ છે. આવા મળતાવડા, ભલા, વિદ્યા રસિક પુત્રના અકાળ મૃત્યુથી થયેલી ઉંડી દિલગીરીમાં શેઠ વીરચંદને જે ઘા પડયો છે, તે વૃધ્ધાવસ્થામાં બહુ ભારે લાગે તેવો છે. તેમના આ દુઃખમાં પરમાત્મા તેમને ધૈર્ય આપો એવી પ્રાર્થના છે.

---

# ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

## ભાંડુપ મધેના શ્રી મહાવીર સ્વામી મહારાજના દેહેરાસરજીનો રિપોર્ટ.

ભાંડુપ મધેના શ્રી મહાવીર સ્વામીજી મહારાજના જૈન દેહેરાસરનો વહીવટ સંઘ તરફથી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના શેઠ મેઘજીભાઇ ખેતસી, જેઠાભાઇ નરસી કેશવજી, શેઠ માણુકજી જેઠાભાઈ વરધમાન, શેઠ મુળજી ઘેહેલાભાઈ, શેઠ પદમશી રતનસી, શેઠ લાલજી વસનજી, શેઠ ઘેહેલાભાઈ માણુક તથા શેઠ પીતાંબરદાસ કાનજી ચલાવે છે. તેનો હિસાબ સંવત ૧૯૬૦ તથા ૬૧ નો અમોએ તપાસ્યો છે કારણ કે તે મંદીર સંવત ૧૯૬૦ ના સાલમાં નવું બંધાયું છે. તે ખાતાનો વહીવટ જોતાં તે ખાતાનું બંધારણ વહીવટ કરતા ગ્રહસ્થોએ એવી ઉત્તમ પ્રકારનું કર્યું છે કે, દેહેરાસરજી તથા સાધારણ ખાતું ઘણા સારા પાયા ઉપર આવી કોઇ રીતની આશાતના થવા પામે નહિ. પણ વહીવટને લગતું નામું તથા જુદા જુદા ખાતાંઓ રાખવામાં કેટલોએક ફેરફાર કરવા [illegible] લગતું સૂચનાપત્ર વહીવટ કરતા ગ્રહસ્થોને જુદું આપવામાં આવ્યું છે. તે સિવ[illegible] વહીવટ સારી રીતે રાખવામાં ઉપર જણાવેલા ગ્રહસ્થોને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

---

## સુ[illegible]

અમોએ મુંબાઈ મધેના શ્રી માંડવી બં[illegible] શ્રી અ[illegible]નાથજી મહારાજના દેહેરાસરજીને લગતા વહીવટનો હિસાબ તપાસી [illegible] રિપોર્ટ [illegible] હેરલ્ડના ગયા અંકમાં પ્રગટ કર્યો છે. તેમાં ઉપર જણાવેલા ખાત[illegible]ુખ્ય વહીવટ કરનાર શેઠ મેઘજીભાઈ ખેતશીનું નામ છાપવું રહી ગયું છે. માટે શ્રી [illegible] અમારી વિનંતી છે કે તે નામ ઉપર જણાવેલા રીપોર્ટમાં મુખ્ય ગણી લેવું. એજ[illegible]

લી. સેવક,

ચુનીલાલ નાહાનચંદ.

[illegible]. શ્રી. જૈ. શ્વે. કોન્ફરન્સ.

---

## શુ[illegible] ૨.

મેનેજર, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ,

જોગ લિખી અમરતસરથી લાલા મે[illegible]મલ અથવા મહારાજમલ રામચંદકા [illegible] આગે આપને અખબારમેં [illegible] કે, કેશરકા ગુજરાતમેં બોહુત રૈલા પડ ગયા હૈ. સો ઇધર કેશર કાશ્મીરકા બોહુ[illegible]દા દર ના- ભાર કે અનમાન હૈ, સો આપ છાપેમેં છાપ દેવે. જીસકો જરૂરત [illegible] શ્રી મંદરજીકે વાસ્તે સો હમ ઇધરસેં બીના કમીશનસેં ભેજ દેવે. તો દર રૂ. ૫[illegible] સેર ભાવ હૈ. તોલ સેરકા ૯૪) ભાર હોતા હૈ દર ાા-) કે અનમાન પડેગા. ઔર [illegible] હોવેસો લિખના. ચીઠી લિખી મીતી ભાદરવા વદી ૧૪ સંવત ૧૯૬૩.

# जाहिर खबर.

## श्री कलकत्ता पाठशाला.

एक हेडमास्टर चाहिये धर्म तथा अंगरेजीकी अच्छी योग्यता होना चाहिये. सर्टा-फिकट अथवा कोई साधु मुनिराज वा कोई स्थानीय प्रतिष्ठित सद्गृहस्थकी भलामनकी दरखास्त नीचे लिखे पत्तेपर भेजो. वेतन योग्यताके अनुसार.

लाभचंद सेठ
रायकुमारसिंह
जॉइंट सेक्रेटरी,
मुकीम निवास, हरीसन रोड–कलकत्ता.

---

## "સ્વામી વાત્સલ્ય"

### જૈન લેખકો [illegible]ઇનામ રૂ. ૨૧)

જૈન લેખકો, વિદ્વાનો, ગ્રેજ્યુએ[illegible] કેળવાયલા યુવકોને વિનંતી કે ઇનામની રકમ તરફ દ્રષ્ટી ન રાખતાં આપણી કો[illegible]ારવાનો ઉચ્ચ હેતુ લક્ષમાં લઈ સાધર્મી બંધુઓના હિત માટે આ વિષયપર લેખ[illegible] પ્રયાસ કરશો.

આ નિબંધમાં, હાલમાં લોકવ્ય[illegible]ાં સમજાતો અર્થ અને થતું વર્તન, જૈન શાસ્ત્રોમાં તેનું બતાવેલું રહસ્ય અને તે [illegible]થવી જોઈતી પ્રવૃત્તી, હાલમાં થતાં સ્વામિ વાત્સલ્યથી જન સમાજને થતો લાભ–[illegible] અને હાલની સ્થીતી (સમય કાળ) જોતાં [illegible]વો જોઇતો સદુપયોગ વગેરે બાબત[illegible]ાળુ પડે તેવો મુદ્દાસર લખાણવાલો, ચાલુ [illegible]ા આસો વદ૦ ૧) સુધી જે લે[illegible]નિબંધ લખી મોકલશે તેમાંનો સૌથી ઉત્તમ [illegible]લેખકને મંડળ તરફથી રૂ. ૨[illegible]ામ આપવામાં આવશે.

શ્રી જૈન શુભેચ્છક મિત્ર મંડળ.
ચંપાગલી, મુંબઈ.

લી. શુભેચ્છક
લલ્લુભાઈ કરમચંદ દલાલ,
સેક્રેટરી, શ્રી જૈ. સુ. મી. મંડળ.

---

## श्री फलोदी [illegible]नाथजीनो मेळो.

श्री फलोदी पार्श्वनाथजी के ज्यां[illegible] पहेली कोन्फरन्सनी बेठक थई हती त्यां वार्षिक मेळो आशो वदी ८,९,१०, गु[illegible]भादरवा वदी ८,९,१०, ना रोज भराशे अने जे वखते रजपुतानाना जुदा जुदा भागोम[illegible]० थी १५ हजार माणसो एकठा थशे, ते वखते मि. गुलाब[illegible] ढढा पण त्यां जवाना [illegible]ा अत्रेथी मि. टोकरसी नेणसी पण ते प्रसंगे [illegible] जशे. प्रसंग[illegible]ा लायक छे.

वीर सम्वत् २४३२.  ॐ  विक्रम सम्वत् १९६२

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक २,
नम्बर ९.

# हैरल्ड.

सप्टेंबर.
सन १९०६.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

---

## विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. |
| --- | --- |
| "श्री मारवाड प्रांतिक कोन्फरेन्स" की संक्षिप्त रिपोर्ट. ... | २५७ |
| જૈનોમાં જાગૃતિ. ... ... | २६४ |
| વર્તમાન ચર્ચા. ... ... | २६५ |
| ધાર્મિક સંસ્થાઓ સંબંધી સૂચના. | २६८ |
| કોન્ફરન્સનું બંધારણ મજબુત કેમ થાય ? ... ... | २६९ |
| જૈન સમાચાર. ... ... | २७० |
| સ્વદેશી ઉદ્યોગ હુન્નર તથા કેળવણી | २७५ |
| કાઠીઆવાડ પ્રાંતની જૈન શ્વેતાંબર શ્રાવકોના ગામનું લીસ્ટ. | २७६ |
| અમદાવાદ આફીસમાં થયેલું કામકાજ... ... ... | २८० |
| કોનફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ. . ... ... | २८१ |
| ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું... ... | २८३ |
| દશેરા ઉપર પાડા બકરાનો વધ ન કરવા માટે હિંદુસ્તાનના રાજ્યકર્તાઓને અરજી ... | २८६ |
| कन्याविक्रय संबंधमें प्रतिज्ञा. | २८७ |
| પર્યુષણ અને જામનગર રાજ્ય. | २८८ |


---

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

---

'इंदुप्रकाश' स्टीम प्रेस—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अनें फील सुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास करावबामां आवशे.

४ तपास माटे आवली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

चंपा गली मुम्बई. आसीस्टंट सेक्रेटरी.

ता. २५–५–१९०६. श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

# श्री जैन श्वेताबर डीरेकटरी.

## मालवा और मेवाडके श्रावक समुदायको विज्ञप्ती.

मालवा मेवाडके जैन समुदायकी डीरेकटरी तैयार करनेका कार्य प्रतापगढ निवासी शेठ लक्ष्मीचंदजी धीया, मालवा और मेवाड जैन डीरेकटरीके ओनररी सुपरवाईझर ईनको सुपर्द कीया गया है सो डीरेकटरी के वास्ते ईन महाशय मालवा और मेवाडमें जहां जहां अपने कलार्क भेजे वहांके श्रावक समुदायको अर्ज की जाती है के ऊन कलार्क को खोटी न करके शिघ्र मदद देकर डीरेकटरीके फोर्म भरवा देनेकी मेहेरबानी फरमावे.

श्री जैन श्वेतांबर कोन्फरन्स, चंपा गली.—मुंबई.

---

### श्री जैन श्वेतांबर डीरेकटरी.

# मध्यप्रात ( सी. पी. ) के श्रावक समुदायको विज्ञप्ति.

मध्यप्रांतके जैनसमुदायकी डीरेकटरी तैयार करनेका कार्य जबलपुर निवासी मि. चंदजी कोचर बी. ए. मध्यप्रांत जैन डीरेकटरीके आनररी सुपरवाईझर इनको सुपर्द ा है, और इस वास्ते सब मध्यप्रांतमें प्रवास करेंगे. जीसके लिये मध्यप्रांतके श्रावक अर्ज की जातीहै के डीरेकटरीसंबंधमें सब हकीकत इकठी करनेमें उन महाश नेकी महरबानी फरमावे.

श्री जैन श्वेतांबर कोन्फरन्स. चंपागली—मुंबई.

## ॥ ॐनमः सिद्धेभ्यः ॥

य: संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तियस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

**અર્થ:**—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.


# The Jain (Swetamber) Conference Herald.

**Vol. II.** ] *September.* 1906. **[ No. IX.**


# "श्रीमारवाड प्रान्तिक कोनफरेन्स" की संक्षिप्त रीपोर्ट.

( खास हेरल्डके लिये )

मारवाड देशमें मेडतारोड स्टेशनके पास श्रीफलोधी पार्श्वनाथजीका एक प्राचीन विशाल मन्दिर है. मारवाडका यह एक मोटा तीर्थ है. प्रतिमाजीको प्रगट हुवे करीब ९०० वर्षका अरसा हुवा है. इस तीर्थपर वार्षिकोत्सव मारवाडी आसोज सुदि ९,१० को हुवा करता है जिस समयपर समयानुसार दस पंदरह बल्कि बीस पच्चीस हजार यात्रि इकठे हो जाते हैं. सम्वत १९५६ की सालमें इस तीर्थपर "श्रीफलोधी तीर्थोन्नति सभा" कायम की गई उसके पश्चात् करीब दस हजार रुपया लगाकर यात्रियोंके आरामके वास्ते नवीन कोठडीयां बनवाई गई और प्रथम जैन श्वेताम्बर कोनफरेन्सका जलसा भी इस ही तीर्थ भूमीपर हुवा—महासभाकी सूचनाके मुवाफिक गुजरात और दक्षिणमें प्रान्तिक सभायें हुई उसही मुवाफिक मारवाड प्रान्तिक सभा करनेका भी विचार बहूत दिनोंसे चलता था. आखिर कर अबके वार्षिकोत्सव पर यह सभा की गई.

यद्यपी फलोधी सभाके जनरल सैकरेटरी मिस्टर गुलाबचंदजी ढढ्ढा हैं परन्तु उनके मालपुरामें रहनेसे उन्होंने अजमेरनिवासी कांसटीया धनराजजीको इस प्रान्तिक सभाके लिये कोशिश करने और आमंत्रण पत्रोंके भेजनेकी सूचना देकर कारवाई कराई. रीसेपशन कमिटी अल्हदा नीमनेकी यों जुरूरत नहीं थी क्यों कि श्री फलोधी तीर्थोन्नति सभा इस का काम करनेको मोजूद थी. उतारेके वास्ते मकानात

मोजूद थे. मंडपके वास्ते वह ही चांदनी जोधपुरसे मंगवाई गई थी कि, जिसमें प्रथम कोनफरेन्सका जलसा हुवा था परन्तु बारिशके होनेसे मंडप बेकार रहा जलसा खुले मैदानमें किया गया कि जिसमें जयपूर, जोधपुर, बीकानेर, अजमेर, सिरोही, नागोर, सोजत, पाली, जैतारण, बीलाडा, पीपाड, मेडता, पोकरण फलोधी, बुसी, बाबरो, नयाशहर, कुंचेरा, पादू, कोटा, बदनोर, रय्यां, वागोर, गोगेलाव, खजवाणा, सुजाणगढ, नीबडी, मादलीया, हरसोलाव, अरांई, कुडी, रास, बाजोली, बारणी, बासणी, गिडी, लाम्बीया, केकीदडा, बावडा, गोदाणा, भारूदा, जसवंताबाद, मेडास, लाडगढ, हरनोवी, धनेरीया, फालका, चांदारूण, बरू, खाडली, बडलू, सारूडा, उदयसर, केकिंद, मूंडवा, कालू, बावडी, बगडी, सादडी बडी, सादडी छोटी, सीओणी, रय्यांशेर सिंघजी, पूना (दक्षिण), लसणगांव जिला नासिक, बुगरला, सेवर, आसोप, पीचीपाक, भीनार, पडलाद, रैण, ईडवो, वाले, बम्बई, लोटोती, लाडोली, जालना जिला हैदराबाद, कुचामण, खडोरा, कोटरला जिला धुलिया, कीतलसर, खेजडला, दहली, लोवाट, रोईसा, आमलनेर जिला खानदेश, फागणी जिला खानदेश, घाणीराव, खाटू कलां, खाटू खूर्द, धीनाव, गोटण, बुटाती, नोका, खूडीकलां, मालपुरा, वगरह करीब २०० शहरों, कस्बों और गांवोंके करीब २५०० स्त्रीपुरुष दो दिनतक हाजिर होकर कोनफरेन्सकी कारवाईको बहूत उमंगके साथ पार पटका. इस साल इस उत्सवपर कुल मर्द औरतकी संख्या १५,००० यात्रियोंसे कम न थी. कोई रेलवे ट्रेनसे कोई बैलगाडीमें कोई उंटपर सवार होकर आये थे. मन्दिरके चारों तरफका गढ ऊंटो और बैलगाडीयोंसे और मनुष्योंसे भर गया था. कई मनुष्य इस गढके अंदरके पके मकानात मे ठहरे थे कई मनुष्य, डेरा, तम्बू, छोलदारी, चान्दनी वगरह चोकमें खडी करके ऊनमें ठहरे थे, कई मनुष्य श्री शान्तीनाथजीके मन्दिरके कम्पाऊंडमें ठहरे थे, कई मनुष्य बीकानेर वालेकी धर्मशाला और स्टेशनपर ठहरे थे, कई मनुष्य गांवमें मकानातों को किराये पर लेकर ठहरे थे, मेडता वगरह कीरेलोंकी संख्या बढा दी गई थी हरवक्त चारों तरफसें रेलगाडीया चिकार भरी हुई आतींथी. सभाकी तरफसे वालंटीयर लोग और उनके इन्स्पेक्टर सोजत निवासी हिरालालजी और ऊनके सुपरिंटेंडेंट अजमेर निवासी कांसटीया धनराजजी स्टेशनपर हर ट्रेनपर मोजूद रहते थे. आनेवालोंको स्टेशनपर अथवा राहदारीकी कुछ तकलीफ नही होतीथी. नोकर वगरह सब मोजूद रखे जातेथे.

आसोज सुदि ९ की सायंकालको मामूली सभाका जलसा हुवा जिसमें जो काम डाईरक्टरीका कोनफरेन्सकी तरफसे हीरालालजीने अबतक किया है उनका हाल सुनाया गया और ऐक्यताके बारेमें हीरालालजी तथा कोनफरेन्स उपदेशक मिस्टर टोकरसी नेणसीनें भाषण दिये. इस सभामें करीब ५०० मनुष्य हाजर थे.

आसोज वदि ९ तारीख १२ सैपटम्बर सन १९०६ की सायंकालको काररवाई प्रान्तिक सभा की शुरू हुई, बजते बजते करीब २५०० स्त्री पुरुष सभामें शामिल हुवे जयपूर निवासी सेठ लखमीचंदजी ढढ्ढा, गुलाबचंदजी ढढ्ढा, गुलाबचंदजी ढोर, गंगारामजी श्रीमाल, महादेवजी श्रीमाल, चांदमलजी कवाड; बीकानर निवासी सेठ सेसमलजी सावण सुखा, कुंवर दीपचंदजी सावण सुखा, सेठ रतनलालजी ढढ्ढा, अजमेर निवासी सेठ हीराचंदजी सचेती, सेठ कस्तूरमलजी भडगतीया, कुंवर कल्याणमलजी ढढ्ढा, सेठ केसरीमलजी लूणीया, धनराजजी कांसटीया, हीराचंदजी धाडीवाल, जोधपुर निवासी सेठ कानमलजी पटवा, शिवराजजी महता, रतनराजजी महता, फोजराजजी महता, फलोधी निवासी सेठ फूलचंदजी गोलेछा, झालणा निवसी सेठ कनहयालालजी चंडालीया वगरह अनेक सदगृहस्थ मोजूद थे.

कोनफरेन्सकी कारवाई शुरू होनेपर " श्री फलोधी तीर्थोन्नति सभा " के जनरल सैक्रेटेरी मिस्टर गुलाबचंदजी ढड्ढानें दरखुवास्त की कि अपने सभाके प्रमुख बीकानेर निवासी सेठ पूनमचंदजी सावण सुखा कई अनिवारणीय कारणोसें इस जलसेमें शरीक नहीं हो सके इस लिये उनकी जगह रीसेपशन कमीटीके प्रमुखका पद धारण करनेको और उनका काम करनेको उनके सुपुत्र कुंवर दीपचंदजीको नियत किये जावें, इसकी ताईद मिस्टर टोकरसी नेणसीनें की कि जो सर्वानुमत पास हुई. इसके पश्चात कुंवर दीपचंदजीनें प्रमुखका पद धारण करके एक पुर जोश भाषण दिया जिसका सारांश यह है कि:—— अपनी महा सभाके नियमानुसार पेथापुर और आमलनेर में तो प्रान्तिक सभायें हो चुकि अब यह सभा मारवाड प्रान्तकी इस जगह होती है यह प्रयास मारवाडी भाईयोंको बहुत ही स्तुति पात्र है और मुझे आशा होती है, कि भविष्य इसका अच्छाही होना है. हमारे बडेरे संघ निकलवा कर आपसमें सम्प बढाते थे हम लोग कोनफरेन्सके नामसे जमा होकर उनहींके रास्तेमें चलते हैं इस असार संसारमें भ्रमण करते करते मनुष्य देह, उच कुल, जैन धर्म, अच्छे पुण्यके उदयसे मिलता है, इसही भवसे मोक्ष प्राप्त हो सकता है परन्तु मोक्ष आसानीके साथ नहीं मिल सकता है श्री संघकी तन, मन और धनसे सेवा करनेसे मोक्षका रस्ता मिल सकता है. और इस कोनफरेन्स द्वारा यह भक्ति बहूत अच्छी तरह हो सकती है. अपने जाति और धर्मकी उन्नत्तिके वास्ते सबसे पहिले अपने अंदर सम्पकी आवश्यक्ता है, इसहीके साथ साथ अज्ञानताको मिटाकर सत्यज्ञानका प्रचार करना जुरूरी बात है, लडके और लडकीयोंको धर्मकी शिक्षा देना वाजवी है. जीर्णजिनमन्दिरों और भंडारोंका उद्धार, निराश्रित जैनियोंको आश्रय, खोटे रीतिरिवाजोंका त्याग करना बहूतही जुरूरी है. अंतमें यह प्रार्थना है कि जिस तरह नावको खेणेके वास्ते अच्छे मल्हेकी जुरूरत है वैसेही इस नाव रूपी कोनफरेन्सका काम चलानेको मल्हा रूपी किसी हुशयार धर्मात्मा और ज्ञानी सज्जनके प्रसिडेंट होनेकी आवश्यक्ता है.

इसके पश्चात जोधपुर निवासी महता रतनराजजीनें दरखुवास्त की कि इस प्रान्तिक सभाके प्रसिडेंटका पद धारण करनेको फलोधी निवासी सेठ फूलचंदजी गोलेछासे बीनती की जावें, इसके ताईदमें मिस्टर गुलाबचंदजी ढड्ढानें सेठ फूलचंदजीके गुण ग्राम किये और जाहर किया कि इनका पैसा धर्ममें खर्च होता है. इन्होंनें दो तीन वर्ष पहिले श्री सिद्धाचलजीका संघ निकलवाया था, इस लिये इस कोनफरेन्सके प्रमुखके लिये उक्त सेठ साहेबकी चूंटणी की जावे इस दरखुवास्तका अजमेर निवासी कुंवर कल्याणमलजी ढड्ढानें अनुमोदन किया जो सर्वानुमत पास हुई.

तालीयोंके हर्षनाद बीच सेठ फूलचंदजी गोलेछानें प्रमुखका पद स्विकार करके एक लिखा हुवा मनोरंजक भाषण दिया कि जिसका मुखतसर खुलासा यह है की:——आपनें जो इज्जत मुझे दी है इसका में शुकर गुजारहूं. कोनफरेन्सके नियमानुसार दो जगह प्रान्तिक सभायें हो चुकीं राजपूताना प्रान्तिक सभाकाभी कई दिनोंसे विचार चलता था, अब " श्री फलोधी तीर्थोन्नति सभा " के प्रयाससे इस पवित्र तीर्थभूमीपर यह मारवाड प्रान्तिक सभा इकट्ठी हुई है; इस सभामें सबसे पहिले अपने अंदर सम्पकी वृद्धि करनेकी आवश्यक्ता है, अगर सम्प नहीं होगा तो जिस तरहपर कुसम्पी ५०० सुभटोंने राजासे अपमान पाया, उसही तरह अपनी समाजकाभी हाल होगा, हिन्दूओं, मुसलमानों और मरहटोंका राज्य कुसम्पसे भ्रष्ट हुवा, इस लिये इस कोन्फरन्सद्वारा अपनी समाजमें सम्प बढाकर उन्नति करनेकी अत्यावश्यक्ता है.——यद्यपि बडी सरकारकी तरफसे मर्दुम शुमारी हुई है तोभी अपनी समाज, और मन्दिर वगरहकी पूरी हालत मालूम होनेके वास्ते जैन डाइरकटरीकी आवश्यक्ता है. व्यवहारिक और

धार्मिक ज्ञानके फैलानेकी जरूरत है क्योंकि जिस तरह शीयल स्त्रीका भूषण हैं उसही तरह ज्ञान मनुष्यका भूषण हैं, और जिसको ज्ञान दिया जावे उसका रक्षण करनाभी जुरूरी है क्योंकि पात्र वगैरे ज्ञान किसको दिया जावे, इन दिनोंमें भयंकर दुःकालोंके पडनेसे अपने स्वामि भाईयोंकी दशा बिगड गई है इस लिये उनकी रक्षाका करना बहुत जुरूरी अमर है. जैन समाजमें अवनतिका मुख्य कारण हानीकारक रीतिरिवाज हैं इनके प्रचलित रहनेसे सम्यक्त्व मलीन होकर मिथ्यात्वका अंधेर फैलाता है, मन्दिर या किसी धर्मादेके खातेका पैसा खाना नर्कमें ले जानेवाला होता है, इस लिये इनका हिसाब साफ रखकर प्रगट करनेकी जुरूरत है. और इसही तरह पर जिस बातपर आज तक संघनें चरचा नहीं चलाई है, ऊसपर आपका ध्यान खेंचना मुनासिब है. वह यह है कि आज कल कई मन्दिरोंमें तो पूंजी जियादा देखी जाती है कि जिसके सबबसे सेवा पूजाका इन्तजाम ठीक होनेके उपरांत लाखों रुपये खजानेमें पडे रहते हैं, और कई मन्दिरोंकी यह दशा है कि जहां केशर चंदन तो बडी बात है, पानीसे प्रक्षाल तकका इन्तजाम नहीं है. मन्दिर और प्रतिमा किस जगहभी क्यों नहो यकसा भक्तिके लायक है, इस लिये कुल हिन्दुस्थानकी समझदार मनुष्योंकी एक जनरल कमिटी मुकरर की जाकर- शुभखातों और मन्दिरोंके हिसाबकी निगरानी उनकी रखवाई जावे और कुल फंडमेंसे सब मन्दिरोंकी सेवा पूजाका ठीक तोरपर इन्तजाम कराया जावे. बतौर एक बैंकके काररवाई की जावे. जीर्ण मन्दिर और पुस्तकोद्धार कराया जावे, क्योंकि श्री वीर परमात्माके पश्चात् अपना आधार उनकी प्रतिमा और उनकी वाणीपरही है. आज कल जो अपवित्र वस्तूओंका प्रचार हो गया है, उनको बंद करके पवित्र वस्तुओंका काममें लाया जावे. और अपनी कुल व्यवस्था ठीक तौरपर चलानेके लिये सुकृत भंडारकी तरकी दी जावे.

क्यूं कि सभाके काम काजके वास्ते हाथमें समय बहूतही कम था इस लिये प्रमुख साहबका भाषण स्वल्प होनेपर उसही जगह उसही वक्त सबजक्ट कमीटी नीमी जाकर विषय नकी कीये गये और पहीली बैठकमें नीचे लिखे हुवे विषय पास हुवेः—

( नोट;-यहांपर सिर्फ विषयका नाम और उनपर दरखुवास्त करनेवालों, ताईद करनेवालों और अनुमोदन करनेवालोंके नामही दिये जाते है उनके भाषणोंका सारांशभी जगह संकोचनेके खयालसे नहीं दिया जाता है )

ठहराव पहिलाः—

## कोनफरन्सकी आवश्यक्ता.

दरखुवास्त करनारः—टोकरसी नेणसी—बम्बई.

ताईद करनारः——डाकटर नगीनदासजी—नागोर.

अनुमोदन करनारः——हीरालालजी सुराणा—सोजत.

ठहराव दूसराः——

व्यवहारीक तथा धार्मिक विद्याप्रचारकी आवश्यक्ता जैन समाजमें व्यवहारीक तथा धार्मिक ज्ञानके फैलानेके लियेः——

( १ ) कन्या तथा स्त्रीशालाओंकी स्थापना,

( २ ) पाठशालाओंकी स्थापना,

( ३ ) स्कालरशिपोंका इजरा,

( ४ ) जैन लाईब्रेरीयोंकी स्थापना,

( ५ ) हुनर और कलाकौशलकी शिक्षा—

दरखुवास्त करनारः—लखमीचंदजी ढड्ढा–जयपुर

ताईद करनारः—गुलाबचंदजी ढड्ढा–जयपुर

अनुमोदन करनारः—लखमसी टोकरसी–वागड ( कच्छ )

ठहराव तीसराः—

## निराश्रिताश्रय.

दरखुवास्त करनार—टोकरसी नेणसी–बम्बई

ता. क. डाकटर नगीनदासजी—नागोर

अ. क; गणेश मलजी सराफ—जोधपुर

गुलाबचंदजी ढड्ढा–जयपुर

ठहराव चवथा.

## सुकृत भंडार.

द. क. टोकरसी नेणसी—बम्बई

ता. क. डाकटर नगीनदासजी–नागोर

अ. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर

यह चारों ठहराव सर्वानुमत पास हुवे सभाका जलसा करीब ११ बजे रातको बरखास्त हुवा.

**सभाकी बैठक दूसरी मिति आसोज वुदि १० तारीख १३ सेपटम्बर सन १९०६ ई.**

आजभी सभाका काम ठीक ७ बजे शामको शुरू हुवा. आज अलावा सभासदोंके यात्रियोंकी संख्या औरभी जियादा होगई थी और बहूत दूरतक मर्दों औरतोंकी धूमधाम देखनेमें आती थी कोनफरेन्सके जनरल सैकेरेटेरी सेठ लालभाई दलपतभाईके मत्यानुसार इस जगह कुरसीयोंकी बैठक नहीं रखी गई थी बल्कि जाजम, दरी और चान्दनीकी बैठक करनेमें आईथी.

सभाका काम प्रमुख साहबके पधारनेपर ठीक ७ बजे शुरू किया गया और रातके ११॥ बजे खतम किया गया.

## नीचे लिखे हुवे ठहराव पास हुवेः-

ठहराव पांचवां—

## जैन डायरेकटरीकी आवश्यकताः—

द. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर

ता. क. धनराजजी कांसटीया–अजमेर

अ. क. हीरालालजी सूराणा–सोजत

ठहराव छट्ठा—

## जीर्णपुस्तकोद्धार.

द. क. यति श्री पालचन्द्रजी—बीकानेर

ता. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर

अ. क. लच्छूलालजी लूंकड—जोधपुर

ठहराव सातवां:—

## जीर्णमन्दिरोद्धार.

द. क. हीरालालजी सूराणा—सोजत

ता. क. लल्लुभाई जयचंद—पाटण

अ. क. डाकटर नगीनदासजी—नागोर.

ठहराव आठवा.

मन्दिर वगरह शुभखातोंके हिसाब प्रगट होनेकी आवश्यक्ता:—

द. क. डाकटर नगीनदासजी—नागोर

ता. क. यति श्री पालचंद्रजी—बीकानेर

अ. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर

ठहराव नवां:—

देवस्थान वगरह कुल शुभ खातोंकी रकमकी व्यवस्था करनेके लिये एक जनरल कमीटीकी आवश्यक्ता:—

द. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर

ता. क. टोकरसी नेणसी—बम्बई

अ. क. मास्टर अमोलकचंदजी—जोधपुर

ठहराव दसवां:—

हानी कारक रीति रिवाजोंको दूर करनेकी आवश्यक्ता:—

### ऐ—शादी:—

१. बाललग्न

२. वृद्ध विवाह

३. कन्या विक्रय

४. अन्य विधिको छोडकर जैनविधिके मुवाफिक लग्न

५. फुजूल खर्ची करके जीमणवारका करना, आतशबाजीका छोडना, गणिकाओंका नाच करना; फाटे गीत गाना

### बी:—गमी.

१. मुकता

२. पल्लालेना, जियादा दिनों तक सोग रखना, उठानेके दिन मन्दिरमें रोते हुवे जाना.

### सी:—सदाचार:—

१. *नाई आदि शुद्र जातिको रसोईमें शामिल करना.*

२. बिदलका खयाल

३. कंद मूल आदिका प्रचार
४. रात्री भोजनका रिवाज
५. देवस्थान वगरह शुभ खातोंके द्रव्यका बरताव
६. अन्य तीर्थीयोंके पर्वोका प्रचार

द. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर
ता. क. टोकरसी नेणसी—बम्बई
अ. क. १. मास्टर अमोलकचंदजी—जोधपुर
२. सुगनराजजी महोणोत—जोधपुर
३. गणेशमलजी सराफ—जोधपुर
४. गोविंदसिंहजी डांगी—शाहपुरा
५. डाकटर नगीनदासजी—नागोर

ठहराव इग्यारवां:—

अपवित्र खांड ओर केशर वगरहके परित्यागकी आवश्यक्ता:—

द. क. हजारी मलजी पारख—जोधपुर
ता. क. बिशनदासजी भंडारी—जोधपुर
अ. क. डाकटर नगीनदासजी—नागोर

ठहराव बारहवां:—

सेठ प्रेमचंद रायचंद और मिस्टर साराभाई वीरचंद दीपचंदके पञ्चत्वका शोक प्रदर्शित करना.

प्रमुखकी तरफसे.

ठहराव तेहरवां:—

मारवाडके महाराजाधिराज श्री सरदार सिंघजीको धन्यवाद.

ठहराव चवदवां:—

प्रान्तिक सभा साल दरसाल भरनेकी आवश्यक्ता.

द. क. लच्छुलालजी लुंकड—जोधपुर
ता. क. गणेशमलजी सराफ—जोधपुर

ठहराव पंदरवां:—

प्रमुख साहबके उपकारमें:—

द. क. गुलाबचंदजी ढड्ढा—जयपुर
ता. क. धनराजजी कांसटीया—अजमेर

इसके बाद आयंदा कोनफरेन्स तक कामकाज चलानेके लिये अजमेर निवासी कुंवर कल्याणमलजी ढड्ढा मंत्रि और कांसटीया धनराजजी उपमंत्रि करार दिये गये और इनको सत्ता दी गई कि यह साहब अपनी रायके मुवाफिक मेम्बर चुनकर कमिटी कायम करें.

पीछे सभाके डेरे छोलदारी व कोटडी वगरहके बाबत ठहराव होकर मुनिम मन्दिरकी इत्तला पाई कराकर हर्षनादके बीच सभाका काम विसर्जन किया गया.

# જૈનોમાં જાગૃતિ.

અત્રે પ્રગટ થતા "ઍંગ્લો—ઇન્ડિયન ન્યુસીટેનો" નામના એક ક્રીશ્ચીયન સાપ્તાહિક પત્રમાં ઉપરના મથાળાનો મુખ્ય આર્ટીકલ તા. ૨૫ આગસ્ટ ૧૯૦૯ માં ઇંગ્રેજીમાં પ્રસિદ્ધ થયો છે, જે બતાવે છે કે જૈન કોન્ફરન્સ બીજી કોમોમાં કેવો મત ધરાવે છે. વિષયનો ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ—

કેટલાએક મહિના ઉપર પાટણમાં ભરાયેલી શ્વેતાંબર જૈન કોન્ફરન્સ વખતે અપાયેલું મી. વીરચંદ દીપચંદનું પ્રમુખ તરીકેનું ભાષણ ઘણા માણસોમાં વંચાવાને લાયક છે. બીજી કોમોની માફક આ કોમમાં પણ જે પુનરૂજ્જીવિત થતું જાય છે તે જમાનાની આનંદદાયક નિશાની છે, અને મી. વીરચંદે સંભાળપૂર્વક બતાવ્યું તે પ્રમાણે, ઇંગ્રેજ સરકારના અમલથી મળેલી શાંતિ અને આબાદીને લીધેજ તે પ્રમાણે બન્યું છે. હિંદુસ્થાનમાં એવી એક પણ કોમ નથી, કે જે જૈનો કરતાં આપણી કૃપા માટે વિશેષ હકદાર હોય તેઓથી હિંદીવાનો મહાન ન થયાહોય, તો પણ તેઓથી તેઓ ભલા થયા છે. જનમંડળનું પ્રગટી કરણ લશ્કરી સ્થિતિમાંથી ઉચ્ચ થતાં થતાં ઉદ્યમની સ્થિતિથીજ થતું હોય તો, આ દેશમાં બીજી કોઈપણ કોમ જેટલું પ્રકટીકરણ આ કોમે સાધ્યું છે. બીજી ભાઈબંધ કોમો, જેઓની સાથે તેઓને ઘણું મળતા પણું છે, તેમની સાથે જૈનોએ પણ "શાંત હિંદુ" ઉત્પન્ન કર્યા છે. તેથી શાંત માણસો માટે દુનિયા નથી એવું ધારનારાઓની કૃપા જૈનોપર નથી. એમ છતાં પશ્ચિમમાં જે મહાન હીલચાલ, સુલેહની કોન્ફરન્સ અને પ્રજાઓની પાર્લામેંટોની કૉંગ્રેસદ્વારા દેખાય છે તેને આગળથી જણાવનારા જૈનો હતા. દયા એ જૈનોનો સંકેત શબ્દ છે અને તોપોના ધડાકા હજી શાંત થયા નથી, તો પણ જે દિશાએ ચાલવાને દરેક સુધરેલી સરકાર દરખાસ્ત કરે છે તે કઈ દિશા છે? (શાંતિની). મહાવીરના અનુયાયીઓ માટે જુદા જુદા વખતની અને આસપાસની સંજોગોની છુટ મુકીએ તો જે સત્યયુગમાં બીલકુલ ખુનરેજી ન થાય અને આત્મસંયમ સિવાય બીજી જીતજ મેળવવાની ન હોય તેવો યુગ લાવવાને પશ્ચિમમાં જે આગળ વધેલા વિચાર કરનારા ઇચ્છે છે તેઓનોજ નમુનો જૈનો જણાય છે. મી. વીરચંદનું ભાષણ વ્યવહારિક સૂચનાઓથી તેમજ સ્વદેશભક્તિના વિચારોથી ભરપૂર હતું. જે સ્થળે કોન્ફરન્સ મળી હતી તે સ્થળ પવિત્ર અને ઐતિહાસિક યાદગીરીઓને સંભારી આપનારૂં હતું. એક વખત તે અઢાર દેશનું પાયતખ્ત હતું. ત્યાં સમર્થ વિદ્વાનો થઈ ગયા છે, અને કૃપાળુ રાજાઓ રાજ્ય કરી ગયા છે. કોન્ફરન્સ કે જે દર વર્ષે મળે છે, તેણે અત્યારથીજ ખરેખરૂં પરિણામ આપ્યું છે, અને જૈન કોમમાં જાગૃતિ ઉત્પન્ન કરીછે. મારવાડ, મેવાડ અને બીજા પવિત્ર સ્થળોમાં પ્રાચિન મકાનોનું સમારકામ ઉપાડી લેવામાં આવ્યું છે. પૂર્વ સમયના સ્મારકો કેટલા કીમતી છે તે જ્યારે આપણે યાદ કરીએ, ત્યારે તેવા સ્મારકો માટેની આ ઉત્તમ લાગણી સાથે આપણે સહેલાઈથી દિલસોજી બતાવી શકીએ. પ્રાચિન હસ્તલેખો ખંતથી પ્રકાશમાં આણવામાં આવે છે. મી. ગુલાબચંદ ઢઢ્ઢાને જેસલમીરના ભંડારમાં પ્રવેશ મળ્યો કહેવાય છે અને ત્યાંના બધા પુસ્તકોની યાદી તેમણે કરવા માંડી છે. બીજા ભંડારોની તપાસમાટે વિચાર ચાલે છે. પશ્ચિમના વિદ્વાનો આ ગ્રંથોમાંના ઘણા પ્રસિદ્ધ થયેલા *જોઈને ખુશી થશે, કારણ કે હાલ તો નિઃસંશય જૈનધ-*

ર્મના ઈતિહાસ અને સાહિત્યવિષે પશ્ચિમમાં અતિશય અજ્ઞાન વર્તે છે. હિંદુસ્તાનમાંના બુદ્ધિસંબંધી ઈતિહાસના જુદા જુદા પ્રવાહ, જે વિષે આપણે હાલ ઘણું થોડું જાણીએ છીએ, તે બાબતમાં હિંદુ અને જૈન શાસ્ત્રો અને સાંસારિક સાહિત્યનો સરખામણીથી અભ્યાસ કરવાથી ઘણું અજવાળું પડશે. પૂર્વનું જાળવી રાખવા અને શોધી કાઢવાને પગલા ભરવા ઉપરાંત કોમનું ભવિષ્યનું હિત સાધવાને કોન્ફરન્સ તેથી પણ વધારે આતુર છે. કન્યાશાળાઓ અને બોર્ડીંગો જુદે જુદે સ્થળે કહાડવામાં આવે છે. મી. વીરચંદ કહે છે કે "હાલ આપણામાં મૂઠીભરજ ગ્રેજ્યુએટો છે. એકે જૈન ધારાસભામાં અથવા હાઇ-કોર્ટના ન્યાયાસનપર નથી." અમે ધારીએ છીએ કે હાઈકોર્ટના ન્યાયાસનપર દરેક કોમનો વારો આવવાને હજી લાંબો વખત લાગશે. દરમ્યાન જૈનોએ ધીરજ અને આત્મ-સંયમના પોતાના જાતિગુણોનું અવલંબન લેવું જોઈએ. જાહેર નોકરી અને તેથી પણ વિશેષ જુદા જુદા ધંધાઓમાં ભૌતિક ફતેહ અને સારી રીતે આબાદીની અગત્ય મી. વીરચંદ સારી રીતે સમજે છે, તો પણ સાંસારિક રીવાજો વિષે તેમનું ધ્યાન ઓછું નથી. સ્ત્રીઓની અજ્ઞાનતા, બાળલગ્ન, કન્યાવિક્રય અને મરણ પ્રસંગે ખરાબ દેખાય તેવી રીતે છાતી કૂટવી, વિગેરે કેટલાક રીવાજો મી. વીરચંદ જેમ બને તેમ જલદી નિર્મૂળ થયેલા જોવા ઈચ્છે છે. અલબત આ સાંસારિક રીવાજો જૈનધર્મનું ફળ નથી. તે રીવાજો બીજી કોમોમાં પણ માલુમ પડે છે. એક વખત એવો હતો કે જ્યારે જૈન સ્ત્રીઓ, બીજી પૂર્વની હિંદુ સ્ત્રીઓ કહેવાય છે તે પ્રમાણે, તેઓની જેટલીજ વિદ્યા અને હિંમતમાટે પ્રખ્યાત હતી. મી. વીરચંદ સ્ત્રી ગ્રેજ્યુએટો થાય તે માટે જરા ધાસ્તી ખાતા હોય, તેમ લાગે છે. પૂર્વની જૈન સ્ત્રીઓ, હાલની હિંદુ સ્ત્રી ગ્રેજ્યુએટો કરતાં, કેટલીક વખત વધારે હિંમત બતાવતી, અને વધારે અંગત સ્વતંત્રતા બતાવતી.........

---

# વર્તમાન ચર્ચા.

પત્રકાર ધર્મઃ—"ધર્મસંગ્રહ" નામે ઉત્તમ ગ્રંથનું ભાષાંતર મૂળ સહિત શ્રી પાલીતાણા જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી થોડા વખતપર પ્રસિદ્ધ થયું હતું. આ માસિક પર અવલોકન માટે તેની એક નકલ આવી હતી. આ વર્ગને કચ્છી શ્રીમાન ભાઈઓનું બહુજ સારૂં ઉત્તેજન છે, તે ઉત્તેજનને દરેક રીતે પાત્ર છે, અને તેનો પ્રયાસ પુસ્તકો પ્રસિદ્ધ કરવા માટેનો, ઘણો અભિનંદનીય છે. પુસ્તકની પ્રસ્તાવના, છપાઈ, સામાન્ય હકીકત વિગેરે જોઈને ( અમે ફરી કહીએ છીએ કે આટલુંજ જોઈને ) આ માસિકે પોતાનો નમ્ર અભિપ્રાય દર્શાવ્યો હતો. બીજા દૈનિકો, સાપ્તાહિક અને માસિક સહયોગી બંધુઓએ યથાશક્તિ અભિપ્રાય દર્શાવ્યો હતો. તે બધા અભિપ્રાય સારા હતા. કોઈએ ઉંડા ઉતરીને ભૂલો શોધી કાઢવા પ્રયત્ન કર્યો નહોતો. ભાવનગર "જૈન ધર્મ પ્રકાશ" ના માગધી જાણનાર, અને મહેનત લઈને મૂળ સાથે ભાષાંતર સરખાવનાર બાહોશ તંત્રીએ ભૂલો જાહેરમાં આણી. તે માટે "આનંદ" પત્રે દલીલ વિનાનો, અને અંગત જવાબ આપ્યો. "જૈન ધર્મ પ્રકાશે" બતાવેલી ભૂલો અમને વ્યાજબી લાગી તેથી તેનો સારાંશ આ માસિકમાં પ્રસિદ્ધ થયો. પત્રકારોની પવિત્ર ફરજ છે કે પોતે ભૂલ કરી હોય ત્યાંથી નમ્રતા-

પૂર્વક ક્ષમા માગી પાછા ફરવું-આ અમારો ધર્મ અમે બજાવ્યો, તે ભાવનગરના "આત્માનંદ પ્રકાશ" ને "મીયાંની ચાંદેચાંદ" જેવું લાગ્યું છે. સુજ્ઞ વાંચક વિચાર કરી શકશે કે પોતાની ભૂલ કોઈ બતાવે ત્યારે કબૂલ કરવી એ "મીયાંની ચાંદેચાંદ" ગણાશે ? વિશેષમાં "જૈન" પત્રકારે થોડાએક અઠવાડીયાંપર "માસિકો, લેખ અને લેખકો." એવા મથાળાનો એક કૉલમનો વિષય પ્રગટ કર્યો હતો. તેમાં કેટલુંએક અજાયબજેવું લખાણ હતું, અમને તે વાંચતાં ટીકાને પાત્ર લાગ્યું હતું છતાં શાંતિથી પસાર કર્યું હતું. પરંતુ એજ લખાણનો થોડોએક ઉતારો "આત્માનંદ પ્રકાશે" અમારા પરના આ આક્ષેપ વિષયે લીધો. તેથી પત્રકાર ધર્મ તરીકે અમને યોગ્ય લાગ્યા પ્રમાણે જણાવવું પડે છે કે આ માસિક સાથે સંબંધ જોડાયો ત્યારથી પૂરતું લખાણ મળે નહિ માટે પરસ્પર વાદ વિવાદ, વિના કારણે ખંડન મંડન, ઈર્ષ્યાને લઈને વક્રોક્તિ, વાક્ય પ્રહાર, આપસ આપસની લડાઈ, અને આત્મશ્લાઘા કરવામાં આવી નથી.

આ માસિકે વાદવિવાદની શરૂઆત ઇચ્છીજ નથી, ઈર્ષ્યાનો અંશ પણ રાખ્યા સિવાય જૈન બંધુઓના શ્રેય માટે યોગ્ય લાગતા રસ્તા ગ્રહણ કર્યું જાય છે, કોઈનાપર વાક્પ્રહાર ઇચ્છયો નથી અને કર્યો પણ નથી, માત્ર બચાવને ખાતર અથવા જવાબને ખાતર મૃદુ ભાષામાં પ્રત્યુત્તર આપ્યો છે, આત્મશ્લાઘાનો વિચાર પણ નથી. ભાષાન્તરનાં પુસ્તકોનું અવલોકન કરવા માટે જેને સમય હોય, તથા શક્તિ હોય તે મૂળ તથા ભાષાંતર સરખાવીને અભિપ્રાય આપે, તેજ ખરો, સાચો અભિપ્રાય ગણાય-બીજા સામાન્યજ અભિપ્રાય કહેવાય. અવલોકન કરવાનો અર્થ માત્ર ભાષા જોવી એજ નથી, પરંતુ પુસ્તકની દરેક હકીકત જોવી એવું આ લેખક ધારે છે.

બીજી એક બાબતમાં "આત્માનંદ પ્રકાશ" થી અમે નમ્રતાપૂર્વક જૂદો મત ધરાવીએ છીએ. "વખાણ નહિ ત્યારે નિંદા" એ વાત અમને તો સાચી માનતાં આંચકો લાગે છે. કેટલાએક માણસો નામદાર સરકાર તરફ વફાદારી રાખે છે, કેટલાએક વફાદારી રાખતા નથી તેમ વિરૂદ્ધ બોલતા ચાલતા નથી, પણ દેશ તથા નામદાર સરકારનું ઉભયનું હિત શેમાં રહેલું છે તે મનન કરી દર્શાવે છે, અને ત્રીજો સૂક્ષ્મ વર્ગ બેવફા હશે. આ ઉપરથી જણાશે કે વફાદારી પૂર્વક દોષ બતાવે તે બેવફા તો નહિજ ગણાય. દક્ષિણના પ્રસિદ્ધ ઑન. મી. ગોખલે તથા મુંબઈનું "ગુજરાતી" ભૂલો બતાવે તેથી શું તેઓ બેવફા છે ? અમે દૃઢતાથી ના કહીએ છીએ.

**"જૈન" અને અમે:**—તા. ૯ સપ્ટેંબરના જૈનના જવાબમાં જણાવવાનું કે હેરલ્ડ કોન્ફરન્સનું વાજીંત્ર છે, અને કોન્ફરન્સ વિષે દરેક હકીકત બનીશકતી રીતે તેમાં આપવામાં આવે છે, "જવલ્લેજ આવે છે." એમ કહેવું એ ખ્યાલફેર છે. "ધણી વગરના ઢોર સૂનાં" એ કહેવાથી "જૈન" શું કહેવા માગે છે, તે સમજાતું નથી. ધણી છે, અને તે આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓ છે. આ માસિકનો તંત્રધારક પણ છે, પરંતુ આપવાથી વિશેષ નથી એમ ધારી નામ આપ્યું નથી. હેરલ્ડના લેખકો નામધારીજ છે, તેનો અર્થ શું ? પગારદાર જે માસિકો અથવા સાપ્તાહિકોમાં લેખો લખે છે તે માસિકો, અને સાપ્તાહિકો પણ ઘણીજ સારી રીતે ચાલે છે, એમ "જૈન" ના આ લેખ લખનારની જાણવામાં હશેજ. "કેવા લેખો પ્રગટ કરવા" તે વિષે અમે

જે સલાહ માગી હતી તેનો એવો વિચિત્ર અર્થ ઉઠાવવામાં આવ્યો છે કે "પત્ર જનસમૂહને પ્રિય થાય અને નવું વાંચન પૂરૂં પડે એ પોતાને ન સૂઝતું હોય તો આ કાર્ય માટે (હેરલ્ડ પ્રસિદ્ધ કરવા માટે) વ્યય નકામો છે." આ માસિક પોતાની શક્તિ અનુસાર વાંચન પૂરૂં પાડે છે, પરંતુ સંસાર અને ધર્મજ તેની અંદર લઈ શકાય તેમ હોવાથી, તેમાં પણ તત્વજ્ઞાન અથવા કથા લેવી યોગ્ય નથી એમ ધારવાથી, રાજ્યદ્વારી વિષય લેવાયજ નહિ તેથી, યોગ્ય સાંસારિક અને કોમના હિતના વિષયો લખે છે, તેને બીજા વિષયો પણ સૂઝે છે, અને કોન્ફરન્સની અગત્ય સ્વીકારવામાં આવે, કોન્ફરન્સનું વાજીત્ર હોવુંજ જોઈએ એમ સ્વીકારવામાં આવે, છતાં તે માટેનો વ્યય નકામો ગણાવી કોન્ફરન્સ-કોમ-સંઘને આડકતરી રીતે લાભ કર્તા હેરલ્ડને બંધ કરવા સૂચના કરવી એ "જૈન" કારનેજ છાજે! "કેવા લેખો પ્રગટ કરવા" તે પૂછનાર માસિકનો લેખકજ છે. "અનેક વ્યક્તિ એક કાર્ય માટે આવા કાર્ય વિષે નાલાયક છે." પત્રની વ્યવસ્થા એક મુખ્ય હાથમાંજ છે. તેના લેખકો-અનેક વ્યક્તિઓ-નાલાયક કેવી રીતે ઠરે? શું બધા માસિકો અને સાપ્તાહિકોમાં એકજ જણ લખે છે? અને શું તેના અનેક લેખકો નાલાયક છે? "જૈન"ના લેખકનેજ ખબર. સુવ્યવસ્થા સર્વત્ર ઇષ્ટ છે. આ માસિકમાં અવ્યવસ્થા નથી. બીજાઓની સૂચના એકલીજ જોઇતી નથી. અમારામાં બાહુબળ પણ છે અને બીજા પત્રકારોની માફક રસ્તો જાણવા ઇચ્છા દર્શાવવી એજ હેતુથી અમે સૂચનાઓ માગી છે. ઈનામી પુસ્તક નિબંધના પરીક્ષકો મુકરર થયા વિના નામ કેવી રીતે પ્રસિદ્ધ કરી શકાય? નિબંધ લખનારાઓએ પરીક્ષકોનું વલણ જાણવાની જરૂર નથી, પરંતુ બાળકોને સરલતાથી ધર્મજ્ઞાન પ્રાપ્ત થાય તેવી રીતની શ્રેણિ બનાવવાની જરૂર છે.

દેવદ્રવ્યની વ્યવસ્થા.—આંહીથી ૨૦ કોશ દૂર અગાશી નામે પ્રાચીન ગામ છે. ત્યાં વસ્તી ઓછી થતી જાય છે; દેરાસર બહુ સારૂં છે. ત્યાં એકઠી થયેલી રૂપિયાની રકમ અત્રે ગોડીજીના દેરાસરમાં જાળવવા માટે તથા વ્યાજે આપવા માટે રાખવામાં આવે છે. આવી રીતે નાના ગામવાળાઓ મોટા ગામવાળાપાસેના શ્રીમાનો અથવા દેરાસરો મારફતે સહી સલામત રીતે પૈસા જાળવે તો દેરાસરના હિતમાં બહુ લાભ થાય છે.

નિરાશ્રિત ફંડ—જૈનનિરાશ્રિત બંધુઓ માટે જેટલું કહેવાય તેટલું ઓછુંજ છે, સ્વધર્મી શેઠો લક્ષમાં લે તો હજારો ઠેકાણે, પોતાને ત્યાં, પોતાના લાગવગવાળાને ત્યાં નિરાશ્રિત બંધુઓને ગોઠવી શકે. પરંતુ જે કામ કરી શકે તેમ ન હોય તેવા ભાઈબહેનો માટે મદદ કરવા ફંડ ઉઘાડવું એ બહુજ ઇષ્ટ છે. અનેક જન્માંતરોથી આ જીવ આથડતો આથડતો મનુષ્ય દેહ પામ્યો, કલ્યાણનું તેજ એકલું સાધન છે. તેવા મનુષ્ય દેહમાં શક્તિવાન ભાઈઓએ શ્રદ્ધા અને શક્તિ અનુસાર પોતાના સ્વધર્મી બંધુઓને સહાય કરવા માટેના નિરાશ્રિત ફંડ પોતાના ગામ અથવા શહેરમાં ઉઘાડવા, અને નહિ તો ગુપ્ત રીતે મદદ કરવા અવશ્ય ધ્યાન રાખવું જોઇએ છે. ભાવનગરમાં નિરાશ્રિત ફંડ ઉઘડ્યું છે, રૂ. ૨૨૫૦) આશરે ભરાણા છે. આ બહુજ ઉત્તમ પગલું છે. દરેક ધર્મબંધુએ પોતાના અંગત વિચારો, આવા સાર્વજનિક કામમાં, કદી વચ્ચે લાવવા ન જોઇએ. સુધરેલા દેશોનો એજ રીવાજ છે.

# ધાર્મિક સંસ્થાઓ સંબંધી સૂચના.

વડોદરા તા ૨૩-૮-૦૬.

જૈન હેરલ્ડના મેહેરબાન મેનેજર સાહેબ,

જુલાઈ માસના હેરલ્ડના પૃષ્ટ ૨૧૧ જૈનોના જાહેર ખાતાની ખામીઓ આપે બતાવીછે, તેના સંબંધમાં એક અગત્યની ખામી બતાવવા છુટ લઉં છું અને જો આપને યોગ્ય લાગે તો તેની નોંધ લેવા મેહેરબાની કરશો.

હાલમાં તીર્થસ્થળોમાં તથા કેટલાક ગામોના દેરાસરોમાં છાપેલી પહોચો આપવાને રીવાજ છે પરંતુ તે પહોચોપર છાપેલો નંબર હોતો નથી. અને તેવી ચોપડીઓનો હીસાબ રાખવામાં આવતો નથી, તેથી મહોટો ગોટાળો થવાનો સંભવ રહેછે. દાખલા તરીકે પાલીટાણા જેવા એક પવિત્ર તિર્થની જાત્રા કરવા એક અણજાણ્યો અને ભોળો શ્રાવક ગયો છે, અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ મુનીમની ગેરહાજરીમાં એક હલકા પગારનો ગુમાસ્તો બેઠોછે તેને શુભ ખાતામાં રૂ ૨૫ આપ્યા અને વગર નંબરની પહોચ લીધી. આ ગુમાસ્તે બદદાનતથી બુકમાંથી અસલ પેંહોચ કાઢી નાખી અને પૈસા જમે આપ્યા નહિ આ ગરબડ પકડવાને હાલના રીવાજ મુજબ કંઈજ સાધન નથી. તેજ પ્રમાણે છાપેલી આખી ચોપડી ચોરી લઈ તકેતકે તે આખી ચોપડીનો ગેરઉપયોગ કરવા ધારે તો કરી શકે એમ છે અને તેવા દાખલા નહી બન્યા હોય એમ માનવું તદન અશકય છે. તેથી નિચે મુજબ દરખાસ્ત રજુ કરૂ છું.

( ૧ ) જો બની શકે તો ધર્મના કાર્ય અર્થે સોસો પાનાની અથવા પાંચસો પાનાની પહોચ બુકો એકજ છાપખાનામાં છપાવવી અને તેના ઓરીજીનલમાંના કાઉન્ટર ફોઇલ પૃષ્ટપર એકથી સો નંબર છપાવવા અને જોઈએ તે સ્થળવાળાને જુજ કીંમતે પુરી પાડવી. મોકલતી વખતે એક જવાબદાર કારકુને તે પાનાં તપાસી છેલે પાને સરટીફીકેટ લખવું કે આ ચોપડીમાં ૧ થી ૧૦૦ અનુક્રમે પાના છે. પછી નિચે પોતાની સહી કરવી.

Certified that this book contains 1 to 100 pages.

Sd.

પછી તે સ્થળના મુખ્ય માણસે તપાસી લઈ ખરાપણા વિશે પોતાની સહી કરવી.

( ૨ ) સાંજે હીસાબ બંધ કરતી વખતે દરરોજ મુનીમે તે પહોચબુક બરોબર તપાસવી અને તે દિવસે વાપરેલી છેલ્લી રસીદપર લખવું કે આજ તા. ૧-૮-૦૬ ને રોજ ૧ થી ૧૦ રસીદો કાઢી આપી છે. તેના રૂ. ૧૦૫-૪ રોજમેળ પાને ત્રીજે જમે આપ્યા છે. પછી સહી કરવી.

( ૩ ) કાઢી આપેલી કોઈપણ રસીદનો નંબર રૂપૈયાનો આંકડો અથવા નાણું આપનારનું નામ છેકવું નહી ને છેકવું પડે તો તે રસીદ રદ ગણી તેમ કરવાનું ટુંક કારણ તેપર લખી.મુનીમે સહી કરવી.

( ૪ ) જે સ્થળે એક કરતાં વધારે બુકો મંગાવવામાં આવે તે સ્થળવાળે કોરી બુકો રખડતી ન રાખતાં તાળા કુંચીમાં રાખવી અને એક પુરેપુરી વપરાયા પછી બીજી ઉપયોગમાં લેવી.

( ૫ ) ત્રિમાસિક અથવા છ માસિક હિસાબની તપાસણી વખતે તપાસનારે રસીદ બુકોમાં બતાવેલાં નાણાં બરોબર જમે થયાં છે કે નહી તેની ખાતરી કરવી. અને દરેક

બુકમાંથી પાંચ સાત નોટ લેવી. અને તક આવે નાણાં આપનાર તરફથી ખાતરી કરી લેવી કે તેમણે આપેલી પુરેપુરી રકમ બરોબર જમે થઈ છે કે નહી. સબબ નાણાં આપનારને રૂ. ૧૫ ( ખરેખરી લીધેલી રકમ ) ની પહોંચ આપી, દફતરે રાખેલી પહોંચમાં રૂ. ૫ બતાવી બાકીના રૂ. ૧૦ નો ગેરઉપયોગ કરે તો તે જાણવા કંઇજ સાધન નથી અથવા તો દફતરે રાખવાની પહોંચ ઉપરજ નાણાં આપનાર માણસ પાસે શબ્દમાં આંકડો લખાવી લેવો કે રૂપૈયા પંદર આપ્યા છે. તારીખ તથા સહી.

આટલું કરાવે તો પણ બસ છે.

લી. સેવક,
લખુભાઈ ભાઇચંદ.

---

# કોન્ફરન્સનું બંધારણ મજબુત કેમ થાય ?

પ્રીય વાચકો, આ મથાળું નવીન નથી, પણ ચાલુ ચર્ચા થતું છે પણ તે ઉપર કેળવાયલા વર્ગને ધ્યાન આપવું જોઈએ તે અપાયું નથી એમ જણાય છે. દરેક કામ વિચારપૂર્વક યોજનાપૂર્વક કરવામાં આવે છે તેજ સારાં થઈ શકે છે. આપણે કોન્ફરન્સની સ્થાપનાપછી જૈનસમાજમાં થોડો ફેરફાર જોઈ શકયા નથી. ભલે એક આંખે જોનારા, કોન્ફરન્સે કાંઇ કર્યું નથી તેમ કહે, દરેક મનુષ્ય માત્રની ફરજ છે કે પોતાની કોમની ઉન્નતિ માટે પોતાની શક્તિ અનુસાર તન, મન, ધનનો કંઈ પણ ઉપયોગ કરવો અને તેવી રીતે કાર્ય કરવા મન ઉપર લેવાય તો તે કોન્ફરન્સેજ કર્યું તેમ કહેવાશે. કોન્ફરન્સનાં હાથ, પગ, અંગોપાંગ આપણેજ છીએ ને જયારે આપણે તેની સંભાલ લઇએ નહી તો પછી કોની ભુલ સમજવી ? બાળકને નવરાવી–ધોવરાવી સ્વચ્છ કપડાંથી શોભાવવા. તેથી આગળની વ્યવહારિક ક્રિયા કરવા, વગર શક્તિનો મનુષ્ય પણ કેટલું બધું કરે છે ? જ્યારે અનુપમ બાળની તંદુરસ્તી માટે માત્ર એકાદ વર્ષે ૨-૪ દિવસ લાંબા લાંબા લેકચરો કર્યા એટલે શું પતીગયું ? નહીજ. તંદુરસ્તી માટે વૈદ્યોનો ખપ છે અને તે વૈદ્યો કેળવાયલા અનુભવી વિદ્યાવાન બંધુઓ છે તેઓએ જુદી જુદી વખતે સલાહ આપ વાનું ચાલૂ રાખવા જરૂર છે તેટલુંજ નહી પણ તેવાઓની એક કમીટી કોન્ફરન્સની બેઠક અગાઉ એક બે વખત મળવા જરુર છે.

સર્વે ગામના બંધુઓ ભેગા થઈ શકે નહી તો તે માટે મને એક સારો માર્ગ એ લાગે છે કે મુંબઈમાં મુંબાઈના બંધુઓની એક બેઠક કરવી અને તેમાં કોન્ફરન્સના ઉદય માટે લેકચરો નહી પણ વિચારો અને ઉત્તમ સરળ માર્ગ શોધી કહાડવા. આ માટે, આશા રાખશું કે, કોઇ પણ ઉમંગી બંધુ યોગ્ય હિલચાલ કરશે અને આગળથી આપણા અઠવાડિક પત્રો મારફતે બેઠક મળવાની તારીખ જાહેર કરી બહાર ગામના દરેક બંધુઓ પોતાના વિચારો લખી મોકલે તેવી વિનંતિ કરવી. ગયા માસમાં માંગરોળ જૈનસભામાં કોન્ફરન્સ ઉપર એક ભાષણ થયું હતું અને તેમાં કેટલીક ઉપયોગી સુચનાઓ થઇ હતી તેને કોન્ફરન્સના સુકાનીઓ તરફ પહોચાડવા વિચાર થયેલો છે. પણ તે વખતે જોઇએ તેટલું વિચારાયું નથી માટે, આવી રીતે ગોઠવણથી કામ લેવાની જરૂર છે.

ચંપાગલી, મુંબાઈ.
૨૯—૮—૦૬.

લી. શુભેચ્છક,
લલ્લુભાઈ કરમચંદ દલાલ.

# જૈન સમાચાર.

**વિલાયત ગંતા**—પુનાવાળા શેઠ નેમચંદ માણેકચંદે તા. ૨૨ મી એ અમદાવાદમાં ઓશવાળ ભાઈઓની નાત કરી હતી ત્યારે ઈંગ્લંડ જઇ આવેલા મી. મોહનલાલને નાતમાં જમવા દેવામાં આવ્યા છે.

**સંઘાડો**—શ્રી મુંબઇમાં વિચરતા મુનિરાજ શ્રી મોહનલાલજી મહારાજના સાધુઓની સંખ્યા ૩૪ જણાય છે.

**સંપાદક**—"જૈનોદય" અંક ૮-૯ માં લખે છે કે શ્રીજૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ હેરલ્ડે સ્થાનકવાસી ભાઇઓની વિરૂદ્ધમાં અજ્ઞાનતા ભર્યા જે લખાણો કર્યા હતાં તેથી ખિન્ન થઈ સંપના ઇચ્છક મી. ગુલાબચંદ ઢઢ્ઢાએ પોતાનું એડીટર તરીકેનું નામ પાછું ખેંચી લીધું જણાય છે. સહકારી બંધુને જણાવવાનું કે ઢુંઢીઆ ભાઇઓની વિરૂદ્ધતાના લખાણુ આવવા ઉપરથી જો મી. ઢઢ્ઢાએ નામ કાઢી નાખ્યું હોત તો તેજ અંકમાં તમારી કોન્ફરન્સના પ્રમુખના સંબંધનો મી. ઢઢ્ઢાનો લખેલો આર્ટીકલ વાંચો અને ખાત્રી કરો. હાલ મી. ઢઢ્ઢા જયપુર સંસ્થાનના એક મહાલ માલપુરમાં રહેતા હોવાથી કેટલીક અગવડ પડવાને અંગે સંપાદક તરીકે કામ કરી ન શકાય અને માત્ર નામ રહે એ યોગ્ય લાગતું નહિ હોવાથી તેમને આ રસ્તો લેવાની જરૂર પડી છે, પરંતુ તેમની લાગણી અને હિત જેવુંને તેવું કાયમ છે.

**જાપાનમાં ધર્મસભા**—આ સભા વિષે મુસલમાન ભાઈઓએ પ્રતિનિધિ મોકલવા અને તે રીતે જાપાનમાં રાજ્યધર્મ તરીકે મુસલમાન ધર્મ સ્વીકારાવવા આશા રાખી છે, એમ ઇસલામી લેખકોએ અત્રેના સ્થાનિક વર્તમાન પત્રોમાં વારંવાર જણાવ્યું હતું, તથા દૈનિક વર્તમાન પત્રોના આધારે સાપ્તાહિક પત્રોએ પણ તેમજ લખ્યું હતું, અને તેથી સુરતમાં બીરાજતા મુનિરાજના ઉપદેશથી જાપાનમાં આપણા ધર્મના પ્રતિનિધિ મોકલવા અને આપણો ધર્મ જાપાનમાં વિશેષ ફેલાવવા માટે વક્તાઓ મોકલવા કે શું ઉપાયો લેવા તે માટે નિશ્ચય કરવા ત્યાંનો સંઘ ભેગો થયો હતો. અને તે સંઘે એવું નકી કર્યું હતું કે જુદા જૂદા મુનિરાજો અને ગૃહસ્થોના મત માગવા. આ પછી જાપાનમાં ધર્મસભા ભેગી થવાની છે, તે કયારે થશે, એવું ચોકસ જાણવા માટે તે દેશના સ્થાનિક કોન્સલ (એલચી) ને પૂછાવતાં તેઓ જણાવે છે કે.

I am not able to give you the desired information regarding the Congress of Religions in question, as nothing is known to this Consulate, but I have reason to suppose that a meeting of principal religious men held at Tokio some months ago was misreported as a Congress of Religions.

**અર્થ:**—આ એલચી ખાતાને કંઇ માહિતી નથી, તેથી આપે પૂછાવેલ ધર્મસભા વિષે આપે માગેલ ખબર આપવાને હું શક્તિમાન નથી, પણ મને ધારવાને કારણ છે કે કેટલાક મહિના ઉપર ટોકીયોમાં મળેલી મુખ્ય ધાર્મિક ગૃહસ્થોની સભાને ભુલથી ધર્મસભા સમજવામાં આવી છે.

આ પરથી જણાશે કે જાપાનમાં ધર્મસભા મળવા વિષે કંઈ પણ ચોકસ નથી. "જામે જમશેદ" માં પાછળના એક અંકમાં ઈસલામી લેખકે પણ લખ્યું છે કે જૂન ૧ ની સભાનેજ ધાર્મિક સભા ગણવામાં આવી છે. બીજી કોઈ સભા મળવાની નથી.

**દિગંબર બંધુઓને વિનંતિ**—દિલ્લીથી દક્ષિણે ૩૨ મૈલ ફરૂખનગરથી પંડિત જીયાલાલ લખે છે કે અહિં ખરતર ગચ્છના યતિ લોકોની ગાદી ૧૭૫ વર્ષ રહી. તેના શિષ્ય અને શ્રાવકો અગ્રવાલ હતા. પહેલાં ફરૂખનગર મુસલમાન નવાબના તાબામાં હતું. સન ૧૮૫૭ થી નામદાર ઈંગ્રેજ સરકાર રાજ કરે છે. તે વખતે યતિજીની ગાદીપર યતિ તેજરામ હતા. તેમને સરકાર તરફથી એક કુઓ મલ્યો હતો. તેમને કોઈ ચેલો ન હોતો. યતિજી સંવત ૧૯૨૫ માં દેહમુક્ત થતાં ગાદી ખાલી પડી હતી. તેમના ગૃહસ્થ-ભાઈએ આવીને મકાન રૂ ૮૦૦, માં દિગંબર ભાઈઓને વેચી દીધું. પરંતુ કુઓ સરકારે જપ્ત કર્યો. ત્યારે મેં દોઢ વર્ષ કેસ લડીને સરકારથી કુઓ મેળવ્યો. અને આજ દિવસ સૂધી તે મારા નામપર ચાલ્યો આવે છે. વળી તેની આમદાનીનો કંઈ ભાગ મારી રાજી-ખુશીથી દિગંબર મંદિરમાં હું આપ્યા કરતો હતો. હવે જ્યારથી મેં શ્વેતાંબર મંદિર જુદું બનાવ્યું છે, ત્યારથી તે લોકોએ મારાપર કેસ ચલાવ્યો છે કે એ કુઓ અમારો છે, માટે અમારી માલિકી ઠરાવી આપો, કોઈ દિગંબર મહાશય સલાહ કરાવી આપવા મેહે-રબાની કરશે, તો ઉપકાર થશે-

**અનુકરણીય દાખલો**—જણાવવાને સંતોષ થાય છે કે, દરેક જૈન મંદિર અને ધર્મ ખાતાનો હિસાબ લેવાને જૈન કોન્ફરન્સે જે ઠરાવ કરી પ્રયત્ન કરવો શરૂ કર્યો છે તેની અસર દક્ષિણમાં પુના જીલ્લામાં આવેલા જુનેર ગામમાં પણ થઇ છે. ત્યાં જૈનોના ૧૦૦ ઘર છે. અને શ્રી શાંતિનાથજીનું પ્રાચિન શિખર બંધ મંદિર અને અમીઝરા પાર્શ્વનાથજીનું મંદીર એમ બે મંદીરો આવેલા છે. તેમાંના શ્રી શાંતિનાથજીના મંદીરનો વહિવટ મુલ વીજાપુરના પણ હાલ જુનેરના રહેવાસી શેઠ દીપચંદ મુલચંદવાલા લગભગ ૬૫ વરસથી કરતા આવ્યા છે. તેમની ત્રીજી પેઢી વાલાઓએ સરવાયાં કાઢી હિસાબની ચોખવટ કરી શ્રી સંઘને સમજાવી દીધો છે. અને મિલકત, ચોપડા તથા દરદાગીનો વિગેરે સુપરદ કરી રસીદ લઇ લીધી છે. દેરાના બાંધકામ વિગેરેમાં સુધારો વધારો કરવા ઉપરાંત દર દાગીનો વિગેરે કરી મિલકતમાં સારો વધારો કર્યો છે. બીજા મંદીરનો વહીવટ શ્રીસંઘે તપાસી જોવો જોઇએ. અથવા વહીવટદારે તપાસ કરાવવાની માંગણી કરવી જોઇએ. આવા શુભ દાખલાનું અનુકરણ અન્ય સ્થળોએ પણ પોતાની માલિકી જેવા માની બેઠેલા શેઠીઆઓએ કરીને દેવમંદીર નો હીસાબ ચોખો કરી દેવો જોઇએ.

**ઉંઝામાં સભા**—શ્રી જૈન નીતિવર્ધક સભા ઉંઝામાં સ્થાપન થઈ છે. દર માસે બે આઠમ તથા બે ચૌદશે સભા ભરી ભાષણ કરવા ઠરાવ કર્યો છે. એક લાઈબ્રેરી પણ ખોલી છે. સભાનો ઉદ્દેશ સ્વધર્માભિમાન, સ્વદેશાભિમાન તથા કેળવણીનો ફેલાવો કરવો એ છે.

**મુનિ બુદ્ધમલજી**—શ્રી ચંદ્રપુરથી લખે છે કે, આ ક્ષેત્રમાં આજ સુધી ઢુંઢીઆ આવ્યા નહોતા. હવે ૪ ઢુંઢીઆ આવ્યા છે, અને મુલકમાં ઘણા ઢુંઢીઆ ફેલી ગયા છે. હું ૪ વર્ષે આ ક્ષેત્રમાં આવ્યો છું. પણ દેરાસરમાં બરોબર ચોગ્ય વ્યવસ્થા રહેતી નથી. પુજારોને ચોગ્ય કહેતાં શ્રાવકો મને સામું કહે છે. દેરાસરમાં બહુજ

આશાતના થાય છે. દેરાસરમાં ચલમ હુકા પીએ છે. ગંજીપા તથા ચોપટ ખેલે છે. કોઈ નવપદજીની પૂજા ભણાવે તો રૂ. ૧૫) નકરાના લે છે, તેમાં રૂ. ૨॥) ભંડારમાં રહે, બાકી પૂજારી લઇ જાય છે. અહીં ૨૦ ઘર શ્રાવકના છે. એવી વ્યવસ્થા અહીં ચાલે છે કે, ચૌદ આના પૂજારીના ઘરમાં જાય, અને બે આના દેરાસરમાં જાય. તો આગળ જતાં દેરાસર કેવી રીતે ચાલશે? પૂજારી ભાંગ પીને મસ્ત રહે છે, જગે જગે થુંકે છે વિગેરે. ત્યાંના શ્રાવક બંધુઓને આ હકીકત લક્ષમાં લેવા અને જેટલો થઇ શકે તેટલો જેમ બને તેમ જલદી સુધારો કરવા વિનંતિ છે. પ્રભુની આશાતના અતિશય પાપનું કારણ છે, તે ધ્યાનમાં રાખવા સૂચના છે.

**મુનિ વિહારથી લાભ**—કલકત્તામાં તથા મુર્શિદાબાદ પાસેના અજીમ ગંજમાં મુનિરાજ શ્રીમદ્ કમળવિજયજી તથા વીરવિજયજીના ચોમાસાથી ધર્મનો બહુ સારો ઉદ્યોત થયો છે.

**મારવાડની સ્થિતી**—અજમેરથી મી. ધનરાજ કાંસટીયા લખે છે કે, આ બાજુની હાલત બહુજ ખરાબ છે. દરેક ગામમાં ઓશવાળ ઢુંઢીઆ થઈ ગયા છે. મંદિરોની વ્યવસ્થા ખરાબ થઈ ગઇ છે. ભિણાયમાં ૧૫૦ ઘર ઓશવાળના છે. જેમાં મંદિરમાર્ગી ઘર ૩ છે, અને મંદિર ૪ છે. પૂજા કેવી રીતે થઇ શકે? અતિ શોચની વાત છે. વિકાનેરમાં આત્માનંદ જૈન કલબ કાયમ થઈ છે. જૈતારણમાં સભા થઈ. ૪૦૦ મનુષ્ય એકઠા થયા હતા. તા. ૩૧ મી જુલાઈએ એક સભા થઈ. પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રેઝરર તથા લોકલ સેક્રેટરીની નિમણોક થઈ છે.

**હાંસોટનું દેરાસર.**—ત્યાંના વૈદક ખાતાના મી. ભોગીલાલ મયારામ શાહ લખેછે કે આંહી એકે જૈન ઘર નથી. હું માત્ર એકજ જૈન અને સરકારી નોકર છું. આંહી દેરાસરમાં રીપેર કામ માટે તથા પ્રભુજી માટે જરૂરનાં આભુષણો માટે રૂ. ૨૩૦, આશરે આસપાસનાં ગામોમાંથી મેં ભેગા કર્યાં હતા અને તે રકમ સાથેના હિસાબ પ્રમાણે વાપરી છે. હિસાબ તપાસતાં ખર્ચ બરોબર વ્યાજબી થયો જણાય છે.

**યતિમંડળ**—તા. ૨૯ જુલાઈ ૧૯૦૬ ના રોજ અહિં ગોડીજી મહારાજના તપાગચ્છના ઉપાશ્રયમાં મળ્યું હતું. સાતે દેરાસરોના યતિઓ હાજર હતા. યતિ કોન્ફરંસ ભરવી આવશ્યક છે એવો ઠરાવ થયો હતો. ૭૧ યતિઓની સંમતિ છે એમ જણાવવામાં આવ્યું હતું. હજી બીજા ૧૪ મુખ્ય યતિજીઓની સંમતિ મળેથી કોન્ફરન્સ ભરવા માટે વિચાર કરવામાં આવશે.

**સભા**—માળવા (મહિદપુર) માં ૧૦ મહિનાથી આત્માનંદ જૈન મંડળી સ્થાપન થઈ છે. ચિંતામણી પાર્શ્વનાથજીની પાસેના ઉપાશ્રયમાં દર સોમવારે ધર્મચર્ચા થાય છે સ્થાપક આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રીમદ કમળસૂરિજી છે. મંદિરજીમાં વિદેશી કેશર ચડાવવામાં આવતું નથી.

**સભા**—ભોપાળમાં શ્રી જૈન શ્વેતાંબર મિત્રમંડળીની સભા ભાદરવા શુદ ૭ મે મળી હતી. "સંપ" પર ભાષણ અપાયું. દિગંબરી તથા ઢુંઢકભાઈઓ પણ કેટલાએક હાજર હતા. તેઓમાંના બે ભાઈઓએ ભાષણ આપ્યું હતું.

લપર—રોવા કુટવાનું બંધ—લાલપરના વિશા ઓશવાલ વાણીયા શા. સોમચંદ કચરાનો યુવાન દીકરો વીરજી ગુજરી જતાં પર્યુષણપર્વ સબબ બીલકુલ રડવા કૂટવામાં આવ્યું ન હોતું. મી. વીરજીની ઉમર ૩૨ વરશની હતી. ૧૯૬૦ ની શાલમાં લાલપરમાં શ્રીજૈન દેરાસરજીની પ્રતિષ્ઠા વખતે તેમણે ઘણી સારી મહેનત લીધી હતી.

સખાવતના પ્રકાર—ઈંગ્લંડ આપણાથી ઘણોજ ગબર દેશ છે એ તો નિર્વિવાદિત છે. તેથી તે આર્થિક શ્રેષ્ઠતા જાળવી રાખવામાં તેઓના સબળ સાધનો શું છે તે જાણવાથી બહુ ઉપયોગી હકીકતો મળી શકે છે. જે દેશ એવી રીતની સખાવત કરે કે જેથી આળસુઓની વૃદ્ધિ થાય તે દેશ કેમ, અને ક્યારે તરી શકે? તેનાથી ઉલટી રીતે જે દેશ ઉદ્યમ વધે, કામ કરવુંજ પડે, જ્ઞાન મળે, અનાથોનું રક્ષણ થાય અને એવી ઉપયોગી રીતેજ સખાવત કરે તે દેશ પોતાની મેળવેલી શ્રેષ્ઠતા કેમ ન જાળવી શકે? ઈંગ્લંડમાં એક વર્ષમાં—૧૯૦૫ માં—નીચેપ્રમાણે ગુજરી ગયેલા માણસો વીલદ્વારા સખાવત કરી ગયા છે.

ઔષધાલયો માટે ૭૭૩૨૮૫ પાઉંડ.
પરદેશોમાં ધર્મોપદેશ માટે ૨૧૬૦૦૦ ,,
અનાથ બાલકોની રક્ષા માટે ૧૫૬૦૦૦ ,,
વિદ્યાલયો માટે ૧૧૭૦૦૭ ,,
સ્વદેશમાં ધર્મોપદેશ માટે ૧૧૨૦૦૦ ,,

ઉપરની સખાવતથી જણાશે કે તેઓ કેવી ઉચ્ચ રીતે સખાવત કરે છે. તેવી રીતે આપણો પૈસાપાત્રવર્ગ, જે પૈસા જમણમાં ખર્ચવા ઇચ્છા હોય, તેમાંથી અર્ધભાગ, આવા શુભ હેતુઓમાં વાપરશે ત્યારેજ દેશના ઉદયની શરુઆત થશે.

કોન્ફરન્સના ઠરાવોનો અમલ—માનાધિકારી ઉપદેશક મી. મોતીચંદ પાનાચંદે ડભાસંગમાં તા. ૨૯—૭—૦૬ ના રોજ સભા ભરી હતી. આશરે ૨૦૦ માણસ હાજર હતા. ભાષણ આપતાં નીચે પ્રમાણે ઠરાવો થયા હતા.

૧ કન્યાવિક્રય કરવો નહિ.
૨ વરવિક્રય કરવો નહિ.
૩ વૃદ્ધલગ્ન કરવાં નહિ.
૪ ચામડાનાં પૂઠાં વાપરવાં નહિ.
૫ ફટાણાં સ્ત્રીઓએ ગાવાં નહિ.
૬ પરદેશી મેંદો વાપરવો નહિ.
૭ પીછાવાળી ટોપી વાપરવી નહિ, અને તેનો વેપાર કરવો નહિ.
૮ કચકડાની વસ્તુ વાપરવી નહિ, અને તેનો વેપાર કરવો નહિ.
૯ સીમંત પ્રસંગે ન્યાતિખર્ચ કરવું નહિ;
૧૦ મરનાર પાછળ ૨ માસ પછી રડવું કૂટવું નહિ.
૧૧ ત્રીશ વર્ષની અંદર ગુજરી જનાર પાછળ મિષ્ટાન્ન કરવું નહિ.
૧૨ પુન્ય નિમિત્તે કાઢેલ પૈસા એક વર્ષની અંદર વાપરી નાખવા.
૧૩ ધર્માદા ખાતાંઓનું સરવૈયું દર વરસે છપાવવું.

ઉપરના ઠરાવ વિરૂદ્ધ વર્તનાર પાસેથી સવા પાંચ આના દંડ લેવો, અને તે પાંજરાપોળ જીવદયામાં આપવો. ઉપરના ઠરાવોપર શેઠીઆઓની સહી થઈ છે.

એક દયાળુ નૃપતિનું ભવિષ્ય—જામનગરના યુવાન જામ શ્રી જસાજી થોડા વખત ઉપર દેહમુક્ત થયા છે. તેઓએ ગાદીએ આવ્યા પછી જાહેરનામું બહાર પાડી ફરમાવ્યું હતું કે તેમના રાજ્યમાં કોઇએ શિકાર કરવો નહી, દરેક મહિનામાં બે અગીયારસો તથા પૂનમ અમાસ પાળવી, તે દિવસે જીવહિંસા નહિ કરવી, શ્રાવણ માસ આખો તથા પર્યુષણ પર્વમાં પણ જીવહિંસા નહિ કરવી. આવા દયાળુ રાજ્યકર્તા આવા સત્તાના ઠરાવથી કેટલું ઉત્તમ ભાતું બાંધી શકે છે, તે લખવા કરતાં સમજવુંજ સહેલ છે. જે નૃપતિઓ, જે સત્તાધિકારીઓ, હિંસા ઓછી કરાવી શકશે તેઓ અતિશય પુણ્યવાન છે. આ અંકમાં તેમના એક મહાલ લાલપરના ન્યાયાધીશનું જાહેરનામું વાંચવાથી ખાત્રી થશે કે દર વરસે આ પ્રમાણે જાહેરનામું બહાર પડતું રહેવાથી કેટલી જીવદયા પાળી શકાય? ખરેખર એવા પુણ્યાત્મા નૃપતિઓને ધન્ય છે!

અમરેલીમાં કન્યાશાળાનો મેળાવડો—અભ્યાસ તપાસ્યા પછી શેઠ વીરચંદ જીવા તરફથી પુત્રપ્રસવ ખુશાલીમાં સાકર વહેંચવામાં આવી હતી.

ઢુંઢીઆ સાધુ—કચ્છ મુદ્રાખાતે મુનિ મોણશી ઢુંઢીઆ સાધુ મટી સંવેગી સાધુ થયા છે.

દીગમ્બર જૈન વિધવા વિવાહ.—દીલીમાં અસાડ મહિનામાં થયો છે. પુનર્વિવાહિત સ્ત્રીની ઉમર વર્ષ ૨૫ ની છે તેના આ વખતના પતિની ઉમર વર્ષ ૪૦ છે. કન્યાના થયેલ પતિ સીકંદરાબાદના રહીશ છે. આ લગ્ન પ્રસંગે અંબાલા યંગમેન્સ એસોસીએશનના સભાપતિ, તથા દિગંબરોમાં એક નેતા લાલા અજીતપ્રસાદજી એમ. એ. એલ એલ. બી.; હાજર હતા. આ વિધવા વિવાહ થવાથી ૪ જણને જ્ઞાતિ બહાર કરવામાં આવ્યા છે.

આશ્રય—અત્રેની શેઠ હીરાચંદ ગુમાનજી ધર્મશાળામાં એપ્રિલ, મે તથા જૂન એ ત્રણ મહિનામાં ૧૫૦૦ આશ્રય લેનારામાં ૬૫ શ્વેતાંબરી હતા.

પાંચમી કોન્ફરંસ—અમદાવાદ ખાતે મળનારી આપણી આ કોન્ફરન્સની બેઠક માટે તૈયારીઓ ચાલે છે. આવકાર દેનારી કમીટીના પ્રમુખ, વિગેરે અધિકારીઓ નીમાયા છે. ફંડનું કામ પણ સારી રીતે શરૂ થયું છે.

સ્ત્રીશિક્ષકો—જાપાનમાં ૧૮૦૦૦ છે.

જીવદયા—સુરતમાં આ શુભ કાર્ય માટે રૂ. ૯૦૦૦ નું બહુ સારૂં ફંડ થયું છે. હજી વધુ થવા આશા અને સંભવ છે.

જીવદયા—સમનીથી મેતા અમરચંદ જેઠાભાઇ લખેછે કે ત્યાંના સંઘે તે ગામમાં રૂ. ૩૦૦, ગામના આગેવાન મુખી પટેલ નાથાભાઈ રણછોડ તથા ઉધરાતદાર શંકર કાળીદાસ વિગેરે ગામ સમસ્તને આપી ભાદરવા શુદ ૪ આખા ગામનાં ઈંડા છોડાવ્યાં છે. ને તે હમેશાં વંશ પરંપરા છોડવા. ચંદ્રસૂર્ય તપે ત્યાંસૂધી પાળવાના કરારથી રૂપિયા આપ્યા છે. તેનો લેખ લખાવી લીધો છે. તે રૂપિયા પટેલોએ ગામ સદાવ્રત ખાતામાં આપ્યા છે.

જ્ઞાન ખાતાને મદદ—દક્ષિણમાં આવેલા બેડકી હાલવાળા શેઠ બાપુચંદ સીરચંદ

હ. શેઠ હીરાચંદ તારાચંદે રૂ. ૩૦૧ જ્ઞાન ખાતામાં વાપરવાને અમારા ઉપર મોકલી આપ્યા છે. જે ને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

જ્ઞાનશાળા.—કચ્છ દુર્ગાપુરમાં જ્ઞાનશાળા ખોલવામાં આવી છે.

પરદેશી સાકર બંધ—ગાડરવાડા ( નરસીંહપુર ) થી મી. ધનરાજજી ડાગા અમને લખી જણાવે છે કે, તા. ૯–૯–૧૯૦૯ ના રોજની જાહેર સભામાં અત્રેના લોકોએ વિદેશી સાકરનો વેપાર તથા ઉપયોગ બંધ કર્યો છે. હલવાઇ લોકો પણ આમાં સામેલ થયા છે. અને તે પ્રમાણે અન્ય સ્થળો એ થવાની ભલામણ કરે છે.

---

# સ્વદેશી ઉદ્યોગ હુન્નર તથા કેળવણી.

કળા ભવનમાં ફી.—વડોદરા કળા ભુવનમાં મીકૅનીકલ વર્ગમાં માસિક ફી રૂ. ૧, લેવા ઠરાવ થયો છે.

સ્વદેશી વસ્તુઓ—જૂનાગઢમાં મેસર્સ કે. વી. અવધાની કંપની પોમેટમ, મલમ બી, સેંટ વિગેરે બનાવે છે. ત્યાં એક બીજી કંપની મેન્થૉલ, બટન વિગેરે બનાવે છે.

બંગાલમાં મીલ—કલકત્તામાં લક્ષ્મી મીલ ઉભી કરવામાં આવશે. થાપણ રૂ. બાર લાખની ભરાઈ ગઈ છે.

સાબુ—મુંબઈ ઇલાકામાં દેશી સાબુઓ ઘણી જગ્યાએ વેચાય છે, પણ વિલાયતી સાથે થોડે અંશે પણ હરીફાઈ કરી શકે એવા સાબુઓ હજીસૂધી થોડા બનતા. હાલ મુંબઈમાં લોટસ સાબુ નામના દેશી સાબુ સારા નીકળ્યા છે.

વીમા કંપની—પરદેશી વ્યાપારીઓની ખૂબી તેઓના સંપમાં છે. ગુજરાતમાં જેને સાડતાળ કહે છે, ઇંગ્રેજીમાં જેને ટ્રસ્ટ કહે છે, તેવા કંઈ ધોરણ ઉપર, મુંબઈમાં થોડા વખતમાં ઘણી આગો લાગવાથી મુંબઇની પરદેશી વીમા કંપનીઓએ ભાવ લગભગ બેવડા કરી નાખ્યા, તેથી દેશી થાપણથી દેશીઓ હસ્તક ચલાવવા માટે એક વીમા કંપની સ્થાપન થઈ છે. દેશીઓએ પ્રમાણિકપણે કામ કરવાથી આંટ વધશે, અને તે જેવો તેવો ફાયદો નથી.

બંગાળની નૅશનલ કેળવણીની યોજના.—બંગાળના વિભાગ થવાથી જે દેશના ઉત્કર્ષનાં અતિશય ઉચ્ચ ચિન્હો દૃશ્ય થાય છે તેમાં સર્વથી અગત્યનું કેળવણી સંબંધી દેશમાં ચાલુ થયેલું પ્રવર્તન છે. જે પ્રજા પરાધીન છે, તે પ્રજા પોતાની મેળે પોતાના સ્વદેશનાં ઉત્કર્ષનાં સાધનો શોધે એ જેવી તેવી આનંદની વાત નથી. હિંદ અસલથી પળાતા સ્વધર્મમાં મસ્ત છે, તેવુંજ સ્વદેશાભિમાનમાં તથા ફરજની સમજણમાં મસ્ત થશે ત્યારેજ દેશનો ઉત્કર્ષ થઇ શકશે. આળસુ જનોને ખવરાવવા પીવરાવવામાં અતિશય ખર્ચ કરવા કરતાં આવા કેળવણીનાં કામ દરેક ઉત્તેજનને પાત્ર છે.

---

# કાઠીઆવાડ પ્રાંતની જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવકોની વસ્તીવાલાં ગામોની ડિરેકટરી થઇને આવી છે તેનું લીસ્ટ.

( અનુસંધાન—ગયા અંકના પૃષ્ટ ૨૩૨-૩૩ થી. )

**પ્રાંત ગોહીલવાડ**

**રાજ્ય પાલીતાણા.**

પાલીતાણા
માંડવી
વીકલીયા
જાલીયા
રાજથલી
માનગઢ
પછેગામ
જામવાલી
સાનખા[illegible]
જમણવાવ
અણીડું
લાંપાળીયું
ભંડારીયા
ખોડવદરી
બેલા
સોમલ
ટીંબા
સગાપર
પીપરડી
રાજથલી નાની
જાલવદર
નાનીમાલ
પીથલપર
પરવડી
લુવારવાવ
પાંચટોબરા
માંડુકા
વેટી
આદરપર
ભમરીયું
ચોદા
સુરનગર
સારીંગપુર ( ઢમરાળા )
આંકોલાલી
લાઇચડા
દેદરડા
વાવડી મોટી
વાલુકડ
મેઢા
સાજણાસર
રંડોલા
ભાદાવાવ
ઠાડચ
ગારીઆધાર
વીરડી
મોરબા
[illegible]લાસ
બાદલપર
મોતીસરી
દુધાલા
ચરોડીયું મોટું
પાળીયાળી મોટી
ગરાજીઆ
રતનપર
સોમલ
માનવડ
ખારડી
પાલડી
સેંજલીયા
વેલાવદર
પરબડી
નાના ચારોડીયા
ભમરીયું
સાંઢખાખરા
બાદલપુર
રાલગોદ
સોડા
મોતીસરા
મોખડકા
સારીંગપર

**ભાવનગર રાજ્ય.**

મહુવાબંદર
મોટી
કુંડાસ
ગુંદરણી
તાવીડા
ઉમણીયાવદર
નેસવડ
માલીયું
લોયગા
કોટીયા
તરેડ
લોંગડી
જાઆધાર મોટી
કલસાર
નેપ
ગુંદરણા
સથરા
દુદાણા
કાટકડા
દીઆળ
પીપળવું
અમૃતવેલ
ગોરડા
રાણીવાડા
નાના ખુંટવડા
માઢીયા
સમઢીયાળા કંકાળનુ
દુધાળું કંઠાળનું
રાજુલા
ધારેશ્વર
ડુંગર
ચાડદીકું
બાંભણીયું
ધરાઇ
મોણપર
ખારી
સુણા
ઓથા
કલમોદર
છાપરી
સેંદરડા
ભાદ્રોડ
તલગાજરડા
ખરેડ
અકતરીયું
ભાણવડ
ગોવીંદડો(નાનીખેરાળી)
જસપરા
સરોડ
રાજપરા
ડલીયા
કુંભણ
પીપરલા
પરવાડું
હડમતીયું
તલી
સરકડીયા
ત્રાપજ
વરતેજ
કમળેજ
ફરીયાદકું
બીજડીયું
થોરડી
ઉગામેડી
ઝાંઝુડા
તલાજા
બોરડા
જાંબાળું
કામળવદર
ભાલર
પાલડી
સાંખડાસર
દેવલીયા
વેલાવદર
[illegible]
કુલસર

પસવી
સાંગણવા નવા
ધાણા મોટા
છાપરી જુની
કામરોળી નવી
કામરોળી જુની
તરસરા
પીગલા
ટાણા
ખારા
આંબા
કોટીકડા
ચોંપળ
ભૂવા
ઝીઝુડા મોટા
ભમોદ્રા નાના
બેંસાણ
બોરીંગડા
ખડસલીયા
સીમરણ
સનાળીયું
સલડી
લીલીયા
દોલતી
મોરીઆણા
જુના સાવર
ભમર
ભેંસવડી
વીજપડી
પીઠવડી
જીરા
ક્રાંકચ
ખાંભા
બોરાળું
સડલા
કોટડા
શીહોર
બેથળા
પરતાપરા
ઝાંઝમેર
ઉચડી
પીથલપર
ખીજડીયા
મેહડી

હણોલ
વેજંદરો
ભીમડાદ
સમઢીયાળા
રામપરૂં
રાભંડા
બેરાલી મોટી
લાકડીયા
સમઢીઆળું
બડેલી
દીહોર
સાતપડા
ઢુંઢસર
મણાર
બુઢાણા
બદરપર
પછેગામ
ખડસલીયા
ટાટમ
અલંગ
લાખણકું
ખાખરીયું
સમઢીયાળા
ટીમાણું
ભારોલી
ઉમરાલા
જાલીયું
બુટવડ મોટા
મઢડા
દેવગાણા
લીંબડા
વરલ
જસપરૂં
રતનપુર
રાજપરા
થોરાળી
હડમતીયું
હણોલ
કમઢીયું
વાવડી
ગોલરામુ
જાલીયા
પીપરાળી
રેવા
ઇશ્વરીયા

સણોસરા
પીપળીયું
નવુંગામ
ઉખલું
પાંચવડા
છાપરીઆળી
વીરડી
ભીકડા
કુંડલા
કવી
ઝેઆદ
વાંશીઆળી
ભંડારીઆ
સરતાનપુર
થોરડી
સાંગણીયુ
દુધાલા
ભાદરા
વડાળ
ગોરસ
કુંભણ
મેઘવડીયું
ઝીઝાવદર નાનું
ખીલડી
હડમતીયું
રાજાવદર
બોરડી
જાદર મોટું
થોરાલું
સુરકા
પાલડી
સમઢીઆલું
ગઢુલા
પાંચતલાવડા
ઘોબા
ચમારડી
સંભાડીયુ
ઇંગોરાળા
ભેકડા
પાંચપીપળા
નાગધણીબા
ભંડારીઆ
રાજપરા
નીંગાળા
તણસા

દેવળીયા
ખાંટડી
ગઢડા
શેલણા
કેરીયું
માલપરૂં
શીહાદ
ભામોદ્રા
વેડા
રાજપીપલા
રંઘોલા
ગોરડકા
પીપલીયા
ઝરીયા
નોંઘણવદર
ભુતીઆ
બોસડવું
હીપાવડલી
રાણીગામ
જેસર
પાગામ
રાણપરડા
સનાળા
ઝડકલા
ચીરોડા
દેપલા
પીઆવા
ભાંભણ
કારીઆણી
લાઠીદડ
નાગલપુર
તાજપુર
આબરા
લાખેણી
કેરીઆ
સાંગાવદર
વળા
મેલાણા
દરેડ
દુધાધાર
નવાગામ
જાલીયા
આલમપર
દયાળ
ગાધિસર

રાણીવાડા
વાલર

તાલુકો ગોધા.

રાજ્ય બ્રીટીશ

જીલા અમદાબાદ.

ગોધા બંદર
બાડી
રતનપર
ભદરાવળ
મુડી
બાબરીયાત
લાકડીયું
લોકદડ
મોરચંદ
ઝલીયાક

તાલુકે લાઠી

રાજ્ય ગોહેલનું

લાઠી
રાજપીંપળા

રાજ્ય ગાયકવાડ

સરકાર વડોદ્રા.

બીલડી
નવુંગામ
પાડરસીંગ
રૂપાવટી

પ્રાંત કાઠીયાવાડ રાજ્ય કાઠી તાલુકદારોનાં પરચુરણ.

ચીતલ
માલવીઆપીપરીઆ
માલવીઆ પીપરીઆ
દેવલીયું
દેવલીયું મોટું
વાંડલીયા ધુવરાલા
શેખ પીપળીયા
લુવારીયા
લુણકી
લાખાવડ
ભીલડી
બગસરા
સાંણથળી
તોરી
પીપરીઆભીમાણીનું
બહાદરપુર
મોરઝુપણ
વિજયાનોનેસ
જુનાપાદર
આણંદપુર
બાટવાદેવળી
થાણાદેવળી
અકાળા
તોરી
બીલખા
મહોદરનું દેવળીયું
મતીરાળા
જેતપુર
રબારીકા
શેડુભાર
માવઝીંઝવા
ઢોલવું
ખજુરી
ખડસલીયા

રાજ્ય ગાયકવાડ સરકારનું વડોદ્રા તાબે

અમરેલી
ભાડેર
ઇશ્વરીયા
મેણપુર
ઇટાળીયું
રૂપાવટી
વરસડા
ચલાળા
ધારંગણી

જસદણ રાજ્ય

નીલવલા
જસદણ
વીંછીયા

રાજ્ય નાગરનું

વાસાવડ

જામનગર રાજ્ય

આટકોટ
આસીઆ

પ્રાંત સોરઠ

રાજ્ય જુનાગઢ.

જુનાગઢ
વણથળી
કેવદ્રા
અગત્રાઇ
માણેકવાડા
કનેરી
બરવાલું
ગોલાધર
રવની
નાવડા
મધરવાડા
મજેવડી
સીરિાદર
બોડકું
કણઝરી
ઘેટીયું
મોહોબતપર
પીપલાણા
ધંટીયુ
ડુંગરી
ઝાંપોદડ
મટીઆણા
ધંધુસર
લેરીયા
દેવગામ
આદરી
વેરાવળ
કુતીઆણા
અજાબ
માંગરોળ
ચોરવાડ
ઉના
વડવીયાલા
દેલવાડા
ઇટવાયા
ફાડસર
અંજાર
વડાલ
ગલીયાવાડા
માંખીઆળા
સરગવાળા
ખામધ્રોળ
ખલીલપુર
જાળણસર
પ્રભાસપાટણ
ચોકલી
સુખપોર
ખારસીઆવાંકુનાં
હડમતીયું
ગલથ
છોડવડી
ચોકી
સુંદાળું
બામણગામ
વાવડી
ભેંસાણ
સરદારપર
લેરીઆ
અમરાપર
રબારીકા
લાખાપાદર
મોટી ટીબી
ખીરસરે
ગાલીયાવાડું
રાણપુર

રાજ્ય ગોંડલ.

વાડોદર

ભાદાજાળીયા
મોલગામડા
મોટી માચડ
ધોરાજી
પાટણવાવ

**રાજ્ય પોર્ટુગીઝ.**

દીવ ઘોઘલા

**રાજ્ય માણાવદર.**

માણાવદર

**રાજ્ય સરદારગઢ.**

સરદારગઢ
ઝુંડવા

**રાજ્ય બાબીનું**

બાટવા

**પ્રાન્ત હાલાર.**

**રાજ્ય જામનગર.**

જામનગર
લાલપર
વીસામણ
નાગાજાળ
જાળીઆદેવાણી
વેરતીયા
લતીપર
મોટા વડાલા
વણથળી
પડાણા
ડબાસંગ
બાલંભા
જોડીઆ
રસનાળ
કેશીયા
ગંજડી
ખોડકા
પાતાનુ મેઘપર
ચેલા
વડાળીયા વડાળીશણુ
હરીપર
શીકા
શુંદા
ખીરસરા
અલીયા
પીપરીયું
ભલસાણા
ખીમરાણા
ખટીઆ
લખીઆ
આરબલુશ
પડધરી
કનાલુશ
બાલુમાનુંરાફ
શેવકધુણીયા
મોડું રાફુદ
ભાણવડ
મોટી ભલસાણા
નાની ભલસાણ
લાવડીઆ
પીપળટોડા
ગલા
કોઝા
બકોટા બારેજા
મોટા મોઢા
ચાંગા
મેમાણ
વાવબારેજા
બાવળીઆ
જામખંભાળીયા
મોતીમેતાનાવડાળા
વેરતીયા
રસનાળ
ભેંસવડ
લતીપુર
પાતાનુંમેઘપર
જામજોધપુર
કોટડા

**સ્વસ્થાન રાજકોટ**

**રાજ્ય રાજકોટ.**

રાજકોટ
સરધાર
કુવાડવા

**સ્વસ્થાન ગોંડલ**

**રાજ્ય ગોંડલ.**

ગોંડલ
ઉપલેટા
મેરવદર
કુલાણા
સીદસર
પાનેલી
ઢાંક
ચરેલીયા
તણસવા
હડમતીયા
ચીચોડ
ગીંગણી
ભાડેર
કોલકી
પાટણવાવ
છત્રાસા
દેરડી
દેવળા

**તાલુકે વીરપુર.**

**રાજ્ય વીરપુર.**

વીરપુર
ખરેડી
કાલમેઘડા

**સ્વસ્થાન ધ્રોળ**

**રાજ્ય ધ્રોળ.**

ધ્રોળ
ખાખરા
વાગુવડ

**તાલુકે ધ્રાફા**

**રાજ્ય ધ્રાફા.**

ધ્રાફા
ગોરખડી
બુટાવદર

**તાલુકે જાળીયા.**

ગોલીટા

**તાલુકે ગવરીદડ.**

ગવરીદડ

**લોધીકાથાણાતાબે.**

હડાળા

**સુચના.**—ગયા અંકમાં પૃષ્ટ ૨૩૨-૩૩-૩૪ માં લખેલાં તે તથા આ ઉપર લખ્યાં તે ગામોની કાઠીયાવાડ પ્રાંતની ડિરેકટરી આજ દીવસ સુધીમાં અમારીપાસે ભરાઈને આવી છે હવે તે સિવાય કાઠીયાવાડ માંહેનું કોઈપણ ગામ આપણા જૈન શ્વેતાંબર મૂર્તીપૂજક શ્રાવકભાઈની વસ્તીવાળું બાકીમાં રહેલું જણાય તો તે ગામનું નામ પોસ્ટ અને આગેવાનનું નામ બનતી તાકીદે અમોને લખી મોકલવા વિનંતી છે કે જે ગામ બાકીમાં રહ્યુ જણાય ત્યાં ફોર્મ મોકલી ડીરેકટરી ભરી મંગાવવાની તજવીજ થાય. કદાચ આ સૂચિપત્ર

ઉપરથી બહાર પડયા બાદ બે અઠવાડીઆની અંદર કોઈના તરફથી કાંઈપણ નહિ લખાઈ આવે તો કાઠીયાવાડની ડીરેકટરી પુરી થઈ ગણીને છપાવી બહાર પાડવામાં આવશે. તો ખરી રીતે બારીકીથી તપાસ તજવીજ કરી કોઈ ગામ રહી ગયું જણાય તો તુરત વળતી ટપાલે લખી મોકલી શ્રીસંઘને આભારી કરશોજી.

આસીસ્ટંટ સેક્રેટરી
શ્રીજૈનશ્વેતાંબર કોન્ફરન્સ.
ચંપાગલી, મુંબઈ.

---

# અમદાવાદ ઓફીસમાં થયેલું કામકાજ,

૧૯૫-૧૧-૬ શ્રાવણ માસમાં આપવામાં આવેલી મદદો.

વિદ્યાર્થીઓને સ્કાલર શીપો.

૬—૦—૦ અમદાવાદ
૩—૦—૦ ,,
૩—૦—૦ ,,
૨—૮—૦ ,,
૧—૮—૦ ,,
૧—૮—૦ ,,
૨—૦—૦ ,,
૦-૧૧—૬ ,,
૬—૦—૦ ,,
૬—૦—૦ ,,
૨—૦—૦ ,,
૨—૦—૦ ,,
૨—૮—૦ ,,
૮—૧—૬ ખેડાના
૭—૦—૦ ,,
૬-૧૧—૬ ,,
૭—૦—૦ ગોધાવીના
૬—૦—૦ ,,
૩—૦—૦ ,,
૮—૮— વડાલી
૨—૮—૦ ,,

૧૪—૦—૦ વડોદરા
૧૦—૦—૦ વડોદરા ( દરાપુરાના ).
૩—૦—૦ દરાપુરાના
૧૧—૦—૦ કાલાવાડ ( કાઠીઆવાડ )
૦-૧૨—૦ મોરબી
૦—૪—૦ ,,
૦—૪—૦ ,,
૧-૧૦—૦ મહુવા
૧-૧૦—૦ ,,
૧૨—૦—૦ મુંબઈ ( કાઠીઆવાડી )
૧૦—૦—૦ મુંબઈ
૫—૦—૦ ,,
૦-૧૧—૦ જામનગર
૧—૦—૦ કપડવંજ
૨—૦—૦ ધોલકા
૨—૦—૦ ઇડર
૨—૦—૦ ,,
૩—૦—૦ જુનાગઢ
૭—૦—૦ રત્તલામ ( સેલાના )
૪—૦—૦ રત્તલામ
૭—૦—૦ ,,

---

વિદ્યાર્થીઓને ચોપડી ઓની મદદ ખાતે ઊ. ...

૨૫-૦-૦ રતલામના વિદ્યાર્થી ૧૭ને ચોપડીઓના મોકલ્યા તે.

૧૮૧-૦-૦ શ્રી પાઠશાળા ઓને મદદના મોકલેલા તેની વિગત.

૩૦—૦—૦ અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગશાળા.
૧૪—૦—૦ સાણંદ જૈન પાઠશાળા.
૬—૦—૦ વળા ,,
૮—૦—૦ સાદડી ,,
૪—૦—૦ પરાંતીઆ ,,
૮—૦—૦ ઝીંઝુવાડા ,,
૪—૦—૦ અળાઉ ,,
૩—૦—૦ તણુશા ,,
૬—૦—૦ મહુધા ,,
૯—૦—૦ ઈડર ,,
૩—૦—૦ પછેગામ ,,
૮—૦—૦ બોટાદ ,,
૩—૦—૦ સરદારગઢ ,,
૪—૦—૦ રંઘોળા ,,
૫—૦—૦ ભંડારીઆ ,,
૪—૦—૦ છત્રાશા જૈન પાઠશાળા.
૩—૦—૦ નીંગાળા ,,
૬—૦—૦ ચુડા ,,
૬—૦—૦ ચોટીલા ,,
૩—૦—૦ વીછીઆ ,,
૩—૦—૦ રામપુરા ,,
૩—૦—૦ વડા ,,
૩—૦—૦ ગઢડા ,,
૨—૦—૦ ખેડા ,,
૪—૦—૦ અમરેલી ,,
૮—૦—૦ વીજાપુર ,,
૬—૦—૦ ધાંગધ્રા ,,
૫—૦—૦ ત્રાપજ ,,
૩—૦—૦ સરધાર ,,
૫—૦—૦ મતિરાળા ,,
૩—૦—૦ ગારીઆધર ,,

૩૪-૧૪-૦ શ્રાવકોને વેપાર કરવાને સારૂ મદદો આપેલી તેની વીગત.

૫—૦—૦ રાધનપુર
૭—૦—૦ દડવા ( ધોખાપાસે )
૫—૦—૦ ઉમરાળા ( ધોળાપાસે )
૩-૧૦—૦ દામનગર
૩—૦—૦ વઢવાણ
૧—૦—૦ કેરાલ ( કાઠીઆવાડ )
૧૦—૦—૦ શીલાવદરના

---

# કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.

ડીરેકટરી ખાતું—અત્યારસૂધી અધાં મળીને ૪૦૦૦ ગામોની ડીરેકટરી થઈ છે, અને કામ હજી ચાલુ છે. મુંબઇ ખાતે ૩ માણસો વધાર્યા છે. ડીરેકટરીના કામની તપાસણી આસિસ્ટંટ જનરલ સેક્રેટરી સાહેબો શેઠ જીવણચંદ ધર્મચંદ, તથા માણેકલાલ ઘેલાભાઇ અને એડવાઈઝરી બોર્ડના મેંબર શેઠ કલ્યાણચંદ સોભાગ્યચંદે કરીછે, અને તેઓએ પોતાનો સંતોષ જાહેર કર્યો છે. આ કામ ખાતે અત્યારસૂધી કુલ રૂ. ૬૦૦૦, થી જરા વધારે ખર્ચ થયો છે. કડી પ્રાંતની તારવણી પૂર્ણ થઇ છે. અમદાવાદ શહેરની પણ પૂર્ણ થઈછે. વડોદરા પ્રાંતની સાંસારિક હકીકતની તારવણી પૂર્ણ થઇ છે, અને બીજી હજી થાય છે. તપાસણી કરનાર એક જણ પાલણપુર એજંસીની તપાસણી પૂરી કરી હાલ મહિકાંઠા એજંસીમાં ગયેલ છે, અને બીજું માણસ ખેડા, વડોદરા અને અમદાવાદ જીલ્લાની તપાસણી પૂરી કરી હાલ પંચમહાલ જીલ્લામાં કામ કરે છે. પ્રતાપગઢ ઓફીસ તરફથી રતલામ જીલ્લામાં કામ ચાલે છે.

મંદિરોદ્ધાર—આગસ્ટ માસમાં નીચે પ્રમાણે રકમો અપાઈ છે.

રૂ. ૩૦૦ મેવાડમાં જીર્ણોદ્ધાર માટે શેઠ લલ્લુભાઈ જેચંદ મારફતે.

નિરાશ્રિત ખાતું—આ ઓફીસથી નીચે પ્રમાણે ખર્ચ

રૂ. ૧૫, શૉર્ટહેંન્ડ ટાઈપ રાઈટીંગના એક વિદ્યાર્થીને ત્રીજા હફતાના.

રૂ. ૬૨॥।= જણ ૩૩ ને ખોરાકી માટે.

રૂ. ૧૬, જણ ૪ ને ફેરી માટે.

રૂ. ૭। જણ ૨ ને અમદાવાદની ટીકીટના.

રૂ. ૩॥= એક વિદ્યાર્થીને પુસ્તક તથા ખોરાકી.

રૂ. ૩૫, શૉર્ટહેંન્ડ, ટાઈપ રાઈટીંગ તથા બૂક કીપીંગના બીજા હફતાના એક વિદ્યાર્થીને.

રૂ. ૪, ત્રણ વિદ્યાર્થીને.

કુલ રૂ. ૧૪૪॥।

આ ખાતે વિદ્યાર્થીઓને અપાયેલી રકમો ઉધરે છે, તેનું કારણ એ છે જે કેળવણી ખાતે ફંડ બહુજ ઓછું છે, અને તેથીજ આ ખાતે રકમ લખાય છે.

કેળવણી ખાતું—આગસ્ટ માસમાં નીચે પ્રમાણે રકમો અપાઈ છે.

રૂ. ૫ એક વિદ્યાર્થીને એક માસની સ્કોલરશિપ.

રૂ. ॥। એક વિદ્યાશાળામાં ચોપડીઓ મોકલી તેના

રૂ. ૧૭૦ શ્રી લાલબાગ બોર્ડીંગમાં ચાલુ ખર્ચ પેટે.

રૂ. ૩૨ શ્રી ગોડીજીના દેરાસરમાં ચાલતી શ્રાવિકા શાળાના ખર્ચમાં.

રૂ. ૨૦૭॥।

પુસ્તકોદ્ધાર ખાતું—આગસ્ટ માસનો ખર્ચ.

રૂ. ૨૫ મી. રવજીભાઈને લીંબડી, પાટણ, ખંભાત, અમદાવાદ વિગેરે ઠેકાણે પુસ્તકોની ટીપ કરવા જતાં આવતાં રેલખર્ચ, ગાડી ભાડું, કન્ટીજન્ટ ઈ.

રૂ. ૮૫) મી. રવજી ભાઈને તા. ૩૧–૭–૦૬ સુધી માસ ૧–૪ દિવસના પગારના.

રૂ. ૪૪) મી. તુકારામ હનમંતરાવને માસ ૧–૩ દિવસના પગારના.

રૂ. ૨૨૫) મી. તુકારામ હનમંતરાવને તા. ૨૯–૧૨–૦૫ થી તા. ૨૮–૬–૦૬ સુધી પાટણ ભંડાર ખાતે ટીપ કરવા રહેલા ત્યારે પગારના.

રૂ. ૮૦) પાટણ ખાતે બીજા નોકરો રાખેલા તેમને પગારના.

રૂ. ૨૮) પાટણખાતે ભંડારની ટીપ વખતે રેલભાડું કન્ટીન્જન્ટ ઈ.

રૂ. ૧॥= બનારસ ખાતેથી પુસ્તકોની ટીપ આવતાં બુકના રેલ્વે પાર્સલના.

રૂ. ૪૮૮॥=

કોન્ફરન્સ હેરલ્ડ ખાતું—લવાજમ આગસ્ટમાં રૂ. ૨૬૦—૪—૦ આવ્યા છે. નકલ ૨૧૦૦ છાપવામાં આવે છે. હેરલ્ડપરની ટીકેટોના રૂ. ૩૫—૧૧—૦, પત્રવ્યવહાર વિગેરેના રૂ. ૪—૨—૬ બુક તથા મેટરના રૂ. ૧૫—૦—૦ તથા કોરસ્પોન્ડસ કલાર્કના રૂ. ૧૫–૦–૦ મળી કુલ ખર્ચ રૂ. ૬૯–૧૩–૬ થયો છે. અરસપરસ પત્રોના બદલામાં ૧૨, મુનિરાજોને ૬૩ અને ૪૨ શાળા લાયબ્રેરી વિગેરેમાં જાય છે.

ડીરેકટરી ખર્ચ ખાતું—પોસ્ટ ખર્ચના રૂ. ૩—૧૨—૩, સ્ટેશનરીના રૂ. ૨—૨—૯ પાર્સલ તથા પરચુટણ ખર્ચના રૂ. ૪—૨—૯, પગાર ખર્ચના રૂ. ૪૯—૦—૦, પ્રતાપગઢ ઓફીસખાતે રૂ. ૩૦૦—૦—૦, ચેવલા ઓફીસખાતે રૂ. ૫૧—૦—૦, અજમેર ઓફીસ ખાતે રૂ. ૪૦૪-૦-૦, પાલીતાણા અને આસપાસના ગામોની ડીરેકટરી માટે રૂ. ૮૨—૭—૯ માતરની ડીરેકટરી માટે રૂ. ૮-૨-૦, તથા નરસિંહપુર ખાતેની ઓફીસ માટે રૂ. ૨૦-૪-૦, મળી કુલ ખર્ચ રૂ. ૯૨૪—૧૫—૩ થયો છે.

ઉપદેશક—મી. ટોકરશી ફલોધી મેળા પ્રસંગે પ્રોવિન્શ્યલ કોન્ફરન્સ વખતે ઉપદેશ માટે ગયા છે.

પગાર ખર્ચ ખાતે—આસિસ્ટંટ સેક્રેટરી, કલાર્ક તથા પટાવાળો મળી રૂ. ૧૧૮ થયા છે,

હિસાબ તપાસણી ખાતું—એક ઇન્સ્પેકટર મુંબઈમાં છે, અને આસો સુદમાં ૧ ઇન્સ્પેકટર કડી તથા ૧ ઇન્સ્પેકટર ખેડા તરફ ગયા છે. આ ખાતામાં હાલ ૩ ઇન્સ્પેકટરો તથા તેમનાતાબામાં ૩ માણસો છે.

---

# ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

## શ્રી મુંબઈ ચીચબંદરમધ્યે ભાતબજારમાંના શ્રીઆદીશ્વર મહારાજજીના દેરાસરજીના હિસાબખાતાનો રીપોર્ટ.

શ્રી મુંબઈ ચીચબંદરમધ્યે ભાતબજારમાંના શ્રી આદીશ્વર મહારાજજીના જૈન દેરાસરજીના સંઘતરફથી વહિવટ કર્તા શેઠ કચરા નપુભાઈ તથા શેઠ દેવરાજ ટોકરસી તથા શેઠ ભવાનજી શામજી તે ખાતાનો વહિવટ ચલાવે છે. તેમની પાસેથી સંવત્ ૧૯૫૯—૬૦ તથા ૧૯૬૧ ની સાલના હિસાબ અમોએ તપાસ્યા છે.

૧ ઉપરના વહિવટના હિસાબ તપાસતાં તે ખાતાના વહિવટ કર્તા શેઠો પોતાનો કિંમતી વખત રોકી ઘણી સારી રીતે વહીવટ ચલાવતા જોવામાં આવે છે. તેમજ તે બેઉ ગૃહસ્થો તથા તે ખાતાને લગતાં મુનીમ રણછોડદાસ ગોકળદાસ આ ખાતામાં જેમ જેમ ખામીઓ દેખાતી જાય છે તેમતેમ સુધારો કરવા તત્પર રહેલા જોવામાં આવે છે.

૨ આ ખાતાની મીલ્કતનું વ્યાજ ઉપજાવવાની ગોઠવણ તથા ઘી વિગેરે બીજા લાગાંઓની ઉઘરાણી કરવાની ગોઠવણ એવી સારી રીતે કરેલી જોવામાં આવે છે કે નાણાનું વ્યાજ સારૂ ઉપજી ઉઘરાણી બહુ બહુતાકીથથી વસુલ કરી લેતા જોવામાં આવશે.

૩ આ ખાતામાં કેટલીક જાતનો સુધારો કરવા જેવું છે જેને લગતું સુચનાપત્ર વહિવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. અમો આશા રાખીએ છીએ કે વહીવટ કરતા ગૃહસ્થો તેના ઉપરધ્યાન આપી બંદોબસ્ત કરશે. આ ખાતાનો હિસાબ વીગેરે જેમ બને તેમ તાકીદે દેખડાવવા, વહિવટ કર્તા ગૃહસ્થોને તથા મુનીમને ધન્યવાદ ઘટે છે.

---

# શ્રી મુંબઈમધ્યે પાયધુણીઉપરના શ્રી આદેશ્વરજી મહારાજના દેહરાસરજી ખાતાનો રીપોર્ટ.

શ્રી મુંબઈમધ્યે પાયધુણીઉપરના શ્રી આદીશ્વરજી મહારાજના જૈન દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્ત્તા મારવાડી શેઠ ત્રીલોકચંદ હંસરાજ, તથા શેઠ નવલાજી ઓખાજી તથા શેઠ ગોલાજી મશાજી તથા શેઠ ગુલાબચંદજી ભગવાનજી તથા શેઠ વનાજી રૂપાજી તથા શેઠ લખમાજી જોગાજી તથા શેઠ પનાજી કલાજી તથા શેઠ આનંદાજી સવાજી તે ખાતાનો વહિવટ ચલાવે છે. તેમની પાસેથી સંવત ૧૯૫૯-૬૦ તથા ૧૯૬૧ નો હિસાબ અમોએ તપાસ્યો છે.

૧ ઉપર જણાવેલા ખાતાનો હિસાબ તપાસતાં સંવત ૧૯૫૮ ની સાલસુધી હિસાબ રીતસર રાખવામાં આવેલો હોય તેમ સંભવતું નથી અને તેથી ગુચવણ થઈ ગયેલી હોય તેમ સંભવેછે. પરંતુ તે ખાતાના મુનીમ છગનલાલ ચુનીલાલની મહેનતથી સંવત ૧૯૫૯-૬૦ તથા ૧૯૬૧ ની સાલનું નામું એકંદરે સારા પાયા ઉપર લાવી મુક્યું છે. અને મુનીમ છગનલાલ તથા મહેતાજી હરગોવનદાસ મોતીરામની ઉલટ જોતાં હજુ તે ખાતામાં વધારે સુધારો થશે એમ માનવામાં આવે છે.

૨ દેરાસરજીના વહિવટમાંથી એક સારી રકમ સંવત ૧૯૫૯ ની સાલ પહેલાં ઉચાપત થયેલી જોવામાં આવે છે. જેને માટે હાલના વહિવટ કર્ત્તા ગૃહસ્થોને સુચનાપત્રમાં ભલામણ કરવામાં આવી છે કે તે બાબત માટે તાકીદે સંઘ બોલાવી યોગ્ય વ્યવસ્થા કરે.

૩ આ ખાતામાં ઘી તથા બીજા લાગોઓની મોટી રકમની ઉઘરાણી ચડી ગયેલી જોવામાં આવે છે. જે માટે તપાસ કરતાં તે મંદીરના સમાગમમાં આવતા ગૃહસ્થોમાં બે પક્ષ પડી ગયાને લીધે ઉઘરાણી રોકાઈ ગઈ હોય તેમ જણાય છે. તો તે મંદિરના સમાગમમાં આવતા દરેક ગૃહસ્થોને અમારી વિનયપુર્વક અરજ છે કે જેમ બને તેમ તાકીદે એકત્ર થઈ જઈ (એકમત થવાને માટે સરળપણે જે ઈલાજ લેવા ઘટે તે લઈને) દરેક ગૃહસ્થો એ મંદીરને લગતો હિસાબ તાકીદે ચુકાવી આપવો તેમ કરવામાં જેટલી ઢીલ થાય છે તેટલા દેવદ્રવ્યના દેવાદાર રહી મંદીરને મોટું નુકસાન થાય છે. કદાચ બેઉ પક્ષ કોઈ કારણસર એકત્ર થઈ જવામાં ઢીલ થતી હોય તો પણ મંદિરને લગતો હિસાબ અટકાવવો તે જૈન શૈલીથી સદંતર ઉલટું છે.

૪ વહિવટમાં કેટલીક જાતના સુધારા કરવા જેવું છે, જેને લગતું વીગતવાર સુચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવેલું છે. તે ઉપર વહિવટ કર્ત્તા ગૃહસ્થો ધ્યાન આપી સુધારો કરશો એવી સંપૂર્ણ આશા છે.

૫ આ ખાતાને લગતા મુનીમ છગનલાલ ચુનીલાલ આ ખાતુ સુધારવા માટે, પોતે અન્ય દર્શની છતાં પોતાના સ્વચ્છ મનથી જે પ્રયાસ કરે છે; તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. અને આશા રાખીએ છીએ કે તે પ્રમાણે પોતાનો પ્રયાસ સરલ મનથી ચાલુ રાખી બેઉ પક્ષને સંતોષ આપી આ ખાતું સદંતર સારા પાયા ઉપર લાવી મુકશે.

૬ આ ખાતાને લગતું નામુ તથા સ્થાવર જંગમ મીલ્કત વીગેરે દેખાડવામાં જોકે પ્રથમ ઢીલ થઈ હતી તો પણ પાછળથી પોતાનો કિંમતી વખતનો ભોગ આપી થોડાજ વખતમાં પુરેપુરૂં દેખાડી આપ્યું તે માટે વહિવટ કર્ત્તા ગૃહસ્થો તથા મુનીમ તથા મહેતાજીને ધન્યવાદ ઘટેછે.

---

## " શ્રી અગાસી ગામમધ્યેના શ્રી મુની સુવ્રત સ્વામીજી મહારાજના દેહરાસરજીનો રીપોર્ટ.

અમોએ શ્રી અગાસી ગામધાં શ્રી મુની સુવ્રત સ્વામીજી મહારાજના જૈન દહેરાસરજીના સંવત ૨૬થી વહિવટ કર્તા શેઠ વાલજી માવજી તથા શેઠ એમચંદ હીરાચંદ તથા શેઠ ભગવાનદાસ ઘેલાભાઇ. તે ખાતાનો વહિવટ ચલાવે છે. તેમની પાસેથી સંવત ૧૯૫૯-૬૦ તથા ૧૯૬૧ નો હિસાબ અમોએ તપાસ્યો છે.

૧ આ ખાતાનો વહીવટ ઘણો ખરો શેઠ એમચંદ હીરાચંદ ચલાવે છે. અને પોતાનાથી બને તેટલી દેખરેખ આ ખાતાઉપર રાખેછે. અને દેરાસરજીને લગતી મીલ્કત સારે ઠેકાણે રોકી વ્યાજ ઉપજાવવામાં આવે છે. તથા હિસાબનું નામુ સારી રીતે રાખી પોતાના કીંમતી વખતનો ભોગ આપે છે.

૨ દેરાસરજીનો કેટલો એક ભાગ જીર્ણ થઈ ગયો છે. તથા ધર્મશાળાઓમાં પણ કેટલેએક ભાગ જીર્ણ થએલો છે. તે વીશે તથા બીજી કેટલીએક સુચનાઓનું પત્ર વહિવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે છે. તે ઉપર તાકીદે ધ્યાન આપી બંદોબસ્ત નહિ કરશે તો મંદીર સુધારવાના મોટા ખર્ચમાં ઉતરવું પડશે. તેમજ દેરાસરજીની પછીત કદાચ અકસ્માતથી ધસી જાય તો મોટી આશાતના થવાનો સંભવ રહે છે. માટે વહિવટ કર્ત્તા ગૃહસ્થોએ શ્રી મુંબઈમધ્યે આવી મદદ મેળવવા કોશિશ કરશે તો તેમને જરૂર મદદ મળ્યા વગર રહેશે નહિ.

૩ ઉપર જણાવેલા વહીવટમાં સાધારણ તથા પુજનને લગતાં કેટલાએક ખાતાઓ ડુબતા છે. જે આપણી જૈન શૈલીથી ઉલટું છે. માટે તે મંદીરના સમાગમમાં આવતા જાત્રાળુઓને અમારી ખાસ ભલામણ છે કે જે ડુબતા ખાતાઓછે તેમાં પોતાનાથી બનતી મદદ કરવી.

૪ સદરહુ ખાતાના વહિવટનો હિસાબ દેખાડવામાં વહિવટ કર્તા ગૃહસ્થોએ તેમાં મુખ્યત્વે શેઠ એમચંદ હીરાચંદે પોતાના કિંમતી વખતનો ભોગ આપી તાકીદે દેખાડાવી દીધો છે. તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. એજ

---

## શ્રી મુંબઇમધ્યે પાયધુણી ઉપરના શ્રી શાંતીનાથજી માહારાજજીના જૈન દેરાસરજીને લગતાં પેટા ખાતામાંનું ઉપરના ઉપાશ્રય ખાતાનો રીપોર્ટ.

ઉપર જણાવેલા ખાતાના વહિવટ કર્તા શેઠ મગનલાલ સવચંદ છે. તેમની પાસેથી અમોએ સંવત ૧૯૫૯-૬૦ તથા ૧૯૬૧ ની સાલના હિસાબ તપાસ્યા છે.

૧ આ ખાતુ ઉપર જણાવેલા વહિવટમાંનું એક પેટા ખાતું છે. તો પણ આ ખાતામાં જુદા જુદા વીસ ખાતાઓનો સમાસ થાય છે. અને તેનો વહિવટ શેઠ મગનલાલ સવચંદ તરફથી તેમના ભાઈ છગનલાલ સવચંદ તથા કાળીદાસ સવચંદ ચલાવેછે. તેમાં તે ગૃહસ્થોએ પોતાનો કિંમતી વખત રોકી કેટલોએક પ્રયાસ ખેચી પોતાનો લાગવગ ચલાવી તથા કરકસર કરી એક સારી રકમ એકઠી કરેલી જોવામાં આવે છે જેનો માટે તેઓને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

૨ આ ખાતું ઉપર જણાવ્યા પ્રમાણે પેટા ખાતું છે તેમ છતાં તેનો રીપોર્ટ જુદો કરવાનું કારણ એજ છે કે તેના મુખ્ય ખાતાનો હીસાબ તપાસવાનું કામ તેના વહિવટ કર્ત્તા ગૃહસ્થો તથા મુનીમોની ઢીલને લીધે ઘણો વખત નીકળી ગયા છતાં પુરૂં થયું નથી.

લી. સેવક,

ચુનીલાલ નાહાનચંદ,

ઓ. ઓ. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

મુંબઈ, તા. ૨૧—૯—૦૬.

# દશેરા ઉપર પાડા બકરાનો વધ ન કરવા માટે હીંદુસ્તાનના રાજ્ય કર્તાઓને અરજી.

દશેરાના તહેવાર ઉપર દેશી રાજ્યોમાં ઘણે ઠેકાણે પાડા બકરાંઓનો વધ કરવામાં આવે છે તે સંબંધમાં હમણાજ ગયેલા દશેરાના પ્રસંગે તેમ ન થવા માટે હીંદુસ્તાનના સર્વે નાના મોટા દેશી રાજ્ય કર્તાઓને નીચે પ્રમાણે અરજી ગુજરાતી, મરાઠી, ઇંગ્રેજી, ભાષામાં છપાવીને રેસીડંટ જનરલ સેક્રેટરી શેઠ વીરચંદ દીપચંદ, સી. આઇ. ઈ. ની સહીથી મોકલવામાં આવી હતી. અમે ધારીએ છીએ કે સુજ્ઞ રાજ્ય કર્તાઓએ જરૂર આપણી તે વિનંતિ ઉપર લક્ષ આપ્યું હશે.

## અરજી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસ ચંપાગલી, મુંબઈ,

તા.—૨૦—૯—૧૯૦૬.

ગોબ્રાહ્મણ પ્રતિપાલ, નિરાશ્રિતાધાર, આર્યભૂષણ, પ્રજાપાલક, ન્યાય દયા—ક્ષમા—આદિગુણાલંકૃત, **ધર્મધુરંધર, મહારાજાધિરાજ મહારાજ સાહેબ**

શ્રી શ્રી ૧૦૮

ની ખીદમતમાં અરજ માલુમ થાય જે

જેમ અમે સાંભળ્યું છે તેમ દશેરાના પવિત્ર અને ધાર્મિક દિવસોમાં હજુરના રાજ્યમાં પાડા બકરાઓનો વધ કરવામાં આવે છે.

દેવીને ભોગ આપીને સંતુષ્ટ કરવાના ઈરાદાથી આ વધ કરવામાં આવે છે, જેથી કરીને મહામારી ( પ્લેગ, ) શીતળા, કોલેરા, આદિ દુષ્ટ બિમારીઓની આફતો વસ્તીમાં આવે નહીં; પરંતુ દર વરસ એવો વધ થતાં છતાં પ્લેગ, કોલેરા, શીતળા, તાવ, દુર્ભિક્ષ ( દુકાળ ) આદિ આફતો હિંદુસ્થાનમાં આવેજ જાય છે. રાજાથી રંક સુધી સર્વને પોતાના પૂર્વ જન્મના કર્માનુસાર સુખ દુઃખ ભોગવવું પડે છે. અને આ આફતો કેવળ મનુષ્યોના પાપોની શિક્ષા રૂપ છે. આ પાપોથી બચવાને વાસ્તે માણસ નિરપરાધિ ( નિર્દોષ ) અવાચક ( મુંગા ) જાનવરોની હત્યા કરે આ કેવો ન્યાય ? શું આવા ન્યાયથી સર્વ શક્તિમાન પરમેશ્વર રાજી થશે ? કદી નહીં.

નામદાર અંગ્રેજ સરકારના રાજ્યમાં પણ વખતોવખત મરકી (પ્લેગ) વિગેરે બીમારીઓ આવે છે અને કુદરતી નાબુદ થાય છે, તેવા રોગોની શાંતતા માટે કાંઈ પાડા આદીનો પશુવધ થતો નથી; પરંતુ તંનદુરસ્તીના નિયમોને અનુસરવાના ઇલાજ લેવામાં આવેછે.

પશુ વધ શાસ્ત્ર રીતિ નથી, આવો નિર્ણય મોટા મોટા વિદ્વાન શાસ્ત્રીઓની સભાઓમાં ઘણીએક વાર થઈ ચુકયો છે, અને આવા અસલ શાસ્ત્રના અનુસાર કેટલાક ધર્મિષ્ટ રાજ્ય કર્તાઓએ આ પશુ વધ પોતાની વસ્તીમાં સર્વથા બંધ કરાવી, તે જાનવરોની નેક દુવા પ્રાપ્ત કરી છે.

હજુર રહેમ દિલ, બુદ્ધિમાન અને ન્યાયી હોવાથી અમારી અરજ છે જે દશેરાના દિવસે આપના રાજ્યમાં પાડા, બકરાં વિગેરેના વધ બંધ કરવાનો હુકમ જારી કરવાની મેહેરબાની ફરમાવશો અને સનાતન આર્યધર્મની રક્ષા કરશો.—એજ અરજ.

હજુરનો દાસાનુદાસ,

( સહી ) વીરચંદ દીપચંદ સી. આઈ. ઈ. રેસીડંટ જનરલ સેક્રેટરી.

# कन्याविक्रय संबंधमें प्रतिज्ञा.

महाशय नमस्ते

यहांपर कन्याविक्रयका विशेष प्रचार देखकर मेरे मनमें यह बात पैदा हुई कि, इस चित प्रथाके मिटानेका कुछ उद्योग करें. इसी अर्सेमें यहांपर श्रीयुत विद्याभूषण मुनि सिद्धिविजयजी और संपत्तिविजयजी महाराज पधारे उनको देखकर मेरा मन बहुत प्रसन्न हुआ और आशा हुई कि, उक्त मुनिमहाराज मेरे इस कार्यमें अवश्य सहायता करेंगे; ऐसा निश्चययुक्त विषयमें एक व्याख्यान बनाकर महाराजको सुनाया. धर्मात्मा मुनि बहुत प्रसन्न होकर बोले कि, तुमने यह बहुत अच्छा विचार अब किया, इस व्याख्यानको सबके सामने आकर देना. उस वक्त हम पुष्टी करेंगे. और वैसाही किया, और चलते वकत कह भी गये कि, तुम इसका प्रयत्न करते रहना. यहांपर संपत्तिविजयजी महाराज चातुर्मास करेंगे. वह तुमको सहायता देते रहेंगे. उनकी आज्ञानुसार मैंने आसाड सुदी १२ के दिन उपासरेमें जाकर फिर एक व्याख्यान दिया और उकत महात्माने उसकी पुष्टी की. तो भगवानकी कृपासे कई पुरुषोंने महाराज संपत्तिविजयजीसे सौगंद ली कि, अब हम कभी कन्याविक्रय न करेंगे. और सेठ हुकमचन्द कपूरचंदजी जो एक तडके मुखिया हैं उन्होंने भी इतना तो कहा कि, हम विचार करेंगे. धार्मिक पुरुषोंका मन धर्मकी ओर झुकता है. आप धार्मिक हैं और अपनी तड़के सरपंचभी हैं. फिर क्या अपने बड़-पनकी ओर न देखेंगे? अवश्य देखेंगे. और ईश्वरकी कृपासे अब शीघ्र विचारकर उक्त मुनि-महाराजके सामने कन्याविक्रय न करनेकी प्रतिज्ञा करेंगे, और अपनी तडवालोंको भी करायगे ऐसी आशा है.

अब उस महाशयोंकी नामावली लिखता हूं कि जिन्होंने कन्याविक्रय न करनेका दृढ संकल्प करके हस्ताक्षर भी दिये हैं उनको मैं धन्यवाद देता हूं. और आपसे चाहता हूं कि, जिसको सुनकर और लोगोंका भी मन इस ओर आकर्षित हो.

उपदेशक—**लूनकरन पन्नालाल नायब मास्टर,**

स्कूल राजगढ़, जैनी.

---

**नोट.**—इसके नीचे हस्ताक्षर करनेवाले ३५ गृहस्थोंके नाम हैं जो स्थलसंकोचसे नहीं छापे जाते हैं.

# પર્યુષણ અને જામનગર રાજ્ય.

## ( સીકકો. )

## મહાલ લાલપર ફ. ક. માજીસ્ત્રેટ કોર્ટ.

નેક નામદાર મહારાજાધિરાજ જામશ્રીજી જશાજી સા. બ. ના હુ. નં ૮૬૪ તા. ૬—૯—૦૩ ના ફરમાન અનુસાર આ ઉપરથી ઘાણીવાળા, ખાટકી, કસાઇ, સોની, લુવાર વિગેરે લોકોને ખબર આપવામાં આવે છે કે, જૈન ( શ્રાવક ) લોકોના પવિત્ર પર્યુષણપર્વ ૧૯૬૩ ના શ્રાવણ વદ ૧૨ ગુરૂવાર તા. ૧૬—૮—૦૬ થી બેસે છે. તે સં. ૧૯૬૩ ના ભાદરવા શુદ ૫ શુક્રવાર તા. ૨૪—૮—૦૬ ના રોજ પુરા થશે ત્યાં સુધીમાં ઘાણીવાળાએ ઘાણી ફેરવવી નહીં, અને ખાટકી કસાઇ વિગેરે લોકોએ કાંઈ પણ જીવ હિંસા કરવી નહીં. તેમજ સોની, લુવાર વિગેરે લોકોએ ચુલ્લો કે ભઠી સળગાવવી નહી

ઉપરના હુકમ વિરુધ જે માણસ વરતશે તે કાયદેસર ગુન્હેગાર થશે અને તેને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવશે.

૧૯૬૩ ના શ્રાવણ વદ ૧૧ બુધવાર તા, ૧૫–૮–૦૬

( સહી ) ઈચ્છાશંકર જયશંકર બી. એ. એલએલ. બી.

લા. ફ. ક. માજીસ્ત્રેટ.

---

પરભારી જાહેર ખબરોની શબ્દરચના વિગેરેને માટે આ માસિક જવાબદાર નથી.

## जैन शाळाओमां भेट.

जेमां धार्मिक शिक्षण अपाय छे, तेवी सघळी शाळाओमां साणंदवाळा वोरा मगनलालजी घेलाभाई तरफथी नव तत्व प्रकरण, जेमां गाथा मूळ सळंग मोटा टाईपथी छापेली छे अने पछी गाथाओना छुटा शब्दना अर्थ, गाथा मूळ, शब्दार्थ भेगो, अने ते पछी विस्तार अर्थ तथा नव तत्वना छुटा बोलनो समावेश थाय छे, तेवुं पुस्तक भेट आपवानु छे, माटे तेवी संस्थाओना वहीवट करनाराओए ते संस्था केवी प्रकारनी छे, तथा तेमां शुं शिक्षण अपाय छे ते हकीकत साथे टपाल खर्चना दोढ आनानी टीकीटो पोतानुं चोकस सरनामु लखी नीचेने सरनामे मोकलवाथी सदरहु पुस्तक मोकली आपवामां आवशे.

पयन्ना संग्रह जेनी पडतर कींमत ०–४–० छे अने जे साधु साध्वीओने हमणांज भेट आपवामां आवेलुं छे ते पण उपरनी संस्थाओने तथा जैन लाइब्रेरीओने अडधी कींमते एटले ०–२–० प्रमाणे नीचेने सरनामे लखी मोकलवाथी मोकलवामां आवशे. टपाल खर्च ०–१–६ जुदुं पडशे.

शा० वालाभाई ककलभाई,

ठे० मांडवीनी पोळ, नागजी भुदरनी पोळ––अमदावाद.

# जैन श्वेतांबर कोन्फरन्स.

## जाहेरखबर.

कोन्फरन्स तरफथी जीर्णोद्धारनुं काम चाले छे, अने तेमना हाथमां जीर्णोद्धारमां खर्चवामे केटलीक रकम बाकी छे, आ रुपीया तुर्तमां खर्चवाना छे, तो दरेक गामना श्री संघने तथा देरासरना वहीवट करनारने विनंति करवानी के पोताना गाममां कोई देरासर जीर्ण होय अथवा आशातना थती होयतो तुर्तातुर्त नीचे प्रमाणे चोकस हकीकत अमने लखी मोकलशो.

१. देरुं बंधायानी साल ( मळेतो ).
२. जीर्णोद्धार थयो छे के केम अने थयो होयतो क्यारे.
३. देरामां करवाना कामनी वीगत.
४. देरुं सारी रीत मजबूत स्थितीमां मुकवाने सारुं थनार अंदाज खर्च लखतां खास ध्यान रांखवुं के जरुरी खर्च शिवाय वधारे रकम बताववी नहीं.
५. गाम तरफथी केटली मदद मळशे ते.

---

जीर्ण मन्दिरोद्धार करवा माटे गामोगाम फरीने जीर्ण देरासरोनी तपासणी करी गांमवाळाने उपदेश आपी ओनररी रीते अथवा नामनो पगार लईने काम करवा सारु जैन गृहस्थनी जरुर छे; तेमने भाडुं वीगेरे परचुरण तमाम खर्च ओफीस तरफथी आपवामां आवशे. आप्रमाणे काम करवानी जेमनी इच्छा होय, तेमणे नीचे सही करनारने खबर मळवुं, अने पत्रव्यवहार करवो.

असिस्टंट सेक्रेटरी,

चंपागली—मुम्बई, ता. २०–९–१९०६. जैन श्वेताम्बर कोन्फरन्स.

---

# जैन श्वेतांबर कोन्फरन्स.

## जैन बालाश्रम—वडोदरा.

मा बाप वगरनां तेमज साधारण स्थितीनां मा बापनां जैन श्वेताम्बर मूर्तीपुजक बाळकोने वडोदराखाते जैन बाळाश्रममां रहेवानी तथा खावानी अने कपडा वगेरेनी सहाय आपवामां आवशे तथा निशाळोमां अने कलाभूवन वगेरे शाळाओमां गुजराती अने अंग्रेजी केळवणी तथा हुन्नर उद्योगनी केळवणी आपवामां आवशे.

ता. ३१ अकटोबर १९०६ पहेला नीचे सही करनाराओने जे अरजीओ मळशे तेमनी सगवड करी आपवामां आवशे माटे लाभ लेवानी इच्छा राखनाराओए, सत्वर नीचे सही करनाराओने अरजीओ मोकलवी.

श्री संघना दास,

माणेकलाल घेहलाभाई

जीवणचंद धरमचंद,

---



# જાહેરખબર.

## લાલનકૃત જૈનપુસ્તકમાલા.

| | |
|---|---|
| જૈનમાર્ગ પ્રવેશિકા નંબર ૧ લો | ૦—૨—૦ |
| જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ ૧ લો. | ૦—૧—૦ |
| જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ ૨ જો. | ૦—૧—૬ |

મળવાનું ઠેકાણું—ફતેચંદ કરપુરચંદ લાલન,
ગુલાલવાડી, મુંબઈ.

## જૈન ધર્મની પહેલી ચોપડી.

( જૈન ધર્મ વાંચનમાળાનું પહેલું પુસ્તક છપાઈ બહાર પડ્યુ છે.

જૈન ધર્મનું જ્ઞાન બાળકોને સરળતાથી મળે, એ હેતુથી " જૈન ધર્મ વાંચનમાળા " પ્રસિદ્ધ કરવાનો ઠરાવ કર્યો છે. નવકાર મંત્રથી આરંભી બીજા ધર્મ તત્વના વિષયો બાળકોની શકિત અનુસાર અને તેમનાથી સમજાય એવી ભાષામાં વર્ણવ્યા છે. વિષયોના પાઠ રૂપે ભાગ પાડ્યા છે. આ પ્રથમના પુસ્તકમાં પ્રતિક્રમણ, પુજાવિધિ, જીવવિચાર, આચારોપદેશ, ચરિત્ર વિગેરે વિષયો સરલ અને વિચારપૂર્વક વ્યાખ્યા કરી વર્ણવ્યા છે. દરેક પાઠને અંતે સારાંશ અને પ્રશ્નો આપવામાં આવ્યા છે, જે શિક્ષક અને શિષ્ય બંનેને ઉપયોગી છે. આ પુસ્તક તૈયાર કરવામાં મુનિ મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી ચારિત્રવિજયજીએ ઘણી અમૂલ્ય સહાય આપેલી છે. પુસ્તક ડેમી ૮ પેજી ૧૬૦ પૃષ્ટનુ છે. બાઈડીંગ પાકું, અને સુશોભિત કરાવ્યું છે. છતાં આપણા સર્વ જૈન સાધર્મી ભાઇઓને ધર્મજ્ઞાનનો લાભ લેવા બની શકે, તે માટે કિમ્મત માત્ર છ આના રાખવામાં આવી છે. નીચેને શીરનામે પત્ર લખવાથી મળી શકશે.

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.
પાલીતાણા.

૩૯૯

## શ્રાવિકા ભૂષણ.

### શ્રાવક સંસારના ઉત્તમ ચારિત્ર રૂપ બોધક નોવેલ.

ઉપરના નામનું પુસ્તક અમારા તરફથી છપાઇ પ્રસિદ્ધ થયું છે. આ ગ્રંથમાંનો ચારિત્રનો વિષય ઘણો રસિક, બોધક અને મનોહર છે. વળી નીતિ અને ઉચ્ચ સદ્દગુણના વર્ણનથી ભરપૂર છે. કથાનો પ્રસંગ અતિ અદ્દભૂત ને રસિક હોવાથી વાંચનારને બહુજ પ્રિય થઈ પડે તેવો છે, ઉપરાંત સ્થળે સ્થળે કથાના પ્રસંગમાં શ્રાવક ધર્મનું રહસ્ય ઉત્તમ રીતે દર્શાવ્યું છે. ભાષા ઘણી સરલ છે. શ્રાવિકાઓને ખાસ વાંચવાં યોગ્ય પુસ્તક છે. પુસ્તક વાંચવાથીજ તેની રસિકતા અને ઉત્તમતાની ખાત્રી થશે. પુસ્તકનું કદ રોયલ બાર પેજી ફા. ૩૪ પૃષ્ટ ૪૦૮નું છે. તેનું બાઈડીંગ કાપડનું પાકું અને છાપવાળું ઘણું સુદર કરાવ્યું છે. છતા સર્વેને લાભ લેવા બની શકે તે માટે તેની કિમ્મત ફકત ૧૨ આના જેટલી જુજ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું પડશે. પુસ્તક વી. પી. થી મોકલીશું નીચેને શીરનામે લખો.

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ—પાલીતાણા.

---

## छत्तीसगढ़ कमिशनरीके श्रावक समुदायको सूचना.

श्री जैन श्वेताम्बर कोनफरन्सकी ओर से छत्तीसगढ़ कमिशनरी ( मध्य प्रदेश ) की डायरेक्टरी तैयार करनेका काम सा. अमोलकचंदजी देसरला राजनादगांववालोंके सुपुर्द किया गया है इस लिये उक्त कमिशनरीके श्रावक समुदायसे प्रार्थना है कि वे इन महाशयको डायरेक्टरी के काममें योग्य सहायता देंगे.

MANEKLAL KOCHER,

ओनररी सुपरवाईजर जैन श्वेताम्बर कोन्फरन्स, डायरेक्टरी विभाग मध्यप्रदेश-नरसिंहपुर.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हैरैल्ड.

पुस्तक २, नम्बर १०.

अक्टोबर. सन १९०६.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.

| विषय. | पृष्ठ. |
|---|---|
| જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ ... | २८९ |
| મહુવા અને પાલીતાણા ... | २९४ |
| જૈન સમાચાર તથા વર્તમાન ચર્ચા ... ... ... | २९६ |
| હુન્નર ઉદ્યોગ... ... ... | २९९ |
| મળેલાં પત્રો ... ... ... | ૩૦૦ |
| કોનફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.. ... ... | २०२ |
| ધામિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું... ... | ૩૦૫ |
| बृहत् टिप्पनिकामां नोंधायला साहित्यनां ग्रंथो... ... | ३०९ |
| અમદાવાદ તથા વડોદરા જીલ્લાના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવકોની વસ્તીવાળા ગામોની ડીરેક્ટરી થઇને આવી છે તેનું તાલુકાવાર લીસ્ટ. | ૩૧૭ |
| मारवाडमें मंदिरोकी स्थिति. | ३२० |

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

'इंदुप्रकाश' स्टीम प्रेस—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फील सुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलत आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास कराववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शीवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमाना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमा तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

चंपा गली मुम्बई. आसीस्टंट सेक्रेटरी.

ता. २५-५-१९०६. श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

# जैन श्वेतांबर कोन्फरन्स.

## जाहेरखबर.

कोन्फरन्स तरफथी जीर्णोद्धारनुं काम चाले छे, अने तेमना हाथमां जीर्णोद्धारमां खर्चवाने केटलीक रकम बाकी छे, आ रुपीया तुर्तमां खर्चवाना छे, तो दरेक गामना श्री संघने तथा देरासरना वहीवट करनारने विनंति करवानी के पोताना गाममां कोई देरासर जीर्ण होय अथवा आशातना थती होयतो तुर्तातुर्त नीचे प्रमाणे चोकस हकीकत अमने लखी मोकलशो.

१. देरुं बंधायानी साल ( मळेतो ).

२. जीर्णोद्धार थयो छे के केम अने थयो होयतो क्यारे.

३. देरामां करवाना कामनी वीगत.

४. देरुं सारी रीते मजबूत स्थितीमां मुकवाने सारुं थनार अंदाज खर्च लखतां खास ध्यान राखवुं के जरुरी खर्च शिवाय वधारे रकम बताववी नहीं.

५. गाम तरफथी केटली मदद मळशे ते.

---

जीर्ण मन्दिरोद्धार करवा माटे गामोगाम फरीने जीर्ण देरासरोनी तपासणी करी गामवाळाने उपदेश आपी ओनररी रीते अथवा नामनो पगार लेईने काम करवा सारु जैन गृहस्थनी जरुर छे, तेमने भाडुं वीगेरे परचुटण तमाम खर्च ओफीस तरफथी आपवामां आवशे. आप्रमाणे काम करवानी जेमनी इच्छा होय, तेमणे नीचे सही करनारने रुबरु मळवुं, अगर पत्रव्यवहार करवो.

असिस्टंट सेक्रेटरी,

चंपागली—मुम्बई, ता. २०-९-१९०६. जैन श्वेताम्बर कोन्फरन्स.

# ॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

**અર્થઃ**—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજા પણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં ( અનેક ) ગુણો રહે છે, એવા સંઘની, ( હે ભવ્ય જીવો ) પૂજા કરો.


# The Jain ( Swetamber ) Conference Herald.

**Vol. II.** ] *October*. 1906. [ **No. X.**


# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

## શાહ નરોત્તમદાસ ભગવાનદાસ.

( અનુસંધાન પૃષ્ટ ૨૧૩ ).

એ રખોપાની રકમ આપવાનું કારણ એટલુંજ છે કે દરેક યાત્રાળુને જૂદી જૂદી રકમ માથાવેરા તરીકે આપવી પડે, અને દરેકજણ હેરાન થાય તેના કરતાં આવીરીતે સાથે રકમ આપવાથી હેરાનગતી મટી જઈ શાંતિથી યાત્રા પુણ્ય સાધી શકાય. આ વિષયના વિવેચનમાં, જુના છાપેલા કેસોના આધારે કેટલીક નવી હકીકત, જે જુવાનવર્ગ ઘણે ભાગે બીલકુલ જાણતો નહિ હોય, અને વૃદ્ધવર્ગમાંથી પણ બહુ થોડો ભાગ જાણતો હશે એવી જાણવામાં આવેલી છે, તે જણાવવા રજા લઉં છું.

પાલીતાણા નામ—નાગાર્જુન નામના જૈને પોતાના ગુરૂ, આચાર્ય પાદલિપ્તનું નામ ચિરસ્થાયી કરવામાટે વીર સંવત ૪૬૭ એટલે વિક્રમ સંવત પૂર્વે ત્રણ વર્ષે વસાવ્યું હતું, એવું ધર્મરત્ન ગ્રંથપરથી જણાય છે. પાલીતાણા એ પાલીસ્થાનનું અપભ્રંશ છે. પાલી=માગધી, પાલીસ્થાન=માગધીનું સ્થાન.

પૂર્વનો ઈતિહાસ—પવિત્ર શત્રુંજય પ્રાયઃ શાશ્વતો છે. તેની તળેટી પહેલાં વલ્લભીપુર ( વળા ) હતી. પણ ઉપરની તારીખ પરથી જણાય છે કે આશરે ૧૯૬૬ વર્ષથી

પાલીતાણામાં હશે. મુગલ શહેનશાહત ગુજરાતમાં તથા કાઠીઆવાડમાં સ્થપાઈ તે પહેલાં પાલીતાણાની રાજયવ્યવસ્થાવિષે કંઈ જાણવાનું ચોકસ સાધન નથી. પરંતુ અમદાવાદના નગરશેઠ શાંતિદાસ, હાલના નગરશેઠના વડવા, સુરતમાં કોઈ ગોરજીની સાધના અને ભાગ્યદેવીની કૃપાથી અતિશય દ્રવ્યના માલિક થયા, અને ઝવેરાતના ધંધામાં મુગલ શહેનશાહ મોરાદની કૃપાથી સન ૧૬૫૮ માં પાલીતાણા અને તેની આસપાસનું આખું પરગણું તેમણે શહેનશાહી બક્ષિસ તરીકે મેળવ્યું. આ બક્ષિસનો અસલ દસ્તાવેજ સીલસહોર સાથે હાલ શેઠ પ્રેમાભાઈના વંશજો પાસે છે. આ બક્ષિસ પહેલાં ત્યાંથી શહેનશાહ જલાલુદીન અકબર પાસેથી સિદ્ધાચળ, ગિરનાર, સમેતશિખર વિગેરે તિર્થો દેવસ્થાનોસુદ્ધાં, સનદથી બક્ષિસ મળ્યાં હતાં, અને તે સનદ મુર્શિદાબાદવાલા બાબુ પુરણચંદ પ્રસન્નચંદ ગોલેચ્છાપાસે છે. મુગલ શહેનશાહતમાં દરેક શહેનશાહ ગાદીએ આવતા વખત જે ગડબડ ચાલતી હતી, તેને લીધે, આ સનદો છતાં, વાણીઆ જેવી પોચી કોમ, રાજ્યસત્તા જાળવી શકે એ લગભગ અશક્ય જેવું હતું. શાંતિદાસ શેઠે અમદાવાદથી પાલીતાણા બહુ દૂર, મુસાફરીનાં સાધનો ઓછાં તથા રાજ્યવ્યવસ્થાની અગવડ જોઈને, પાલીતાણાથી ૩ ગાઉ દૂર, ગારીઆધારથી પાલીતાણે આવીને આસન માલીક થએલા ગોહેલ ઠાકોરોને સંઘોપાસેથી મીઠાઈ, લુગડાં તથા સગાળું નામનો કર આપવાની સરતે શત્રુંજયનું અને યાત્રાળુઓનું લૂટારાઓથી રક્ષણનું કામ સોંપ્યું. તે વખતના સંતોષી જીવોએ આમાં આનંદ માન્યો છે. આ દસ્તાવેજ પણ મોજુદ છે. ઉપલા ઠાકોર ( કાંધાજી ) પછી થયેલા ઠાકોરોને લાલચ લાગી તેથી નમ્ર ગરીબડી શ્રાવક કોમ પાસેથી નવા નવા કર, વેરા, તથા માથાવેરો લેવા માંડયો. પહેલાં શ્રાવકો મુસાફરીના સાધનોની અગવડને લીધે બહુજ નાની સંખ્યામાં દર વર્ષે પાલીતાણે જતા. અને સને ૧૮૨૧ પહેલાં માથાવેરો એક વર્ષ ઓછામાં ઓછી રકમ રૂ. ૧—૪—૦ તથા એક વર્ષ વધારેમાં વધારે રકમ રૂ. ૪—૮—૦ તેઓએ ઉઘરાવ્યો હતો. આ બહુ જુલમથી શ્રાવકો કંટાળી ગયા હતા. ઠાકોરો ઉડાઉ, અભણ, મોટાઈની ઈચ્છાવાળા અને આરબોની સીબંદી રાખતા હોવાથી એક વખત આરબોનો ૭—૮ માસનો પગાર ચડી ગયો. તેથી આરબોએ તગાદો કર્યો ત્યારે ઠાકોરે આરબોને શત્રુંજય ઉપર મોકલ્યા, એવા હેતુથી કે ત્યાં આવતા યાત્રાળુ પાસેથી પૈસા કઢાવે, અને પગાર પૂરો લઈ લે. કાઠીયાવાડમાં નામદાર અંગ્રેજ સરકારની સત્તા સન ૧૮૦૭ માં સ્થપાઈ. તે વખતે પાલીતાણા ગાયકવાડને ખંડણી ભરતું હતું. અને ગાયકવાડે પોતાની વતી ખંડણી વસૂલ કરવાનો હક્ક અંગ્રેજ સરકારને આપ્યો હતો, કે જે પદ્ધતિ હાલ પણ ચાલુ છે. મુંબઈના પ્રસિદ્ધ શેઠ મોતીશા ( મોતીચંદ અમીચંદ ) નામદાર અંગ્રેજ સરકાર સાથે બહુ સારો લાગવગ ધરાવતા હતા. તેમણે શત્રુંજય પર ટુંક બંધાવવામાટે કુંતાસર પુરાવવાનું કામ શરૂ કર્યું હતું. અને તે માટે પાલીતાણે ગયેલા તેમના માણસો તથા બીજા યાત્રાળુઓને બહુ વિપદ પડવાથી તેઓએ નામદાર અંગ્રેજ સરકારને મુંબઈમાં સન ૧૮૨૧ માં અરજ કરી કે અમારાપર જે સખ્તાઈ કર તથા માથા વેરા બાબતમાં ગુજરે છે તે ગુજરવી નહિ જોઈએ, તે બાબત પાલીતાણા ઠાકોરપાસે તેવો બંદોબસ્ત કરાવી આપશો. નામદાર ગવરનરે વડોદરાના રેસીડંટ મારફત તે વેળાના

ગાયકવાડને પુછયું, કે પાલીતાણામાં શ્રાવકો યાત્રા કરવા જાય છે, તેમનીપાસેથી આશરે રૂ. ૪૫૦૦ માથાવેરા તથા કરો મારફતે ઉત્પન્ન થાય છે. અને તમે જો પાલીતાણા ઠાકોર પાસેથી લેવાતી રૂ. ૪૫૦૦ ની ખંડણી માફ કરો તો શ્રાવકો પાસેથી લેવાતો કર નિકળી જાય અને તેમના પરનો જૂલમ ઓછો થાય. તે વખતે ગાયકવાડને અંગ્રેજ સરકારનું દેવું હતું. તેથી તેમણે ના પાડી. પરિણામે નામદાર મુંબઇ સરકારે સને ૧૮૨૧ માં કાઠીઆવાડના પોલીટીકલ એજંટ મી. બાર્નવેલને પુછાવ્યું કે બારમાસી ઠાકોરને શું ઉપજે છે તે તપાસ કરી લખી જણાવશો. તેમણે આશરે રૂ. ૪૦૦૦ જણાવ્યા. આખરે એવો દસ્તાવેજ પાલીતાણાના ઠાકોર તથા શ્રાવકો વચ્ચે થયો કે યાવતચંદ્ર દિવાકરૈ રૂ. ૪૫૦૦ શ્રાવકોએ દરવર્ષ ઠાકોરને આપવા. ઠાકોર આ વાતમાં જરા આનાકાની કરવા લાગ્યા. ત્યારે ના૦ મુંબઇ સરકારે તેમને લખ્યું કે સોનગઢમાં લશ્કર પડેલું છે, તેનો જરૂર પડે તો ઉપયોગ કરશો. આથી ઠાકોરે દસ્તાવેજપર સહી કરી. આ સ્થિતિ સન ૧૮૬૩ સૂધી ચાલી. વચ્ચેના વખતમાં પોલીટીકલ એજંટે અમદાવાદના શેઠ હેમાભાઈ વખતચંદને કહ્યું કે તમે રૂપીઆ ૪૦૦૦૦ ધીરી, તે વસૂલ થાય ત્યાંસુધી પાલીતાણા ઇજારે રાખો. આથી શેઠ હેમાભાઈએ સન ૧૮૩૧ માં રૂ. ૩૩૩૩૫ ધીરી, પાલીતાણા ઇજારે રાખ્યું. તે રૂપીયા વ્યાજસહિત રૂ. ૪૫૦૦ માંથી વસૂલ કરવાના હતા. તે ઇજારો સન ૧૮૪૩ સુધી ચાલ્યો. તે વખતે કંઇ મુશ્કેલી ઉભી થવાનું કારણજ હતું નહિ. પાછળથી ઠાકોર સુરસિંહજીના પિતા પ્રતાપસિંહજીએ ઇજારો છોડાવ્યો.

મોતીશાની ટુંકનો ખર્ચ આશરે રૂપીઆ ચાર લાખ થયો હતો.

શત્રુંજયપર જુનામાં જુનો લેખ—સંવત ૧૫૮૨ ( સન ૧૫૨૬ ) નો છે.

નરશી કેશવજીની ટૂંકના—આશરે રૂપિઆ એક લાખ ખર્ચ થયો હતો. આ શેઠે સંઘના માણસોને અડચણ ન પડે તે માટે સન ૧૮૬૫ માં ઉચક રૂ. ૧૬૧૨૫, ઠાકોર સાહેબને આપ્યા હતા; સંઘમાં આશરે એક લાખ માણસ હતું.

રાજકોટમાં આપણો એજંટ—જેવી રીતે કાઠીઆવાડના રાજ્યોના એજંટ નામદાર ગવર્નરના એજંટની ઓફીસ માટે રહે છે, તેવી રીતે આપણી આણંદજી કલ્યાણજીની * પેઢી તરફથી પણ એક એજંટ નામદાર ગવર્નરના એજંટ પાસે રહેતો હતો. તેવા એક એજંટ સન ૧૮૭૪ માં મથુરભાઈ જેઠાભાઈ હતા.

મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમા—તેરમો ઉદ્ધાર વિક્રમ સંવત ૧૦૮ માં કાશ્મીરના વેપારી જાવડશાહે કર્યો હતો. કુમારપાળના મંત્રી બાહડે સન ૧૧૫૪ માં રૂ. ૨૯૭૦૦૦૦૦ ખર્ચીને દેરાસર બાંધ્યું હતું. સંવત ૧૩૭૧ માં મુસલમાનો તરફથી મુશ્કેલીના વખતમાં જાવડશાહે ઉદ્ધાર કરેલી પ્રતિમાજી ગુમ થયા તે પછી નવો ઉદ્ધાર સમરશા ઓશવાળે કર્યો હતો. હાલના આદીશ્વર ભગવાનની પ્રતિમા સંવત ૧૫૮૭ માં કર્માશાએ ભરાવેલી છે.

**રખોપાની રકમ રૂ. ૧૦૦૦૦ કેવી રીતે થઈ ?**—ઠાકોર સુરસિંહજી સન ૧૮૬૨ માં ગાદીએ આવ્યા પછી, તેમણે શ્રાવકો પાસેથી જુદા જુદા નવા કર લેવા માંડ્યા. પરિણામે શ્રાવકોએ એ જુલમની નામદાર ગવર્નરના એજંટને ફરિયાદ કરી. અને તે સાથેજ ઠાકોર સાહેબે એજંટને અરજ કરી કે સન ૧૮૨૧ માં જે લખત થયું છે તે તો માત્ર ૧૦ વર્ષનુંજ છે. અને તેથી હવે રૂ. ૪૫૦૦ ને બદલે અમને મોટી રકમ મળવી જોઇયે. હકીકત એમ હતી કે ૧૮૨૧ માં યાવતચંદ્ર દિવાકરૌ રૂ. ૪૫૦૦ શ્રાવકોએ ઠાકોર સાહેબને આપવા, અને ઠાકોર સાહેબે, જ્યાં સુધી શ્રાવકો આપ્યા કરે ત્યાં સૂધી અડચણ કરવી નહિ, પણ શ્રાવકો ૧૦ વર્ષ સુધી તે પ્રમાણે આપ્યા પછી ઠીક પડે તો તેમ ને તેમ આપે, અને નહિ તર ૧૦ વર્ષ પછી ઘટાડવા માટે અરજ કરે. મતલબ કે ઠાકોર સાહેબ બંધાયલા હતા, અને શ્રાવકો છુટા હતા. લાંબો વખત રજુઆત થયા પછી કર્નલ કીટીંજે નામદાર મુંબઇ સરકારને લખ્યું કે ૧૮૨૧ માં અવ્યવસ્થા તથા ચોરધાડની બીકને લીધે શ્રાવકો ઓછા આવતા હતા, અને તેથી રૂ. ૪૫૦૦ બસ હતા. પણ હવે જૈનો વધારે આવે છે, માટે રૂ. ૧૦૦૦૦ કરવા એવો મારો મત છે. નામદાર મુંબઈ સરકારને આણંદજી કલ્યાણજીએ અરજ કરી વાંધો ઉઠાવી રૂ. ૪૫૦૦ ચાલુ રાખવા જણાવ્યું. પણ નામદાર મુંબઈ સરકારે રૂ. ૧૦૦૦૦ નો ઠરાવ સન ૧૮૬૬ માં જાહેર કર્યો. તેની ઉપર આણંદજી કલ્યાણજીએ હિંદના નામદાર વજીરને અરજ કરી. પણ તેમણે પણ નામદાર મુંબઈ સરકારનો ઠરાવ ૧૮૬૭ માં બહાલ રાખ્યો.

**ગઢની અંદર નવા દેરાસરો બાંધવા માટે જમીન**—આ માટે ઠાકોર કાંધાજીએ સન ૧૮૩૬ માં (જે વખતે પાલીતાણા શેઠ હેમાભાઈ વખતચંદ પાસે ઇજારે હતું) નામદાર સરકારને અરજી કરી હતી, પણ પાછળથી સન ૧૮૩૮ માં તે પાછી ખેંચી લીધી હતી. શેઠ નરસી કેશવજી વિગેરેએ ટુંકો બાંધી ત્યારે કાંઇ જમીન માટે પૈસા લેવામાં આવ્યા ન હોતા. પણ પાછળથી ઠાકોર શ્રી સુરસિંહજીએ પૈસા માગવાથી જૈનોને નામદાર મુંબઇ સરકારને અરજ કરવી પડી, જેના પરિણામે નામદાર મુંબઇ સરકારે નં. ૧૬૪૧ તા. ૧૬ માર્ચ ૧૮૭૭ નો ઠરાવ બાહાર પાડી નીચેપ્રમાણે મુખ્ય મુદ્દાઓ નિશ્ચિત કર્યા હતા.

(૧) ગઢની અંદર ઠાકોર સાહેબનો કબજો પોલીસ હેતુમાટેજ ગણવામાં આવશે. ગઢની અંદર ટુંકની અંદર નવાં દેરાં બંધાવવામાટે કાંઈ પણ રકમનો તે હક ધરાવી શકશે નહિ.

(૨) હાલના મોજુદ મકાનોમાં હિત ધરાવનારાઓના હકને નુકસાન પહોંચાડ્યા સિવાય, શ્રાવક જ્ઞાતિના મતથી વિપરીત રીતે ડુંગરપરના કોઈ ભાગનો ઉપયોગ કરવાની મના કરવામાં આવે છે.

(૩) ગઢની બહાર અથવા અંદર જે દેરાંઓ હાલ છે તેને માટે કાંઇ પણ પૈસાની રકમનો હક કરી શકાશે નહિ.

(૪) ગઢની બહાર નવું દેરૂં બાંધવાને શ્રાવક કોમની ઇચ્છા હોય, તો જોઇતી જમીન માટે દર ચોરસવારે એક રૂપિઓ મળેથી ઠાકોર સાહેબ રજા આપશે.

(૫) ડુંગરપર આવનારા શ્રાવક કોમના કોઇપણ શખ્સને હરકત કરવામાં આવશે નહિ. ગઢપર કાયમી પોલીસ થાણું બેસાડવામાં આવશે નહિ તથા ડુંગરપર થઇને ગઢપર જવાના રસ્તાપર ૫૦૦ વાર સુધીમાં કાયમી પોલીસ થાણું બેસાડવામાં આવશે નહિ.

ગઢપર **સરકારી અમલદાર**—એક વખત એવો પણ હતો કે જે વખતે ઠાકોર સાહેબથી સંતોષ નહિ પામીને નામદાર મુંબઈ સરકારે પાલીતાણા ઠાકોરના ખર્ચે સરકારી અમલદાર દાખ્યો હતો. આ થાણું સન ૧૮૭૮ માં રહ્યું હતું. થાણું છતાં પણ શ્રાવકોઉપર જૂલમ ગુજારવા માટે નામદાર મુંબઈ સરકારે એકવાર પાલીતાણા ઠાકોરનો દંડ કર્યો હતો, જે પાછળથી માફ કરવામાં આવ્યો હતો. સન ૧૮૬૨ માં પણ આવો સરકારી આફીસર ડુંગરપર રહેતો હતો.

**સરાસરી માથાવેરો**—પોલીટીકલ એજંટ મી. કીટીંજે નામદાર સરકારને એવી ભલામણ કરી હતી કે નામદાર ઠાકોર સાહેબને પહેલાં જે વેરો હતો, તેવી રીતે લેવા દેવામાં આવે તો તેને ઘણો ફાયદો થાય તેમ છે. માટે બે વર્ષ સુધી માથા દીઠ રૂ. ૨) લેખે વેરો લેવાની પદ્ધતિ ચાલુ રહેવા દેવી. તે પ્રમાણે ચાલુ થયું હતું. પણ તેમાં શ્રાવકોપર બહુ જૂલમ ગુજરતો હતો. દરમ્યાન ઠાકોર સુરસિંહજી સન ૧૮૮૪ માં મહાબળેશ્વરથી પુને આવતાં ગુજરી ગયા. તેથી તે ઝઘડો થોડી વખત શાંત થયો. ઠાકોર સુરસિંહજીને એમજ ખ્યાલ હતો કે મારા વડવાઓને શ્રાવકોએ (ખાસ કરી અમદાવાદવાળા નગર શેઠના કુટુંબે) હેરાન કર્યા છે, તો મારે પણ તેમને ક્ષત્રિય પાણી બતાવી આપવું. તે પ્રમાણેજ તેમનો આખો રાજ્ય અમલ ચાલુ રહ્યો હતો. ગાદીએ આવ્યા ત્યારથી છેવટ સુધી તેમને અને શ્રાવકોને અણબનાવજ રહ્યો. જો કે તેઓ બીજી રીતે, કેટલાક અગત ગુણોમાં ઉત્તમ રાજા હતા, છતાં શ્રાવકોપર તો જેટલું થાય તેટલું તેમણે કર્યું હતું.

ઠાકોર **સાહેબ સર માનસિંહજી**—પહેલવહેલા, ગાદીએ આવ્યા પછી, મુંબઈ આવ્યા ત્યારે જૈનોએ ગ્રાંટરોડ સ્ટેશનપર જે ભવ્ય આદરસત્કાર તેમનો કર્યો હતો, તે હજુ પણ ત્યાં ગયેલા જૈનો યાદ કરે છે. આ માનથી પ્રસન્ન થઇ ઠાકોર સાહેબે ઉચક રકમ લેવા ખુશીથી હા પાડી. નામદાર ગવર્નરના એજંટે વચ્ચે પડી ૪૦ વર્ષ સુધી રૂ. ૧૫૦૦૦ નકી કર્યા. તે પ્રમાણે હાલ અપાય છે. આ રૂ. ૧૫૦૦૦) વ્યાજમાંથી ઉત્પન્ન થઈ રહે એ માટે એક ફંડ આખા હિંદુસ્તાનમાં ઉભું કરવામાં આવ્યું હતું, અને તેમાં રૂ. ૪) લાખ ભરાયા હતા, પણ રૂ. ૩) લાખ વસુલ થયા છે. તેના ત્રણ ટકાના વ્યાજમાંથી રૂ. ૯૦૦૦ ઉપજે. બાકી રૂ. ૬૦૦૦ દર વર્ષે ખુટે. તે પ્રમાણે હાલ ૨૨ વર્ષથી ખુટતાં ખુટતાં રૂ. ૨) લાખ આશરે શ્રાવકોને આણંદજી કલ્યાણજીના કારખાનાના વ્યાજસહિત દેવા થયા છે. આ રકમ બીજા કશા માટે નથી, પણ યાત્રા કરવા જનાર દરેકને અડચણ ન પડે તે માટેજ છે. આબુજી જનાર દરેક યાત્રાળુને, ખબર હશે કે ત્યાં માથાવેરો ભર્યા પછીજ ડુંગરપર જઇ શકાય તેવીજ રીતે છે. પાલીતાણે પણ થાત. પણ એ દરેકની મુશ્કેલી દૂર કરવાને માટેજ આણંદજી કલ્યાણજીએ આ ગોઠવણ કરેલી હોવાથી, દરેક

યાત્રાળુએ શક્તિ અનુસાર રખોપા ટીપમાં આપવાની પહેલી ફરજ છે. કારણ કે રખોપાની ગોઠવણ ન હોત તો આપ્યા વગર જઈ શકાતજ નહિ. માટે દરેક યાત્રાળુને તે વાત ધ્યાનમાં લેવા વિનતિ છે.

**શત્રુંજયપર ખર્ચ**—બધાં દેરાસરોમાં આશરે રૂ. ૨૫ ક્રોડ ખર્ચાયા છે, એમ કહેવાય છે.

**તળાટી**—શેઠ હેમાભાઇએ બાંધેલી છે.

---

# મહુવા અને પાલીતાણા.

મહુવા અને પાલીતાણા બન્ને પ્રખ્યાત સ્થળો છે. પાલીતાણા પવિત્ર તીર્થાધિરાજની તળાટીનું શહેર છે. ચરમ તીર્થંકર પૂજ્યપાદ શ્રીમન્ મહાવીરસ્વામીના જીવન દરમ્યાન ભરાવેલી પ્રતિમા ધરાવવા માટે મહુવા પ્રખ્યાત છે. મહુવામાંથી ઘણા વીરો ઉત્પન્ન થયા છે. પ્રસિદ્ધ જગડુશા, જેણે બાર વર્ષ સુધી દુકાળપીડિત ભાઇઓને ઉદાર હાથે મદદ કરી હતી, તે મહુવા અથવા તેની આસપાસના વતની હતા. મરહુમ મી. વીરચંદ રાઘવજી ગાંધી (અમેરિકામાં જનાર જૈન મિશનરી) પ્રોફેસર નથુ મંચ્છાચંદ, બનારસ યશોવિજયજી પાઠશાળાના સ્થાપક મુનિવર્ય ધર્મવિજયજી, પન્યાસજી નેમવિજયજી તથા બીજા અનેક રત્નોની જન્મભૂમિ હોવા માટે મહુવા વ્યાજબી રીતે મગરૂબી લઇ શકે. આ બન્ને સ્થળો આ પ્રમાણે ઉચ્ચ વિચારોના આવરણવાળા છે, છતાં પણ દુર્દૈવે એકના સાહસથી, બીજાના મમતથી, બોટાદપાસે આવેલી કેરી નદી સુધિના ૧૯ તાલુકાઓમાં એવો ખળભળાટ આ બાબતથી થયો છે કે, જે ભાણેજને પહેલાં પોતાની પાસે બેસારી ખરા અંતરથી એક ગણવામાં આવતો હતો, તેની સાથે આ ઝઘડાને અંગે પાણીવ્યવહાર પણ બંધ કરવો પડયો. લગ્ન કરવા હમેશાં જાન લઇ જનારને ૨ અણવરને સાથે મોકલી વરને પરણાવવામાં આવ્યો. વળાના શેઠ મેતા ગુલાબચંદ જીવાભાઇના અમારી ઉપરના પત્રમાં જણાવ્યા પ્રમાણે ધર્મના કામોમાં પણ અડચણ પડી છે; તો ધર્મ તથા વ્યવહાર એવા બન્ને મુખ્ય અંગોમાં વિક્ષેપ પાડનાર આ ઝઘડાનું શું સમાધાન ન થઇ શકે? આ તો માત્ર ૧૦૦૦૦—૧૨૦૦૦ માણસોને લગતી બાબત છે, પરંતુ રૂશિયા તથા જાપાન જેવી ૧૫ ક્રોડ માણસને લગતી બાબતમાં પણ જ્યારે મમત મૂકાયો, જીતનારાએ દયા બતાવી ત્યારેજ શાંતિ થઈ. કલહ મન એટલાં ઊંચાં રાખે છે કે તેની અણુ દીઠ અસરો બહુ લાંબો કાળ પહોંચે છે. એવા કલહનું મોઢું કાળું કરવામાંજ લાભ છે. બન્ને પક્ષે મમત છોડી દેવો જોઇએ, અને જે વચલો રસ્તો બન્નેને માનપ્રદ હોય તે ગ્રહણ કરવો જોઇએ. આ કજીયાની અસર પાલીતાણામાં શુભ પ્રસંગે દેખાય છે, મહુવામાં સામાન્ય અસર જણાય છે, પરંતુ કુંડલામાં બહુજ તીવ્ર રૂપમાં જણાય છે. પાલીતાણાએ મહુવા પટણી પક્ષને (૩૦ ઘર સીવાયના ૨૦૦ ઘરને) જમવાના વ્યવહારમાંથી દૂર કરવાનો નિશ્ચય જણાવ્યો તે નિશ્ચય બહુ ઉતાવળીયો, તથા કજીયાને અતીશય વધારનારો થઈ પડયો છે તે નિશ્ચય ન થયો હોત તો આટલી મોટી જવાળાઓ નીકળત નહિ. મહુવાવાળાએ બચાવ કર્યો છે કે સં. ૧૯૫૨ તથા

સં.૧૯૫૭ એ બન્ને વર્ષે ટાણા મુકામે ભેગી મળેલ જ્ઞાતિ કોન્ફરન્સમાં પટણીપક્ષને જ્ઞાતીમાં ભેળવવા અમે પુછયું હતું પણ ત વખતે કહેવામાં આવ્યું હતું કે એ તમારા ગામની બાબત હોવાથી તમારાજ ઠરાવની જરૂર છે, કોન્ફરન્સે ઠરાવ આપવાની જરૂર નથી. આ મુ તકરારી છે. જો ટાણામાં ભેગા થયેલા મહાજને એમ કહ્યું હોય તો નિશ્ચય બહુ સહેલો છે. ન કહ્યું હોય તો એક બીજી બાબત લક્ષમાં લેવાની છે. મહુવાએ કેટલાએક એવા દાખલા રજુ કર્યા છે કે જે ભાવનગર, કુંડલા વીગેરે તાલુકાઓમાં પણ બનેલ છે, તેએ સંબંધી પાલીતાણા મહાજને કાંઈ પગલું ન ભર્યું અને મહુવાપર સીક્કો બજાવ્યો તેનું શું કારણ? આ રીતે જોતાં આ સવાલનો નિશ્ચય ૧૯ તાલુકાના મહાજને મળી કરવાની પૂર્ણ જરૂર છે. પાલીતાણા મુકામે ૧૯૬૨ ના કારતક શુદ ૧૫ મે ભેગા મળેલ મહાજનમાં પટણીમાં દિકરી આપનાર ચાર ઘરને, બીજો ઠરાવ થતાં સુધી, જ્ઞાતિબહાર રાખવા કહ્યું હતું. તે વખતે મહુવાના શેઠ ગાંડા રાયચંદ સીવાય સર્વ અગ્રેસરો હાજર હતા. અને તેમણે જો કલેશનો અંત આણવાનું ધાર્યું હોત તો તે વખતેજ બધી મુસ્કેલી પતી જાત. પરંતુ તેઓએ મોટેરા હાજર નથી એવું બહાનું કાઢી જવાબદારી ઉડાવી દિધી. ખેર! પાલીતાણાએ પોતા અને મહુવાવચ્ચે જે પત્રવ્યવહાર ચાલ્યો હતો તે પ્રગટ કર્યો હતો તેપરથી જણાતું હતું કે મહુવા તદન સમજણ વિરૂદ્ધ કરતું નથી. પટણીઓ ત્યાં ૯૦—૧૦૦ વર્ષથી આવેલા છે. તેઓએ પોતાની કન્યાઓ ત્યાં આપી છે, અને કાંઈ કારણને અંગે પાટણથી તેઓનો વ્યવહાર બંધ થયો ત્યારે પોતાના નવા વતનમાં તેઓએ વ્યવહાર ઈચ્છયો. વળા મુકામે ફાગણ વદ ૨ જે ભેગા થવાનું હતુ, પણ કાંઈ અનિવાર્ય કારણોને લીધે તે બંધ રહ્યું, પાછળથી વળાએ તે કજીયાનું નિરાકરણ કરાવવા પ્રયાસ કરવા માંડયો. પાલીતાણાએ છેડો લાવવા ઇચ્છા દર્શાવી, પોતાના ૨ પ્રતીનિધિ નીમી નામ મોકલ્યા. પણ તે બે પ્રતિનિધિ માં એક નેતા છે, કે જે જરા ઉગ્ર પ્રકૃતિના હોવાથી બીજો કોઇ શાંત ઠરેલ માણસ હોય તો વધારે સારૂં. મહુવાએ સંસ્કૃતમય કાયદાના પોઈંટોથી ભરપુર, સમજવી મુશ્કેલ પડે તેવી શૈલીમાં એવી દ્રઢતા બતાવી છે કે વળા મુકામે સં. ૧૯૬૧ ના ફાગણ વદ ૨ જે ભેગા થવાનું હતું,તે બંધ શા માટે રહ્યું તે પહેલું જણાય ત્યારપછીજ મહુવા પ્રતિનિધિના નામો આપશે. આ દ્રઢતા અમોને બહુજ સખ્ત લાગે છે, નિશ્ચય નય પશ્ચિમના વતનીઓને થોડેક અંશે ચાલી શકે છે, બાકી તેમને પણ વ્યવહાર નયનો આશ્રય પકડવો પડે છે. આપણે તો વ્યવહારને પહેલા જાળવવાની જરૂર છે, માટે આ દ્રઢ મમત મૂકી દઈ મહુવાએ પોતાના ૨ પ્રતિનિધિના નામો મોકલી આપવા એ અમને તો ઉત્તમ અને સુલેહનો રસ્તો લાગે છે. ૪૦ વર્ષસુધી નિવાસ કરેલ પટણીને ઘોળમાં લેવાની છુટ મૂકવી એ અમને ઉત્તમ રસ્તો લાગે છે, કાયદો હમેશાં હરવખત કામમાં લાવતાં મુશ્કેલી ઉત્પન્ન થાય છે, દરેક પ્રસંગે જરા નમતી દોરી મુકવી પડે છે, માટે પાલીતાણા અને મહુવ બન્ને એ મમત મૂકી એક થવામાંજ શોભા છે, સંપને માટે દ્રઢ ઇચ્છા કરવા પ્રાર્થના છે.

# જૈન સમાચાર તથા વર્તમાન ચર્ચા.

**પુણ્યાર્થે રકમ**—શેઠ વીરચંદ દીપચંદના સુપુત્ર શેઠ સારાભાઇના સ્મરણ માટે રૂપીઆ ૪૫૦૦૦ જુદા કાઢયા છે. તેમાંથી રૂ. ૧૦૦૦૦ બનારસ શાળાના અંગે જૈન ધર્મશાળા બાંધવામાં વાપરવામાં આવશે. રૂ. ૩૦૦૦૦ નું ટ્રસ્ટડીડ કરી ટ્રસ્ટીઓ તરીકે શેઠ ચીમનભાઇ લાલભાઈ, લાલભાઈ દલપતભાઇ, જેશીંગભાઇ હઠીશીંગ તથા ચીમનભાઇ નગીનદાસ વિગેરે ૧૧ જણને નીમવામાં આવ્યા છે. સેક્રેટરી તરીકે વકીલ કેશવલાલ પ્રેમચંદ વિગેરે ત્રણ જણને નીમ્યા છે. આ ટ્રસ્ટડીડની રકમના વ્યાજમાંથી પોણા ભાગની રકમ વીશાશ્રીમાળી કોમના વિદ્યાર્થિને તથા પા ભાગની રકમ બીજા જૈન વિદ્યાર્થીને બૂક, ફી વિગેરેમાં આપવામાં આવશે. ધનિકો પુણ્યનિમિત્તે આ રીતે પૈસા ખરચે તે બહુજ ઉપકારક અને ફરજ તથા દાનના સાચા ખ્યાલપ્રમાણેજ છે. અમે એટલુંજ ઇચ્છીએ છીએ કે ધનિકો આવા દાખલા સારી રીતે લક્ષમાં રાખે. વિદ્યાદાન માટે હવે વારંવાર કહેવાની જરૂરજ નથી. બનારસમાં ધર્મશાળાની જરૂર છે. અને શેઠ વીરચંદભાઇએ પાઠશાળામાટે જે મકાન લઇ આપ્યું છે તેમાં આ ધર્મશાળા બંધાવવા પૈસા આપીને જૈન કોમપર ખરો ઉપકાર કર્યો છે. આનુંજ નામ ખરા રસ્તાની સખાવત.

**ગીનીની પ્રભાવના**—મુર્શીદાબાદમાં આચાર્ય શ્રી ૧૦૦૮ કમળ વિજયજી મહારાજના વ્યાખ્યાનથી પ્રસન્ન થઈ બાબુ સાહેબ ધનપતિસિંહજી તરફથી દરેક જૈન બંધુને સોનાની ગીની ( રૂપિયા પંદર ) ની પ્રભાવના કરવામાં આવી છે. ધર્મપ્રભાવનાનો પ્રકાર દરેક રીતે સ્તુત્ય છે. હાલના સમયમાં આવી ઉદાર પ્રભાવના કોઇ જગ્યાએ જાણવામાં આવી નથી. ધન્ય છે બાબુ સાહેબને ! ૧૦૦૦ ગીની પ્રભાવનામાં થઈ હતી.

**પુનર્લગ્ન**—ઍડવૉકેટ ઑફ ઇન્ડીયામાં થોડા દિવસપર નીચેની હકીકત આવી હતી. અમેરિકાના એકત્ર સંસ્થાનોમાં ઇલ્લીનૉઇસ પ્રગણાના ચાર્લસ્ટન ગામમાં એક ગૃહસ્થ મી. મૅકકીમે લગ્ન કરવામાટે સ્ત્રી મેળવવાને વર્તમાનપત્રમાં નોટીસ આપી હતી. કેન્સાસ પ્રગણાની એક વિધવા તેનીપાસે હાજર થઈ અને તેણે લગ્નની ઇચ્છા જણાવી. મૅકકીમે પૂછયું "તમારે કંઈ ફરજંદ છે?" વિધવાએ કહ્યું "મારે છ છોકરાં છે. તેમની ઉમર પાંચથી સતર વર્ષની છે." આ ઉપરથી વિચારો કે છ છોકરાંની માતાને પણ, પુનર્લગ્નની છુટવાળા દેશમાં, લગ્નની ઇચ્છા થઈ. કેટલીવાર પુનર્લગ્ન કરે તે મોટો સવાલ છે. પુનર્લગ્નની છુટ મૂકવી એ હાથે કરીને વિષયવાસનાને પ્રદિપ્ત કર્યા બરાબર છે. વર્ણસંકર પ્રજા ઉત્પન્ન કરવાનો એ સૌથી સહેલો રસ્તો છે. બંધુઓ, ચાલુ સાંસારિક બંધારણ ફેરવતાં પહેલાં બહુ વિચાર કરજો.

**લગ્ન**—પિતા તરફથી ગોઠવાતાં અને પુત્રપુત્રીની પસંદગીવિનાના હિંદુ લગ્નો માટે જોઇએ તેટલો વાંધો લેવામાં આવે, પણ હિંદુપતિ સ્ત્રીને અંતઃકરણથી ચાહે છે, સ્ત્રી પતિને ખરા અંતઃકરણથી ચાહે છે. યુરોપીય લગ્નો કોલકરાર જેવા હોવાથી

કરારની કલમો તુટતાં "તું તારે રસ્તે અને હું મારે રસ્તે" એવી સ્થિતિ થાય છે. વળી હાલમાં ઇંગ્લંડમાં એક એવું મંડળ ઉભું થયું છે કે જે એવો નિયમ જાહેર કરે છે કે લગ્ન ૧૦ વર્ષ સુધીની બંધીથી કરવા. ત્યાં સુધીના અનુભવથી પતિપત્નીને ઠીક પડે તો કરાર લંબાવે. બોલો ભાઇઓ, આ સંસાર—લગ્ન—ને માટે શું કહેવું ? ત્યાંના રાજ્યકર્તાઓમાં જે લગ્ન થાય છે તે રાજ્યદ્વારી હેતુથીજ થાય છે. પરણનાર જોડાનો પ્રેમ ઘણી વખતે જોવામાં આવતો નથી. મોટા અમીર અથવા શ્રીમાનોનાં લગ્નમાટે તો, થોડા વખતપર તા. ૮ મી સપટેંબરના ઍડવોકેટ ઑફ ઇન્ડીયામાં એક લેખ આવ્યો હતો તે પરથી જણાય છે કે, લગ્ન કરાવી આપવા માટે ત્યાં દલાલો છે, જેઓ પૈસાદાર પતિ અથવા પત્ની ગોઠવી આપે છે, અને પોતે આગળથી ઠરાવ્યાપ્રમાણે મોટી રકમો મેળવે છે. કહો, આમાં કેવો પ્રેમ સમજવો ? બહારથી અને આઘેથી જેટલું શોભાયમાન લાગે તેટલું બધું પાસેથી નથી લાગતું.

**વિલાયતમાં ગરીબો**—ઇંગ્લંડ અને વેલ્સની વસ્તી ૩૪૧૫૨૯૭૭ માણસની છે. ગરીબો ૯૨૬૭૪૧ છે. એક હજારે ૨૭ છે, અને લંડન તળમાં ~~એક~~ હજારે ૩૨ છે. આ કરતાં આપણા દેશમાં કેટલી બધી ગરીબી વધારે છે !

**દિલગીરી ભરેલું મરણ**—પાલનપુરના નાયબ દીવાન મી. શોભાગચંદ વેલુભાઇ કોઠારી તા. ૭–૧૦–૦૬ ના રોજ મરકીથી ગુજરી ગયા છે. તેઓ કોન્ફરન્સને માટે બહુ સારી લાગણી ધરાવતા હતા, અને પાટણખાતે તેમણે સારી મદદ કરી હતી. આપણામાં મૂળ તો સરકાર દરબારમાં મોટા ઓધેદારો અતિશય થોડા છે, તેમાં આવા એક મોટા જૈન અમલદારનું ભવિષ્ય થયાથી બહુજ મોટી ખાદ પડી છે.

**જ્ઞાતકલહ**—હાલનો સમય કેવોએ વિચિત્ર વરતે છે કે એક તરફથી કોન્ફરન્સ જેવાં મંડળો સંપનેમાટે સ્થપાય છે, અને બીજી તરફથી નહિ જેવી, સમાધાન થઇ શકે તેવી બાબતોમાટે મોટો કલહ શરૂ થાય છે. આવા કલહોમાં ઘણું કરીને જે ભાગ એમ ધારતો હોય છે કે અમને ગેરવ્યાજબી રીતે નુકસાન થાય છે, અને સતાવવામાં આવે છે, તેઓ તેના કારણ આગળ ધરે છે ત્યારે સામો પક્ષ સીધો જવાબ આપવાને બદલે આડો ઉતરી પડે છે. હજીસૂધી આપણાં મન એવી તરેહનાં છે કે જે બાબતમાં આપણને ખોટું લાગ્યું હોય તેજ બાબતમાં વિરૂદ્ધ પડવાને બદલે દરેકે દરેક બાબત જે આપણો હરીફ માથે લે તેમાં આપણે સામા પડીએ છીએ. જ્યારે હિંદના સુભાગ્ય હશે, ત્યારેજ આ ખોટી ટેવ નીકળી જઈ, માણસની સામા નહિ, પણ બાબતની સામાજ આપણે થઇશું. હાલની વલણથી તો એમ બને છે કે બાબત સારી હોય કે નઠારી, પણ સામાવાળાના હાથમાં આવતાં સારી બાબત પણ લટકી જાય છે. કામ કરનારાઓ ભૂલ તો કરે, પરંતુ તેમને શાંતિથી ભૂલ જણાવવી અને સુધરાવવી એજ ઉત્તમ ઉપાય છે. જે પક્ષમાં વધુ મત હોય તેજ પક્ષ ઇંગ્લંડ જેવા સુધરેલા મુલકમાં ફાવે છે. પણ આપણી તરફ તેવું નકી નથી. આટલું કહ્યા પછી હમણા પર્યુષણ પર્વના સ્વામીવાત્સલ્યમાં અત્રેના કચ્છી દશાઓશવાળ જૈનભાઇઓ વચ્ચે જે બે પક્ષો છે, તેઓમાં જે

તકરાર થઈ હતી, તે વિષે થોડુંએક જણાવીશું. આ બે પક્ષો હાલ નવા પડયા નથી, પરંતુ સને ૧૮૯૪ થી છે. અત્રેની તે જ્ઞાતિમાં પુખ્ત ઉમરના ૧૫૦૦ માણસો છે, જેમાંથી એક પક્ષમાં ૧૦૦૦ તથા બીજામાં ૫૦૦ છે. પક્ષ પડવાનું કારણ એટલુંજ છે કે મોટો પક્ષ પોતાની જ્ઞાતિ જમે ત્યારે પોતાના ગોર, જે રાજગર કહેવાય છે, તેને સાથે જમાડવા રાજી નથી, નાનો પક્ષ એમ કહે છે કે જેની મરજી હોય તે નાતનીસાથે રાજગર બ્રાહ્મણોને નાતની વાડીમાં જમાડે. આ ઉપરથી મોટા પક્ષે હાઈકોર્ટમાં ૧૮૯૪ માં કેસ માંડયો હતો, જેનો ફેંસલો સને ૧૮૯૫ ના માર્ચની ૧૯ મીએ નામદાર ચીફ જસ્ટીસ સર ચાર્લ્સ સાર્જંટે મોટા પક્ષના લાભમાં આપ્યો હતો. હાલ આ બાબત ફરીથી કોર્ટે ચડી છે.

**મક્ષિજીનો કેસ**—તા. ૮ અકટોબરે આ કેસની મુદત હોવાથી આસિસ્ટંટ સેક્રેટરી મી. મોહનલાલ, વકીલ મી. લખમશી મેશરી તથા શેઠ સરદારમલ ત્યાં ગયા હતા. દિગંબરી ભાઈઓએ ઇંદોરમાં મરકી ચાલતી હોવાથી કેસની મુદત માગી, તેથી તા. ૨૪ મી [redacted]ની મુદત પડી છે.

**ગ્રેજ્યુએટનું ભવિષ્ય**—કપડવંજનિવાસી, એલ્ફીન્સ્ટન મોડલ સ્કુલના શિક્ષક મી. મંગળદાસ જમનાદાસ તાવથી ગુજરી ગયા છે.

**ચેતતા રહેજો ! ! !**—કાઠીઆવાડ અતિશય ગરીબ વિભાગ છે. "ત્યાંના જેસર ગામના ચાર વાણીઆ દોશી લાલચંદ કાળા, જુઠા નેમા, મેઘા વેલા તથા હીરાચંદ નાગજીએ આંહી કોન્ફરન્સ ભરાણી ત્યારે જેસરમાં દેરૂં કરવા માટે ટીપ કરી તેમ ગોડીજીના રૂ. ૭૫૦) ભરાવ્યા હતા, પણ તેમના વિષે શક પડતાં તેઓને રૂપિયા આપવામાં આવ્યા ન હોતા. પાલીતાણેથી થોડા વખતપર રૂ. ૫૦) તેવીજ રીતે ટીપમાં ભરાવી તેઓએ પોતાના ખાનગી ઉપયોગમાં લીધા હતા." એવું અમદાવાદનું "કાઠીઆવાડ સમાચાર" તા. ૨૬–૯–૦૬ માં લખે છે. તો જૈન બંધુઓને વિનંતિ કે ચોકસી કર્યા સિવાય ટીપમાં ભરેલા પૈસા જેને તેને આપી દેવાથી કોઈ વખત પૈસા નકામા બરબાદ જાય છે. માટે ચોકસ કરીને રકમ આપવી. ધર્મને નામે પૈસા ઉઘરાવી ખાવા એ મહા પાપ છે.

**जैनमंडल**—अजमेरसे ओ. सुपरवाइझर मी. धनराजजी कांसटीया लिखते हैं "जोधपुरमें एक जैनमंडल खुला है. जिसमें २७ मेंबर हैं. सभामें श्री हेमचंद्राचार्य महाराजका योगशास्त्र और महावीर चरित्रका अध्ययन होताहै. महिनेमें दो द॰ कोन्फरन्सके ठहरावोंके विषयोंपर भाषण दीया जाताहै. जो मेंबर हाजिर हो सबको बोलना पडता है. जो कुरीतियें प्रचलित हैं उनकी एक फहरीस्त बनाइ जा रही है. चंदा रु. १५ हुवा है. वहांपर एक पाठशालाभी आशो शुदि १ को खोल दी गई है. जिसमें शामको ६॥ बजेसे ९॥ बजे तक पढाइ होती है. करीब २० विद्यार्थीओ हमेश आते हैं. शनिवारको विद्यार्थीओकी सभा होती है. उसमें भाषण लडके देते हैं, लडकोंको महावारी इनाम दीया जाता है. यह जैनमंडल ओर पाठशाला यहांकी ब्रांच ऑफिसकी कोशिषसे हुई है."

**કન્યાશાળા અને સ્ત્રીશિક્ષણશાળા**—આશો શુદ ૧૦ ને દિવસે શ્રી માંગરોળ જૈન સભા તરફથી અત્રે તેમના હૉલની અંદર ખુલી મુકવામાં આવી છે.

**પશુવધનિષેધ**—દશરાને દિવસે જૂદા જૂદા દેશી રાજ્યોમાં જે ભોગ દેવીને અપાય છે તે બંધ કરવા માટે જે અરજી આંહીથી તેમનાપર મોકલવામાં આવી હતી, તે પછી ઉપરના નામની એક ચોપડી તેમનાપર મોકલવામાં આવી હતી. શેઠ મોહનલાલ મગનલાલ, જેમની પાસે શાસ્ત્રીઓનાં લખેલા મતોની એક મોટી બુક હતી, તે બહુજ થોડા વખતમાં "ગુજરાતી" પ્રેસમાં છપાવી મોકલી હતી. આ બુકમાં ૫૧ શાસ્ત્રીના અભિપ્રાય છપાવ્યા છે.

પવિત્ર કેશર—અમરીતસરથી લાલા મોતીરામ ફગુમલ લખે છે કે નવું કેશર એક મહીના પછી આવશે. માટે જે સાહેબોને જોઈએ તેમણે તરત મંગાવવું. અત્યાર સુધી કેશર જુનું મળતું હતું પરંતુ જે કેશર હવે નવું આવશે તે ઘણું સરસ આવશે. તે કેશર આપણા માણસની દેખરેખ હેઠળ તદન ફૂલમાંથીજ કઢાવવાનું છે, માટે જેટલું કેશર જેઓને જોઇએ તેમણે અમને પત્ર લખવો એટલે તરત નવું કેશર મોકલવામાં આવશે.

---

## હુન્નર ઉદ્યોગ.

**શાહીનો પાક**—યુનાઇટેડ સ્ટેટસમાં જોલટાઉન ખાતે મી. ડેવીડ ઍન્ડરસન નામે ખેડુત શાહીનો પાક ઉગાડે છે. મી. ઍન્ડરસને અનાજના સાંઠામાંથી લખવાની શાહી મેળવવાનો વિચાર કર્યો છે. દરેક સાંઠામાંથી પોણી બાટલી જેટલી શાહી નીકળે છે. આ શાહીનો રંગ સોનેરી જાંબળી છે તથા તેથી લખેલું લખાણ કાયમ માટે જળવાઈ રહે છે એમ કહેવાય છે.

**હીરાની શોધ**—ડાયમંડ ટાપુ જવા નીકળેલી સ્ટીમર "ક્ષીમા" લાપામાસ પહોંચી છે. જે ટાપુ ઉપર હીરાનો ખજાનો દટાયેલો સ્ટીમરપરના માણસો માને છે, તે ટાપુઓ ઉપર જંગલી લોકો વસે છે, અને સ્ટીમરના માણસોને તેઓની સાથે લડવું પડશે.

**ખાંડ**—સન ૧૯૦૫-૦૬ માં હિંદુસ્તાનમાં આસ્ટ્રીઆ-હંગરી, જર્મની, યુનાઇટેડ સ્ટેટસ વિગેરેમાંથી શેરડીમાંથી બનાવેલી ૪૨૪૧૬૪૪ હંડ્રેવેટ ખાંડ આવી હતી. હિંદુસ્તાનની બહારના દેશોમાં ખાંડ બનાવવાની ક્રિયા નજરે જોઈ તે શીખી આવવા માટે એક વિદ્યાર્થીને હિંદુ. એજ્યુકેશન ફંડે દર મહિને રૂ. ૧૦૦ ની સ્કૉલરશિપ તથા જરૂરી ખર્ચ આપી મોકલવા ગોઠવણ કરી છે.

**કોલસાનો વેપાર**—બંગાલમાં પહેલી ખાણ ૧૮૨૦ માં માલુમ પડી હતી. ગયે વર્ષ ૮૪૧૭૭૩૯ ટન નીકળ્યો હતો. આ રોજગાર ૪૭ કંપનીઓ કરે છે. ૪૬ બંગાળમાં તથા ૧ બ્રહ્મદેશમાં. એ કંપનીઓની થાપણ રૂ. ૨૮૮૫૪૫૦૦ ની છે. હિંદુસ્તાનમાં તેમજ સીલોન, સ્ટ્રેટસ સંસ્થાનો, એડન તથા પૂર્વ આફ્રીકામાં પણ તે ખપે છે.

**હિંદમાં સોનું**—મહિસુરમાં આવેલ કોલારની ખાણમાં બાલાઘાટ ખાતે ૩૯૫૬ આંઉસ તથા કોરોમંડળખાતે ૩૩૫ આંઉસ સોનું એક અઠવાડીયામાં નીકળ્યું છે.

**ઔદ્યોગિક સ્કૉલરશિપ**—મદ્રાસ ઈલાકામાં આવેલા ત્રિવેંદ્રમના ફોજદારી ન્યાયાધીશ મી. અનંતરામૈયાએ હિંદી વિદ્યાર્થીઓને જાપાન ખાતે કેળવણી લેવા મોકલવા માટે રૂ. ૫૦૦૦૦ ની ઉદાર સખાવત કરી છે.

**હીરાની ખાણ**—સીલોનમાં એક અંગ્રેજ ગૃહસ્થને બટાટા રોપવાની જમીનપર ચળકતી ધાતુનો કટકો મળ્યો હતો. પાછળથી તે હીરો માલુમ પડયો હતો. હાલમાં ત્યાં હીરાની એક ખાણ મળી આવી છે.

---

# મળેલાં પત્રો.

શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સના સેક્રેટરી સાહેબઃ—

વીનંતીપૂર્વક લખવાનું કે, ઉમરાવતી (વ-હાડ) ના ઢુંઢકો તથા તપાવચ્ચે ત્રણ મહીનાથી જે તકરાર ચાલી હતી તે બદલની હકીકત આપને વિદીત છે. અમો તથા બાલુભાઇ હીરાચંદ તથા ભોગીલાલ રત્નચંદ તા. ૧૮ ના રોજ ઉમરાવતી ગયા હતા. ત્યાં ગયા પછી ઢુંઢકોના શ્રાવક વર્ગમાં તથા તેઓના સાધુ વર્ગમાં કોઈ સંસ્કૃત ભણેલા અથવા શાસ્ત્ર જાણનારા કોઈ વિદ્વાન માણસ છે કે નથી એની તપાસમાં માલુમ પડયું જે સંસ્કૃત ભણેલા અગર વ્યાકરણ જાણનારા, અગર શાસ્ત્રસંબંધી માહિતી જાણનારા કોઈપણ નથી. તેઓના સાધુ કુંદનમલ નામના હતા. તેમનીપાસે અમો ત્રણજણ બપોરે ત્રણ વાગે ગયા અને પુછયું જે આપ સંસ્કૃત જાણોછો? તેઓએ ઉત્તર આપ્યો જે હા જાણીએ છીએ. અમોએ શ્રી યશોવિજયજીકૃત અષ્ટક માંહેનો એક શ્લોક કહીને તેનો અર્થ પુછયો. થોડીવાર મનન કરી કુંદનમલ અધોવદન કરી દિંગમુઢ થઈને બોલ્યા કે મને સંસ્કૃત આવડતું નથી. ત્યાર પછી અમોએ પુછયુંજે માગધી આવડે છે? ઉત્તર આપ્યો કે હું ટબાના પુસ્તકોનો ઉપયોગ કરૂ છું. મને ગાથાનો અર્થ કરતાં આવડતો નથી. ત્યાર પછી કેટલાક પ્રકારે ભાષણ થયા પછી અમે કહ્યું જે આપે જે આ ઝગડો ઉઠાવ્યો છે અને सम्यक्त्वशल्योद्धार ગ્રંથ ખોટો છે કરીને કહો છો તો અમારીસાથે વાદવિવાદ કરો અને ખરાખોટાનો નિર્ણય કરો. એટલા સારૂ અમો આવ્યા છીએ વાસ્તે હવે વાદવિવાદ માટે તૈયાર થાઓ ત્યારે એટલા અવસરમાં એમના ઢુંઢક શ્રાવકો ૭૫–૧૦૦ એકત્ર થયા. ઢુંઢકોના ગુરૂ કેહવા લાગ્યા કે અમે શ્રાવકસાથે વાદવિવાદ કરતા નથી. અમને તો સાધુ જોઇએ. અમે કહ્યું જે આપના શિષ્ય વર્ગમાંથી કોઇને તઇયાર કરો. અગર આપ તઇયાર થાઓ અને અમોને પરાસ્ત કરો. ત્યારપછી અમારા સાધુ સાથે બાથ ભીડો. સંસ્કૃત જાણો નહી, માગધી આવડે નહી, વ્યાકરણ સમજો નહી ત્યારે સાધુસાથે વાદવિવાદ કેવી રીતે કરશો એવી રીતે ઘણુંએક બોલવું થયું તેવામાં તેમના શ્રાવક વર્ગોએ વીનંતી કરી જે વાદવિવાદ કરવામાં અમો અસમર્થ છીએ અને તેમ થવાથી દ્વેષ ઘણો વધે, એ વાસ્તે આપ કૃપા કરી આ તંટો આપસમાં માંડીવાલો. અમોએ કહ્યું, જે વાદવિવાદ વાસ્તે આવ્યા છીએ. જે હારે તે પોતાનો ધર્મ મુકીને જીત ધર્મમાં જાય અગર નહી તો રૂ. ૫૦૧ દંડના આપે પરંતુ એ લોકો એકે વાતને ટકી શક્યા નહી અને કેહેવા લાગ્યા કે આપસમાં તુટે એવી

સરલ કાઢો, અમો કેટલાક વખત સુધી વિચાર કરીને કહ્યું જે અમો જે સરતો કહીશું તે સરતો કબુલ કરીને તે પ્રમાણે લખત કરી, તે લખતપર તમારા તથા અમારા પંચની સહીઓ લઇશું, તે લોકોએ કબુલ કર્યાથી નીચે લખ્યા મુજબ સરતો કહી.

૧ પરસ્પરે પરસ્પરના ગુરૂની નિંદા કરવી નહીં.

૨ સમકીત શલ્યોધ્ધાર ગ્રંથપર કોઇપ્રકારે પણ આક્ષેપ લેવો નહી. એવી રીતે બે સરતો નકકી થઈ જે ઢુંઢકોને પૂર્ણપણે માન્ય થઇ અને તેમનો સર્વ સંઘ એકત્ર થઈ એમના ગુરૂ કુંદનમલના સમક્ષ અને એમની સંમતીથી લખત થઇ તે લખતપર સંઘના આગેવાન ઢુંઢકોએ મોટી ખુશીસાથે સહીઓ કરી અને જીનેશ્વરની જય બોલી અમારો ઘણો આભારમાની વીસર્જન થયા. તા૦ ૧૯ ના દીને ગામમધ્યે ચરચા ચાલી જે ઢુંઢકો ચરચા કરવા અસમર્થ થયા અને હાર ખાઇને જે ગ્રંથ બદલ લઢતા હતા તે ગ્રંથ તો પૂર્ણપણે કબુલ કરી લીધો. કારણ કે તે ગ્રંથ (समकितशल्योद्धार) પર કોઇ પ્રકારેપણ આક્ષેપ લેવાના નહી એવું લખત કરી આપ્યું તેથી ઢુંઢકોની સર્વ હાર થઇ છે. કંઈ પણ મોઢું કાઢવાને બીલકુલ જગા રહી નહીં એવું અન્ય લોકો સર્વત્ર બોલવા લાગ્યા. તેથી ઢુંઢકો ઘણા શરામદા થઈ પશ્ચાતાપ કરવા લાગ્યા. પણ ઊપાય કોઇ પ્રકારે ચાલે નહી. બીજે દીવસે રાત્રે પરવાર (दिगंबरी) મંદિરમાં જાહેર વ્યાખ્યાન અમારૂં તથા બાલુભાઈ હીરાચંદનુ થયું. વીષય जैन लोकोनी स्थिति केम सुधरशे એ હતો. શ્રોતૃસમાજ સારો મળ્યો હતો. ઢુંઢકો સર્વે આવ્યા હતા. અમારૂં વ્યાખ્યાન થયા પછી યશો વિજયજી પાઠશાળા બનારસ તરફથી આવેલા પંડીત વ્રજતાપનું ભાષણ થયું તેમધ્યે પંડીતજીએ ઢુંઢકોની અજ્ઞાન સ્થીતિપર કડક ટીકા કરી. સવારે ઢુંઢકોના ગુરૂ કુંદનમલે અમોને બોલાવી પંડીતજી બદલ તકરાર કરી કેહેવા લાગ્યા કે અમારી નીંદા કરી. અમોએ એમનું સમાધાન કરી કહ્યું કે પંડીતજીએ નીંદા તો કરી નથી, પરંતુ આપ વીદ્યાના કામમાં કેટલા પછવાડે છો તેનું વિવેચન કર્યું છે, તેનું માઠું ન લાગવા દેતાં તેનો ગુણગ્રહણ કરી આપ જ્ઞાનવાન થાઓ અને પછી પંડીતજીને નામ મુકો એમ કહી સમાધાન કર્યું. તા૦ ૨૦ ના રાત્રે થીએટરમાં જાહેર સભા થઈ વ્યાખ્યાન 'जैन धर्मनुं स्वरूप' એ વિષય હતો. પ્રમુખ ઊમરાવતીના પ્રસિદ્ધ ગૃહસ્થ ગણપતરાવ ખાપરડે હતા. અમારૂં તથા બાલુભાઇનું વ્યાખ્યાન ઊપરના વિષયપર ૧ાા કલાક થયું, શ્રોતાસમાજ ૮૦૦—૧૦૦૦ સુધી હતો, ભાષણ સાંભળી શ્રોતાઓ તથા પ્રમુખ ખુશી થયા. ઢુંઢકો સર્વ ત્યાં હાજર હતા. ભાષણનો આરંભ કરતીવેળા પ્રથમ ઊપોદ્‌ઘાતમાં મેં કહ્યું જે અમો અત્રે જે કાર્યમાટે આવ્યા હતા તે કાર્ય એટલે સમક્તિ શલ્યોદ્ધાર ગ્રંથનુ મંડણ સામાપક્ષ વાલાએ તકરાર ન લેતાં ગ્રંથકાર અને ગ્રંથનું મહત્વ કાયમ કરી ગ્રંથ પ્રમાણભૂત માની આપસમાં નીકાલ થયો છે. એમ સર્વ સભા સમક્ષ કહી, પછી ભાષણનો આરંભ કર્યો હતો. ભાષણ પુરૂં થયા બાદ પ્રમુખે વળતો આભાર માની ખુશી પ્રદર્શીત કરી અને એવી રીતે વાદનો નીકાલ થયા બદલ પોતે આનંદ પ્રદર્શીત કર્યો. છેવટ પાન—ગુલાબ લેઇ સભા નિર્વીધ્નપણે આનંદથી વિસર્જન થઇ, અમો પ્રમુખ તથા બીજા લોકોની પરવાનગી લઇ ઘેર આવ્યા બીજે દીવસે ઢુંઢકોના ગુરૂને લોકોએ

કહ્યું કે આપ અહીંથી પલાયન કરો, આપણો પુરું પરાજય થયો છે. ગુરૂજી ઘણા ખીન્ન થયા અને ક્રોધમાં આવ્યા. અમોને બોલાવા મોકલ્યું. અમે ઊત્તર આપ્યો કે અમે વારંવાર સ્થાનકમાં આવતા નથી. સ્થાનકમાં આવવાથી અમોને પ્રાયશ્ચીત થાય છે, અમને સ્નાન કરવું પડે છે, તમારી તથા તમારા ગુરૂની અમારીસાથે બોલવાની ઇચ્છા હોય તો કોઇ સાર્વજનિક જગામાં આવો, અમે ત્યાં આવીશું. ગુરૂજીએ શ્રાવકપર ( ઢુંઢકો ) બહુ ક્રોધ કયા, અને બોલવા લાગ્યા કે લેખને પાછો લાવી આપો ત્યારે હું આહાર પાણી કરીશ, નહી તો મને બધો ત્યાગ છે. ઢુંઢકો અમારી પાસે આવીને બહુ કરગરવા લાગ્યા અને લેખ પાછો માગવા લાગ્યા. અમે કહ્યું જે લેખ એમ પાછો કદી પણ મળવાનો નહીં, તમો તથા તમારા ગુરૂજી અમારીસાથે વાદવિવાદ કરો, અમોને પરાસ્ત કરો પછી લેખ આપીશું અને વળી બીજોપણ લખી આપીશું. તે વગર કાંઇપણ વળવાનું નહી એવી રીતે ઘણું એક બોલવું થયું. ઢુંઢકો નિરાશ થઈ પાછા ગયા. એવી રીતે ઊમરાવતીની હકીકત છે તે જાણશો. આપને આ બધી વિસ્તારપુર્વક હકીકત લખી તસદી આપવાનું પ્રયોજન એ છે કે અમો ઘેરે આવ્યા બાદ ઢુંઢકોએ હેંડબીલો કાઢી તેમાં કેટલોએક મજકુર એવો લખ્યો છે કે તેથી અમારા બદલ વગર માહીતીગાર માણસને ગૈરસમજ થવાનો સંભવ છે. તે વાસ્તે ખરી અને નિઃપક્ષપાત પણાની હકીકત જણાવી છે.

મું એવલા,
તા. ૧-૧૦-૧૯૦૯.

આપનો નમ્ર સેવક,
**દામોદર બાપુશા.**

---

# કોન્ફરન્સ ઑફીસમાં ચાલતું કામકાજ.

ડીરેકટરી ખાતું—સોરઠ, ગોહીલવાડ તથા હાલારનાં આવેલાં ગામોની તારવણીનું કામ પૂરૂં થયું છે.

તપાસણી કરનાર ૧ માણસ દાંતા તરફ ગયેલ છે. બીજો માણસ સુરત ગયેલ છે.
સપ્ટેંબરમાં નીચે પ્રમાણે ખર્ચ થયો છેઃ—

રૂ-આ-પા.
૮-૧૦-૩ પોસ્ટ
૯૦-૦-૦ પગારના જણ ૬ ના.
૨-૧૨-૦ પાર્સલ
૭-૧૫-૪ સ્ટેશનરી
૧-૪-૦ પરચુરણ
૩૦૬-૪૦ અજમેર ઑફીસ ખાતે

૪૧૬-૧૩-૭

કોન્ફરન્સ હેરલ્ડ ખાતું—લવાજમના રૂ. ૩૬૪, આવ્યા છે. ખર્ચ નીચે પ્રમાણેઃ—
૪-૧૨-૦ કોરસ્પોન્ડંસ
૩૪-૧૪-૬ ટપાલ ખર્ચ
૧૫-૦-૦ મેટર તથા પ્રૂફ તપાસનારને

૧૫–૦–૦ પત્ર વ્યવહાર કનાર કારકુનને
૦–૮–૯ પરચુરણ

૭૦–૩–૩

કોન્ફરન્સ નિભાવફંડ ખાતું—

રૂ. ૧૨૦–૦–૦ શરાફ બજારવાળા મકાનના ત્રણ માસના ભાડાના.
૧૬–૦–૦ કોલસા મોહુલાવાળા મકાનના અર્ધા માસના ભાડાના.
૧૧૬–૦–૦ આસિસ્ટંટ સેક્રેટરી, કારકુન તથા પટાવાળાનો પગાર.

૨૫૨–૦–૦

નિરાશ્રિત ખાતું—

૧૦–૦–૦ ડાયરી વિગેરેની ફેરીમાટે
૨૫–૦–૦ શ્રી વઢવાણ સાધ્વીજી હેતશ્રી તથા જયશ્રીની દવા માટે.
૭–૦–૦ એક વિદ્યાર્થીને પાલીતાણા બાળાશ્રમમાં મોકલતાં ભાડું વિગેરે.
૪–૧૨–૦ એક ગરીબ જૈનને અમદાવાદની ટીકેટ વિગેરે માટે.
૦–૭–૦ એક ગરીબ જૈનને પહેરણ માટે.
૦–૯–૯ એક ગરીબ જૈનને ખોરાકી માટે.

૪૭–૧૨–૯

મંદિરોદ્ધાર—રૂ. ૩૦૦] મેવાડ મારવાડના જીર્ણોદ્ધાર માટે

કેળવણી ખાતું—

રૂ. ૫–૦–૦ જામનગરના એક વિદ્યાર્થીને સ્કોલરશિપ.
૨–૪–૯ ખેડાના „ „ ચોપડી ઓના
૬–૦–૦ પાટણની એક કન્યાને બેમાસની સ્કોલરશિપ
૩૨–૦–૦ શ્રી મુંબઈ શ્રાવિકાશાળાના એક માસના ખર્ચના
૧૦૦–૦–૦ શ્રી લાલબાગ બોર્ડીંગના સેક્રેટરીને–ચાલુ ખર્ચ પેટે

૧૪૫–૪–૯

પુસ્તકોદ્ધાર ખાતું—

૧૧૫–૦–૦ મી. રવજી દેવરાજ તથા તુકારામ હનમંતરાવને પગારના
૦–૮–૦ પરચુરણ

૧૧૫–૮–૦

જીવદયા ખાતું—દશરા પ્રસંગે દેશી રાજ્યોમાં પાડા બકરાનો વધ થાય છે તે માટે અરજી તથા જાણીતા શાસ્ત્રીઓનાં શાસ્ત્રપ્રમાણ મતોની એક બૂક મોકલવા માટે પ્રયાસ થયો છે.

૩૮–૧૦–૦ અરજી ૬૧૮ મોકલી તેપર સ્ટાંપ
૩૧–૮–૦ નામદાર સયાજીરાવ ગાયકવાડને તેજ હેતુથી લંડન તાર કર્યો તેના ખર્ચના
૮૭–૪–૦ કાગળ વિગેરે
૧૨–૭–૦ શાસ્ત્રીઓનાં મતોની ૧૯૯ બૂકોનું ટપાલ ખચ
૧૦–૨–૬ પરચુરણ

૧૭૯–૧૫–૬

સંવત ૧૯૬૨ ના ભાદરવા માસનો હીસાબ અમદાવાદ આફીસે કામ થયેલું તેની વીગત—

૧૬૦—૬—૩ વીદ્યાર્થીઓને સ્કોલરશિપો આપેલી તેની વીગત નીચે મુજબ.

૬—૦—૦ અમદાવાદના
૩—૦—૦ ,,
૩—૦—૦ ,,
૨—૮—૦ ,,
૧—૮—૦ ,,
૨—૦—૦ ,,
૦—૧૧—૬ ,,
૨—૦—૦ ,,
૨—૦—૦ ,,
૨—૮—૦ ,,
૫—૦—૦ દરાપુરાના
૩—૦—૦ ,,
૧૨—૦—૦ કાલાવાડના
૦—૧૨—૦ મોરબીના
૦—૪—૦ ,,
૦—૪—૦ ,,
૧—૧૦—૦ મહુવાના
૩—૦—૦ રાજકોટના
૨—૮—૦ ,,
૨—૮—૦ ,,
૨—૦—૦ ,,
૧—૦—૦ અમદાવાદના
૩—૦—૦ રાજકોટના
૨—૦—૦ ,,
૬—૧—૬ ખેડાના
૫—૯—૬ ,,
૨—૪—૯ ,,
૭—૦—૦ ગોધાવીના
૬—૦—૦ ,,
૩—૦—૦ ,,
૮—૮—૦ વડાલીના
૪—૦—૦ ,,
૮—૦—૦ ભરૂચના ( જંબુસરના )
૧—૦—૦ કપડવંજના
૧૪—૦—૦ વડોદરાના
૧—૧૦—૦ મહુવાના
૨—૦—૦ ધોલકાના
૦—૧૧—૦ જામનગરના
૨—૦—૦ ઇડરના
૨—૦—૦ ,,
૩—૦—૦ રાજકોટના
૩—૦—૦ ,,
૨—૦—૦ ,,
૩—૦—૦ બોરસદના
૩—૦—૦ જુનાગઢના
૩—૦—૦ રાજકોટના
૨—૦—૦ ,,
૩—૦—૦ ,,

રૂ. ૧૬૦—૬—૩

રૂ. ૧૮૦—૦—૦ પાઠશાળાઓને મદદ આપેલી તેની વીગત.

૨૦—૦—૦ અમદાવાદ જૈન કન્યાશાળા
૭—૦—૦ આણંદ જૈન પાઠશાળા
૪—૦—૦ માતર ,,
૮—૦—૦ સાદડી ,,
૫—૦—૦ ત્રાપજ ,,
૪—૦—૦ પરાંતીઆ ,,
૪—૦—૦ ઝીંઝુવાડા ,,
૪—૦—૦ બરવાળા ,,
૩—૦—૦ તણશા ,,
૪—૦—૦ અળાઊ ,,
૬—૦—૦ ચુડા જૈન પાઠશાળા
૬—૦—૦ ચોટીલા ,,
૩—૦—૦ વીછીઆ ,,
૩—૦—૦ રામપુરા ,,
૩—૦—૦ વંડા ,,
૩—૦—૦ ગઢડા ,,
૬—૦—૦ મહુધા
૬—૦—૦ ધાંગધ્રા ,,
૮—૦—૦ ઈડર ,,
૩—૦—૦ પછેગામ ,,

| | | | |
|---|---|---|---|
| ૩—૦—૦ નીંગાળા | ,, | ૮—૦—૦ બોટાદ | ,, |
| ૪—૦—૦ અમરેલી | ,, | ૪—૦—૦ રંઘોળા | ,, |
| ૫—૦—૦ ભંડારીઆ | ,, | ૨૦—૦—૦ બોરસદ | ,, |
| ૪—૦—૦ છત્રાશા | ,, | ૬—૦—૦ વળા | ,, |
| ૩—૦—૦ ગારીઆધાર | ,, | ૪—૦—૦ દીહોર | ,, |
| ૪—૦—૦ મહુડી | ,, | ૩—૦—૦ સરધાર | ,, |
| | | ૨—૦—૦ લાલપુર | ,, |

રૂ. ૧૮૦)

રૂ. ૪૨—૦—૦ નીરાશ્રીતોને વેપાર કરવાને મદદ આપેલી તેની વીગત.

| | |
|---|---|
| ૫—૦—૦ રાધનપુરના | ૧૦—૦—૦ થરાદના |
| ૭—૦—૦ ,, | ૧૫—૦—૦ જેતપુર |
| ૫—૦—૦ ગુદીના | |

રૂ. ૪૨)

રૂ. ૩૮૨—૬—૩

# શ્રી ધાર્મિક સંસ્થાઓના હિસાબ તપાસણી ખાતું.

## શ્રી મુંબઈ–મધે પાયધુની ઉપર આવેલા શ્રી મહાવીર સ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટનો રીપોર્ટ.

સદર દેહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા બે ગૃહસ્થો શેઠગણેશદાસ શોભાગમલ તથા શેઠ ખુશાલભાઈ ઉત્તમચંદ છે. તેમાં દેહેરાસરજીને લગતો વહીવટ શેઠ ખુશાલભાઇ ઉત્તમચંદ ચલાવે છે. તેમની પાસેથી સંવત ૧૯૫૯–૬૦ તથા ૬૧ ની સાલનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં આ ખાતાનો વહીવટ બે ભાગમાં વેહેંચાઈ ગયેલો છે. એટલે દેહેરાસરજીને લગતો ઉપજ ખર્ચનો હિસાબ તથા મીલકત શેઠ ખુશાલભાઇ ઉત્તમચંદના તાબામાં છે. તથા દેહેરાસરજીની નીચેના અપાસરાને લગતો સુપનનું ઘી તથા ભાડા વીગેરેની ઉપજ ખરચનો હિસાબ શેઠ ગણેશદાસ શોભાગમલના તાબામાં છે. અને તેને લગતા ચોપડા પણ જુદા છે. તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે દેહેરાસરજીનો હિસાબ તપાસતાંને વહીવટ લગતું નામું ચોખી રીતે રાખીને ખાતા ઉપર તથા દેહેરાસરજીમાં વહીવટ કરતા ગૃહસ્થ પુરે પુરી દેખરેખ રાખે છે. તેમ છતાં તે ખાતામાં કેટલોએક સુધારો કરવા જેવા છે. તેને લગતું સુચના પત્ર શેઠ ખુશાલભાઇ ઉત્તમચંદને આપવામાં આવ્યું છે. તે ઉપર વહીવટ કર્ત્તા તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે. વહીવટ કર્ત્તા શેઠ ખુશાલભાઈ ઉત્તમચંદે પોતાના તાબામાંનો હિસાબ તાકીદે બતાવ્યો તેમાટે તથા પોતાના કીમતી વખતનો ભોગ આપી ખાતાની બરાબર સંભાલ રાખે છે તે માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. એજ વિનંતી.

## જીલ્લે ખેડા તાલુકે ખેડા તાબાનાં ગામોના રીપોર્ટ.

**ગામ ખેડા મધેની સુમતીરત્નસુરી જૈન લાઇબ્રેરીનો** સંવત ૧૯૬૦ ના અશાડ વદ ૫ થી સંવત ૧૯૬૨ ના શ્રાવણ સુદ ૧૧ સુધીનો હિસાબ તપાસ્યો છે. કારણ આ લાઈબ્રેરી તેજ દીવસથી સ્થાપન થએલી છે તથા ઉપરના દીવસે તેનાં બે વરસ પુરાં થાય છે. હિસાબ તપાસતાં તેના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ સોમચંદ પાનાચંદે પોતાના અમુલ્ય વખતનો ભોગ આપીને ( આ લાયબ્રેરીની અંદર કાંઈપણ મીલકત નહી હોવા છતાં તથા પ્રથમ કંઈ પણ ઉપજ નહીં હોવા છતાં ) આ લાયબ્રેરીને ઘણા સારા પાયા ઉપર લાવી મુકેલી જણાય છે. લાયબ્રેરીનું મકાન બજારના મધ્ય ભાગે આવેલ

હોવાથી તેનો જૈન સીવાય બીજા ઘણા ગૃહસ્થો લાભ લેછે. લાયબ્રેરીનાં પુસ્તકો તથા બીજા સ્ટોરનો યોગ્ય રીતે નોંધ રાખવામાં આવ્યો છે. તે જોતાં ઘણો સંતોશ ઉત્પન્ન થાય છે.

આ લાયબ્રેરીમાં શેઠ સોમચંદ પાનાચંદ પોતાના નિખાલસ મનથી જે પરિશ્રમ ઉઠાવે છે તેથી તેમને પુરો ધન્યવાદ ઘટે છે તથા આશા છે કે આથી પણ સારા પાયા ઉપર લાવી પોતાના જ્ઞાતિ બંધુનો વાંચન શોખ પુરો પાડશે.

**ગામ ખેડા શ્રી મહાવીર સ્વામીજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેહેરાસરજીના સંઘ તરફથી વહીવટ કરનાર શા. નાથાલાલ અમીચંદ તથા શાકરચંદ અમીચંદના હસ્તકનો સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદ ૧ સુધીનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં તે દેરાસરજીના પ્રથમ વહીવટ કર્ત્તા દેવગત થએલા છે. તેમના હસ્તકના પાછલા ચોપડાનો પતો લાગતો નથી તથા એ ત્રણ વરસનું નામું મલ્યું તે પણ વ્યવસ્થા સર નથી પરંતુ ત્યાર પછી હાલના વહીવટ કર્ત્તાના હસ્તકમાં જ્યારથી હિસાબ આવ્યો છે ત્યારથી તેઓ સાહેબ દેરાસરજીમાં સારી રીતે દેખરેખ રાખે છે તથા નામું પણ વ્યવસ્થા સર રાખવામાં આવે છે.

**ગામ ખેડા શેઠ લલુભાઇ અનોપસી તથા તથા શેઠ મનસુખભાઇજસરાજના તડ ખાતાનો રીપોર્ટ**—સદરહુ ખાતાનો હિસાબ તથા તેના પેટામાં શેઠ પરતાપસી નાગરસીના દેરાસરજીનો અને ખોડાં ઢોર ખાતાનો હિસાબ સં.૧૯૬૧ ના આશોવદ ૧૦ સુધીનો તપાસ્યો છે. તે જોતાં તેના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ મનસુખભાઈ જસરાજ તથા શેઠ મોહનલાલ કહાન દાસે તેનું નામું ચોખી રીતે રાખ્યું છે તથા નામાને અંગે પાવતી બુક રાખી છે. તે જોઈ ખુશી થવા જેવું છે. આ તડ ખાતામાં ખોડા ઢોર તથા કેસર સુખડ વીગેરે ખાતામાં રકમ જમે થઈ છે ને હજુ પણ તેમાં વધારો થતો જાય છે. પણ તે કોઈ જગ્યાએ વપરાતી જોવામાં આવતી નથી માટે તે રકમનો ઉપયોગ કરવો જોઈએ. અમોને વહીવટ કર્ત્તા ગૃહસ્થોએ પોતાના તાબાનો હિસાબ દેખડાવવા તથા બીજા ગૃહસ્થોના તાબાના હિસાબો દેખડાવવામાં મદદ કરવા માટે તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે.

**ગામ ખેડા શેઠવાડા મધેના આદેશ્વરજી ઉર્ફે રીખવદેવ મહારાજના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના શ્રીસંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ ભાઈલાલભાઈ અમૃતલાલના હસ્તકનો સંવત ૧૯૬૨ ના આસો સુદ ૧૫ સુધીનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં દેહેરાસરજીમાં શેઠ ભાઈલાલ ભાઈની પુરતી દેખરેખ રહે છે. તથા કોઈબી જાતની આશાતના ન થાય તે સંબંધી પુરતી કાળજી રાખે છે. નામાના સંબંધમાં પણ બીજાને સુચના આપતાં પોતેજ ગ્રહણ કરી દેરાસરજીમાં યોગ્ય સુધારો કરવા તથા તાકીદ હિસાબ દેખાડવા માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

**ગામ ખેડા લાંબીશેરી મધેના શ્રી મુનિ સુવ્રતસ્વામી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શા. રામજીદાસ કસ્તુરદાસના હસ્તકનો સંવત ૧૯૬૨ ના આસો સુદ ૨ સુધીનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં તેના વહીવટ કર્ત્તાએ પોતાના નીખાલસ મનથી જે હિસાબ સુધારા ઉપર રાખ્યો છે તે જોઈ ઘણો આનંદ ઉત્પન્ન થાય છે. તથા અમોને નામું બતાવવામાં જે રીતે અનુકુળ થઈ પડયા છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**ગામ ખેડા રબારીવાડા ઉર્ફે કાગદી પીઠ મધેના શ્રી શાંતિનાથજી મહારાજના દેહેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ હીરાચંદ પ્રેમચંદના હસ્તકનો સં. ૧૯૬૨ ના આસો સુદી ૫ સુધીનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં દેહેરાસરજીના વહીવટ કર્તા શેઠ હીરાચંદ ઉર્ફે નાથાલાલ પોતાની વૃદ્ધ ઉમર છતાં દેહેરાસરનો વહીવટ પોતાના નીખાલસ મનથી સાચવે છે. પરંતુ તે નામાની વ્યવસ્થા આગળથી બરાબર રહેતી નહીં હોવાથી હજુ પણ તેવીજ સ્થિતીમાં ચાલ્યું આવે છે. આ નામું ટુંક ( થોડું ) હોવાછતાં પણ તેના સરવઇયામાં મોટી ભુલ આવે છે. માટે આ દેરાસરજીના સમાગમમાં આવતા આગેવાન ગૃહસ્થોએ આ વહીવટમાં તથા દેરાસરજીમાં દેખરેખ રાખવા શેઠ હીરાચંદને મદદ આપવાની જરૂર છે. શેઠ હીરાચંદ પ્રેમચંદ પોતાના નીખાલસ મનથી આ બંને વહીવટ સાચવે છે તથા અમને હિસાબ બતાવવામાં અનુકુળ થઈ પડયા છે તેથી તેમને પુરો ધન્યવાદ ઘટે છે.

---

## પ્રાંત કડી તાલુકે કડીના ગામોના રીપોર્ટ.

**કડી મધે આવેલા શ્રી ચીંતામણ પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીનો સંવત ૧૯૫૯–૬૦ તથા ૬૧ ની સાલનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં તે ખાતાના સંઘ તરફથી

વહીવટકર્તા ગાંધી નાથાલાલ ત્રીભોવનદાસે અમોએ જેટલા વખતનો હિસાબ તપાસ્યો છે તેમાં પોતાનો કીમતી વખત રોકી સારીરીતે વહીવટ ચલાવેલો જોવામાં આવે છે. તેમજ તે ગૃહસ્થ આ ખાતામાં જેમ જેમ ખામીઓ દેખાતી જાય છે તેમ તેમ તેમાં સુધારો કરવા તત્પર રહેલા જોવામાં આવે છે. તેથી ભવિષ્યમાં આ ખાતું વધારે સુધારાપર આવશે તેમ દેખાય છે. તે આનંદ થવા જેવું છે. અમોએ જ્યારથી આ ખાતાનો હિસાબ તપાસવાનું શરૂ કરી તપાસણી પુરી કરી ત્યાં સુધી અમોને દરેક બાબતમાં તેમણે પોતાના નીખાલસ મનથી મદદ આપી છે તે માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

શ્રી **કડી ગામ મધેના શ્રી આદેશ્વર મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ કેવળદાસ મલુકચંદના હસ્તકનો સં. ૧૯૫૯–૬૦ ૬૧ ની સાલનો હિસાબ તપાસ્યો તે જોતાં વહીવટ કર્તાએ પુરે પુરી મેહેનત લઈ વહીવટ સારીરીતે ચલાવેલો જોવામાં આવે છે અને દીન પ્રતિદીન દેરાસરનો તથા વહીવટનો સુધારો કરતા જાય છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

શ્રી **કડીમધે આવેલી પોસહ શાલાનો રીપોર્ટ**—સદરહુ પોશાલના સંઘ તરફથી વહીવટ કર્તા શા. નાથાલાલ દલસુખભાઈ હથુનો હિસાબ અમોએ સં. ૧૯૫૯–૬૦–૬૧–૬૨ નો તપાસ્યો છે. જોતાં તે ખાતામાં આવક ઘણીજ ઓછીને ખર્ચ વધારે છે વહીવટ કર્તાએ પોતાનો હિસાબ પોતાની મેલેજ સં. ૧૯૬૨ ના આસો સુદી ૧૦ સુધીની સીલીક સાથે રજુ કરેલ છે. જેથી ઘણી ખુશી ઉપજે છે. આ ખાતામાં ગામના જૈનીઓમાં એક સંપી નહીં હોવાને લીધે ઉપજ બીલકુલ થતી નથી ને કાંઈ ઉપજ થાય છે તો જે ધણીપાસે આવે છે તે ધણીનેજ ત્યાં રહે છે. વહીવટ કર્તા પાસે આવતી નથી તેથી જ્યાંસુધી આ ખાતાની સીલીક છે ત્યાં સુધી તો વહીવટ કર્તા દેખરેખ રાખશે પણ સીલીક થઈ રહ્યા પછી તે તથા બીજાઓ દેખરેખ રાખે તેવો ભરૂસો રેહેતો નથી માટે આ ખાતું આદેશ્વરજી મહારાજજીના દેરાસરજીને લગતું હોવાથી તે ખાતા સાથે જોડાઈ જાય તો ભવિષ્યમાં તે સારાપાયા ઉપર આવી જવા સંભવ રહે છે. માટે આ ખાતાના વહીવટ કર્તાને આ ખાતું શ્રી આદેશ્વર મહારાજજીના દેરાસરજીના વહીવટ કર્તાને સોંપીદેવા સુચના કરેલી છે.

શ્રી **કડીમધે આવેલા શ્રી જીવાતખાના પાસેના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજી તપાસતાં ઘણુંજ જીર્ણ સ્થિતિમાં આવી પડવાથી પ્રતિમાજીનું ઉથાપન કરી શ્રી ચીંતામણજી મહારાજના દેરાસરજીમાં પધરાવેલાં છે. પણ જાત્રાએ જતા આવતા જૈન ગૃહસ્થને ઉતરવા આ એકજ સગવડવાળું મકાન છે. તેથી દર્શન કરવા માટે ધાતુની પ્રતીમાજી પધરાવેલા છે. તેની પુજા વહીવટ કર્તા શા. પરભુદાસ ત્રીભોવનદાસથી કાંઈ પણ આશાતના વીના થયા કરે છે. ભંડારની જે ઉપજ આવે છે તે જીર્ણ ઉદ્ધારમાં ખરચાય છે. આ ખાતામાં કોઈના તરફથી વારસીક કાંઈ મદદ નહીં છતાં વહીવટ કર્તા શેઠ પ્રભુદાસ ત્રીભોવનદાસ લોકો-પાશેથી મદદ માગી જીવાત ખાતું, કબુતરને ચણ, કુતરાને રોટલા, ને પક્ષીઓની માવજત ઘણીજ સારી રીતે સાચવે છે. તેથી તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે. આ ખાતું પાંજરાપોળને લગતું છે. તો પાંજરાપોળના વહીવટ કર્તા તપાસી લઈ જેમનું તેમ ચલાવશે તેવી આશા રહે છે.

શ્રી **કડીમધેના શ્રી સંભવનાથજી મહારાજના દેરાસરજીના વહીવટનો રીપોર્ટ**—સદરહુ દેરાસરના સંઘ તરફથી વહીવટ કર્તા સ્વર્ગવાસી મણીયાર કપુરચંદ વખતચંદ તથા તેમની પછીના વહીવટ કર્તા શેઠ જેઠાભાઈ મનસુખભાઈના હસ્તકના વહીવટનો સં. ૧૯૫૯–૬૦ ૬૧ નો હિસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં તે ખાતામાં કોઈપણ જાતની આવક નથી પણ શ્રી ભોયણીનું તીર્થ ગામથી નજીકનું હોવાથી થોડા ઘણા જાત્રાળુઓની આવજાવને લીધે થોડાક રૂપૈયા ભંડારમાંથી નીકલે છે. તેમાંથી દેરાસરજીને લગતો પુજનનો ખર્ચ કરવામાં આવે છે. તે જોઈને બહુ દીલગીરી થાય છે. વીશેશ દીલગીરી એટલા માટે થાય છે કે આ દેહેરાસરજીમાં વહીવટ કર્તા ગૃહસ્થ સિવાય ગામનો બીજો કોઈ પણ રહીશ મજકુર મંદીરમાં પુજા કરવા આવતો નથી તેથી વહીવટ કર્તા ગૃહસ્થ બહાર ગામ જાય છે ત્યારે તે ખાતાના ગોઠી ઉપર બીજા દેરાશરજીના પુજનને લગતો કામનો બોજો વધારે હોવાથી તથા આ દેરાસરજીમાં બીજો કોઈપણ માણસ પુજનને માટે નહીં આવતો હોવાથી પ્રતિમાજી અપુજ્ય રેહેતા હોય તેવું પુછ પરછ કરતાં સંભલાય છે. સદરહુ દેરાસરજી ઘણે ભાગે જીર્ણ થઈ ગયું છે. માટે તાકીદે તેનો જીર્ણોદ્ધાર થવો જોઇએ નહીંતર પડીજવા સંભવ છે. વહિવટ કર્તાના કહેવા ઉપરથી એવું દેખાય છે કે સદરહુ દેરાસરજી તેના વડવાઓએ બંધાવ્યું છે. તે આજસુધી તેઓએ સંભાલ્યું છે. પણ હવે તેમનાથી નહીં બનવાને લીધે સંઘને સોંપી દેવા ઈચ્છે છે પરંતુ સંઘ તેવાત ઉપર ધ્યાન આપતો નથી. તે વાત ખરી હોય તો દીલગીર થવા જેવું

છે. સદરહુ દેરાસરજીના વહીવટ કર્તા શેઠ જેઠાભાઈ મનસુખ ભાઈને આ ખાતાની સ્થીતી ખુલી સમજાવી દેવા માટે તથા આ ગામમાં પોતે દરેક ધાર્મીક ખાતાના અગ્રેસર હોવાથી ગામ મધ્યેના દરેક વહીવટ કર્તાને હિસાબ દેખાડવાનું સુચવી પોતે જાતે હાજર રહી હિસાબ દેખાડવામાં મદદ કરી છે. તે માટે પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

**શ્રી કડીમધ્યે શ્રી સંઘના વરઘોડા ખાતાનો રીપોર્ટ**—સદરહુ ખાતાના સંઘ તરફથી વહીવટ કર્તા મણીઆર બલાખીદાસ પ્રેમચંદ હસ્તુનો હિસાબ સં૦ ૧૯૬૨ ના આસો વદ ૧૦ સુધીનો તપાસ્યો છે. તે જોતાં ત્યાંના સંઘમાં એકસંપ નહીં હોવાથી તે ખાતામાં ઉપજ બીલકુલ થતી નથી. વહીવટ કર્તા એ પોતાના તાબાનોહિસાબ પોતાની મેળે તરત દેખાડી દીધો છે તેને માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે

**તાલુકે કડી તાબાના ગામ ગુમાસણમધ્યેના શ્રી પાર્શ્વનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી હાલના વહીવટ કર્તા શા. છોટાલાલ ચતુરના હસ્તકનો હિસાબ તપાસતાં તેમની પાસે કાંઈ હિસાબ પ્રથમના વહીવટ કર્તા નિર્વેરા ગુજરી જવાથી હિસાબનાં ચોપડા મળી શકયા નથી જેથી આ ખાતાનો હિસાબ જોવામાં આવેલો નથી, હાલમાં આ ગામમાં જૈન ગ્રહસ્થનાં ત્રણ ઘર હોઈ પુજનને લગતો સામાન તથા બતીનું ઘી વીગેરે ખર્ચ એકત્ર મળી પોતાના ઘરનું વાપરે છે. જેથી હિસાબ રાખવામાં આવતો નથી તેમ આસાતનાનું કાંઈ પણ કારણ બની આવતું નથી ને ભંડારની જુજ ઉપજ થાય છે તે દેરાસરજીના રીપેર કામ જેટલી જણાય છે.

**તાલુકે કડી ગામ ઇરાણામધ્યે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્તા શા. કેશવલાલ જેઠાભાઈ હસ્તકનો વહીવટ તપાસતાં આ ખાતાનું કામ શેઠ હરજીવનદાસ તપાસતો હતા પણ હાલ તે ગૃહસ્થ ગામ બુડાસણમાં રહે છે તથા હાલ માંદગીમાં હોવાથી તેમના તાબાનો હિસાબ જોવાનું બન્યું નથી પણ ત્યાર પછીના વહીવટ કર્તા શેઠ કેશવલાલ જેઠાભાઇ હસ્તક તપાસ કરતાં તે સાહેબે તે ખાતામાં કાંઇપણ ઉપજ આવેલ નથી તેથી કોઇ જાતનો હિસાબ રાખેલ નથી, ને પુજનને લગતો ખર્ચ પોતાની ગાંઠથી કરે છે. તે માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે. આ મંદીરમાં પ્રતીમાજી ધાતુના છે અને ત્યાં જૈનીઓની વસ્તી થોડી છે.

**તાલુકે કડી ગામ એંદ્રાડમધ્યે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજજી દેરાસરજીનો રીપોર્ટ** સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શા. લલુ ગુલાબચંદ તથા શા. કાળીદાસ રામચંદ તથા શા. કાળીદાસ વખતચંદના હસ્તકનો હિસાબ સં૦ ૧૯૬૨ ના આસો વદ ૧ સુધીનો તપાસ્યો છે. તે જોતા વહીવટ કર્તા ગૃહસ્થોએ પોતાના નીખાલસ દીલથી અસલની રૂઢી મુજબ નામું રાખી વહીવટ ચોખો રાખેલ છે. તે સાહેબને પુરે પુરો ધન્યવાદ ઘટે છે. આ ખાતામાં હાલ જે બંદોબસ્ત થએલો જોવામાં આવે છે તે ઘણું ખુશી થવા જેવું છે અને આશા છે કે દીન પ્રતી દીન તેમાં વધારો થતો જશે.

**તાલુકે કડી તાબાના ગામ રાજપુરમધ્યે આવેલા શ્રી નેમીનાથજી મહારાજજીના દેરાસરજીનો રીપોર્ટ**—સદરહુ દેરાસરજીના સંઘ તરફથી વહીવટ કર્તા શા. રવચંદ અમીચંદ તથા શા. હરજીવન મનસુખના હસ્તકનો સંવત ૧૯૬૨ ના આસો વદ ૧ સુધીનો હિસાબ તપાસ્યો છે. તે જોતાં વહીવટનું નામું અસલની રૂઢીમુજબ રાખી વહીવટ નીખાલસ દીલથી કરતા જોવામાં આવે છે તથા વહીવટ કર્તા પુરે પુરી દેખરેખ રાખે છે અને દીન પ્રતી દીન દેહેરાસરજીનો તથા વહીવટનો સુધારો કરતા જાય છે. તેથી તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

ઉપર જણાવેલ શ્રી ખેડા તથા કડીપ્રાંતના ધર્માદાખાતાઓના હિસાબો તપાશીને ખાતાઓમાં જે જે ખામીઓ દેખાણી તથા કેટલીક રૂઢીઓમાં ફેરફાર કરવાજેવું દેખાણું તેને લગતાં સુચનાપત્રો દરેક ખાતાના વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યા છે.

લા. શેવક

**ચુનીલાલ નાહાનચંદ.**

**ઓ. ઓ. જૈ. શ્વે. કૉનફરન્સ.**

## बृहत् टिप्पनिकामां नोंधायला साहित्यना ग्रंथो. उतारो आपनार मो. रवजी देवराज.

# व्याकरण.

### स्वसमयी.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| | वर्ग १ लो. | | | |
| | हेम व्याकरण. | | | |
| १ | व्याकरण सूत्र | हेमाचार्य | ११०० | |
| २ | उणादि | ,, | २०० | |
| ३ | लिंगानुशासन | ,, | ३०० | |
| ४ | बृहद्वृत्ति | ,, | १८००० | चतुष्क-आख्यात-तद्धित तथा कृदन्त. |
| ५ | बृहन्न्यास | ,, | ८४००० | पाद १।३।४।५।६।७।८।१२। तथा २७ नो. तेनी ग्रंथ संख्या टीपमां नथी आपी पण दंतकथाथी लखी छे. |
| ६ | लघु न्यास ( शब्द महार्णव नामे ) | रामचंद्रगणि | ५३००० | |
| ७ | लघु न्यास | धर्मघोषसूरि | ९००० | |
| ८ | परिभाष्यवृत्ति | —— | ४००० | |
| ९ | न्यासोद्धार | कनकप्रभ | —— | अठावीशमा पादनो लघुन्यास छे. |
| | | —— | | |
| १० | कक्षापट | | —— | बृहद्वृत्ति विषमद व्याख्या |
| ११ | बृहद्वृत्ति ढुंढिका | | —— | चतुष्क-आख्यात-कृद् उपर |
| | | —— | | |
| १२ | लघुवृत्ति | काकल कायस्थ | ६००० | |
| १३ | ,, ढुंढिका | —— | —— | दीपिका पण कहेवाय छे. |
| १४ | ,, अवचूरि | —— | २२१३ | चतुष्क वृत्तिनी उपर |
| १५ | प्राकृत पादवृत्ति | स्वोपज्ञ | २४८५ | |
| १६ | दीपिका | द्विहरिभद्र सूरि | १५०० | |
| १७ | प्राकृत रूपसिद्धि | मळधारि नरचंद्र. | १६०० | प्राकृत वृत्तिनी अवचूरि रूप प्राकृत प्रबोध वाच्य |
| | | —— | | |
| १८ | उणादि वृत्ति | स्वोपज्ञ | ३२५० | |
| १९ | लिंगानुशासनवृत्ति | स्वोपज्ञ | ३६८४ | |
| २० | धातुपारायण | हेमाचार्य | —— | |
| २१ | न्यायवृत्ति | ,, | १७५ | |
| | | —— | —— | |
| २२ | समासतद्धितसार प्रकरण | —— | —— | हेम संबंधी छे. |
| २३ | हैमविभ्रम सूत्र | पं. गुणचंद्र | २१ | |
| २४ | वृत्ति | ,, | ६०० | |
| २५ | कारकसमुच्चय | श्रीप्रभसूरि | —— | त्रण अधिकारवाळो प्राथमिक शीखाडुने शिखवा योग्य छे. |
| | वृत्ति | ,, | —— | बे अधिकार उपर करेल छे.सं.१६८० |

कुल १९११२८

| नं. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| | वर्ग २ जो. | | | |
| १ | मुष्टि व्याकरण | मळयगिरि | —— | |
| २ | शाकटायन व्याकरण | | | |
| ३ | गणरत्न महोदधि | पं. वर्धमान | —— | सं. ११९७ मां करेल शाकटायन व्याकरण संबंधी छे. |

## परसमयि.

| | | | | |
|---|---|---|---|---|
| | वर्ग १ लो. | | | |
| | कलाप व्याकरण. | | | |
| १ | कलाप व्याकरण | कळापऋषि | — | अेनुं बीजुं नाम कातंत्र छे. |
| २ | वृत्ति | दुर्गसिंह | — | |
| ३ | पंजिका | तिलोचनदास | पत्र३६ | वृत्तिना विषमपदनी व्याख्यारूप |
| ४ | कृद्वृत्ति टिप्पन | —— | ८००० | सूत्रवृत्ति सहित |
| ५ | लघुवृत्ति | —— | ३१०० | |
| ६ | धातुपारायण | त्रिलोचनदास | — | |
| ७ | विशेष व्याख्यान ( न्यास रूप ) | —— | ३२५ | धातुसूत्रसूची |
| ८ | उक्तिक | —— | — | त्रणवृत्तिनो उद्धाररूप |
| ९ | कौमारसार समुच्चय | —— | ३१०० | श्लोकरूप उवृत्तिना उद्धारनो संग्रह छे. |
| १० | उणादि वृत्ति | —— | — | पांचमां पादनी |
| ११ | प्रमेयरत्न भांडागार | —— | — | आख्यात तथा कृदनुं विशेष विवरण. |
| १२ | नामाख्यातवृत्ति | —— | ६२५ | लक्षण तथा केटलाक पदना संग्रह रूप |
| १३ | प्रयोग समुच्चय | —— | ५०० | |
| १४ | कातंत्रोत्तर | विद्यानंद सूरि | — | अेनुं बीजुं नाम विद्यानंद छे.ते समास लगी छे. |
| | परचुरण | | | |
| १ | षड्भाषा लक्षणपारायण | —— | ३४ | |
| २ | लिंगानुशासन | अमरकवि | ३४ | |
| ३ | ” | वामन कृत | ३४ | |
| ४ | स्यादि समुच्चय | अमर कवि | | |
| ५ | स्यादिसमुच्चय | ” | | |
| ६ | त्यादि प्रक्रिया | सर्वधर | — | |
| | वर्ग २ जो. | | | |
| १ | सारस्वत व्याकरण | अनुभूति स्वरूप | १२२० | |
| २ | टिप्पनक | —— | १२०० | |
| ३ | प्रक्रिया | —— | — | |
| | वर्ग ३ जो. | | | |
| १ | पाणिनि व्याकरण | पाणिनिऋषि | | अष्टाध्यायिरूप |
| २ | काशिका वृत्ति | | १८००० | |
| ३ | व्याकरण रत्नकोश | —— | — | पाणिनि सूत्रनी लघुवृत्ति रूप |
| ४ | रूपावतारक नामे संक्षिप्त व्याकरण | —— | — | पाणिनीयना संग्रह रूपे समास सूधी छे. |

कुल ३५१७२

# कोष.

## स्वसमयी.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | रिमार्क. |
|---|---|---|---|---|
| | हैमी | | | |
| १ | हैमी नाममाळा | हेमाचार्य | १८०० | |
| २ | वृत्ति | ,, | १०००० | |
| ३ | अनेकार्थ | ,, | १८२७ | शेषसाथे |
| ४ | वृत्ति | महेंद्रसूरि | १०६६० | अेक स्वरादि छकांडवाली |
| ५ | देशी नाममाळा | हेमाचार्य | — | अेनुं बीजुं नाम रत्नावळी छे. |
| ६ | वृत्ति | —— | ३५०० | आठ वर्गनो क्रम पाडल छे. |

कुळ २७७८७

## परसमयी.

| | | | | |
|---|---|---|---|---|
| १ | अमर कोश | अमर | — | |
| २ | ,, टिप्पनक | —— | | |
| ३ | त्रिकांड शेष | —— | | |
| ४ | शब्दप्रभेदानुयायि नाममाळा | महेश्वर कवि | — | |

# छंदः शास्त्र.

## स्वसमय.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|
| १ | छंदोनुशासन ( छंदश्चूडामणि ) | रत्नचंद्रगणि | — | — | कर्तानुं बिरुद प्रकरण स्थपति छे. |
| २ | वृत्ति | हेमाचार्य | ४१०० | — | प्रत्यंतरमां श्लोक २९९९ पण छे. |
| ३ | गाथारत्नकोश | —— | ७३ | — | गाथाना लक्षण आपेल छे. |
| ४ | नंदिताढय | —— | — | — | |
| ५ | वृत्ति | देवाचार्यशिष्य | — | — | |

## परसमय.

| | | | | |
|---|---|---|---|---|
| १ | छंदः प्रदीप | —— | ९०० | |
| २ | जयदेवछंद | —— | — | |
| ३ | टिप्पनक | श्रीचंद्रसूरि | — | |
| ४ | वृत्तरत्नाकर | केदार भट्ट | १५० | |
| ५ | वृत्ति | श्रीकंठ | ८२० | |
| ६ | हलायुध छंद | हलायुध | — | |
| ७ | वृत्ति | ,, | — | ११३३ |

# अलंकारशास्त्र.

## स्वसमय.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|
| १ | अलंकारमहोदधि | —— | — | — | |
| २ | वृत्ति | म. नरेंद्रप्रभ | ४५०० | १२८० | |
| ३ | कविशिक्षा | बप्पभट्टिशिष्य विनयचंद्र | — | — | |
| ४ | काव्यकल्पलता | —— | ५०० | — | |
| ५ | वृत्ति | पं. अमरकवि | ३३५७ | | |
| ६ | परिमळ | ,, | — | | |
| ७ | काव्यानुशासन ( अलं॰ चूडामणि ) | हेमाचार्य | — | | |
| ८ | वृत्ति | ,, | ४२०० | — | प्रत्यंतरमां २८०० छे ८ अ. छे. |
| ९ | वृत्तिविवेक | ,, | ४००० | — | |
| १० | काव्याम्नाय | अमरकवि | पत्र २० | | |
| ११ | वाग्भट्टालंकार | वाग्भट्ट | — | — | छ अध्याय छे. |

कुल १६५५०

## परसमय.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|
| १ | अलंकारसर्वस्वराजानक | श्रीरुचक | १६०० | — | |
| २ | काव्यप्रकाश | मम्मट | १४१ | | |
| ३ | वृत्ति | ,, | १७३० | | |
| ४ | जयंतीदीपिका | जयंत | ४७३० | | |
| ५ | संकेत | माणिक्यचंद्र | ३२४४ | १२१६ | जैन छे. |
| ६ | विवरण | —— | — | | |
| ७ | अवचूर्णि | | १२५० | | |
| ८ | काव्यप्रदीपिका | पल्हदेव | ८००० | | सूत्रवृत्ति गर्भ |
| ९ | चंद्रालोकालंकार | —— | | — | |
| १० | दंड्यलंकार | | | | |
| ११ | भोजालंकार | भोजराज | — | | |
| १२ | वृत्ति | आजड | — | — | पदप्रकाश नाम टीका छे. काव्य बंधादिवाच्य. |

# महाकाव्य.

## स्वसमयी.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत. | रिमार्क. |
|---|---|---|---|---|---|
| १ | अभिनंद काव्य | —— | — | — | सर्व ३६ रामचरित्र वाच्य |
| २ | द्याश्रय काव्य–संस्कृत | हेमाचार्य | ३०२८ | | का. ३८२८ सर्ग २० छे. |
| | वृत्ति | खर. अभयतिलक | १७५७४ | १३१२ | अठावीस पादनी छे. |

| नं. | नाम. | कर्ता. | श्लोक | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| ३ | द्व्याश्रय-प्राकृत | हेमाचार्य | ९५० | | |
| ४ | वृत्ति | खर. पूर्ण कलश | ४२३० | १३०७ | |
| ५ | धर्माभ्युदय काव्य | उदयप्रभ | ५२०० | | वस्तुपाळ चरित्रवाच्य का.५०४० |
| | धर्मशर्माभ्युदय | हरिचंद्र दिगंबर | — | — | सर्ग २१ काव्यादिबद्ध ओनुं बीजुं नाम धर्मनाथ काव्य छे. |
| ६ | नेमि चरित्र महाकाव्य | सूराचार्य | — | १०९० | गद्य पद्यमय बहु खंडन वाळुं भोजराज्यमां करेल |
| | टिप्पनक | —— | १४०० | | |
| ७ | नेमि दूत काव्य | विक्रम | | | |
| ८ | नेमि निर्वाण काव्य | वाग्भट्ट | १३६० | — | सर्ग १५ छे. |
| ९ | वस्तुपाळ काव्य | —— | १६०० | | |
| १० | शालेय महा काव्य | पं. धर्म कुमार | १२२४ | १३३४ | |
| | —— | | | | |
| १ | तिलक मंजरी कथा | पं. धनपाल | — | — | चंपूरूप—वर्णन सार |
| | टिप्पनक. | शांत्याचार्य | १२०० | | |
| | सारोद्धार | लघु धनपाल | १९०० | | |
| २ | बाळ भारत | अमर कवि | ६७७४ | — | परसमय वाच्य सर्ग ४३ |
| | —— | | | | |
| १ | यशोधर चरित्र काव्य | दिगंबर | — | — | |
| | | | ४३२४० | | |

## परसमयी.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | वर्ग १ लो. | | | | |
| १ | रघुवंश | कालिदास १-का. | १५७२ | — | सर्ग २० |
| २ | कुमार संभव | ,, | ६१५ | | सर्ग ८ |
| | वृत्ति | दिगंबर धर्मकीर्ति | | | |
| ३ | किरातार्जुनीय | भारवि | — | — | सर्ग १८ |
| | वृत्ति | प्रकाश वर्ष | — | — | |
| | वृत्ति | लोकानंद | — | — | |
| ४ | माघ काव्य | माघ पंडित | २७५० | — | सर्ग २० |
| | वृत्ति | वल्लभ देव | १२००० | | |
| ५ | नैषध काव्य | श्री हर्ष कवि. का. | ४००९ | | |
| | वृत्ति | चंदु | — | | |
| | वृत्ति | गदाधर | — | | |
| | वृत्ति | विद्याधर | — | | |
| ६ | मेघ दूत काव्य | कालिदास | — | | |
| | वृत्ति | —— | — | | |
| | वर्ग २ जो. | | | | |
| १ | गौडवध प्राकृत | गा. | ११६८ | | |
| २ | गाथासप्तशती | सातवाहन | — | | |
| | वृत्ति | भुवनपाल | ४५०० | | |
| | वृत्ति | आजड | — | | |
| | वृत्ति | जल्हण | — | | |

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| | वर्ग ३ जो. | | | | |
| १ | कुट्टिनीमत काव्य | दामोदर | १२९० | | |
| २ | नरनारायणानंद काव्य | | — | — | |
| ३ | विक्रमांकाभ्युदय | —— | | | |
| ४ | सोमपाळ विलास | जल्हण | १०१० | | |
| | वर्ग ४ थो. | | | | |
| १ | कादंबरी कथा | बाणकवि | — | — | पुलिंद्रकृत संधानवाली |
| २ | चंपू कथा | त्रिविक्रम भट्ट | २५०० | | अेनुं बीजुं नाम दमयंती कथा छे |
| | टिप्पनक. | चंडपाल | १९०० | | |
| ३ | वासवदत्ताकथा | सुबंधु कवि | — | | |
| | वृत्ति | नारायण कवि | — | | |
| ४ | सौभाग्य मंजरी कथा | पं. महेंद्र | ३१०० | | गद्यपद्यमय |

# ज्योतिः शास्त्र.

## स्वसमयी.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| १ | आयज्ञान तिलक | वोसिरि | गा. ७५० | | |
| | वृत्ति | ,, | — | | |
| २ | गणित तिलक | —— | | | |
| | वृत्ति | सिंहतिलक | | | |
| ३ | ज्ञानदर्पण | हेमप्रभसूरि | ११४१ | | त्रिलोक्यप्रकाशवाच्य छे. |
| ४ | प्रश्नप्रकाश | नरचंद्रसूरि | ३६० | | अेमां २० प्रकाश छे. |
| ५ | प्रश्नव्याकरण ज्योति | —— | — | | |
| | वृत्ति | —— | — | | |
| ६ | भद्रबाहवी संहिता | भद्रबाहु | — | | |
| ७ | भुवनदीपक | पद्मप्रभसूरि | १६७ | | |
| | वृत्ति | सिंहतिलक | १७०० | | |
| ८ | सारावळी ज्योतिष्य | —— | २७०० | | |
| ९ | हर्षप्रकाश | हर्षदेवगणि | — | | |
| | | | ६८१८ | | |

## परसमय.

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| १ | आयसद्भाव | —— | १९५ | १६०० | |
| २ | आशाधर पद्धतियंत्र | —— | — | — | |
| ३ | क्रूरपर्वत | —— | — | — | |
| ४ | चंद्रार्क ग्रहसार | | | | |
| ५ | चंद्रोन्मीलन चूडामणिसार | —— | — | — | |
| ६ | चूडामणि | —— | २३०० | | |
| ७ | चूडामणिसार | लक्ष्मणभट्ट | ६०२ | | अेमां ४२ प्रकरण पाड्या छे |

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| ८ | ज्योतिषसार | | | | |
| | वृत्ति | ठ. फेरु | — | १३७२ | |
| ९ | ज्ञानमंजरी | —— | | | |
| १० | त्रिशती | श्रीधर | | | |
| | वृत्ति | ठ. फेरु | — | १३७२ | |
| ११ | नरपतिजय चर्चा | —— | | | अेक्याशीथी मांडीने ८४ चक्रवाली |
| | ,, गतग्रहानयन पूर्वांक | —— | | | |
| १२ | पंचांगतिथि विवरण | —— | ११० | | अेनुं बीजुं नाम करणशेखर वृत्ति छे |
| १३ | प्रश्नज्ञान सतति | उत्पलभट्ट | १८० | | |
| १४ | रत्नकोश | —— | — | | |
| १५ | रत्नमाळा | —— | — | | |
| १६ | लघुजातक | —— | — | | अेमां ५ अध्याय छे. |
| १७ | बृहत्जातक | —— | — | — | अेमां २५ अध्याय छे |
| १८ | वाराही संहिता | वराहमिहिर | ४०० | | |
| | वृत्ति | —— | ४००० | | |
| १९ | विद्वज्जन वल्लभ | भोजराजा | — | | अेमां प्रश्न ज्ञानमाटे १९ अ. छे |
| २० | श्रीधरीय जातकपद्धतिटीका | —— | | | |
| २१ | षट्पंचाशिकावृत्ति | | ५५० | | अेमां ७ अध्याय छे |
| २२ | षष्टिसंवत्सर | —— | | | |

## कळाशास्त्र.

### परसमय.

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | धनुर्वेद | —— | — | — | |
| २ | वास्तुसार | —— | — | | |
| | वृत्ति | ठ. फेरु | — | १३१२ | |
| ३ | द्रव्यपरीक्षा | —— | — | | |
| | वृत्ति | ,, | — | | |
| ४ | रत्नपरीक्षा | —— | — | | |
| | वृत्ति | ,, | — | | |
| ५ | सामुद्रिक | —— | ६७ | | |

## नाटक.

### स्वसमयी.

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | प्रबुद्ध रौहिणेय नाटक | रामचंद्र | १००० | | |
| २ | मानमुद्रा भंजन नाटक | देवचंद्रगणि | १८०० | — | सनत्कुमार विलासवतीना संबंध प्रतिबद्ध |
| ३ | मुद्रित कुमुदचंद नाटक | यशश्चंद्र | ५३५ | | |
| ४ | मोहपराजय नाटक | यशःपाल | १२२० | — | कुमारपाळ नृप |
| | | | ४६५५ | | |

| नं. | नाम. | कर्ता. | श्लोक. | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| ३ | वनमाला नाटिका | पं. अमरचंद | | | |
| ५ | नलविलास | पं. रामचंद्र | — | — | |
| ८ | रघुविलास | पं. रामचंद्र | | | |
| ९ | राघवाभ्युदय | पं. रामचंद्र | — | — | अंक १० |

परसमय.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **वर्ग १ लो.** | | | | |
| १ | दश रूपालोक | | | | |
| २ | भरत शास्त्र | | | | |
| | **वर्ग २ जो.** | | | | |
| १ | अनर्घ्य राघव | मुरारि | — | | अनुं बीजुं नाम मुरारि नाटक छे. |
| | टिप्पनक | देवप्रभसूरि | ७५०० | | |
| | टिप्पनक | मल–नरचंद्र | २३० | | |
| २ | चंद्रलेखाविजय | ——— | | | |
| ३ | चाणक्य नाटक | ——— | | | |
| ४ | दूतांग नाटक | | | | |
| ६ | प्रबोध चंद्रोदय | ——— | १०१० | | |
| ७ | मुद्राराक्षस | विशाख देव | — | — | चंद्र गुप्त चाणाक्य संबंद्ध |
| १० | विक्रमोर्वशीय | कालिदास | ७७० | | |
| ११ | शृंगारतिलक | ——— | — | — | |
| | **वर्ग ३ जो.** | | | | |
| १ | कर्पूरमंजरी नाटिका | | | | |
| २ | रत्नावली नाटिका | हर्षदेव | ७३३ | | |

## शकुनशास्त्र.

स्वसमयी.

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | कालज्ञान | ——— | — | — | देवतादि ११ द्वार वाळुं |
| २ | नाडी संचार ज्ञान | ——— | — | — | |
| ३ | पिपीलिका ज्ञान | ——— | — | — | |
| ४ | पुस्तकेंद्र ग्रंथ | ——— | १५ | — | अनुं बीजुं नाम स्वज्ञान छे |
| ५ | पासा केवली | ——— | २१६ | — | |
| ६ | मातृका केवली | ——— | ५० | — | |
| ७ | शकुन शास्त्र | | १४पत्र | | प्राकृतमां वार्त्तामय |
| ८ | शकुन सारोद्धार | माणिक्य सूरि | ५०८ | १३३८ | |

## तंत्रशास्त्र.

### परसमय.

| नं | नाम. | कर्ता. | श्लोक. | संवत | रिमार्क. |
|---|---|---|---|---|---|
| | | | | —— | |
| १ | अर्थ कांड | दुर्ग देव | १४७ | —— | अध्याय १० |
| २ | खेलवाडि | माहुया | गा. १२९७ | —— | |
| ३ | नाथ पुस्तिका | —— | — | —— | योगिओना आम्नायनी छे. |
| ४ | सिद्धाज्ञा पद्धति | —— | — | —— | |
| ५ | हरिमेखला | —— | — | | एमां लोकोने आश्चर्य कारक- |
| ६ | कामरूप पंचाशिका | वसंतराज | ८९ | | अंजनसिद्धि वगेरे योग आपेला छे. |
| | वृत्ति | लावण्यशर्मा | ३५० | | एमां विचित्र वाच्य छे. |

## मंत्रशास्त्र.

### स्वसमयी.

| | | | |
|---|---|---|---|
| १ | मंत्रमहोदधि प्राकृत | दिगं-दुर्ग देव गा. | ३६ |
| २ | भैरवपद्मावती कल्प | मल्लिषेण सूरि | ४०० |

### परसमयी.

| | | | |
|---|---|---|---|
| १ | रुद्राक्ष कल्प | —— | ७५ |
| २ | श्वेतार्क कल्प | —— | — |

## अध्यात्मशास्त्र.

### परसमयी.

| | | | |
|---|---|---|---|
| १ | पातंजय योग | पतंजलि | — |
| | वृत्ति | भोजराज | — |
| २ | योग कल्प द्रुम | विरूपाक्ष | |
| ३ | अमृत सिद्धी | ,, | |
| ४ | गीता | —— | ७१६ |

---

## અમદાવાદ તથા વડોદરા જીલ્લાના જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક શ્રાવકોની વસ્તીવાલાં ગામોની ડિરેકટરી થઇને આવી છે તેનું તાલુકાવાર લીસ્ટ.

| | | | |
|---|---|---|---|
| **વીરમગામ તાલુકો.** | દસલાણા | ગેલડા | ઉખલોડ |
| | દેત્રોજ | નાયકપુર | સીતાપુર |
| **વીરમગામ** | ડુકવાવ | ભડાણા | સીહોર |
| **વીઠલપુર** | ગુંજાળા | જાળીસણા | ઝાંઝરવા |

કરસનપુરા
હેબતપુર
શીવપુરા
ઉઢાણુ
એદલા
ઉવરોજ
છનીઆર
અધાર
મદીસણા
હાંસલપુર
રીબડી
દેકાવાડા
કુંવરખાણુ
પનાર
માંકળ
દાંતીસણા
સીણુજ
રામપુરા
જીવાપુર
વનપઇડી
કુણુપર
વીંછણુ
ડાંગરવા
ભોયણી
બામરોલી
અબ્બાસણુ
હડીપુરા

## ધોળકા તાલુકો.

ધોલકા
સાવજડા
સમાણી
કોંડનગર
વેજલકા
જુવારજ
ચલોડા
નાનોદરા
કાવીઠા
વાસણાકેલીયા
ગુંદી
બાવળા
ગાંગડ
મોટીખોરૂ
ભાલોદ
બદરખા
જલાલપુર
દેવધાલેરા
કોચરીઆ
શીયાલ
સરગવા
છબાસર
સીમજ
ઝણુંદ
સાંગોઈ
ધારપીપળા
લખમીપુરા
બાવલીઆલી
મેર
વટામણુ
ઉતેલીઆ
બલદાણા
વીરપુર
પીસાવાડા

## પ્રાંતીજ તાલુકો.

પ્રાંતીજ
વાધપુર
આંત્રોલી
હરસોલ
ઘડી
સાંપડ
મેરાવા
તારાપુર
મોડાસા
મોએદ
ધડકદ
ઓભા

## તાલુકો સાણુંદ.

ભાત
કાસીંદરા
ગોધાવી
સરખેજ
મોરઇઆ
છારોડી
ગોરજ

## તાલુકો દસક્રોઈ.

કોબા
ગોતા
વહેલાલ
જેતલપુર
અસલાલી
પર્ગુંજ
ખુડથલ
ઓગણુજ
રાયપુર
પરઢોળ
સરસપુર
ખોડીયાર
ધામતવાણુ
લખકામણુ
મહીજડા
ચાંદખેડા
જમીએતપુરા
નાંદેજ
મેદરા
ઝુંડાળ
એણાસણુ
ગીરમથા ( જરમથા )
હીરાપુર
લીબડીયા
રાઅસણુ
એંદરોડ
ઉવારસદ
પાલડી
વલાદ
અડાળજ
નરોડા
સરોડા
કોલટ
તારાપુર
તલોદ
સીતવાદા
બડોદરા
પીલુદરા
સીલાવ
ઉંછા
હાથરોલા
મનોરપર
મોટીરાંતેઇ
ટેબા
બારેજા
મટોડા
છબાસર
સરગાસણુ
નદીસણા
મનોરપર
પોર
કાચરોલ
બીડજ
સાણોદર
દાલોદ
સોલા
મુળધરઈ
ઉંચડી

## તાલુકો વડોદરા.

પાતળવેણી
છાણી
સરાર
અણખી
રાધુપુરા
ઇટોલા
વડસાલા
કરાલી
પીંગળવાડા
રમણુગામડી
રામનાથ
કંડકોઈ
પોર
મારેઠા
સલાડ
દંતેશ્વર
સમીયાલા
ગોરવા
રૂવાડ
વડસાલા
વડોદરા
વસો
મકરપુરા
તરસાલી

## તાલુકો ડભોઈ.

જેતલાવડી
ઢોલાર
નંડા
વસાઇ
રાજલી
નારીઆ
કરનેટ
કરમાલ
કનારડા
કારવણુ
સીતપોર
લીંગથલી
અંતોલી

છત્રાળ
ડભોઇ
ચમેલી
વડજ
વ્યારા

**તાલુકો પાદરા.**

મોભા
દરાપુરા
ધીંડાવા
સાંધી
ધાયજ
પીંપળી
માસર
સાણુપુર
અભોજ
ચાણસદ
આંતી
એકલબારા
ગવાસદ
વડુ
ડભાસા
લતીપુરા
વણછરા
ઉમરાયા
સોખડાખુર્દ
સોનાળી
સરસવણી
રાજુપુરા
દાજીપુરા
તીથોર
સાંપલા
ડબકા
સાદરા
ડીકરીઆ
ડીકરીઆ ( મલનું )
વિશ્રામપુરા
ગયાપુર
કોઠા
કણજત
પાદરા
રણુ
મુજપુર
કુરાલ

**તાલુકો સંખેડા.**

કોસીંદ્રા
કાળીતલાવડી
વાડીયા
વાસણા
ભાટપોર
નીલકવાડા
ભુજેડા
અમરોલી

**તાલુકો પેટલાદ.**

પેટલાદ
ગંભારા
કાવીઠા
ડભોઉ
ડેમોલ
મહેલાવ
પેટલાદ
માંગરોલ
વિસ્નોલી
સંજાયા
દેવા
આમણગામ
વસોપુરા
સોજીત્રા
મલાતજ
પેટલી
રાણોલ
પાલડા
કાસર
નાર
વટાદરા
પાળોલ
ધરાજ
ચાંગા
ભડકદ
દેવાતાંટા
ચમારા

**તાલુકો વાઘોડીયા.**

કુમેટા
ભણીયારા
રસુલાબાદ
મહિધર

**તાલુકો સીસવા.**

સીસવા
કોસીંદરા
ભાદરણ
ઝારોડા
જણસણ
વાડવેલ
ઝીનખલોડ
કણઝટ
કેણાય

**તાલુકો સીનોર.**

સીનોર
અરકાલ
માલપોર
અણંદી
અવાખળ
ઉતરાજ
માંડવા
ગરાડી
તરવા
માલસર
ટોકરવા
સુરા સામલ
સીમલી
મોટાકરાલા
કુંકસ
વાણીયાદ
અમીસરા
વરખલ
કન્યારી
કણજેઠા
તેરસા
મુનીયાદ
બીથરી
અંબાલી
રિફલીઆ
સાંઢલી
મીંઢોલ

**તાલુકો ચોરંદા.**

મીઆગામ
માનપોર
સણીયાર
વીરજય
ભરથાણા
વલણ
અણસ્તુ
પાછીયાપુરા
કરજણ
બામણગામ
લીલોડ
કોરલ
સોમરા
ગણપતપરા
પરા
ચોરંદા
ખોડકા
આયર
રણાપુર
છંછવા
અરસુંડા
અભરા
સાંસરોદ
વેમારડી
સોમરા
હળદરવા
હોજ
ધાવટ
સીમરી
દેથાણ
જીથરડી
હાંડોદ
બચાર
મથી
ખાંધા
પીગળવાડા
કુરાઇ
ગંધારા
વેલાર
સગડોળ
ઉમજ
પાછીઆપુરા
કારેલ
સુરવાડા

ઉપર છાપેલાં અમદાવાદ અને વડોદરા જીલ્લાનાં ગામોશિવાય કોઇ આપણી વસ્તીવાલાં ગામો બાકીમાં રહી જતાં જણાય તેના નામ આગેવાનોને પોસ્ટસહીત લાગતા વલગતાઓએ લખી મોકલવા વિનંતી કરવામાં આવે છે.

## मारवाडमें मंदिरोंकी स्थिति.

### इन्स्पेक्टर हिरालालजीका बाडमेर इलांके मारवाडमें डाइरेक्टरी वास्ते दौरा हुवा सो वहांका संक्षिप्त हाल इस तरह पर है.

इस बाडमेर इलाकेमें बिलकुल रस्ता खराब और बेमालुम कमर छाती तक भुरट खडे हैं बिकट पहाडी उजाड रास्ते. और भाखरोंकी खोहमें गांव बस्ते हैं लोग धर्मसे बिलकुल अनजान है. नाम मात्रका चिन्ह धराते हैं राक्षसी वृत्ती है. स्वरूपसे कोई ओसवाल नहीं कह सकता, बाडमेरसे १३ कोसपर केराडू गांवमें जैन मंदिर हैं जिसमें ५ तो शिखर अभी बने मोजूद है. कोरणी आबूजीके मानिन्द है सब बेरान पडे है. लाखों रुपयोंकी लागतके है संवत १२१८ का प्रतिष्ठा हुवा लेख वहां देखनेमें आया है केराडूसे करीब ७ कोसके फासलेपर जूना गांव है वहांके विकट पहाडोंमें मंदिर है सूने २ शिखर मोजूद और गिरे हुये है, संबत १३५६ के कार्तिकमें श्री जैन चंद्रसुरी गुरुका प्रतिष्ठा किया हुवा नागपाल श्रावक नरसिंहा नृपाके समयका यहांपर इन दोनों स्थानोंमें नाना भांतिकी रिद्धिका होना पाया जाता है. बाडमेर खासमें एक जतीजी इन्द्रचन्द्रजी है जो क्रिया पात्र पाये जाते है उन्के उपासरेमें जिन बिम्ब विराजमान हैं. निहायत कांतिमय शोभा अकथनीय है. जिन्की सेवा भक्ति अच्छी करते है. और जूने केराडूमें जैनोंका यहां बडा गोर्व है. यहांपर जीर्णोद्धार कराया जावे. परन्तु ताकत हासिल करके ऐसे २ स्थानोंको तपासे. यह स्थान तमाम मारवाडके देवालयोंको सुधारनेमें काफी होंगे. परन्तु कोशिशसे यानी राजका हुकम ब इख्तियार लेकर यह काम किया जावे.

---

### श्री:

जैन धर्मकी उन्नति व विद्या व ज्ञानकी तरक़ी की खयालसे हमारे जैनी भाइयोंने सलाह करके एक श्री श्वेतांबर लायब्रेरी ता. ११ अक्टूबर सन १९०६ ई० से मु. कस्बे संजीतमें कायम की है, लिहाज़ा अपने जैनी भाइयोंसे कोई जैनी अखबार निकलताहो उनकी सेवामें निवेदन है कि कृपा करके अपने पत्र इस लायब्रेरीमें जो विना मूल्य भेजेंगे, उन साहेबोंका शुक्रिया अदा किया जावेगा, और जो साहब विना मूल्य नहीं भेजना चाहते वह साहब एक एक कापी नमूनेके तौरपर रवाना फरमायें पसंद होगा तो मंगवा लिया जावेगा. फ़क़्.

आपका शुभचिंतक,

**चिंतामणदास सेक्रेटरी**

**श्री श्वेतांबर जैन लायब्रेरी संजीत, जि. जावरा, मु. मालवा.**

---

# વિદ્વાન્ જૈનો તથા અન્ય સત્ય શોધકો

## માટે ઉત્તમ તક.

## જ્ઞાન પામવા-આપવાનો અપૂર્વ લાભ.

નિર્જરાનું પરમ સાધન.

# ઇનામી નિબંધ.

ઈનામ રૂ૦ ૪૦૦ ચારસો.

વિષય— **સદ્ દેવ તત્ત્વ.**

**અને**

## ઇશ્વર જગત્કર્તા નથી.

**સૂચના**

૧—નિબંધ બુદ્ધિ પ્રકાશનાં દોઢસો પૃષ્ઠ જેટલો હોવો જોઇએ. શુદ્ધ ગુજરાતી ભાષામાં કાગળની એક બાજુએ વંચાય એવા દસ્કતથી લખવો.

૨—તા૦ ૩૧ મી ડીસેમ્બર ૧૯૦૭ સુધીમાં મુંબઈ—માંડવીના શિરનામે મહેતા મનસુખલાલ વિ. કીરતચંદ ઉપર મોકલી આપવો.

૩—નિબંધ લખનારે નિબંધ ઉપર પોતાની કોઈ કહેવત (Motto)લખવી. ના અટક ન લખવાં. નામ-અટક કહેવત અને ઠામઠેકાણા સાથે જુદા કાગળ ઉપર જણાવ

૪—નિબંધ પોતાની ભાષામાં લખાયલો અને પોતાની મહેનતનું પરિણામ હો જોઇએ. એકલા ઉતારા કામ નહિં આવે. બીજા ગ્રંથોની સહાય ભલે લેવામાં આવે, પ તે ઉપરથી સ્વતંત્ર પર્યાલોચના કરી સ્વતંત્ર લેખ લખાવો જોઈએ.

૫—આ નિબંધ માટે હરિફાઈ કરનારાઓએ યોગ્ય ગ્રંથોની યથેચ્છ સહાય લેવી. ઘણા ગ્રંથો પૈકી નીચેના ખાસ સૂચવી શકાશેઃ—

* ૧. ષડ્દર્શન સમુચ્ચય.
* ૨. સ્યાદ્વાદ મંજરી.
* ૩. શ્રીમદ રાજચંદ્ર પ્રણીત "આત્મસિદ્ધિ".
× ૪. જૈન તત્ત્વાદર્શ ૧—૨—૪પરિચ્છેદ.
‡ ૫. શ્રી રત્નાકર અવતારિકા.
‡ ૬. "આત્મમીમાંસા" અને "દેવાગમ સ્તોત્ર."
× ૭. મોક્ષ માર્ગ પ્રકાશ.
* ૮. શ્રીદેવચંદ્રજી તથા આનંદઘનજીની ચોવિશિઓ ઇત્યાદિ.

૬—વિશેષ ખુલાસા, માહિતી માટે સૂચના બીજીમાં જણાવેલ ઠેકાણે પુછવું.

૭—ઉપર જણાવેલ ગ્રંથો પૈકીમાંથી ઉતારો ન કરવો. ઉતારા કરવામાં આવે, તો તે અસ્થાને કે અસંબદ્ધ ન હોવા જોઇએ. ઉતારાને "     " ચિન્હથી અંકિત કરવા.

૮—નિબંધના વિષયસંબંધી નીચેની બાબતોપર ખાસ ધ્યાન આપવુંઃ—

(અ) સદ્દેવ કેવા હોવા ઘટે ?
(બ) જગત્કર્તા ઇશ્વર નથી.

( ક ) જગત્ અનાદિ છે.

( ડ )છતાં સદ્દેવને વિષે, ઔપચારિક કર્તૃત્વ શા માટે અનેકેટલે અંશે આરો-પવું આવશ્યક છે ?

( ઈ) ઔપચારિક કર્તૃત્વ ન આરોપિયે, તો કંઇ હાનિ સંભવે છે ? સંભવે, તો શી ?

સદ્દેવની પ્રતિમા ભક્તિની આવશ્યકતા.

આ વગેરે બાબતો તરફ ધ્યાન ખેંચવું યોગ્ય ગણ્યું છે.

૯—નિબંધો વિદ્વાન પુરૂષોની એક કમીટી તપાસશે.

૧૦—પાસ થયેલા નિબંધોમાંથી સૌથી ઉત્તમ નિબંધવાળાને ઈનામ મળશે.

૧૧—યોગ્ય લાગશે, તો તે નિબંધ કમીટીના અભિપ્રાય મુજબ જરૂર જોગા સુધારા-વધારા સાથે પ્રગટ કરવામાં આવશે.

૧૨—કેળવાયલા જૈનો, ગ્રેજ્યુએટો અને અન્ય સત્યશોધક વિદ્વાનો માટે પણ આ ઉત્તમ તક છે. આમાં ઈનામ અને જ્ઞાન એ બંને લાભ સમાયલા છે. પોતાનો નિબંધ કદાચ પહેલો ન આવે, તેથી ઈનામનો લાભ ન મળે; પણ નિબંધ લખવાસાટે જે જ્ઞાન વાંચવું-વિચારવું પડશે, તે કાંઈ ઓછો લાભ નથી. આમ વિચારી જાણકાર ભાઈઓએ જ્ઞાન વાંચવા-વિચારવા અને નિબંધ માટેની હરીફાઈના મેદાનમાં કમર કસી ઉતરવું ઘટે છે.

તા૦ ૧-૯-૧૯૦૬-શનિવાર
મુંબઈ. } લી. શા. અમરચંદ તલકચંદ.

* ગુજરાતી છપાઇ ગયા છે. × હિંદી છપાયા છે. ‡ સંસ્કૃત છપાયા છે.

8 Not real વાસ્તવક નહિં; પણ આરોપેલું.

---

## श्री जैन श्वेतांबर कोन्फरन्स हरैल्डके

## माननीय सम्पादक महाशय समीपेषु—

निवेदन यह है कि:—

'श्री वसुदेव हिण्डी एक प्राकृत भाषाका प्राचीन ग्रंथ है। इसमें बहोत लालित्यपद-विन्यास और अपूर्व कथाओंका समावेश है। इसका संस्कृत अनुवादसहित प्रकाश होनेसे बहोत उपकार तथा ज्ञानका वृद्धि होवैगा, कारण यह ग्रंथ कठिन और उपदेश पूर्ण है। इसलिये इसकों अनुवादसहित शुद्ध करके मुद्रित करानेकी इच्छा है। यह बृहत् ग्रंथ है। हमने इसका प्रथम और द्वितीय खंड देखा है, परंतु सुननेमें आता है कि इसके समग्र ग्रंथकी ७२००० श्लोक संख्या है। इस लिये आपके यह सर्वजन प्रसिद्ध पत्रद्वारा सर्व साधु श्रावकोंको निवेदन करते हैं कि अगर किसी महानुभवके पास इसका सम्पूर्ण या कोइ. एक, या दो, या तीन, या ज्यादे खंड होवे तो कृपा पूर्वक हमको नीचेके पत्तेपर शीघ्र सूचना देवें, हम इनका उपयुक्त मूल्य वा कागज वा लिखवाईका जो खर्च पडे सो बहोत हर्षसे भेजनेकुं तैयार हैं और उनका बहोत उपकार मानेंगे। इति.

निवेदक श्री पूरणचंदनाहार ( बि. एल. )

मु अजिमगंज ( बंगाला ).

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हैरैल्ड.

पुस्तक २, नवेम्बर.
नम्बर ११, सन १९०६.

प्रगट कर्ता
श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयनुक्रमाणिका.


| विषय. | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| જૈનોના જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ. ... | ૩૨૧ | અમદાવાદ ઓફીસનો આસોમાસનો હીસાબ. ... ... | ૩૪૧ |
| આપણી રાજ્યદ્વારી સ્થિતિ ... | ૩૨૫ | કોનફરન્સના ઠરાવાનો થતો અમલ. ... ... ... | ૩૪૩ |
| તીર્થયાત્રા. ... ... ... | ૩૧૭ | વડોદરા જૈન બાળાશ્રમ. ... | ૩૪૬ |
| મનુષ્યદેહ શાને માટે છે? ... | ૩૩૦ | મુંબાઈમાં વસતા ગરીબ જૈનોની થતી હાડમારી. ... ... | ૩૪૭ |
| મી૦ લાભશંકર લક્ષ્મીદાસનો સ્તુત્ય પ્રયાસ. ... ... | ૩૩૩ | માલવા દેશમાં જીર્ણોદ્ધારની અગત્ય. ... ... ... | ૩૪૮ |
| લોર્ડ કીચનેરને મી૦ લાભશંકરની અરજ. ... ... | ૩૩૩ | મળેલા પત્રો. ... ... ... | ૩૪૯ |
| કોનફરન્સ આફીસમાં ચાલતું કામકાજ. ... ... ... | ૩૩૪ | જૈન સમાચાર તથા વર્તમાન ચર્ચા. ... ... ... | ૩૫૦ |
| શ્રી ધાર્મિક સંસ્થાઓના હીસાબ તપાસણી ખાતું. ... | ૩૩૭ | અવલોકન અને પહોંચ. ... | ૨૫૩ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १.

'इंदुप्रकाश' स्टीम प्रेस—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फीलसुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छेः—

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरेनो हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने कराववामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास कराववामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ शीवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमाना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

चंपा गली मुम्बई. आसीस्टंट सेक्रेटरी.

ता. २५–५–१९०६. श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

## जैन श्वेतांबर कोन्फरन्स.

### जाहेरखबर.

कोन्फरन्स तरफथी जीर्णोद्धारनुं काम चाले छे, अने तेमना हाथमां जीर्णोद्धारमां खर्चवाने केटलीक रकम बाकी छे, आ रुपीया तुर्तमां खर्चवाना छे, तो दरेक गामना श्री संघने तथा देरासरना वहीवट करनारने विनंति करवानी के पोताना गाममां कोई देरासर जीर्ण होय अथवा आशातना थती होयतो तुर्तोतुर्त नीचे प्रमाणे चोकस हकीकत अमने लखी मोकलशो.

१. देरुं बंधायानी साल ( मळेतो ).

२. जीर्णोद्धार थयो छे के केम अने थयो होयतो क्यारे.

३. देरामां करवाना कामनी वीगत.

४. देरुं सारी रीते मजबूत स्थितीमां मुकवाने सारु थनार अंदाज खर्च लखतां खास ध्यान राखवुं के जरुरी खर्च शिवाय वधारे रकम बताववी नहीं.

५. गाम तरफथी केटली मदद मळशे ते.

---

जीर्ण मन्दिरोद्धार करवा माटे गामोगाम फरीने जीर्ण देरासरोनी तपासणी करी गामवाळाने उपदेश आपी ओनररी रीते अथवा नामनो पगार लेईने काम करवा सारु जैन गृहस्थनी जरुर छे, तेमने भाडुं वीगेरे परचुरण तमाम खर्च ओफीस तरफथी आपवामां आवशे. आप्रमाणे काम करवानी जेमनी इच्छा होय, तेमणे नीचे सही करनारने रुबरु मळवुं, अगर पत्रव्यवहार करवो.

असिस्टंट सेक्रेटरी

चंपागली—मुम्बई, ता. २०–९–१९०६. जैन श्वेताम्बर कोन्फरन्स.

## ॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसंति च गुणा यस्मिन्स संघोऽर्च्यतां ॥

**અર્થઃ**—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની,' એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજાપણ વ્યાખ્યાનને અવસરે "નમો તિથ્થસ" કહી નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાયા છે. જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં ( અનેક ) ગુણો રહે છે, એવા સંઘની, ( હે ભવ્ય જીવો ) પૂજા કરો.

The Jain ( Swetamber ) Conference Herald.

Vol. II. ] *November.* 1906. No. XI.

# જૈનોનાં જાહેર ખાતાં અને તેમની હાલની સ્થિતિ.

**શાહ નરોત્તમદાસ ભગવાનદાસ.**

( અનુસંધાન પૃષ્ટ ૨૧૪ ).

શુભ ખાતું બહુ વિશાળ અર્થવાળું ખાતું છે. દેરાસરના અથવા સ્વામીભાઇઓના અથવા સાધુ સાધ્વીઓના ઉપયોગ અથવા હિતમાટે જે કંઇ રકમ શુભ ઈરાદાથી ખર્ચાય તે શુભ ખાતે વપરાણી ગણાય છે. ઘણા ભાઈઓ કાંઈ અમુક નિશાન ચોકસ કરીને, તે હેતુ ફળીભૂત થાય તો આટલી રકમ અમુક શુભ ખાતે ખર્ચીશ એવી ધારણા કરે છે. કોઈ માણસ ગુજરી જતાં તેનાં સગાં સંબંધીઓ અમુક ચોકસ ખાતાઓનું નામ નહિ પાડતાં શુભ ખાતે કહે છે, તે બહુ ડહાપણની દૃષ્ટિ છે. કારણ કે અમુક ખાતે (શ્રાવક શ્રાવિકા, સાધુ સાધ્વી, વિગેરે સાત ક્ષેત્ર) કહેવાથી તેજ ખાતામાં વાપરી શકાય. બીજામાં વાપરે તો જે ખાતામાં પહેલું ધાર્યું હોય તેનું દેવું ઉભું રહે. આ રીતે શુભ ખાતે કહેવું ડહાપણવાળું છે. ધર્માદા ખાતું એ શુભ ખાતાનો પેટા ભેદ છે શુભ ખાતે કહેલી રકમમાંથી મદદ લેતાં બાધજેવું ઓછું છે, જ્યારે ધર્માદા ખાતાની રકમમાંથી મદદ લેવી એ યોગ્ય ગણાતું નથી.

પરબના પાણી ખાતું—આવશ્યક છે, અને સહાયને પાત્ર છે. તેમાં બહુ રકમની જરૂર પડતી નથી, અને જરૂરજોગી મદદ મળી રહે છે. શત્રુંજયપર ચડતાં સાધારણ-રીતે કલાક દોઢ કલાક લાગે છે, પણ ઉનાળામાં જે પાણીનો શોષ પડેછે, તે ડુંગરપર અનુભવ કરનારનેજ ખબર પડે. યાત્રાળુઓને આવી નાની આવશ્યક સહાય આપવી તે શ્રીમાનોનું પુણ્યબંધન કરાવનારૂં કર્તવ્ય છે.

શ્રી વંડાના જાનવર ખાતું. અહિંસા ધર્મના અનુયાયી જૈન બંધુઓ માટે દરેક રીતે મદદને પાત્ર છે પૃથ્વીપર દોઢ અબજ મનુષ્યોમાં માંસાહારી નહિ એવા બહુ ત્યારે ક્રોડ માણસો હશે એટલે કે દોઢસો માણસે એકજ આવે છે. એ સર્વમાં સૂક્ષ્મ દયા પાળવાનું સૂચવનાર, તેના સૂક્ષ્મ રસ્તા બતાવનાર, જૈન દર્શન અનન્ય છે. ખ્રિસ્તી ધર્મ શીખવે છે કે ગાયમાં અને તેવીજ રીતે પશુઓમાં જીવ નથી. માત્ર મનુષ્યોમાંજ છે. હાલ બંગાળાના પ્રોફેસર જગદીશ ચંદ્ર બોઝે પ્રયોગોથી સિદ્ધ કર્યું છે કે જેવી રી માણસને લાગણી છે તેવીજ રીતે વનસ્પતિને, ઝાડોને પણ લાગણી છે. આપણે નજરે-નજર જોઇએ છીએ કે પશુઓ, પક્ષીઓ તથા નાના જંતુઓને પણ લાગણી છે. જીવ હોવા વિના લાગણી હોઈ શકે નહિ. આ પ્રમાણે ખ્રિસ્તી ધર્મમાં જે કહ્યુ છે કે ગાયને (અને પશુમાત્રને) જીવ નથી, તે ટકી શકતું નથી. મનુષ્યો પોતાની મેળે રળીને, મોઢેથી માગીને, અશક્ત થતાં બીજાને કહીને, મદદ મેળવી શકે, પણ બિચારાં નિરપ-રાધી મૂગા જનાવરો, સહાય કરીએ, ત્યારેજ તે સહાય મેળવી શકે. નહિતર મૂગાં મૂગા ખમ્યા કરે. મનુષ્યપ્રાણીને સહાય આપવી તે જેમ ફરજ છે તેવીજ રીતે પશુઓને મદદ કરવી તે પણ ફરજ છે. મનુષ્યોને મદદ કરી રહીને પશુઓને પછી મદદ કરવી એ સિદ્ધાંત દયા ધર્મની ઓછાઇજ બતાવે છે. પશુઓ મદદને વધારે પાત્ર છે. પાંજરા-પોળવિષે વિવેચનમાં વધારે સ્પષ્ટિકરણ ઇષ્ટ છે.

શ્રી મોજાંની ટીપ ખાતું—જે પવિત્ર સ્થળપર તીર્થંકરો ભાવિ સિદ્ધો અને પવિત્ર આત્માઓ વસી ગયા છે, તેના પરમાણુઓને મૃત પશુઓના ચર્મ, જે અશુચિમય ગણાય, તેથી ભ્રષ્ટતા થઈ, શુભ પરમાણુઓ ઓછા થાય તે હેતુથીજ શ્રાવકો પર્વતપર ચઢતાં ચર્મના જોડા પહેરતા નથી. જરૂર પડે તો કંતાનના અથવા રેશમી મોજાં પહેરે છે. ગરીબ જન બંધુઓ જે મોજાં લેવા સમર્થ નહોય, તેઓ તેમજ પૂર્ણ ભાવથી ચડવા વાળા તો પગે બળતા પણ એમને એમ યાત્રા કરે છે. પરંતુ કોઈ કોઇ મુનિરાજો, કાર-ખાનાના નોકરો અથવા પર્વતપરનાં દેરાસરો જોવા આવનાર અન્યધર્મી બંધુઓને જરૂર પડે તેને માટે મોજાં રાખવાં પડે છે. ઠાકોર, અમલદારો અથવા કોઈ વખતે ગવર્નર, પોલીટીકલ એજંટ અથવા બીજા પરોણાઓ ત્યાં આવે ત્યારે ચામડાના બૂટ ઉતરાવી કંતાનનાં મોજાં પહેરાવવા એ ખર્ચ કારખાનાને માથે ન પડે એટલામાટે આ ખાતું કહડ્યું હોય એમ લાગે છે. શ્રીમાનોએ સાધારણ મદદ કરવાની આવશ્યકતા છે.

શ્રી નોકરોના પગાર ખાતું—આણંદજી કલ્યાણજીના નોકરો—મેનેજર, કારકુનો, તળાટીના માણસો, પર્વતપરના ગોઠીઓ, પાણીના પરબવાળા,—વગેરે ઘણા પ્રકારના છે.

તેઓમાં જે જૈનો હોય તેમને દેવ દ્રવ્ય ખપી શકે નહિ. માટે આ ખાતું તેવા નોકરોના પગારમાટેજ સંભવે છે. સાધારણ સહાયને પાત્ર છે.

શ્રી ફુલકેશર ખાતું—કેશરીઆજી જનાર યાત્રાળુને માહિતી હશે કે ત્યાં કેટલું બધું કેસર વપરાય છે ! તેના પ્રમાણમાં શત્રુંજયપર વિશેષતા નથી, અને વિશેષતાની જરૂર પણ નથી. શત્રુંજયપર તેમજ બીજા ગામોના સ્થાનિક દેરાસરોમાં પણ ઉચ્ચ સ્થિતિના માણસો ઘરનું કેશર લાવી વાપરે છે. જ્યારે સામાન્ય સ્થિતિના માણસો દેરાસરના કેશરથીજ ચલાવે છે. એ દેરાસરનું કેશર વાપરનારાઓ માટે શત્રુંજયપર નહાવાની જગ્યાપાસે એક પેટી રાખેલી છે, કે જ્યાં શક્તિ અનુસાર ભાઈઓ પૈસા નાખે છે. દરેક મંદિરમાંના મૂળનાયક અથવા કોઈ વિશેષ પ્રતિમાજીને ફૂલપણ દેરાસરના વ્યવસ્થાપકોની સૂચના અનુસાર ચડાવવામાં આવે છે. આ બન્ને ખાતે ખર્ચ થાય છે. કેશર ખાતે ઘણો, ફૂલખાતે થોડો. કેટલાએક ગામોમાં સંવત્સરી પર્વપર સાધારણ ખાતે અને કેશર ખાતે રકમ ઉઘરાવાય છે, તેવીજ જાતનું આ ખાતું છે. દેરાસરોમાં સાધારણ ભાઈઓમાટે વપરાતા કેશરમાટે એક બહુજ કડવી ફરિયાદ વારંવાર થતી જાણી છે, કે કેશરમાં અતિશય પાણી નાખી, બહુજ પાતળું બનાવવામાં આવે છે, કે જેથી થોડા કેશરમાં ઝાઝા ભાઇઓ પૂજા કરી શકે. કોઇ કોઇ બંધુઓ પણ બહુજ કેશર લેવાની ભૂલ કરે છે અને તેને પરિણામેજ ગોઠી ઝાઝું પાણી નાખી ઝાઝું પાતળું કેશર બનાવવાની જરૂરીઆત જુએ છે. પરિણામ દૃષ્ટિને પસંદ ન પડે એવું આવે છે. એટલે કે પ્રભુજીના શિર્ષ તથા ભાલપર કેશરપૂજા થઈ હોય તેનું જળમય કેશર પ્રભુજીના મુખ, ચક્ષુ વિગેરેપર ઉતરે છે. આ માટે દેરાસરના વ્યવસ્થાપકો, પૂજા કરનારા બંધુઓ તથા કેશર વાટનારા ગોઠીઓ એ ત્રણેએ જરા જરા યોગ્ય ઉપાય લેવા જરૂરના છે. કેશર બહુ પાતળું અથવા બહુ ઘટ નહિ જોઈએ. ફૂલપૂજા માટે કેટલાક ભાઇઓ અતિશય ઉતાવળથી પાંખડી તોડી નાખવામાં અથવા બીજી રીતે પુષ્પને વિંધવામાં કે મર્દન કરવામાં પુણ્યબંધ કરવા જતાં પાપબંધના ભાગી થાય છે, માટે જરા ધીરજથી સાચવીને ફૂલપૂજા થવી ઇષ્ટ છે.

સાતક્ષેત્ર ખાતું—મનુષ્ય જીવનમાં ચાર ભાવના શુભ્ર માર્ગે લઈ જનારી છે, અને તેમાંની પ્રથમ દાન છે. એ દાનમાટે સાતક્ષેત્ર સર્વોત્કૃષ્ટ છે. કોઈ જૈન દેહમુક્ત થતાં તેના પુણ્ય નિમિતે સાતક્ષેત્રમાં અમુક રકમ કહેવાય છે. આ ક્ષેત્ર સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન, ચૈત્ય, અને પ્રતિમા છે. સંસારની દરેક વસ્તુઓની ખુબી તેની અસ્થિરતામાંજ છે. ગરીબ શ્રીમાન થાય ત્યારે થોડો વખત તેને વિશેષ આનંદ થાય છે, પણ જે આનંદ ગરીબીમાં તેને મળતો તેવો આનંદ તેને શ્રીમંતાઇમાં મળે છે ? વિશેષ નહિ દશા નબળી આવે તો દુઃખ થાય. આ સંસારી ખુબીઓ જાણ્યા પછી પારલૌકિક અથવા ધાર્મિક ખુબી એ છે કે તે વધારે સ્થિર છે. દાન આપીએ તેનો બદલો એક અથવા બીજે રૂપે મળ્યાવિના રહેજ નહિ. દાનના કેટલાએક પ્રકાર નીચે પ્રમાણે છે:—સુપાત્ર, અનુકંપા, અભય, જ્ઞાન. આ સાત ક્ષેત્રમાં સર્વથી પ્રથમ સાધુ ગણ્યા છે. તેનું કારણ તે સુપાત્ર છે. સારની બધી ખટખટથી મુક્ત થઈ, હિંદુઓના ચાર વર્ણોમાંના પ્રથમ-બ્રાહ્મણનું કામ,

જ્ઞાન આપવાનું તથા રસ્તો દેખાડવાનું તેનું છે. તેની પાસે શ્રી નહિ હોવાથી લાલચ ઓછી હોય છે. તેઓ પોતામાટે તે શ્રી વાંચ્છેજ નહિ. જૈનોના હિતમાટે શ્રી દ્વારા થવાના શુભ માર્ગો બતાવે. જે પાંચ મહાવ્રતો બીજા કોઈ પણ ધર્મમાં આપણી હદ સૂધી દેખાતા નથી, એવા મહા વ્રતપાલક મુનિવર્યને ધન્ય છે. તેઓ દરેક મદદને પ્રથમ પાત્ર છે. તેઓએ જૈનોની ધાર્મિક, વ્યાવહારિક નીતિસંબંધી સ્થિતિ સુધારવામાટે, માર્ગદર્શક થવાની ઓછી અગત્ય નથી. જ્ઞાન એ તેમનું સબળ હથિયાર છે. મુનિરાજને અન્ન, વસ્ત્ર, પુસ્તક વિગેરે દરેક જાતની મદદ યથાશક્તિ કરવાથી મનુષ્ય બહુજ ઉત્તમ ભાતુ બાંધે છે. હાલના શિથિલાચારી થએલા મુનિ કે યતિ માટે આ લેખક કંઈજ કહેતો નથી, પરંતુ લાંબા કાળથી ચાલ્યા આવતા રીવાજ પ્રમાણે મુનિધર્મ પાળતા સાધુઓ માટેજ તે લખે છે. મુનિ, કોમના હિતમાટે જે શીખામણ આપે તે યથાશક્તિ, મમત તજી, હિતબુદ્ધિથી આદરવા શ્રાવકવર્ગે પ્રયાસ કરવો. ખોટા રસ્તો બતાવવાનું તેમને કંઈપણ કારણ નથી. તે પછી બીજું ક્ષેત્ર સાધ્વીનું છે. તે પણ સાધુજીની માફક પાંચ મહાવ્રતધારી છે. મોટા શહેરોમાં રાત્રિભોજનનો પ્રચાર હાલ એટલો બધો વધી પડયો છે કે તેને માટે સતત ઉપદેશની આવશ્યકતા છે. રાત્રિભોજન પ્રત્યાખ્યાન એ પણ વિરતિ દશા છે. અને તેટલા માટેજ તેને મુનિનું છઠું વ્રત ગણ્યુંછે. પુરૂષ વર્ગનીસામે સાધ્વીજી વ્યાખ્યાન વાંચી શકે નહિ, પરંતુ તેઓ સ્ત્રીઓને સાચા રસ્તાનો ઉપદેશ આપી શકે અને જે કામ સાધુઓ પુરૂષોપાસે કરાવી શકે તેવુંજ શુભ કામ સાધ્વીજી સ્ત્રીઓ મારફત કરાવી શકે. તેઓપણ દરેક મદદને પાત્ર છે. હાલ તે બન્ને ક્ષેત્ર તરફ પૂર્ણ માયા, ભક્તિ અને અનુકૂળતા છે. ત્રીજું ક્ષેત્ર શ્રાવકો છે. હાલ જૈનોની ધાર્મિક અભ્યાસની સ્થિતિ માત્ર સૂત્રપઠનની છે. તેમાં અર્થજ્ઞાન તથા તત્વજ્ઞાનનો ઉમેરો થવાની જરૂર છે. કોઈ કોઈ જૈન બંધુઓ અમુક સૂત્રો બોલી જવાની ઇચ્છાથી તે કંઠે કરીને થોડા વખતમાં કડકડાટ બોલી જાય છે, પરંતુ તેટલા વખતમાં જો થોડુંપણ સમજણ પૂર્વક અને આચરણમાં બની શકતી રીત લવાય તેવી રીતે બોલે એ ઇષ્ઠ છે. નવસ્મરણ, બીજા કોઈ સ્તોત્ર, સ્તવન, ઈત્યાદિ બોલવા એ બહુજ ઈષ્ટ છે, પરંતુ તેટલાજ વખતમાં થોડું પણ સમજણપૂવક બોલાય એ વિશેષ ઈષ્ટ છે. આર્થિક સ્થિતિ જોઇશું તો જણાય છે કે અસલની માફક હાલ એકે જૈન રાજા અથવા દીવાન નથી. છુટા છવાયા ગણ્યા ગાંઠયા સરકાર અને દેશી રાજ્યોમાં અમલદારો અને નોકરો છે, પરંતુ તેઓ કંઇ કરી શકે એ સ્થિતિમાં નથી. અમલદારોની સ્થિતિ જરા ઠીક છે, પણ નોકરોની સ્થિતિ તદ્દન સાધારણ છે. વ્યાપારીઓ માટે જોઇશું તો ઝવેરાત, રૂ, કાપડ, અનાજ, કરીયાણું વિગેરેમાં ઘણા જૈન બંધુઓ રોકાયલા છે. વ્યાપાર એજ કોમને અને દેશને ધનવાન બનાવનાર છે. ઉંચી કેળવણી પામેલા વ્યાપારમાં વિશેષ બુદ્ધિકૌશલ્ય બતાવી શકે તે સ્પષ્ટ છે. વ્યાપારીઓ કરતાં નોકરીઆત વર્ગ ઘણોજ વિશેષ છે, અને તેપણ ઓછા પગારમાંજ. શ્રીમાન શેઠીઆઓએ આ વર્ગમાં રહેલા પોતાના ધર્મબંધુઓને મદદ કરવી એ આવશ્યક ફરજ છે, એમ ગણીને બની શકે ત્યાંસુધી તેમનેજ રોકવા જોઈએ. વ્યાવહારિક સ્થિતિમાં સાંસારિકનો સમાવેશ થઇ શકે. સાંસારિક સ્થિતિમાં અમુક અમુક ખોટા અને ખરાબ રીવાજો દુર કરવાને મદદ કરવી એ

આવશ્યક છે. કેળવણી, ગમે તે પ્રકારની આવશ્યક અને ઇષ્ટ છે. હાલના સમયમાં ઔદ્યોગિક કેળવણીની બહુજ જરૂર છે. જે શ્રીમાનો એ દિશામાં ધનવ્યય કરશે તે ખરેખર બહુજ ઉત્તમ સાધન પોતામાટે, પોતાના વંશજો માટે અને પોતાની કોમમાટે કરી જશે. માણસને પરભવમાં જવું એ નિશ્ચય છે, પરંતુ જતી વખતે કહેવાય કે "ભાઈ, મેં તો મારા જીવન દરમ્યાન મારાથી બનતું કર્યું છે. અને તું પણ તારી શક્તિ અનુસાર તેવીજ રીતે ચાલજે, હું તારે માથે કાંઈ ધનધર્મની ફરજનું રૂણ મુકી જતો નથી." તોજ જીવન સાફલ્ય છે.

---

# આપણી રાજ્યદ્વારી સ્થિતિ.

રાજ્યદ્વારી સ્થિતિ બે પ્રકારની હોઇ શકે. એક તો રાજ્યસત્તા મારફત આપણે પ્રસંગે ધર્મરક્ષણ કરી શકીએ તે તથા બીજી, રાજ્યમાં આપણો અવાજ સંભળાવી શકીએ અને તે માટેની લાયકાતનો પ્રયત્ન કરીએ તે છે. અસલનો અને હાલનો મુકાબલો પ્રથમ સ્થિતિ માટે આવશ્યક છે. પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવ ભગવાન, બીજા તીર્થંકર અજીતનાથ, ત્રીજા તીર્થંકર સંભવનાથ, સોળમા તીર્થંકર શાંતિનાથ, બાવીશમા તીર્થંકર નેમનાથ, ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ તથા ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી અને દરેક તીર્થંકર રાજ્ય કુળમાં જન્મેલા હતા. દુનિયા, સમજીને અથવા તો પરંપરાથી, સત્તાની પ્રમાણે ચાલવા યત્ન કરે છે. સત્તા જે ધર્મ પાળતી હોય તે ધર્મ, લાલચથી અથવા તો કૃપા માટે પાળનારા નીકળે છે. જૈન ધર્મ અતિશય પ્રાચિન છે, અને તેના જેવા દયામય ધર્મના ફેલાવાથી ઉત્તમ પરિણામ સિવાય બીજું સંભવેજ નહિ. રાજાના અનુયાયીઓ પણ, રાજા જૈન ધર્મી હોવાથી, જૈન ધર્મપ્રમાણે વર્તે. હાલના સમયમાં પણ જૈનોના કોઈ કોઇ માણસો જૈનમાંથી અંશ મેળવે છે ખરા. ચક્રવર્તી છ ખંડ સાધે ત્યારેજ કહેવાય. હાલના સમયમાં કોઈ ચક્રવર્તી નથી. ચક્રવર્તી ભરત્ત જૈન ધર્મ પાળે ત્યારે તેની વસ્તીનો મોટો ભાગ તેનું અનુકરણ કરે તે સ્પષ્ટ છે. બાહુબળી, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિગેરે ઘણા જૈન રાજાઓ થઈ ગયા છે. સંપ્રતિરાજા હમેશાં ૧ દેરાનુ ખાત મુહુર્ત થયાનો પત્ર આવ્યા પહેલાં દાતણ પણ નહોતા કરતા, તથા તેમણે ૧૨૫૦૦૦ દેરાસર કરાવ્યા તથા ૧૨૫૦૦૦૦૦ જીનબિંબ ભરાવ્યા હતા તે હકીકત પ્રસિદ્ધ છે. ગુજરાતના મહારાજા કુમારપાળે શત્રુંજયપર કુંડ બંધાવેલ છે, દેરાસર પણ છે, તથા અમારિ પડહ વગડાવ્યો હતો, અને દરેક રીતે પોતાની રૈયતમાં જીવદયાનો ફેલાવો કર્યો હતો તે પણ પ્રસિદ્ધ હકીકત છે. મંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળ વિગેરેએ દેરાસરો તથા ધર્મ માટે બહુ સારો ભાગ લીધેલો આપણે જાણીએ છીએ. ઇંગ્રેજ રાજ્ય અમલ દરમ્યાન કેળવણી, શાંતિ તથા ધર્મપાલનમાં અભંગ નિઃપક્ષપાત એ મુખ્ય સુત્રો છે. આપણી કોમ કેળવણી સામાન્ય રીતે લે છે. અસલના જૈન શ્રીમાનોની ખુબી એજ હતી કે ધર્મતરફ અડગ દ્રઢતા તેઓ રાખતા. ધર્મતરફ બીજાઓનો ભાવ કેમ વધે તેજ તેઓનું લક્ષ્ય બિંદુ હતું. જૈન ભાઇઓની સ્થિતિ કેમ સુધરે એજ આપણા આગલા રાજ્યદ્વારી

નરોનું દૃષ્ટિ બિંદુ હતું. હાલ એ બાબતમાં પ્રમાદ વધી પડ્યો છે, એમ કહીએ તો ખોટું નથી. આપણાં લગભગ સર્વે તીર્થો દેશી રાજ્યોમાં આવેલાં છે. નામદાર ઇંગ્રેજ સરકાર સર્વોપરી હોવાથી ગમે ત્યારે મુશ્કેલી ઉભી થતાં તે રસ્તો આપણે માટે ખુલ્લો છે, પરંતુ નામદાર સરકારની રાજ્યનીતિ સુક્ષ્મ અવલોકનથી એવી તો જણાય છે કે બની શકે ત્યાં સુધી પ્રજાની નજરમાં રાજાને હલકો નહિ પાડવો. આવું સુત્ર છતાં એ પણ તદન સ્પષ્ટ છે કે કોઈ પણ દેશી રાજા પ્રજાપર અતિશય જુલમ કરે તો તેને પદભ્રષ્ટ કરતાં ડરવું નહિ. જૈન રાજાઓ તથા મંત્રીઓના સમયમાં તીર્થસ્થાનો સંપૂર્ણ આબાદી, શાંતિ તથા છુટ ભોગવે એ સ્પષ્ટ છે. મુગલ અમલ દરમ્યાન માયાળુ શહેનશાહ અકબર તથા તેની પછીના બે શહેનશાહોના અમલમાં ધર્મઝનુન અને ધર્મજુલમ ન હો તો તે વખતે પણ તીર્થસ્થાનોએ શાંતિ ભોગવેલી ખરી. હાલ તો જણાય છે કે દેશી રાજ્યકર્તાને જરૂર જણાય ત્યારે તે આપણને હેરાન કરી શકે. આ હેરાનગતીથી દુર રહેવા માટે રસ્તા છે. ખુશામત કરી દેશી રાજાને પંપાળતા રહી ધર્મરક્ષણ મેળવવું અથવા તો બની શકે ત્યાં સુધી શાંતિ રાખી, ખુશામત નહિ કરતાં પ્રસંગોપાત દેશી રાજાઓના અને ઇંગ્રેજ અધિકારીઓના પરિચયમાં આવી, તેમની બની શકતી સેવા બજાવવી, અને તે દ્વારા કૃપા મેળવી, ધર્મ ઉદ્યોત કરવો. ઇંગ્રેજ સરકારનું રાજ્ય હિંદમાં છે, તે ધર્મરક્ષણની બાબતમાં કેટલેક અંશે આપણા સુભાગ્ય છે. પરંતુ વાંદરા જેવાં કસાઇખાનાં, દારૂનાં પીઠાંઓ તથા બીજા અનેક પ્રકારો જૈનધર્મ વિરૂધ્ધના તે અમલ દરમ્યાન નવા દાખલ થયા છે, તો પણ તેને માટે આપણે કંઇ કરી શકીએ તેવી સ્થિતિમાં નથી. ઇંગ્રેજોના પરિચયની અને તેમાં પણ બની શકે તો તે વર્ગના સત્તાધિકારી ભાગની સાથે ખુશામતદ્વારા નહિ, દેશના લાભોને ભોગમાં આપીને કદી નહિ, પણ સેવાદ્વારા મળવાની થોડી ઘણી પણ આવશ્યકતા છે. કારણ કે જરૂર પડતાં દેશી રાજાઓના છેવટના ફેંસલાપર અપીલનું સ્થાન તેજ છે. દેશી રાજાઓ પણ કોઈ કંઇ તો જમાના પ્રમાણે કેળવણીથી સુધરી પ્રજાવર્ગની સંભાળ તથા દરકાર રાખતા થયા છે, તો પણ ડાહ્યો માણસ તેનેજ કહેવાય કે જે ઉપરી તથા નજીકના ઉપરી બન્નેસાથે સંભાળથી અને નમ્રતાથી વર્તે. બની શકે ત્યાંસુધી દેશી રાજાઓ સાથે નમ્રતાથી વર્તવાથી તેઓ કૃપા બતાવે, એ સ્પષ્ટ છે. અણછુટકેજ દેશી રાજાઓ માટે ઉપર જવાની જરૂર પડે. અને તેવે સમયે ઇંગ્રેજ સત્તાધિકારી સાથેનો યોગ્ય પરિચય ધર્મનું અતિશય રક્ષણ કરી શકે. હાલના સમયમાં અમદાવાદના મરહુમ નગરશેઠ શેઠ હેમાભાઈ તથા પ્રેમાભાઇ વિગેરે દેશી રાજ્યોમાં તથા નામદાર ઇંગ્રેજ સરકારમાં બહુ સારો લાગવગ ધરાવતા અને તે લાગવગનો ઉપયોગ ધર્મ રક્ષણ માટે કરતા—થોડાજ વખતપર દેહમુક્ત થયેલ શેઠ પ્રેમચંદ રાયચંદે તેમનું પદ ઘણે અંશે સાચવ્યું હતું. જરૂર પડતાં તેમનો એક શબ્દજ ચમત્કારિક અસર કરી શકતો અનુભવાયો છે. હાલ હયાત ગૃહસ્થોમાં શેઠ વીરચંદ દીપચંદ થોડો ઘણો લાગવગ ધરાવે છે અને તેમના પગલે ચાલી સુરત, અમદાવાદ, કચ્છ, કલકત્તા વિગેરેના શેઠોને નમ્ર પ્રાર્થના છે કે થોડો ઘણો પણ લાગવગ વધારતા રહેવું. આપણે લાગવગનો દુરૂપયોગ કરવા માગતાજ નથી, માત્ર

ધર્મ રક્ષણ અર્થેજ ઇછીએ છીએ. શેઠ પ્રેમચંદ જતાં મુંબઇ ઇલાકામાં જૈન કોમ કેટલી ઉઘાડી પડી ગઇ છે તે સહુજ વિચારથી જણાશે, તેમના જવાથી પડેલી ખોટ પૂરવાની આવશ્યકતા સહુકોઇ સ્વીકારશે, અને તે પૂરવાનો યત્ન કરવા નમ્ર પ્રાર્થના છે. દરેક સ્થાનના અગ્રેસરો અને સામાન્ય માણસોએ તે સ્થાનના સત્તાવાળાઓ સાથે બની શકે ત્યાંસુધી હળતામળતા રહી કામ લેવું ઈષ્ટ છે.

---

# તીર્થયાત્રા.

**શબ્દાર્થ**—તીર્થ એટલે પવિત્ર સ્થળ, યાત્રા એટલે જવું.

**હેતુ તથા ફળ**—હિંદુઓમાં, હિંદુસ્તાનની ચાર દિશાએ ચાર ધામો પવિત્ર ગણાય છે. બદ્રીકેદાર, રામેશ્વર, જગન્નાથ તથા દ્વારકા. આપણા જૈનોનાં પવિત્ર સ્થળો, તીર્થયાત્રાનાં ધામો દક્ષિણ હિંદમ બીલકુલ નથી. આપણામાં નાની તથા મોટી પંચતીર્થી હાલના સમયમાં તીર્થસ્થળો ગણાય છે. કાઠીઆ-વાડમાં શત્રુંજય, ગિરનાર, રજપુતાનામાં આબુજી, તથા બંગાલના મધ્ય ભાગમાં સમેત શિખર અથ ા-પાર્શ્વનાથજી તથા અષ્ટાપદજી, જ્યાં હાલ જવાતું નથી એ મોટી પંચતીર્થી ગણાય છે આબુજીથી શીરોહીની આસપાસ ચરમ તીર્થંકર મહાવીર સ્વામીને કાઉસગ ધ્યાન સમયે કાનમાં ખીલા નાખવાનું સ્થળ બામણા વાડા તથા નાંદોલ નાંદલાઈ, વરકાણા, રાણકપુરજી ( સાદરી પાસે ) તથા ઘાણેરાનો બીજી પંચતીર્થીમ સમાવેશ થાય છે. શત્રુંજયપર આ ચોવીશીમાં કોઈપણ તીર્થંકર મહારાજ મોક્ષપદ પામ્યા નથી, પરતુ બાવીશમા તીર્થંકર નેમનાથ સિવાય ત્રેવીશે તીર્થંકર ત્યાં વિચરેલા છે. પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાન પુર્વ નવાણું વાર ત્યાં સમવસરેલા છે, તથા અનેક સાધુ મહાત્માઓ, તથા બીજા હળુક-ર્મીજીવો ત્યાં નિર્વાણ પામેલા છે. પુર્વે અનંતા તીર્થંકરો મોક્ષપદ પામ્યા છે. આવતી ચોવીશીમાં ૨૨ તીર્થંકરો તેની પાંચમી ટુંક ગણાતા ગીરનાર તીર્થ મોક્ષે જવાના છે. દુનિયામાં ખરૂં સુખ સત્સંગમાંજ છે. સત્તા, સોંદર્ય, બળ, યૌવન, ધન, એ સર્વનો કાળે ક્ષય છે, પરંતુ સત્સંગના ઉચ્ચ પરમાણુઓ મેળવવાથી, તેમના સંસર્ગમાં આવવાથી આપણા પામર જીવોના, તુચ્છ સંસારની વાસનાઓ, અને તૃષ્ણાઓથી ખરડાયેલા, હલકા પરમાણુઓ ઉચ્ચ થવાનો સંભવ રહે છે. પવિત્ર પર્વતોપર જનારાઓનો મોટો ભાગ શ્રધ્ધાળુ જૈનભાઇઓનોજ હોય છે. તેઓ શુભ વિચારથીજ જાય છે. શુભ વિચારજ પર્વતપર ઘણે ભાગે કરે છે. અને પર્વત જેવા તીર્થસ્થળોએ દુનિયાના સામાન્ય મનુષ્યો પણ દુનિયા કરતાં ઉચ્ચતર વિચારોનું જીવન ગાળે છે. વિચારોનુ બળ કેટલું બધું છે એ હાલના સ્પષ્ટિકરણના જમાનામાં થીઆસોફીએ બહુ સારૂ સમજાવ્યુ છે. હવા જેમ સુક્ષ્મ છે, અને તેને જેમ આપણે જોઈ શકતા નથી, તેવીજ રીતે હવાથી સુક્ષ્મ ઈથર નામનો પદાર્થ છે. અને તે સર્વે પદાર્થો કરતાં વિચાર વધુ સૂક્ષ્મ છે. જેવી રીતે મનુષ્ય દેહને આકાર છે, દુનિયાની દૃશ્ય વસ્તુઓને આકાર છે, તેવીજ રીતે વિચારને પણ આકાર હોય છે, તે વિચાર પણ ઘણે વખતે દેહધારીની જેમ કામ કરે છે. આપણાથી પાંચ હજાર માઈલ દુર રહેલ કોઈ મનુષ્ય માટે આપણે સારા, તેના રક્ષણના અથવા હિતના વિચારો કરીએ તો તે વિચારો, આપણી માનસિક શક્તિ-પ્રમાણે, તે પાંચ હજાર માઈલ દુર રહેલ મનુષ્યનું રક્ષણ અથવા હિત કરે છે. તેવીજ રીતે કો-ઈનું અનિષ્ટ આપણે ઈચ્છીએ તો તે વિચાર પણ, જે માણસનું અનિષ્ટ ઇચ્છાયું હોય, તેને હેરાન કરવા તેની આસપાસ ભમ્યા કરે છે, અને લાગ આવે ત્યારે હેરાન કરે છે. ક્રોધ કરનાર માણસ ક્રોધ કરતી વખતે પોતાના શરીરમાં વિષ ઉત્પન્ન કરે છે, જ્યારે શાંતિ સાચવનાર માણસના દેહમાં તથા આત્મામાં શાંત અમી વહ્યા કરે છે. અને તેવી રીતે બીજા જૂદા જૂદા ગુણો ધરાવનારાઓની ગરદનની આસપાસ જૂદી જૂદી છાયાઓ હોય છે. આ બધી બાબતો, અંધ શ્રદ્ધા પૂર્વક માનનારા નહિ, પણ પ્રયોગ, અનુભવ તથા બીજા ગ્રાહ્ય પ્રમાણોજ સ્વીકારનારા યુરોપના વિદ્વાન વિચારકો તથા થીઓસો-

શીસ્ટો કહે છે. સર્વથી પવિત્ર જીવન આત્મિક અથવા પારમાર્થિક જીવનજ છે. તીર્થંકર જીવન એ સર્વોત્કૃષ્ટ આત્મિક તથા બીજા આત્માઓના ઉદ્ધારની ઇચ્છાવાળું હોવાથી પારમાર્થિક જીવનજ છે. એવા સર્વોત્તમ શુદ્ધ પરમાણુઓ અતિશય બળવાન હોય તો તેમાં સવાલજ નથી. અત્તરની સુગંધ થોડી હોય છે, પરંતુ કસ્તુરીની વિશેષ હોય છે. એક ઓરડામાં કસ્તુરી રાખેલી હોય તો આખો ઓરડો સુગંધમય થઈ રહે છે, તેવીરીતે તીર્થાધિરાજપર જે જે સ્થળોએ તીર્થંકર મહારાજ કાઉસગ્ગધ્યાને રહેલા અથવા સમવસરેલા તે તે સ્થળો તેમના શુભ પરમાણુઓ મિશ્રિત હોવાથી અવશ્ય ભેટવા યોગ્ય છે, સંચય થએલા, અને સંચય થતા એ બન્ને શુભ પરમાણુઓનો યોગ તીર્થસ્થળોએજ મળી શકે છે. વ્યાવહારિક જીવનમાં દેખાતી ઘણી ઉપાધિઓ ત્યાં વીસરી જવાય છે. પરમાત્મ ધ્યાનમાં લીન થવાનો વિશેષ પ્રસંગ આવે છે. ગિરનારજી એ બાવીશમા તીર્થંકર નેમનાથજીની દીક્ષા, કેવળ અને મોક્ષ એ ત્રણે કલ્યાણકની ભૂમિ છે. અષ્ટાપદ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના છેલ્લા કલ્યાણકનું સ્થાન છે. તારંગાજી એ અજીતનાથ મહારાજનું માહાત્મ્યવાળું તીર્થ કુમારપાળ રાજાએ બંધાવેલ છે. સમેતશિખર વીસ તીર્થંકરોનું મોક્ષ પામ્યાનું સ્થાન છે. એ પર્વતોમાં પવિત્ર સ્થાનો ગણાય છે. ઉપરાંત મગધ અથવા બહારમાં આવેલાં રાજગૃહી, પાવાપુરી તથા બીજાં થોડાંએક ત્યાંના સ્થળો ત્યાં યાત્રાએ જનાર અનુભવે છે. આપણે પરમેષ્ઠિ પણ પંચ છે અને તીર્થોમાટે પણ પંચતીર્થી છે. એ તીર્થોએ જનાર પોતાના મલિન પરમાણુઓને થોડાં ઘણાં પણ શુભ કરે છે, ત્યાં જઈને દુષિત થનાર આત્મા બહુજ મુશ્કેલીથી કર્મ છોડી શકે છે. કારણકે આવા પવિત્ર સ્થળે તીર્થંકર જેવા પ્રબળ પવિત્ર પરમાણુઓ જેને અસર કરી શક્યા નહિ, એટલુંજ નહિ, પણ તે પરમાણુઓની ઉપરવટ થઈને જે દુષ્ટતા આચરી શકયા તે દુષ્ટ પરમાણુઓને હઠાવવાને માટે બહુજ સબળ પરમાણુઓની જરૂર છે. મનુષ્યદેહ પરમાણુઓનોજ બનેલો છે. અસલના વખતમાં તેમજ હાલ શહેર અથવા ગામની ગલીચ હવા છોડીને ઝાડી અને પર્વતના એકાંત ભાગમાં શાંતિથી ધ્યાન, એકચિત્ત થઈ શકે છે તેવું વસ્તીવાળા ભાગપર થઈ શકતું નથી. વળી જમીનપરની હવા કરતાં પર્વતપરની ઉંચી હવા સૂક્ષ્મ હોય છે. જમીનપરની હવા ઘટ્ટ હોય છે. પર્વતપર ચડવાથી શ્વાસોચ્છ્વાસ વિશેષ અને સારી હવાવાળા લેવાથી ફેફસાંને પણ ફાયદો થાય છે, એ વૈદક દૃષ્ટિએથી જોતાં શારિરીક ફાયદો છે. આ પ્રમાણે આત્મિક, માનસિક તથા શારીરિક એ ત્રણે ફાયદા થઈ શકે છે. પર્વતોપર જે ઝાડોની, શિલાઓની, નીચે દેખાતા સમુદ્રની, આડા અવળા બારીક વહેતા નદીના ઝરણની વિગેરે ઘણીએક કુદરતી લીલાઓ દેખાય છે. તે પણ એક સાથે અને તેવીજ સુંદર રીતે જમીનપર દેખી શકાય નહિ. તીર્થસ્થળો તથા ત્યાં સ્થાપેલા પ્રતિમાજી પ્રાચીન છે, તેની સબળ ખાત્રી એજ છે કે ઋષભદેવ સ્વામીના જીવન દરમ્યાનજ તેમના ચક્રવર્તી સુપુત્ર ભરત મહારાજે અષ્ટાપદ પર આખી ચોવીશીના સર્વ તીર્થંકરોની દેહમાન પ્રમાણે પ્રતિમાઓ ભરાવેલી છે. ભરત ચક્રવર્તી, જેમને આરીસા ભુવનમાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોવાથી ગૃહસ્થ કેવળીનો અતિ ઉત્તમ દાખલો ગણાય છે, તેવા હળુકર્મી આત્માને પણ પ્રતિમાજીની આવશ્યકતા લાગી, તો આ પંચમ કાળમાં વ્યવહારમાં મસ્ત, જ્ઞાન વિગેરે આદરવામાં અતિશય ઢીલા અને પાપમય જીવનમાં બહોળો સંબંધ ધરાવનાર જીવોને, પોતાના અવલંબનરૂપ પૂજ્ય પુરૂષોનું સવાર સાંજ સ્મરણ અવશ્ય જોઇએ, દરેક મનુષ્ય પ્રભુતરફ છેલ્લી, દૃઢ અને સચોટ પ્રીતિવાળો થાય ત્યાં સૂધી તેને કોઈપણ એક વ્યક્તિપર અતિશય તીવ્ર પ્રેમ હોય છે. એ પ્રેમી મનુષ્યને તે ખરા હૃદયથી ચાહે છે, તેની ગેરહાજરીમાં તેનાં ફોટોઆફથી પણ હૃદયથી ઉછળતો સંતોષ લે છે, અંએજેમાં હાલ પ્રચલિત બાવલાંઓ, તથા અમુક પ્રસંગોએ તેમને હાર પહેરાવવાની રીત એ મૂર્તિપૂજાનું બીજું સ્વરૂપજ છે. અસલના વખતમાં જ્યારે રેલવે ન હોતી ત્યારે ઘણાં માણસોનો સમુહ સાથેજ યાત્રાએ જતો, તેમનામાં બહુ સારો સંબંધ જોડાતો, નવા નવા ગામોમાં આપણા ધર્મબંધુઓ કોણ છે, તેમની શું સ્થિતિ છે, વચમાં આવતાં ગામોની શું સ્થિતિ છે તે બધું જણાતું. હાલ તો બધી સ્થિતિ ફેરવાઈ ગઈ છે. હવા ફેર તરીકે તથા પોતાના ગામમાં કાંઇ ભયંકર વ્યાધિ સમયે પણ તીર્થયાત્રા નીકળવું તે બન્ને

રીતે લાભકારક છે. તીર્થસ્થળોમાં પૂજારી તથા ભાટનો વર્ગ હોય છે, તેનાથી ચેતતા ચાલવાનું છે. આપણી જેમ મુસલમાનોને અરબસ્તાનમાં મક્કા તથા કરબલા, ખ્રીસ્તીઓને જેરૂસલેમ, તથા પારસીઓને ઉદવાડા તીર્થનાં સ્થળો છે. એ સુધરેલી કહેવાતી પ્રજાઓ પણ પોતાના પૂજ્યો તરફ અતિશય માનની લાગણીથી જુએ છે અને જીંદગીમાં એક વખત ત્યાં જઈ તે પવિત્ર માનેલી ચીજને અડી પોતે પવિત્ર થાય છે, તો આપણે કોઈરીતે તેમનાથી ઓછા શ્રદ્ધાળુ થઈએ, એવું બનેજ નહિ. આપણાં તીર્થો દક્ષિણ હિંદમાં નથી. તેનું કારણ એમ છે કે સર્વ તીર્થંકરો ઉત્તર હિંદમાંજ થયા, વિચર્યા અને કાળધર્મ પામ્યા. ધર્મસ્થાન જેવા જે સાડીપચીશ દેશો આપણા શાસ્ત્રમાં ગણાવ્યા છે, તેજ દેશોમાં તીથંકર મહારાજાએ સર્વ કલ્યાણક અનુભવ્યા. એવી તીર્થયાત્રા અનેક ફળોને આપનારી છે. જેવી રીતે મનુષ્યો માટે તીર્થસ્થાનો છે, તેવીજ રીતે દેવતાઓને માટે પણ નંદીશ્વર દ્વીપ વિગેરે તીર્થયાત્રાના સ્થાનો છે. દેવલોકમાં પણ મુર્તિપૂજા છે. અમુક અમુક સ્થળોએ દેવલોકમાં કેટલી કેટલી શાશ્વતી પ્રતિમાજી છે તે "સકળ તીર્થ વંદું કરજોડ" એ નામની તીર્થવંદનામાં સ્પષ્ટ વર્ણવેલું છે. કોઈ પણ ચોપડીની એક અધુરી હકીકત બહુજ ઉંચી શક્તિવાળા વાંચીને તરત સમજી શકે છે, જરા ઓછી શક્તિવાળાને વિચાર કરવો પડે છે અને તેનાથી પણ ઓછી શક્તિવાળાને પદાર્થ દ્વારા અથવા પ્રયોગ દ્વારા જ્ઞાન આપવામાં આવે ત્યારેજ સમજી શકે છે. આ પ્રમાણે નકશામાં જોયેલું એક શહેર સેંકડો વખત જોયું હોય, છતાં સામાન્ય શક્તિવાળાને દરવખતે જોવાથી તેની હકીકત સારીરીતે સમજી શકાય. રસાયન શાસ્ત્રની બાબતો પણ મોઢેથી કહેવામાં આવે તે કરતાં પ્રયોગથીજ—નજર આગળ ચીજ ખડી થવાથીજ—સારી રીતે સમજી શકાય છે. જ્ઞાનની બાબતમાં બાળ જીવોને, પૃથ્વીમાં કોઈપણ સર્વોત્તમ અવલંબન હોય તો તે તીર્થંકર અને તેમના અભાવે તેમની મૂર્તિજ છે. ઉપલી બે પંચતીર્થી ઉપરાંત બીજા પણ શાશ્વતા તીર્થનાં સ્થાનો છે, પણ મૃત્યુલોકનાં સામાન્ય મનુષ્ય ત્યાં જઈ શકતાં નહિ હોવાથી, દેવતાઓ તથા વિદ્યાધર મનુષ્યો ત્યાં પૂજન અર્ચન વિગેરે કરે છે. મૂર્તિને નહિ માનતાં માનસિક ધ્યાનથીજ ચલાવી લેવાનું કહેનારા, બહુ સારી શક્તિવાળા, કદાચ તીર્થંકરના ધ્યાનમાં લીન થઇ શકતા હોય તો પ્રભુ જાણે. મુનિઓના નિવાસ દરમ્યાન શાસ્ત્રશ્રવણદ્વારા શુભ સંસ્કારો મગજ ઉપર પડતા હોય, એ પણ બને, પરંતુ સૂત્રકારોએ કહ્યું છે કેઃ—

## જીન પ્રતિમા જીનસારખીરે, કહી સૂત્ર મોઝાર.

તે પ્રમાણે સાક્ષાત અનુભવ, હમેશ સ્મરણમાં રહે તેવો અનુભવ, જીનપ્રતિમાસિવાય ખાસ તેમ લાગતું નથી. મુસલમાન ભાઈઓ નિમાઝ અમુક દિશા—પશ્ચિમ—તરફજ મુખ રાખી પઢે છે, કારણ કે તેમનું પવિત્ર સ્થાન હિંદની પશ્ચિમે છે. ખ્રીસ્તીઓમાં રોમન કેથોલીકો ઘરમાં જીસસ ક્રાઇસ્ટ, તેમની માતા મેરીની છબીઓ રાખે છે, તેનાપર અબિલ વિગેરે છાંટે છે, ધુપ પણ કરે છે. આ ઉપરથી જોઈ શકાશે કે સામાન્ય મતિવાળા મનુષ્યોએ એક યા બીજે રૂપે પોતાના પ્રિય પ્રભુનું સ્મરણ મુર્તિ દર્શનદ્વારા ઈચ્છ્યું છે. આપણાં બીજાં પવિત્ર સ્થળોમાં ચમત્કારિક સ્થળોનો સમાવેશ દિનપ્રતિદિન થતો જાય છે. આજથી આસરે ત્રીશેક વર્ષપર ચમત્કારથી નીકળેલા મલ્લિનાથજી એ વજાનું તીર્થસ્થળ છે. ભાવનગરની પાસે ગોધામાં આવેલા નવખંડા પાર્શ્વનાથજી એ પણ સ્પષ્ટ દેખાતા નવખંડો વાળી ચમત્કારિક પ્રતિમા છે. દેવોની સહાયવિના આમ ચમત્કારો બને ખરા? તીર્થમાળાના સ્તવનમાં આવા ભરતખંડના પ્રખ્યાત દેવસ્થાનોવાળા ગામોનું વર્ણન છે. અંતરીક્ષ પાર્શ્વનાથ, મક્ષીજી અમીઝરા પાર્શ્વનાથ તથા કેશરીઆજી એ કાંઈ ઓછા ચમત્કારિક તીર્થસ્થળો નથી. તીર્થસ્થળોમાં ગિરનાર એક કરતાં વધારે સંપ્રદાયોનું તીર્થસ્થળ છે. આબુ જેવાં તીર્થસ્થળપર કેમ્પ વસીને, ઇંગ્રેજ રાજ્ય અમલ દરમ્યાન, હિંસાની અપવિત્રતા થાય છે તે જોઇને ખેદ કર્યા સિવાય બીજો ઉપાય જણાતો નથી. શત્રુંજયાદિ તીર્થસ્થળોપર નવાણું યાત્રા પણ ઘણા ભાઇઓ તથા બહેનો કરે છે. ચોમાસું તે સ્થળે રહીને વળાદીની યાત્રા પણ કરે છે. ભવપૂજા એટલે કે ત્યાં સ્થિત દરેક જીનબિંબની પુજા કરે છે. આ દરેક પ્રકારે સ્તુત્ય તથા પુન્યાનુબંધી પુણ્ય ઉપાર્જન

કરાવનારા છે. પુત્ર ત્રણ પ્રકારના થાય છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. પિતાએ મૂકેલો વારસો વધારે તે ઉત્તમ. જાળવી રાખે તે મધ્યમ અને ગુમાવે તે કનિષ્ઠ. વારસો દોલતનો, કીર્તિનો, ધર્મનો, આબરૂનો ઘણા પ્રકારનો હોય છે. ધાર્મિક વારસા માટે એટલુંજ કહેવું બસ છે કે પૃથ્વીના સર્વ દેશોમાં પવિત્રતાની બાબતમાં આર્ય દેશ જેવો કોઈ નથી, અને તેમાં પણ જૈન જેવો કોઈ પણ દયામય ધર્મ નથી. જે સૂક્ષ્મ દયા જૈનમાં છે, તે બીજા કોઈમાં નથી. આવો ધાર્મિક વારસો આપનાર તીર્થંકર ભગવાન તથા સોંપનાર વડિલોએ જે સ્થિતિમાં આપ્યો હોય તેના કરતાં ખરાબ સ્થિતિમાં નહિ આપતાં સારી અથવા તેવીને તેવીજ સ્થિતિમાં આપણા વારસોને આપીએ તો આપણું જીવન અમુક અંશે પણ સાર્થક થયું છે, એવો નિશ્ચય થાય છે. તાત્પર્ય કે તીર્થસ્થળોને જાળવી રાખવાં એ જૈનોની પવિત્ર ફરજ છે. હાલ જીનબિંબો વધારવાનો સમય નથી, કારણ કે જૈન વસ્તી એક દાયકામાં વધી નથી, પણ ઘટી કહેવાય છે. તીર્થો પુણ્ય આપનારાં છે, માટે અવશ્ય સેવવા યોગ્ય છે. નાંદીયા, અઝારી, સિરોહી, લોટાણા, વિગેરે બીજી નાની પંચ તીર્થી છે.

---

# મનુષ્ય દેહ શાને માટે છે?

ચોરાશી લાખ જીવા યોનિમાં મનુષ્ય દેહ સર્વ દુર્લભ, પુણ્યનું છાબડું વધે ત્યારેજ મળેલો હોય છે. નિગોદમાં બહુલાંબો નિવાસ કરી એકેંદ્રિની જડસ્થિતિમાં લાંબા કાળે કર્મ ખપાવી, બે ઇંદ્રી, ત્રણ ઇંદ્રી, ચૌરિંદ્રી, તિર્યચ પચેંદ્રિ, એ દરેક આશ્રમો પસાર કરી મહા પુણ્યના યોગેજ મનુષ્યદેહ મળ્યો છે. તે નકામો ગાળવામાં આવે, આત્મસાર્થક અથવા પરમાર્થ એ બેમાંથી એકે વિના ગાળવામાં આવે તો તો મનુશ્યદેહ ધર્યો અથવા ન ધર્યો એ સરખુંજ છે. મહામુલ્યે મળેલો મનુષ્યદેહ નકામો ફેંકી દે એતો જીવન વિકાસના ક્રમમાંથી પાછા હઠવાનુંજ પરિણામ લાવે. એવા મનુષ્યો બહુજ મોટી ભૂલ કરે છે. પુણ્ય કરવું એ કદાચ આપણાથી બનતાં વાર લાગે, તો પણ પાપ ન કરવું એ આપણા હાથમાંજ છે. દેવતાનું જીવન આનંદ અને મોજશોખમાંજ જાયછે, કારણકે આપણને ગર્ભમાં રહેવાનું, જન્મવાનું, વ્યાધિ વિગેરે દુઃખો છે તે દેવોને નથી. તેઓ માત્ર ફુલશય્યામાંથીજ જન્મે છે. આ સિવાય ખાવાપીવાનું, પહેરવા ઓઢવાનું મેળવવા માટે જે મહેનત આપણે કરવી પડે છે. તે તેઓને કરવી પડતી નથી. તેઓ માત્ર ચિંતવે કે ફલાણી ચીજ આવી છે, કે તરત તેવા પરમાણુઓ સંક્રમે છે, ને તૃપ્તિ થાય છે. તેઓ અપ્સરાના નાચરંગ વિગેરેમાં ગુલતાન રહે છે અને તેથી અતિશય સુખ મળવાથી ઘણા દેવોને આત્મ ઊદ્ધારનો વિચાર સરખો પણ આવતો નથી. મનુસ્યદેહમાં તે વિચાર આવતો હોવાથી મનુષ્યદેહ ઉત્તમ ગણ્યોછે. સવ તીર્થંકરો મનુષ્યદેહથીજ તીર્થંકર પદ પામ્યા છે. એવા મનુષ્યદેહની કીમત જેટલી ગણીએ તેટલી ઓછીજ છે. નારકીમાં દુઃખજ હોવાથી તેમને આત્માવિષે ખ્યાલ આવી શકતો નથી. એકેંદ્રી, બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી તથા પંચેંદ્રી પશુઓ વિગેરેને શુભકર્મો કરવાનો પ્રસંગ જવલ્લેજ—ઘણે ભાગે ઓછો—આવી શકે છે, તેથી તે દેહો પણ મનુષ્યદેહ કરતાં ઉતરતા છે. આમ દરેક રીતે જોતાં મનુષ્યદેહ પુણ્ય બાંધવાને માટે સર્વોત્તમ છે. મનુષ્યદેહમાં પાળવાના પાંચ આચાર છે. જ્ઞાનાચાર, દર્શ-

નાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર. જ્ઞાન મેળવવા પ્રયાસ કરવો એ જ્ઞાનાચાર છે. ગમે તેવા ધનવાન કરતાં જ્ઞાનીની જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે આ જ્ઞાન તે સામાન્ય જ્ઞાન નહિ, પણ આત્મિકજ્ઞાન સાથે સમજવું. દર્શનાચાર એટલે જીનેશ્વર ભગવાને કહ્યુંછે, તે અક્ષરે અક્ષર સત્ય છે ગુરૂગમના અભાવે તેનો અમુક ભાગ આપણુને ન સમજાય તો તેથી જીનવચન ફેર છે, એમ બીલકુલ નહિ માનતાં તીર્થંકરે પ્રરૂપેલજ સત્ય છે, એ નિશ્ચય રાખવો. તીર્થંકર સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની હતા. હાલના પશ્ચિમના વિદ્વાનો શોધખોળ તથા બુદ્ધિપૂર્વક સત્યો સમજવા સમજાવવામાં જબરા છે, એ કબૂલ, પરંતુ તેઓ એક પુર્વધરની પણ બરોબરી કરી શકે, એ લેશમાત્ર બને તેવું નથી. મતલબકે આ વિદ્વાનોની શોધખોળો, શોધખોળો તરીકે સ્વીકારી, તીર્થંકરે પ્રરૂપેલ સત્યજ છે એમ નિશ્ચય રાખવો. ગુરૂના વિનય વિના જ્ઞાન આવતુંજ નથી. ગુરૂપ્રસન્ન થઇને જે જ્ઞાન આપેછે તે જ્ઞાન ઊંડા ભાવવાળું હોવાથી સચોટ અસર કરેછે. જે માણસે આપણને શીખવ્યું હોય તેનુંજ નામ ગુરૂ તરીકે દેવું. બીજાનું નહિ. કારણકે ખોટું નામ આપવાથી મૃષાવાદનો દોષ લાગે. હાલનો શિક્ષણ લેવાનો વખત પશ્ચિમના અનુકરણથી ફરી ગયો છે, પરંતુ અસલના આર્યમુનિઓ અને આપણા ગુરૂઓ પ્રાતઃકાળજ શિક્ષણને માટે ઉત્તમ માનતા. રાત્રે નિદ્રા લીધા પછી સવારે ઉઠીએ ત્યારે મગજ શાંત નિર્મળ હોયછે, અને તેને જે આપવામાં આવે તે થોડી મહેનતે, બહુસારી રીતે લેછે, જાળવી રાખેછે, અને કાઢી આપેછે. હાલની શિક્ષણપધ્ધતિ પણ સવારનો વખત હોય તો કાંઇક ઉત્તમ પરિણામ આવે. બપોરના બાર વાગ્યાનો સમય આપણા શાસ્ત્રમાં કાળનો સમય ગણાયછે, અને તે વખતે ભણવું ગણવું નિષિદ્ધ છે. પરંતુ હવેતો પશ્ચિમના જે વહાણમાં ઝોકાવ્યુંછે તે વહાણમાં મુસાફરી કર્યાવિના બીજો ઉપાય નથી. ધામક જ્ઞાન માટે શરૂઆતનો અથવા સાંજનો વખત સ્કુલોમાં રખાય તો વધારે સારૂં. આ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ કેવા અનુક્રમમાં અને કોને પ્રમુખપદ આપીને મેળવવાના છે, તે બાબત પણ વિચારવા જેવી છે. પ્રથમ ધર્મ, એટલે કે વારસામાં મળેલા આપણા સર્વોત્તમ જૈન ધર્મની ક્રિયાઓ તથા હેતુ તથા માન્યતા એ સર્વ નિશ્ચયપૂર્વક પાળવા. તે પછી અર્થ. પૈસા મેળવવા એ અમુક અંશે વ્યવહાર નિભાવવામાટે જરૂરનું છે. પરંતુ તે ધર્મને પ્રાધાન્ય આપીનેજ મેળવવાના છે. અતિશય લોભવૃત્તિથી નહિ, પરંતુ નિર્વાહ ચાલે, ભવિષ્યમાં જરૂર પુરતો સંચય કરાય, સ્વધર્મીબંધુઓને મદદ કરવામાટે ઉપયોગમાં આવે, તથા બીજાં ધર્મ કાર્યો થઇ શકે તેવી રીતે અને તેટલું ધન મેળવાય તો બસ છે. તે પણ ધર્મને છોડીને નહિ. ધર્મની અવગણના કરીને નહિ. કોઇને છેતરીને, જુઠું બોલીને, પ્રપંચ કરીને, કોઇનો હક ડુબાવીને અથવા એવી ધર્મવિરૂદ્ધ રીતે નહિ. કામ એટલે સંસારની વસ્તુઓની ઇચ્છા. અર્થ સિવાય ઇચ્છા કરવીજ નહિ. અર્થ શક્તિ હોય તે ઉપરાંતના કામો કરવા તે વિચારીનેજ કરવા. સંસારના લગ્ન, ક્રિયા, વિગેરે સર્વ ઇચ્છાઓ અર્થશક્તિના પ્રમાણમાંજ કરવી. એ પણ ધર્મથી વિમુખ થઇને ઇચ્છા કરવાની નથી. એ ત્રણે પુરૂષાર્થ ધર્મને પ્રાધાન્ય આપીને સધાય ત્યારેજ મોક્ષ મળી શકે. તેથી વિરૂદ્ધ આચરણ

કરવાથી મળી શકે નહિ. જ્ઞાન પણ અધિકાર પ્રમાણેજ મેળવી શકાય. એક બાળક કક્કો શીખતો હોય, અને પાંચમી ચોપડીના પાઠ વાંચવા જાય, તો પાંચમી ચોપડીના પાઠોમાં તો ઘણું રહસ્ય, નવું જાણવાનું હોય, પરંતુ તે બાળકને માટે તદનજ અયોગ્ય કહેવાય તેવીજ રીતે બીજી ચોપડીમાંના છોકરાને છઠીમાં બેસાડી શકાય નહિ, પણ તેણે ક્રમે ક્રમેજ ચડવું જોઇએ, તેવીજ રીતે અધિકાર પ્રમાણેજ ગુરૂ જ્ઞાન આપે તે સ્વીકારવું. આપણો અધિકાર શું છે તે ગુરૂ—પરીક્ષક—જ જાણી શકે. સિંહણનું દૂધ સોનાના પાત્રમાંજ રહી શકે, બીજે છિદ્ર પાડી નીકળી જાય, મતલબ કે તે એવું શક્તિમાન છે, એવું ભારે છે, એવું વજનદાર છે, કે સિંહબચ્ચાનેજ તે પચી શકે, બીજાને અજીર્ણ ઉત્પન્ન કરે. તેવીજ રીતે ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જે પ્રથમ ક્રિયા આવશ્યક છે, તે ક્રિયા વિના મેળવેલું જ્ઞાન, ક્રિયાસહિત મેળવેલા જ્ઞાનની જેટલું સફળ થઇ શકતું નથી. આ માટેજ ધાર્મિક, તાત્વિક જ્ઞાન મેળવવા પહેલાં ઉપધાન જેવી ક્રિયાઓ શરીરને શુદ્ધ બનાવી મગજને—યોગ્ય ક્ષેત્રને—તૈયાર કરે છે. ગુરૂ જે સૂત્રો આપણને શીખવે તે પણ સરલ રીતેજ સમજવા. અર્થરહિતનું પોપટીયું જ્ઞાન જેમ બને તેમ ઓછું મેળવવા પ્રયત્ન કરવો. જ્ઞાનના ઉપકરણ—સાધન—સ્લેટ, પુસ્તક, નવકારવાળી વિગેરેની આશાતના ન કરવી. તેમની સાથે માનપુર્વક વર્તવું. જેટલું માન રાજાને અને તેના હુકમને અપાયછે, તેટલુંજ માન એક સિપાઇને—તે સત્તા અને હુકમ અમલમાં લાવનારને—આપીએ છીએ. તેવીજ રીતે તીર્થંકર મહારાજની સત્તા, હુકમ જ્ઞાન છે. તે અમલમાં લાવનાર સાધનોને જેમ બને તેમ માન આપવાનીફરજ છે. જૈનધર્મ સિવાય બીજા ધર્મોની અભિલાષા રાખવા યોગ્ય નથી. બીજા ધર્મો, આપણી સમજમાં ઉતરી શકે તેવી, આપણા ધર્મ વિરૂદ્ધ ન હોય તેવી, જે હકીકત આપણને સમજાવે તે સ્વીકારવાને બાધ નથી. કોઈ પણ ક્રિયા ફળ આપ્યાવિના રહેતી નથી, તો ધાર્મિક ક્રિયા પણ ફળ આપ્યાવિના રહેજ નહિ. બુદ્ધિને જડ રાખવા કરતાં જ્ઞાન મેળવી બુદ્ધિને સતેજ રાખવા યત્ન કરવો. હમેશાં ગુણવાનનોજ સંગ કરવો. અને તીર્થંકર મહારાજના શાસનમાં દૃઢ માન્યતા અને દૃઢતા રાખી ભક્તિ કરવી અને કોઈરીતે સ્વામીભાઈઓના ધર્મભાવ ઉત્કૃષ્ઠ થાય તેવી રીતે વર્તવું. સંઘ એ નદીના પ્રવાહ જેવો છે. નદીમાં કોઈ કોઇ જગ્યાએ પંક હોય તોપણ તે નિર્મળ છે. તેવી રીતે સંઘમાં પણ કોઈ અયોગ્ય માણસ હોય તોપણ તેથી સંઘની નિંદા કરવી નહિ, જીનબિંબની તથા ચૈત્યની કદી અવગણના, આશાતના, ઉપેક્ષા કરવી નહિ. પરંતુ હમેશાં ઉદ્યમવંત રહી તે તે વસ્તુઓ સારી રીતે જળવાઇ રહે, યોગ્ય વ્યવસ્થા જળવાય એવો પ્રયાસ કરવો. દેવદ્રવ્ય કદી ઉચાપત કરવું નહિ. ઉચાપત કરવામાં સામેલ પણ થવું નહિ. કારણકે ધર્મ એ મનને પવિત્ર કરનાર વસ્તુ પણ મનને પવિત્ર ન કરીશકી, અને તેનું પણ ગેરવ્યાજબી રીતે દ્રવ્ય ઉચાપત થયું ત્યારે બીજાનું થાય તેમાં નવાઈશી ? રાજાનો ભંડાર તોડવાની જેનામાં હિમત હોય, તે સામાન્યનો તોડે એમાં નવાઈશી ?

---

# મી. લાભશંકર લક્ષ્મીદાસનો સ્તુત્ય પ્રયાસ.

માંસાહાર છોડીને વનસ્પતિનો ખોરાક લેવાથી કેવાં કેવાં દરદોથી મુકત થવાય છે તે સંબંધી Good News for the Afflicted નામનું ચોપાનીયું મી. લાભશંકર લક્ષ્મીદાસે લખેલું છે, તેનો અલીગઢવાળા મુસલમાનોની કોલેજના વીદ્યાર્થીઓ પાસે શેઠ માણેકચંદ પાનાચંદે ઉર્દુ ભાષામાં તરજુમો કરાવી ઈનામો આપ્યાં હતાં. તેમાંનો સર્વેથી પહેલા નંબરનો તરજુમો મુંબઈની ઈસલામ હાયસ્કુલના આસીસ્ટંટ સેક્રેટરી મી. તાલબઅલી મારફતે છપાવવામાં આવ્યો છે કે જેથી કરીને અંગ્રેજી નહીં જાણનારા મુસલમાન તે ચોપાનીયાનું જ્ઞાન મેળવી શકે. માંસાહારથી ત્રાસદાયક ઘાતકીપણું જનાવરોઉપર ગુજરે છે તે એક તકરારી સવાલ છે, પણ તે ખોરાકથી માણસના શરીરને જે અનેક જાતના દરદો લાગુ થાય છે, તે દુર કરવાની જરૂર અલબત તમામ કોમના લોકો વગર તકરારે કબુલ કરે છે. મી. લાભશંકરે પોતાના ચોપાનીયામાં જે અંગ્રેજ, અમેરીકન તથા પારસી દરદીઓની હકીકતો એકઠી કરેલી છે, તે ખરેખર જાણવા જોગ છે અને અમે જાણીને ખુશી થઈએ છીએ કે તે ચોપાનીયામાંના લખાણનો અમલ કરવાથી કેટલાં દરદીઓ પોતાના દુખથી મુકત થયાં છે.

અચાંઓને ઘરેણાં પહેરાવવાથી તેમનાં જે કમકમાટ ભર્યા ખુનો થાય છે તે સામે મી. લાભશંકરે જે પોકાર ઉઠાવેલો છે તેને સાંજ વર્તમાનના અધિપતિ સાહેબે ખાસ ટેકો આપ્યો છે. આ મહા પાપ અટકાવવાનું કામ મરદો કરતાં સ્ત્રીઓના હાથમાં વધારે છે, અને તે માટે એક લીફલેટ મી. લાભશંકરે લખેલું છે.

પીછાંવાળી ટોપીઓ માટે બીચારા પક્ષીઓને ઘણી ઘાતકી રીતે મારી નાંખવામાં આવે છે, તેથી પીછાંવાળી ટોપીઓનો ધંધો આ દેશમાં બંધ કરવા મી. લાભશંકરે નામદાર વાઈસરાય લૉર્ડ મીંટોને અરજી કરેલી છે, અને તે અરજીના ટેકામાં લંડનની બાદશાહી પક્ષીરક્ષક મંડળી તરફથી તે નામદારને એક પત્ર લખવામાં આવ્યો છે.

આપણા કમાંડર ઈનચીફ લૉર્ડ કીચનરે હીંદી લશ્કરને રોગની અટકાયત સંબંધી જ્ઞાન આપવાની ખાહેશ જાહેર કરવાથી મી. લાભશંકરે તે નામદારને એક અરજી કરી છે અને તેમાં લંડનમાં જેવી રીતે અનકુળ શાકનો ખોરાક આપી દરદીઓને સાજા કરવા માટે ઓસ્પીટલ છે તેવી એક ઓસપીટલ આ દેશના લશ્કરી દરદીઓના લાભ માટે ઉઘાડવા અરજ કરી છે.

---

# લોર્ડ કીચનરને મી. લાભશંકરની અરજ.

### દરખાસ્ત ધ્યાનમાં લેવાશે.

આ દેશના બ્રીટીશ ઓફીસરો તથા સોલજરોને રોગનો અટકાવ કેમ કરવો તે સંબંધી જ્ઞાન આપવાની લોર્ડ કીચનરે ખાએશ જાહેર કરવાથી મી૦ લાભશંકર

લક્ષ્મીદાસે તે નામદાર જોગ એક પત્ર લખ્યો છે -તેમાં લંડનના જાણીતા તબીબ ડાક્ટર અલેકઝાંડર હેગ તથા મુક્તીફોજના વડા મી. બુથના અભીપ્રાયો ટાંકીને લંડનની પાસેની Lady Margaret Fruitarian Hospital માં અંગ્રેજ દરદીઓને અનફળશાકના ખોરાકથી સાજા કરવામાં આવે છે તે તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે અને છેવટ તે નામદારને એવી અરજ કરવામાં આવી છે કે હીંદુસ્તાનના લશ્કરી દરદીઓના લાભ માટે એવી એક આસપીટલ ઉઘાડવાની મહેરબાની કરવી કે જેમ કરવાથી તેઓ સાહેબ માણુસ જાતની એક મોટી સેવા બજાવશે.

સદરહુ અરજીના જવાબમાં કમાંનડર ઈન ચીફ તરફથી લશકર ખાતાના વડા મેડીકલ ઓફીસરે મી૰ લાભશંકરને એક પત્ર લખી એવું જણાવ્યું છે કે તેમણે કરેલી દરખાસ્ત ધ્યાનમાં લેવામાં આવશે.

અનફળશાકના ખોરાકના શારીરીક ફાયદાનું જ્ઞાન હીંદી લશ્કરમાં ફેલાવવા માટે લંડનમાં એક ખાસ કમીટી નેમવા સારૂ જાણીતા વેજીટેરીયન મી૰ માઈલ્સને મી૰ લાભશંકરે પત્ર લખયો છે.

---

# કૉન્ફરન્સ ઑફીસમાં ચાલતું કામકાજ.

ડીરેકટરી ખાતું—જૂનાગઢ સ્ટેટ તાબાનાં ગામ ૬૩ ઘર ૫૦૦ વસ્તી ૨૦૦૦ ની ગણત્રી કરી, તારવણીબુકમાં ચડાવી. જામનગર સંસ્થાન તાબાનાં ગામો ૧૭૨ ઘર ૩૩૦૦ વસ્તી ૧૩૫૦૦, ઝાલાવાડ અને ગોહેલવાડનાં ગામ ૧૩૫ ઘર ૨૮૦૦ માણુસ ૧૧૦૦૦ ની ગણત્રી કરી, બૂકમાં ચડાવી. અમદાવાદ જીલ્લાનાં ગામો ગણી તૈયાર કરેલાં તાલુકાવાર બૂકમાં ચડાવ્યા. કડીપ્રાંતની સામાન્ય ને સાંસારિક તારવણી પૂરી કરી. હિંદુસ્તાનનાં ગામોમાં આગેવાનોના નામો માટે ૭૫ પત્રો લખ્યા. કડી અને કચ્છની દેરાસરોની તારવણી તૈયાર કરી. ગુજરાત કાઠીયાવાડના દેરાસરોની તારવણીનું કામ ચાલુ છે. અમદાવાદ, વડોદરા, ભરૂચ, ખેડા અને કડી જીલ્લાના આગેવાનોનાં નામ બૂકોમાં ચડાવ્યા. ઝાલાવાડ પ્રાંતના પણ ચડાવ્યા. પાલણપુર જીલ્લાના તથા અમદાવાદ જીલ્લાના ૨૩ ગામો, ૧૫૦ ઘર, માણુસ ૩૦૦૦ ની ગણત્રી કરી.

તપાસણી કરનાર બન્ને માણુસો પોતાનું કામ પૂરૂં કરી હાલ આંહી ઓફીસમાં કામ કરેછે.

અકટોબરમાં ખર્ચ નીચે પ્રમાણેઃ—

| | |
|---|---|
| રૂ. ૪—૭—૯ | પોષ્ટ. |
| ૪-૧૧—૬ | પાર્સલ. |
| ૬—૪—૦ | સ્ટેશનરી |
| ૧૦૬—૯—૦ | પગાર જણ ૭ ને, |
| ૬—૮—૩ | પરચુરણ |
| ૧૫૦—૦—૦ | પ્રતાપગઢ ઑફીસખાતે |
| ૨૭૯—૮—૬ | |

કૉન્ફરન્સ હેરલ્ડ ખાતું—લવાજમના રૂ. ૨૯૬) આવ્યા છે. ખર્ચ નીચે પ્રમાણે:—

રૂ. ૫—૦—૯ પત્રવ્યવહાર

૧૫—૦—૦ પ્રૂફ તપાસનાર તથા મેટર લખનારને

૧૭—૦—૦ પત્રવ્યવહાર કરનાર કારકુનને.

૩૨-૧૧—૨ ટપાલ ખર્ચ

૦-૧૫—૦ પરચુરણ

૧—૪—૦ સ્ટેશનરી

૭૧ ૧૪-૧૧

નિરાશ્રિત ખાતું—અકટોબરનો ખર્ચ નીચે પ્રમાણે:—

રૂ. ૪-૧૩—૦ અનુસની ફેરીમાટે, ૧ જણને.

૫—૦—૦ મીઠાઈની ,, ,,

૩૬—૦—૦ શોર્ટહેન્ડ, ટાઈપરાઇટીંગ તથા બૂક કીપીંગના ૧ વિદ્યાર્થીને છેલ્લા હફતાના

૨૦—૦—૦ ,, ,, ના એક વિદ્યાર્થીને છેલ્લા હફતાના-

૧૫—૦—૦ શોર્ટહેન્ડ, ટાઇપરાઇટીંગના, ૧ વિદ્યાર્થીને છેલ્લા હફતાના.

૪—૦—૦ નિંગાળાના ત્રણ વિદ્યાર્થીને વેતન

૩—૦—૦ વડોદરે બાળાશ્રમમાં જવા ૧ વિદ્યાર્થીને ટીકેટ વિગેરેના.

૨૦૦—૦—૦ વડોદરા બાળાશ્રમના ઑનરરી સેક્રેટરી ફતેભાઈ લાલભાઈ ગાંધીને.

૧—૯—૦ આંખે અપંગને વસ્ત્ર

૨—૫—૬ પુનાની, ૧ ડોશીને અનાજ

૨૪—૦—૦ પછેગામના ૬ જણને બે માસમાટે ખોરાકીના.

૪—૦—૦ નિંગાળે, ૧ જણને મોકલ્યા.

૨૭—૦—૦ અંબાલાના ૨ જણને ત્યાંની ટીકેટ કરાવી આપી.

૧૪—૧—૦ ચાર જણને ખોરાકીમાટે.

૩૬૦-૧૨—૬

કેળવણી ખાતું—

રૂ. ૫—૦—૦ પન્નાલાલ હાઈસ્કુલના ત્રીજી ઇંગ્રેજીના એક વિદ્યાર્થીને સ્કૉલરશિપ.

૧૨—૦—૦ લીંબડીના, ૧ વિદ્યાર્થીને મૅટ્રીકમાં બેસવાની ફી.

૧૨—૦—૦ કુંડલાના ,, ,, ,,

૨૬-૧૨—૩ શ્રાવિકાશાળાને ખર્ચના (માંગરોળ જૈન સભા તરફથી શ્રાવિકા શાળા ઉઘડવાથી હવે આ શ્રાવિકાશાળા બંધ કરી છે. માંગરોળ સભાવાળી શ્રાવિકાશાળાને મદદ અપાયછે.)

૨૦૦—૦—૦ લાલબાગ બોર્ડીંગમાં ચાલુખાતા પેટે મદદ.

૨૫૫-૧૨—૩

પુસ્તકોધ્ધાર ખાતું:—

રૂ. ૧—૭—૬ પાર્સલ માટે.

જીવહિંસા ખાતું:—

રૂ, ૦—૧૨—૦ બુક ૧ ના

૨૪૩—૦—૦ "પશુવધ નિષેધ ભાગ ૧ લો" ૧૦૦૦ નકલ છપામણ.

રૂ. ૦—૬—૬ ટપાલ ખર્ચ

૦—૧૩—૦ પરચુરણ.

૨૪૪-૧૫—૬

કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતું:—

રૂ. ૭૫—૦—૦ આસિસ્ટંટ સેક્રેટરીને

૧૪—૨—૦ જીવદયાના કામ માટે રાખેલા, ૧ કલાર્કને

૩૦—૦—૦ કારકુનને

૭—૧૧—૦ પટાવાળાને

૧૨૬—૧૩—૦

રજપુતાના બ્રાંચ ઓફીસ—આગસ્ટ મહીનામાં ઇન્સ્પેકટર હીરાલાલજી પચભદ્રા પ્રગણાના ૧૦૫ ગામમાં ફર્યા તેમાં ૭૭ ગામોમાં જૈન વસ્તી છે નહીં. બાકીનાં ૨૮ ગામોમાં જૈન વસ્તી છે, તેની ડીરેકટરી કરવામાં આવી. વળી મેવાડના શાહપુરા જીલ્લાની તજવીજ કરવામાં આવી તેમાં તે જીલ્લામાં કુલ ૧૫૦ ગામોમાંથી ફક્ત ૩૫ ગામોમાં જૈન વસ્તી છે.

મેવાડ રાજ્યમાં ડીરેકટરી કરવાને સારૂ ત્યાંના દરબાર શ્રીની પરવાનગી લેવી જરૂરી સમજીને ઇન્સ્પેકટર હીરાલાલજી તથા મેવાડને માટે નીમેલા ઇન્સ્પેકટર ગોવીંદસીંહજીને ઉદયપુર મોકલવામાં આવ્યા તથા ત્યાંના પ્રધાન સાહેબ મહેતાજી શ્રી ભોપાળસીંહજી તથા કુંવર ફતેલાલજી મહેતા તથા સંગીજી શ્રીવચ્છરાજજી વીગેરે રાજ્યના અધિકારીઓ ઉપર પત્રો લખવામાં આવ્યા. નામદાર મહારાણા સાહેબ હાલમાં સ્વારીમાં હોવાથી પરવાનગી મેળવવામાં કાંઇક ઢીલ થશે, પરંતુ મે. દીવાન સાહેબની આ કાર્ય તરફ પુરતી દીલસોઝી હોવાથી આશા છે કે કામ જલદી થઈ જશે.

ભીણાય જીલ્લે અજમેરમાં જૈન દેરાસર ૪ છે. ઓશવાલોના ઘર ૧૫૦ છે, તેમાં મુર્તીપૂજક ફક્ત એકજ ઘર રહ્યું છે. પરંતુ હાલમાં થોડા વખતથી પીપાડવાળા છોગાલાલજીના પ્રયત્નથી ૫—૬ ઘરવાળાઓની શ્રધ્ધા દ્રઢ થઈ છે અને તેઓ દેરાસરજીમાં સેવા પુજા કરે છે. દેરાસરજીની ઉપજ, લગન, જમણ, આદી પ્રસંગોપર લાગામાંથી આવે છે, પરંતુ તે લોકો આ ઉપજને પંચાયતી રૂપીયામાં સામેલ કરી દે છે, અને ખર્ચ પણ તેમાંથી આપે છે. કેશર ધુપમાં ખર્ચ ઘણું ઓછું આપે છે. દેરાસરજીમાં એક પ્રતિમાજી ખંડીત છે.

# શ્રી ધાર્મીક સંસ્થાઓના હીસાબ તપાસણી ખાતું.

## જીલ્લે ખેડામાં આવેલાં ગામોના રીપોર્ટ.

ગામ ખાંધલી મધે આવેલા શ્રી મુનિ સુવ્રત સ્વામીજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ–સદર દેરાસરના સંઘ તરફથી વહિવટ કર્તા શા. છગનલાલ કીશોરદાસના હુસ્તકનો સં. ૧૯૫૮ થી સં. ૧૯૬૨ ના આશો વદ ૩૦ સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં અત્રેના દેરાસરજીમાં પુજારી રાખવામાં આવ્યો નથી, પણ શ્રાવક વારાથી પુજા કરે છે, દેરાસરજીનું કામ ઘણું અધુરૂં છે તથા ઉપરના ભાગની તપાસ કરતાં થયેલું કામ જીર્ણ થવા લાગ્યું છે. આ દેરાસરમાં બીજી મીલકત જોવામાં આવતી નથી. પણ ઘણાં વરસના લોકો પાસે લેણા રૂપીઆ છે તે મધે કેટલાએકની સ્થિતિ નરમ થવાથી તથા કેટલાએક આસામીઓ એક બીજાના વાદ લેવાથી, તથા કેટલાકની તરફ સંઘની ઉઘરાણીની ઢીલ હોવાથી તે રૂપીઆ પતતા નથી, માટે ધીરેલા નાણાં જેમ બને તેમ તાકીદે વસુલ કરી લેઈ દરેકને દેવ દ્રવ્યથી મુક્ત કરવા અને દેરાસરનું કામ અધુરૂં છે તે પુરૂં કરવા સુચના આપી છે.

ગામ ખેડામધે શ્રી પદ્મ પ્રભુજી મહારાજના ( દલાલના ) દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—સદરહુ દેરાસરના સંઘ તરફથી વહીવટ કરતા શેઠ વીરચંદ પરભુદાસના તરફથી શા. નાનાલાલ વીરચંદના હુસ્તકનો સંવત ૧૯૫૯–૬૦–૬૧ ની સાલનો હીસાબ તપાસ્યો છે તે જોતાં આ વહીવટની અંદર દરસાલનાં સરવૈયાં કાઢેલાં છે, તે જોઈ ખુશી થવા જેવું છે, પણ આગળના વહીવટ કર્તાની ગેરસમજથી કે શાથી દેરાસરજીનું કેશરસુખડ, આંગી વીગેરે ખાતાનું નામું અવળ સવળ એક બીજામાં જમે ખર્ચ પડ્યું છે, પણ તે સુધારો કરવાસંબંધી તથા બીજો કેટલોએક સુધારો કરવા યોગ્ય છે તે પ્રમાણે તાકીદે સુધારી લેવા સુચના કરવામાં આવી છે.

ગામ ધરોડા જીલ્લે ખેડાના શ્રીઆદીશ્વરજી મહારાજના દેરાસરનો રીપોર્ટ—સદર દેરાસરનો હીસાબ તપાસ્યો તો તેના નામાનો પતો નથી ને આ ખાતાના કેટલાક રૂપીઆ શ્રાવકો પાસે લહેણા છે, જે લોકો અમદાવાદ રહેવા જતા રહ્યા છે. આ ગામમાં આપણી વસ્તી ઘણીજ જુજ છે, એટલે તેની કોઈ સાર સંભાળ લેઈ શકે તેમ નથી. દેરાસરજીનો અંદરનો ગભારો અધુરો છે તથા બહારનો ભાગ તદન જીર્ણ થઇ ગયો છે. એક ઘણી નાની પાષાણની તથા બીજી ત્રણ નાની પંચ ધાતુની મુર્તીઓ છે જે લાકડાના કબાટમાં મુકવામાં આવી છે. આવી સ્થિતિને લીધે અહીં ઘણીજ આશાતના થાય છે. માટે અત્રેથી ઉથાપન કરી ભગવાનને કોઇ બીજે ઠેકાણે લઈ જવામાં આવે તો યોગ્ય ગણાય.

ગામ માતરની સાચા દેવ જૈન પાઠશાળાનો રીપોર્ટ—અમોએ સદર પાઠશાળાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ શાકરચંદ હીરાચંદના હુસ્તકનો સંવત ૧૯૬૦–૬૧–૬૨ ની સાલનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં વહીવટ કરતાએ નામું ચોખી રીતે રાખેલું છે તથા પાઠશાળાના કામમાં પોતાનો અમુલ્ય વખત રોકી જે પ્રયાસ કર્યા કરે છે, તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

**ગામ ખેડાના શ્રી ભીડભંજન પાર્શ્વનાથજીના મોટા દેરાસરજીનો તથા તેને લગ ખોડા ઢોર ખાતાનો તથા તેના પેટામાં શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજી ખાતા વહીવટનો રીપોર્ટ**—અમોએ સદર ત્રણ ખાતાઓનાં શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ભાઈલાલભાઇ અમૃતલાલના હસ્તકનો સંવત ૧૯૫૯-૬૦-૬૧ ના આશો વદ ૩ સુધીનો હીસાબ તપાસ્યો છે, તે જોતાં તે દેરાસર લગભગ ચારશો વરસનું જુનું છે તે દીવસથી તે આજ સુધી તેના આગળના વહીવટ કર્તાઓએ નામાની અંદર કેટલ એક ખાતાની બાકીઓ ચઢાવેલી નહીં તથા જમે ખર્ચ નાખેલો નહીં. ફક્ત રોકડ સાબુત રાખી કામ ચલાવેલું છે, તેથી આજ સુધી કોઈ સાલનું સરવાયું નીકળેલું ન હોતું. એવી રીતે આગળનું નામું અવ્યવસ્થાસર હતું, પણ હાલમાં શેઠ ભાઈલાલભાઇ નામાના આહોશ ગૃહસ્થ હોવાથી કેટલુંક નામુ સુધારા ઉપર લાવ્યા છે તથા હજુ પણ લાવવા પ્રયત્ન કર્યા જાય છે, તે ઘણું ખુશી થવા જેવું છે—આ નામાના પેટામાં સ્વામીવત્સલનું નામું ( હીસાબ ) જુદું રાખવામાં આવે છે. તથા પ્રભાવનાનો હીસાબ પણ જુદો રાખવામાં આવે છે અને તેની શીલીકો પણ અલગ રાખેલી છે.

ખોડા ઢોરની ચુડીઓના નંગ મેળની ચોપડી જુદી છે.

ખોડા ઢોરના જાનવરોનાં નંગ મેળ બરોબર રાખવામાં આવે છે. ઉપર જણાવેલા ખાતાનો સઘળો વહીવટ શેઠ. ભાઇલાલભાઈ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી, નીખાલસ મનથી ચલાવે છે. તેથી તેમને પુરો ધન્યવાદ ઘટે છે.

**શ્રી નવાગામ જીલે ખેડા મધેના શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરજીના વહીવટ તથા ખોડા ઢોરના વહીવટને લગતો રીપોર્ટ**—અમોએ સદર દેરાસરજીનો તથા ખોડા ઢોરના વહીવટનો હીસાબ સંવત ૧૯૫૯ થી ૬૨ ના આશો વદ ૩)) સુધીનો તપાસ્યો છે, તે જોતાં તેના વહીવટ કર્તા શા. હરીલાલ જેશીંગભાઈ નાની ઉમરના હોવાથી તેમની વતી શા. ચુનીલાલ અમ્રતલાલ ચલાવે છે. પણ તેમને વૈશ્નવ સંપ્રદાયનાં હોઇ જૈન શૈલીની માહીતી નહીં હોવાને લીધે બન્ને વહીવટનું નામું રીતસર રાખ્યું નથી, પરંતુ પોતે સરળ મનના હોવાથી તે ઉપર તેમનું ધ્યાન ખેંચતાં અમારી સુચના પ્રમાણે સુધારો કરી દીધો છે. તેમાટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે. અમોએ અત્રે સંઘ એકઠો કરી કૉન્ફરન્સના હેતુઓ તથા તેમના ચાલતા કામકાજ ઉપર ભાષણ આપ્યું, તે સાંભળી અત્રના સંઘે કૉન્ફરન્સના નિભાવ માટે ચાર આનાનું ફંડ અત્રેથી દરસાલ ઉઘરાવી મુંબાઈ મોકલી આપવા ઠરાવ કર્યો છે. તેથી શ્રી સંઘનો પુરે પુરો ઉપકાર માનીએ છીએ.

**ગામ નાયકા જીલે ખેડા મધ્યે આવેલા શ્રી ચંદ્ર પ્રભુજીના દેરાસરજીના તથા ખોડા ઢોર અને ઉપાશ્રય ખાતાનો રીપોર્ટ**—અમોએ સદર ત્રણ ખાતાનો હિસાબ સં. ૧૯૫૮ થી. ૬૧ સુધીનો તપાસ્યો છે. તે જોતાં તેના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શેઠ સમજુભાઇ ઉર્ફે દામોદરદાસ જેઠાભાઇ એક જુના અને સરળ વીચારના માણસ છે. તેમણે પોતાના નીખાલસ મનથી ઉપરના ત્રણે ખાતાનો વહીવટ ચલાવેલો જોવામાં આવે

છે. પરંતુ વહીવટ કર્તાની અણુસમજથી દેરાસરજીની ઉપજ ખરચ એકજ ખાતે રાખવા વિગેરે નામાની અવ્યવસ્થા હતી પણ તે બતાવતાં વાર તરત તેમણે સુધારી લીધુ છે, તેથી તેમને ધન્યવાદ ઘટે છે. અત્રે બે દીવસ સભા ભરી કોન્ફરન્સના હેતુઓ સમજાવવામાં આવ્યા હતા, તે ઉપરથી સંઘે વીચાર કરી કોન્ફરન્સના નીભાવનું ચાર આનાનું ફંડ પોતાના ગામમાંથી ઉઘરાવી દરસાલ મોકલી આપવા ઠરાવ કર્યો છે. તેથી ત્યાંના સંઘનો પુરે પુરો આભાર માનીએ છીએ.

## પ્રાંત કડી તાબાના ગામોના રીપોર્ટ.

ગામ સુરજ તાલુકે કડી મધે આવેલા શ્રી. શીતળ નાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ—અમોએ સદર દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ. વાડીલાલ ગુલાબચંદ તથા શા. મોહનલાલ લલ્લુભાઈ તથા શા. નાથાલાલ ઉગરચંદના હસ્તકનો સંવત ૧૯૬૨ ના કારતક સુદી ૧ થી તે આસો વદી ૮ સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં વહીવટ કર્તાઓ તરફથી પોતાના નીખાલસ દીલથી નામું સાદી રૂઢી મુજબ બેઠી ખાતાવહીમાં રાખવામાં આવેલ છે. તો પણ દેરાસરજીના પૂજનને લગતો ખરચ તેની મીલકતમાંથી કરતા નથી ને તેને લગતા વહીવટમાં સુધારો વધારો કરવા વહીવટ કરતા ગૃહસ્થો પુરતી મહેનત લે છે. તેને માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

## જીલે અમદાવાદ તાબાના ધોળકા તાલુકાના ગામોના રીપોર્ટ.

ગામ ગાંગડ તાલુકે ધોળકા મધે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજીનો તથા સ્વામીવત્સલના વહીવટને લગતો રીપોર્ટ—સદર ખાતાના વહીવટ કરતા શેઠ દીપચંદ હીરાચંદે સંવત ૧૯૫૦ સુધીના પ્રથમના વહીવટ કરતાના હસ્તકના ચોપડા રજુ કરતાં તે વહીવટ બરાબર ચોખી રીતે રાખેલો હોય એમ જણાય છે. ત્યાર પછીના વહીવટના ચોપડામાં કાંઈ હીસાબ વહીવટ કરતા શેઠ દીપચંદે હીરાચંદે લખેલ નથી ને પોતાના ચોપડામાં તેમ બીજા ગૃહસ્થોના ચોપડામાં નામુ રાખી વહીવટ ઘણો ગોટાળા ભરેલો કરી નાખેલો જોવામાં આવેલ છે. વાર્ષિક આવક ખરચ કરતાં વધારે છે. છતાં મીલકત કાંઈ જણાતી નહીં હોવાથી અમારે ત્રણ દીવસ મુકામ રાખી તમામ જૈન ગૃહસ્થોના તેમજ અન્ય દર્શનીઓના ચોપડા તપાસી તથા તજવીજ ચલાવી નવેસરથી મેળ તથા ખાતાના ચોપડા બાંધી તેમાં જૈન શૈલી મુજબ હીસાબ લખાવી શેઠ છગનલાલ ડુંગરશી તથા સલોત ડાહ્યાચંદ ઝવેર. ભલા અને ગૃહસ્થ હોવાથી તેમને કામચલાઉ વહીવટ કરતા નીમી વહીવટ તેમના સ્વાધીન કરવામાં આવ્યો છે. આ ખાતુ શ્રી કોઠ ગામને લગતુ છે. તો ત્યાંના જૈન ગૃહસ્થોને ટ્રસ્ટી નેમી તેમની દેખરેખ તળે ચલાવવામાં આવશે તો આગળ આ ખાતાનું ભવીશ્ય સુધરવા ધારીએ છીએ.

શ્રી કોઠનગર તાલુકે ધોળકામધે આવેલા શ્રી આદીશ્વરજી મહારાજના દેરાસરજીને લગતા શ્રી સાધારણ ખાતાનો ભાગ ½ નો તથા તેના પેટા ખાતામધેના શ્રી મહારાજની વર્ષ ગાંઠની નોકારશી ખાતાનો રીપોર્ટ—અમોએ સદર ખાતાનો હીસાબ સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આશો વદ ૩૦ સુધી તપાસ્યો છે. આ ખાતાના વહીવટકર્તા શેઠ લાલચંદ રતનચંદે પોતાનો કીમતી વખત રોકી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે. તેથી તેને ધન્યવાદ ઘટે છે.

**શ્રી કોઠનગરમધે આવેલા શ્રી આદીશ્વરજી મહારાજના દેરાસરજીને લગતા શ્રી સાધારણ ખાતામધેના પેટા ખાતામાંના શ્રી સ્વામીવત્સલ ખાતાનો રીપોર્ટ**—સદર ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ હઠીસંગ ગગાભાઈ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના આસો વદી ૩૦ સુધીનો હીસાબ તપાસ્યો છે. આ વહીવટ ઘણો ચોખી રીતે રાખેલો જોવામાં આવે છે. ને જેમ જેમ ખામી જણાતી જાય છે તેમ તેમ તેનો બંદોબસ્ત કરવા વહીવટ કરતા તત્પર રહેલ જોવામાં આવે છે, તેથી તેમને ધન્યવાદ ઘટેછે.

**શ્રી કોઠનગરમધે આવેલા શ્રી આદીશ્વરજી મહારાજના દેરાસરજીને લગતા શ્રી સાધારણ ભાગ અર્ધાના તથા તેના પેટા ખાતામાંના કેસર સુખડ ખાતાનો રીપોર્ટ**—સદર ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ. લલ્લુભાઈ ચકુભાઈના હસ્તકનો સંવત ૧૯૬૦–૬૧–૬૨–નો હીસાબ તપાસ્યો તે જોતાં વહીવટ ઘણો ચોખો રાખવામાં આવેલો છે.

**શ્રી કોઠ નગરમધે આવેલી શ્રી પાંજરાપોળના પેટા ખાતામાંના શ્રી વેજલકાની જમીનના વહીવટ ખાતાનો રીપોર્ટ**—સદર ખાતાના શ્રી. સંઘ તરફથી વહીવટ કરતા શેઠ. પોપટભાઈ સુળચંદ, શેઠ. સુંદરજી લલુભાઈ તથા શેઠ ત્રીકમભાઇ રાયચંદના હસ્તકનો સંવત ૧૯૫૯–૬૦–૬૧–૬૨ નો તપાસ્યો છે. તે જોતાં વહીવટ ઘણો સારી રીતે ચોખવટ વાળો માલુમ પડે છે. ને દીન પ્રતીદીન સુધારો કરી ઉપજ વધારવા પ્રયત્ન કરે છે. શેઠ. પોપટભાઇ સુળચંદ વેપારના ઘણાજ બોજામાં હોવા છતાં દરેક વખતે દરેક કાર્યમાં તન મન ને ધનથી ભાગ લેછે તે માટે તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

**શ્રી કોઠ નગરમધે આવેલા શ્રી આદીશ્વરજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ**—સદર દેરાસરનો શ્રી સંઘ તરફથી શેઠ. રઘુભાઈ સાંકલચંદ વહીવટ ચલાવે છે. તેમની પાસેથી સંવત ૧૯૬૦–૬૧–૬૨ ની શાલનો હીસાબ તપાસ્યો છે. અમોએ જેટલા વર્ષનો હીસાબ જોયો તેમાં સદર વહીવટ કરતાએ પોતાનો કીમતી વખત રોકી વહીવટ ઘણો સારી રીતે ચલાવવામાં આવેલ છે જેથી ભવીષ્યમાં આ ખાતુ વધારે સુધારા ઉપર જાય તેમ દેખાય છે. અહીં પુજન વીગેરે બાબત માટે ઘણોજ ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત રાખેલો જોઈ બહુજ આનંદ ઉત્પન થયો છે. અને તે બદલ દરેક ધર્માદા ખાતાના વહીવટ કરતા ગૃહસ્થોને વીનંતી કરીએ છીએ કે ઉપર જણાવેલ ખાતા તરફ ધ્યાન આપી તેની પુરે પુરી નકલ કરશો જેથી વહીવટ કરતા ગૃહસ્થો પોતે અણહદ પુન્ય પ્રાપ્ત કરી સદ્ગતીના ભોકતા થશે.

**શ્રી કોઠ નગરમાં આવેલી શ્રી. જૈન પાઠશાળાનો રીપોર્ટ**—સદર પાઠશાળાના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ લાલચંદ રતનચંદ પાસેથી સંવત ૧૯૬૧–૬૨ નો હીસાબ અમોએ તપાસ્યો છે. તેઓએ પોતાનો કીમતી વખત રોકી વહીવટ ઘણી સારી રીતે ચલાવેલો માલુમ પડે છે નેદીન પ્રતીદીન સારા પાયા ઉપર લાવવા પ્રયત્ન કરે છે. આ ખાતાના માસ્તર મી. મોહનલાલ નગીનદાસ પોતાના મળતા લવાજમ ઉપર ધ્યાન નહીં રાખી તનમનથી આ ખાતુ સુધારવા ઘણોજ પ્રયાસ કરે છે જેથી વીદ્યાર્થીઓનો

અભ્યાસ ઘણો સારો જોવામાં આવે છે. આ ખાતામાં કાંઇ પણ અવિનય થતો જોવામાં આવતો નથી જેથી ઘણુંજ ખુશી થવા જેવું છે ને આશા રહે છે કે થોડી મુદતમાં આ ખાતુ આગળ પડતુ થશે.

શ્રી. કોઠ નગરમધે આવેલા શ્રી શીવલાલના પુન્યાર્થ જમીન ખાતાનો રીપોર્ટ—સદર ખાતાનાશ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ. હઠીસંગ ડાહ્યાભાઇ હસ્તકનો સંવત ૧૯૬૦ થી ૬૧-૬૨ ના આસો વદી. ૩૦ સુધીનો હીસાબ તપાસ્યો છે તે જોતાં વહીવટ કરતા ગૃહસ્થોએ વહીવટ સારી રીતે ચલાવીને પુરે પુરી દેખરેખ રાખેલી છે ને વહીવટમાં સુધારો કરતા જાય છે.

શ્રી કોઠ નગરમધે આવેલી શ્રી પાંજરાપોળના પેટા ખાતામાંના શ્રી ચરીયાણાની જમીનના વહીવટ ખાતાનો રીપોર્ટ—સદર ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટ કરતા શેઠ. ત્રીકમભાઈ રાયચંદના હસ્તકનો હીસાબ સંવત ૧૯૬૦-૬૧-૬૨ નો તપાસ્યો છે. વહીવટ ઘણો ચોખો રાખવામાં આવેલો છે. અને વખતો વખત જે જે ભૂલો માલમ પડતી આવે છે તે તે સુધારવા પ્રયત્ન કરે છે. પોતે પોતાના કામના બોજાતળે વધુ હોવા છતાં આ ખાતા તરફ સારૂ ધ્યાન આપે છે તેથી તેમને પુરે પુરો ધન્યવાદ ઘટે છે.

ઉપર જણાવેલ શ્રી ખેડાજીલ્લાના, કડીપ્રાંતના તથા અમદાવાદ જીલ્લાના જુદા જુદા ગામોના ધર્માદા ખાતાઓના હીસાબો તપાસતાં જે જે ખાતાઓમાં જે જે ખામીઓ માલુમ પડી તથા જેમાં કેટલીક નામા વીગેરેની રૂઢીઓમાં ફેરફાર કરવા જેવું દેખાણું તેને લગતાં સુચના પત્રો તે દરેક ખાતાના વહીવટ કરતા ગૃહસ્થોને આપવામાં આવ્યાં છે

લી. શ્રી સંઘનો સેવક.

**ચુનીલાલ નાહાનચંદ.**

ઓ. ઓ. શ્રી. જૈન. શ્વે. કોન્ફરન્સ.

---

# અમદાવાદ ઓફીસનો આસો માસનો હિસાબ.

૨૭૧--૧૫--૦ વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપી તેની વીગત.

| | | | |
|---|---|---|---|
| ૬--૦--૦ | અમદાવાદ | ૨૩--૦--૦ | વડાલી |
| ૧૮--૦--૦ | ,, | ૪--૦--૦ | ,, |
| ૧૭--૦--૦ | ,, | ૧--૦--૦ | કપડવંજ |
| ૧--૮--૦ | ,, | ૫--૦--૦ | દરાપુરા |
| ૧--૮--૦ | ,, | ૩--૦--૦ | ,, |
| ૨--૦--૦ | ,, | ૪--૦--૦ | વાંકાનેર |
| ૦-૧૧--૬ | મોરબી | ૨--૦--૦ | ધોલકા |
| ૮--૧--૬ | ખેડા | ૧૨--૦--૦ | પડધરી ( મુંબઈ ) |
| ૪-૧૫--૦ | ,, | ૨૭--૦--૦ | મુંબઈ |
| ૭--૦--૦ | ગોધાવી | ૭૨--૦--૦ | ભાવનગર ( મુંબઇ ) |

૬—૦—૦ ,,
૩—૦—૦ ,,
૧૪—૦—૦ રતલામ
૮—૦—૦ સીતામહુ
૭—૮—૦ ,,
૮—૮—૦ ખેડા
૧૭—૦—૦ અમદાવાદ
૦—૧૧—૦ જામનગર
૨૦—૦—૦ પાટણ ( વડોદરા-)
૨—૦—૦ ઈડર
૨—૦—૦ ,,
૨—૦—૦ રાધનપુર
૨—૦—૦ અમદાવાદ

રૂ ૨૭૬—૧૫—૦

૨—૭—૩ વિદ્યાર્થીઓને પુસ્તકોની મદદ આપી તેના.

૧—૭—૬ અમદાવાદ
૦—૧૫—૯ રતલામ

રૂ. ૨—૭—૩

૨૧૮—૦—૦ શ્રી પાઠશાળાઓને મદદ આપી તે.

૩૦—૦—૦ અમદાવાદ શ્રાવીકા ઉદ્યોગશાળા.
૧૦—૦—૦ અમદાવાદ જૈન કન્યા શાળા.
૬—૦—૦ વળા જૈન પાઠશાળા
૮—૦—૦ સાદડી ,, ,,
૫—૦—૦ ત્રાપજ ,, ,,
૩—૦—૦ નીંગાળા ,, ,,
૬—૦—૦ ચુડા ,, ,,
૩—૦—૦ વીછીઆ ,, ,,
૩—૦—૦ ગઢડા ,, ,,
૬—૦—૦ મહુધા ,, ,,
૬—૦—૦ ધ્રાંગધ્રા ,, ,,
૪—૦—૦ છત્રાશા ,, ,,
૩—૦—૦ ગારીઆધર ,, ,,
૩—૦—૦ સરધાર ,, ,,
૬—૦—૦ જુનાગઢ ,, ,,
૪૦—૦—૦ ઓરસદ જૈન પાઠશાળા
૪—૦—૦ પરાંતીઆ ,, ,,
૪—૦—૦ ઝીંઝુવાડા ,, ,,
૩—૦—૦ તણશા ,, ,,
૪—૦—૦ અળાઉ ,, ,,
૬—૦—૦ ખેડા ,, ,,
૮—૦—૦ ઇડર ,, ,,
૮—૦—૦ બોટાદ ,, ,,
૩—૦—૦ પછેગામ ,, ,,
૨—૦—૦ રંધોળા ,, ,,
૫—૦—૦ ભંડારીઆ ,, ,,
૧૬—૦—૦ વીજાપુર ,, ,,
૪—૦—૦ મહુડી ,, ,,
૩—૦—૦ વરસંડા ,, ,,
૬—૦—૦ જસપુરા ,, ,,

રૂ. ૨૧૮—૦—૦

૨૨—૮—૦ નિરાશ્રિત ખાતે. વેપાર માટે મદદ આપી તેની વીગત.

૫—૦—૦ રાધનપુરવાળાને
૭—૦—૦ ગોખરવાળાવાળાને
૩—૮—૦ ગામ વેલાડના
૭—૦—૦ અમદાવાદ વાળા

૨૨—૮—૦

રૂ. ૫૧૪—૧૪—૩

# કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

આજરોજ પડાણામાં માનાધીકારી ઉપદેશક જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી આવતાં ધર્મશાળામાં સભા ભરી કોન્ફરન્સ તે શું છે, તેથી શું શું ફાયદા છે, તથા સંપ તથા હાની કારક રીવાજ વીગેરે વિષય ઉપર ભાષણ આપતાં અસર થઈ નીચે પ્રમાણે આજરોજ સંઘમળી એકમતે નીચે પ્રમાણે ઠેરાવ કરીએ છીએ તે પ્રમાણે વરતવા દરેક શ્રાવક બંધાઈએ છીએ.

## ઠરાવ.

૧ વર વિક્રય કોઇએ કરવો નહીં.

૨ વૃદ્ધ લગ્ન કોઇએ કરવા નહી.

૩ ચામડાના પુંઠા હુવેથી નવા ખરીદ કરવા નહીં.

૪ વીવા વીગેરે કે બીજા પ્રસંગે બાઈઓએ ફુટાણા વીગેરે શબ્દ બીલકુલ ગાવા નહી·

૫ પરદેશી મેંદો કોઇએ વાપરવો નહીં.

૬ પીછાવાલી ટોપી હવે પછીથી કોઇએ નવી ખરીદ કરવી નહીં. તેમ તેનો વેપાર કરવો નહીં.

૭ કચકડાની વસ્તુ હવે પછીથી કોઈએ નવી ખરીદ કરવી નહીં. તેમ તેનો વેપાર કરવો નહીં.

૮ સીમંત પ્રસંગે નાત ખરચ કરવો નહીં.

૯ મરનારની પાછલ આ ગામમાં છ માસ સુધી રડવા કુટવાનો રીવાજ છે તે બંધ કરી હવેથી બે માસ સુધીની મુદત ઠરાવવામાં આવે છે. બેમાસ ઉપરાંત કોઇએ રડવું કુટવું નહીં.

૧૦ ત્રીશવરસની અંદર કોઇ માણસ ગુજરી જાય તો તેની પાછલ મીષ્ટાન જમણવાર કરવો નહીં.

૧૧ પુન્યાર્થે કાઢેલા પૈસા ૧ વરસની અંદર વાપરી નાંખવા.

૧૨ વિવા પ્રસંગે દારૂખાનું ફોડવું નહીં.

અપવાદ—બંદુકના અવાજની છુટ છે.

ઉંપરના ઠરાવનો જે માણસના તરફથી ભંગ કરવામાં આવશે તેનો પડાણાના શ્રી સંઘ રૂ. ૨॥ અઢી સુધી દંડ કરશે.

કલમ ૧-૨ વિરૂધ વરતશે તે માટે શ્રી સંઘને ઉપરના દંડ સીવાય વીશેશ નશીઅત કરવાની સતાછે ને કરશે.

કોઇ ગુન્હેગારને શ્રી સંઘ જતો કરે તો તે શ્રી જીનેશ્વર ભગવાનનો ગુન્હેગાર છે.

સંવત ૧૯૬૨ ના આસો વદ ૯ શુકરવાર તા. ૧૨-૧૦-૦૬

સાત જણની સહી છે.

# કૉન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

ગામ વસોમાં તા. ૨૯–૧૦–૦૬ ને રોજ કોનફરન્સ ઓફીસ તરફથી ધાર્મિક ખાતાના હિસાબ તપાસવા સારૂ ગયેલા આસીસ્ટંટ ઓડીટરે કરેલા ભાષણથી ત્યાંના શ્રીસંઘે નીચે મુજબ ઠરાવો કર્યા છે.

૧. અત્રેના સંઘમાંથી દરસાલ લાણા દીઠ રૂા. ૦) અંકે આના ચાર ઉઘરાવી કોનફરન્સ ઉપર મોકલી આપવા ઠરાવ કરવામાં આવ્યો છે.
૨. સ્ત્રીઓએ રડવા કુટવાના સંબંધમાં કેટલીક બાધાઓ કરી છે.
૩. કન્યા વિક્રય નહિ કરવાના સંબંધમાં ઘણાઓએ બાધા લીધી છે.
૪. કચકડાની ચીજો, પીંછાવાળી ટોપીઓ, ચામડાના પુઠાં, પરદેશી ખાંડ તથા વીલાયતી કેસર વીગેરે નહીં વાપરવાના સંબંધમાં ઠરાવ કરવામાં આવ્યો છે.

એ ઉપરાંત સભામાં આવેલા અન્ય દર્શનીઓએ, પરદેશી ખાંડ તથા ફલાહારમાં સાબુચોખા નહીં વાપરવાના સંબંધમાં ઠરાવ કરવામાં આવ્યો છે. અને તેજ દીવસે અગીયારસ હોવાથી ઉપરનો ઠરાવ અમલમાં આણ્યો હતો.

ખેડા જીલ્લામાં અમારી તરફથી ધાર્મિક સંસ્થાઓના હીસાબ તપાસનાર ઇન્સ્પેકટર મી. હરીલાલ જેશીંગભાઈ ખેતાણી લખી જણાવે છે કે સદર જીલ્લાના ગામ "બીડજ" માં ચાર આનાનું ફંડ ઉઘરાવી કોન્ફરન્સની મુંબઈ ઑફીસે મોકલવા ઠરાવ કર્યો છે. તેમજ તેમણે "નવા ગામમાં" સંઘ ભેગો કરી કોનફરન્સના હેતુઓ તથા તેમન ચાલતા કામકાજ ઉપર ભાષણ આપ્યું હતું તે સાંભળી ત્યાંના સંઘે કોનફરન્સના નીભાવ માટે ચાર આનાનું ફંડ આંહીથી દરસાલ ઉઘરાવી મુંબઇ ઓફીસ મોકલવા ઠરાવ કર્યો છે. વળી ગામ "નાયકા" માં એ દીવસ સભા ભરીને ઉપરપ્રમાણે ચાર આનાનો ફંડનો ઠરાવ કર્યો છે.

**બૅંગલોર સીટી**—કોનફરન્સના પ્રોવીનશ્યલ સેક્રેટરી શેઠ નાથાલાલ લવજીભાઈ અમને લખી જણાવે છે કે આ શહેરમાંથી કોનફરન્સ ફંડમાં મોકલવા સારૂ ચાર આનાનું ફંડ ભેગુ કરવામાં આવ્યું છે, તેમજ "મૈસુર" અને "રૉબર્ટ સન પેંઠ" માં જયાં આપણા ભાઈઓની જુજ વસ્તી છે, ત્યાં પણ ઉપર મુજબના ફંડના પૈસા વસુલ કરવા પ્રયાસ ચાલુ છે.

ઉપર પ્રમાણે જે જે ગામના શ્રી સંઘ તરફથી કોનફરન્સ નીભાવ માટે ચાર આનાના ફંડનો ઠરાવ કરવામાં આવ્યો છે તેને માટે અમો અંતઃકરણ પૂર્વક આભાર સાથે નોંધ લઈએ છીએ.

---

અમદાવાદ જીલાના ધોળકા તાલુકામાં અમારી તરફથી ધાર્મિક ખાતાના હીસાબ તપાસનાર ઇન્સ્પેકટર શા. જેચંદ ચતુરભાઈના પ્રયાસથી કેટલાક ગામોમાં ચાર આનાના ફંડના ઠરાવો થયા છે. જેમાંથી ગામ નાનોદરાના સંઘે રૂ ૧—૪—૦ તથા ગામ આવળીના સંઘે રૂ. ૬- -૦—૦ વસુલ કરી અમને મોકલી આપ્યા છે, જેમની ઉપકાર સાથે નોંધ લઈએ છીએ.

# કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના માનાધિકારી ઉપદેશક મોતીચંદ પાનાચંદ મેહેતા, જામનગર, નવાગામ આજરોજ આવી કોનફરન્સના હેતુઓ ઉપર તથા સંઘ હાનિકારક રીવાજો તથા સ્ત્રી કેલવણી વિગેરે વિષયો ઉપર ભાષણ આપી સમજાવતાં તેમના ઉપદેશથી અમો સંઘ એકત્ર થઇ આજરોજ નીચલા ઠરાવ કરી છીએ તે સર્વેને કબુલ મંજૂર છે. સભામાં સ્વામીભાઈઓ ૪૦૦) માણસની હાજરી હતી—સંવત ૧૯૬૩ ના માગશર શુદ ૮ વાર શુક્ર તા. ૨૩—૧૧—૦૬ નવા ગામ.

ઠરાવ.

૧ ચામડાનાં પુઠા હુવે પછીથી કોઇએ નવા ખરીદ કરી વાપરવા નહીં.

૨-૩ પીછાવાળી ટોપીઓ કે, કચકડાવાળી વસ્તુ હુવે પછીથી કોઇએ નવી ખરીદ કરવી નહી તેમ તેનો કોઇએ વેપાર કરવો નહીં.

૪ વિવા પ્રસંગે કે, બીજા પ્રસંગે ગેર શબ્દ ફટાણા ગાવાં નહીં.

૫ વિવા પ્રસંગે દારૂખાનું ફોડવું નહીં.

૬ આ ગામમાં નાની ઉમરની કન્યાઓ પરણાવવામાં આવે છે. તે હુવેથી બંધ કરી ૧૨ વરસની અંદર કોઇએ કન્યા પરણાવવી નહીં.

૭ વૃદ્ધલગ્ન કોઈએ કરવા નહીં.

૮ વર વિક્રય કોઈએ કરવો નહીં.

૯ પરદેશી મેંદો હુવેથી વાપરવો નહીં.

૧૦ આ ગામમાં મરણ પાછલ છમાસ સુધી રડવા કુટવાનો રીવાજ ચાલે છે તે હુવેથી બંધ કરી માત્ર બેમાશ સુધી રડવા કુટવાનો રીવાજ રાખવામાં આવે છે.

૧૧ ત્રીશવરસની અંદર કોઈ મરીજાય તેની પાછલ મીષ્ટાન જમણવાર કરવો નહીં.

૧૨ સીમંત પ્રસંગે નાત ખરચ કરવો નહીં.

૧૩ હોલી કોઇએ કરવી નહી તેમજ તેનું પુજન પણ કરવું નહી. આ ગામમાંથી સાવ હોલી કાઢી નાંખવામાં આવે છે.

૧૪ પુન્યાર્થે કાઢેલા પૈસા છ માસની અંદર વાપરી નાંખવા.

ઉપર પ્રમાણે ઠરાવ સર્વે સંઘ મળી એકમતે કરેલા છે, ઠરાવ વિરૂધ કોઇ વર્તશે તેનો શ્રી સંઘ રૂપિઆ સવા પાંચ સુધી દંડ તથા યોગ્ય શીક્ષા કરશે. તા. ૨૩-૧૧-૬ માગસર સુદ ૮ શુક્ર.

મુ. નવાગામ.
માહુરા રૂબરૂ.
મોતીચંદ વિ. પાનાચંદ.
જૈ. શ્વે. કો. મા. ઉ.

# વડોદરા જૈન બાળાશ્રમ.

શ્રી વડોદરા જૈન બાળાશ્રમ તા. ૧૫ મી નવેમ્બરે ખોલવાનુ છે. તેથી તમારે તા. ૧૫ મીથી તા. ૩૦ મી. નવેમ્બર સુધીમાં વડોદરે દાખલ થવું અને આવતાં તમારી સંગાથે ( બીછાનું ) પથારી, અભ્યાસની ચોપડીઓ જે પોતાની પાસે હોય તે અને કપડાં તથા ટીનની પેટી અગર પાકીટ તાળુ વસાય તેવી, અને બીજો જરૂરનો સામાન લેતા આવવું તથા તમારા અભ્યાસનું સરટીફીકેટ લેતા આવવું. ભુલવુ નહીં કારણ તે શીવાય સ્કુલમાં કે કલાભુવનમાં દાખલ થઈ શકાશે નહીં.

આ આશ્રમમાં દાખલ કર્યા પછી કોઈ છોકરાનાં માબાપોની સ્થિતિ સારી સમજાશે તો તેની પાસેથી આશ્રમને લગતા ખરચનું બીલ કરવામાં આવશે અને તે બીલ નહી આપવામાં આવે તો તેના છોકરાને આશ્રમમાંથી દુર કરવાની સતા પણ આશ્રમના મેનેજરને આપવામાં આવશે.

તો જે વીદ્યાર્થીઓએ તા. ૩૧ અકટોબર અગાઉ અરજી કરેલી છે તેણે અહીં આવવું અને આવતાં પહેલાં ત્રણ દીવસ અગાઉ નીચેને સરનામે પત્ર લખવો કે તે આવનારની સગવડ કરવામાં આવશે.

ગાંધી ફતેભાઈ લાલભાઈ.
ઠે. પીપળા શેરી ઘડીઆળ પોળ.
મુ. વડોદરા.

આસીસ્ટંટ સેક્રેટરી.
જૈન શ્વે. કોન્ફરન્સ.

તા. ક.—આ બાળાશ્રમમાં માત્ર દશ અને વીશ વરસની અંદરના વિદ્યાર્થીઓનેજ દાખલ કરવામાં આવશે અને તે ઉમરમાં કાંઇ પણ ગુજરાતી અભ્યાસ કરેલો હોવો જોઈએ.

---

વડોદરા બાલાશ્રમમાં નીચે પ્રમાણે નીયમોએ દાખલ કરવામાં આવશે.

૧ આ બાળાશ્રમમાં માત્ર ગરીબ સ્થિતિના વિદ્યાર્થીઓનેજ દાખલ કરવામાં આવશે.

૨ આ બાળાશ્રમનો લાભ લેનાર વિદ્યાર્થીઓને રોજ દેરાસરમાં પુજા કરવી પડશે.

૩ રાત્રિ ભોજન તથા કંદમૂળનો ત્યાગ કરવો પડશે.

૪ કોઈ પણ વિદ્યાર્થીને અમુક કોર્સ ( અભ્યાસ ) પુરો કર્યાં સીવાય જવાની રજા આપવામાં આવશે નહિ અને કદાપિ તેના મા બાપ તેને બોલાવી લે તો તેને માટે આશ્રમને થયેલો ખર્ચ આપવાની કબુલાત કરાવવામાં આવશે.

૫ આ બાલાશ્રમનો લાભ લેનાર વિદ્યાર્થીને દરરોજ એક કલાક ધાર્મિક શિક્ષણ લેવું પડશે.

૬ અમારા તરફથી વખતો વખત જે કોઈ સુચના યા હુકમ કરવામાં આવશે તેને તાબેદાર રહેવું પડશે.

૭ બાળાશ્રમના સુપ્રીન્ટેન્ડેન્ટનો હુકમ માનવો પડશે.

ઉપર લખ્યા પ્રમાણે નીયમોએ આ બાલાશ્રમમાં વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે. માટે જો દાખલ થવા ઇચ્છા હોય તો જવાબ લખશો.

શ્રી. જૈ. શ્વે. કોન્ફરન્સ.
ચંપાગલી—મુબઈ.

આસીસ્ટંટ સેક્રેટરી.
જૈન શ્વે. કોન્ફરન્સ.

# મુંબાઈમાં વસતા ગરીબ જૈનોની થતી હાડમારી.

## આગેવાન શેઠીઆઓએ કરવો જોઈતો વિચાર.

સાંપ્રત સમયને વિષે મુંબાઇ એ હિંદુસ્થાનના લોકોને વેપાર ઉદ્યોગના સબબથી એક મુખ્ય મથક થઈ પડયું છે, જેની અંદર હિંદુસ્તાનના તમામ ભાગોના તેમજ દુનીયાના બીજા ભાગના જાત જાતના લોકો કે જેઓની ભાષા, રહેણી, કરણી, સ્વભાવ વિગેરે ભિન્ન ભિન્ન દેખાય છે, તેવા સુખી તેમજ વધુ દુઃખી લોકો આવી રહેલા માલમ પડે છે; તેવીજ રીતે આપણે ઘણું ખુશી થવા જેવું છે કે, આપણી કોમે પણ એક સારા પ્રમાણમાં વસવાટ કરેલો દેખાય છે, અને તેથી વળી વધારે ખુશી થવા જોગ તો એ છે કે આપણામાં ઘણા લોકો પૈસે ટકે સુખી હોઈને મોટા તેમજ સારા ઉત્તમ ધંધાથી પુષ્કળ ધન કમાઈને સુખી જીંદગી ગુજારે છે; જ્યારે એક તરફથી આપણા ધનિક લોકો સુખ અને મોજમજા ખાતર પોતાના ધનનો કાંકરાની માફક બહોળા હાથે વ્યય કરે છે, ત્યારે બીજી તરફ જરાક નજર કરીએ તો આપણા સ્વધર્મી બંધુઓ એવી દુઃખદ અને અધમ સ્થિતિ ભોગવે, છે કે તેમની થતી હાડમારીનું વર્ણન જો એકાદ પ્રખ્યાત લેખક લખવા બેસે તો તેની પણ કલમ એક વખત અટકી પડે એમાં જરાપણ શક નથી.

સંવત ૧૯૫૬ ની સાલમાં પડેલા ભયંકર દુષ્કાળ અને તે પછીના આજ સુધીના તમામ વર્ષોએ તેવુંજ નહી પરંતુ તેના જેવુંજ સ્વરૂપ ધારણ કરીને ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ, મારવાડ, આદિ તમામ દેશોના ઘણા લોકોને વેપાર રોજગારવિના નિરૂદ્યમી કરી રઝળતા કરી નાંખેલા છે, તેજ પ્રમાણે આપણી કોમના પણ ઘણા લોકો સપડાઈ ગયેલા છે. આ વાત સૌકોઇની જાણમાં છે અને તે એટલે સુધી કે કેટલાકોને પુરૂ અન્ન પણ મળી શકતું નથી, અને જામનગરના ડબાસંગ તથા કાઠીયાવાડના બીજા ભાગો તરફ તેમજ મારવાડ તરફ જો નજર કરવામાં આવે તો કેટલાક તો બીચારા એકાદ દીવસનાં કડાકે અન્ન દેવનાં દર્શન કરવાને ભાગ્યશાળી થવાપામે છે. ( ગયેલા ખરાબ વર્ષોમાં જેઓ સાહેબે ઉપર બતાવેલા ભાગોમાં જાતે ફરી તેવા લોકોની સ્થતિ તપાસી હોય તેમનેજ, તેમની ખરી સ્થિતિનું ભાન થાય કે રોટલી મેળવવાને કેવી રીતના કાલાવાલા કરે છે. લખવાથી તેનો કાંઈ પણ અનુભવ મળી શકતો નથી તેથી અહીં તેવિષે વધુ લખવા પ્રયત્ન કર્યો નથી ).

જ્યારે આવીરીતે આપણા સ્વધર્મી બંધુઓ દુઃખમાં સંડોવાયલા છે અને પોતાનું કોઇપણ રીતે ભરણ પોષણ કરી શકતા નથી ત્યારે પોતાના ધનાઢય ધર્મ સ્નેહી બંધુઓ કે જેઓ સોનાની ડુંગરી ઉપર ( મુંબાઇમાં ) વસવાટ કરી લાખો રૂપીઆ કમાય છે, તેમની તરફથી કાંઇક આશ્રય મળશે એવી શુભ આશાઓમાં અહીં ઉતરી પડે એ સ્વાભાવિક છે. આવી રીતે આજ સુધીના દુઃખદ વર્ષોમાં ઘણા લોકો અહીં આવ્યા છે, અને જ્યાં સુધી દેશમાં સારી વૃષ્ટિ થઇ દૈવ પુરેપુરી રીતે સાનુકુળ થાય નહીં ત્યાં સુધી હજી વધુ પ્રમાણમાં આવશે એ નિર્વિવાદ વાત છે; જે લોકો પોતાની દુઃખી સ્થિતિને

લીધે અહીં આવે છે તેમની ખરી સ્થિતિનું પુરે પુરૂં વર્ણન તો હું આપી શકું તેમ નથી તો પણ મારી અલ્પ મતિ પ્રમાણે જે લખું છું તે ઉપરથી સહેજ ખ્યાલ આવી શકશે.

તેઓમાંના કેટલાકના માબાપો પોતાનું ગુજરાન પુરે પુરી રીતે નહી ચલાવી શકવાથી તેમને પુરૂ ભણાવી શકતા નથી તેમજ સામાન્ય રીતે ગામેગામ કાંઈ શાળાઓ હોતી નથી કે જેથી તેઓ કાંઇ પણ જ્ઞાન મેળવી શકે, અને તેથી તેઓ પોતાના અભણ માબાપો તરફથી નહીં જેવું ગામડીયું જ્ઞાન મેળવે છે, જે જ્ઞાન મુંબાઈ જેવા શહેરમાં નોકરી કરવા માટે બીલકુલ કામનું નથી, તેમજ સાધારણ સ્થિતિવાળાઓ જેઓ પોતાના ગજાપ્રમાણે થોડું ભણેછે અને પછી આગળ વધારે ખર્ચ કરી અભ્યાસ કરવા શક્તી નથી હોતી તેમને લાચારીએ તે મુકી દેવા ફરજ પડેછે, તેના દાખલાઓ પાલીતાણા બાળાશ્રમ, વડોદરા બાળાશ્રમના તથા અમદાવાદ જૈન બોર્ડીંગોના સેક્રેટરી ઓને પુછવાથી માલમ પડી આવશે. હવે એક તરફથી તેમના જ્ઞાન સંબંધી આવી અપુર્ણ સ્થિતિ છે ત્યારે બીજી તરફથી મરકી, કોલેરા વીગેરેના ભયંકર દુઃખો, છપ્પનીયા જેવો રાક્ષસી દુષ્કાળનો દોર તથા તે પછીનાં તમામ વૃષ્ટિ વિનાનાં વર્ષો આવેલા છે તેથી દેશમાં કમાઇ ખાવાના સાધનો બીલકુલ ખુટી પડયાથી નાઈલાજે અહીં આવવા તૈયારીઓ કરેછે. જ્યાં સુધી તેવાઓની પાસે થોડા દીવસનું ખાવા પહોંચે તેટલું સાધન રહે છે ત્યાં સુધી આ તરફ આવવા વીચાર કરતા નથી, અને છેવટે અહીં આવતાં ટીકીટ વીગેરે રસ્તા ખર્ચ માટે પૈસા ભેગા કરવા સારૂ પોતાના ઘરમાંથી કેટલોક સામાન વેચેછે, અને તેથી પુરા પૈસા મળે નહીં તો પોતાના વાસણ, દોરી લોટો અને છેવટે પોતાના પહેરવાના કપડાં પણ ગીરેમુકી અગર પાણીના મુલે વેચીનાંખી પૈસા ભેગા કરેછે, તે ઉપરાંત કેટલાક એથી પણ વધુ લાચારીએ માત્ર રસ્તા ખર્ચી જોગ પૈસા ભેગા કરેછે તેનું દીલગીરી ભર્યું ધ્યાન આપતાં ગમે તેવા નિર્દય હૃદયના માણસની લાગણી દુઃખાય તો કોમળ હૃદયના જૈન ધનાઢયોના અંતઃકરણ પીગળે તેમાં નવાઈ શી ?

જેમ તેમ કરીને તેઓ બીચારા દુઃખે અને ભુખે દરીયાવાટે યા રેલવે રસ્તે આ અલબેલી નગરીનાં દર્શન કરવાની અને અહીં કમાઈ કરી પોતાનું તથા પોતાના દેશમાં રહેલા કુટુંબનું ભરણ પોષણ કરવાની આશાએ ઉતરી પડે છે. અપુરૂં.

D.

---

# માલવા દેશમાં જીર્ણોધ્ધારની અગત્ય.

માલવા—મલારગઢ ( માલવા ) થી શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરિક્ષક મી. ખીમચંદ ભૂધરદાસ અમને લખી જણાવે છે કે હું માળવા દેશમાં થોડા વખતથી પરિક્ષા લેવા ફરૂં છું. તેમાં અત્રે મારી દ્રષ્ટિમાં ઘણુંજ જીર્ણ મંદીરો આશાતનાવાળાં માલુમ પડે છે. કેશર સુખડ વિગેરેથી બરાબર પુજા પણ થતી નથી. દેશ ઘણો ધર્મમાં અસ છે. અહિં મુનીરાજો કવચીતજ વિચરવાથી ઘણા લોકો અન્ય મતોમાં જતા રહેલા માલમ

પડે છે. દરેક ઘરમાં ત્રણ ત્રણ ધર્મો માલમ પડે છે. કેટલાંએક દેરાસરો યતિ લોકોને તાબે છે. અને દેરાસરોની સારી ઉપજ હોવા છતાં તેની સાર સંભાળ યોગ્ય રીતે લેવાતી માલમ પડતી નથી. આપણી લોક સંખ્યા સાધારણ છે. મારી નજરે જોયેલાં મંદીરોની હકીકત નીચે પ્રમાણે છેઃ—

રતલામમાં ૭-૮ મંદીરો છે તેમાં એક મંદીરમાં છત વગેરેનું કામ અધુરૂં છે. જાવરા જે રતલામથી ૨૦ કોસ છે ત્યાં ૩ મંદીરો છે. ત્યાં પણ ઘણીજ અવ્યવસ્થા માલુમ પડે છે. આ બંને ગામો મોટાં છે. નામ્લી ગામમાં દેરાસર ઘણુંજ જુનું છે. પણ મંદીર માર્ગીયોના ૩-૪ ઘર હોવાથી સાર સંભાળ લેવાતી નથી. દેરાસર તમામ જીર્ણ થયેલ છે. ત્યાંથી નજીક બોતલગંજ ગામ છે ત્યાં મંદીર અધુરૂં બનેલુ છે અને પ્રતિમાજી ઘર મંદીરમાં સ્થાપન કરેલા છે ત્યાં મદદની જરૂર છે. તે શિવાય રાણી ખેડા, જારડા, મનાસા, બૈપાર્શ્વનાથ, સંત ખેડા વીગેરે ગામોમાં પૂજાપણ બરાબર થતી નથી તેમજ જીર્ણ કામ વધારે માલમ પડેછે. મલાર ગઢમાં ત્રણ મંદીરો છે. તેમાં બે મંદીરો યતિ-યોના કબજામાં છે. મંદીરોમાં ઘણીજ આશાતના દેખાય છે. એક મંદીરની પ્રતિષ્ઠા માટે થોડી ઘણી મદદની જરૂર છે. પ્રતિમાજી છાપરામાં બીરાજમાન છે. આપણા ઘર ફક્ત૩-૪ છે તેમાં શેઠ ગબાલાલભાઇ મોતીલાલ સારી દેખરેખ રાખેછે. અહીંથી ગામ સંજીત ૭ કોસ દુર છે. ત્યાં આપણા ફકત ૧૦ ઘર છે. મંદીર થઇ ગયું છે પણ ઉપરની છત, કમાડ વીગેરેનું કામ અધુરૂં છે. રૂ. ૩૦૦ ની જરૂર જણાય છે. મલાર ગઢથી ૩ કોસ દુર પાલ-સુરાં ગામ છે ત્યાં શ્વેતાંબરના ઘર બીલકુલ નથી. પ્રતિમાજી અપૂજ્ય રહે છે માટે તે વિષે તરત બંદોબસ્ત થવાની જરૂર છે.

---

# મળેલાં પત્રો.

અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકામાં ગાંફ મોટું સ્ટેટ છે. તેમના રાજ્યકર્તા ચુડા-સમા ક્ષત્રીછે. હાલ રાજગાદી ઉપર ઠાકોર સાહેબ શ્રી. અમરસીંહજી બીરાજે છે તેઓ સાહેબને ત્યાં તા. ૧૫ અકટોબર સને ૧૯૦૬ ના રોજ શાપુરવાળાં રાણી સાહેબની કુખથી રાજગાદી વારસ કુંવર સાહેબનો જન્મ થયો છે. તેની ખુશાલીમાં આજ રોજ સાંજના ચાર વાગતાં મોટો દરબાર ભરવામાં આવ્યો હતો. જે વખતે રાજ્યના અમીર, ઉમરાવો તથા માજન બ્રાહ્મણો, પટેલો વીગેરે તમામ ગામની રૈયતે હાજર થઇ આ ખુ-શાલીમાં ભાગ લીધો હતો. વલી જૈન ધર્મના પ્રતિષ્ઠિત ગ્રહસ્થ મુંબઇ નિવાસી શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. ના પ્રાઈવેટ સેક્રેટરી મી. નરસીદાસ નથુભાઈ જેમને અહીંના નામદાર ઠાકોર સાહેબે થોડો વખત થયાં પોતાના ખાનગી કારભારી તરીકે નીમેલા છે તેમના અને માખાવડના ભાગદાર જાડેજા શ્રી ફુલજીભાઇ અભેસંગજી જેઓ વૃદ્ધ અને પ્રતિષ્ઠિત તથા મોભાદાર છે, તે બંનેના સંયુક્ત પ્રયાસથી અહીંના નામદાર ઠાકોર સાહેબે ઉપર જણાવેલા શુભ પ્રસંગની ખુશાલીમાં પોતાના ૧૨ ગામના કોઈપણ શખસે કોઈપણ જાતનો શીકાર તેમજ બીજી રીતે જીવહિંસા નહીં કરવા સખત રીતે

મનાઈ કરેલી છે. તે બાબતમાં અહિંના સમસ્ત પ્રજા વર્ગ તરફથી આજરોજ નામદાર ઠાકોર સાહેબને માનપત્ર સોનાના દાબડામાં મુકી ઈનાયત કરેલું છે. અને જૈન તથા વેદ ધર્મના સીધાંતો પ્રમાણે અહીંસા પરમો ધર્મ નામદાર ઠાકોર સાહેબે વરતાવ્યો છે.

નામદાર ઠાકોર સાહેબની કારકીર્દીમાં આ પ્રમાણે શુભ પગલું ભરાયાથી તમામ પ્રજા વર્ગને ઘણો સંતોષ ઉત્પન્ન થએલો છે. અને ઉપરનું ફરમાન કોઇપણ રીતે નહીં તોડવા માટે તેઓ નામદારે કબુલત આપી છે.

આ માનપત્ર અપાવવામાં ગાંફના રહીશ જોશી હરિરામ ગંગારામ તથા વ્યાસ દીવેશ્વર જાદવજી તથા કોઠારી પીતાંબર જીવા તથા કોઠારી ગોરધન જગજીવન તથા શા. હરગોવન વનમાલી વીગેરેએ સારો પ્રયાસ કરેલો છે. અને તે માનપત્ર અહીની સ્કુલના હેડમાસ્તર મી. ગણપતરામ અંબાશંકરે ઘણી સારી રીતે કચેરીમાં વાંચી સંભળાવ્યું હતું. જેનો જવાબ નામદાર ઠાકોર સાહેબ તરફથી કારભારી નરસીદાસ નથુભાઇએ આપીને ઘણી અસરકારક અને છટાદાર રીતે રાજા પ્રજાની ફરજો અને આવા સદવર્તનથી થતા લાભોનું વિવેચન કરી બતાવ્યું હતું.

એકઠા થએલા ગ્રહસ્થો તરફથી પોતાના ભવિષ્યના રાજ કર્તાની સલામ થવાની ઈચ્છા જણાવવાથી નામદાર કુંવર સાહેબને કચેરીમાં લાવી તમામ પ્રજા વર્ગની ઈચ્છા પરિપુર્ણ કરવામાં આવી હતી. ત્યાર બાદ નામદાર ઠાકોર સાહેબ તરફથી દરબારી માણસો મીજમાનો વીગેરેને આ ખુશાલીમાં કીમતી પોશાકો આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ હાજર રહેલા તમામ ગૃહસ્થોને પાન, સોપારી, ગુલાબ, અત્તર વીગેરે આપી મેળાવડો વિસર્જન થયો હતો.

ગાંફ-જીલ્લો ધંધુકા તા. ૨૨-૧૧-૦૬,

મેતા પ્રાણજીવન પુરશોત્તમ.

# જૈન સમાચાર તથા વર્તમાન ચર્ચા.

મંદિર પ્રવેશ:—આપણાં જૈન દેવસ્થાનોમાં આપણે કદી જોડા પહેરીને જઈ શકીએજ નહિ, એવું શાસ્ત્રનું ફરમાન છે, કારણકે જેને માટે આપણે સર્વોત્તમ માન ધરાવીએ તેની હજુરમાં તદન અહંવૃત્તિ અથવા અશુચિ તજીને જવાનું છે. ચર્મના ઉપાનહ અશુચિવાળા છે, તેથી આપણાં દેવસ્થાનોમાં આવનાર પરધર્મીઓને પણ ઉપાનહ ઉતારવાની આપણે વિનંતિ કરીએ છીએ, અને જો તેઓ તેમ ન કરે, તો તેઓને આપણે અંદર જવા દેતા નથી. નામદાર મરહુમ પાલીતાણા ઠાકોર સાહેબ સર માનસિંહજી સાથે આપણે આશરે ત્રણેક વર્ષપર તે વિષે લંબાણ કેસ ચાલ્યો હતો, એ તો જૈનોના લક્ષમાં હજી તાજુંજ છે. ગોહેલવાડના મહેરબાન માજી પોલીટીકલ એજંટ સાહેબ મેજર એશબીએ આપણી વિનંતિ વ્યાજબી છે, એમ ઠરાવ્યું હતું. આવોજ એક બનાવ લંડન ટ્રીબ્યુનનો રોમનો ખબરપત્રી તે પત્રને મોકલે છે, અને તે હકીકત અત્રેના જામે જામશેદમાંથી અમે લઈએ છીએ. ઇટલીમાં આવેલું ફ્લોરંસનું દેવળ જોવા બાંકુરના નામદાર

મહારાજા પોતાના રસાલાસાથે ગયા હતા. દેવળમાં દાખલ થતી વખત મહારાજાએ હિંદુ રીવાજ મુજબ જોડા બહાર ઉતાર્યા. દેવળના વ્યવસ્થાપકોએ પાઘડી ઉતારવાનું કહ્યું, પણ નામદાર મહારાજાએ ઉતારી નહિ. તે ઉપરથી વ્યવસ્થાપકોએ તેમને દેવળમાં જવા દીધા નહિ. આ ઉપરથી જણાશે કે પાશ્ચિમાત્ય પ્રજાઓ પણ પોતાના પવિત્ર સ્થળોમાં જે નિયમથી ગંભીરતા જાળવી રાખવા માગે છે, તેનો કોઇ ભંગ કરવા માગે, તો ભંગ કરવા ઈચ્છનાર શખ્સને તેઓ દેવળમાં આવવા દેતા નથી. સ્પષ્ટ છે કે આપણી પ્રાર્થના કોઈ પણ રીતે અયોગ્ય નહોતી અને નથી.

પાલીતાણાઃ—માં હમણા બે નવા ઠરાવો થયા સાંભળ્યા અને વર્તમાનપત્રોમાં વાંચ્યા છે. ૧ ડોળીવાળાપર દર વર્ષે રૂ. ૭) નો વેરો નાખવામાં આવ્યો છે. ડોળીવાળાને મુખ્ય અને સંપૂર્ણ સંબંધ જૈન યાત્રાળુઓ સાથેજ છે. ઠાકોર સાહેબ સૂરસિંહજી તથા ઠાકોર સાહેબ સર માનસિંહજીને જે વિચાર કદી આવ્યો નહિ, તે વિચાર હાલના ઍડમિનિસ્ટ્રેશને અમલમાં આણ્યો છે. એ ડોળીવાળાઓ ઉપરના કરથી મોટી રકમ ઉપજવાની નથી, પરંતુ તે ગરીબ વર્ગપર અને સીધીરીતે તો જૈન યાત્રાળુઓ ઉપર અસર કરશે. ઍડમિનિસ્ટ્રેશન રાજ્યની ઉપજ વધારવાના બીજા ઉદ્યોગ સંબંધી રસ્તા લે, તે જેટલું ઈષ્ટ છે, તેટલું આવા કરો નાખવા એ ઈષ્ટ નથી.

૨ કોઈ પણ નવી ધર્મશાળા બાંધવા માટે જગ્યા આપવી નહિ. આ ઠરાવ વાંચી અમે આશ્ચર્ય ચકિત થઇએ છીએ. આ ઠરાવ કયા ધોરણપર કરવામાં આવ્યો છે, તે સમજાયું નથી. ઉપરના પહેલા ઠરાવથી ગરીબ વર્ગપર નાહકનો બોજો વધી જેવી રીતે રાજ્યને થોડી ઉપજ થઈ છે, તેવીજ રીતે આ ઠરાવથી ધર્મશાળા બંધાતાં રાજ્યને જે જમીનની ઉપજ થતી તે વિનાકારણ, બંધ થઈ છે. ઍમિનિસ્ટ્રેટર મી. ઓવન ટયુડર બહુ બાહોશ અને સારા માણસ ગણાતા આવ્યા છે, તો આ ઠરાવ કરવામાટે તેમને શું સબળ કારણો મળ્યાં છે, તે જૈન પ્રજાની અંગત હિતની બાબત હોવાથી તે પ્રજાની જાણ માટે જાહેરમાં મૂકવા તેમને નમ્ર વિનતિ છે. અત્યાર સૂધી પાલીતાણામાં જે ધર્મશાળાઓ છે, તમા મુશ્કેલાથી ૧૦૦૦૦ માણસ સમાઈ શકે. જ્યારે કોઈ મોટા મેળાવડા પ્રસંગે તેથી વધુ સંખ્યાના માણસે કયાં ઉતરવું તે એક સવાલ થઇ પડે છે. પ્રજાનું હિત જોવું એ રાજાની નહિ ભૂલાવી જોઇતી પ્રથમ ફરજ છે. મહારાજા રામનું નામ હજીપણ ગરીબમાં ગરીબ હિંદુ પણ, ૪૦૦૦ વર્ષ થયાં છતાં પણ યાદ કરે છે, તેનું ખરૂં કારણ તેને માટે પ્રજાનું માનજ છે. ધર્મશાળા વધારે બંધાય કે નહિ તે એક જૂદો સવાલ છે, પરતુ દફ્તર પર આવો કાયમી ઠરાવ થાય તે બહુજ દિલગીરી ઉત્પન્ન કરે છે. અમે આશા રાખીએ છીએ કે નામદાર અંડમીનીસ્ટ્રેટર આ ઠરાવનું ઘટીત તોલ કરીને, પહેલી જોગવાઇએ દફ્તર પરથી કાઢી નાખશે.

પશુ વધ બંધ—રતલામથી દાવડા કેશરીમલ લખે છે કે મેં રિયાસ્ત झाबवाके दिवान साहेबको पास मिलनेको गयाथा. उनोने अपनी कॉन्फ्रेंसके साथ निहायत हमदर्दी जाहेर की. और यहांतक बन्दोबस्त कीया के उनके स्टेटमें करीब २७५ जानवर पाडे बकरे मारे जाते थे वो कुल एकदम बन्ध करा.

**જીવદયાઃ**—રજપુતાનામાં આવેલા ડુંગરપરથી પ્રેમજી શવજી વખારીઆ લખે છે કે हमारे इहांके दरबार साहेब बीजे सिंहजी, महारावलजीने दशेराके रोज सवारीकी और पेस्तरसे भैंसा मारनेका रीवाज था. सवारुके साथ दोडाके मारते थे. सो दरबार साहेबने फरमाया के ये रीवाज बोत खराब है. ऐसे जानवरकुं मारना फजुल है. ऐसा कहेके इस दशेरेसे साफ बंध कर दीया.

**લાઈબ્રેરી-કચ્છ**—કોડાય આતે ત્યાંનાવીશા ઓશવાળના મહાજન તરફથી હાલમાં એક ફ્રી લાયબ્રેરી ઉઘાડવામાં આવી છે. આ લાયબ્રેરી ત્યાંના આજુબાજુનાં ગામોમાટે પણ ફ્રી તરીકેજ રાખવામાં આવનાર છે. શરૂઆતમાં ખૂદ ગામ તરફથી રૂપીયા ત્રણશોની રકમ તેવી ટીપમાં ભરાયા બાદ મુંબઈમાંથી રૂપીયા નવસોની ટીપ ભરાઈ છે. આ લાયબ્રેરીમાં નીતિ સંબંધી, પદાર્થ વિજ્ઞાન સંબંધી, તથા આરોગ્યતા સંબંધી સરસમાં સરસ પુસ્તકો સંઘરવામાં આવનાર છે, તેમજ પ્રસિદ્ધ ગુજરાતી પેપરો તથા માસિકો પણ તેમાં મંગાવવામાં આવશે. ધાર્મિક પુસ્તકોમાટે તો ત્યાં પ્રથમથીજ એક મોટો જ્ઞાનભંડાર મોજુદ છે અને હસ્તલિખિત ઘણા પુસ્તકોનો સંગ્રહ થએલો છે. તે સાથે તેની રોકડમૂડી પણ લગભગ રૂપીયા આઠેક હજારની હશે એમ સંભળાય છે. આ રીતે કચ્છ પ્રાંતમાં આ ગામ વિદ્યાવૃદ્ધિના કામમાં સારો ભાગ ભજવે છે તે એક ખરેખર આનંદકારક વાત છે.

**વહીવટમાં ફેરફાર**—અમદાવાદ જીલ્લામાં અમારી તરફથી ધાર્મિક સંસ્થાઓના હીસાબ તપાસનાર ઈન્સ્પેકટર મી. જેચંદભાઈ ચતુરભાઈએ ગામ ગાંગડના શ્રી શાંતીનાથજી મહારાજના દેરાસરજીનો હીસાબ તપાસતા જુના વહીવટદારો તરફથી રાખવામાં આવતો હીસાબ ઠીક નહીં માલુમ પડવાથી જુના વહીવટદારો પાસેથી હીસાબ લઈ નવા કામ ચલાઉ વહીવટદારો નીમી સોંપવામાં આવ્યો છે.

**તીર્થમેળોઃ**—માળવા જીલ્લામાં આવેલા ઉગંગામથી શા. ચુનીલાલ નાથુલાલ લખી જણાવે છે કે श्री फडासलीजीका मेळा सं. १९६३ फागण शुद ४ शनिवारसें भरेगा, सो फागण शुद, ७ मंगळवार तक रहेगा सो इस मेळेमें पधारनेकी सकळ संघको विनंति है. गइ साल मेळामें १२००० यात्री आयेथें.

**વડોદરા બાળાશ્રમઃ**—કોન્ફરન્સ તરફથી તા. ૧૫ નવેંબર ૧૯૦૬ થી ખોલેલ બાળાશ્રમમાં, ૭ વિદ્યાર્થીઓ દાખલ થયા

# અવલોકન અને પહોંચ.

A map of a happy life—It is nicely and minutely prepared in English by Mr. Pritamlal Dhirajlal, Chinabag, Girgam, Bombay, from whom it can be had for ½ anna each. It shows, in a tree-like genealogical form, the sources from which happiness can be secured. The two sources—one's self and the surroundings—have been sub-divided into 6 other outward and inward objects, which have again been sub-divided into some more items. The summary is briefly and nicely put in 4 lines, which are worth reading, pondering upon and acting up to. In short the writer has prepared the map after a careful study of human nature. The map deserves wide circulation, and we are sure, wherever it finds room, it will spread its sweet odour.

ગીતસંગ્રહ—મહાવીરસ્વામીના જીવન દરમ્યાન અને તે પછી થોડો સમય બહુ ચકચકિત, વિદ્યાના બાબતમાં ગયો હોય તો ના નહિ. પરંતુ સમૂહના મોટા ભાગને કેળવવાની જે પ્રવૃત્તિ નામદાર બ્રિટિશ સરકારના અમલ દરમ્યાન શરૂ થઇ છે, તે પ્રવૃત્તિ તે સમયે અથવા તે પછીના સમયથી બ્રિટિશ આગમન સૂધી ઓછી હશે એમ તો નિઃસંશય લાગે છે. વાંચનનો શોખ હાલ અજબ વધતો જાય છે. પૈસાનો યોગ્યવ્યય કરવાની ઈચ્છા પણ પ્રમાણમાં સારી રીતે વધતી જાય છે. અસલની જરૂરીઆત પ્રમાણે પહેલાં પૈસા સારી રીતે ખર્ચાતા, પરંતુ ફરજની ઈચ્છાથી નહિ ખર્ચાતાં માત્ર માનની ઈચ્છાથીજ ખર્ચાય તેનો પુણ્ય બંધ અને ફળ બન્ને ઓછું થાય છે. પુણ્ય થાય છે એ તો નિઃસંશય. હિંદમાં સામાન્ય રીતે લખીવાંચી જાણનાર માણસો સેંકડે ૨૫ છે, જ્યારે સ્રીયો ૨ છે. જૈન કોમમાં શહેરો અને ગામોમાં સેંકડે ૮૦ ભણેલ માણસો અને ૩૦ સ્રીયો મળી શકશે. ગામડામાં પ્રમાણ ઓછું છે. સ્રીઓ સુધરે નહિ, ત્યાં સુધી પુરૂષ માથું કુટીને મરી જાય તો પણ ધાર્યાં કરતાં અર્ધું ઈષ્ટ ફળ મેળવી શકે નહિ. સ્રીઓને સુધારવી એ મુખ્ય ફરજ છે. વાંચન, સુધારણાનું બહુ ઉત્તમ પગથીઉં છે. સ્મરણાર્થે ઉજમણા વિગેરે થાય તે ઈષ્ટ છે, પરંતુ જાહેર જૈન સ્રીવર્ગમાં મફત વાંચન પ્રસરે એ અતિ આદરણીય, નૂતન અને ઇષ્ટ પ્રયોગ છે. આવી રીતે ભાવનગરના શેઠ ગરધર આણંદજીના પત્ની અ. સૌ. બાઈ સમરથના સ્મરણાર્થે ગીતસંગ્રહ નામની નાની ૩૨ પાનાની જે ચોપડી ઉત્તમ પર શિખામણોસહિત છપાવીને મફત પ્રસાર માટે જાહેર કરવામાં આવ્યું છે તે અમને તો ઉત્તમ જણાઈ છે. સંગ્રહ કરનાર ગત માતાની સુશીલ પુત્રી છે. બ્રાહ્મણોમાં જે શ્રાધ્ધ કરાય છે, તેવીજ જાતનું આ એક માનસિક શ્રદ્ધાથી અર્પેલું પુસ્તક છે. જૈન કવિરત્ન મર્હુમ સાક્ષર ડાહ્યાભાઈ, ભામિની ભૂષણ, સુંદરી સુબોધ, ગીતમાળા, પાર્શ્વનાથ વિવાહલો, વિગેરેમાંથી ઉત્તમ સંગ્રહ કર્યો છે. આ કાર્યમાટે પ્રસિદ્ધ કરનારને ધન્યવાદ ઘટે છે. બીજાઓએ અનુકરણ કરવા યોગ્ય છે.

ડભાસંગ સંકટ નિવારણ ફંડ રીપોર્ટ—મળ્યો છે.

ભરૂચ જૈન વિદ્યોત્તેજક ફંડ—ઉદેશ કેળવણીને મદદ કરવાનો છે. મુરબી, લાઈફ મેમ્બર અને ત્રણ વર્ગના સભાસદ એવી રીતે પાંચ વર્ગ પાડ્યા છે. લાઈફ મેંબરો ૪ છે. પહેલા વર્ગના વાર્ષિક મેંબરો ૮ છે. લગ્ન વિગેરે ખુશાલીમાં તથા સગાં સંબંધીના પુણ્યાર્થે આ ફંડમાં રકમો ભરાઈ છે તે બહુ ઇષ્ટ છે. ખર્ચ પણ બરોબર વ્યાજબી રીતે થયો છે. ફંડ ઉત્તેજનને પાત્ર છે.

જૈન સ્તોત્ર સંગ્રહ—શ્રી જૈન યશોવિજય ગ્રંથમાળા નં. ૯ મુંબઈ નિવાસી બાબુ ચુનીલાલ પન્નાલાલ ઝવેરીની વિધવા બાઇ લિખી બાઈની સહાયથી પ્રસિદ્ધ થયેલી મળી છે. કિંમત રૂ ૧) છે. કાગળ મજબૂત છે. ટાઈપ મોટા બાળબોધ છે. પાના ૨૫૬ છે. પૂઠું તથા કામ બહુ સારૂં છે.

---


## જોઇએ છે.

ગુજરાતી પાકા નામના પૂર્ણ અનુભવી અને ઈંગ્રેજી પત્રવ્યવહાર કરી શકે તેવા કલાર્કો જોઈએ છે. રૂબરૂ મળો અગર પત્ર લખો. જૈનનેજ પસંદ કરવામાં આવશે:—

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ. ચંપાગલી—મુંબઈ.

# " ગ્રાહકો પ્રત્યે. "

"કોનફરન્સ હેરલ્ડ"નું બીજું વર્ષ પુરૂં થવા આવ્યું છે માટે અમારા નામવર માનવંતા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે પહેલા તથા બીજા વર્ષનું લવાજમ સત્વર મોકલી આપવું અગર વી. પી. કરવામાં આવે તે સ્વીકારવું. પત્રનો આધાર લવાજમ ઉપર છે. તે લક્ષમાં રાખવા વિનંતિ છે.

આસીસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતામ્બર કોનફરન્સ.
ચંપાગલી મુંબઈ.

# શ્રી જૈન શ્વેતાંબર સંઘો પ્રત્યે વિજ્ઞપ્તિ.

ખેડા જીલ્લાના તથા અમદાવાદ જીલ્લાના ગામોના શ્રી જૈન શ્વેતાંબર સંઘોને વિનંતિ કરીએ છીએ કે આપને અમારી તરફથી પત્ર દ્વારાએ ધાર્મીક ખાતાઓના હીસાબો તૈયાર રાખવા સુચના કર્યા છતાં હાલમાં તમારી તરફ ફરતાં અમારા ઈન્સપેકટરો હીસાબો તૈયાર નહી હોવાની વખતો વખત અમને ફરીયાદ કરે છે, તો તે માટે ફરી આપને સુચના કરીએ છીએ કે હવે પછીથી હીસાબો તૈયાર રાખી અમારા ઈન્સપેકટરોને ફરીયાદ કરવા સબબ નહીં રહે અને તેમને ખોટી રહેવું નહીં પડે એવી આશા રાખવામાં આવે છે. આપ સુજ્ઞ ગૃહસ્થો જાણો છો કે હીસાબ તૈયાર નહીં હોવાથી અમારા માણસોને નાહક વધારે વખત ગુમાવવો પડે છે અને તેથી કોન્ફરન્સ ફંડને નુકશાન થાય છે તો જેમ બને તેમ તાકીદે હીસાબો તૈયાર રાખી અમારી તરફના ઈન્સપેકટરો આવેથી તરત દેખડાવી દેશો.

લી. શ્રી સંઘનો સેવક.
ચુનીલાલ નાહાનચંદ.
આ. ઓડીટર—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# थोडी नकलो बाकी छे.

| | | |
|---|---|---|
| फलोधि ( पहेली ) कोन्फरन्सनो रिपोर्ट. | ........... | किं. रु. ०—१०—० |
| मुंबई ( बीजी ) कोन्फरन्सनो रिपोर्ट. | ............... | ,, ०—१२—० |
| वडोदरा ( त्रीजी ) कोन्फरन्सनो रिपोर्ट | ............... | ,, ०—१०—० |

मळवानुं ठेकाणुं:—श्री जैन श्वेतांबर कोन्फरन्स,
चंपागल्ली—मुंबई.

Registered No. B. 525.

वीर सम्वत् २४३३. ॐ विक्रम सम्वत् १९६३

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

पुस्तक २. डीसेम्बर.

# हेरल्ड.

नम्बर १२. सन १९०६.

प्रगट कर्ता.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबइ.

विषयानुक्रमणिका.


| विषय | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| શ્રી મણુકપુરજી જૈન તીર્થના જીર્ણોદ્ધાર સંબંધી રીપોર્ટ. ... | ૩૫૩ | સુધારો. ... ... ... ... | ૩૭૧ |
| કોન્ફરન્સ ઓફીસમાં ચાલતુ કામ-કાજ. ... ... ... ... | ૩૬૨ | નામદાર મુંબાઇના ગવરનર સાહેબની શ્રી ગીરનારજીના ડુંગર ઉપરની પધરામણી. ... ... ... ... | ૩૭૧ |
| અમદાવાદ ઓફીસનો કારતક માસનો હીસાબ. ... ... ... ... | ૩૬૫ | નવીન સમાચાર. ... ... ... | ૩૭૨ |
| રજપૂતાના બ્રાંચ ઓફીસ ... | ૩૬૬ | જૈન સમાચાર. ... ... ... | ૩૭૩ |
| કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ. | ૩૬૬ | અમદાવાદ કોન્ફરન્સની ખબરો તથા કંકોત્રી. ... ... ... ... | ૩૭૪ |
| ચાર આનાના ફંડથી વસુલ આવેલાં નાણાં. ... ... ... ... | ૩૬૭ | પાંચમી કોન્ફરન્સમાં ચર્ચવાના વિષયો. ... ... ... ... | ૩૭૭ |
| શ્રી ધાર્મિક સંસ્થાઓના હીસાબ તપાસણી ખાતાના રીપોર્ટ. ... | ૩૬૮ | પાટણ કોન્ફરન્સની બેઠકો વખતે રોકડા આવેલા નાણાંની પહોંચ. | ૩૮૧ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १

' जैनोदय ' प्रेस—मुंबई.

## जैन सीरीझ तैयार करवा माटे

# रु. १००० नुं इनाम !

पाटण खाते मळेली चोथी जैन श्वेतांबर कोन्फरन्स वखते थयेला ठराव अनुसार जैन धर्म अने फीलसुफीनुं पुर्ण रीते क्रमवार ज्ञान थाय तेवी उत्तरोत्तर भाषा तथा विषयोनी कठीणता वाळी १ थी ७ पुस्तकोनी सीरीझ गुजराती अथवा हींदी भाषामां तैयार करवामाटे रु. १०००, अंके एक हजार रुपयानुं इनाम नीचेनी शरतोए आपवानुं छे:--

१ जे सीरीझने इनाम आपवामां आवशे तेनी प्रसिद्धी विगेरे हक इनाम मेळवनारनो रहेशे परंतु ते प्रसिद्ध करवानी तेणे कबुलात आपवी पडशे. जो ते हक कोन्फरन्सने आपशे तो रु. १०००, बीजा आपवामां आवशे.

२ सीरीझनी पसंदगी एक खास कमीटी नीमीने करावबामां आवशे.

३ आजनी तारीखथी एक वर्ष सुधीमां पसंदगी माटे आवेली सीरीझोनी कमीटी पासे तपास करावबामां आवशे.

४ तपास माटे आवेली सीरीझोमांथी एकने इनाम आपवुं एम कमीटी बंधाती नथी परंतु तेमांथी योग्य हशे तोज इनाम आपवामां आवशे.

५ पसंद करवामां आवती सीरीझ सिवायनी बीजी सीरीझमांथी अमुक चोपडीओ अगर तेमांना पाठो कमीटी पसंद करशे तो तेना प्रमाणमां तेना योजकने इनाम आपवामां आवशे.

वधु खुलासा माटे नीचेना सरनामे पत्रव्यवहार करवो.

चंपा गली मुम्बइ.
ता. २५-५-१९०६.

आसिस्टंट सेक्रेटरी.
श्री जैन श्वेतांबर कोन्फरन्स.

---

## જાહેર ચેતવણી.

આથી સર્વે દેશ પ્રદેશના રહીશોને જણાવવામાં આવે છે કે કેટલીક મુદતથી એક સખસ "**શ્રી દીવ જૈન ગૌરક્ષક અને જીવદયા ફંડ**" એ નામના ફંડની રસીદ આપી પૈસા ઉઘરાવે છે, અને રસીદમાં "**પ્રભુદાસ વીરચંદ**" નું મેનેજર તરીકેનું નામ છપાવેલું છે અને પૈસા લેનારની સહીમાં **ભુરાભાઈ·હુરખચંદને** નામે સહી કરેછે તે એકંદર બાબત ઠગાઇ રચેલી છે, દીવ ગામમાં એ નામનું ફંડ નથી તેમ સદરહુ શેઠ પ્રભુદાશ વીરચંદ તરફથી કોઇ પણ માણુસ ફરતું નથી માટે મજકુર સખસ રંગે ગોરો મોઢું શીતળાના ચાઠાંવાળુંછે આંખે માજરો ઉમર વરસ ૨૨ ને આસરે છે તેને અગર ઉપલા નામથી જે કોઇ પૈસા ઉઘરાવે તેને એક પઇ પણ આપવી નહી પણ મજકુર ઠગાઇ કરનાર સખસ મળી આવે તો અમને ખાનગી રીતે ખબર આપવી જેથી ધર્માભિમાનીઓ ઠગાઇથી બચવા પામશે.

ચંપાગલી—મુંબઇ.
તા० ૧૧-૧-૧૯૦૭

એસીસ્ટંટ સેક્રેટરી.
જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयंति पावनतया येनाऽस्ति नान्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्यं परावसंति च गुणा यस्मिन्स सत्रोऽर्च्यतां, ॥

અર્થ:—જે સંઘ, સંસારના ત્યાગને વિષે ઇચ્છાવાળી છે બુધ્ધિ જેની, એવો છતાં મુક્તિના સાધનને માટે સાવધાન થાય છે, વળી જે પવિત્રપણાએ કરીને તીર્થરૂપ કહેવાય છે, જેના સમાન બીજો કોઇ નથી, જેને તીર્થંકર મહારાજાપણ વ્યાખ્યાનને અવસરે "નમો તીથ્થસ" કહી નમસ્કાર કરે છે. જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેનામાં (અનેક) ગુણો રહે છે, એવા સંઘની, (હે ભવ્ય જીવો) પૂજા કરો.


# The Jain (Swetamber) Conference Herald.

Vol. II.] DECEMBER 1906. [No. XII.


# શ્રી રાણકપુરજી જૈન તીર્થના જીર્ણોધ્ધાર સંબંધી રીપોર્ટ.

રજપુતાનામાં મારવાડ (જોધપુર સ્ટેટ) માં ગોડવાડ પરગણામાં આવેલા શ્રી રાણકપુરજીના જૈન મંદીરની સ્થિતિ ઘણા વખતથી નબળી થતી જતી હોવાથી તેનો જીર્ણોધ્ધાર કરાવવાનું શ્રી જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સને વાસ્તવીક રીતે યોગ્ય લાગવાથી તે કોન્ફરન્સ તરફથી એ તીર્થની સ્થિતિ જાતે જોઇ તપાસ કરી તેનો જીર્ણોધ્ધારમાં ખર્ચ થવાનો અટસટો કાઢવા સારૂ સૂચના થવાથી સં૧૯૬૩ના કારતક વદ ૨ (મારવાડી માગશર વદ ૨) ને દિને, મેવાડમાં જીર્ણોધ્ધારના કામની દેખરેખ રાખનારા માનાધિકારી પાટણવાસી શા. લલુભાઈ જેચંદ તથા એવા કામના જાણનાર સલાટ ગુલાબજી (ડુંગરપુરના હાલ અમદાવાદ વાસી) ને લઇને અમે અમદાવાદથી રાણકપોર જવા નીકળ્યા.

પ્રથમથી કોન્ફરન્સ તરફથી સાદડીના પંચોને સુચના પહોંચેલી હોવાથી રજપુતાના માલવા રેલ્વેના રાણી સ્ટેશનપર શ્રી રાણકપુરજીના કારખાના તરફથી માણસો તથા ગાડી સામા લેવા આવ્યાં હતા. સ્ટેશન ઉપર ઉતરતાં જે જે હકીકત જાણવામાં તથા જોવામાં આવી તે નીચે પ્રમાણે છે.

૧. જૈનોના તીર્થમાં નાની "પંચ તીર્થી" પણ ગણાય છે. અને ત્યાં ઘણા જણ જાત્રાએ જાય છે. એ પંચ તીર્થી મારવાડમાં આવેલી છે અને ત્યાં જનાર જાત્રાળુ પ્રથમ રાણી સ્ટેશનપર ઉતરે છે. રાણી સ્ટેશનપર એક સુંદર ભવ્ય ધર્મશાળા તથા જૈન મંદીર છે. એ ધર્મશાળાની સફાઈ અને ગોઠવણ એવાતો ઉંચા પ્રકારની છે કે તેનું અનુકરણ બીજી ધર્મશાળાના વહીવટદારોએ કરવું જોઈએ. અહિં ઢોલીઆ, ઓરડાઓ, રસોડા, સંડાસ વગેરેની ગોઠવણ ઘણીજ ઉત્તમ પ્રકારની છે. વરકાણા પાર્શ્વનાથ, નાડોલ, નારલાઇ, ઘાણેરાવ (મુછાળા મહાવીરજી) અને રાણકપુર એવા પાંચ તીર્થો આસપાસ નજીકમાં આવેલા છે. રાણીથી વરકાણા દોઢ કોસ, વરકાણાથી સાદડી પાંચ કોસ, સાદડીથી ઘાણેરાવ ત્રણ કોસ, ઘાણેરાવથી નારલાઈ એક કોસ, અને નારલાઇથી નાડોલ અઢી કોસ છે. અત્રે રાણકપુરની વીગત આપવાની હોવાથી તે વિશેષ વિસ્તાર પુર્વક જણાવીશું. એ રાણી સ્ટેશન પાસે સાડા છ કોસ પર સાદડી નામનું એક નગર છે. અને ત્યાંથી ત્રણ ગાઉ ઉપર આ મહાન મંદીર પહાડની તળેટી નીચે આવેલું છે. જે આપણામાં એક પવિત્ર તીર્થ તરીકે ગણવામાં આવે છે.

૨ સાદડીથી રાણકપુર જતાં રસ્તો બહુ વીકટ છે. અને ઝાડીવાળો આવેછે. આસપાસ પહાડો, અને વચ્ચે નાનાં નદી નાળાં આવેછે. જમણી બાજુએ પાંચ લાખ રૂપીઆને ખરચે જોધપુર રાજ્ય તરફથી એક મોટો બંધો બંધાવી એક જંગી તળાવ બંધાવ્યું છે. જો તળાવ બંધાની પાળ સુધી ભરાઈ જાયતો એ મંદિરને મોટું જોખમ લાગવાનો સંભવછે. પણ મારવાડ દેશના ઓછા વરસાદથી એવો સંભવ નજીકમાં હોય એવું ભાસતું નથી. પછીતો જ્ઞાની જાણે. આ જગામાં ઘણી ખીણો આવેલીછે ને તેમાં વાઘની વસ્તી ઘણી જણાયછે. અને તેથી મંદિરની ધર્મશાળામાં રાતવાસો લોકો રહેતાં નથી. સાદડીથી એક પાકી સડક થવાની બહુ જરૂરછે. અને જો જૈન સંઘ અડધો ખર્ચ આપેતો શ્રી જોધપુર દરબાર બાકી અડધો ખર્ચ આપે એવી વાત અગાઉ બહાર આવી હતી.

૩ એ મંદિરની બાંધણી તો એવી વિશાળ અને ભવ્ય છે કે હાલના સમયમાં ઇન્જીનીયરો વીગેરે પણ તે કેવી રીતે અને કેટલા ખર્ચથી બાંધવામાં આવ્યું હશે. તે તાત્કાલીક કહીશકે નહિં. આ મહાન મંદિરમાં ૯૯ લાખ રૂપીઆ ખરચેલા કહેવાયછે. તેની ભવ્યતાનો ખ્યાલ માત્ર એટલા ઉપરથી આવી શકશેકે તેમાં ૧૪૪૪ થાંભલાઓ છે. વળી તેમાં ૮૪ ભોંયરાઓછે. ઘણી દેવડી અને ઘુમટોછે. ચાર મંજલછે. અને દરેક મંજલે ચોમુખજી પધરાવેલાછે. મંદિરને મોટા ત્રણ દરવાજા ત્રણ દિશામાંછે. અને ચોથી દિશામાં પહાડછે. કેટલા તો સભા મંડપછે. દરેક પ્રતિમાની નાકની દાંડી બીજી પ્રતિમાની સામે એક સીધી લીટીમાં આવેલીછે. બહાર અને અંદર મસીદનું નિશાન અને રાયણનું ઝાડછે. નંદાવર્ત એક હજાર અને આઠ ફણા

પાર્શ્વનાથ, તેના અનેક ગુંચળા વગેરે ચમત્કારિક કારીગીરીથી ભરપુરછે. અંદર બે માણસ પુજા સાથે કરવા જાય અને સહેજપણુ સાથ છુટી ગયોતો એક બીજાને મુશ્કેલીથી શોધી કાઢી શકે. આ ચોર્યાશી ભોંયરામાંથી જાહેરમાં હાલમાં ૯ ભોંયરાએ માલુમ પડેછે. અને તેમાં ભંડારેલી મુર્તીઓનીતો ગણત્રીજ થવી મુશ્કેલ છે. ટુંકામાં એ મંદિર જેવું મોટું મંદિર આખા હિંદમાં નથી. જૈનોના પુસ્તક ભંડાર ઘણે સ્થળેછે. તો અગણિત પ્રતિમાંઓનો પ્રતિમા ભંડારતો માત્ર શ્રી રાણુકપુરમાંજછે. ભોંયરાઓમાં ઉતરતાં ભીનાસ અને પાણી માલૂમ પડેછે. અમે ગયા પછી નવા બે ભોંયરા શોધી કાઢયા હતા.

૪ આ મુખ્ય દેરાસરની જોડે બીજાં ચાર મંદિરો આવેલાં છે. તે વિષે એવું કહેવાય છે કે આ ચાર મંદિરોમાંના એક મોટા મંદિરનો બાંધનાર મુખ્ય મિસ્રી હતો. તેણે પોતે મેળવેલા ધનની યાદગીરી જાળવવા તથા તે મુખ્ય દેરાસરના કામમાં કેટલું બધું ખર્ચ થયું હશે તેની ભવ્યતા બતાવવા સારૂ પોતાના પદરના ખરચથી બંધાવ્યું હતું. બીજું એક મંદિર એક વેશ્યાએ પોતાની યાદગીરી જાળવી રાખવા સારૂ તેની જોડમાં બંધાવ્યું છે. આવા મંદિરોની ભવ્યતા, સુંદરતા, અને થએલ ખર્ચ તરફ નજર કરતાં ત્યાંના તે વખતના મહારાણાએ પણ એક પોતાની તથા પોતાની રાણીની યાદગીરી કાયમ રાખવા (સુર્યનારયાણનું) મંદિર બંધાવ્યું છે. પણ તે તદ્દન બિસ્માર હાલતમાં આવી ગયેલું છે. શ્રી જોધપુર દરબારને અરજ કરવામાં આવેતો કદાચ તેનો જીર્ણોદ્ધાર થાય.

૫ એમ મંદિરોનું ખર્ચ કાયમ રીતે નભી શકે તે માટે ત્યાંના મહારાણા સાહેબે તેના ખર્ચ સારૂ ૧૬૦ એકર જમીન મફત આપી હતી. ને તે હાલ પણ મંદિરના કબજામાં છે. તે શિવાય એમ પણ કહેવાય છે કે અહિંઆ પ્રથમ જે શહેર હતું તેની તમામ ઉપજ પણ આ મંદિરના ખર્ચ સારૂ આપી દેવામાં આવતી હતી.

આ મંદિરના સંબંધમાં નીચે પ્રમાણે દંત કથા ચાલે છે. ધનાશા શેઠ જાતિના પોરવાળ હતા. તેના વંશજોમાં જાવડશા થયા. તેમજ હજુ પણ ઘાણેરાવમાં તેના ગોત્રના તેના વંશજો છે. બાદશાહનો શાહુજાદો રિસાઇને આવ્યો હતો. તેને એ શેઠે સંતાડી રક્ષણ આપી પુરી મદદ આપી હતી. એ પુત્ર જ્યારે ગાદીએ આવ્યો ત્યારે ધનાશાને બોલાવી ખજાનચી અને દિવાનના ઓધા આપ્યા. ત્યાં પેદા કરેલા ધનવડે શ્રી રાણુકપુરજીનું મંદિર બંધાવ્યું. એ મંદિરના સંબંધમાં એવી દંતકથા ચાલે છે કે,—

કોઇક અવસરે ધનાશાહને સ્વપ્ન આવ્યું તે સ્વપ્નમાં જૈન મંદિર જોયું. પ્રાતઃકાલમાં વિચાર કર્યો કે જેવું જીનાલય સ્વપ્નમાં જોયું છે તેવું નવીન જીનાલય બંધાવી લક્ષ્મીને સફલ કરૂં. એવો દ્રઢ નિશ્ચય કરી કારીગરોને બોલાવ્યા અનેજુદા જુદા કારીગરો પાસે

જીનાલયના નકશા તૈયાર કરાવ્યા. પણ સ્વપ્નમાં દેખેલાં જીનાલય સમાન એક પણ નકશો મલ્યો નહિ. છેવટ મશ્કરી કરવા સાદડીનાવૃદ્ધ કારીગર પાસે પરદેશી કારીગરોએ શેઠને મોકલ્યા. તે દેવીની સ્તુતિ કરી મરવા તૈયાર થયો. દેવીએ પ્રસન્ન થઇ શેઠના સ્વપ્ન બરાબર જીનાલયનો નકશો બતાવ્યો. તે શેઠને જઈ બતાવતાં શેઠ રાજી થયા. એમ પણ કહે છે કે ઉપલું સ્વપ્ન શેઠને કોઇ દેવતાએ બતાવ્યું હતું. અને શેઠ દેવલોકથી આવ્યા હતા. નકશો પણ દેવતાએજ દેખાડયો હતો. અને એ નકશો પ્રથમ દેવલોકમાં નલિની ગુલ્મ વિમાનમાં રહેલ જીનાલયનો છે એમ કેટલા એકનું કહેવું છે. પછી શેઠે જીન મંદિરનો આરંભ કર્યો. તે વખતે એક માખી એક તેલના વાસણમાં પડીને મરી ગઇ. શેઠે તે માખીને સળીથી ઉચકી પોતાના જોડાપર મુકી જોડાને તેલ પીવા દીધું. આ જોઈ બીજા સલાટો સાથે જે મુખ્ય મીસ્રી હતો તેને શંકા થઇ કે શેઠ આવું મંદિર સંપૂર્ણ બંધાવી શકશે કે નહિ. માટે પરીક્ષા કરૂં. એવો વિચાર કરી મીસ્રી શેઠ પાસે જઈ કહેવા લાગ્યો કે આ અપુર્વ મંદિરનો પાયો સુવર્ણના ગારાથી અને અમુક સણ રત્નોથી પુરવો પડશે. શેઠે તુરત મુનીમને હુકમ કર્યો કે મીસ્રી જેટલું સુવર્ણ અને રત્ન માગે તેટલું આપવું. મુનીમે કેટલીક સુવર્ણની પોઠો મોકલાવી. તે મીસ્રીએ પાયામાં નાખી જુવે છે કે કેટલીક પોઠો આવે છે. તો નજર કરીને જોતાં પોઠોપર પોઠો દેખી સંખ્યાનો કાંઈ નિયમ રહ્યો નહિ. એ વખતે મીસ્રીએ વિચાર કર્યો કે શેઠને કોઈ દેવ પ્રસન્ન છે. માટે દેવલ સંપૂર્ણ બંધાવશે. પછી મીસ્રી શેઠ પાસે હાથ જોડી કહેવા લાગ્યો કે બસ હવે સુવર્ણની જરૂર નથી. શેઠ બોલ્યા ભલે. એટલે પોઠો દેખાતી બંધ થઇ.

જ્યારે ધનાશા મંદિર બંધાવતા હતા. ત્યારે શ્રી મહારાણાની ઈચ્છા થઇ કે મારી રૈયતને મોટું નામ કરવા દઉં નહિ. પણ હું જાતે બંધાવું. તેપર બે સ્તંભ બંધાવી નકશા પ્રમાણે બંધાવતાં કેટલો ખર્ચ થશે તેની ગણત્રી કરવા માંડી તો ઘણુંજ ધન ખર્ચ થશે, કે જેટલું બચાવવું મહારાણાને મુશ્કેલ લાગ્યું. તેથી પોતે આજ્ઞા કરી કે ભાઈ તુંજ બંધાવ એ બે સ્તંભો હજુ રાણાના સ્તંભ તરીકે એ મંદિરમાં ઓળખાય છે.

## આ મંદીરની અંદર જે લેખ છે તેનું ભાષાંતર.

કલ્યાણ અને સોભાગ્યયુક્ત, ચતુરમુખ જૈન પ્રભુ જે યુગના આદીશ્વર તેને નમસ્કાર.

શ્રીમાન વીક્રમથી ૧૪૯૬ સંખ્યાને વરસે શ્રી મેવાડના રાજાધિરાજ શ્રી બપ્પ ૧ શ્રી ગુહીલ ૨. ભોજ ૩. શીલ ૪. કાલભોજ ૫. ભરત્રુભટ ૬. સિંહ ૭. મહાયક ૮. રાણી અને પુત્રની સાથે પોતાના સુવર્ણની તુલા તોલાવનાર (સુવર્ણનું તુલાદાન આપનાર) શ્રી ખુમાલ ૯. શોભાયમાન અલ્લટ ૧૦. નરવાહન ૧૧. શક્તિ કુમાર

શુચિવર્મ ૧૩. કીર્તીવર્મ ૧૪. યોગરાજ ૧૫. વૈરટ ૧૬. વંશપાલ ૧૭. વૈરસિંહ ૧૮. વીરસિંહ ૧૯. શ્રી ઓરસિંહ ૨૦. ચોડસિંગ ૨૧. વિક્રમસિંહ ૨૨. રણસિંહ ૨૩. ક્ષેમસિંહ ૨૪. સામતસિંહ ૨૫. કુમારસિંહ ૨૬. મથનસિંહ ૨૭. પદ્મસિંહ ૨૮. જૈત્રસિંહ ૨૯. તેજસ્વીસિંહ ૩૦. સમરસિંહ ૩૧. અલાઉદ્દીન સુલતાનને જીતનાર બાપાનો વંશજ. શ્રી ભુવનસિંહ ૩૨. તેનો પુત્ર શ્રી જયસિંહ ૩૩. માલવાનાપતિ ગોગદેવને જીતનાર લક્ષ્મીસિંહ ૩૪. તેનો શ્રી અજયસિંહ ૩૫. તેનો ભાઈ શ્રી અરિસિંહ ૩૬. શ્રી હમીર ૩૭. શ્રી ખેતસિંહ ૩૮. શ્રીલક્ષ નામે રાજા ૪૯. તેનો પુત્ર સુવર્ણના-તુલા આદિ દાનના પુણ્યના પરોપકાર આદી સારવાલા ગુણો સહિત કલ્પવૃક્ષને વિશ્રામ લેવા યોગ્ય દેવતાઓના નંદનવન રૂપ શ્રી મોકલ મહિપતિ ૪૦. કુલરૂપ વનમાં સિંહ સરખા નહીં વિષમ અને નહીં ખંડિત, એવા સારંગપુર, નાગપુર, ગાગરણનપુર, રાણકપુર, અજમેર, મંડોર, મંડલકર (કોટા) બુંદી, ખાટપુર, ચાટપુર અને સુજાનપુર ઇત્યાદિ નાના પ્રકારના મોટા કિલાઓને રમત માત્રમાં ગ્રહણ કરવાથી પ્રમાણ કરેલ છે કાશીને જીતવા પણાનું અભિમાન જેણે એવો અને પોતાના હાથ વડે વૃદ્ધિને પામેલા તેમજ સારી રીતે સંપાદન કરેલા અનેક ભદ્ર જાતિના (ઘણા ઉંચા અને ધોલા વર્ણના હાથીઓ જેણે એવો મલેચ્છ રાજાઓ રૂપ સર્પના મંડલને દલી નાખનાર ગરૂડ રૂપ, પ્રચંડ હાથ વડે ખંડિત કરેલ છે ચોતરફથી પ્રવેશ સ્થાન જેણે એવા નાના પ્રકારના દેશોના રાજાઓના કપાળોની માળા વડે શોભે છે ચરણ કમલ જેનું એવો, અખંડ મનોહર લક્ષ્મીની સાથે રમનાર ગોવિંદ રૂપ, અન્યાય રૂપ વનને બાલવાને દાવાનલની પેઠે આચરણ કરનાર, પ્રતાપના તાપે કરીને નાશી જાએ છે બલ્લાલકુલના શત્રુ રાજાઓ રૂપ કૂતરાનાં ટોળાં જે થકી એવો બલિષ્ટ. પરાક્રમે કરીને વ્યાપ્ત, ઢિલ્લી મંડલ (દીલ્લી મંડલ) અને ગુજરાતની રક્ષા કરનાર, સુલતાન પાદશાહે આપેલા છત્ર વડે વિખ્યાતિ પામેલ છે હિન્દુના સુલતાનનું બિરૂદ જેનું એવો, સુવર્ણના યજ્ઞનું ઘર અને છ શાસ્ત્રમાં કહેલા ધર્મનો આધાર, ચાર પ્રકારે વહેવાવાલી સેનારૂપ નદીને માટે સમુદ્ર સરખો, કીર્તિ અને ધર્મે કરીને પ્રજાનું પાલન કરવામાં સત્ય આદિ ગુણોએ યુક્ત, જે ક્રિયમાણ કાર્ય (વર્તમાન સમયમાં કરાતું કાર્ય) તે વડે રામચંદ્ર અને યુધિષ્ઠિર આદિ રાજાઓનું અનુકરણ (બરોબરીપણું) કરનાર રાણાશ્રી કુંભકર્ણ (કુંભારાણા) જે આ સઘળી પૃથ્વીનો ચક્ર-વર્ત્તિ પતિ, તેના જયવાલા રાજ્યમાં, તેના પ્રસાદનો પાત્ર, વિનય, વિવેક, ધૈર્ય, ઉદારતા, શુભકર્મ, નિર્મળ સ્વભાવ ઇત્યાદિ અદભુત, ગુણરૂપ, મણિમય અલંકારો વડે કાન્તિવાળું છે શરીર જેનું અને શ્રીમાન અહમદ સુલતાને આપેલી છે ફરમાશ જેને એવા સાધુ શ્રી ગુણરાજ સંઘપતિનુ સાચહર્ય (સાથે રહેવાપણું) તેણે કરીને કરેલા આશ્રયને કરનારા દેવાલય આદિકના આરંભ પૂર્વક શત્રુંજય આદિ તીર્થની યાત્રા કરનારો અજાહરી (અજાડ) પીંડરવાટક (પીંડવાડા) અને સાલેરા આદિ ઘણાક સ્થાનોમાં નવિન જૈનમંદીર તથા જીર્ણોદ્ધાર અને પગલાની સ્થાપના તેમજ

દુર્ભિક્ષ આદિ સમયને માટે સદાવ્રતો તથા નાના પ્રકારનો પરોપકાર અને સંઘનો સત્કાર આદિ ગણી શકાય નહીં એટલા પૂણ્યરૂપ મોટો અર્થ (પુરૂષાર્થ) કરવાપણાએ કરીને પૂરાતો જે સંસારરૂપ સમુદ્ર તેનો પાર ઉતારવામાં સમર્થ એવા મનુષ્યના જન્મરૂપ વહાણના પાત્ર (વહાણ કહેવા લાયક) પ્રાગવાટ વંશમાં (પોરવાળ) ભૂષણ રૂપ સંઘવી કુરપાલની સ્રી કામલદેવનો પુત્ર ઉત્તમ જૈન (ઉત્તમ જીન ભક્ત) સંઘવી ધનાષા છે. તે(પોતાના) મોટાભાઈ રત્નાશાની સ્રી રત્નાદેવી તથા તેના પુત્ર સંઘવી લાખાશા સજાશા, સોનાશા, અને સાલીંગશા તથા પોતાની સ્રી સંઘવતી ધારલદેવી તથા તેના પુત્ર જશાસા જાવડશા ઇત્યાદિ વૃદ્ધિને પામતા સન્તાનોએ યુકત એવો તેણે રાણકપુર નગરમાં કુંભારાણાએ પોતાને નામે સ્થાપેલ એવો ત્રૈલોકય દીપક નામે શ્રી ચતુર્મુખ (ચો મુખજી) જે યુગાદીશ્વર પ્રભુ તેનો વિહાર કુંભારાણાનો ઉત્તમ પ્રાસાદવાલા ઉપદેશથી કરાવ્યો તે શ્રી બ્રહત્તપાગચ્છમાં શ્રી જગચંદ્ર સૂરિ અને શ્રી દેવેંદ્ર સુરિની શિષ્ય પરંપરામાં શ્રી દેવસુંદર સુરિના પટ્ટમાં સુર્ય સરખા ઉત્તમ ગુરૂએ સારી રીતે કરેલ પુરંદર ગચ્છના અધિપતિ શ્રી સોમસુંદર શ્રી એ પ્રતિષ્ટિત કર્યો. આ જૈન મંદીર સુત્રધાર (સલાટ) દેપાનું કરેલું છે. આ ચતુર્મુખ વિહાર (ચોમુખજીનું જૈન મંદીર) સુર્ય ચંદ્ર રહે ત્યાં સુધી આનંદ કરો !! કલ્યાણ થાઓ. !!

## વહિવટ

એ મંદિરનો વહીવટ સાદડીના પંચો લાંબા કાળથી ચલાવતા આવ્યા છે. સાદડી ગામ પહેલાં ઘણું મોટું હતું, હાલમાં પણ ત્યાં સાતસે ઘર જૈનોના છે. તેમાં ૫૭૫ ઘર ઓસવાળના અને ૧૨૫ ઘર પોરવાડના છે. તે મધ્યે ૪૫૦ ઘર દેરાવાસી છે. ત્યારે ૨૫૦ ઘર લુંકા ગચ્છના (ઢુંઢિઆ) છે. ગામમાં ઉપાશ્રય. ધર્મશાળા મં-દિરો કારખાનું પાઠશાળા પોસ્ટ ઓફીસ વગેરે ગોઠવણ છે. સંવત ૧૯૫૦ ની સાલ પહેલાં પંચલોક વહીવટ ચલાવતા હતા. તેમાં ભંડારી રીખવદાસ કામ સંભાળતા હતા. એ વરસમાં ગામમાં સેવકો પૂજા કરતા હતા. તેમાંના એક સેવકે અયોગ્ય કાર્ય કર્યું તેથી બધા સેવકોને પૂજા કરતા બંધ કરવામાં આવ્યા. અને તે કામ રાવળોને સુપરદ કર્યું એ રીતે ગામમાં બે તડ પડી ગયાં. એક જુનું તડ (જુનો ધડો) ત્યારે બીજું પુનાવાલા. શા. સંતોકચંદજી નવલચંદજી એ આગેવાની લીધાથી સંતોકચંદજી વાળું કહેવાવા લાગ્યું. છ મહીના વીત્યા પછી ઘણા જણાઓએ એમ કહયું કે જેનો કસુર હોય તેને માત્ર પૂજાથી બંધ કરો. બધા સેવકોને શા માટે સજા થવી જોઇએ? આ બાબતમાં હાના ચાલતી હતી. અને કુંચીઓ નાંખી દીધી. તે પછી થોડો સમય એ અનોપચંદજીએ વહીવટ કર્યો. અને પછી અમદાવાદથી કેટલાએક આગેવાનોએ જઇ શેઠ આણંદજી કલ્યાણજીના નામથી વહીવટ ચલાવ્યો. ત્યારબાદ સં ૧૯૫૮ પછી શા. કસ્તુરચંદજી ખીમરાજજી ધોકા એનો વહીવટ કરવા

લાગ્યા. અને તેનું તડ કસ્તુરચંદજી કહેવાવા લાગ્યું તે ઉપરાંત લોકાગચ્છ વાળાઓનું તડ મળી એ ગામમાં ચાર તડ પડી ગયાં છે. એથી મંદિરના વહિવટને નુકશાન પહોંચી રહયું છે. ત્રણેક વર્ષપર મી૦ ગુલાબચંદજી ઢઢ્ઢા અને મી૦ અમરચંદ પી. પરમાર સાદડી જઈ બધા તડવાળા પાસે લવાદ નામુ લખાવી લીધું હતું. પણ આપસ આપસની ખેંચતાણ અને મમતા મમતીથી તેમજ દિલની સફાઇ વગર સંપ થવો મુશ્કેલ માલુમ પડયો. એ મંદિરના વહીવટમાં સુધારાની મોટી જરૂર છે. હાલમાં બ્રાહ્મણ પૂજારીને હાથે પૂજા કરવામાં આવે છે. અને તે પગારદાર છે. ગામના તેમજ શ્રી રાણકપુરજીના જે કંઈ ચોખા પૈસા વગેરે ચઢે છે તે સર્વે પૂજારી લેતા આવ્યા છે. અને તેમને કંઇ પગાર મળતો નથી. શ્રી રાણકપુરજીમાં સેવક વીરચંદ હમેશથી પૂજા કરતો આવ્યો તેમ કરે છે. ગામમાં સેવકના ઘર આઠ છે. ત્યારે રાવળના ૨૦-૨૫ ઘરમાંથી ૨-૩ ઘરવાળા પૂજા કરે છે.

## ૭ જીર્ણોદ્ધાર કરવાની અગત્ય.

આ મંદિર જીર્ણ થવાથી ઘણે ઠેકાણે સમાર કામની જરૂર હતી. તે તરફ શેઠ આણંદજી કલ્યાણજીનું લક્ષ ખેંચાયું હતું. અને જીર્ણોદ્ધારનું કામ પણ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ઉપર જણાવેલા સાદડીના પંચના કુસંપથી તથા બીજા કારણને લીધે તે પાછું બંધ કરવું પડ્યું હતું. ત્યાર બાદ મહેસાણા વાળા પરોપકારી ગૃહસ્થ શેઠ વેણીચંદ સુરચંદે પણ આ સંબંધમાં પ્રયાસ કરીને ટીપ કરી હતી જેમાંથી કેટલીક રકમ વસુલ થઇને શેઠ આણંદજી કલ્યાણજીને ત્યાં જમા પડેલી છે. જૈનોની જાહોજલાલીની નિશાની રૂપ આ ભવ્ય મંદિર હમેશાં સારી સ્થીતિમાં રહે તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. એવા ભવ્ય મંદિરો કાંઇ હમેશાં બાંધી શકાતાં નથી. બલ્કે અત્યારે તો તે બાંધવાની હિંમત કરનારા પણ મળી શકે નહિ. તેથી તે આપણે જીર્ણ સ્થિતિમાં રહેવા દઈ તેનો નાશ કોઈ પણ પ્રકારે થવા દેવો જોઇતો નથી.

બે દીવસ સૂધી એ મંદિરમાં દરેકે દરેક ભાંગેલા કામની બારીક તપાસ કરતાં નીચે પ્રમાણે ખર્ચ થવાનો સંભવ છે.

# શ્રી રાણકપુરજી દેરાસરજીનું એસ્ટીમેટ.

| | | | |
|---|---|---|---|
| ૧ | પાટ નંગ ૬૭ લાંબા ફુટ ૯ દર રૂ. ૧૦૦ પ્રમાણે. | ૬૭૦૦ | તાત્કાલિક ૨૧) બદલવાની જરૂર છે. નહિતો નુકશાન થશે. |
| ૨. | પાટ નંગ ૧૭ લાંબા ફુટ ૧૭ાા દર રૂ. ૯૦ પ્રમાણે. | ૧૫૩૦ | તાત્કાલિક ૧૪ બદલવાની જરૂર છે. |
| ૩ | પાટ નંગ ૧૧ લાંબા ફુટ ૨૬ાા દર રૂ. ૮૦ પ્રમાણે. | ૮૮૦ | તાત્કાલિક ૬ બદલવાની જરૂર છે. |
| ૪ | રેસ ( પરવટો અથવા રવેશ ) મંડપની નં. ૭ લાંબા ફુટ ૧૦ાા દર રૂ. ૫૦ પ્રમાણે. | ૩૫૦ | |
| ૫ | સરા નંગ. ૯ | | |
| | મંડપના નંગ. ૫ દર રૂ. ૧૫૦૦ પ્રમાણે. | ૭૫૦૦ | |
| | ચોકીના નંગ. ૪ દર રૂ. ૫૦ પ્રમાણે. | ૨૦૦ | |
| ૬ | માંડળો નંગ ૫ દર રૂ. ૧૦૦ પ્રમાણે. | ૫૦૦ | |
| ૭ | છાતીઆ નંગ. ૮૫ ૨ાા×૨ | ૧૦૦૦ | |
| ૮ | ચોકીના ખુણીઆ નંગ. ૫૫ ૬ ફુટ લાંબા. | ૬૦૦ | |
| ૯ | છજું તુટેલું ૨૦૨ ફુટ લાંબુ. | ૭૦૦ | |
| ૧૦ | કાંગરી લાંબી ફુટ ૧૮૦ | ૪૦૦ | |
| ૧૧ | ટકીયા ( કંઠેડો ) નં. ૩૨ તુટેલ ૮ ફુટ લાંબા. | ૧૦૦૦ | |
| ૧૨ | ઉપલા ભાગની ભમતીની દેરીઓ નંગ ૧૪ દરેકને ચુનોકાઢીને ફરી નાંખવાનું કામ દર રૂ. ૫૦ | ૭૦૦ | |
| ૧૩ | ખુણાના દેરાસરજીના ચાર શીખરને કળી કરવાની | | |
| | પહેલા ૧ ની | ૧૦૦૦ | |
| | બાકીની ત્રણને | ૭૦૦ | |
| ૧૪ | અગાસીની છતનું રીપેર કામ ચોરસ ફુટ ૧૫૦૦૦ | ૨૫૦૦ | |
| ૧૫ | પરચુરણ રીપેર કામ. | ૩૦૦૦ | |
| ૧૬ | મુળનાયકજીના ગભારામાં પબાસણ તળીયું તથા પરઘરનું કામ. | ૪૦૦૦ | પબાસણ અંદરથી ખવાતું જાયછે તેથી તાકીદેનહી કરવામાં આવેતો ગંભીર નુકશાન થવા સંભવ છે. |
| ૧૭ | ઉપરની બે દેરીઓ પ્રથમની અધુરી બાકી રહેલી છે | ૧૦૦૦૦ | આ બંને કામ કરવા જેવાં છે પણ પછવારેથી થાય તો અડચણ જેવું નથી. |
| ૧૮ | આખી અગાશીની તળી તથા ચોકનું ફાટેલું કામ. | ૧૦૦૦૦ | |
| | | ૫૩૨૬૦ | |

૯ કામની અગત્યતા અને જીર્ણોધ્ધાર માટે સવડ—આ મંદિરનો જીર્ણોધ્ધાર કરવા માટે મુખ્ય ચીજ જે પથ્થર જોઇએ તે ત્યાંથી પાંચ ગાઉ ઉપર આવેલી સોનાણા ગામની ખાણમાંથી મલી શકશે એજ પથ્થરએ મંદિર બાંધવામાં બહુધા વપરાએલોછે અને જીર્ણોધ્ધારના કામમાં મોટામાં મોટું કામ પથ્થરના ૯૫ જંગી પાટો બદલવાનુંછે તેમાં ત્યાંના સોમપુરા સલાટો કે જેઓ હમેશા આ મંદિરમાં કામ કરતાં આવ્યાછે તેમજ મંદિરને જોખમ લગાડયા વગર પાટો બદલવાનો અનુભવ ધરાવેછે તેઓ પુરતી રીતે કરી શકશે એટલે જીર્ણોધ્ધારમાં બીજી કોઇ અગવડ આવવાનો સંભવ નથી.

ધર્મશાળા–શ્રી રાણકપુરજીની ધર્મશાળાની સ્થિતી સારી નથી. અને આવા મોટા તીર્થને અંગે આવી કંગાલ ધર્મશાળાનું હોવાપણું વહીવટદારોને શોભા આપનારૂં નથી. તે બાબતમાં લક્ષ આપવાની મોટી જરૂરછે.

અજાયબી—આ તીર્થના ખરચના અને વહીવટના સંબંધમાં એક અજાયબ જેવી બાબત જોવામાં આવી. અને તે એ છેકે સાદડી ગામમાં ૭૦૦ ઘરો જૈનોનાં હોવાછતાં ત્યાંના મંદિરોનો ખરચ શ્રી રાણકપુરજીના કારખાનાના ખાતે મંડાયછે આ બાબતમાં ત્યાંના પંચો ઘટતુંકરી દેવ દ્રવ્યની ગેરવ્યાજબી વેહેંચણીના દોષમાંથી બચશે. માદા વીગેરે બીજા ગામોના મંદિરો પણ શ્રી રાણકપુરજીના કારખાના પેટે છે.

## ૧૦. વરકાણાજી પાર્શ્વનાથ તિર્થ.

એ મુસાફરી દરમ્યાન અમે શ્રી વરકાણાજી ગયા હતા. અને ત્યાં જે જોયું તેથી કરીને તે સંબંધી અત્રે કંઇક લખવાની જરૂર પડે છે. શ્રી વરકાણાજીનું દેરાસર પણ ઘણું ભવ્ય છે. એ મંદિરમાં નાણાં હોવા છતાં તેને દુરસ્ત હાલતમાં રાખવાની વીજોવાના વહીવટદાર પંચો દરકાર રાખતા જણાતા નથી. મંદિરના નામના રૂપીઆ તેઓ પાસે જમે છે. પરંતુ તે હિસાબો ચોખ્ખા કરતા નથી. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે આ સંબંધમાં જરૂર તજવીજ કરીને હિસાબ લઇને શ્રી વરકાણાજી તીર્થની વ્યવસ્થા તેમજ જીર્ણોદ્ધાર તરફ પણ ધ્યાન આપવું જોઇએ એ કામ પણ શ્રી રાણકપુરજી ના કામ સાથે કરીનાંખવા તજવીજ કરવી જોઇએ છીએ. એ મંદિર લગભગ સોલસો વરસનું જુનું અને બાવન જીનાલયવાળું છે. અને તેમાં આસરે રૂપીઆનું ખરચ કરવાથી ઘણાં વરસો સુધી તે ટકી શકશે.

## ઉપકાર

સાદડીના પંચોએ જે જે સહાયતા અમને આપી ઉંચા પ્રકારનો સત્કાર કર્યો હતો તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

વહીવટ સંબંધી સુચના—એવું બનતું જોવામાં આવે છેકે ન્યાતના પંચો

જેઓ આગેવાનો ગણાય છે તેઓ પોતાના ખાનગી વેર અથવા ન્યાતના ટંટા સંબંધી પોત પોતામાં લઢીને કોર્ટ દરબારે ચઢેછે અને તેમાં ખરચ શ્રી રાણુકપુરજીના ભંડારમાંથી કર્યા જાય છે માટે એ પંચોના હાથમાં રાણુકપુરજીનો ભંડાર રહેવો નહી જોઈએ. ભંડારી અલગ સ્વતંત્ર રોકી તેના ઉપર પંચોની દેખરેખ રખાવવી જોઇએ એકજ તડના હાથમાં ચાલતા હાલના વહીવટ બાબત પણ કેટલા એક નારાજ છે અને તેમ હોવાનો સંભવ હોય છેજ. માટે ગામ લોકની એક જનરલ કમીટી નીમી તેમાંથી દરેક ધડામાંથી લાયક પંચોની વહીવટ કરનારી એક કમીટી નીમવી જોઇએ. તે દર અડવાડીએ અથવા દરમહીને એકઠી મળી સતા પ્રમાણે કામ કરેતો વહીવટ સારા પાયા ઉપર આવી શકે. એક કમીટી દરવરસે હિસાબનું સરવીયું બહાર પાડે અને જાત્રાળુના આરામ પ્રત્યે તેમજ મંદિરની ઉપજ વધારવા પ્રત્યે કોશીશ કરે. હાલમાં માત્ર બે હજાર રૂપીઆની વાર્ષીક આવક બહુ ઓછી ગણાય. આશરે પંદર હજારની ઉઘરાણી વસુલ કરવાનું પણ એવી કમીટી થવાથી બની શકશે. ગોદડાં અને વાસણો જાત્રાળુઓને સારાં મળતાં નથી તેમજ, તેનો દુરૂપયોગ થતો હોય તોપણ એ કમીટીએ લક્ષ આપી બંદોબસ્ત કરવો જરૂરી છે.

મુંબઈ તા. ૨૫-૧૨-૧૯૦૬ } **શેઠ નેમચંદ માણેકચંદ કપુરચંદ**

---

# કોન્ફરન્સ ઓફીસમાં ચાલતું કામકાજ.

---

## માહે નવેમ્બરનું ડીરેકટરીનું થયેલું કામ.

### રેવાકાંઠા એજન્સી, મહીકાંઠા એજન્સી, પાલણપુર એજન્સી.

રાધનપુર સ્ટેટ અને શીરોહી તાલુકાના મળી ૨૨૬ ગામ તેના ૪૩૦૬ ઘર અને ૧૪૬૨૦ માણસની આ માસમાં તારવણીનાં ફોર્મમાં ગણત્રી કરી. દેરાસર ન. ૧૧૦૦ નંબર ૪થાના ફોર્મમાંથી. તારવણી કરી બુકમાં ચડાવ્યા, તથા ઘર દેરાસર ન. ૨૬ની જુદી નોંધ કરી.

કાઠીઆવાડ, ગુજરાત, મારવાડ, મેવાડ, માળવા, પંજાબ, રજપુતાના, અપર ઇન્ડીઆ તથા મધ્ય પ્રદેશ વીગેરે દરેક સ્થળે પત્ર વ્યવહાર કરી ખરાં આગેવાનોના નામો મંગાવી એક બુક તૈયાર કરી.

### ગ્રેજ્યુએટસનું લીસ્ટ બનાવી, બુકમાં દાખલ કર્યું.

પાઠશાળાઓ, સભાઓ, અને લાઈબ્રેરીઓની ડીરેકટરીના ફોર્મમાંથી તપાસ કરી એક બુક બનાવી.

ઉપર મુજબની દરેક બુકો બનાવી શ્રી અમદાવાદ પાંચમી કોન્ફરન્સના ચીફ, સેક્રેટરી તરફ મોકલવામાં આવેલછે.

કોન્ફરન્સ મુંબઈ ઓફીસમાં ચાલતું કામકાજ—ડીરેકટરી ખાતું.

## નવેમ્બર માસમાં નીચે પ્રમાણે ખર્ચ થયુંછે.

| | | |
|---|---|---|
| રૂ. | ૯–૩–૦ | પોષ્ટ ખર્ચનાં |
| ,, | ૪–૨–૦ | પારસલ ,, |
| ,, | ૪–૦–૯ | સ્ટેશનરી ,, |
| ,, | ૦–૯–૬ | પરચુરણ ,, |
| ,, | ૧૪૨–૦–૦ | પગાર જણ ૧૧નાં |
| ,, | ૩૦૩–૦–૦ | અજમેર ઓફીસ ખાતે. |
| | ૪૫૯–૧૫–૩ | |

કોન્ફરન્સ હેરલ્ડ ખાતું—આ માસમાં લવાજમનાં રૂ ૨૨૮–૮–૦ આવ્યાછે તથા ખર્ચ નીચે મુજબછે.

| | | |
|---|---|---|
| રૂ. | ૫–૧૩–૯ | પત્રવ્યવહાર ખર્ચનાં |
| ,, | ૩૨–૧૦–૯ | હેરલ્ડ પોષ્ટ ,, |
| ,, | ૦–૧૫–૦ | પરચુરણ ,, |
| ,, | ૪–૨–૬ | સ્ટેશનરી ,, |
| ,, | ૧૭–૦–૦ | પત્રવ્યવહાર કરનાર કારકુનને પગારનાં |
| ,, | ૧૫–૦–૦ | પ્રુફ તપાસનાર તથા મેટર લખનારને પગારનાં |
| | ૭૫–૧૦–૦ | |

## નિરાશ્રિત ખાતું—ખર્ચ નીચે પ્રમાણે.

| | | |
|---|---|---|
| રૂ. | ૪–૮–૦ | એક યતિને રેલ્વે ટીકીટનાં |
| ,, | ૩–૦–૦ | એક વિદ્યાર્થીને અભ્યાસ કરતાં પરચુરણ ખર્ચનાંમાસ ૨નાં |
| ,, | ૪૫–૨–૯ | વડોદરા બાળાશ્રમ માટે તાંબાનો સંચો એક મોકલાવ્યો. |
| ,, | ૧૦–૨–૦ | એક વિદ્યાર્થીને હોસ્પીટલ એસીસ્ટંટનો અભ્યાસ કરવા સ્કોલરશીપના આપ્યા. |
| ,, | ૧૧–૫–૦ | બે માણસને ખોરાકી માટે. |
| ,, | ૨૫–૦–૦ | ભચાઉ બોર્ડીંગ માટે શેઠ. લખમશી ટોકરશીને આપ્યા. |
| ,, | ૧૩૫–૦–૦ | લાલબાગ બોર્ડીંગ ખાતે |
| | ૨૨૪–૧–૯ | |

### કેળવણી ખાતું—

રૂ. ૫—૦—૦ પન્નાલાલ હાઈસ્કુલના ત્રીજા ધોરણના એક વિદ્યાર્થીને સ્કોલરશીપના.
,, ૬—૦—૦ ગુજરાતી પાંચમું ધોરણ ભણનાર એક બાઇને ૨ માસની સ્કોલરશીપનાં
,, ૫—૦—૦ ગુજરાતી પાંચમું ધોરણ ભણનાર એક બાઇને ૧ માસની સ્કોલરશીપનાં
,, ૦—૧૦—૬ એક બાઈને ચોપડીઓ અપાવી.

૧૬—૧૦—૬

### પુસ્તકોદ્ધાર ખાતું—

રૂ ૧૫૦—૦—૦ મી૦ રવજીભાઈને માસ ૨ના પગારનાં
,, ૯—૧૫—૦. અમદાવાદ ભંડાર જોવા જતાં ખર્ચ થયું તેના
,, ૧૬—૦—૦ મી૦ હીરાલાલ હંસરાજને જામનગરથી અહીં તેડાવેલ તેમના જતાં આવતાના ખર્ચનાં.
,, ૧—૧૧—૦ ચોપડીઓનાં પારસલ ખર્ચનાં પાલણપુર મોકલી તથા પાછી આવી તેનાં.
,, ૦—૨—૦ ટ્રામ ભાડાનાં.

૧૭૭—૧૨—૦

### જીર્ણ મંદીરોદ્ધાર ખાતું—

રૂ. ૪૯—૧૧—૬ શ્રી કુંભારીયાજીના જીર્ણોદ્ધાર માટેની તપાસણી કરવા તથા ખર્ચનો અડસટો કાઢવા બે કારીગરોને મોકલ્યા હતા તેમનાં જતા આવતાનાં ખર્ચનાં.
,, ૧૫૦—૦—૦ ઈડરના શ્રી અજીતનાથજી માહારાજના દેરાસરના જીર્ણોદ્ધારમાં આપ્યા.

૧૯૯—૧૧—૬

### કોન્ફરન્સ નિભાવ ફંડ—

રૂ. ૭૫—૦—૦ આસીસ્ટંટ સેક્રેટરીને
,, ૧૯—૮—૦ એક પટાવાળાને ૧ માસને ૧૮ દીવસનાં પગારનાં
,, ૯૬—૦—૦ મકાન ભાડુ રમા. ૪ની.

૧૯૦—૮—૦

## અમદાવાદ ઓફીસનો કારતક માસનો હીસાબ.

૯૯-૧૫-૬ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી તેની વીગત.

૬-૦-૦ અમદાવાદ.
૫-૦-૦ અમદાવાદ.
૧-૧૧-૬ ,,
૨-૦-૦ ,,
૨-૦-૦ ,,
૧૨-૦-૦ ,,
૧૨-૦-૦ ,,
૭-૦-૦ ગોધાવી.
૬-૦-૦ ,,
૩-૦-૦ ,,
૨-૮-૦ ખેડા.
૧-૦-૦ ,,
૧-૮-૦ વીજાપુર.
૨-૦-૦ ધોલકા.
૧-૮-૦ જામનગર.
૩-૦-૦ જુનાગઢ.
૧૪-૦-૦ રતલામ.
૪-૦-૦ ,,
૨-૪-૦ મોરબી.
૦-૧૨-૦ ,,
૦-૧૨-૦ ,,
૨-૦-૦ ઈડર.
૨-૦-૦ ,,
૪-૦-૦ વડાલી.
૨-૦-૦ રાધનપુર.

૯૯-૧૫-૬

૧૮૮-૦-૦ પાઠશાળાઓને મદદ આપી તેની વીગત.

૫૦-૦-૦ અમદાવાદ.
૧૦-૦-૦ ,,
૬-૦-૦ વંડા.
૩-૦-૦ ચીતલ.
૪-૦-૦ લાલપુર.
૬-૦-૦ ચુડા.
૫-૦-૦ ત્રાપજ.
૩-૦-૦ ગારીયાધર.
૭-૦-૦ સાણંદ.
૩-૦-૦ પછેગામ.
૬-૦-૦ રામપુરા.
૪-૦-૦ જસપુરા.
૩-૦-૦ વીંછીયા
૮-૦-૦ બોટાદ.
૬-૦-૦ ધ્રાંગધ્રા.
૮-૦-૦ ઈડર.
૫-૦-૦ ભંડારીયા.
૩-૦-૦ નીગાળા.
૮-૦-૦ અમરેલી.
૩-૦-૦ તણસા.
૮-૦-૦ સાદડી.
૪-૦-૦ છત્રાસા
૫-૦-૦ દેગામ,
૩-૦-૦ ગઢડા.
૪-૦-૦ મહુડી.
૬-૦-૦ મહુધા.
૪-૦-૦ પરાંતીયા.
૩-૦-૦ સરધાર.

૧૮૮-૦-૦

૧૬-૪-૦ નીરાશ્રીત ખાતે.

૫-૦-૦ ઢોળકવી.
૦-૪-૦ ખેડા.
૧-૦-૦ રાધનપુર.
૧૦-૦-૦ સવામા.

૧૫-૪-૦

૩-૧-૦ મનીઓર્ડર ખર્ચ ખાતે
૨-૯-૫ શ્રી ખરચ ખાતે.
૨૦-૦-૦ શ્રી પગાર ખાતે.
૧-૧-૦ શ્રી ટપાલ ખાતે.
૨-૦-૦ શ્રી ડીરેકટરી ખાતે.

૪૪-૧૫-૫

કુલ રૂ. ૩૩૨-૧૪-૧૧

**રજપુતાના બ્રાંચ ઓફીસ—**નવેમ્બર માસમાં ઇન્સપેકટર હીરાલાલજી સીવાણા જીલ્લામાં ૮૯ ગામો ફર્યા જેમાંથી ૩૫, ગામોની ડીરેકટરી કરીને બાકીના ૫૪, ગામોમાં આપણી વસ્તી માલુમ પડી નહી. આ જીલ્લાના હાકેમ સાહેબ સુરાણા કીસ્તુરમલજી તથા શીવાણા ગામના શેઠ ઉમજી સુપચંદે આ પ્રાંતની ડીરેકટરી કરતાં અમને ઘણી મદદ કરી છે તેથી તેમને ધન્યવાદ આપીએ છીએ. આ ભાગમાં અમોએ સભાઓ ભરી ભાષણો આપવા ઘણી કોશેષ કરી પરંતુ વિદ્યાના અભાવે તેમ બની શકયું નથી તોપણ સમદડી ગામે હાનીકારક રીવાજો ઉપર ભાષણ આપ્યું હતું. ચુનામે તાલુકાના કુડલ ગામમાં હાનીકારક રીવાજો ઉપર ભાષણ કર્યું હતું જેમાં ત્યાંના વ્યાસ જસરાજે અસરકારક અનુમોદન આપ્યાથી ત્યાંની સ્ત્રીઓ સ્ત્રી ધર્મમાં (રજસ્વલા) હોવા છતાં ઘરનું કામકાજ કરતી હતી તથા મરદો હલકા વર્ણના લોકોનાં હુકકા પીને ભ્રષ્ટ થતા હતા તે બંધ કરવાને લખત સાથે પ્રતીજ્ઞા ઓ કરી છે.

આ દેશ કેળવણીમાં તદન પછાત હોવાથી તેમજ રણ ડુંગર અને જંગલો ઘણા હોવાથી તેમજ એક ગામથી બીજુ ગામ ઘણું છેટું હોવાથી અને રેલ્વેનું જેવું જોઇએ તેવું સાધન નહીં તેથી આ મારવાડ દેશની ડીરેકટરી કરતાં અમને જેટલી હાડમારી ભોગવવી પડે છે તેટલી ભાગ્યેજ હીંદુસ્તાનના બીજા કોઇ પણ દેશમાં આટલી મુશ્કેલી પડતી હશે. આ હાડમારી અને દુઃખોનો અનુભવ બીજાને થવો બહુ મુશ્કેલ છે. તો પણ આ કામ શ્રી સંઘનું હોવાથી અમે અમારી ફરજ અદા કરવા પછાત પડી શું નહી. તે સીવાય અમદાવાદ કોન્ફરન્સ માટે કંકોત્રીઓ મોકુલવા આપણી વસ્તીવાળા મારવાડના દરેક ગામના પોષ્ટ, તાલુકો, જીલ્લો, તથા આગેવાનોના નામનું એક પત્રક બનાવી મુંબઇ હેડ ઓફીસમાં મોકલ્યું વળી મારવાડના જેટલા ગામોની ડીરેકટરી થઇ તેમાંથી દેરાશરો હાલ છાપવાના હોવાથી તેની પણ તારવણી કરીને મુંબઇ મોકલાવી આપી.

## કોન્ફરન્સના ઠરાવોનો થતો અમલ.

અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકામાં અમારી તરફથી ધાર્મીક ખાતાના હીસાબ તપાસનાર ઇન્સપેકટ શાહ જેચંદ ચતુરભાઇના પ્રયાસથી ગામ ગોરજ ગામમાં ચાર આનાના ફંડનો ઠરાવ થયો છે. ત્યાંના સંઘે રૂ. ૧-૧૨-૦ વસુલ કરી અમને મોકલી આપ્યા છે, જેમની ઉપકાર સાથે નોંધ લઇએ છીએ.

## શ્રી કોન્ફરન્સની સુચનાઓના થએલા અમલ પ્રમાણે અમારી તરફ હાલમાં વસુલ આવેલા નાણાંની પહોંચ.

### ફલોદી.

શેઠ. છગનરાજ ઉમેદરાજ. રૂ. ૧-૮-૦
શેઠ. અબીરચંદજી વીરચંદ ભંડારી રૂ. ૨-૦-૦
શેઠ. લછુરાજજી લુંકડ. રૂ. ૧-૪-૦
શેઠ. સુકનરાજ મુનોત. રૂ. ૦-૮-૦
શેઠ. સુરજમલજી પરીખ. રૂ. ૧-૪-૦
શેઠ. અમુલખચંદજી માસ્તર રૂ. ૦-૮-૦
શેઠ. સુજાનમલજી ગણેસમલજી રૂ. ૧-૪-૦
શેઠ. શોભાગમલજી સરાફ રૂ. ૧-૦-૦

### કોસંબા.

શેઠ. હરજીવન વમળચંદ રૂ. ૦-૪-૦
શેઠ. નાનચંદ હીરાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. મોહનલાલ વમળચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. છગનલાલ લક્ષ્મીદાસ. રૂ. ૦-૪-૦

### ગાંગડ.

શેઠ. છગનલાલ ડુંગરશી. રૂ. ૦-૪-૦
શેઠ. દીપચંદ હીરાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. ભીખાલાલ છગનલાલ. રૂ. ૦-૪-૦
શેઠ. ડાહ્યાચંદ સલોત. રૂ. ૦-૪-૦
શેઠ. વાલા સંઘજી સલોત. રૂ. ૦-૪-૦

### નાનોદરા.

શેઠ. છગનલાલ ફુલચંદ રૂ. ૦-૪-૦
શેઠ. ડાહ્યાભાઈ રાજવાળ. રૂા. ૦-૪-૦
શેઠ. મોહનલાલ મગનભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. મુળચંદ તલકસી. રૂ. ૦-૪-૦
શેઠ. વીરચંદ તારાચંદ. રૂ. ૦-૪-૦

### બાવળા.

શેઠ. કેસવજી બેચર. રૂ. ૦-૪૦
શેઠ. ડાહ્યાચંદ બેચર. રૂ. ૦-૪-૦
શેઠ. નગીનદાસ ધનજી. રૂ. ૦-૪-૦

### બાવળા.

શેઠ. રવચંદ ધનજી. રૂ. ૦-૮-૦
શેઠ. હેમચંદ તારાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. હઠીસંગ તારાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. ડાહ્યાભાઈ પ્રેમજી. રૂ. ૦-૪-૦
શેઠ. ધરમસી રામજી ખરડ. રૂ. ૦-૪-૦
શેઠ. નાગર ઝીણા. રૂ. ૦-૪-૦
શેઠ. સુંદર ભગુ. રૂ. ૦-૪-૦
શેઠ. જેચંદ બેહેચર. રૂ. ૦-૪-૦
શેઠ. છગન રતનસી. રૂ. ૦-૪-૦
શેઠ. દલીચંદ પાનાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. હઠીસંગ હુકમચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. ટોકર જેઠાભાઈ ઘોડા. રૂ. ૦-૪-૦
શેઠ. ગોકળ રવચંદ મણીઆર. રૂ. ૦-૪-૦
શેઠ. ચકુ ગણેશ. રૂ. ૦-૪-૦
શેઠ. પ્રેમચંદ કહાનદાસ. રૂ. ૦-૪-૦
શેઠ. છગન ગુલાબચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. હરખચંદ કરમચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. વખતચંદ પરશોતમ. રૂ. ૦-૪-૦
શેઠ. ધનજી જીવરાજ. રૂ. ૦-૪-૦
શેઠ. ત્રીકમ પાનાચંદ. રૂ. ૦-૪-૦

### કાવીઠા.

શેઠ. સાંકળચંદ તારાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. ઉજમશી તારાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. ચુનીલાલ સવચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. મનસુખ કુબેરદાસ રૂ. ૦-૪-૦
શેઠ. મગનલાલ કેશવજી. રૂ. ૦-૪-૦
શેઠ. અમથાભાઈ નથુભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. ત્રીભોવન મોતીચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. જેમલભાઈ ખેમચંદ રૂ. ૦-૪-૦
શેઠ. છગનલાલ નથુભાઈ. રૂ. ૦-૪-૦

શેઠ. પુંજાભાઈ ચાંપશી. રૂ. ૦-૪-૦
શેઠ. રૂપચંદ ભાઈચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. કુંવરજી દાળજીભાઇ રૂ. ૦-૪-૦

**ભાત.**

શેઠ. નાગરદાસ મગનલાલ. રૂ. ૦-૪-૦
શેઠ. ત્રીકમદાસ ચુનીલાલ, રૂ. ૦-૪-૦
શેઠ. કુબેરદાસ અનોપચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. શીવલાલ નરોતમદાસ રૂ. ૦-૪-૦
શેઠ. તલકચંદ છગનલાલ. રૂ. ૦-૪-૦
શેઠ. ચતુરભાઈ મોતીચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. રતનચંદ લક્ષ્મીચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. મુળચંદભાઈ બહેચર. રૂ. ૦-૪-૦
શેઠ. ધરમચંદ જેલાચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. ડાહ્યાભાઈ કેવળચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. દલસુખભાઇ અમથાભાઇ. રૂ. ૦-૪-૦

**બહદરખા.**

શેઠ. જેસંગ સુરચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. જેશંગભાઇ સુરચંદ. રૂ. ૦-૮-૦
શેઠ. ડાહ્યાભાઈ લલુભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. નાથાભાઇ. દીપચંદ. રૂ. ૦-૪-૦

શેઠ. પુંજાભાઇ ઝવેરભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. શકરાભાઈ હઠીભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. દીપચંદ જગજીવનદાસ. રૂ. ૦-૪-૦
શેઠ. સોમાભાઇ હઠીસંગ. રૂ. ૦-૪-૦
શેઠ. પોપટભાઇ ડોસાભાઇ. રૂ. ૦-૪-૦
શેઠ. ધરમચંદ પાનાભાઇ. રૂ. ૦-૪-૦
શેઠ. ડાહ્યાભાઇ ખુશાલચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. વખતચંદ રઘુભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. ફુલચંદ કેવળભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. ઈછાભાઇ ગલાભાઇ. રૂ. ૦-૪-૦
શેઠ. ઉમેદચંદ લલ્લુભાઈ. રૂ. ૦-૪-૦
શેઠ. વખતચંદ લલ્લુભાઇ. રૂ. ૦-૪-૦

**ગોરજ.**

શેઠ. કાળીદાસ ડુંગરશી. રૂ ૦-૪-૦
શેઠ. ડાહ્યાભાઇ મકનદાસ. રૂ. ૦-૪-૦
શેઠ. મુળચંદ ઠાકરશી. રૂ. ૦-૪-૦
શેઠ. ધરમશી જેચંદ. રૂ. ૦-૪-૦
શેઠ. છગનલાલ પીતાંબરદાસ. રૂ. ૦-૪-૦
શેઠ. વેલશી પીતાંબરદાસ. રૂ. ૦-૪-૦
શેઠ. રાજપાળ જેમલ. રૂ. ૦-૪-૦

---

## શ્રી મુબાઈ બાહરકોટ પાયધોની મધે આવેલા શ્રી શાંન્તીનાથજી માહારાજજીના દેહેરાસરજી ખાતાનો

# રીપોર્ટ.

શ્રી મુંબાઇ બાહારકોટ પાયધોની મધે આવેલા શ્રી. શાંન્તીનાથજી માહારાજજીના દેહેરાસરજીના શ્રી. શંઘ તરફથી વહીવટ કર્તા શેઠ વીરચંદ દીપચંદ તથા શેઠ મોતીચંદ હરખચંદ તથા શેઠ મણીભાઇ પ્રેમાભાઇ તથા શેઠ લાલભાઇ દલપત ભાઇ તથા શેઠ મનસુખભાઈ ભગુભાઈ તથા શેઠ નથુભાઈ સુરચંદ તથા શેઠ જીવણ લાલ પનાલાલ તથા શેઠ જેસગભાઈ ઝવેરચંદ તથા શેઠ માંનચંદભાઇ લાલચંદ તથા કલાંણચંદ ભાઈચંદ તથા શેઠ મગનલાલ છગનલાલ તથા શેઠ ગોકલભાઈ મુલચંદ તથા શેઠ ગોકલભાઇ દોલતચંદ તથા શેઠ નગીનદાસ કપુરચંદ હસ્તકનો સં. ૧૯૫૯ ૬૦ તથા ૬૧ ની સાલનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં સં. ૧૯૫૯ સુધી

નું નામુ નામાની રીત પ્રમાણે જમે ખર્ચ નાંખી લખેલુ નહી હોવાથી સ. ૧૯૬૦ ની સાલની આખરીએ તમામ સોના રૂપા તથા ઝવેરાતના દાગીના વીગેરે જંગમ મીલકતનો એક બુકમાં નોધ કરી લઈ ત્યાર બાદ નામુ રીતસર લખવામાં આવેલુ જોવામાં આવે છે અને તે વહીવટની અંદરની ધી તથા ટીપો વીગેરે બીજા લાગાઓની ઉઘરાણી મેહેતાઓની બરાબર ગોઠવણ નહી હોવાથી તથા ઉઘરાણીદાર માણસો ઉપર પુરેપુરૂ દબાણ નહી રાખવાના સબબે ઉઘરાણી બહુજ ધીમી થવાથી એક સારી જેવી રકમની ઊઘરાણી ચડેલી દેખાય છે તે તાકીદે વસુલ કરી લેવાની ગોઠવણ થવા જરૂર છે.

પ્રથમના આ ખાતાના મુનીમ મેહેતા રંગીલદાસ ઘેહેલાના નામ ઉપર રૂ. ૩૦૦૦ ઉપર લેહેણા પડે છે અને તે ધણી સવર્ગવાસ થએલ છે માટે તાકીદે શ્રી શંઘ ભેગો કરી તેનો યોગ્ય બંદોબસ્ત કરી લેવો જોઇએ.

આ ખાતુ સારી સ્થિતીમાં હોવા છતાં પુજન તથા આંગીનો કેટલોએક ખરચ દેહેરાસરજી ખાતે ઉધરે છે તે જૈન શૈલીથી ઊલટું અને બહુ દલગીર થવા જેવું છે.

આ ખાતામાં વહીવટ કરતા ગ્રહસ્થોમાં એક મત નહી હોવાથી હીસાબ તપાસવાનુ લગભગ માસ ૬ સુધી ચાલુ રાખવુ પડ્યું તોપણ તેમાંના નંબર પેહેલાના વહીવટ કરતા શેઠ વીરચંદ દીપચંદની પુરેપુરો હીસાબ દેખડાવવાની લાગણી હોવાથી તે તપાસણીનુ કામ પુરૂ કરવામાં આવ્યુ છે તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. આ ખાતામાં વહીવટ કરતા ૧૪ ગ્રહસ્થો હોવા છતાં ત્રણચાર ગૃહસ્થો સીવાય બીજા કોઇપણ વહીવટકર્તા આ ખાતાના વહીવટના કામમાં કાલજી પુરવક દેખરેખ રાખતા હોય તેવુ જોવામાં આવતુ નથી તે બહુજ દલગીર થવા જેવુ છે.

આ ખાતાના વહીવટની તપાસણી દરમીઆન વહીવટમાં જે જે ખામીઓ જોવામાં આવી છે તેને લગતુ સુચના પત્ર ભરી વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તે ઉપર વહીવટ કર્તા ગ્રહસ્થોએ તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરવાની ઘણી જરૂર છે. તેમ કરવામાં ઢીલ થશે તો આ ખાતાને નુકસાન થવા સંભવ રહેછે માટે આશા રાખીએ છીએ કે વહીવટ કર્તા ગ્રહસ્થો તાકીદે યોગ્ય બંદોબસ્ત કરશે.

## જીલ્લે વડોદરા તાબે ગામ વસો મધેની પાંજરા પોળનો રીપોર્ટ.

સદરહુ પાંજરાપોળના શ્રી મહાજન તરફથી વહિવટ કર્તા શેઠ અમ્રતલાલ બહેચરદાસ તથા શા. નારણદાસ હરગોવનદાસના હસ્તકનો હિસાબ, સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૨ ના આસો વદી ૦)) સુધીનો તપાસ્યો, તે જોતાં વહિવટ કર્તા શેઠ. અમૃતલાલ બહેચરદાસ વૈશ્નવ ગૃહસ્થ છે તથા શેઠ. નારણદાસ હરગોવનદાસ

દીગંમ્બર જૈન ગૃહસ્થ છે. તે બંને ગૃહસ્થો પોતાની ઉલટથી પરમાર્થ કામ કરે છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

આ સંસ્થાનો હીસાબ તપાસતાં અત્રેના મહાજનમાં કોઈ પણ જાતનો લાગો જોવામાં આવતો નથી. ફક્ત મહાજન તરફથી ખાંપણ વેચવાની દુકાન ખોડાં ઢોર ખાતે ખોલવામાં આવી છે. તેથી તેની ઉપજમાંથી આ ખાતાનો નીભાવ થાય છે.

તે ઉપરથી સદર ગામના મહાજન ગૃહસ્થોને પુરતું ધ્યાન આપી એવી રીતે લાગો નાંખવો કે કોઈને અડચણ આવે નહી તેવી રીતે સહેલાઈથી આપી શકે. અગર બીજા દેશાવરથી પ્રયત્ન કરી મદદ મેળવવી જોઈએ.

સદર પાંજરાપોળમાં જાનવરોની બરોબર સંભાળ રખાતી નહીં હોવાથી ઘણીએક નુકશાની પહોંચશે તો આ વાત સદર ગામના સંઘ ધ્યાનમાં લેઇ તેનો સુધારો કરવા પ્રયત્ન કરશે.

## શ્રી વડોદરા તાબે ગામ દેમોવમાં આવેલા શ્રી પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

સદરહુ દેરાસરના શ્રી શંઘ તરફથી વહીવટ કરતા શેઠ મોતીચંદ દુલભદાસ તથા શા ચુનીલાલ ખેમચંદ હસ્તકનો હીસાબ સંવત ૧૯૬૨ ના કારતક સુદી ૧ થી સંવત ૧૯૬૨ના આસો વદી ૦)) સુધીનો તપાસ્યો છે. તે જોતાં અત્રેના દેરાસરજીમાં આજે દશ વરસથી એટલે સંવત ૧૯૫૨ની સાલથી બીલકુલ નામુ રાખવામાં આવ્યું નથી. પરંતુ તે પહેલાંનું નામુ થોડુંક રાખવામાં આવેલું છે પણ બરોબર વ્યવસ્થાસર રાખેલુ નથી. દશ વરસના પ્રથમના હીસાબ તેમની પાસેથી કઢાવી તેનો હીસાબ જોઈ તમામ બાકીઓ મેળવી તથા સર્વેના હીસાબ ચોખ્ખા કરી નવી ખાતા વહીમાં તમામ ખાતાં ખેંચી કાઢયાં છે ને હીસાબ અમારા હસ્તક ચોખ્ખો કર્યો છે.

સદરહુ દેરાસરજીનો હીસાબ કોઈ માથે રાખતું ન હોવાથી સૌ સૌના ઘેર રાખતા અને તે ઉપરથી વહીવટ કર્તાઓને અમોએ તે ખાતાનો હીસાબ તથા ઘરાણું રોકડી રકમ તથા લેણાદેણાનો નામા સબંધીનો સર્વે વહીવટ સોંપ્યો છે માટે આશા છે કે તે ગૃહસ્થોને આપેલા કામને તેઓ બરોબર સારી રીતે સાચવશે.

## ગામ વસો પરા અત્રે આવેલા શ્રી આદેશ્વરજી મહારાજના દેરાસરજીનો રીપોર્ટ.

અમોએ અત્રે શ્રી આદીશ્વરજી મહારાજના દેરાસરના શ્રી શંઘ તરફથી વહીવટ કરતા શેઠ હેમચંદ મલુકચંદના હસ્તકનો સં ૧૯૫૯ થી સં. ૧૯૬૨ ના ભાદરવા સુદી ૫ સુધીનો હીસાબ તપાસ્યો છે. તે જોતાં અત્રેના જૈનોની વસ્તી જુજ હોવા છતાં દેરાસરનું મકાન ઘણું સુંદર બનાવેલું છે. તેમ સદર ખાતાનો હીસાબ પણ ચોખ્ખો જોવામાં આવે છે. તથા વહીવટ કરતા પોતાનો અમુલ્ય વખત રોકી દેરાસર માટે પુરતી કાળજી રાખે છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે

અત્રેના શ્રાવક ભાઈઓ પુજન માટે પુરતી કાળજી રાખતા જોવામાં આવે છે. તથા કોન્ફરન્સના ઠરાવો પણ દાખલ કરેલા જોવામાં આવે છે.

દેરાસરજી તથા શંઘની અંદર સુધારો વધારો કરવા માટે શેઠ જેઠાભાઇ નથુભાઇ શેઠ ચુનીલાલ સાંકળચંદ શેઠ જેઠાભાઇ નરોતમદાસ વીગેરે ગૃહસ્થોએ આગળ પડતો ભાગ લેઇ પોતાની ફરજ બજાવે છે તેથી તેમનો આભાર માનવામાં આવે છે તથા બીજા ગૃહસ્થો પણ તેવા કામમાં અગ્રેસર ભાગ લેશે એવી આશા રાખીએ છીએ.

---

# સુધારો.

અમોએ ગયા અકટોબર તથા નવેંબર માસના અંકમાં જે જે સંસ્થાના હીસાબો તપાસી તેને લગતા રીપોર્ટો પ્રગટ કરેલા છે, તેમાં નકલ કરનારની નજરચુકથી કેટલાએક વહીવટ કર્તાઓનાં નામો ફેરફાર છપાયેલા છે માટે શ્રી સંઘને અમારી વિનંતિ છે કે તે નામો નીચે જણાવ્યા પ્રમાણે સુધારીને વાંચવા.

### આ હેરલ્ડના અકટોબર માસના અંકમાં.

**તાલુકેકડી**— ગામ ઇંદ્રાડ મધ્યે આવેલા શ્રી શાંતિનાથજી માહારાજના દેરાસરજીના વહીવટકર્તા શા કાળીદાસ રામચંદને બદલે શા. કાળીદાસ હીરાચંદ તથા શા. કાળીદાસ વખતચંદને બદલે શા. છગનલાલ વખતચંદના નામ વાંચવા.

### આ હેરલ્ડના નવેંબર માસના અંકમાં

**શ્રી ખેડાજીલે** ગામ ધરોડા મધેના શ્રી આદિશ્વરજી માહારાજના દેરાસરજીના વહીવટ કર્તાનું નામ છાપવું રહી ગયું છે માટે તેમનું નામ શા વાઘજીભાઇ કેવળદાસ જાણવા. તથા શ્રી ખેડાજીલે ગામ માતર મધેની શ્રી સાચાદેવ જૈન પાઠશાળાના વહીવટ કર્તાનું નામ શા સાકરચંદ હીરાચંદને બદલે શા. સાકરચંદ હીરાચંદ વાંચવા તથા શ્રી ધોલકાતાલુકે ગામ કોઠ નગર મધેના શ્રી આદિશ્વરજી માહારાજના દેરાસરજીને લગતા શ્રી સાધારણ ખાતાના ભાગ ½ ના તથા તેના પેટા ખાતાના શ્રી માહારાજની વર્ષગાંઠની નોકારશી ખાતાના વહીવટ કર્તાનું નામ શેઠ રતનચંદ લાલચંદ છપાયલું છે તેને બદલે શ્રી સાધારણ ખાતાના ભાગ ½ ના વહીવટ કર્તા શેઠ લાલચંદ રતનચંદ જાણવા તથા શ્રી માહારાજની વર્ષગાંઠના નોકારશી ખાતાના વહીવટ કર્તા શેઠ વર્ધમાન જેઠાભાઇ તથા શેઠ ત્રીકમભાઈ રાયચંદ જાણવા.

## નામદાર મુંબઇના ગવરનર સાહેબની શ્રી ગીરનારજીના ડુંગર ઉપર પધરામણી.

શ્રી ગીરનારજીની આપણી દેવચંદ લક્ષ્મીચંદની પેઢી તરફથી અમને સતાવાર ખબર પહોંચાડવામાં આવી છે કે નામદાર મુંબઇના ગવરનર સાહેબ તા. ૨૫–૧૨–૦૬ ને રોજ સવારના દસ વાગતા શ્રી ગીરનારજીના ડુંગર ઉપર આવેલા હતા તેમની સાથે તેમના સેક્રેટરી સાહેબ, કાઠીયાવાડ પ્રાંતના એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ, દીવાન સાહેબ, બે યુરોપીયન અમલદારો, તથા ત્રણ યુરોપીયન બાનુઓ હતા. શરૂઆતમાં ચામડાના પગરખા ઉપર કેનવાસના સ્લીપર પહેરી આવવાની પરવાનગી

આપવા બાબત દીવાન સાહેબે તથા એજંટ સાહેબે સુચના કરી હતી. તેમ નહીં તો રબરના પગરખાં બાબત પણ સુચના કરેલ હતી પરંતુ આપણા તરફથી ના પાડવામાં આવવાથી નામદાર ગવરનર સાહેબ તેમના સેક્રેટરી સાહેબ સાથે કેનવાસના સ્લીપર પહેરી આવ્યા હતા અને મર્યાદા મુજબ દહેરાં બતાવવામાં આવ્યા છે અને બીજાઓએ ચામડાના પગરખાં પહેરેલ હોવાથી બહાર રહ્યા હતા, અને બહારની દેવડીમાં બેઠા હતા. તેઓ અંદર દાખલ થયા નહોતા આવી રીતે આપણી લાગણીને માન આપ્યું હતું.

ઉપર પ્રમાણેની હકીકત જાણીને આપણી કોમ કોઇ ખુશી થયા વગર રહેશે નહીં; એક મોટા દેશના હાકેમે પોતાના તાબાની પ્રજાના ધર્મના ફરમાનને માન આપી આવી રીતનું એક ઉત્તમ પગલું ભરી બીજાઓ કોઇ પણ ધર્મને અપમાન કરે નહીં એવું દ્રષ્ટાંત દેખાડયું છે. જ્યારે બીજાઓ કે જેઓ ગવર્નર કરતાં ચઢતો દરજ્જો ધરાવી શકતા નથી તેમ [illegible] હીંદુ રીત રીવાજોને જાણનાર હીંદ વાસીઓએ થોડા સમય ઉપર [illegible] લાગણી દુખાવવા જેવું પગલું ભર્યું હતું તેઓએ નામદાર લોર્ડ લેમીંગટન સાહેબના દાખલા તરફ નજર પોચાડી પોતાની ભુલનો પસ્તાવો કરવાનો છે. એટલુંજ નહીં પણ કદી પણ એવી ભુલ કરવા કે થવા ન પામે તે [illegible] છે. નામદાર લોર્ડ લેમીંગટને થોડા વખત ઉપર રાધનપુરના [illegible] દેહરાસરની મુલાકાત વખતે પણ આપણી લાગણીને તેવીજ રીતે માન આપ્યું હતું. જ્યાં હાકેમો દરેક ધર્મના સીધ્ધાંતને માન આપી ચાલે તેમાં તેઓની [illegible] જણાય છે. જ્યારે જેઓ હઠ પકડી રહે છે તેઓ પ્રજાની અપ્રીતિ મેળવી અપમાન પામેતો કંઇ આશ્ચર્ય નથી.

કોન્ફરન્સના ઠરાવનો થતો અમલ.

સાણંદ ગામે અમારી [illegible] ખાતાના ઇન્સપેક્ટર મી. જેચંદ ચતુરે ચાર આનાના ફંડની હીલચાલ કરી ઉઘરાવવાનું શરૂ કીધું, તેમાં રૂ. ૨૭) વસુલ થયા છે અને બાકીના થોડા વખતમાં ઉઘરાઇ જવા સંભવ છે તે માટે ત્યાંના સંઘને અમો ધન્યવાદ આપીએ છીએ.

---

## નવીન સમાચાર

જૈન લાઇબ્રેરીને [illegible] શ્રી સુમતિ રત્ન સુરી જૈન લાઇબ્રેરીને નીચે પ્રમાણે પરચુરણ રકમો [illegible] ભેટ મળી છે. રૂ. ૪૦) શ્રી પુજ્ય શ્રી સુમતિરત્ન સુરીજી. રૂ. [illegible]) શા [illegible] છગનલાલ. રૂ. ૫) શા ઉમેદભાઇ ગીરધરદાસ આંકલાવના. રૂ. ૫) શા છગનલાલ તલકશીની વિધવા તરફથી. રૂ.) ૩ શા ચુનીલાલ ગીરધરદાસ. રૂ. ૨) શા ચતુરદાસ વેલાભાઇ.

સખાવત—ખેડાના શા ભીખાભાઇ કાળીદાસ તરફથી ખેડાના જૈન દેરાસરો વીગેરે ખાતામાં રૂા. ૫૦૦૦, અપાયા છે.

પરદેશી ખાંડ બંધ કરી—માળવા દેશમાં આવેલા રાજગઢ ગામના લોકોએ ભ્રષ્ટાભ્રષ્ટનો વિચાર કરી માત્ર ત્રીશ સીનીટમાં પરદેશી ખાંડ વાપરવી નહીં તેમજ વેચવી પણ નહીં, તેવો બંદોબસ્ત કર્યો છે અને જો કોઈ વીરૂધ્ધ ચાલે તો પોતાના ઈષ્ટ દેવની સાક્ષીએ રૂા. ૫૧) દંડ આપે. અને પરદેશી ખાંડની મીઠાઇ તમામ ખરીદ કરી કુતરાને નાંખી દીધી હતી.

નવી સભાની સ્થાપના—મારવાડમાં આવેલા જાલોર ગામમાં કોન્ફરન્સ તરફથી ડીરેકટરી કરવા ફરતા ઇન્સપેકટર હીરાલાલજી સુરાણાના ભાષણથી ત્યાંના સંઘે "શ્રી જૈન શ્વેતામ્બર ધુર્મોપદેશદાયી" સભા એ નામની સભા નવી ઉઘાડી છે.

મુંબઇમાં મુનિ મહારાજાઓની પધરામણી— સુરતથી વિહાર કરીને મુનિ મહારાજ પન્યાસજી શ્રી કમળવિજયજી, જયવિજયજી, તથા ગણિ કેશરવિજયજી આદિ ઠાણા દશે મુંબઈમાં પોસ વદી ૧, ના દીવસે સવારના ભાયખલેથી વિહાર કરીને પાયધુની પર આવેલા શ્રી ગોડીજી મહારાજના દેરાસરવાળા ઉપાશ્રયમાં મુકામ કર્યો છે, આ શહેરમાં વસતા જુદા જુદા દેશના સ્વધર્મી બંધુઓ તેઓ શ્રીને લેવાને ભારે સામૈયા સાથે ભાયખલે સામે ગયા હતા આ વખતે લોકોમાં ઘણોજ આનંદ માલમ પડતો હતો. સામૈયું ઘણા ઠાઠમાઠથી કાઢવામાં આવ્યું હતું જેનું પુરેપુરૂં વર્ણન સ્થળ સંકોચના લીધે આપી શકતા નથી, ગોડીજીના દેરાસરે આવ્યા પછી માંડવી ઉપરના કચ્છીભાઈઓના ઘણાજ આગ્રહથી ગણિ કેશરવિજયજી, આદિ ઠાણા ત્રણને સામૈયા સાથે માંડવી ઉપરના ઉપાશ્રયમાં લઈ જવામાં આવેલા છે.

મેળો—મેવાડ દેશમાં આવેલા "કરેડા" ગામે "શ્રી કરેડા પાર્શ્વનાથજી" ના દેરાસરજીનો જીર્ણોધ્ધાર શેઠ લલ્લુભાઈ જેચંદ મારફતે ચલાવવામાં આવે છે. ત્યાં આ ચાલુ સાલમાં પોસ વદી ૧૦, (માગશર વદ ૧૦) નો પ્રથમવારનો મેળો ભરાણો હતો જેમાં આશરે ૨૫૦૦ માણસ કરતાં વધારે સંખ્યામાં જાત્રાળુઓ ભેગા થયા હતા. તે વખતે વાસણ, ગોદડા, વીગેરે સામાનની ગોઠવણ ગામના પંચોએ સારી કરી હતી, આવતી સાલના મેળા વખતે આથી વધારે માણસો ભેગા થવા સંભવ રહે છે.

## જૈન સમાચાર

પંડિત લાલનનું સ્તુત્ય પગલું—પોતાના ભત્રિજા ચિ. વીરચંદ પદમશીના શુભ લગ્ન જામનગરમાં જૈન વિધિ અનુસાર કરવામાં આવેલ છે તેમજ લાણી તથા જમણવાર પ્રસંગમાં ખાસ દેશી સાકર વાપરવામાં આવેલ છે. આગળ પડતા માણસો આવું વર્તન કરશે તોજ ઉદયાભાસ નજરે જોવા શક્તિમાન થઈશું.

શ્રાવિકાશાળાની સ્થાપના—શ્રીમાન મુનિ મહારાજ હંસવિજયજી મહારાજના સદુપદેશથી શ્રી મુદ્રાબંદરમાં કન્યાશાળા સ્થાપન થઈ છે બાદ બુરાનપુર નિવાસી

શ્રાવિકા, શીવકોરબાઈ, મુની વંદનાર્થ મુદ્રામાં આવેલાં; તેમણે શ્રીફળની પ્રભાવના કરી હતી. તેમ પુજા પણ ભણાવી હતી. વધારામાં તેમની સાથે આવેલા શ્રાવિકા રતનબાઈ તથા મુનિયાબાઈએ મળી શ્રી ભદ્રેશ્વરજી તીર્થનો સંઘ કાઢયો હતો.

**અમદાવાદ કોન્ફરન્સ**—ટીપમાં રૂ. ૧૦૫૦૦ ભરાયા છે. મંડપ કમીટી, ફંડ કમીટી, પત્રવ્યવહાર કમીટી તથા ટીકેટ કમીટી નીમાઈ છે. પ્રમુખ તરીકે અજીમગંજના પ્રખ્યાત બાબુ સીતાબચંદ નાહારની પસંદગી થઈ છે. કોન્ફરન્સ ફાગણ શુદ ૪-૫-૬ તા. ૧૬-૧૭-૧૮ ફેબ્રુઆરી ૧૯૦૭ ભરવાનું નકી થયું છે. રૂ. ૧૫) ની એક ડઝન એ દરથી ૪૦૦૦ ખુરશી બનાવવાનો કંટ્રાકટ અપાયો છે. સન ૧૯૦૨ માં જે સ્થળે હિંદી પ્રજાકીય કોન્ગ્રેસનો મંડપ નાખવામાં આવ્યો હતો, તેજ સ્થળે કોન્ફરન્સનો મંડપ બાંધવાનો ઠરાવ થયો છે.

કોરસપોન્ડન્સ કમીટીમાંના ગૃહસ્થો નીચે પ્રમાણે છે.—

૧. વકીલ મોહનલાલ ગોકુલદાસ બી. એ. એલ. એલ. બી.
૨. ,, ચીમનલાલ નથુભાઈ. ,,
૩. ,, ન્યાલચંદ લક્ષ્મીચંદ ,,
૪. ,, કેશવલાલ પ્રેમચંદ ,,
૫. શાહ હીરાલાલ મૂળચંદ બી. એ.

ટીકેટ કમીટીના મેમ્બરો:—

૧. વકીલ છોટાલાલ કાળીદાસ.
૨. વકીલ મોહનલાલ ગોકુલદાસ.
૩. ,, ન્યાલચંદ લક્ષ્મીચંદ.

ચેરમેન—નગરશેઠ ચીમનભાઈ લાલભાઈ

ઉપ પ્રમુખ—શેઠ લાલભાઈ દલપતભાઈ
૨. શેઠ મનસુખભાઈ ભગુભાઈ
૩. શેઠ ચીમનભાઈ નગીનદાસ
૪. શેઠ સાંકળચંદ મોહનલાલ
૫. શેઠ અમૃતલાલ વાડીલાલ
૬. શેઠ મયાભાઈ નથુભાઈ
૭. શેઠ મોહનભાઈ લલુભાઈ

ચીફ સેક્રેટરી—શેઠ જેશંગભાઈ હઠીસીંગ

અન્ડર સેક્રેટરી—શેઠ મણિભાઈ જેશીંગભાઈ
૨. ઝવેરી ભોગીલાલ તારાચંદ

મંડપ કમીટી—શેઠ ચીમનભાઈ નગીનદાસ
૨. શેઠ જમનાભાઈ ભગુભાઈ
૩. શેઠ દલપતભાઈ મગનભાઈ
૪. શેઠ પુરૂષોતમ મગનભાઈ
૫. શેઠ મણિભાઈ દલપતભાઈ
૬. શેઠ લાલભાઈ ત્રિકમલાલ
૭. દાકતર જમનાદાસ પ્રેમચંદ
૮. શેઠ ડાહ્યાભાઈ ગોકુળદાસ
૯. દાકતર મગનલાલ છગનલાલ
૧૦. ,, હરિલાલ મગનલાલ

ફંડ કમીટી—૨ મેમ્બર વીશા ઓશવાળ જ્ઞાતિના.
૧૭. શ્રી વીશા શ્રીમાળીની જ્ઞાતીના
૮. શ્રી દશા ,, ,,
૪. શ્રી વીશા પોરવાડની ,,
૮. શ્રી દશા ,, ,,
૪. શ્રી થરાદીયા વીશા શ્રીમાળીની જ્ઞાતિના
૩. શ્રી મારૂની જ્ઞાતિના
૨. શ્રી દશા ઓશવાળની જ્ઞાતિના
૨. શ્રી મારવાડીની જ્ઞાતિના
૩. ચીફ સેક્રેટરી તથા બે અન્ડર સેક્રેટરી

૫૩ કુલ ત્રેપન.

# (અમદાવાદ કોન્ફરન્સની ખબરો.)

તા૦ ૧૨ મી ડીસેમ્બર રાતના આઠ વાગે નગર શેઠના વંડે રીસેપ્સન કમીટીની એક મીટીંગ મળી હતી. જે વખતે આ કમીટીની બાકીની પેટા કમીટીઓની નીમણોક કરવામાં આવી હતી. તે નીચે મુજબ.

| **કમીટીઓનાં નામ** | **પ્રમુખનાં નામ** |
| --- | --- |
| ઉતારા કમીટી. | રા. રા. મોહનલાલ મગનલાલ. |
| સપ્લાય કમીટી. | રા. રા. વાડીલાલ છગનલાલ. |
| વોલંટીયર કમીટી. | શેઠ. ચંદુલાલ લલ્લુભાઇ |
| સેનીટરી કમીટી. | ડો. જમનાદાસ પ્રેમચંદ. |
| રેલવે રીશીવીંગ કમીટી | શેઠ. કાળીદાસ ઉમાભાઇ |
| પ્રેસ કમીટી. | મી. મણીલાલ નથુભાઇ દોશી. |
| ભોજન કમીટી. | ઝવેરી. બાપાલાલ નહાલચંદ. |

ઉપર પ્રમાણે કમીટીઓ નીમીને કોન્ફરન્સનું કામ ઘણું તાકીદે ચલાવવા માંડયું છે.

કોન્ફરન્સમાં આવનાર પ્રતિનિધી સાહેબોને માટે કોન્ફરન્સની બેઠકો વખતે તથા અગાઉ ને પછીથી એક એક દિવસ જમવા માટે રસોડું ખોલવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

વોલંટીયરોને ભરવા માટે ખાસ ઇલાયદી ગોઠવણ કરવામાં આવી છે.

પ્રતિનિધીની ટીકીટની કોન્ફરન્સના ઠરાવ મુજબ રૂપીઆ બે ફી રાખવામાં આવી છે. તેમજ (વીઝીટરો) પ્રેક્ષકો માટે ગઈ સાલ કરતાં ટીકીટનો દર ઘટાડીને રૂપીઆ બેનોજ રાખેલો છે. ને તે માટે એકજ વર્ગ રાખેલો છે. સ્ત્રીઓની ટીકીટના આઠ આના રાખવામાં આવ્યા છે.

રીસેપ્સન કમીટીના મેમ્બરો કે જેઓએ કોન્ફરન્સના ખર્ચમાં કાંઇ રકમ ભરી ના હોય તેમને માટે શું ફી લેવી તે આ વખતે ચોકસ ઠરાવવામાં આવ્યું નથી. પરંતુ રૂપીઆ પાંચ ઠરાવવામાં આવશે એવી વકી છે.

## ॐ नमो तित्थस्स.

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव ।
स्वर्गः कल्पमहीरुहामिव सरः पंके रुहाणामिव ॥
पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा ।
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥१॥

स्वस्ति श्री पार्श्वजिनं प्रणम्य ............................ महाशुभस्थाने

पूज्याराध्ये, दृढ धर्मवान्, देवगुरु भक्तिकारक, पुण्यप्रभावक, परमप्रीतिपात्र अनेक शुभगुणालंकृत धर्मस्नेही धर्म बंधु श्री ............

............ तथा श्री संघ

समस्त श्री अमदावादथी ली. श्री संघसमस्तना स्नेह पूर्वक जयजिनेंद्र अवधारशोजी. अत्र श्री देवगुरु प्रसादे क्षेमकुशळता वर्ते छे. आप श्री संघनी कुशळता चाहीए छीए.

विशेष विनंति के परम तीर्थंकर श्री महावीर स्वामीनुं शासन सदा जयवंत छे. ए पवित्र शासन सदा जयवंतु वर्ते एम श्रीमान महावीरस्वामीना आपणे सर्व उपासकोए इच्छीने, श्री जिनशासननी सेवा ने माटे आपणी सकळ कोमनी उन्नतिने अर्थे, समस्त हिंदुस्तानमां सर्व स्थळोना प्रतिनिधिओना सहामंडळ रूपी कोन्फरन्समां आपणे एकत्र मळी व्यवहारिकनो विचार करवानो प्रयास गयां चार वर्षथी अनुक्रमे श्री फलोधि, मुंबई, वडोदरा तथा पाटण ए चार स्थळोए आरंभेलो छे. तेमज श्री पाटणनी कोन्फरन्स समये अत्रेना श्री संघ तरफथी पांचमी वखत उक्त महामंडळ अत्रे भरवानुं आमंत्रण करवामां आव्युं हतुं ते आमंत्रण महामंडळे स्वीकारी अत्रेना श्री संघने आभारी करेलो छे.

आ पांचमी जैन श्वेतांबर कोन्फरन्स चालु वर्षना फागण सुदी ४—५ अने ६ वार शनी रवि ने सोम, तारीख १६—१७ अने १८ फेब्रुआरी सने १९०७ आ त्रण दिवसोमां अत्रे एकत्र करवानुं मुकरर कर्युं छे. तेथी विनंति के आप अत्रे खास पधारी श्री संघनी शोभा करवा उत्कंठित थशो अत्रेना श्री संघने आभारी करशो, अने तेमनां नाम आ साथेनी प्रतिनिधि पत्रिकामां आ कंकोत्री पहोंचेथी पंदर दिवसमां लखी मोकलवा तसदी लेशोजी.

अत्रेना श्री जिनचैत्योनी यात्रानो लाभ उपरांत मुनिमहाराजाओनां दर्शननो लाभ पण मळशे. वळी समस्त हिंदुस्तानना जैन संघना प्रतिनिधिओ अत्रे पधारशे तेओनां दर्शन—समागमनो पण अलभ्य प्रसंग मळशे.

आ कुंकुमपत्रिका संघ समस्त वांचे एम करशोजी, तथा आपनी आसपास-ना गामोमां आ आमंत्रणनी खबर आपी तेमने पण पधारवानी सूचना करवानी मेहेरबानी करशोजी.

मिति मागशर वद ८ रवि संवत् १९६३. ता. ९ डीसेम्बर सने १९०६.

ली. सकळ संघ तरफथी नम्र सेवको,

चीमनभाई लालभाई प्रेमाभाई. प्रमुख, स्वागत कमीटी.

जेशींगभाई हठीसींग. चीफ सेक्रेटरी.

श्री जयजिनेंद्र वांचशोजी.

**विनंति**—જે જે ગામોમાં આપણા સ્વધર્મી બંધુઓ રહેતા હોય તેમને જુદી જુદી કંકોત્રીઓ ન મળી હોય તેઓ સાહેબો આને કંકોત્રીઓ તરીકે સમજી તાકીદે પ્રતિનિધિ ( ડેલીગેટ ) પસંદ કરી નામો લખી જણાવશો.

---

# अमदावादनी पांचमी श्री जैनश्वेतांबर कॉन्फरन्समां थवाना ठरावोनो मुसद्दो.

* * * * * *

ઠરાવ ૩ જો.

આપણી કોમમાં વ્યવહારિક કેળવણીની સાથે નૈતિક, ધાર્મિક અને શારીરિક કેળવણીની વૃદ્ધિ કરવા માટે નીચે પ્રમાણે યોજના કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે.

૧ હરેક બાળક તથા બાળકીને ફરજીયાત પ્રાથમિક કેળવણી આપવાની ગોઠવણ.

૨ ઉંચી કેળવણીના લાભ સર્વે સામાન્ય જૈન બંધુઓ પણ લઈ શકે તે અર્થે મોટાં શહેરોમાં જૈન બોર્ડીંગો ઉઘાડવાની ગોઠવણ, તથા યોગ્યતા ધરાવનાર સામાન્ય સ્થિતિના લાયક વિદ્યાર્થીઓને ઉંચી કેળવણી સુલભ થાય તે માટે સ્કોલરશીપ આપવાની ગોઠવણ.

૩ જૈન પુસ્તકાલયો તથા વગર લવાજમની રીડીંગ રૂમો ઉઘાડવાની ગોઠવણ.

૪ ઉંચા પ્રકારની ઔદ્યોગિક કેળવણીનો બને તેટલો પ્રચાર કરવા માટે તથા તેવી કેળવણી લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને યોગ્ય સગવડ કરી આપવાની યોજના.

૫ શ્રાવિકાશાળાઓ અને જૈન કન્યાશાળાઓ સ્થાપવાની અને શ્રાવિકાશાળાઓમાં સ્ત્રીઓને યોગ્ય ઔદ્યોગિક તથા ધાર્મિક તથા નૈતિક કેળવણી આપવાની યોજનાઓ.

૬ જૈન બાળકોને નાનપણથીજ ધાર્મિક કેળવણીનો લાભ મળે તે માટે જૈન ધર્મની ક્રમવાર વાંચનમાળા તૈયાર કરાવવાની, અને તે વાંચનમાળા દરેક સ્કુલમાં જૈન બોર્ડીંગમાં અને હાલ ચાલતી જૈનશાળાઓમાં ચલાવવાની અને તે પ્રમાણે ગોઠવણ કરવાની જરૂર, તથા હાલ ચાલતી જૈનશાળામાં કેળવણી અપાય છે તેની દેખરેખ રાખવા માટે ઇન્સ્પેકશન ખાતું સ્થાપવાની જરૂર.

૭ જૈન બાળકોની શારીરિક સંપત્તિ યોગ્ય રીતે ખીલવવા માટે હાલ ચાલતી તથા હવે પછી સ્થપાતી જૈનશાળાઓમાં તથા જૈન બોર્ડીંગોમાં શારીરિક કેળવણીની ગોઠવણ

જૈન યુવકોને વ્યવહારીક ઉંચ કેળવણીની સાથે ધાર્મિક ઉંચ જ્ઞાનનો પણ લાભ મળી શકે તે માટે જૈનોની એક સેંટ્રલ કોલેજ સ્થાપવાની જરૂરીયાત.

## ઠરાવ ૪ થો.

### ( જીર્ણ પુસ્તકોદ્ધાર. )

આપણા સર્વોત્કૃષ્ટ શ્રી જૈન શાસનનો આધાર આપણા મહાન પૂર્વાચાર્યોએ અથાગ શ્રમ લઈ રચેલા અનેક પ્રાચીન ગ્રંથોપર છે. આ ગ્રંથોમાં ધાર્મીક સિદ્ધાંતોનો તેમજ જુદા જુદા શાસ્ત્રીય વિષયોનો સમાવેશ કરેલો છે. હાલ તે કેટલી સંખ્યામાં અને કયે કયે સ્થળોએ છે તેની પણ આપણને પૂરી માહીતી નથી. તેમજ ઘણા ખરા જ્ઞાન ભંડારોની સ્થિતિ ખેદ ઉપજાવે એવી છે. અને જીર્ણપ્રાય થઇ નાશ પામતાં પુસ્તકોમાં સમાએલા જ્ઞાનનો લય થયો છે, અને થતો જાય છે. તે માટે હસ્તલિખિત ગ્રંથો જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાંની વીગતવાર ટીપ કરાવવાની તથા ન મળી શકે તેવા પ્રાચીન ગ્રંથોની નકલો કરાવવાની તેમજ જે પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવામાં બાધ ન આવતો હોય તે પ્રસિદ્ધ કરાવવાની તેમજ હાલના વિદ્યમાન જૈન ગ્રંથો મળી શકે તેટલા બધા એક મોટા પુસ્તકાલયમાં એકત્ર કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ વિચારે છે.

## ઠરાવ ૫ મો.

( પ્રાચીન શીલા લેખોનો શોધ, રક્ષણ અને સંગ્રહ કરવા બાબત. )

આપણા પ્રાચીન શીલાલેખો જે આપણા જૈનધર્મની પ્રાચીનતાના પુરાવા રૂપે છે તથા જે ઉપરથી આપણી પૂર્વની જાહોજલાલીની સ્થિતિ ઉપર વિશેષ પ્રકાશ પડી શકે છે, અને ઐતિહાસિક સ્થિતિ જણાય છે તેવા લેખોનો જ્યાં મળી શકે ત્યાંથી શોધ કરવો તથા તેમનો સંગ્રહ કરી તેમનું રક્ષણ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ વિચારે છે.

## ઠરાવ ૬ ઠો.

### ( જીર્ણ ચૈત્યોદ્ધાર. )

સંસાર દાવાનળથી તૃપ્ત થએલા જીવોને શાંતિ આપનાર વિશ્વોપકારી શ્રી તીર્થંકર મહારાજાઓની ચરણ રજથી પવિત્ર થયેલાં તીર્થો તથા આપણા પૂર્વ પુરૂષોએ અગણિત દ્રવ્ય ખરચીને બંધાવેલાં મહાન દેવાલયો જીર્ણ થઇ ગયાં હોય તેમનો ઉદ્ધાર કરવા માટે તથા ત્યાં થતી આશાતનાઓ દૂર કરવા માટે વિશેષ પ્રકારે શ્રમ લેવાની જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે.

## ઠરાવ ૭ મો.

### ( નિરાશ્રિત જૈનોને આશ્રય બાબત. )

મરણાંતે પણ યાચના નહી કરનાર શ્રાવક શ્રાવિકાઓ બાળબચ્ચાં સાથે કોઈ સ્થળે સીઝાય નહિ અને હીન હીન હાલતમાં ધર્માન્તર થતાં અટકે તે માટે.

૧ નિરાશ્રિત જૈનોને ધંધે લગાડવાની,

૨ માબાપ વિનાનાં અનાથ બાળકોને તથા અનાથ જૈન વિધવાઓને આશ્રય આપવાની,

૩ જન્મપર્યંતના અસાધ્ય રોગોથી પીડાતા નિરાશ્રિત સ્વામીબંધુઓને માટે આશ્રય સ્થાન સ્થાપવાની,

આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા સ્વીકારે છે, અને સર્વ જૈન બંધુઓને તથા શ્રીમાન્ શેઠીઆઓને આ બાબત ઉપર ખાસ લક્ષ આપવાની વિનંતી કરેછે.

## ઠરાવ ૮ મો

### જીવ દયા.

**અહિંસા પરમો ધર્મઃ**—એ સિદ્ધાંત સર્વ ધર્મોને સામાન્ય છતાં ઉત્કૃષ્ટ રીતે તે જૈન ધર્મનો સિદ્ધાંત છે માટે,

૧ જીવોની થતી હિંસા તથા જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા બનતા પ્રયત્ન કરવા.

૨ પાંજરાપોળો જેવાં ખાતાં જ્યાં ચાલતા હોય ત્યાં તે યોગ્ય વહીવટ અને ચોખવટથી ચલાવવાં તથા જે સ્થળોએ તે ન હોય ને તેની જરૂરીયાત હોય ત્યાં તેવાં ખાતાં નવાં સ્થાપન કરવાં.

૩ પ્રાણીઓના અવયવોની બનતી ચીજો માટે તેમના ઉપર ઘણું ઘાતકીપણું ગુજરે છે તેથી તે બનાવટની ચીજો ઉપયોગમાં ન લેવા.

૪ તથા બીજે અનેક રસ્તે જીવદયા જેવા ઉત્તમ કાર્યને ઉતેજન આપવું.

આ સંબંધમાં વાંસદાના નામદાર માહારાજ સાહેબે દસરાના તહેવાર ઉપર પાડાનો વધ કરવાનો રીવાજ બંધ કર્યો છે તે માટે, તથા ધંધુકા તાલુકાના ગાંફ દરબાર સાહેબે પોતાના પુત્રના જન્મોત્સવમાં પોતાના રાજ્યમાં સર્વથા શીકારનો નિષેધ કર્યો છે તે માટે, તથા બીજા માહારાજાઓ ઠાકોરો વગેરેએ જીવ દયા સંબંધમાં જે જે ઠરાવો કર્યાં છે તેઓનો આ કોન્ફરન્સ સંતોષ સહિત આભાર પ્રદર્શીત કરે છે.

## ઠરાવ ૯ મો.

### ( કોન્ફરન્સના બંધારણ બાબત. )

કોન્ફરન્સનું બંધારણ મજબુત થવા માટે નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવાની અને તેને અમલમાં મુકવાની આવશ્યકતા આ કોન્ફરસ વિચારે છે.

૧ ચારે જનરલ સેક્રેટરીઓએ પોતાના હાથ નીચે જરૂર પડતા પ્રાંતિક અને સ્થાનિક સેક્રેટરીઓ નીમી તેમની મારફત કોન્ફરન્સમાં થયેલા ઠરાવોનો અમલ કરાવવા પ્રયાસ કરવો.

૨ કોન્ફરન્સની કાયમ સ્થિતિ દ્રઢ કરવા માટે દરેક જૈન પાસે હરસાલ કોઈ અમુક રકમ ઉઘરાવી ચાલુ ઉપજ થાય તેવી યોજના કરવી.

૩ દરવર્ષે જેમ બને તેમ ઓછા ખર્ચે કોન્ફરન્સ ભરાઇ શકે તેમ સગવડ કરવી.

૪ કોન્ફરન્સ તરફથી નિકલતા માસિકમાં કોન્ફરન્સ સંબંધી કાર્યની

ગણેરા ઉપરાંત, ધાર્મિક અને નૈતિક વિષયો યોગ્ય પ્રમાણમાં દાખલ કરી તેને બને તેટલું વિશેષ ઉપયોગી કરવું.

### ઠરાવ ૧૦ મો.

### (હાનિકારક રીવાજો)

નીચે જણાવેલા હાનિકારક રીવાજો આપણી કોમમાં કેટલેક ઠેકાણે ચાલે છે તે હરેક પ્રકારે દૂર કરવાની ખાસ જરૂરીયાત છે.

1) બાળલગ્ન.
2) વૃદ્ધવિવાહ.
3) કન્યાવિક્રય.
4) એક સ્ત્રીની હયાતિ દરમ્યાન વધારે સ્ત્રીઓ કરવી તે
5) મૃત્યુ પાછળ જમણવાર.
6) મૃત્યુ પાછળ અયોગ્ય શોકક્રિયા.
7) અયોગ્ય ફરજ્યાત ખર્ચી.
8) લગ્નપ્રસંગોમાં ફટાણાં તથા રીત રિવાજોનો પ્રચાર.

આ બાબતમાં ગયા વર્ષોમાં કોન્ફરન્સ તરફથી થએલાં વિવેચન અને ઠરાવોને અનુસરીને કેટલાંક ગામો અને શહેરોના આગેવાનોએ ઉક્ત રીવાજોમાંના કેટલાકોને પોતપોતાના સ્થળોમાં બંધ કરેલા છે તેની નોંધ આ કોન્ફરન્સ સંતોષ સાથે લે છે, અને અન્ય સર્વ સ્થળોના આગેવાનોને વિનંતિ કરે છે કે તેઓ પણ પોતપોતાના સ્થળોમાં સદરહુ રીવાજો બંધ કરવા બનતું કરશે.

### ઠરાવ ૧૧ મો.

### ( ધાર્મીક ખાતાંઓના હિસાબ પ્રગટ કરવા બાબત. )

ધાર્મિક ખાતાઓના હીસાબો ચોખ્ખા રાખવાથી અને તે દર વર્ષે પ્રગટ કરવાથી તેના વહીવટ સંબંધી ગેરવ્યવસ્થા થવાનો સંભવ દૂર થાય છે અને વિશ્વાસ બેસે છે; તેથી આવક પણ વૃદ્ધિ પામે છે માટે દરેક ધાર્મિક ખાતાનાં હિસાબ તૈયાર કરવાની, જો કોઈ તેનું ઓડીટ કરે તેને બતાવવાની, અને તેને છપાવીને પ્રગટ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ ધારે છે.

ગયે વર્ષે આ બાબતમાં થએલા ઠરાવ બાદ જે જે સ્થળોના ધાર્મિક ખાતાઓના હિસાબ પ્રગટ કરવામાં આવેલા છે તેની નોંધ કોન્ફરન્સના માસિકમાં લેવાયલી છે તેથી તે બાબત આ કોન્ફરન્સ સંતોષ પ્રદર્શીત કરે છે; અને જે જે સ્થળોના ધાર્મીક ખાતાઓના હિસાબ હજુ પ્રગટ થવા ન પામ્યા હોય તેમના આગેવાનો અને વહીવટદારોને તેમ કરવાની ખાસ વિનંતિ કરે છે.

### ઠરાવ ૧૨ મો.

### ( જૈન સાહિત્ય યુનિવર્સિટીમાં દાખલ કરાવવા બાબત. )

સંસ્કૃત સાહિત્યના અંદર આપણા જૈન સાહિત્યના ગ્રંથો પણ આપણી યુનિવર્સીટીમાં દાખલ કરવામાં આવે તે માટે યોગ્ય પ્રયત્ન કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા વિચારે છે.

### ઠરાવ ૧૩ મો.

### ( પ્રાંતિક કોન્ફરન્સો ભરવા બાબત. )

દરવર્ષે મળનારી આપણી આ કોન્ફરન્સના હેતુ બર લાવવાને માટે અને તેમાં થયેલા ઠરાવોનો અમલ જુદે જુદે સ્થલોએ થતો જાય તે વગેરે માટે દરેક પ્રાંતમાં અનુકુળતા અનુસાર પ્રાંતિક કોન્ફરન્સો ભરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે.

**બારમી કોન્ફરન્સની બેઠકો વખતે જે ગૃહસ્થોએ કોન્ફરન્સનાં જુદા જુદા ખાતાઓમાં રોકડા નાણાંની રકમો ભરેલી તેઓનાં નામ, ગામ તથા રકમવાર કોન્ફરન્સ ઓફિસ તરફથી ઉપકાર સાથે નીચે મુજબ પહોંચ આપીએ છીએ.**

| નામ | ગામ | રૂપીઆ. | નામ | ગામ | રૂપીઆ. |
|---|---|---|---|---|---|
| શ્રી ઉદેપુરના સંઘ તરફથી હા. ચુનીલાલ ચતુરભાઇ. | ઉદેપુર | ૧૨૫—૦—૦* | શ્રી રાધનપુર જૈન નૃત્ય ગાયન મંડળ | રાધનપુર. | ૧૦—૦—૦ |
| શ્રી ગુજરનવાળા સંઘ તરફથી. | ગુજરનવાળા. | ૧૯૨—૧૨—૦* | શેઠ. ...મલ માનમલ | ...વદ. | ૭૫—૦—૦* |
| શેઠ. ભીખાજી ભુતાજી, | કેડાર. | ૧૧—૪—૦ | શા. મગનલાલ ખાલાભાઇ પટેલ | ખેડા | ૪—૦—૦ |
| શેઠ. લખમાજી જીવણજી | સુરત | ૫૧—૮—૦ | ગાંધી. મુલચંદ હરગોવીંદદાસ. | મહેસાણા. | ૫—૦—૦ |
| વોરા. રામચંદ મુલચંદ | વીજાપુર (હાલ રામાપુરા દક્ષિણ,) | ૭૬—૦—૦ | શા. ઉમેદરામ કરમચંદ | રાંધેજા. | ૫—૦—૦* |
| | | | ગાંધી. મુલજીભાઇ ભુદરદાસ, | ટીટોઇ | ૩—૦—૦ |
| | | | વોરા. પાનાચંદ લક્ષ્મીદાસ, હા. કેદર મુળજી | દધાલીઆ | ૩—૦—૦ |
| | | | વોરા. રવચંદ વલાજી હા કેદર મુળજી | દધાલીઆ. | ૨—૦—૦ |
| શેઠ. દીપચંદ ભીમાજી. | સુરત | ૫—૦—૦ | વહોરા. રવચંદ કેશવજી | ટીટોઇ | ૧—૮—૦ |
| શ્રી જૈન જ્ઞાનોદય સભાના મેંબરો. | અમદાવાદ-શાહપુર. | ૧૦—૦—૦* | વહોરા, હીરાચંદ કાળીદાસ | ટીટોઇ | ૧—૮—૦ |
| શેઠ હરખચંદ ગુલાબચંદ. | તેલ્હારા. | ૫૧—૦—૦ | શા. આતમદાસ રીખવદાસ | ધીણોજ | ૨૫—૦—૦ |
| શેઠ. કરમચંદ ફુલચંદ, | અમદાવાદ. | ૨૫—૦—૦ | શા. સાંકલચંદ ફુલચંદ | માંગરોળ | ૧૭—૦—૦ |
| સંઘવી. સુંદરજી ઓધવજી, | મોરબી. | ૧૦—૦—૦ | ભાઇ. ચંચળ ત્રીભોવનદાસ | પાટણ | ૧—૦—૦ |
| શા. બાલારામ જેચંદ. | બલવડી. | ૮—૦—૦ | શા. સાંકલચંદ ઉજલાભાઇ | અમદાવાદ | ૧—૦—૦ |
| ગાંધી. કાદરલાલ છગનલાલ ટીટોઇ વાળા, | અમનગર. | ૨—૦—૦ | શ્રી વાંકાનેરના ડેલીગેટો તરફથી | વાંકાનેર | ૬—૦—૦ |
| ઝવેરી. ભાઇચંદ તલકચંદ | સુરત. | ૫૧—૦—૦ | શા. ભુદરદાસ કાલીદાસ | રામપુરા | ૨—૦—૦ |
| શા. હરીલાલ મગનલાલ. | અમદાવાદ-શાહપુર | ૫—૦—૦ | શેઠ. જેઠાભાઇ દયાળદાસ | સીહોર | ૨—૦—૦ |
| શ્રી જૈન આનંદ મંડળી. | રાધનપુર. | ૫—૦—૦ | શા. ગીરધરદાસ માવજીદાસ | કંથારીઆ | ૧—૦—૦ |
| શ્રી ગેરીતાના સંઘ તરફથી, | ગેરીતા. | ૧૨—૦—૦ | શ્રી જોટાણાના ડેલીગેટો તરફથી | જોટાણા | ૫—૦—૦ |
| શા આતમચંદ દેવચંદ | ઉણા | ૩—૦—૦ | શા. વરજીવનદાસ મનસુખરામ | અમદાવાદ શાહપુર | ૫—૦—૦ |
| શ્રી મંદસોરના પંચના માર્ફત, શા. ખેમરાજ હીરાચંદ. | મંદસોર. | ૫૧—૦—૦ | શા. ગુલાબચંદ મુલચંદ | કૈયલ | ૨—૦—૦ |
| | | | શા. ટોકરશી મોતીચંદ | ,, | ૨—૦—૦ |

| | | |
|---|---|---|
| શા. રામચંદ હરચંદ | ,, | ૧—૦—૦ |
| શા. કાલીદાસ કેવલભાઈ | ,, | ૧—૦—૦ |
| શા. ધરમચંદ તથા સ્વરૂપચંદ | ,, | ૧—૦—૦ |
| શા. ટેકચંદ ડુંગાજી | ભેરવ | ૩—૦—૦ |
| શા. ભીમાજી ભગવાનજી | ગોથાણ | ૭—૦—૦ |
| શા. સોમચંદ લાલદાસ | ઓડ | ૫—૦—૦ |
| વખારીઆ. હકમચંદ મુળચંદ | છલોલ | ૨—૦—૦ |
| દોશી ખેંગાર ટોકરશી હા. હેમચંદ | જામનગર | ૧—૦—૦ |
| શેઠ બાલાભાઇ ભાઇલાલ | ખેડા | ૫—૦—૦* |
| શેઠ. દેવશી કાનજી | નલીયા | ૫—૦—૦ |
| શ્રી જૈન જ્ઞાનાનંદ વર્ધક સભા તરફથી | ધોલેરા | ૧૧—૮—૦ |
| શા. મગનલાલ કરશનદાસ | મીયાંગામ કરજણ | ૫—૦—૦ |
| શા. મોહનલાલ મગનલાલ | અમદાવાદ શાહપુર | ૨—૦—૦ |
| શા. હાલાચંદ હીરાચંદ | ખાંભેલ | ૨—૦—૦ |
| વોરા તલકચંદ લાલચંદ હા. મોહનલાલ કુંવરજી | છનીઆર | ૨—૮—૦ |
| મહેતા આતમદાસ અવચળદાસ હા. લાટકચંદ | ,, | ૨—૦—૦ |
| શા. ભાયચંદ નાગજી હા. છગનલાલ | ,, | ૨— —૦ |
| શા. વાડીલાલ પુરશોતમદાસ | ખોણ | ૧—૦—૦ |
| શા. છોટાલાલ ત્રીકમદાસ | ખેડા | ૫—૦—૦* |
| બાબરીઆ. જકસી હરજી | ઉણ | ૧—૪—૦ |
| શા. પુંજાભાઇ બહેચરદાસ | રામપુરા ભંકોડા | ૪—૦—૦ |
| શા. મલુકચંદ દેવચંદ | ,, | ૫—૦—૦ |
| શ્રી ખેડાવાળા એક પત્રના રીપોર્ટર તરફથી | ખેડા | ૨—૦—૦* |
| શા. મગનલાલ જીવરાજ | વડગામ | ૫—૦—૦ |
| શા. પુંજાભાઇ માનચંદ | ખેરવા | ૪—૦—૦ |
| શેઠ. જમનાદાસ અમીચંદ | ,, | ૨—૦—૦ |
| શા. કુબેરદાસ પુરશોતમ | ,, | ૧—૦—૦ |

| | | |
|---|---|---|
| શા. કાળીદાસ જેચંદ | ,, | ૦—૮—૦ |
| મી૦ સ્વરૂપચંદ મુલચંદ હા. ચુનીલાલ | રાજુરી | ૧—૦—૦ |
| શેઠ. ઝવેરચંદ પુરશોતમદાસ | અણુપર | ૧—૦—૦ |
| શા. પીતાંબરદાસ લવજીભાઇ | લીંચ | ૪—૦—૦ |
| શા. પ્રાગજી મોરારજીદાસ | સેરતીયા | ૨—૦—૦ |
| શ્રી મોહનલાલજી જૈન પાઠશાળા | અમદાવાદ | ૧૫—૦—૦ |
| સંઘવી ઉત્તમચંદ ભુદરદાસ | લાઠીદડ | ૧—૦—૦ |
| વહોરા. કાશીદાસ વહાલજી | દવાલીઆ | ૫—૦—૦ |
| શા. અમથાભાઇ લખમીચંદ | બારેજા | ૧૦—૦—૦ |
| શા. ફતેચંદ મનોરદાસ હા. મગલભાઇ | બારેજા | ૫—૦—૦ |
| શેઠ. તલકચંદ વનમાળીદાસ | બારેજા | ૫—૦—૦ |
| શા. ઉમેદચંદ ફુલચંદ તરફથી શા છોટાલાલ ઉમેદચંદ | બીડજ | ૫—૦—૦ |
| શા. રતનચંદ રાયચંદ હા છોટાલાલ | બારેજા | ૫—૦—૦ |
| શા. છગનલાલ ગોપાળદાસ ગોધરાના સંઘ તરફથી | ગોધરા | ૫—૦—૦ |
| શ્રી આખજના મહાજન તરફથી શા. બલાખીદાસ શીવલાલ | આખજ | ૫—૦—૦ |
| શા. ત્રીકમદાસ મુળચંદ | પ્રાંતીજ | ૧૫—૦—૦ |
| કોઠારી. લલ્લુભાઇ ઝવેરદાસ | ,, | ૧૫—૦—૦ |
| શા. ગોરધનદાસ કસળદાસ | ,, | ૭—૦—૦ |
| શા. બુલાખીદાસ હાથીભાઇ | ,, | ૫—૦—૦ |
| શા. પુરશોતમદાસ હરીભાઇ | ,, | ૫—૦—૦ |
| શા. મગનલાલ અમથારામ | ,, | ૨—૦—૦ |
| શેઠ. ભીમાજી હરજીજી | મોટાવરાછા | ૨—૦—૦ |
| શા. ભાયચંદ ફુલચંદ | (નામ નથી) | ૨—૦—૦ |
| શેઠ. લલુભાઇ ઘેલાભાઇ | માણસા. | ૫—૦—૦ |
| પરી. આશારામ ન્યાલચંદ. | દહેગામ. | ૨—૦—૦ |
| શા. છગદાસ બેહેચરદાસ. | ,, | ૧—૦—૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શા. મગનલાલ ભાઇચંદ, મોદી. | ,, | ૧—૦—૦ | શા. રતનચંદ સાંકળચંદ | ઉમેટા | ૫—૦—૦ |
| શા. અંબાલાલ પાનાચંદ. | ,, | ૧—૦—૦ | શા. ચુનીલાલ શોભાચંદ | બાલાપુર | ૧—૦—૦ |
| શા. છગનલાલ લલુભાઇ. | ,, | ૧—૦—૦ | શા ત્રીકમલાલ ભોળાચંદજી | ,, | ૧—૦—૦ |
| શા. પ્રેમચંદ ધરમચંદ. | ,, | ૧—૦—૦ | શા. ગીરધરલાલજી શીવલાલજી | ,, | ૩—૦—૦ |
| શા. રામલાલ સુળચંદ. | ,, | ૧—૦—૦ | શ્રી રાજપુરના આગેવાનો તરફથી | રાજપુર | ૫—૮—૦ |
| શા. વાડીલાલ નારાયણદાસ, | ,, | ૧—૦—૦ | શા. અનોપચંદ માનાજી | સીમોદરા | ૧૦—૦—૦ |
| શા. બુલાખીદાસ અનોપચંદ. | ,, | ૧—૦—૦ | શા. શાંતિદાસ અમરચંદ | પલાસર | ૫—૦—૦ |
| કોઠારી. મોહનલાલ મહાશુખરામ. | ,, | ૧—૦—૦ | શા. ખુશાલચંદજી ફુલચંદજી | બાલાપુર | ૧૧—૦—૦ |
| શા. જેઠીરામ ખુશાલચંદ | ઉનાવા | ૩—૦—૦ | શા. કીશોરદાસ હીરાચંદ | ધારણોજ | ૨—૦—૦ |
| શા. દીપાજી ભુતાજી | વરાછા મોટા | ૧—૦—૦ | શા. ખેડીદાસ મગનલાલ | ,, | ૨—૦—૦ |
| શા. હેમાજી જીતાજી | કોસાડ | ૨—૦—૦ | શા. ચીકાભાઇ કેવળભાઇ | કાલરી | ૩—૦—૦ |
| શા. ધુપાજી લખમાજી | દહેગામ | ૨—૦—૦ | શા. ધનપતચંદ ભંડારી | નવાનગર | ૪—૦—૦ |
| બાઈ. ઇચ્છા શા. ખુશાલદાસ સુરચંદની વિધવા | વાસા | ૫—૦—૦ | શા. ગુલાબચંદજી ગાદીઆ | ,, | ૧—૦—૦ |
| શા. વીરચંદ ચોથચંદ | અમદાવાદ | ૨—૦—૦ | શા. જસરાજજી રૂપચંદજી | અડાવલ | ૧—૦—૦ |
| શા. છગનલાલ માણેકચંદ | બીડજ | ૫—૦—૦ | શા. ભીખાચંદ ઉગરચં | કંબોઇ | ૨—૦—૦ |
| શા. મોતીલાલ ફુલચંદ | ધીણોજ | ૩—૦—૦ | શા. સ્વરૂપચંદ તારાચંદ | ,, | ૨—૦—૦ |
| શા. હીરાલાલ ઉજમચંદ | બારેજા | ૧—૦—૦ | શા. કેશવલાલ માનચંદ | આદરજમેડી | ૨—૦—૦ |
| શા. મંછારામ રવચંદ | બારેજા | ૧—૦—૦* | શા. કાલીદાસ પાનાચંદ | ડભોઉ | ૧૦—૦—૦ |
| શા. ભાયચંદ તલકચંદ | ઉણ | ૧—૦—૦* | શા. બેહેચરભાઈ ઝવેરદાસ હા. સાંકલચંદ બેહેચરદાસ | ,, | ૫—૦—૦ |
| શા. ન્યાલચંદ નાગરદાસ | ઉણ | ૧—૦—૦ | શ્રી જ્ઞાનાનંદ વર્ધક સભા | ધોલેરા | ૪—૮—૦ |
| શા. ભોગીલાલ ઉત્તમચંદ | ઉણ | ૧—૦—૦ | શા. બેહેચરદાસ ગોવાણી | જાલીઆ દેવાણી | ૨—૦—૦ |
| ધામી. નેમચંદ ખેંગારશી | સમી | ૫—૦—૦ | શા. લખમીચંદ લાલચંદ | વડુ | ૮—૦—૦ |
| શ્રી આદરજ મોટીના સંઘ તરફથી | આદરજમોટી | ૫—૦—૦ | શા. લલુભાઇ મગનલાલ | આસોદર | ૩—૦—૦ |
| શા. વૃજલાલ શેવકરામ | અમદાવાદ શાહપુર | ૨—૦—૦ | શા. નાથુલાલ ચુનીલાલ | ડગ | ૧—૦—૦ |
| શા. રાજાજી નેતાજી | માંગરોળ | ૭—૦—૦ | શા. ઝવેરચંદ સાકરચંદ | પલાસર | ૨—૦—૦ |
| મોદી. છગનલાલ ત્રીકમદાસ | રાણપુર | ૫—૦—૦ | એક ગૃહસ્થ તરફથી | (ગામનું નામ નથી) | ૧—૦—૦ |
| શેઠ. હરખચંદ કુંવરજી | રાણપુર | ૫—૦—૦ | શા. છગનલાલ ગોપાલજી | ગોધ્રા | ૧—૦—૦ |
| શેઠ. મણીલાલ વર્ધમાનદાસ | રાણપુર | ૨—૦—૦ | શા. મોહનલાલ ચુનીલાલ | આશોદર | ૨—૦—૦ |
| શેઠ. નાનચંદ મેઘજીભાઇ | રાણપુર | ૧—૦—૦ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શા. જીવાભાઈ તારાચંદ | (ગામનું નામ નથી) | ૧૦—૦—૦ | શ્રી પાલડી ગામના સંઘ તરફથી | પાલડી | ૫—૦—૦ |
| શેઠ. સુરજમલ મનસુખ | (ગામનું નામ નથી) | ૧—૦—૦ | શા. મોતીચંદ | માણસા | ૫—૦—૦ |
| શેઠ મોતીચંદ જેતાજી | પુના | ૫—૦—૦ | શા. વાડીલાલ ગુલાબજી | ,, | ૫—૦—૦ |
| શા. સુરચંદ ઉમેદરામ | રેટોદણ | ૨—૦—૦ | શા. ગુલાબચંદ જીતાભાઈ | ,, | ૨—૦—૦ |
| કોઠારી નાનજી હીમાજી | પાળીયાદ | ૧—૦—૦ | શા. મનસુખલાલ ચુનીલાલ | ,, | ૨—૦—૦ |
| બગડીઆ જેચંદ મેર | ,, | ૧—૦—૦ | શા. જેચંદ ભગાજી | ,, | ૧—૦—૦ |
| શા. તારાચંદ જેતાજી | અંબાચ | ૩—૦—૦ | શા. શકળચંદ મીયાચંદ | ,, | ૧—૦—૦ |
| વકીલ ભાયચંદ તારાચંદ | વઢવાણ કેમ્પ | ૨—૦—૦ | શા. દલીચંદ જેઠતારામ | ,, | ૧—૦—૦ |
| શા. ભાઇચંદ નાથાલાલ | ટસ્સાટા | ૧—૦—૦ | શા. દલીચંદ માણેકચંદ | ,, | ૧—૦—૦ |
| શા. દેવચંદ જેચંદજી | રાતા | ૧—૪—૦ | શા. ખેમચંદ વહાલચંદ | રારૂજી | ૧૦—૦—૦ |
| શા. હરીલાલ મુળચંદ | અમદાવાદ | ૧—૦—૦ | શા. ઉગરચંદ ત્રીભોવનદાસ. | ડાંગરવા | ૧—૦—૦ |
| શા. ઘેલશા તારાચંદ | અમદાવાદ | ૧—૦—૦ | એક ચોરીમાં લખ્યા કરતાં રૂ ૧) | | |
| મેહેતા હઠીસંગ ગગાભાઈ | કોઠ | ૩—૦—૦ | વધુ આવ્યા તે | (નામ નથી) | ૧—૦—૦ |
| શા. હરગોવનદાસ રણછોડદાસ | મુજપુર | ૩—૦—૦ | નામ વિનાનાં, | ,, | ૨—૦—૦ |
| શા. સકરચંદ અમીચંદ | ખેડા | ૧—૦—૦* | નામ વિનાનાં. | ,, | ૨—૦—૦ |
| શા. મોતીચંદ ફુલચંદ | ,, | ૧—૦—૦* | નામ વિનાનાં | ,, | ૫—૦—૦ |
| શા. ડાહ્યાભાઈ આશારામ | ,, | ૧—૦—૦* | એક બાઈ તરફથી. | ,, | ૧—૦—૦ |
| શા. ઇશ્વરભાઈ આશારામ | ,, | ૨—૦—૦ | એક બાઈ તરફથી | ,, | ૦—૧૦—૦ |
| શા. નાગરદાસ જેઠાભાઈ | ,, | ૨—૦—૦ | એક જણ તરફથી | ,, | ૫—૦—૦ |
| શા. માણેકલાલ કેશવજી | ગંભીરા | ૪—૦—૦ | એક ગૃહસ્થ તરફથી | ,, | ૨—૦—૦ |
| શા. હીરાચંદ કેશવજી | ,, | ૪—૦—૦ | નામ વિનાનાં. | ,, | ૧—૦—૦ |
| શા. પીતાંબરદાસ ફુલચંદ | ,, | ૩—૦—૦ | નામ વગરના | ,, | ૨—૦—૦ |
| કોઠારી છગનલાલ બહેચરદાસ | માંડલ | ૧૦—૦—૦ | | કુલ રૂ. | ૧૩૭૮—૧૪—૦ |

* આ નીશાનીવાળા ગૃહસ્થો તરફથી જે રકમો ભરાણી છે તે તે ગામવાળાઓએ કોન્ફરન્સ તરફથી સુચવેલા ચાર આનાના ફંડની યોજના પ્રમાણે સુકૃતભંડાર ખાતે વસુલ કરી મોકલાવેલી છે, તેથી તેમનો આ તકે આભાર માનીએ છીએ અને આશા છે કે, તે પ્રમાણે દરેક ગામવાળાઓ એક તકોદે આ યોજના અમલમાં મુકી કોન્ફરન્સને આભારી કરશે.

પાટણ કોન્ફરન્સ વખતે તેમજ વડોદરા અને મુંબઇ કોન્ફરન્સની બેઠક વખતે જે જે ગૃહસ્થોએ કોન્ફરન્સ ફંડના જુદા જુદા ખાતાઓની મદદ સારૂ ઉધાર રકમોની ચીઠીઓ મોકલેલી છે, તેમાંથી ઘણો ભાગ વસુલ આવી ગયેલ છે, ને હવે જુજ ભાગ બાકીમાં છે તો જે ગૃહસ્થોએ તે રકમો ભરી દીધ તેમને વિનંતિ કરીએ છીએ કે અમદાવાદ કોન્ફરન્સ ભરાતા અગાઉ તેઓ સાહેબ જલદીથી પોતાની રકમો વસુલ કરાવી જવા મહેરબાની કરશે. આ બદલ વખતો વખત ઉઘરાણી કરવી પડે તે અમને યોગ્ય લાગતું નથી, ને નાહક કોન્ફરન્સ ફંડને નુકશાન થાય છે, તો લાગતાવળગતાઓને આ સુચના ધ્યાનમાં લેવા વિનંતી કરીએ છીએ.

| | |
|---|---|
| જૈન માર્ગ પ્રવેશિકા નંબર ૧ લો | ૦-૨-૦ |
| જૈન માર્ગ પ્રારંભ પોથી ભાગ ૧ લો | ૦-૧-૦ |
| જૈન માર્ગ પ્રારંભ પોથી ભાગ ૨ જો | ૦-૧-૬ |

મળવાનું ઠેકાણું—મુંબઇ-શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસ
,, શ્રી માંગરોળ જૈન સભા--પાયધુની
,, એન. એમ. ત્રીપાઠી, કાલબાદેવી રોડ.
,, પંડીત લાલન. બીજી સુતાર ગલી.

---

## નવા થતા શ્રી કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોને ઉત્તમ તક.

### તાકીદે મંગાવો, થોડી નકલો બાકી.

---

સન ૧૯૦૫ તથા ૧૯૦૬ ની સાલના બાર અંકો સાથે અધીં કીંમતે ટપાલ ખર્ચના ચાર આના વધારે લઇ બન્ને સાલના અંકો મોકલી આપવામાં આવશે. જુમલે રૂા. ૧--૪--૦ અંકે રૂપીઆ સવા મોકલેથી બે સાલના અંકો મોકલવામાં આવશે. પત્ર આવેથી વી. પી. થી મોકલવામાં આવશે.

### હેરલ્ડના ગ્રાહકોને સુચના.

---

આ માસીકના ચાલુ બે વર્ષના ગ્રાહકોને સુચના કરવામાં આવે છે કે ડીસેમ્બર માસે પુરા થતા આ પત્રના બે વર્ષના લવાજમમાં જેટલું બાકી રહેલું હોય તે તથા નવા આવતા ત્રીજા વર્ષનું લવાજમ આવતી અમદાવાદની કોન્ફરન્સ અગાઉ અમને મોકલી આપશે તો તેઓને અમારી તરફથી મુંબાઇમાં ભરાયેલી બીજી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રૂા. ૦--૧૨--૦ ની કીંમત વાળો રીપોર્ટ ભેટ તરીકે આપવામાં આવશે, અને તે અમદાવાદ કોન્ફરન્સની બેઠક વખતે ત્યાં અમારી ઓફીસમાંથી મળશે ને તેઓને તે વખતે ત્યાંથી મળી શકે એવો છાપેલ દાખલો ત્રીજા વર્ષનું લવાજમ ભરતી વખતે આપવામાં આવશે.

જેઓને એ રીપોર્ટ તાકીદે જોઇતો હોય તેઓને લવાજમ મોકલતી વખતે પોષ્ટ ખર્ચના આના ત્રણ વધારે મોકલી દેવા વિનંતી છે.

---

અઢાર વર્ષની ઉપરની ઉમ્મરના શ્રાવક જાતિવાળાઓ અને ભોજકો જેઓ નાના નાના જૈનશાળાના માસ્તરનું તથા દેરાસરમાં સામાન્ય પુજાનું બન્ને કામ કરી શકે તેઓને યોગ્યતા મુજબ પગાર આપવામાં આવશે.

(૨) પ્રકરણના અભ્યાસી જેઓ છ માસ અમારી પાઠશાળામાં અનુભવ લઈ જૈનશાળામાં માસ્તરનું કામ કરી શકે તેઓને યોગ્યતા પ્રમાણે પગાર કરી મોકલવામાં આવશે; તથા પ્રકરણાદિક ધાર્મીક અભ્યાસની ઇચ્છા વાળાઓને જમવા સાથે યોગ્યતા મુજબ સ્કોલરશીપ આપવામાં આવશે; ત્યારબાદ શિક્ષક લાયક થયે જૈનશાળામાં પગાર કરી ગોઠવવામાં આવશે.

ઉમેદવારોએ ધાર્મીક તથા નિશાળનો અભ્યાસ સરટીફીકેટ સાથે નીચેના શીરનામે અરજી કરવી. મેસાણા પ્લેગ સબબ હાલ મુ. લીંચ ઓફીસ રાખી છે.

શ્રી જૈન શ્રેયસ્કર કેળવણી ખાતાની ઓફીસ.<br>મુ. લીંચ (તાબે મેસાણા) } લી. વેણીચંદ સુરચંદ.

## " જૈન ધાર્મીક જ્ઞાન "

### જૈન લેખકો માટે ઇનામ રૂ. ૨૫

જૈન ધાર્મીક જ્ઞાન–જ્ઞાનથી થતા ફાયદા–જ્ઞાનનું મહાત્મય–એ વિષય ઉપર ફુલસ કેપના પૃષ્ટ ૫૦ આશરેમાં સરળ ભાષામાં જૈન સમાજને હિતકારી થઇ પડે તેવો સં. ૧૯૬૩ ના મહા સુદી ૧૫ સુધી જે લેખકો નિબંધ લખી મોકલશે તેમાંના સૌથી ઉત્તમ નિબંધના લેખકને રૂ. ૨૫ નું ઇનામ આપવામાં આવશે નિબંધો મુની મહારાજ શ્રી બુદ્ધી સાગરજી મહારાજ તપાસશે.

શ્રી માણસા<br>ગુજરાત. } લી. શુભેચ્છક.<br>હાથીભાઈ મુળચંદ.

### ઢઢા છાપનું પવિત્ર કેશર.

### સ્વધર્મ રક્ષા અને સ્વદેશ લાભ માટે.

ખાસ પ્રતીનીધી મોકલી મંગાવેલ ખાત્રીનું **શુદ્ધ અને ઉત્તમ સ્વદેશી કેશર** પાંચ તોલા, તથા પા, અરધા અને એક રતલી પેક ડબાઓમાં કે જે પર કોન્ફરન્સના ઉત્પાદક મી૦ ઢઢ્ઢાની છબીનો " ટ્રેડ માર્ક " છે તે નીચેના સ્થળો એથી મળશે.

**મુંબઇ–જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ ચંપાગલી,** માંગરોળ જૈન સભા **પાયધુની, જથ્થાબંધ વેચનાર એકલા માલેક.**

**કછી દશાઓસવાળ જૈન માહાજન આશ્રીત.**

**જૈન મંદીર સામે<br>માંડવી, મુંબઇ.** } **સ્વદેશી કંપની.**

॥ श्री पंचपरमेष्ठिभ्योनमः ॥

श्री

# जैन ( श्वेतांबर ) कॉन्फरन्सनो

संवत १९६२ नी सालनो

# रीपोर्ट तथा हीसाब.


प्रसिद्ध करनार

श्री जैन ( श्वेतांबर ) कॉन्फरन्स ऑफीस—मुंबई.

( संवत १९६२ )

( इ० स० १९०६ )

श्री धर्म विजय प्रिन्टींग प्रेस—मुंबई.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्सनो

संवत १९६१ नी सालनो

# रीपोर्ट.

**जनरल सेक्रेटरीओ अने कार्य व्यवस्थामां करवामां आवेलो फेरफार.**

संवत १९६० सुधीनो रीपोर्ट प्रगट कर्या बाद गया कारतक मासमां वडोदरा खाते त्रीजी जैन श्वेताम्बर कोन्फरन्सना मेलावडा वखते जनरल सेक्रेटरीओनी कार्य व्यवस्थामां कांईक फेरफार करवामां आव्यो हतो. त्यां सुधी प्रथम एटले सने १९०४ ना जानेवारी मासमां प्रगट करवामां आवेली योजना मुजब जुदा जुदा जनरल सेक्रेटरीओने जुदा जुदा कार्यो सोंपवामां आवेलां परंतु ते गोठवणथी कार्य करवामां कांईक अगवडता अनुभववामां आववाथी वडोदरा खाते जनरल सेक्रेटरीओनी मीटींगमां दरेक जनरल सेक्रेटरीने पोताना प्रांतमांनां दरेक कार्यो संभाळवानी सत्ता आपवामां आवी, अने ते प्रमाणे जुदा जुदा जनरल सेक्रेटरीओनी मंजुरी अने अभिप्रायो मंगाववामां जे काळ व्यतीत थतो हतो ते दुर करी, दरेक जनरल सेक्रेटरीने पोताना विभागमां स्वतंत्र रीते कार्य करवानुं सोंपवामां आव्युं.

**नाणा संबंधी व्यवस्था.**

मुंबईमां भराएली कोन्फरन्स वखते थयेली टीपनां तथा ते शीवायनी भरायेली रकमोनां नाणां मुंबई बेंकमां एमने एम वगर व्याजुकां पडी रहेतां होवाथी, नीचे प्रमाणे वखते ते नाणानी चार जनरल सेक्रेटरीओना नामथी सरकारी प्रोमीसरी नोटो लेवामां आवी हती, अने ते नोटो मुंबईमां **श्री शांतीनाथजीना** देरासरजीनी त्रीजोरीमां मुकवामां आवी हती.

रु. १०००० नी नोटो खरीद करी ता० १८-१-१९०५.

रु. ९०००० ,, ,, ,, १०-९-१९०५.

**साल दरमीयान वसुल थएलां वधु नाणां.** गया रीपोर्टमां बताव्या उपरांत संवत १९६१ मां जुदा जुदा खाताओमां नीचे प्रमाणे वधु रकमो वसुल थई हती.

| फंडनुं नाम. | वसुल आवेली रकम. |
|---|---|
| श्री कोन्फरन्स निभाव फंड | रु. १४२५ – ४ – ० |
| श्री पुस्तकोद्धार फंड | रु. ३४५६ – ८ – ० |
| श्री मंदीरोद्धार फंड | रु. ६३०३ – १० – ० |
| श्री निराश्रित फंड | रु. ४१७९ – ०– ० |
| श्री जीवदया फंड | रु. २४४२ – ८ – ० |
| श्री केळवणी फंड | रु. ४२९४ – १२ – ० |

प्रथम वर्ष प्रमाणे आ वर्षमां पण टीपनां नाणां मुंबइमां शेठ मनसुखभाइ भगुभाईनी दुकानेज भरवामां आवतां हतां, अने तेथी तेओ साहेब तरफथी आ बाबतमां जे तसदी लेवामां आवेली छे ते माटे तेमनो आ स्थले उपकार मानीओ छीए.

**बाकी रहेली उघराणी.** मुंबई अने वडोदरा खाते भराअेली टीपोमांथी हजु सुधी रु. ६६००० ने आशरे ऊघराणी बाकी रही छे. अने ते माटे रकमो चढत नाणां भरनार गृहस्थोने पत्रो लखवामां आव्या हतां तेओ तरफथी पोते भरेली रकमो वसुल आपवानी कृपा थई नथी तो ते गृहस्थोने पोते भरेली रकमो जेम बने तेम जल्दीथी वसुल आपवानी विनंती करवामां आवे छे.

**प्रोवीन्शीयल सेक्रेटरीओ.** प्रथम रीपोर्टमां जणाव्या उपरांत नीचे जणाव्या मुजब वधु प्रोवीन्शीअल सेक्रेटरीओनी नीमणुको करवामां आवी हती :

**मालवा**—शेठ लखमीचंदजी धीआ.

**रंगुन**—झवेरी मनसुखलाल दोलतचंद.

**सोलापुर**—शेठ दलसुखभाई वाडीलाल वीरचंद.

**बेंगलोर**—शेठ नाथाभाई लवजी.

**नीझाम हैद्राबाद**—शेठ सरदारमल सुगनमल.

**पुना**—शेठ नानचंद भगवानदास.

**सुरत**—शेठ चुनीलाल छगनचंद.

**बालापुर**—शेठ हीरालालजी पानाचंदजी.

**लाहोर**—बाबु जसवंतरायजी जैनी.

रीपोर्टवाळा वर्ष दरमीयान नीमवामां आवेला तथा नीचे जणावेला प्रथम वर्ष दरमीयान नीमायेला प्रो. सेक्रेटरीओमांना घणाखराओए पोताना प्रांतमां सारी रीते काम कर्यु हतुं ते माटे तेमनो उपकार मानीए छीए.

**रजपुताना**—रायबहादुर शोभागमलजी ढढ्ढा.

**अमदावाद**—मी० हीराचंद ककलभाई तथा मी० भगुभाई फतेहचंद कारभारी.

**भावनगर**—शेठ कुंवरजी आणंदजी.

**एवला**—शेठ दामोदर बापुसा.

**मालेगाम**—मी० बालचंद हीराचंद.

**रतलाम**—शेठ चांदमलजी पटवा.

**भरुच**—शेठ अनुपचंद मलुकचंद.

**प्रांतीक कोन्फरन्सो.** रीपोर्टवाळा वर्ष दरमीयान आमलनेर अने पेथापुर खाते दक्षीणनी अने उत्तर गुजरातनी प्रांतीक कोन्फरन्सो भरवामां आवी हती. अने जेने लगता सवीस्तर रीपोर्टो आ ओफीस तरफथी नीकलता श्री जैन श्वेतांम्बर कोन्फरन्स हेरल्डमां प्रगट करवामां आव्या छे. आवी रीते प्रांतीक कोन्फरन्सो मळवाथी केटला बधा फायदाओ थाय छे तेथी आपणे सघळा जाणीता छीए एटले ते संबंधमां कांई विशेष कहेवानी जरुर नथी, परंतु एटलीज सुचना बस थई पडशे के, तेवीज रीते अन्य प्रांतोमां पण तेवी सभाओ भरवामां आवे तो कोन्फरन्सना हेतुओ विशेष जलदीथी पार पडवा संभव छे. आ संबंधमां काठीयावाड, मध्य प्रांत अने पंजाबमां प्रांतीक कोन्फरन्सो भरवानी हीलचाल थती जाणी खुशी थईए छीए. अने अमने आशा छे के ते प्रांतना भाईओ जरुर पोताना प्रांतमां आवी सभाओ मेळवी महासभानां कार्यने टेको आपशे.

**उपदेशको.**

अमारा गया रीपोर्टमां अमे वधु उपदेशकोनी जरुर दर्शावी हती, अने ते प्रमाणे वधु उपदेशको मेळववाने जाहेर खबरो, खानगी तपास वीगेरेनो उपयोग करवा छतां, योग्य उपदेशको मळी शक्या नहोता; प्रथमना उपदेशक मी० टोकरसी नेणसी पण तेमना पीताश्रीनी मांदगी तथा एवा संसारीक कारणोने लीधे आखा वर्ष दरमीयान मात्र त्रण चार मास प्रवास करी शक्या हता. योग्य उपदेशको मेळववानो प्रयास चालु छे अने ते मळयेथी वधु नीमणुको करी विशेष कार्य करवाने जनरल सेक्रेटरीओ काळजी राखशे.

आ संबंधमां जणाववाने खुशी उतपन्न थायछे के चालु वर्ष दरमीयान हीसार (पंजाब) ओरफनेजवाळा उपदेशक पंडीत चीरंजीलाले फकत मुसाफरी खर्च लइने कोन्फरंसना ओनररी उपदेशक तरीके काम करवाने कबुल कर्युं छे अने ते मुजब रजपुतानामां तेओए बे वखत जइने कोन्फरंसथी थता फायदाओ वीषे भाषण कर्यां हतां. वळी पंडीत पनालाल के जेओ एक विद्वान अने जैन शास्त्रना सारा जाणकार छे तेमणे कोन्फरंसना अेक उपदेशक तरीके काम करवानुं कबुल कर्युं छे अने थोडा वखतमां मालवामां तेओ पोतानुं कार्य शरु करशे. आ उपरांत फरुख- नगरना ज्योतीश रत्न पंडीत जीयालाले पण कोन्फरंसना ओनररी उपदेशक तरीके काम करवाने मागणी करी छे अने ते कबुल राखीने तेमने जलदीथी पोतानुं कार्य शरु करवाने सुचववामां आव्युं छे.

**सुकृत भंडारनी योजना.**

आ संबंधमां अमे अमारा प्रथम वर्षना रीपोर्टमां जणाव्या मुजब जेम ते वर्ष दरमीयान सुकृत भंडारनी योजनानो अमल थयो नहोतो, तेम रीपोर्टवाळा वर्षमां पण आ साधेना हीसाबमां पाछळ बताबेला अमुक थोडां स्थळो शीवाय आ योजनानो अमल थयो नहोतो. अमोए प्रथमना रीपोर्टमां जणाव्या मुजब कोन्फरन्से हाथ धरेला जुदा जुदा विषयोने अंगे योग्य रीते काम करवाने शक्तिवान थवा सारु जोईतां नाणांनी हमेशां मदद रहे तेवी कांई योजना उपर आववानी खास जरुर छे. अने ते संबंधमां कांई खास गोठवण उपर आववाना विषयने पुख्त रीते चर्चवा पाटण खाते मळनार चोथी **श्री जैन श्वेताम्बर कोन्फरन्स** ने अमारी खास विनंती छे.

**वर्ष दरमीयान कोन्फरन्सने अंगे करवामां आवेलां कार्यो.**

कोन्फरन्स स्थापन थया पछी आपणामां धार्मीक प्रवृत्ती विशेष अनुभववामां आवीछे ए निःसंदेह छे अने तेना प्रतापे वर्तमानपत्रो आदिमां वांचवामां आव्या मुजब कोन्फरन्से पोते पोताना फंडनी साह्यताथी जे कांई कर्युं छे तेथी पण अमारा समजवा प्रमाणे कांईक विशेष प्रजा वर्गमां उत्पन्न थएली जागृतिथी थयुं लागे छे अने ते माटे प्रजा वर्गने अमे धन्यवाद आपीओ छीओ. ठेर ठेर पाठशाळाओ, कन्याशाळाओ स्थापन थएली आपणे जाणी छे. गामेगाम कोन्फरन्सथी थता फायदाओ अने तेना हेतुओ विषे भाषणो अपाएलां आपणे सांभळ्यां छे अने स्थळे स्थळे कोन्फरन्सना ठरावो अनुसार हानीकारक रीत रीवाजो अने जीवदयाना संबंधमां जुदा जुदा श्री संघोओ ठरावो करेला आपणा जाणवामां आव्या छे. आ सघळुं कोन्फरन्सथी थएली जागृतीनेज आभारी छे. अने प्रति वर्षे महान सभाना रूपमां ओकत्र थईने जे नाणां अने शक्तिनो आपणे व्यय करीओ छीओ तेनो पुरतो बदलो आपणने मळे छे ओम अमे समजीओ छीओ. आ दीशामां प्रयत्न करनारा सर्वे श्री संघो तथा गृहस्थोनो अमे लेवाण थइ जवाना भयथी समुच्चयमां आ तके उपकार मानवानी तक लइओ छीओ. कोन्फरन्सना स्थापन थया पछी समस्त प्रजा वर्गने पोताना कर्तव्यनुं जे भान थयुं छे. तेज तेनो मोहोटामां मोहोटो फायदो छे अने अमारा धारवा प्रमाणे प्रजा वर्ग पोतानी फरज समजीने जुदी जुदी दीशाओमां पोतानुं कर्तव्य कर्या करशे, तो अमने खात्री छे के थोडाअेक वखतमां आपणे आपणो अभ्युदय थएलो जोई शकीशुं. श्री बनारस पाठशाळा, श्री रत्न सागरजी जैन पाठशाळा, सुरत. श्री धर्म प्रसारक वर्ग, पालीताणा, श्री कच्छी दशा ओसवाल पाठशाळा, मुंबई. श्री कच्छी वीसा ओसवाळ पाठशाळा, श्री कच्छी दसा ओसवाल बोर्डींग, श्री मांगरोल जैन सभा, मुंबई. श्री लालबाग जैन बोर्डींग, श्री पनालालजी जैन हाइस्कुल, वीगेरे केळवणीना प्रसारार्थे मोहोटां खाताओ आपणामां हाल हस्ती धरावे छे, अने भविष्यमां तेज मुजब वधारेने वधारे संस्थाओ स्थपाती जशे अने ए सघळुं आपणी स्थिति केम सुधरे ते ख्यालनुंज परीणाम छे. अने जो ते ख्याल प्रजा वर्गना मन उपर हाल जे मजबुत चाल करी रह्यो छे, तेज मुजब कायम रहेशे तो, अमने खात्री छे के, आपणी प्रथमनी चहडती स्थितिओ कांइक अंशे आपणे पहोंचवा समर्थ थइशुं.

**डीरेकटरी.** आपणामां खेरखरी सुधारानी जरुर क्यां छे, अने आपणे पोते अत्यारे शुं स्थिति भोगवीए छीए, तेनुं खेरखरुं स्वरुप जाणी शकवाने डीरेकटरी थवानी खास अगत्य छे अने बीजी अने त्रीजी कोन्फरन्से आ बाबतनी अगत्यतानो स्वीकार करीने आपणी कोमनी डीरेकटरी करवाना ठरावो पास कर्या हता. समग्र हींदुस्तानमां जैन वस्तीनी डीरेकटरी करवानुं कार्य केटलुं महान अने ते साथे मुश्केल छे. ते सारी रीते समजी शकाय तेवुं छे, अने तेने माटे जेम पुष्कळ नाणां अने शक्तिना व्ययनी जरुर छे. ते साथे समग्र प्रजा वर्गनी मददनी पण जरुर छे. मुंबईमां मळेली बीजी कोन्फरन्स वखते डीरेकटरी तैयार करवानी जनरल सेक्रेटरीओने सत्ता आपवामां आवी हती, परंतु ते वर्षमां आ संबंधमां खरी रीते कांई कार्य थई शक्युं नहोतुं. डीरेकटरी तैयार करवा माटे कंट्राकटथी काम कराववा प्रयत्न कर्यो, परंतु ते सफळ थाय तेम न लागवाथी छेवटे संवत १९६१ ना चैत्र मासमां कोन्फरन्स ओफीस तरफथी आ कार्यनी शरुआत करवामां आवी. डीरेकटरी करवा माटे बे रस्ताओ छे : (१) खास माणसो मोकलीने काम कराववुं. (२) पत्र व्यवहारथी स्थानीक गृहस्थो पासे हकीकत मांगवी. प्रथम मार्ग जो ग्रहण करवामां आवे. अने ठेर ठेर दरेक ठेकाणे माणसो मोकली काम कराववामां आवे तो केटलुं बधुं खर्च थई जाय ? आ कारणने लीधे प्रथम मार्ग ग्रहण करवानी जरुर पडे नहीं त्यां सुधी शरुआतमां बीजो मार्गज ग्रहण करवानुं उचीत लाग्युं, अने ते प्रमाणे करवाने सारु जुदी जुदी बाबतो माटे एकंदर १२ जातनां डीरेकटरीनां फोर्मो के जे दरेक जणना जोवामां आव्यां हशे ते छपावीने जेम गामना तथा त्यांना आगेवानोना नामो मळतां गया तेम तेम टपाल द्वारा रवाना करवामां आव्यां. प्रथम गुजरात अने काठीयावाडमां आ कार्यनी शरुआत थई अने अमोए जे मददनी आशा राखेली तेथी पण विशेष मदद अने उत्साह आ प्रांतोमां अनुभववामां आव्या. दरेक ठेकाणे के ज्यां फार्मो रवाना करवामां आव्यां त्यांना स्थानीक गृहस्थोए पोताने त्यांनां फोर्मो भरी रवाने कर्या. एटलुंज नहीं पण ते सीवाय पोताथी बन्युं त्यां सुधी पोतानी आसपासना गामोनी डीरेकटरी तैयार करी आपवानुं पण घणाओ तरफथी माथे लेवामां आव्युं. आ पद्धतीथी वडोदरा अने कडी प्रांत सीवाय गुजरात अने काठीआवाडनुं काम घणे भागे पुरुं करवामां आव्युं छे; कोईक कोईक स्थळे खास अडचणने लीधे रही गयेलो ते शाबतां जाय छे, परंतु एकंदर आ बे प्रांतो पुरा थया जेवा छे. गुजरात अने काठीआवाड

जोडे बीजा प्रांतो साथे पण पत्र व्यवहार शरु करवामां आव्यो हतो, अने ते मुजब दक्षीण, खानदेश, बीरार, कच्छ, पंजाब, गोलवाड-मारवाड, मध्य प्रांत, मालवा वगेरे प्रांतोमां पण आ कार्य चालु छे. आ संबंधमां अमारे केहवानी जरुर छे. के जेवी रीते गुजरात, काठीआवाडमांथी आ कार्यमां मदद मली हती तेवी मदद अन्य प्रांतोमांथी मळी शकी नहोती, अने तेनुं कारण कांइक केळवणीनुं ओछापणुं अने कांइक डीरेकटरीना कार्य संबंधी बीनमाहीती, अने तेने लीधे कच्छ, कर्डी प्रांत, वडोदरा प्रांत, गोलवाड-मारवाड अने पंजाबने माटे खास माणसो मोकली काम लेवानो बंदोबस्त करवो पडयो छे; आ प्रमाणे जुदे जुदे ठेकाणे काम चालु छे. डीरेकटरीना अंगे अत्यार सुधीमां केटलुं काम ने केटलुं खर्च थयुं छे तेनो कांइक ख्याल नीचेना कोठा उपरथी आवशे.

| | संवत १९६१ ना आसो मास सुधीमां. | संवत १९६२ ना कारतक थी पोष मास सुधीमां. |
|---|---|---|
| केटला गामनी डीरेकटरी संपूर्ण थइने आवी. | २६०० | ४०० |
| खर्च. | रु. २३१०—२—७ | १०५७—५—१ |
| पत्र व्यवहार | ११००० | ३००० |

आ उपरथी जोवामां आवशे के. आटला थोडा खर्चमां अने टुंक वखतमां डीरेकटरीना संबंधमां जनरल सेक्रेटरीओ केटलुं करवाने शक्तिवान थया छे; जे जे गामोनी डीरेकटरी थइने आवी गयेली छे, ते सर्व गामोनी घर संख्या अने भुगोळ संबंधी हकीकत, मनुष्य संख्या, पुरुष, स्त्री, पुरुष भणेला, पुरुष अभण, स्त्री भणेली, स्त्री अभण, विधवाओ, देरासरो, केळवणीनां साधनो, उपाश्रय, धर्मशाळा, पांजरापोळो वगेरे संस्थाओनी संख्या एम तारवणी करीने दरेक प्रांतने लगता दफतरोमां नोंधवामां आवे छे अने जेम जेम एक एक प्रांत पुरो थतो जशे, तेम तेम हालमां थएली तारवणी उपरथी आपणी संसारीक तथा धार्मीक स्थिति संबंधी रीपोर्टो फरीथी जोइती तारवणी करीने करवामां आवशे अने जेम जेम दरेक प्रांतने लगती डीरेकटरी तथा रीपोर्ट तैयार थता जशे तेम तेम ते जनरल सेक्रेटरीओ तरफथी प्रगट करवामां आवशे.

**जैन कोन्फरंस हरेल्ड.** रीपोर्टवाळा वर्ष दरमीयान वडोदरा खाते भरायली त्रीजी जैन श्वेतांबर कोन्फरंस वखते थयेला ठराव अनुसार **मी० गुलाबचंदजी ढढ्ढाना** अधिपती पणा नीचे "श्री जैन श्वेतांबर कोन्फरंस हरेल्ड" नामनुं मासीक प्रगट करवामां आव्युं हतुं जेने लगतां हकीकत मुंबइ ओफीसने लगता रीपोर्टमां जोवामां आवशे. परंतु राजपुतानामां हाल जे भयंकर दुष्काळ चाले छे तेने अंगे कामना बोजाना लीधे तेना लखाण वीगेरे संबंधी व्यवस्था करवानुं तेमनाथी बनी शकतुं नहीं होवाथी तेने माटे कोई बीजी गोठवण करवानी जरुर छे.

आ प्रमाणे जुदी जुदी ओफीसोने लगता रीपोर्टमां दर्शाव्या मुजब ते जनरल सेक्रेटरीओए रीपोर्टवाळा वर्ष दरमीयान पोताथी बनी शक्या मुजब श्री संघनी सेवा करी छे. अने तेम करवामां प्रसंगोपात जो कोई वखते पण कोईनुं मन दुभववामां आव्युं होय तो तेने माटे तेओ साहेबनी अमे क्षमा मागीए छीए.

कलकत्ता ओफीसनो रीपोर्ट तैयार थईने आवी नहीं शकवाथी आ साथे जोडवामां आव्यो नथी.

जयपुर ओफीसमां तन अने मनथी पोताना बंधु **मी० गुलाबचंदजी** ने तेमना कार्यमां मदद करवा अर्थे **मी० लक्ष्मीचंदजी ढढ्ढानो**, तेमज अमदावाद ओफीसमां कार्यनी व्यवस्था करवा माटे **मी० हीराचंद ककलभाईनो**, तथा मुंबई ओफीसमां कार्यनी व्यवस्थामां मदद करवा अर्थे **शेठ माणेकलाल घेलाभाई** तेमज एडवाईझरी बोर्डना मेम्बरो **शेठ गोकळभाई मुळचंद, शेठ कल्याणचंद शोभागचंद, शेठ मंगळदास छगनलाल**, तथा **शेठ लखमशी हीरजी मैशरीनो** अमे उपकार मानीए छीए.

आ प्रमाणे अमाराथी बनी शकी ते श्री संघनी सेवा बजाववानी अमोने जे तक आपवामां आवी छे, ते माटे श्री संघनो उपकार मानी कोन्फरन्सना कार्यनो बीजा वर्षनो आ टुंक रीपोर्ट समाप्त करीए छीए.

ता० १०–२–१९०६.

वीरचंद दीपचंद.
लालभाई दलपतभाई.
राय कुमारसींग.
गुलाबचंद ढढ्ढा.
जोईंट जनरल सेक्रेटरीओ.

# मुंबई ओफीस.

संवत १९६१ नी साल दरमीयान जुदा जुदा खाताओने अंगे नीचे प्रमाणे काम करवामां आव्युं हतुं.

**जीर्णोध्धार.** वडोदरा खाते कोनफरन्स मली ते पहेलां जीर्णोध्धार खातुं कलकत्ता ओफीसने हस्तक हतुं. परंतु वडोदरा खाते दरेक जनरल सेक्रेटरीने पोतपोताना विभागमां स्वतंत्र रीते काम करवानी सत्ता आपवामां आवी हती. पुर्वनी कल्याणक भुमीओना उद्धारनुं कार्य बाबु राय कुमारसींगजीने सोंपवामां आव्युं हतुं. परंतु आपणा सर्वेना जाणवामां छे के मारवाड अने मेवाडमां जीर्णोद्धारनी खास जरुर छे, अने ज्यां आपणा पूर्वजोए बंधावेलां सेंकडो भव्य देरासरो जीर्ण अवस्थामां आवेलां मालम पडयां छे अने जे काम पाटणना परोपकारी गृहस्थ मी. ललुभाइ जेचंद लगभग १२ वर्ष थयां जुदा जुदा खाताओ अने गृहस्थोनी मददथी धीमे धीमे करता हता ते कार्य मोटा पाया उपर चलाववानी योजना करवानुं उचीत धारवामां आव्युं अने ते प्रमाणे मुंबइ शहेरमांना देरासरोमांथी एक टीप करवामां आवी जेमां आशरे रु. ४००० एकठा थया हता; अने कोन्फरन्स तरफथी पण तेमां रु. २००० भरवामां आव्या. आ सीवाय शेठ ललुभाई ज्यां ज्यां कामो शरु करता त्यां त्यांथी पण बनी शक्या प्रमाणे मदद मेळवता हता, अने ते प्रमाणेनी एकत्र मददथी मेवाडना जीर्णोद्धारनुं काम चालतुं राखवामां आव्युं हतुं, जेनो टुंक रीपोर्ट आ ओफीस तरफथी प्रगट थतां श्री जैन श्वेतांबर कोन्फरन्स हेरेल्डना प्रथम पुस्तकना ९ मा अंकमां आपवामां आवेलो छे. वळी मारवाड माटे पण उपर प्रमाणेनी व्यवस्था चालु वर्षमां करवामां आवी छे, अने तेने अंगे मारवाडमां पण केटलाएक कामो शरु थयां छे; सीवाय ओशीया नगरी, ध्रांगध्रा, टेरा, अने जसपुरना देरासरोनां जीर्णोद्धार माटे मदद करवामां आवी हती; तथा मेवाडनां देरासरोनी पुजा वगेरेनो योग्य बंदोबस्त थवा सारु पण मदद करवामां आवी हती. जीर्णोद्धारना संबंधमां ताप तडकानां पुष्कळ कष्टो सहन करी अने जंगलो वेठी शेठ ललुभाई जेचंद जे श्रम लेछे ते माटे तेमनो अमे अत्रे उपकार मानीए छीए अने आशा राखीए छीए के तेमना जेवा बीन स्वार्थी लागणीथी काम करनारा बीजा पण गृहस्थो बहार आवशे.

## जीवदया.

जीवदयाना विषयने अंगे प्रथम प्रगट करवामां आवेली योजना अनुसार जीवदयाना ज्ञानने फेलावो करवानुं कार्य आ वर्ष दरमीयान हाथ धरवामां आव्युं हतुं अने ते प्रमाणे आखा

हींदुस्तानमां भाषणो तथा वर्तमान पत्रो द्वारा उपदेश करी रहेला मी० लाभशंकर लक्ष्मीदासने तेमना कार्यमां मच्या रहेवा शक्तीवान करवा सारु मदद करवामां आवी हती, तथा तेमनीज सलाहथी विलायतमां मेडीकल कोलेजना विद्यार्थीओमां जीव दयाना ज्ञाननो फेलावो करवा सारु ईनामी नीबंधो लखाववा अर्थे तथा तेना छपामण अर्थे २३ पौंडनो एक चेक लंडननी धी ह्युमेनीटेरीयन लीगना सेक्रेटरी उपर मोकलवामां आव्यो हतो; सीवाय बजाणानी पांजरापोळने तेमज भावनगरवाला शामळा शेठनी पेढीना जीव दयानुं काम करता खाताने पण मदद करवामां आवी हती. चालु वर्ष दरमीयान घणे ठेकाणे घास चारानी तंगीने लीधे मदद करवानी जरुर पडी छे जे विषेनी हकीकत आवता वखतना रीपोर्टमां जोवामां आवशे.

## निराश्रित.

रीपोर्टवाळा वर्षमां काठीआवाड तथा रजपुतानामां वरसाद सारो नहीं थवाने लीधे आ खाताने अंगे विषेश बहोळा पाया उपर मदद आपवानी जरुर पडी हती. अने ते प्रमाणे रु. १००० रजपुतानामां दुकाळना संकटमां आवी पडेला आपणा जैन भाईओने मदद अर्थे **मी० गुलाबचंदजी ढड्ढा** उपर मोकली आपवामां आव्या हता. ते तेमणे. जुदा जुदा स्थळोए मोकली लोकल सेक्रेटरीओ मारफते वहेंचाव्या हता. तेमज काठीआवाडमां गोहीलवाड प्रांतमां तथा जामनगर तावे ध्रवासंघ वगेरे गामोमां दुकाळ फेलायलो होवाथी त्यां पण हीसाबमां बताव्या प्रमाणे मदद मोकली आपवामां आवी हती. ते सीवाय मुंबईनी ओफीस मारफते गुजरात अने काठीआवाडमां घणा गरीब भाईओने तथा विधवाओने तथा विद्यार्थीओने परचुरण मददो आपवामां आवी हती. वळी पंजाबमां थएला छेल्ला धरतीकंप वखते आपणा जैन भाईओने नुकशान थया बाबत तारथी तपास कराववामां आवी हती परंतु सुभाग्ये कोईने नुकसान थएलुं जणाववामां नहीं आववाथी कांई मदद मोकलवानी जरुर पडी नहोती.

## केळवणी खातुं.

आ खातानुं कामकाज घणुंखरुं अमदावाद ओफीस मारफते चलाववामां आवतुं हतुं, जे ते ओफीसना रीपोर्ट उपरथी जोवामां आवशे. वळी रीपोर्टवाळा वर्षमां शेठ गोकळभाई मुळचंदे मुंबई शहेरमां विद्यार्थीओने रहेवा सारु मोटा पाया उपर ओक बोर्डींग काढवाने, जो कोन्फरन्स तरफथी रु. २५००० नी रकम आपवामां आवे तो, पोताना तरफथी ओक सारी रकम आपवानी इच्छा जणावी, अने ते मुजब जनरल सेक्रेटरीओए कबुलात आप्याथी शेठ गोकळभाईए रु. ७५००० नी रकम आपवानुं कबुल कर्युं; आवी रीते एकत्र थएला रु. १००००० थी अत्रे ओक बोर्डींग काढवानुं नक्की करवामां आव्युं छे, अने ते माटे जग्या अने मकान बांधवा संबंधी तजवीज चालेछे. शेठ गोकळभाईए करेली आ सखावत माटे अमो तेमने धन्यवाद आपीए छीए. आ ओफीस तरफथी श्री मांगरोळ जैन सभाने तथा केटलाएक विद्यार्थीओने फी, पुस्तको, अने स्कोलरशीप तरीके मदद आपवामां आवी हती; वळी श्री लालबाग बोर्डींगना अंगे उघाडवामां आवेली श्री मोहनलालजी ज्ञानालयना फंडमां पण रु. १०० आपवामां आव्या हता.

## श्री लालबाग जैन बोर्डींग.

आ उपरांत अत्रे विद्यार्थीओनी सवड खातर उघाडवामां आवेल श्री लालबाग जैन बोर्डींगने श्री जैन श्वेताम्बर कोन्फरन्स ओफीसना खर्चे चलाववामां आवे छे, जेमां सर्वे विद्यार्थीओने रहेवा वीगेरेनी सवड आपवा उपरांत साधारण स्थितिना ९--१० विद्यार्थीओने भोजननी सवड करी आपवामां आवी छे, जे आ वर्ष दरमीयान पण चालुछे. आ विषेनो सवीस्तर रीपोर्ट आ साथे जोडवामां आव्यो छे, जे उपरथी विशेष हकीकत मालम पडी आवशे.

आ संबंधमां तेनी व्यवस्था सारु तनतोड महेनत करनारा तेना ओनररी सेक्रेटरी मी० मोहनलाल हेमचंदनो उपकार मानीए छीए.

## श्री श्रावीकाशाळा. मुंबई.

मुंबई शहेरमां स्त्रीओने धार्मीक अने व्यवहारीक ज्ञान तथा भरवा गुंथवानुं ज्ञान आपवा सारु अेक शाळानी जरुरीयत लागवाथी कोन्फरन्सने खर्चे अत्रे श्री गोडीजी पार्श्वनाथजीना देरासरना उपाश्रयमां पंडीत लालननी देखरेख हेठळ अेक श्रावीकाशाळा उघाडवामां आवीछे जेमां धार्मीक तथा व्यवहारीक ज्ञान आपवानी तथा भरवा गुंथवानुं काम शीखववानी गोठवण करवामां आवी छे अने जेनो टुंक रीपोर्ट आ साथे जोडवामां आव्यो छे.

आ शाळानी देखरेख राखवा सारु मी० लालननो अत्रे उपकार मानीए छीए.

## श्री जैन कोन्फरन्स हरेल्ड.

वडोदरा खाते भरायेली कोन्फरन्स वखते थयेला टराव अनुसार रीपोर्टवाळा वर्ष दरमीयान मी. गुलाबचंदजी ढढ्ढाना अधिपतिपणा हेठळ उपलुं मासिक प्रगट करवामां आव्युं हतुं, अने जेनी छपाववानी तथा प्रगट करवा विगेरेनी सवळी व्यवस्था आ ओफीस तरफथी करवामां आवी हती, तेमज अत्यारे पण करवामां आवे छे. आ वर्ष आखर सुधीनुं ते खातानुं सरवैयुं नीचे मुजब छे, अने ते उपरथी जोवामां आवशे, के जे जे गृहस्थो तरफ आ मासीक मोकलवामां आवे छे, तेमांना घणाखराओ तरफथी लवाजम मोकली आपवामां आव्युं नथी. मासीकनो मुळ आधार लवाजम उपर छे, अने तेथी करीने जे जे गृहस्थो तरफ आ मासीक मोकलवामां आव्युं होय तेमणे पोतानुं लवाजम मोकली आपवानी मेहेरबानी करवी.

आ मासीकमां वखते वखत उपयोगी लेखो लखी आ मासीकने बहु रसदार अने उपयोगी बनाववानी खास फरज आपणा विद्वान अने केळवायला वर्गनी छे, अने तेमने पोताना लखाणोथी आ मासीकने मदद करवा वीनंती करीए छीए.

रीपोर्टवाळा वर्ष दरमीयान जे जे ग्रहस्थोए पोताना वखतना भोगे आ मासीकने पोताना लेखो वीगेरेथी मदद करीछे तेमनो आ स्थळे उपकार मानीए छीए, अने हवे पछी पण तेम करवा विनंती छे.

# श्री जैन श्वेतांबर कोन्फरन्स हैरल्ड मासीक पत्रनुं संवत १९६१ नुं सरवायुं.

**ज**

| | |
|---|---|
| १२९९—१३—३ | श्री कोन्फरन्स फंड खाते जमे. |
| ४१६—९—६ | श्री लवाजम खाते जमे. |
| १—८—० | श्री वटाव खाते. |
| २७—४—० | श्री जाहेर खबर खाते. |
| १—०—० | शेठ चंपतराय लालाना जमे. |
| २३—१३—६ | श्री उबलक खाते. |
| १७७०—०—३ | |

**उ**

| | |
|---|---|
| १६—१४—० | श्री स्टेशनरी खर्च खाते. |
| ३५८—०—० | श्री हैरल्ड पोष्ट खर्च खाते. |
| २—१३—३ | श्री कोरेसपोन्डन्स पोष्ट खर्च खाते. |
| ७—११—० | श्री फरनीचर खर्च खाते. |
| ४४०—४—९ | श्री पेपर खाते. |
| ०—३—६ | श्री बी. पी. पोष्ट खाते. |
| ७९९—८—० | श्री हेरल्ड छपामणी खर्च खाते. |
| ७—६—० | श्री परचुरण खर्च खाते. |
| २—२—० | श्री गाडीभाडा खर्च खाते. |
| १०२—०—० | श्री पगार खर्च खाते. |
| १—०—० | शेठ मगनलाल चुनीलाल वैद्यना खाते. |
| २—४—३ | मी० मणीलाल चतुरसी मोदी ओफीसना कलार्क खाते. |
| १७४३—२—९ | |
| २६—१३—० | श्री जणसे सीलीक. |
| १७७०—०—३ | |

## श्री जैन श्वेतांबर डीरेकटरी.

आ संबंधमां अमारा तरफथी प्रगट थता मासीक पत्रमां वखतो वखत लखवामां आव्युं छे ते साथे जनरल सेक्रेटरीओना रीपोर्टमां विशेष हकीकत आपवामां आवी छे. डीरेकटरीनुं काम गया फागण मासमां शरु करवामां आव्युं हतुं, अने पहेला बे त्रण मास तो फक्त जुदा जुदा गामोना तथा त्यांना अगेवानोनां नामो मेळववामांज गया. केटलांएक नामो मळ्या बाद दरेक ठेकाणे फॉर्मो रवाने करवामां आव्यां, अने ते साथे तेओनी पासे पोतानी आसपासना आपणी वस्तीवाळा स्थळोनां नामो मंगाववामां आव्या. आ प्रमाणे हररोज जेम जेम वधुने वधु नामो आवतां गयां, तेम ते ते गामो उपर फॉर्म रवाने करवामां आव्यां, अने हालमां तैयार थइ आवेला लगभग अडधा गामोनी डीरेकटरी ते प्रमाणे थइ छे. गुजरातमां महीकांठा एजन्सी, कडी अने वडोदरा प्रांतनी डीरेकटरी खास पगारदार माणसो मोकलीने तैयार करवानी जरुर पडी हती, कारणके आ प्रांतोमां घणा नाना नाना स्थळो के ज्यां पोष्ट ओफीसो पण नही, तेवामां आपणी वस्ती छे, अने तेपण ओछी केळवणीवाळी अेटले एमनेएम फोर्मो भराइने आववा मुस्केल लाग्या हतां. कच्छ, गोलवाड, पंजाब, सीरोही, सोजत, मेवाड, अजमेर वीगेरे जाह्निओनुं काम पण तेवीज रीतथी हालमां थायछे अने बीजां ठेकाणांओने माटे पण गोठवण करवा सारु पत्रव्यवहार चालेछे. बंगाळा, युनाइटेड प्रोवीन्सीस, नोर्थवेस्टर्न प्रोवीन्सीस अने रजपुतानाना बाकीना भागमां हजु कामनी शरुआत करवामां आवी नथी ते चालु वर्षमां करवामां आवशे.

**डीरेकटरीना फॉर्मो.** डीरेकटरी करवा सारु एकंदर बार जातना नीचे प्रमाणे फोर्मो राखेलां छे:-(१) गामनी हकीकत, (२) गाममांनी संस्थाओनी तपसील, (३) वस्ती पत्रक, (४) देरासर, (५) तीर्थस्थळ, (६) पुस्तक भंडार अने लायब्रेरी, (७) केळवणीने लगतां साधन: (८) साधु साध्वी, (९) यती आर्या, (१०) उपाश्रय, धर्मशाळा, अने पोषधशाळा, (११) पांजरापोळ तथा गौशाळा, (१२) सभाओ, मंडळो अने अेसोसीएशनो.

**डीरेकटरीने माटे करवो पडेलो मोहोटो पत्र व्यवहार.** आ कार्यना अंगे एकंदर १३०००–१४००० जेटलो पत्र व्यवहार करवामां आव्यो छे अने ते उपरथी आ कार्यना बहोळापणानो कांइक ख्याल आवी शकशे.

**हकीकत मेळववानी रीत.** शरुआतमां दरेक स्थळे नं० १–२–३ नुं एक एक फोर्म ए प्रमाणे मोकलवामां आवतां हतां, अने नं० १ तथा २ ना फॉर्मो भरीने पाछा मोकली आपवा मागणी करवामां आवती हती. आ प्रमाणे नं. १–२ नां फोर्मो भराइने आव्या पछी नं. १ नां फॉर्ममां जणावेली वस्ती संख्या मुजब नं. ३

नां फोर्मो, तथा नं. २ नां फॉर्ममां जणाव्या मुजब संस्थाओने लगतां फोर्मो मोकलवामां आवतां हतां. आ सर्वे फोर्मो भराईने आवे एटले एक स्थळनी डीरेकटरी पुर्ण थइ गणाय. ते उपरांत प्रथम आवेला नं. १ नां फॉर्मनी पाछळ पण आसपासना गामनी हकीकत भराईने आवती हती तेथी तेना उपरथी पण बीजां नवा गामोनी डीरेकटरी करवानुं घणुं सुगम पडयुं हतुं ते साथे डीरेकटरीनुं काम पण घणी झडपथी चालतुं हतुं. वळी केटलेक ठेकाणेथी नं. ४ थी १२ सुधीनां फॉर्मोमांथी केटलांएक नहीं भराइने आवतां तेओने फरीथी पत्र लखवानी जरुर पडती हती. ज्यां आखा प्रांत या जील्लाने माटे व्यवस्था करवामां आवती हती त्यां बधी जातनां फोर्मो अंदाजे मोकली आपवामां आवतां हतां.

**आ वर्षमां तारवणीथी नक्की करवामां आवता मुद्दाओ.**

आ प्रमाणे भराईने आवतां फॉर्मो उपरथी हाल तुरत नीचे प्रमाणे हकीकत नक्की करवामां आवे छे:—

(१) गामनुं नाम, (२) तालुको, (३) राज्य, (४) घरनी संख्या, (५) मनुष्योनी संख्या, (६) पुरुषो, (७) स्त्रीओ, (८) पुरुषो भणेला, (९) पुरुषो अभण, (१०) स्त्रीओ भणेली, (११) स्त्रीओ अभण, (१२) वीधवा, (१३) देराशर, (१४) पुस्तक भंडार, (१५) लायब्रेरी, (१६) केळवणीनां साधन, (१७) उपाश्रय, पोषधशाळा अने धर्मशाळा, (१८) पांजरापोळ, (१९) सभा, मंडळ अने एसोसीएशन, (२०) हकीकत भरी मोकलनारनुं नाम, (२१) रीमार्क अने जेनी अंदर उपयोगी हकीकत जेवी के स्टेशन, रेल्वे लाईन अमुक मोटा गामथी अंतर, पोष्ट ऑफीस वीगेरे लखवामां आवे छे.

**तारवणीनी नोंध अने प्रांतवार दफतरो.**

उपर प्रमाणे मुद्दाओ नक्की करीने प्रांतवार तेने माटे खास खानाओ पाडीने तैयार करावेली रजीस्टर बुको (दफतरो) मां नोंधवामां आवे छे जे बुको उपरथी ज्यारे एक एक प्रांत पुरो थतो जशे ते वखते छपाववानी व्यवस्था करवामां आवशे.

**बीजी तारवणीमां नक्की करवामां आवनारा मुद्दाओ.**

उपर प्रमाणे जे तारवणी करवामां आवे छे ते फक्त डीरेकटरीने लगती हकीकत थइ, परंतु ते सीवाय आपणी धार्मीक, संसारीक अने केळवणीने लगती स्थीती, तथा वीधवाओने लगती स्थीती समजवा सारु तेमज जुदी जुदी धार्मीक संस्थाओने लगती हकीकत तपासवा सारु फरीथी तारवणी करवी पडशे.

**आवी गयेलां गामोनी प्रांतवार संख्या.**

अत्यार सुधीमां एटले ता० ३१–१–१९०६ सुधीमां नीचे प्रमाणे प्रांतवार गामोनी हकीकत नोंधाइने रजीष्टर बुकमां पुरी थयेली छे.

आ उपरांत बीजां पण केटलांअेक स्थळोनी हकिकत भराइने आवेल तैयार छे अने तेनी तारवणीनुं काम ओफीसमां चाले छे.

| | |
|---|---|
| गुजरात .... .... .... | १६०० |
| काठीयावाड .... .... .... | १००० |
| दक्षीण तथा मध्य प्रांत .... .... | २०० |
| कच्छ .... .... .... | १०० |
| मारवाड .... .... .... | १०० |
| मालवा .... .... .... | १० |
| ब्रह्मदेश .... .... .... | ५ |
| बंगाळा .... .... .... | ५ |
| पंजाब .... .... .... | २ |
| बलुचीस्तान .... .... .... | २ |
| कुल.... | ३०२४ |

**डीरेकटरीना अंगे थएला खर्चनी वीगत.** डीरेकटरीने अंगे शरुआतथी ते संवत १९६२ ना पोष वद ०)) सुधीमां नीचे प्रमाणे खर्च थयुं छे.

| | सं. १९६१ ना आशो वद ०)) सुधी. | सं. १९६२ ना पोष वद ०)) सुधी. |
|---|---|---|
| पोष्ट खर्च .... .... | ३८४—१२—० | ६७—६—३ |
| पगार खर्च .... .... | ६६८—१—९ | २५८—०—० |
| पारसल खर्च.... .... | ५६—१४—४ | १८—१२—१० |
| डीरेकटरी तैयार करामण .... | २९४—८—० | ७१२—१२—० |
| परचुरण खर्च .... | ०—९—६ | ०—४—६ |
| हेल (मजुरी) खर्च .... | ३—११—३ | ०—१३—९ |
| गाडीभाडानुं खर्च .... | ६—११—९ | ........ |
| छपामणी खर्च .... | ७३१—०—० | ........ |
| स्टेशनरी खर्च .... | १९६—८—० | १०—७—३ |
| तार खर्च .... .... | ०—८—० | ........ |
| कुल.... | २३१७—५—७ | १०५७—५—१ |

उपर प्रमाणे कार्य एक वर्षथी पण टुंकी मुदतमां अने ते पण सरेरास एक गामे एक रुपीआना खर्चथी करवामां आव्युं छे, जे कोई पण रीते वधारे कही शकाय नहीं. आवी रीते ओछा खर्चथी अने थोडा वखतमां आ जे कार्य करी शकायुं छे ते बे कारणोने आभारी छेः—(१) जुदा जुदा स्थळोमां तेने अंगे उत्पन्न थएलो उत्साह अने (२) काठीयावाड, कडी अने वडोदरा प्रांतमां तन अने मनथी काम करवा नीकळेला लागणीवाळा वोलंटीयरो तथा जुज पगार लईने काम करनारा वलार्को. जे जे गृहस्थोए सुपरवाईझरो तरीके तथा वोलंटीयरो तरीके आ संबंधमां मदद करी छे तेनो सवीस्तर रीपोर्ट हवे पछी आपवामां आवशे तो पण आ तके तेओ सघळाओनो अंतःकरण पुर्वक आभार मानीए छीए.

आखा हींदुस्ताननुं बाकी रहेलुं काम चालु वर्षमां पुरु करी शकाशे एम आशा रहे छे, अने ते माटे समग्र श्री संघनी दीलसोजी अने मददनी आशा राखवामां आवे छे.

**हानीकारक रीवाजो.** सीवाय आ ओफीस तरफथी प्रवास करता उपदेशक **मी० टोकरसी नेणसीए** घणे टेकाणे भाषणो करीने हानीकारक रीवाजो बंध करवा संबंधी टरावो कराव्या हता, तेमज व्यवहारीक अने धार्मीक केळवणी आपवा सारु पाठशाळाओ स्थापन करावी हती जे विगेनो तेमनो प्रवासनो रीपोर्ट आ ओफीस तरफथी प्रसीद्ध थता मासीकमां वखतो वखत प्रगट थएल छे, तेथी अत्रे पुनरावर्तन करवानी जरुर जोता नथी.

आ उपरांत रीपोर्टवाळा वर्ष दरमीयान वडोदरा खाते भराएली त्रीजी जैन कोन्फरन्सनुं तथा पेथापुर अने आमलनेर खाते भराएली प्रोविन्शीयल कोन्फरन्सोनुं मुंबईनुं कामकाज आ आफीस तरफथी करवामां आव्युं हतुं. वळी मुंबईमां भराएली चोथी जैन श्वेताम्बर कोन्फरन्सनो रीपोर्ट पण तैयार करी छपावीने आ ऑफीसे प्रगट कर्यो हतो, तेमज फागण मासमां श्री अंतरीक्षजी मुकामे भराएली जैन जनरल कोन्फ्रेन्समां आ ऑफीस तरफथी आसिस्टंट सेक्रेटरीने त्यां थनारु कामकाज जोवा माटे मोकली आपवामां आव्या हता. सीवाय हेड ओफीस तरीके नाणांनी व्यवस्था तथा देशना जुदा जुदा भागोमांथी आवता पत्र व्यवहार उपर ध्यान आपवा उपरांत अमदावाद, जेपुर, अने कलकत्ता ओफीसो तरफनुं अत्रेनुं कामकाज पण बजाववामां आव्युं हतुं.

मुंबई ता० ७—२—१९०६.

वीरचंद दीपचंद.

रेसीडंट जनरल सेक्रेटरी.

# अमदावाद ऑफीस.

## श्री जैन श्वेतांबर कोन्फरंसना केळवणी खाता तरफथी थयेला कामनो रीपोर्ट.

त्रीजी जैन श्वेतांबर कोन्फरंस वडोदरे भराया पछीथी संवत १९६१ ना आसो वद ०)) सुधी अमदावाद कोन्फरंस ओफीस तरफथी जे काम थयुं तेनी नोंध नीचे मुजब छे.

गरीब विद्यार्थीओने स्कोलरशीपो तथा पुस्तको वगेरेनी मदद गई साल कुल चोवीस विद्यार्थीओने आपवामां आवी हती. आ साल कुल ९१ विद्यार्थीओने आपवामां आवी छे, अने ते धर्मना अभ्यासनी फरजीआत सरतथी आपवामां आवेली छे तथा ते संबंधी बनती तजवीज करवामां आवे छे. फरजीआत धर्मनी केळवणी नही ले तेम बीजा कोई सबळ कारणो मालम पडतां तेवा छोकराओने अपाती स्कोलरशीप बंध करेली छे.

स्कोलरशीप लेनार छोकराओनां नाम छपाववां दुरस्त न लागतां ते अत्रे आप्यां नथी.

पाठशाळाओना संबंधमां गई साल कुल २९ जैनशाळाओने मदद आपवामां आवी हती तेमांनी केटलीकने, जोइए तेवी सारी रीते चालती न जणातां, अपाती मदद बंध करवामां आवेली छे तेमज केटलीक शाळाओनां खरच नभी शकवाथी तेमणे मागणी करी नथी तथा केटलीक नवी शाळाओ स्थापन थइ छे, ए रीते योग्यायोग्यनी वधघट थतां आ साल कुल २६ छवीस पाठशाळाओने मदद आपवामां आवी छे

निराश्रित खातामां कुल ४० निराश्रितोने रु. ३९७–१२–० आपवामां आवेला छे. जीर्णोद्धार संबंधमां हाल मेवाड, मारवाड तथा कल्याणक भूमिओमां तेनी घणी जरुर होवाथी आ तरफ ते खाते खरचनी सवड न थतां ते काम हाथ धर्युं नथी.

लालभाई दलपतभाई.

जनरल सेक्रेटरी, जैन श्वेतांबर कोन्फरंस.

# विद्यार्थीओने आपेली मदद·

| नंबर. | गामनुं नाम | हाल क्यां अभ्यास करेछे. | कया धोरणमां | मासिक मदद. | केटला महिना नी. | कुल | परीक्षामां बेसवानी फी. | पुस्तकनी मददना | दाखल फीना | कुल. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | वीरमगाम | अमदावाद न्यु ई. स्कुल | ७ मुं | ७—०—० | ३ | २१—०—० | | ३—८—० | | २४—८—० |
| २ | अमदावाद | अमदावाद मिशन ,, | ७ मुं | ६—०—० | १० | ६०—०—० | १२—०—० | | | ७२—०—० |
| ३ | वडोदरा | वडोदरा हाईस्कुल | ५ मुं | ३—०—० | ९ | २७—०—० | | १०—०—० | | ३७—०—० |
| ४ | वडोदरा | वडोदरा मीकेनीकेल स्कुल | मीकेनीकल क्लास | ६-०-० / ७-०-० | ३ / ५ | ५३—०—० | | ०—१२—० | | ५३-१२-० |
| ५ | दरापुरा | वडोदरा हाईस्कुल | | ७—०—० | ९ | ६३—०—० | | | | ६३—०—० |
| ६ | धोलका | ए. वी. स्कुल | ४ थुं | २—०—० | १० | २०—०—० | | ७—१—४ | | २७—१—४ |
| ७ | अमदावाद | मद्रास मेडीकल कॉलेज | मेडीकल | १५—०—० | २ | ३०—०—० | | | | ३०—०—० |
| ८ | करांची | करांची सी. एम. हाई स्कुल | ४ थुं | १-१४-० | ५ | ९—६—० | | | | ९—६—० |
| ९ | करांची | करांची सी. एम. हाई स्कुल | २ जुं | १—५—० | ५ | ६—९—० | | | | ६—९—० |
| १० | कपडवंज | कपडवंज ए. वी. स्कुल | २ जुं | १—०—० | १० | १०—०—० | | १—७—१० | १—०—० | १२-७-१० |
| ११ | खेडा | खेडा इंग्रेजी स्कुल | ४ थुं | २—८—० | ६ | १५—०—० | | | | १५—०—० |
| १२ | खेडा | ,, ,, ,, | २ जुं | १—०—० | ३ | ३—०—० | | | | ३—०—० |
| १३ | खेडा | ,, ,, ,, | ३ जुं | १—०—० | ७ | ७—०—० | | | | ७—०—० |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| १४ | जंबुसर | भरुच हाइ स्कुल | | | | | १२—०—० | | १२—०—० |
| १५ | पालणपुर | अमदावाद गुजरात कोलेज | प्रीवीयस | ५—०—० | २ | १०—०—० | १६—१—३ | ३३—६—० | ५९—७—३ |
| १६ | गोधावी | गोधावी ए.वी. स्कुल | ५ मुं | ०—८—० | १० | ५—०—० | | | ५—०—० |
| १७ | अमदावाद | अमदावाद गुजरात कोलेज | प्रीवीयस | | | | | १६-१४-० | १६-१४-० |
| १८ | रामपुरा | अमदावाद गुजरात कोलेज | इन्टर-मीडीएट | | | | | ६६-१२-० | ६६-१२-० |
| १९ | गोधावी | गोधावी ए. वी. स्कुल | ५ मुं | | | | ६—७—० | | ६—७—० |
| २० | राजकोट | राजकोट सौराष्ट्र हाईस्कुल | ७ मुं | ४-०-० }<br>६-०-० } | ८ }<br>२ } | ४४-०-० } | ७—६—० | | ५१—६—० |
| २१ | राजकोट | राजकोट काठीआवाड हाईस्कुल | ४ थुं | ३—०—० | १० | ३०—०—० | १—१४—६ | | ३१-१४-६ |
